# શ્રી ભગવતી દેશના

## ભાગ - ૨

આગમોધ્ધારક ગુજરાતી સાહિત્ય ગ્રંથમાલા-૨

# શ્રી ભગવતી દેશના

## ભાગ-૨

## (૩૪ થી ૮૪ પ્રવચનો)

: પ્રવચન દાતા :
પૂ.આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીમહારાજા

પુન: સંપાદક
પૂ.આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસાગરસૂરિજી મ.સા.

: પ્રકાશક :
આગમોધ્ધારક ફાઉન્ડેશન, સુરત

:: પ્રાપ્તિસ્થાન ::

શ્રેયસ કે. મરચન્ટ

બ્લોક-એ, નીશા એપાર્ટમેન્ટ-૧, ૧લા માળે,
કાજીનું મેદાન, તીનબત્તી, ગોપીપુરા, સુરત.
મો. :૯૪૨૮૫ ૩૩૩૨૮

:: પ્રથમ આવૃત્તિ ::

વી.સં. ૨૪૬૧, વિ.સં. ૧૯૯૧ - ૫૦૦ નકલ

:: નવ્ય આવૃત્તિ ::

વી.સં. ૨૫૪૩, વિ.સં. ૨૦૭૩ - ૫૦૦ નકલ

: આર્ષ સંપાદક :

પૂ.આ. શ્રી હેમસાગરસૂરિજી મ.સા.

: આર્ષ પ્રકાશક :

સિધ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

: સૌજન્ય :

શ્રી સેન્જાન જૈન સંઘ
ચાઈના

મુદ્રક
કનક ક્રિએશન
ગોપીપુરા, સુરત

: આર્ષ આવૃત્તિ :

## સહાયકોની શુભ નામવલિ.

| | | |
|---|---|---|
| ૧૦૦૦) | માટુંગા તપગચ્છ સંઘ જ્ઞાનખાતામાંથી | |
| ૨૫૧) | કોટ શ્રી શાંતિનાથ દેરાસર જ્ઞાનખાતામાંથી | |
| ૨૫૧) | વકીલ સોમાભાઈ પુનમચંદ | કપડવંજ |
| ૨૦૦) | મલાડ સંઘ જ્ઞાનખાતામાંથી મુનિશ્રી મનોજ્ઞ-<br>સાગરજીની પ્રેરણાથી | |
| ૨૦૦) | મુંબઈ ચોપાટી સંઘ જ્ઞાનખાતામાંથી<br>હ.:સુધાભાઈ મણીભાઈ | |
| ૧૦૧) | સાકરચંદ છગનલાલ સરકાર | |
| ૧૦૧) | બચુબેન ગુલાબચંદ સરકાર | |
| ૧૦૧) | સવાઈલાલ કેશવલાલ | કપડવંજ |
| ૧૦૧) | રેવાબેન શાંતિલાલ રાયચદં | સાયન |
| ૧૦૧) | બાબુભાઈ કાંતિલાલ દોશી | કપડવંજ |
| ૧૦૧) | ફુલચંદ જેકીશનદાસ વખારીયા | સુરત |
| ૧૦૧) | પ્રભુલાલ તુલસીદાસ ધ્રોળવાળા | |
| ૫૧) | બાબુભાઈ કેશવલાલ ઝવેરી | માટુંગા |
| ૫૧) | મોતીચંદ ઝવેરચંદ ઝવેરી | |
| ૫૧) | ડુંગરપુરવાળા | સાયન |
| ૫૧) | ગોધરા પંચમહાલ સંઘ જ્ઞાનખાતામાંથી<br>હ. મણીલાલ પાનાચંદ | |
| ૫૧) | છોટાલાલ કેશવજી હઃ રસિકબેન | કોટ |
| ૨૧) | ધીરૂભાઈ | માટુંગા ગિરિવિહાર |

# પ્રસ્તાવના

अर्हन्तं तमहं वंदे, सर्वाज्ञानतमोऽपहम् ।
प्रवृत्ता यन्मुखाद् देवी द्वादशाङ्गी सरस्वती ।।१ ।।
श्रीमते वर्धमानाय, परासन्नोपकारिणे ।
चरमतीर्थाय वीराय नमो दीर्धतपस्विने ।।२।।
अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशाङ्गं विशालं,
चित्रं बह्वर्थयुक्तं मुनिगणवृषभैर्धारितं बुद्धिमद्भिः ।
मोक्षाग्रद्वारभूतं व्रतचरणफलं ज्ञेय भावप्रदीपं,
भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारम् ।।३।।

સર્વ અજ્ઞાનરૂપી અંધકારને હરણ કરનાર દ્વાદશાંગી રૂપી સરસ્વતી દેવી જેના મુખમાંથી પ્રવૃત્ત થઈ એવા શ્રી અરિહંત ભગવંતને નમસ્કાર કરું છું. ૧.

મહાન આસન્ન ઉપકારી, ચરમ તીર્થંકર, દીર્ઘ તપસ્વી, શ્રી વર્ધમાન-મહાવીર સ્વામીને નમસ્કાર હો ૨.

અરિહંત ભગવાન મુખમાંથી નીકળેલા ગણધર મહારાજાઓએ રચેલા વિસ્મયકારી અનેક અર્થથી યુક્ત એવા વિશાલ દ્વાદશાંગી રૂપ, જેને બુદ્ધિમાન એવા મુનિગણમાં અગ્રણીઓએ ધારી રાખેલા જે મોક્ષના અગ્રદ્વારરૂપ છે, ચરણ અને કરણ જેનું ફલ છે એવા જ્ઞેયભાવને જાણવામાં પ્રદીપ સમાન અને સર્વ લોકના એક માત્ર સારરૂપ એવા અખિલ શ્રુત એટલે સિદ્ધાંતને હું નિરંતર ભક્તિવડે અંગીકાર કરૂં છું. ૩.

૧. પ્રારંભમાં આ પ્રસ્તાવના લખવાની કબુલાત આપવાની ધૃષ્ટતા બદલ હું ક્ષમા માગી લઉં છું. સૂર્યને દીવો લઈ શોધવા જવાનું ન હોય.

બહુશ્રુત એવા પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય **શ્રી સાગરાનંદસૂરીશ્વરજી**, જેમનું આગમવિષયી જ્ઞાન આ કાળમાં અજોડ હતું અને જેમની વ્યાખ્યાન શૈલી સચોટ, તર્કબદ્ધ અને તજ્જ્ઞોને પણ વિચારતાં કરી મુકે એવી ગહન અને ગંભીર હતી. એમનાં વ્યાખ્યાનોની પ્રસ્તાવનાની જરૂર જ ન હોય. એ તો સ્વયં પ્રકાશમાન હોઈ અન્યની સહાય વિના જ સર્વને પ્રકાશિત કરવા શક્તિમાન છે. છતાં આવા પ્રસંગોથી તે તે પ્રકારના વાંચનનો લાભ પરિણામે મને મળતો હોઈ મારા સ્વલ્પ એવા જ્ઞાનને વિશદ બનાવવામાં સહાયભૂત હોવાથી અને પૂ. શ્રી હેમસાગરસૂરિજીની વિનંતિનો અસ્વીકાર ન કરી શકવાથી, અલ્પશ્રુત હોવા છતાં પણ હું ઉદ્યત થયો છું. એટલે મારા લખાણમાં છદ્મસ્થ ભાવને લીધે જે કંઈ ત્રુટિ અથવા દોષો રહ્યા હોય તેને ક્ષન્તવ્ય ગણી મારો આ લઘુ લેખ વંચાશે તો હું મને પોતાને ઉપકૃત થયેલો ગણીશ.

૨. સર્વોત્કૃષ્ટ સંગ્રહકર્તા પૂર્વવિદ્ ભગવાન ઉમાસ્વાતિ મહારાજે, તત્વાર્થાધિગમ સૂત્રની સ્વોપજ્ઞ સંબંધ કારિકામાં આ સંસારમાં વર્તતા આત્માઓની તેમની પ્રવૃત્તિ અનુસાર છ પ્રકારમાં વિભાજના કરી છે. આ છ પ્રકાર તે (૧) અધમતમ, (૨) અધમ, (૩) વિમધ્યમ, (૪) મધ્યમ, (૫) ઉત્તમ અને (૬) ઉત્તમોત્તમ છે. પહેલી ''અધમતમ'' કોટીમાં તે આત્માઓને ગણાવ્યા કે જે આ ભવ તેમજ પરભમાં આત્માનું અહિત જ થાય એવી પ્રવૃત્તિ કરનાર હોય છે. બીજી કોટીમાં આવનાર આત્મ કેવળ આ ભવમાં જ ફળપ્રાપ્તિની ભાવનાથી પ્રવૃત્ત થાય છે અને તેને ''અધમ'' કહ્યા. ઈહ અને અમુત્ર એમ ઉભયના ફલને અર્થે પ્રવૃત્ત થાય એવા આત્માઓને ત્રીજી '' વિમધ્યમ'' ની કોટીમાં મુકયા, જ્યારે ચોથા ''મધ્યમ''ની કક્ષાના આત્માઓ પરલોકમાં હિત થાય એવું જ કાર્ય કરતા હોય છે. તે પછી કેવળ પોતાના આત્માને કર્મબંધનમાંથી મુક્ત કરવાના

ધ્યેયથી પ્રવર્તનાર એવા વિશિષ્ટમતિ આત્માઓને પાંચમી 'ઉત્તમ' ની કોટીમાં ગણ્યા. છેલ્લી કોટી તે ''ઉત્તમોત્તમ'' આત્માઓની. આ પ્રકારના આત્મા પોતે ઉત્તમ એવા ધર્મને પામીને સ્વયં કૃતાર્થ થઈ, બીજાઓને ઉપદેશ આપે છે તેથી તેઓ ઉત્તમોમાં ઉપણ ઉત્તમ છે અને તે કારણે નિત્ય પૂજ્યતમ પણ છે, આવી ઉત્તમોત્તમ આત્માની કોટીમાં આવનાર આત્મા તે શ્રી તીર્થંકર ભગવન્ત.

૩. વ્યુત્પતિ અન્વયે તીર્થને કરનાર પ્રવર્તાવનાર તે તીર્થંકર કહેવાય. તીર્થ એટલે જે વડે અથવા જેને પામીને ભવસમુદ્ર તરી શકાય તે એટલે પ્રવચન એવો અર્થ થાય. આ પ્રકારના તીર્થની પ્રવર્તના તો જે આત્માએ પોતાની સંસાર યાત્રા દરમ્યાન ''સવિ જીવ કરૂં શાસન રસી'' એવી ઉત્કટ ભાવદયાથી ઉલ્લાસમાન થઈ તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યું હોય છે તેના ફલ સ્વરૂપે જ હોય છે. આ તીર્થંકર નામ કર્મના ઉદયથી પોતે કૃતકૃત્ય થયેલાહોય છે છતાં પણ અર્હન્ત ભગવંત, ભવ્ય જીવોના ઉપકાર અર્થે તીર્થની પ્રવર્તના કરે છે, જેમ પોતાના સ્વાભાવિક ગુણને લીધે જ સૂર્ય ઉદિત થઈ લોક માત્રને પ્રકાશમાન કરે છે તેમ તીર્થંકર ભગવંત પણ તીર્થંકર નામ કર્મના વિપાકે સ્વાભાવિક પણે જ તીર્થ પ્રવર્તનામાં પ્રવર્તે છે અને લોક હિતાર્થે ઉપદેશ આપે છે.

૪. આ ઉપદેશ અથવા ધર્મદેશના ચાર ઘાતી કર્મનો ક્ષય થવાથી કૈવલ્ય પ્રાપ્તિ થતાં જ, તીર્થંકર ભગવંત પાસેથી એમના મુખ્ય શિષ્ય એટલે ગણધર મહારાજાને '' उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा '' એવી ત્રિપદી અથવા નિષદ્યાત્રયમાંથી ગણધર મહારાજાઓ સૂત્ર ગુંથી દ્વાદશાંગીની રચના કરે છે. આ ત્રિપદી શ્રી તીર્થંકર ભગવંતો પોતાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ગણધર મહારાજા દીક્ષા લે ત્યારે પ્રદક્ષિણા દઈ ખમાસમણ દે તે વખતે આપે છે, પહેલી પ્રદક્ષિણા વખતે ગણધર

મહારાજા તીર્થંકર ભગવંતને પૂછે છે. ''भंते ! किं तत्तं'' ત્યારે તીર્થંકર ભગવંત કહે કે ''उपन्नेइ वा'' એમ બીજી પ્રદક્ષિણા વખતે પૂછતાં ''विगमेइ वा'' અને ત્રીજી પ્રદક્ષિણા વખતે પૂછતા ''धुवेइ वा'' કહેવામાં આવે છે. અને આમ ત્રણ પદોની પ્રાપ્તિ શ્રી તીર્થંકર ભગવંત પાસેથી ગણધર મહારાજાને થાય છે.

૫. ગણધર મહારાજાઓ વડે ત્રિપદી અનુસાર ધર્મશાસ્ત્રની રચના થતાં, પ્રથમ ચૌદ પૂર્વની અને તે પછી દ્વાદશાંગી એટલે આચારાંગ પ્રમુખ બાર અંગોની ઉત્પત્તિ થાય છે. આ બાર અંગ તે (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ, (૬) જ્ઞાતાધર્મકથા, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃતદશાંગ, (૯) અનુત્તરોપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ (૧૧) વિપાક અને (૧૨) દૃષ્ટિવાદ.

૬. આ બાર સ્તૂરમાં પાચમું અંગ તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ અથવા વિવાહ પણ્ણતી તેનું અપરનામ જ શ્રી ભગવતી સૂત્ર. આ શ્રી ભગવતી સૂત્ર સર્વાનુયોગમય છે, અનુયોગના મુખ્ય ચાર ભેદ કરવામાં આવ્યા છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) ચરણકરણાનુયોગ અને (૪) ધર્મકથાનુયોગ. પ્રાચીન સમયમાં દરેક આગમસૂત્રોનું આ ચારે અનુયોગ ગર્ભિત વ્યાખ્યાન કરવામાં આવતું, પરંતુ સમય જતાં આ પ્રકારે વિવરણ કરવામાં બુદ્ધિ પ્રાબલ્ય ઓછું થવાથી મુશ્કેલી લાગવા માંડી. એથી જગદ્ગુરૂ શ્રી આર્ય રક્ષિતસૂરિ મહારાજાએ બને ત્યાં સુધી અનુયોગોની મુખ્યતા પ્રમાણે સૂત્રોની વહેંચણી કરી, છતાં શ્રી ભગવતી સૂત્રમાં ઓછા વત્તા પ્રમાણમાં ચારે અનુયોગનું અસ્તિત્વ રહ્યું છે.

૭. આ શ્રી ભગવતીસૂત્રમાં સ્વસમય અને પરસમય એમ બન્ને

સમયની હકીકત વર્ણવવામાં આવી છે. એમાં જીવ અને અજીવનું સ્વરૂપ તેમજ લોક અને આલોકના પદાર્થોનું વિવરણ છે. આ વિષયો વિષે વિવિધ પ્રકારના સંશયવાળા દેશ, રાજા, રાજર્ષિ, ગણધરાદિ મહાત્માઓ, જેમાં મુખ્યત્વે શ્રી ઈન્દ્રભૂતિ, શ્રી અગ્નિભૂતિ, શ્રી વાયુભૂતિ, શ્રી મંડીત પુત્ર આદિ હતા, તેમજ રોહમુનિ અને જયંતી આદિ શ્રાવિકાઓ અને તીર્થંકર ભગવંતના વચનમાં હજી જેને શ્રદ્ધા ઉત્પન્ન થઈ નથી એવા પરિવ્રાજક સ્કંદક આદિના પ્રશ્નો અને તેના ઉત્તરોનું સંકલન છે. તેમાં તામલી તાપસનું વર્ણન ગોશાલનું ચરિત્ર, બુદ્ધ જાગરિકા વિગેરેનું સ્વરૂપ, સંયતાદિકને આપેલા દાનનું વર્ણન, દેવ નારક અને નિગોદાદિકનું સ્વરૂપ, તુંગીયા નગરીના શ્રાવકોનું વર્ણન ઇત્યાદિ અનેક બોધક વૃત્તાંતો આવે છે. સંક્ષેપમાં કહિએ તો જૈન ધર્મના અનેક વિધ પાસાઓના અભ્યાસ માટે શ્રી ભગવતીસૂત્ર અપૂર્વ અને રોચક સામગ્રી પૂરી પાડે છે.

૮. શ્રી ભગવતી સૂત્રમાં એક શ્રુતસ્કંધ, એકસોથી વધારે અધ્યયનો, દશ હજાર ઉદ્દેશાઓ, યથાર્થ રહસ્યને સમજાવનારા ૩૬૦૦૦ પ્રશ્નો અને ઉત્તરો. ૪૧ શતકો અને ૨,૮૮,૦૦૦ પદો હતા એવી માન્યતા છે, પરંતુ વર્તમાન કાળમાં આ બધા આ પ્રમાણમાં ઉપલબ્ધ થતાં દેખાતા નથી. આ સૂત્ર શ્રી સુધર્માસ્વામીની દ્વાદશાંગીનું એક અંગ છે. એમાં શ્રી સુધર્માસ્વામીએ એમના મુખ્ય શિષ્ય શ્રી જમ્બુસ્વામીને ઉદ્દેશીને કથન કર્યું છે. શ્રી ભગવતી સૂત્ર જૈન પ્રવચનોમાં ઘણું જ મહત્વનું સ્થાન પામ્યું છે. આ સૂત્ર સાંભળવાથી અને ભણવાથી ચારે અનુયોગનું સ્વરૂપ સારી રીતે સમજાય છે, આત્માને સ્વભાવી ગુણોના વિકાસની સાધનામાં અત્યંત સહાયભુત થાય છે, અને આત્માના સમ્યગદર્શન ગુણ વિશેષ નિર્મળ બને છે. શ્રી ભગવતીસૂત્રનું

મૂળ નામ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (પ્રાકૃતમાં વિવાહ પણ્ણત્તી) એ નામ પણ યથાર્થ જ છે. દ્રવ્યાદિનું સંપૂર્ણ અને યથાર્થ જ્ઞાન અથવા દ્રવ્યગુણ અને પર્યાયો વગેરે પદાર્થો જેમાં સ્પષ્ટ પણે સમજાવવામાં આવ્યા હોય તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ અને એ દૃષ્ટિએ એ નામ પણ અર્થદ્યોતક છે.

૯. જિનશાસનના પ્રવચનના આવા મહાન સ્તંભરૂપ અંગ ઉપર, આ પુસ્તકના અંતિમ વ્યાખ્યાનમાં જણાવ્યા પ્રમાણે આગમોદ્ધારક પરમશ્રુતવિદ્ શ્રી સાગરનંદસૂરીશ્વરજી મહારાજે, સં. ૧૯૯૮ની સાલમાં, ચાતુર્માસ દરમ્યાન, પાલીતાણામાં શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ આપેલ વ્યાખ્યાનોનો યથાશક્તિ શ્રવણ સમયે ઉતારો કરેલ, તેને અત્યંત શ્રમ અને શ્રદ્ધા પૂર્વક લિપિબદ્ધ કરી પૂજ્ય આચાર્યશ્રી હેમસાગરસૂરિ મ. પાસે પુસ્તકારૂઢ કરાવેલ છે. જેમને વ્યાખ્યાતાને સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો હશે તેમને આ વ્યાખ્યાનોમાં વ્યાખ્યાતાની લાક્ષણિક શૈલી અને તર્ક વિવિધતાની સ્મૃતિનું દર્શન થયા વગર નહિ રહે. ધ્યાન પૂર્વક વાંચનારને એમાંથી તત્ત્વના ગુઢ અને અણ ઉકલ્યા પ્રશ્નોના ઉત્તર મળશે. અને પાને પાને, સંશોયનું ઉચ્છેદન કરે એવું નિર્મળ જ્ઞાન પ્રાપ્ત થશે. આવા વ્યાખ્યાનોમાં અપાએલી દેશનાનો આ દ્વીતિય ભાગ છે. પહેલા ભાગમાં તેત્રીશ વ્યાખ્યાનોનો સંગ્રહ હતો. આ ભાગમાં કુલ ૫૧ વ્યાખ્યાનોનો સંગ્રહ ૩૪ થી ૮૪ વ્યાખ્યાનોમાં કર્યો છે.

૧૦. આ વ્યાખ્યાનોમાં ટીકાકાર શ્રી અભયદેવસૂરીશ્વર મહારાજાએ કરેલી વ્યાખ્યાનો સાર આપવામાં આવ્યો છે. એ સાર આપતાં પ્રથમ શ્રી અરિહંતાદિક પંચ પરમેષ્ઠીને નમસ્કાર શાથી? પંચપરમેષ્ઠિ એટલે કોણ? એ પૂજ્ય શા માટે ? એનું નિરૂપણ કર્યું છે. '**णमो बंभीए लिवीऐ**' એમ બ્રાહ્મી લિપિને નમસ્કાર શાથી કર્યો એ દલીલ પૂર્વક જણાવવામાં આવ્યું છે, તે પછી પંચ પરમેષ્ઠી નમસ્કારરૂપ મંગલ

શા માટે ? એ જણાવી પ્રથમ શતકના દશ ઉદ્દેશાનું વર્ણન કરી બાકીના ઉદ્દેશાનું સંક્ષિપ્ત વિવરણ કર્યું છે. તે પછી કાંક્ષા મોહનીયનું સ્વરૂપ, શ્રી મિચ્છામિ દુક્કડં ની રોચક ચર્ચા કરી જણાવ્યું કે સમ્યગ્દૃષ્ટિ જો પાપ કરે તો શાથી અલ્પ કર્મબંધ કરે. કરેલાં કર્મની ભુક્તિની ચર્ચા કરતાં **'कृतकर्मक्षयो नास्ति'** અને **'अवश्यमेव भोक्तव्यं कल्पकोटिशतैरपि'** વિગેરે બાબતોની જૈન દૃષ્ટિએ સુંદર ચર્ચા કરી છે. અને મોહનીય કર્મની પ્રબળતા અને કર્મ પ્રકૃતિના વિભાગોની હકીકત વર્ણવી છે. તે પછી શ્રી અરિહંત ભગવન્ત પણ શ્રુતને નમસ્કાર કેમ કરે? મહાવ્રતમાં જાવજ્જીવાએ પદની જરૂર કેમ ? ગણધર મહારાજાઓ શાથી પ્રરૂપણમાં સ્વતંત્ર નથી? કાળચક્ર ક્યાં ક્યાં ભ્રમણ કરે છે ? વિગેરે પ્રશ્નોની દ્યોતક છણાવટ કરી છે, ત્યારબાદ રાજગૃહી નગરીની ઉત્પત્તિ વિગેરેનું વર્ણન આવે છે. વળી કાળની સમજ, સંહિત્તાદિની વિચારણા, ચૈત્ય એટલે શું ?એ બહુજ સુંદર રીતે સમજાવ્યું છે. વળી ''શ્રમણ ભગવાન્ મહાવીર'' શાથી કહેવાયા, એનું ટુંકુ પણ સચોટ કથન છે એમાં મહાવીર એ નામનો નિર્દેશ કરતાં જણાવે છે કે '' જે મેરૂને ચલાયમાન કરવા સમર્થ, જે કાળનાગને મુઠ્ઠીમાં પકડનાર એવા મહાપુરુષ દેવતાને એક મુઠ્ઠીમાં બેસાડનાર તેવા સમર્થ તેમને નિર્બળ ગોવાળીઆ ઉપસર્ગ કરનાર છતાં, સહન કરે છે '' એ બતાવી 'क्षमा वीरस्य भूषणम् ' એ કહેતીનું યથાર્થ - પણું બહુ જ સારી રીતે સમજાવ્યું છે. અને તેમ કરતાં જણાવ્યું કે ''વીરતા- છતાં સામર્થ્ય છતાં-દુર્બલના-પરિષહ સહન કર્યા તેથી શ્રમણ ભગવાન્ મહાવીર એ નામ પ્રાપ્ત કર્યું' એ પછીના વ્યાખ્યાનોમાં શ્રી શક્રસ્તવમાં આવતા એવા અનેક વિશેષણોનું નિરૂપણ અનુપમ શૈલીમાં બહુજ સુંદર રીતે સમજાવ્યું છે એ તે તે વ્યાખ્યાનો વાંચવાથી સહજ વિદિત થશે. એ ઉપરાંત આ સૂત્રમાં આવતાં દૃષ્ટાન્તો અને કથાનકો જેવા કે શ્રેણિક અને

મમ્મણશેઠનું વૃત્તાન્ત, ચંડકૌશિકનું કથાનક, અંબડ પરિવ્રાજક અને સુલસા શ્રાવિકાનો પ્રબંધ, મહાશતકની કથા, ભરતમહારાજાની સાધુ સંસ્થા માટેની ભાવના, જમાલિના મંતવ્યનું નિરસન વિગેરે અનેક બાબતો જોવા મળે છે.

૧૧. ઉપરના સંબંધો ઉપરાંત આગમોદ્ધારક આચાર્યશ્રીએ એમના વ્યાખ્યાનોના સંદર્ભમાં અનેક તાત્વિક બાબતો બહુજ સુંદર રીતે વણી લીધી છે. એમાં ભવ્યતા, જાતિભવ્યતા, તથા ભવ્યતા અને અભવ્યતાદિના ભાવો જીવ અને કર્મમાં બળવાન કોણ ? જૈન દૃષ્ટિએ ઈશ્વર એ બનાવનાર નહિ પણ બતાવનાર, શ્રાવકપણાની પ્રવૃત્તિ અને પરિણતિ; ભગવંતની દેશના વિષેની દિગંબરોની ભિન્ન માન્યતા જૈનેતરોને મરણનો મહાભય જ્યારે જૈનોને જન્મનો મહાભય; આત્મધર્મ કુળધર્મનું વિવરણ, ધર્મ એટલે શું ? મૈત્ર્યાદિ ચાર ભાવનાનું ધર્મમાં સ્થાન; ધર્મનું શુદ્ધ સ્વરૂપ, વિગેરે અનેક બાબતો અપૂર્વ રીતે એમની અનોખી અને તર્કસિદ્ધ શૈલીથી દર્શાવી છે. આ બધામાં રહેલી આગમોદ્ધારક આચાર્યશ્રીની વિશિષ્ટતા તો તે તે વિષયો ઉપરનું એમનું કથન વાંચીને વિચારીએ ત્યારે જ જાણી શકાય. આચાર્યશ્રી હેમસાગરજીએ કહ્યું છે તેમ વાંચકવૃંદ વાંચી સમજી ઉપદેશનો આશય ફલિતાર્થ કરે એ જ અભ્યર્થના.

ધનતેરસ
સં.૨૦૧૭
મુંબઈ-૪

લી.
પ્રસન્નમુખ સુરચંદભાઈ બદામી
(ન્યાયાધીશ-મુંબઈ)

## નવ્ય આવૃત્તિની નવલી પ્રભાતે...
## શબ્દોના પ્રભાતિયાનું ગાન....

આગમશાસ્ત્રો જિનશાસનની મોટી મૂડી છે.
શ્રુત ગંગોત્રી પવિત્રતાની પૂંજી છે.
આજે આ મૂડી કે પૂંજીમાં કેટલો ઘટાડો થયો કે વધારો..!!! તેનો હિસાબ- કિતાબ કર્યો નથી.

ચૌદ પૂર્વ - ચૌદ હજાર પયન્ના - દ્વાદશાંગી - ૮૪ આગમો ઉપરાંત કલિકાલશ્રીના સાડા ત્રણ ક્રોડ શ્લોકો, હરિભદ્રસૂરી મ. ના ૧૪૪૪ ગ્રન્થો, ઉમાસ્વાતિજીના ૫૦૦ ગ્રન્થો પૈકી કેટલું લુપ્ત થયું અને કેટલું બચાવ્યું તેનો ઉત્તર શું વર્તમાન કાળના શ્રી સંઘો આપી શકશે ? !!

આજે જે શેષ શ્રુતજ્ઞાન ની થાપણ દેખીએ છીએ તેનો શ્રેય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનંદસાગરજી મ.સા.ને જાય છે. ત્યાર બાદ ૧૫૦૦ વર્ષનો સુદીર્ઘ કાળનો શ્રુતોધ્ધારનો કોઈ ઈતિહાસ દેખાતો નથી પરંતુ વીર નિર્વાણના ૨૫માં સૈકામાં આગમોનું સંશોધન-લિપ્યંતર - પાઠાંતર મેળવીને સંપાદન ૧૯૮ ગ્રન્થોની ભેટ શાસનને ધરી...લગભગ ૧૦ લાખ શ્લોક પ્રમાણ સાહિત્ય મુદ્રણ કરાવી અને પઠન-પાઠનને સુલભ બનાવવા ૭-૭ આગમ વાચનાઓ કરવી અને ઠેર -ઠર શ્રાવકવર્ગને આગમિક પદાર્થો સમજાવવા આગમ ગ્રન્થો આધારિત પ્રવચનો

ફરમાવતા હતા.

ઠેક-ઠેકાણે તે સમયના સહવર્તિ મુનિવરો તથા શ્રાવકોએ જે પ્રવચનો અવતરણ કર્યા છે તે પૈકીના ભગવતી સૂત્રના પ્રારંભિક કક્ષાના ૩૩ પ્રવચનો અત્રે પુનઃ પ્રકાશિત કરી રહ્યા છીએ. ભગવતી સૂતર્પર અપાયેલાં અન્ય પ્રવચનોનો સંગ્રહ અન્યત્ર છપાયેલ છે.

ભગવતી સૂત્રનું અપરનામ 'વિવાહપન્નત્તી' છે, જયકુંજર હાથીની ઉપમા, પંચ પરમેષ્ઠીના સ્થાન અંગે સુંદરતમ - સુક્ષ્મ છણાવત કરી છે.. પ્રત્યેક પ્રવચોમાં મૂળ સૂત્રના શાસ્ત્રપાઠો હૃદયમાં આગમના પદાર્થો અર્થ સમેત સ્પર્શી જાય તેવો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

પૂજ્યશ્રીના પ્રવચનો આજના યુગમાં આગમના અભ્યાસીઓને આગમની બારખડી રૂપ પુરવાર થાય તેમ છે તથા પ્રવચન રસિકોને અનુવાદ રૂપ પુરવાર થાય તેમ છે તેથી તેને પુનઃ પ્રકાશનનો ઓપ આપી રહ્યા છીએ...

આ પુસ્તુક વાસ્તિવિકતામાં દેશનાનો અંશ છે અને આગમિક પદાર્થોનો વંશ છે.

**પૂર્ણચન્દ્રસાગર સૂરિ**
ચૈત્ર વદ- ૮ /૭૩
સુરત વાડી ઉપાશ્રય

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૩૪. | બ્રાહ્મી લિપિ વિચારણા | ૧-૧૦ |
| ૩૫. | મંગલ પર વ્યાખ્યાન | ૧૧-૨૧ |
| ૩૬. | મંગલ આદિ ચારેની જરૂર | ૨૨-૩૦ |
| ૩૭. | પ્રથમ શતકના દશ ઉદ્દેશાઓનું સંક્ષિપ્ત વર્ણન | ૩૧-૪૦ |
| ૩૮. | પ્રથમ શતકના બાકીના ઉદ્દેશાનું સંક્ષિપ્ત વર્ણન | ૪૧-૪૮ |
| ૩૯. | પ્રથમ શતકના દશે ઉદ્દેશાનું સંક્ષિપ્ત વર્ણન | ૪૯-૫૮ |
| ૪૦. | કાંક્ષા મોહની | ૫૯-૬૬ |
| ૪૧. | મિચ્છામિ દુક્કડં ચર્ચા | ૬૭-૭૫ |
| ૪૨. | કરેલા કર્મ ભોગવ્યા સિવાય છૂટકો નથી | ૭૬-૮૪ |
| ૪૩. | કાંક્ષા મોહનીય ચાલુ અધિકાર | ૮૫-૯૩ |
| ૪૪. | મોહનીયકર્મની અતિ પ્રબળતા | ૯૪-૧૦૧ |
| ૪૫. | કર્મપ્રકૃતિઓના વિભાગો | ૧૦૨-૧૦૯ |
| ૪૬. | ઉદ્દેશાના અર્થાધિકાર સંપૂર્ણ | ૧૧૦-૧૧૭ |
| ૪૭. | અરિહંતો પણ શ્રુતને કેમ નમસ્કાર કરે છે ? | ૧૧૮-૧૨૬ |
| ૪૮. | મહાવ્રતમાં જાવજ્જીવાએ પદની જરૂર કેમ ? | ૧૨૭-૧૩૭ |
| ૪૯. | ગણધર ભગવંતો પ્રરૂપણામાં સ્વતંત્ર નથી. | ૧૩૮-૧૪૩ |
| ૫૦. | કાળચક્ર ક્યાં ક્યાં ભ્રમણ કરે છે ? | ૧૪૪-૧૫૨ |
| ૫૧. | રાજગૃહીની ઉત્પત્તિ | ૧૫૩-૧૫૮ |
| ૫૨. | રાજગૃહીના ઉજળા ઘરના ગોવાળીયા કોણ ? | ૧૫૯-૧૬૭ |
| ૫૩. | સૂત્ર કરતાં ભાવાર્થની વાંચના આપનારા મોટો ગણાય | ૧૬૮-૧૭૬ |

| | | |
|---|---|---|
| ૫૪. | મૂળ દસ્તાવેજની ગેરહાજરીમાં પડોશીના દસ્તાવેજથી માલિકી નિર્ણય થાય | ૧૭૭-૧૮૪ |
| ૫૫. | સ્વતંત્ર પ્રરૂપણા કરવાનો હક આચાર્યને નથી. | ૧૮૫-૧૯૨ |
| ૫૬. | સંહિતાદિ વ્યાખ્યા પ્રકારો | ૧૯૩-૨૦૦ |
| ૫૭. | કાળ શી ચીજ છે ? | ૨૦૧-૨૦૮ |
| ૫૮. | રાજગૃહી નગરી વિદ્યમાન છતાં હતી કેમ જણાવી ? | ૨૦૯-૨૧૫ |
| ૫૯. | શ્રેણીક અને મમ્મણ | ૨૧૬-૨૨૦ |
| ૬૦. | રાજગૃહી વર્ણન | ૨૨૧-૨૨૮ |
| ૬૧. | ચૈત્યશબ્દની વિચારણા | ૨૨૯-૨૩૩ |
| ૬૨. | શાસનનો પાયો કરેમિ ભંતે | ૨૩૪-૨૪૧ |
| ૬૩. | આત્મીય સુખ ઉત્પન્ન કરનાર સાધન તે જ ધર્મ | ૨૪૨-૨૪૯ |
| ૬૪. | અવિરતિ થાળું કદાપિ ખાલી ન હોય. | ૨૫૦-૨૫૫ |
| ૬૫. | ચીલો પાડતા ચાલતા જવું કેટલું મુશ્કેલ છે ? | ૨૫૬-૨૬૩ |
| ૬૬. | કહેનારા વક્તા આશ્રી અર્થમાં ફરક પડે છે. ચંડકૌશિકની સહન પરાકાષ્ઠા | ૨૬૪-૨૭૧ |
| ૬૭. | તીર્થંકરના એક જ અતિશયની તાકાત | ૨૭૨-૨૭૮ |
| ૬૮. | યોગ-ક્ષેમ હોવાથી લોકનાથ | ૨૭૯-૨૮૬ |
| ૬૯. | લોકનાથ લોકપ્રદીપ વિશેષણની સાર્થકતા | ૨૮૭-૨૯૩ |
| ૭૦. | લોકનાથ તરીકેની જવાબદારી | ૨૯૪-૩૦૨ |
| ૭૧. | હિન્દુ અને આર્ય શબ્દની વ્યુત્પતિ | ૩૦૩-૩૦૯ |
| ૭૨. | તીર્થંકર નામકર્મનો ભોગવટો કઈ રીતે કરે ? | ૩૧૦-૩૧૬ |
| ૭૩. | સાપ કરતાં પણ પાપો ભયંકર ક્યારે લાગે ? | ૩૧૭-૩૨૫ |

| | | |
|---|---|---|
| ૭૪. | લોગપજ્જાઅગરાણં પદની સાર્થક વ્યાખ્યા | ૩૨૬-૩૨૯ |
| ૭૫. | લોકપદ્યોતકરની વિશેષ વ્યાખ્યા | ૩૩૦-૩૩૮ |
| ૭૬. | ‘અભયદયાણં’ પદનું વિવેચન | ૩૩૯-૩૪૭ |
| ૭૭. | ગમારને ચિંતામણીરત્નની કિંમત ન હોય | ૩૪૮-૩૫૫ |
| ૭૮. | જગતને મરણનો મહાભય ત્યારે સમકીતિને જન્મનો | ૩૫૬-૩૬૬ |
| ૭૯. | રેતીના થાંભલા ઉપર જીવનની મહેલાત. | ૩૬૭-૩૭૫ |
| ૮૦. | જૈન શાસનનું ટૂંકું જ્ઞાન સાવદ્ય સર્વથા ત્યાગ અને સંવરની ઉપાદેયતા | ૩૭૬-૩૮૫ |
| ૮૧. | હિતબુદ્ધિવક્તાને એકાંતે ધર્મ જ છે | ૩૮૬-૩૯૩ |
| ૮૨. | સમ્યક્ત્વ અને ત્રણ જ્ઞાન ભવાંતરમાંથી સાથે લાવનાર કોણ હોય ? | ૩૯૪-૪૦૧ |
| ૮૩. | મૈત્ર્યાદિ ચાર ભાવના સહિત અનુષ્ઠાન તે ધર્મ | ૪૦૨-૪૦૭ |
| ૮૪. | ‘ક્રિયા એ કર્મ પરિણામે બંધ’ તે કયા સ્થાન પર લેવું ? | ૪૦૮-૪૧૮ |

# આગમોદ્ધારક

## શ્રી ભગવતી
## દેશના
## સમુચ્ચય

## ભાગ -૨

# દેશના ૩૪
# બ્રાહ્મી લિપિ વિચારણા.

**णमो बंभीए लिवीए '' सू० २**

વ્યાખ્યાકાર મહારાજા શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ ભગવતીજીની વ્યાખ્યા કરતાં ભગવતીજીમાં સર્વકાળ સર્વક્ષેત્રનુ છત્ર 'નમસ્કાર મંત્ર છે ' પંચપરમેષ્ઠિને નમસ્કાર એ જ જૈન શાસનનું છત્ર છે. પંચપરમેષ્ઠિ સિવાય જૈન શાસન હોય નહિ, તે જ પંચપરમેષ્ઠિ જૈનોને છત્રછાયા તરીકે છે. બીજા મતવાળાઓએ પંચપરમેષ્ઠિ માન્યા નથી. કોઈ પણ મતવાળાને માર્ગ પ્રકાશક તો માન્યા સિવાય છૂટકો નથી. દરેક આસ્તિક-દર્શનકારોને મોક્ષ, સંચાલક, શિક્ષક, સહાયકને પ્રવર્તનારા માન્યા સિવાય છૂટકો નથી. દરેક આસ્તિક દર્શનકાર આ પાંચ વસ્તુઓ માને છે. આસ્તિક કયું દર્શન એવું હોય કે જે દર્શનમાં પ્રવર્ત્તક ન માને, મોક્ષ ન માને, સંચાલક ન માને, અધ્યાપક ન માને, પ્રવર્ત્તનારાને અને મદદ કરનારાને ન માને. દરેક આસ્તિક મતવાળા આ પાંચને જરૂર માને છે.

**પાંચે વસ્તુ આરાધ્ય કોટીની છે તેવું માનનારા જૈન છે. !**

પાંચેને આરાધ્યકોટીમાં માનવા તે માત્ર જૈનદર્શન જ શીખ્યું છે. દરેક મતવાળા પાંચને માને તો ખરા પણ આરાધ્ય કોટીમાં તેઓ નહીં રાખે. જેને સહેજે પચ્ચકખાણ પારવાનું હોય, કાઉસ્સગ્ગ પારવાનો હોય અને સંસ્કારવાળો હોય તો તો છીંક આવે તો પણ - ''નમો અરિહંતાણં '' બોલે છે. જૈનશાસનનું પંચપરમેષ્ઠિ એ જ છત્ર છે; તેથી ગણધર મહારાજાએ ભગવતીસૂત્રમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યો છે.

પંચપરમેષ્ઠિ કંઈ પણ ઉપકાર કરી શકતા નથી. ચમકશો નહીં ! અરિહંતાદિક ઉપકાર કરતા નથી. પ્રત્યક્ષ ઉપકારોને તમો ઉપકાર નથી કરતા તેમ શાથી કહો છો ? અરિહંતો વચનદ્વારા ઉપકાર કરે છે. અરિહંતો પોતે ઉપકાર નથી કરતા. સીધો આત્માને ઉપકાર નથી પણ તેમના વચનદ્વારાએ આ આત્માને ઉપકાર થાય છે. ઉપકાર કરનારો આત્મા હોય તો તે આખું જગત્ તારી દે, પણ જેઓ તેમના વચન પ્રમાણે વર્ત્યા તેઓ જ ફક્ત તર્યા છે, અરિહંત ભગવાન તારે એવો નિયમ નહિં પણ અરિહંતના વચન પ્રમાણે વર્તનાર જરૂર તરે, ન વર્તનારો ન તરે. અરિહંતો ઉપકાર કરે તે વચનો દ્વારા–

**"સિદ્ધોની માન્યાતા શાસ્ત્ર આધારે છે."**

સિદ્ધ મહારાજને અંગે વિચારીએ તો સિદ્ધો આપણા કાનમાં નથી કહેતાં. આ શાસ્ત્રમાં સિદ્ધ મહારાજનું જે સ્વરૂપ જણાયું તે આધારે જ સિદ્ધ માનનારા થયા છીએ; અને સિદ્ધની ભક્તિ કરનારા પણ થયા છીએ; સિદ્ધોને જ્યોતિસ્વરૂપ આપણે માનીને છીએ તે કરતાં એ સિદ્ધો અધિક ગુણવાળા છે. સિદ્ધનું સ્વરૂપ વચનદ્વારા સાંભળીએ તો આપણને ઉલ્લાસ થાય છે. અરિહંતો સાક્ષાત્ ઉપકાર કરતા નથી; કિંતુ દેશનાદ્વારાએ આપણા પર ઉપકાર કરે છે. સિદ્ધો પણ સાક્ષાત ઉપકાર કરતાં નથી, પણ શાસ્ત્રના વચનોદ્વારા સિદ્ધોનું સ્વરૂપ આપણને જણાય છે. આચાર્યો પણ શાસ્ત્રદ્વારાએ સમજાવે છે. ઉપાધ્યાય શીખવે તે પણ શાસ્ત્રદ્વારાએ, સાધુ પણ મદદ કરે તે શાસ્ત્રમાં ફરજ બતાવી તેના આધારે પોતાની ફરજ બજાવે છે. પાંચે પરમેષ્ઠિ ઉપકારી છતાં બધાના ઉપકારનું દ્વાર તો વચન છે. જગતમાં વચન જેવી ચીજ જ ન હોય તો આપણું શું થાય ? અરિહંત મહારાજ કેઈ ભવોથી પરોપકાર દૃષ્ટિવાળા થયા. જન્મ્યા, કેવળજ્ઞાન પણ થયું, કિંતુ જો વચન જેવી ચીજ જ ન હોય, ભાષા જેવી ચીજ ન હોય તો, અરિહંતો પણ ઉપકાર કરવા સમર્થ થઈ શકે નહિં.

**શ્રુતજ્ઞાન એ આંધળાને લાકડી સમાન છે.**

શ્રોતા, વક્તા, આચાર્ય વગેરે બધાંની આંખો શાસ્ત્ર પર હોય છે, શાસ્ત્ર એ શ્રુતજ્ઞાન છે. હવે તો લખેલું શાસ્ત્ર એ વર્તમાનકાળના આચાર્યાદિકની આંખો છે. '' एवं तावत्परमेष्ठिनो नमस्कृत्याधुनातनजनानां श्रुतज्ञानस्यात्यन्तोपकारित्वात् '' (व्या. प्र.पृ. ५ ) વર્તમાનકાળના જીવોને ઉપકારી ચીજ હોય તો પુસ્તક જ છે, વર્તમાનકાળમાં બધા આચાર્યો ઉપાધ્યાય, સાધુઓને આંધળાની આંખ કે લાકડી તરીકે પુસ્તકો છે. પુસ્તકો ન હોય તો આચાર્યાદિક પણ આંધળા છે. જ્ઞાનનું કામ હતું તો રૂસનાઈથી લખવામા નભી જતું, પછી સોનાચાંદીના અક્ષરોથી લખવાનું લખાવવાનું શું કામ હતું ? પુસ્તકને સુતરાઉ રૂમાલથી કામ પતતું પછી રેશમી રૂમાલનું શું કામ ? આવી શંકાવાળાએ ધ્યાનમાં લેવું કે વર્તમાનકાળમાં પ્રથમ નંબરે આરાધના લાયક પુસ્તકો છે. શાસન પ્રવર્ત્તાવનાર અરિહંત છે વગેરેનું સ્વરૂપ માલમ પડતું હોય તો તે પુસ્તકથી જ. જે વર્તમાનકાળના આચાર્ય ઉપાધ્યાય સાધુ બધાને ઉપકાર કરનાર હોય તો ફક્ત શ્રુતજ્ઞાન છે. પુસ્તકમાં ઉધઈ થાય છે. તેનો ઉપયોગ સાચવણી, તજવીજથી ભાવશ્રુતવાળા સાધુઓ કરે છે. જેમ હીરાની કિંમત ઝવેરી કરે પણ અણસમજુ ગાય, ભેંસ, પાડા તો હીરા ઉપર પોદળો કરે, હીરા-મોતીના ઢગલા ઉપર ગાય, ભેંસ ઉભાં રાખીએ તો પેસાબ કરે પોદળો પણ કરે, કારણ કહો કે તેની કિંમત જાનવરને નથી. આથી ઝવેરીઓને હીરા-મોતીની કિંમત ગઈ ? ના, ઝવેરી તો હીરા વગેરેનું રક્ષણ કરે; માટે વિવેકીની અપેક્ષાએ જે ઉપયોગી વસ્તુ હોય તે કીંમતી ગણાય. ભાવશ્રુતનો આધાર કોણ ? કેવળ દ્રવ્યશ્રુત, દ્રવ્યશ્રુત તે કયું ? '' तस्य च द्रव्यभावश्रुतरुपत्वात् भावश्रुतस्य च द्रव्यश्रुतहेतुकत्वात् संज्ञाऽक्षररुपं द्रव्यश्रुतं नमस्कुर्वन्नाह -'' આજે જે લખાય છે તે શ્રુત દ્રવ્યશ્રુત છે તેને ગણધર મહારાજા નમસ્કાર કરે છે.

**વચનયોગ દ્રવ્યશ્રુત છે.**

દ્રવ્યશ્રુત કયું ? નંદીસૂત્રકારે આવશ્યક નિર્યુક્તિકારે કહ્યું કે તીર્થંકર મહારાજનો વચનયોગ તે જ દ્રવ્યશ્રુત. શ્રુતજ્ઞાન એ આત્માનો ક્ષયોપશમથી થવાવાળો ગુણ છે. ભાષા એ જ શ્રુત. वयजोंग सुयं કેવળી મહારાજનો વચનયોગ તે જ જગતને શ્રુત છે. તીર્થંકર મહારાજે શ્રુત આપ્યું તેમ કહેવામાં શી હરકત ? તીર્થંકર મહારાજને શ્રુતજ્ઞાની માનીએ તો વાંધો શું ? પણ જેમ આપણે ક્રોડપતિને હજારપતિ કહીએ તો માન વધાર્યું કે ઘટાડયું ? હજારો વાળો છે પણ કોટીધ્વજને હજારોવાળો કહીએ તેથી તેની પ્રશંસા ન થઈ પણ ઓછાશ કરી, તેમ તીર્થંકર મહારાજાઓ કેવળજ્ઞાનવાળા-ક્ષાયિક જ્ઞાનવાળા છે, તેમને ક્ષાયોમશમિક ભાવનું જ્ઞાન છે, આથી તેમને શ્રુતજ્ઞાનવાળા ન કહી શકાય. નંદીસૂત્રકારે બે વસ્તુ જુદી પાડી. તીર્થંકરનો વચનયોગ તે જ જગતની ભાષા. ધર્મિઓની ભાષા ૧૪ પૂર્વ.

**તીર્થંકરોનો ઉપકાર ઉપદેશદ્વારા છે.**

તીર્થંકર જે ઉપકાર કરે છે તે વચનદ્વારાએ કરે છે. ક્ષત્રિય બચ્ચો શત્રુ અને ચોર આદિથી રક્ષણ કરે છે. પરંતુ તે ક્ષત્રિય ક્યા દ્વારાએ રક્ષણ કરે ? હથિયાર દ્વારાએ. હથિયાર વગરનો ક્ષત્રિય શું કરે? નકામો ગણાય, તેમ તીર્થંકર મહારાજા વચનયોગ વગરના- ભાષા વગરના હોય તો હથીયાર વગરના ક્ષત્રિય જેવા છે.

**" આરાધ્ય વચનયોગ કયો ? "**

તીર્થંકરનો મહિમા વચનયોગને લીધે છે. તેવી જ રીતે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પણ વચનયોગને ભાષાને લીધે ઉપકારી છે. વચનયોગ તો બે ઈન્દ્રિયથી શરૂ થાય છે; બે ઈન્દ્રિયના વચનયોગને નમસ્કાર કરવા શું તૈયાર છીએ ? ના. દેડકા, પંખી જાનવરને પણ વચનયોગ છે. તે વચનયોગને નમસ્કાર કરવાનો નથી. આથી જ શાસ્ત્રકાર કહે છે કે આર્યવચનયોગ નમસ્કરણીય છે. જાનવરનો ભાષાયોગ અવ્યક્ત શબ્દાત્મક છે; તેમ તે આર્યવચનયોગ નથી. શાસનને ફાયદો કરનાર

સ્પષ્ટ આર્યભાષારૂપ વચનયોગ હોવો જોઈએ. કયા વચનયોગને નમસ્કાર કરવો ? તે માટે સુધર્માસ્વામીએ કહ્યુ કે नमो बंभीए लिवीए આ ચોવીશીની અપેક્ષાએ આર્યભાષા અને લિપિ એ બેએની મર્યાદા ક્યાં નક્કી થઈ ? રિખબદેવજી ભગવાન પહેલાં આર્યભાષાલિપિ નક્કી થયેલી ન હતી.

**પ્રશ્ન** - રિખબદેવજી વખતે આર્યભાષા અને લિપિ નક્કી થઈ છે, તમે લિપિની વાત કરો છો કે ભાષાની વાત કરો છો શું ભાષા અને લિપિ એક છે ?

**ઉત્તર** - કાગળ આદિમાં લખીએ તો લિપિ અને બોલીએ તે ભાષા છે. ભાષાને લિપિ ચીજ જુદી છે. આગલા ભવમાં જો આ ભાષા કે લિપિ ન હતે તો તીર્થંકર ક્યાંથી બનતે ? તીર્થંકર ન બની શક્ત અને તીર્થંકર ન થતે તો સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાય, સાધુ શાસન વિગેરે ક્યાંથી થતે ? આ વસ્તુ સમજીશું ત્યારે જરૂર માલમ પડશે કે શાસનની જડ આર્યભાષા અને આર્યલિપિ છે. તેથી ગણધર મહારાજા આર્યલિપિને નમસ્કાર કરે તેમાં કોઈ નવાઈ નથી. વ્યક્તભાષા અને વ્યક્તલિપિ યુગલીઆના વખતમાં નથી 'नमो बंभीए लिवीए ' આ જગો પર બ્રાહ્મી લિપિ એમ બોલીએ છીએ.

**પ્રશ્ન** - ૧- બ્રાહ્મી એ લિપિ કે લિપિ એ બ્રાહ્મી ?, ૨- લિપિ કહેવી કોને ? ૩- લિપિનો નિર્ણય થયા પછી બ્રાહ્મી વિશેષણ લેવું કે કેમ ? લિપિ માત્ર નમસ્કાર કરવા લાયક કેમ નહિં ? સામાન્ય લિપિ તો, જગતમાં જેટલા લેપ થાય તેટલા બધાયે લિપિ તરીકે કહેવાય છે. લિપિંત્તિ-લીંપે લીંપવુ તેનું નામ લિપિ. ખડી દેવાય, રંગ દેવાય, કે છાણ દેવાય તે બધાનું નામ વ્યુત્પત્તિથી લિપિ તરીકે આવી જાય છે. આથી શબ્દની વ્યુત્પત્તિ કરતાં રૂઢિ બળવાન હોવાથી લિપિ શબ્દથી રૂઢ અર્થમા શું લેવું ?

**ઉત્તર** : બ્રાહ્મી એ વિશેષણ અહિં લેવાનું છે, પણ ખડી, રંગ છાણાના લેપડાઓ અહિં નથી લેવાના, કિન્તુ પુસ્તક વિગેરેમાં આવતી

લિપિ અહિં લેવાની છે.

કાગળ અને લુગડું જે અક્ષરવાળુ તેનો સમુદાય તે પુસ્તક, કોઈ સોના-ચાંદીના પતરામાં આલેખેલાં કોતરેલા પણ હોય છે, તે સહુએ અક્ષરાત્મક આલેખેલું આમાં લેવાનું છે. દેવલોકમાં પણ રત્નના પુસ્તકો છે, સૂર્યાભદેવે ભગવાનની પૂજા કરી હતી ત્યારે રત્નના પુસ્તકની પૂજા કરી છે, સ્ફટીકના પાનામાં અરિષ્ટરત્નના અક્ષરો છે. ધોળા આરસના પત્થરમાં પીળા, કાળા, લીલા આરસનું અક્ષરાત્મક જડતર કરીએ છીએ. આ બધું એ લિપિમાં લેવાનું છે, ભીલ, કોળી બોલે તેને લખવામાં લખતા આવડે તે લખે, બોલતાં, લખતાં, વાંચતાં આવડવું જોઈએ. આ ત્રણે જુદાં છે, તમે લિપિ ભાષા એમ કેમ બે કહો છો ? - લિપિ સાંકેતિક છે; જે સાંકેતિક લિપિ હોય તે જ લિપિ પ્રમાણે બોલાય છે, અહીંઆ ના આકારને આ કહેવો, ક ના આકારને 'क' કહેવો, એવી રીતે A. B. C. D. એ વિગેરે લિપિઓ છે, બોલવાનું નક્કી ન થાય ત્યાં લિપિ નક્કી ન કરી શકાય, માટે બન્ને જુદાં દર્શાવ્યા છે.

પન્નવણા સૂત્રની રચના કરનાર પૂ. શ્યામાચાર્ય ઉપર શંકા કોઈને આવતી હશે તો હવે નહીં આવે. શ્યામાચાર્યે આર્યના ભેદો જણાવતા કુલઆર્ય જાતિઆર્ય તેમ જણાવતાં ભાષા આર્યને જણાવતાં અર્ધમાગધી ભાષા બોલે તે ભાષાઆર્ય કહ્યા છે. બ્રાહ્મી લિપિ જ્યાં પ્રવર્તે તે ભાષાઆર્ય, આર્યોના ભેદોમાં ભાષા અને આર્યોનો ભેદ જણાવ્યો છે, પરંતુ લિપિને શો સંબંધ ? શ્યામાચાર્યે શું કહ્યું ? અર્ધમાગધી ભાષા પ્રવર્તે તે બ્રાહ્મીના ૧૮ ભેદો પ્રવર્તે તે ભાષાઆર્ય. આવી રીતે લિપિમાં આર્યભેદ જણાવ્યો છે. લિપિઆર્ય શામાં લેશો ? લિપિભાષા બંનેને એકઠા કરી જ્યાં અર્ધમાગધી ભાષા હોય તે બ્રાહ્મીલિપિ અને ભાષા આર્ય. પંચપ્રરમેષ્ઠિનો ઉપકાર પણ આર્યભાષા અને આર્યલિપિના અંગે જ છે. આર્યભાષા લિપિ ન હોય તો ' પંચપરમેષ્ઠિ ' જગતને કંઈપણ ફાયદો કરી શકે નહીં. આર્યલિપિ ન હોય, આર્યભાષા ન હોય તો

જગતમાં પંચપરમેષ્ઠિ શબ્દાત્મક થઈ શકે નહીં. બોલબાલા આર્યલિપિની અને ભાષાની જ છે. તેને લીધે પંચપરમેષ્ઠિનું જ્ઞાન થઈ શક્યું છે. તેવી રીતે સ્ફટીકના પાના પર અરિષ્ટના અક્ષરો હોય છે, તેની પૂજા દેવતાઓ કરે છે. પુસ્તક રત્નની પૂજા કર્યા બાદ જિનેશ્વરની પૂજા કરે છે.પુસ્તકો વાંચી પોતાના આચાર દેવો સમજે છે. આચારો જાણ્યા પછી જિનેશ્વરની પૂજા કરે છે. દેવતાઓને અવધિજ્ઞાન છતાં આધાર કોની ઉપર ? પુસ્તક રત્ન ઉપર લિપિ હોય, શિલા હોય, પતરાં સોના-ચાંદીના હોય તેના ઉપર અક્ષરવિન્યાસ કહ્યો, પણ લખવું, શબ્દ ન કહ્યો. लिपि: पुस्तकादावक्षर विन्यास: અક્ષર વિન્યાસ કરવો એમ કેમ કહ્યું ?

આપણા પુસ્તકો લખેલાં છે ત્યાં તો પાના વિગેરેમાં અક્ષરનું રહેવું તે અક્ષરનો આકાર જે નિયમિત કર્યો હોય તે લિપિ. કારણ કે વાચ્ય અર્થ, વાચક શબ્દ નક્કી થયા પછી ચાહે આર્યની કે અનાર્યની ભાષા હોય પણ નમસ્કરણીય નથી, અર્થ જણાવનાર અક્ષરો પણ નમસ્કાર કરવા લાયક હોવા જોઈએ. ક્યા અક્ષરો નમસ્કાર કરવા લાયક ? જો કે બ્રાહ્મી લિપિમાં એક સરખા અક્ષરો નથી. ગુજરાતી, મારવાડી, માળવીના અક્ષરો જુદા પડે છે. પણ એ લિપિવિશેષના ભેદો પડે છે. બ્રાહ્મીના ૧૮ ભેદો છે. એ ૧૮ પ્રકારની લિપિને શાસ્ત્રકાર નમસ્કાર કરે છે, તો તો નમો લિપિએ કહેવું હતું ? '' बंभीए लिवीए ''કહી બંભી શબ્દ કેમ કહ્યો ? બ્રાહ્મી લિપિ કેમ કહી ?

**બ્રાહ્મી વિશેષણની સફળતા –**

બીજાઓએ જૈનેતરોએ લિપિની ઉત્પત્તિ માની છે તે બ્રહ્માથી માની છે, અને લિપિનું નામ બ્રાહ્મી કહ્યું છે, કેટલાકની પદ્ધતિ છે કે સારૂં સઘળું યે લેવું અને પોતાના નામે ચઢાવી દેવું. તેઓએ બ્રહ્માની ઉત્પત્તિ વિષ્ણુ પછી માની છે, વિષ્ણુ જળમાં સૂઈ ગયા; વિષ્ણુની નાભીમાંથી પદ્મ નીકળ્યું, કમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા, તો વિષ્ણુ વખતે લિપિ નહીં ને ? બ્રહ્માએ કરેલી લિપિ બ્રાહ્મી હોય તો તમારા હિસાબે તો આખું જગત

બ્રહ્માનું છે. પછી એકલી લિપિમાં બ્રાહ્મી વિશેષણ કેમ લગાડયું ? લિપિને બ્રાહ્મી વિશેષણ લગાડતાં બાકીની વસ્તુઓ બ્રહ્માની કરેલી નહીં રહે, કહો તમે ખરેખર ભાડુતી ઉપાડી લીધું છે.

**" અહિંસા પરમો ધર્મ :, " એ સૂત્ર કોનું ?**

" અહિંસા પરમો ધર્મઃ " આ સૂત્ર વેદનું છે. તેનો વિસ્તાર તો જૈનોએ કર્યો છે છતાં આવું તમે વેદસૂત્ર કહેનારાઓ ચારે વેદો-તમારા બધાએ પુરાણો મેલો. તેમાંથી અહિંસા કેમ પળાય, હિંસા કેમ છોડાય અને તેના સાધનો શું તે તો શોધી કાઢો ! જ્યાં હિંસા-અહિંસાનું નિરૂપણ નથી, તેના સાધનો અને તેનું ફળ પણ જણાવ્યું નથી, અને તેઓ આ અમારા વેદનું સૂત્ર છે કહે છે તેમ તે વાત શી રીતે સાચી મનાય ? જગતમાં લિપિ બ્રહ્માની તો બીજું બધું નહીં ને ? જરા તમે ઉંડા ઉતરો; ક્ષત્રિયોના ઘરોનો વિચાર કરો ક્ષત્રિયોના ઘરોમાં આદમીઓનું કામ માત્ર રક્ષણ કરવું તે હોય છે. લેણદેણનો હિસાબ તો બૈરા રાખે.

જ્યાં રક્ષક તરીકે બહાર પડયો તે નિયમિત એક સ્થાને રહી શકે નહીં, નિયમિત વર્તન પણ કરી શકે નહીં. ઘરનો વ્યવહાર અને આવક-જાવકનો વ્યવહાર ત્યાં સ્ત્રીઓને જ કરવો પડે. વેપારી કોમને એમ લાગે કે બાઈઓ શું સમજે ? ક્ષત્રિયો રક્ષા માટે નિયુક્ત થયેલા હોય-તેનો હિસાબ, વહીવટ સ્ત્રીવર્ગ જ કરે છે, તેથી તેની ગૃહીણી કહેવાય. ઘર સ્ત્રીનું જ છે તેથી ગૃહીણી. " ઘર જેને છે તે ગૃહિણી. "

' गृहमस्यास्तीति-गृहीणी ! गृहे तिष्ठति इति गृहस्थस्थ : ' આદમીનો ધંધો અને ઘર બાયડીનું; આ દૃષ્ટિએ વિચારશો ત્યારે લિપિ અને ભાષાનો અધિકાર કોને મળે ?." ધાડપાડુઓ-લુંટારૂઓ, ચોરોથી બચાવવાનું કામ આદમી કરે ત્યારે ઘરનું કામ કોણ સંભાળે ?....સ્ત્રીજાતિ. આદમી તો કરવાલ સંભાળે કે કલમ સંભાળે ? માટે ભગવાન્ રિખબદેવજીએ લિપિનું વિધ્રાન બ્રાહ્મીને આપ્યું. અક્ષરની ગોઠવણ અને ભાષાની ગોઠવણ પોતાની પુત્રી બ્રાહ્મીને દેખાડી, અને બ્રાહ્મીએ જગતમાં ચલાવી. માટે એ લિપિ અને ભાષાનું નામ બ્રાહ્મી કહેવાય છે.

તમો કહો છો કે બીજાઓ-બીજાઓનું લઈ બેઠાં છે, પણ તમો જ બીજોનું લઈ બેઠા હશો તો ? બીજાઓને તો બ્રહ્મા આખા જગતના બનાવનાર છે આથી તે લિપિ આખા જગતામાં એકસરખી જોઈએ ને ? આર્ય-અનાર્ય-જાનવર બધામાં પણ એ ભાષા હોવી જોઈએ તે તો નથી. બ્રહ્માએ આ લિપિ ઉત્પન્ન કર્યાનું યુક્તિએ યુક્ત કરતું નથી બ્રાહ્મી લિપિ આર્યક્ષેત્રમાંજ હોવાથી બ્રાહ્મી લિપિ આર્યક્ષેત્રમાહ પ્રવર્ત્તેલી છે. જ્યાં એ લિપિ પ્રવર્ત્તેલી છે તે આર્યક્ષેત્ર છે. જ્યાં એ લિપિ ન પ્રવર્ત્તે તે અનાર્યક્ષેત્ર. તમે લઈ બેઠા હશો તો ? નિર્યુક્તિકાર મહારાજે જણાવ્યું છેઃ-

**જમણા હાથે લખવું કેમ ?**

લખવું કોને કહેવું ? 'લિપિ ' પુસ્તકમાં અક્ષરોને આરોહણ કરવું; તેનું નામ લિપિ, તેને બ્રાહ્મીથી કે બ્રહ્માથી ભલે કોઈ કહે, પણ લખવું તે લિપિ કહે તેમાં અડચણ નથી. રૂષભદેવતીર્થંકર મહારાજે '' लेहं लिवीविहाणं जिणेण बंभीइ दाहिण करेणं'' इत्यतो ब्राह्मीति स्वरुपविशेषणं लिपेरिति।। બ્રાહ્મી નામની પોતાની પુત્રીને જમણા હાથે આપી, માટે લખવાનું મુખ્ય કાર્ય જમણા હાથે જ થાય છે. જમણા હાથે લખનારને કોઈ જમોડીયો નથી કહેતા પણ ડાબે હાથે લખનારને ડાબોડીયો કહે છે, તે ડાબે હાથે લખનારો મુખ્ય તે વિધાનની બહાર હોવાથી ડાબોડીયો કહેવાય છે. જમણા હાથે બ્રાહ્મી-લિપિ શીખવી તેથી બ્રાહ્મી લિપિ બની.

**બ્રાહ્મી એ સ્વરૂપ વિશેષણ છે.**

ભગવાન ગણધર મહારાજા તેથી બ્રાહ્મી લિપિને નમસ્કાર કરે છે. ગણધર મહારાજ પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાથી -તૃપ્ત ન થયા તેથી જ્યારે શ્રુતની સ્થાપનાને નમસ્કાર કર્યો, ત્યારે ગણધર મહારાજને સંતોષ થયો. આર્યક્ષેત્રમાં બ્રાહ્મી સિવાય બીજી લિપિ નથી તેથી બ્રાહ્મી સ્વરૂપ વિશેષણ છે. રિખબદેવજીએ પહેલ વહેલી લિપિ પ્રવર્ત્તાવી તે જ બ્રાહ્મી ? સુંદરીએ લિપિ છોડી દીધી તેમ નથી. તેવી ભાષા કે લિપી મૂળમાં હતી જ નહીં, પછી છોડી દેવાની વાત જ ક્યાં છે. વિશેષણો બે પ્રકારનાં

હોય છે. એક સ્વરૂપ વિશેષણ અને બીજુ વ્યવચ્છેદક વિશેષણ, તેમાં બ્રાહ્મી એ સ્વરૂપ વિશેષણ છે પણ વ્યવચ્છેદક વિશેષણ નથી. અર્થાત્ ભેદ પાડનાર વિશેષણ નથી. જેમ બારીકમાં બારીક પરમાણું આમાં બારીક એ વિશેષણ પરમાણુ બે જાતના બતાવવા માટે નથી, પણ બારીક વિશેષણ સ્વરૂપ જણાવનાર છે. પરમાણુને બારીક એ વિશેષણ ભેદ કરવા માટે નથી. તેમ બ્રાહ્મી વિશેષણ લિપિને આપ્યું છે, તે બીજી લિપિને જુદી પાડવા માટે નથી. આર્યક્ષેત્રમાં બીજી લિપિ પ્રવર્ત્તતી નથી. આમ બ્રાહ્મી-લિપિને નમસ્કાર કર્યો.

દુનિયામાં પેંડો આપું, 'બોલ' જે બોલ ' જે જે બોલવાથી પેંડો તો મળ્યો. ક્ષત્રિયોમાં શૂરવીર નાકવાળા હતા તેવાઓ પણ આશાએ દોરવાયેલા મુસલમાનને ઘેર નોકર થયા, નોકરો બનેલા તેઓ કેવા થયા ? આર્યોનું સત્યાનાશ વાળનાર તે ક્ષત્રિઓ થયા. "લોભથી લક્ષણ ખુએ પણ મોઢે કબૂલ કરે કે મેં ભયથી આમ કર્યું. શું કરીએ ટોળું જબરૂં હતું, એમ તે એક હિંદુ હોઈ હાય હોય કરે છે. પણ અંદરની હૃદયની હાયહોય નથી. બીજાઓની શરમથી કબૂલ કરી લે. સહવાસથી જુઠી વાતમાં કોઈ હા કહી દે, કદી ઈમાનદારી છોડી કોઈ જીભથી કબૂલ કરશે પણ મનમાં ખાત્રી થયા વગર, મન તો તેનું કબૂલ નહીં કરે, તેમ શિષ્ય પંચપરમેષ્ઠિ અને બ્રાહ્મીને નમસ્કાર તો કર્યો, પણ હજુ શિષ્યના મનમાં સમાધાન થતું નથી. શાસ્ત્રમાં જગો જગોપર જ્ઞાનના ભેદો કહ્યા છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવળ આમ જ્ઞાનના ભેદો કહ્યા છે. પણ લિપિ સંકેત-મૂકજ્ઞાન એવા ભેદો પાડ્યા છે ? આવા ભેદો તો જણાવ્યા નથી, ને તમે આ, લિપિ તરીકે ઉભું કર્યું આનું સમાધાન તથા જૈનશાસનને લિપિ સાથે કેટલો સંબધં તે વિગેરે પ્રશ્નોત્તરો કેવી રીતે કરશે; તે હવે પછી કહેવાશે.

# દેશના ૩૫
# મંગલ પર વ્યાખ્યાન

વ્યાખ્યાકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં પંચપરમેષ્ઠિને ગણધર ભગવાને નમસ્કાર કર્યો, તેની વ્યાખ્યા કરતા અરિહંતાદિક પાંચ પદોની વ્યાખ્યા કરી ગયા. પાંચે પદની વ્યાખ્યા તો કરી પણ એક વાત એ કે અરિહંતો પોતાના આત્માના ગુણો બીજામાં નાખી શકતા નથી; તેમ આચાર્યાદિ પણ પોતાના ગુણો બીજાનાં આત્મામાં નાખી શકતા નથી. આત્મા ભલે ઉંચા હોય પણ પોતાના ગુણો તેઓ બીજાનાં આત્મામાં નાખી શકતા, કે આપી શકતા નથી, તો પછી નમસ્કાર શા માટે કરવો ? અરિહંત કે સિદ્ધાદિનો આત્મા બીજાના આત્મામાં ગુણ આપી દેતા નથી. બીજી બાજુ તમે પરમઉપકારી કહો છો તો તે શી રીતે ?

તળાવમાં રહેલું પાણી મકાનમાં રહેલાની તરસ દૂર કરે ? ના, પાણી પીવા દ્વારા તરસ દૂર થાય. નળ વાટે આવેલું પાણી ઘરમાં રહેલાની તરસ દૂર કરી શકે ? ના, અરિહંતાદિક જગતનાં આત્મામાં ગુણો ઉત્પન્ન કરી શકે છે તે વચનદ્વારા એ જે બે વક્તા અને શ્રોતાનો આત્મા છે તે બેનો સંબંધ જોડી શકે તેવી ચીજ કઈ ? વાણી વાણીદ્વારાએ સંબંધ જોડાય છે. સિદ્ધ મહારાજનો સંબંધ એમનું સ્વરૂપ નિરૂપણ કરવા દ્વારા એ થાય છે. નિરૂપણ વાણીદ્વારાએ હોય છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે પણ વાણીદ્વારાએ ઉપકાર કરી શકે છે. તેઓ વચનો દ્વારાએ ઉપકારી છે. શાસ્ત્ર અને વચનને કોરણે મૂકે તો

અરિહંત પણ ઉપકાર કરી શકે નહીં. બધું શાસ્ત્ર અને વાણીને લીધે બને છે; વાણી વિના સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ જાણી ન શકીએ. ઉપાધ્યાય મહારાજ પણ શાસ્ત્ર ન હોય તો આપણને મદદ કરનાર ક્યાંથી થાય? પાંચે પરમેષ્ઠિ આરાધવા લાયક ખરા પણ શાસ્ત્ર અને વચનદ્વારાએ જ તેઓ ઉપકારી છે. આ કારણને લઇને ગણધર મહારાજાઓએ પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યા પછી બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો છે, જે બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો તે લિપિ શ્રુતજ્ઞાનનો આધાર છે, શ્રુતજ્ઞાન એ પંચપરમેષ્ઠિના ઉપકારનો આધાર.

**મંગલવાદ**

" ननु अधिकृतशास्त्रस्यैव मङ्गलत्वात् किं मङ्गलेन ? "

शंका :- હવે શિષ્ય શંકા કરે છે કે ખાટલે મોટી ખોટ, કે ચોથો પાયો જ નથી. ચોથો પાયો ન હોય તો ખાટલો શા કામનો ? મંગલાચરણ કર્યું તે જ ખોડ છે. જેમ સોનાને પવિત્ર કરવા પ્રયત્ન કરે તો તે કરનારો સોનાને સમજ્યો નથી. અનાજમાં અને શાકમાં મીઠું નંખાય, પણ મીઠામાં ખારાશ લાવવા માટે મીઠું નાખવાનું ન હોય, તેમ આ શાસ્ત્ર પોતે જ સ્વતંત્ર ગુણવાળું ને મંગળરૂપ છે. 'अहिंसा संजमो तवो' તે શબ્દો મંગળ છે, અહિં શાસ્ત્ર ખુદ જ અહિંસાદિક સ્વરૂપવાળું હોવાથી અહિંસા સંજમ તપ તો સ્વાભાવિક થવાના છે. 'મંગળ એટલે કર્મની નિર્જરા' તે ગણતરીએ ગણો તો શાસ્ત્ર પોતે જ કર્મની નિર્જરાનું કારણ છે, તમો પોતે જ - 'नमो नाणस्स, नमो सुयस्स' પદોને આરાધ્ય ગણો છો, હવે જે વસ્તુ આરાધ્ય હોય તે વસ્તુ મંગળરૂપ હોવી જ જોઈએ! જેમ અરિહંતમહારાજ આરાધવા લાયક છે, તેથી નમસ્કાર કર્યો, અને તેનું મંગળપણું પણ ગણ્યું છે.

ખુદ ભગવતીસૂત્ર પોતે મંગલરૂપ છે કે નહીં ? છે. તો પછી તેની વચમાં બીજા મંગળની જરૂર નથી, મંગળ કરવાથી સોનાને

સોનાનાં છાંટણાં છાંટ્યા શું ન ગણાય ! આંબાને કંઇ તોરણ બાંધવાનું ન હોય. દરિયાને ભેટમાં મીઠું ન દેવાય. તેમ ભગવતી સૂત્ર ખુદ જ જ્યારે મંગલરૂપ છે ત્યારે મંગલરૂપમાં વળી મંગલાચરણ કરવાની જરૂર શી ! આ ચાલતું ભગવતીસૂત્ર પોતે મંગળ છે કે નહીં ? તમે નહીં કહી શકો કે મંગળ નથી. મંગળ કહેવું જ પડશે ! જેમ કેટલાક પ્રશ્નો એવા છે કે જેના ઉત્તર આપણા હાથમાં હોય છે, કોઇને આપણે પૂછીએ, કે - " તું શાહુકાર કે દેવાળીયો ?" તુરત શાહુકારનો જવાબ મળવાનો. તેમ શાસ્ત્રકારને મેં પ્રશ્ન કર્યો છે કે - 'ભગવતીસૂત્ર મંગળ માનો છો કે અમંગલ ?' સૂત્ર પોતે જ મંગળરૂપ છે તે જવાબ સીધો જ મળવાનો છે. જો મંગલ છે; તો પછી મંગલનો આડંબર શા માટે કરો છો ? ચાલું સૂત્ર ભગવતીજી એ જ પોતે મંગલરૂપ છે તેમ હોવાથી બીજા મંગલનું અહિં શું કામ છે ? કાવડમાં ઘડો ઉચકવાની તાકાત ક્યારે ? બીજી કાવડમા ઘડો હોય ત્યારે કાવડની તાકાત છે. જેમ કાવડમાં ઘડો ઉચકવાની તાકાત બીજા ઘડાને આધારે છે. કાવડના લાકડામાં ઘડો એકલો હોય તો તાકાત નથી, તેમ ભગવતીસૂત્ર મંગળ છે પણ બીજું મંગળ હોય તો મંગળનું કાર્ય કરે; એમ તમે કહો તો - પંચપરમેષ્ઠિ બીજું મંગળ છે એ બીજું મંગળ હોય તો કામ કરશે તેમ બીજું ત્રીજું ચોથું મંગળનું કામ કરશે. આમ અનવસ્થાદોષ આવશે. માટે ભગવતીસૂત્ર મંગળ છે. તેને મંગળ માનીને જ ચાલો, બીજું મંગળ લાવવા જશો તો બીજું તેની પાછળ ત્રીજું, તેની પાછળ ચોથું લાવવું પડશે. એમ પરંપરા ચાલ્યા કરશે માટે કહે છે કે - "अनवस्थादिदोषप्राप्ते: " મંગળનો છેડો નહીં આવે.

જેમ ઘડાને જોવા માટે દીવો કર્યો, પણ દીવાને જોવા માટે બીજો દીવો કરવો પડતો નથી; એક જ દીવો કરવાની જરૂર છે; તેમ ભગવતીસૂત્રને મંગળ બનાવવા માટે એક મંગળની જરૂર છે, બીજાની

જરૂર નથી તેમ કદાચ તમો કહો તો તે દૃષ્ટાંત અહિં ઘટતું નથી, કારણ કે - ભગવતીસૂત્ર પોતે જ માંગલિક છે, માટે ખરી રીતે મંગલ કરવું જ ન જોઇએ, ન્યાયાધીશને અકળાયું નથી પાલવતું. ચાહે જેવો કેદી સાક્ષી વાદી, આવે તો પણ અકળાયા ન પાલવે, શંકાકાર અમંગળ ચલાવે કે મંગળ ન કરવાનું કહે તો પણ શાસ્ત્રકાર અકળાતા નથી.

**મંગળ વસ્તુ છતાં દરેકને મંગલરૂપ કેમ નથી થતું ?**

સમાધાન :- '**सत्यं**' તારૂં કહેવું ઠીક છે, તેમ કહી આવી શંકા કરનારને પણ શાસ્ત્રકાર જવાબ આપે છે - 'હે ભાગ્યશાળી ! મંગલરૂપ ભગવતીજી છે તે પણ કબુલ, અને પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યો તે પણ કબુલ છે. પછી અમે ન કબુલ કયાં કર્યું ? મંગળનો પાર નહીં આવે ને ભગવતીસૂત્ર અમંગળ થઈ જશે તેવું આમાં બનવાનું જ નથી, તે વાત તને સમજાવું છું. ભગવતી સૂત્ર માંગલિક છે; છતાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાની જરૂર છે, આમાં અનવસ્થા નહીં આવે આટલું તને સમજાવવાનું છે, તેમ અહિં અમારે મંગલનો ઢગલો પણ કરવો નહીં પડે. હું તને પૂછું છું કે મંગલવસ્તુ એ મંગળ કરે કે પરિણામ મંગલ કરે ? માંગલિક વસ્તુ હોવા માત્રથી માંગલિક કરે કે મંગલના પરિણામે મંગલ કરે ? તીર્થંકર સરખા સામા મળ્યા, તેમાં ય અપશકુનની બુદ્ધિવાળા પણ જીવો હતા. કેટલાક ચોરો ચોરી કરવા નીકળ્યા, તે ચોરોએ ભગવાનને દીઠા તેમાં અપમંગલ થયાનું ગણ્યું, તેને અરિહંતનું દર્શન અરિહંતનું મંગલ કામ કરશે ખરૂં ? સાક્ષાત્ મહાવીર મહારાજા સામા મળ્યા, કહો ! તેમના જેવું બીજું મંગલ કયું હતું ? છતાં તેમને માટે મંગળ ન થયું. ચોરોને અરિહંતનું દર્શન મંગલ કેમ ન થયું ? કહો ! ચોરોને મંગલપણાની ત્યાં બુદ્ધિ નથી. મંગલપણાની બુદ્ધિ હોય તેને જ મંગલપણાનું કામ કહે. મંગલ વસ્તુ હોય તો પણ મંગલનું કામ ક્યારે થાય ? મંગલપણાની બુદ્ધિ થાય તો, નહીંતર મંગલ છતાં મંગલપણાનું

કામ ન થાય. અરિહંતની હયાતિ હોય ત્યારે આખું જગત મોક્ષ પામી શકવું જોઈએ. પણ આખા જગતે અરિહંતને મંગલપણે ગ્રહણ કર્યા નથી.

'નમો અરિહંતાણં' કેમ બોલો છો - "અરિહંતાણં નમો" બોલો તો વાંધો શું ? પ્રથમ-નમો-નમસ્કાર કેમ બોલ્યા છે - સમાધાન આપવામાં આવ્યું છે કે - અરિહંત આરાધનદ્વારાએ આપણને કલ્યાણ કરનાર છે પણ હયાતિ માત્રથી કલ્યાણ કરનારા નથી. આરાધના એ જ આત્માને જરૂરી છે. '**नमः**' આરાધના છે. અરિહંત એ આરાધ્ય છે. આથી નમઃ પૂર્વપદે છે. અહીં પણ મંગલકારી ચીજ તે નિર્જરા કરનારી ચીજ છે. મંગલ નિર્જરાનું કાર્ય ક્યારે કરે ? જ્યારે મંગલમાં નિર્જરાની પરિણતિ થાય ત્યારે જ ! હવે ભગવતીસૂત્રમાં પંચનમસ્કારને અંગે આ વાત ઘટાડીયે. ભગવતીસૂત્ર મંગલરૂપ છે પરંતુ તેની માંગલિકપણાની બુદ્ધિ કોણ કરશે ? ઈષ્ટદેવતાને, ઈષ્ટપુરુષોને, આરાધ્ય પુરૂષોને પ્રથમ નમસ્કાર કરવામાં આવ્યો હોય તો વાંધો શું ? વધુ સમજુઓ તો ટૂંકામાં સમજે, પણ બાલબુદ્ધિ શિષ્ય ક્યારે સમજે ? "किन्तु शिष्यमति-मङ्गलपरिग्रहार्थे मङ्गलोपादानं" શિષ્યની બુદ્ધિમાં ભગવતીસૂત્રનું મંગલપણું દાખલ કરવા માટે પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવ્યો છે. દુનિયાદારીનો જીવ સમજતો નથી. તમો સમજાવો છો ત્યારે ચાર મંગલનું શરણ લોકોત્તમ છે. તેમ દુનિયાએ માન્યું - "शिष्टसमय-परिपालनाय" શિષ્ટ સમય પ્રતિપાલનાર્થે, અને વિઘ્ન નાશને અંગે મંગલના કાર્ય તરીકે પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાની જરૂર છે. છતાં બધી વાત કોરાણે મૂકીએ, ભગવતીસૂત્રનું જ્ઞાન, વાંચન અને ગ્રહણ મોટું છે. મોટું કાર્ય સિદ્ધ કરવાનું સાધન કયું ? વિઘ્નના નાશ માટે ઈષ્ટદેવતાને નમસ્કાર કરવો કે ઇષ્ટપ્રાપ્તિ માટે ઈષ્ટદેવતાને નમસ્કાર કરવો ? અહિં શિષ્ટ પુરૂષો - આચાર્ય ભગવંતો છે. તેમની પરંપરા

તેમના આચારને પાળવા માટે નમસ્કાર કરવાની જરૂર છે. સર્વ પુરૂષોએ શુભ કાર્યમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવો તે જૈનશાસનનો રિવાજ શિષ્ટાચાર પરંપરા છે. ઉત્તમ કાર્યમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવો જ જોઈએ. ગણધર મહારાજ શિષ્ટના રિવાજોને ઉલ્લંઘન કરનારા નથી. આથી ગણધર મહારાજા એ ભગવતીસૂત્રની શરૂઆતમાં મંગલાચરણરૂપ પંચપરમેષ્ઠિને નમસ્કાર કરે છે.

**અભિધેયાદિ**

પરંપરાએ - "**अभिधेयादयः पुनरस्य सामान्येन व्याख्या प्रज्ञप्तिरिति नाम्नैवोक्ता इति ते पुनर्नोच्यन्ते**" મંગલ અભિધેય પ્રયોજન અને સબંધ ગ્રંથકારો એ શરૂઆતમાં જણાવવા જોઈએ તેમાં તો અહિં ફક્ત મંગળ જણાવ્યું છે. અને અભિધેયાદિ જણાવ્યા નથી. માટે એક સાચવવું તો બધું સાચવવું. લુગડું પહેરવું તો અખંડ પહેરવું, બાકોરાવાળા લુગડાને વચમાં ન પહેરાય, અખંડ પહેરેલું લુગડું હોય તો લુગડું પહેરેલું ગણાય, તેમ પરંપરાએ ચાર વસ્તુ કહેવાય તેમાં એક વસ્તુ કહીને બેઠા અને મંગલ એકલું કહ્યું, પરંતુ અભિધેયાદિ તો કહ્યા નહિ. અમે જણાવેલા છે, જેમ પિતાએ પુત્રને આજ્ઞા કરી કે મારી પાસે બેસીને લેખ લખ "**नतेन लिखितो लेखः**" વિનયવાળા નમ્રતાવાળા એવા તે વિનીત પુત્રે લેખ લખ્યો. ત્રીજાએ સાંભળ્યું કે તેણે લેખ ન લખ્યો, અને પિતાની આજ્ઞા ઉલ્લંઘી. બિચારાને 'नतेन-' નો અર્થ નમ્રપણે અર્થ કરવો જોઈએ તે ન આવડયો અને न-तेन કરી ઉલટો અર્થ કર્યો, તેમ અને અભિધેયાદિ બધું કહી ગયા છીએ. અમે એકલું મંગલ નથી કર્યું. જુઓ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ ઇતિ...જ્યારે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-વિવાહ પન્નતિનો અર્થ કર્યો હતો ત્યાં જીવાદિક અનેક પદાર્થો કહીશું તેમ કહ્યું હતું. માટે વક્તવ્ય અભિધેય ત્યાં નક્કી કરેલું છે, તે વક્તવ્ય તમારી કલ્પનાએ કહેશો કે તેમાં પ્રમાણભૂત કંઇ છે ?

**પ્રજ્ઞપ્તનો અર્થ.**

प्रज्ञप्त :- એનો અર્થ કેવળજ્ઞાનીઓ, ગણધરો, બુદ્ધિશાળીઓ અને ગીતાર્થો પાસેથી મળેલું એવો અર્થ થાય છે. જીવાદિકનું સ્વરૂપ જે કેવળજ્ઞાની આદિ પાસેથી મળેલું છે, તે જ કહેવામાં આવશે. આ બધું કહેવાઇ ગયું છે. તે લેખિત વાત તમારે કબુલ કર્યા વગર છુટકો નથી. અભિધેય - પ્રયોજન સંબંધ એ વાત અમે પૂર્વે કહેલી છે. ''व्याख्याप्रज्ञप्तिरिति नाम्नैवोक्ता इति ते पुनर्नोच्यन्ते'' તેથી ફેર કહેતા નથી. ''तत एव श्रोतृप्रवृत्यादीष्टफलसिद्धः'' શ્રોતાઓને સમજવા માટે, શ્રોતાની પ્રવૃત્તિ થવા માટે અભિધેયાદિ કહેવાના હોય તે તો કહી દીધું છે. અમે તો સમજ્યા નથી. તે જ બતાવીએ છીએ- ''इह भगवतोऽर्थव्याख्या अभिधेयतया उक्ताः'' અત્ર ભગવતી સૂત્ર વિષે અર્થની વ્યાખ્યા બતાવીએ છીએ. અભિધેયપણે કહી ગયા છીએ. વક્તવ્ય નક્કી થયું - ''तासां च'' તેમાં વક્તવ્ય શું છે તે જણાવ્યું છે.

**ભગવતી સૂત્રનું ફળ**

ફળ તો જણાવ્યું નથી. સૂત્ર કહેનાર, સાંભળનાર; જાણનારને ફળ કયું ? સીધું ને પરંપરાએ એમ બે પ્રકારના ફળ છે. જેમ બીજમાં અંકુર થાય તે પ્રથમ ફળ અને અનુક્રમે દાણા થાય તે છેલ્લું ફળ. ભગવતીસૂત્રનું ફળ એ જીવાદિકનું યથાસ્થિત સ્વરૂપ કથન કરવું. તેના સ્વરૂપનો બોધ, જ્ઞાન- ''प्रज्ञापना बोधो वाऽनन्तरफलं'' તે પ્રથમ ફળ. પરંપરાએ જીવાદિકનું સ્વરૂપ જાણીએ, આશ્રવના કારણો છોડીએ. મોક્ષના કારણો આદરીએ તો - ''परम्परफलं तु मोक्ष'' પરંપરાએ દરેક ધર્માનુષ્ઠાનનું ફળ મોક્ષ છે. વૈદની વાત કરે ત્યાંથી એક વાત તો નક્કી જ હોય કે - આરોગ્યના ધ્યેય વગર વૈદ દાક્તરની સલાહ લેવાની ન હોય. મોક્ષ શબ્દની સાથે - 'મોક્ષ' ફળ કહ્યું નથી અને તમો મોક્ષફળ કહો છો તેનું કેમ ? વકીલ બોલે ત્યાંથી ડાહ્યો સમજી જાય કે આંટીઘૂંટી વગરનું

વકીલ ના બોલે. જિનેશ્વરનું વચન કહ્યું તેમાં મોક્ષ સિવાય બીજું ધ્યેય જ ન હોય. "न ह्यात्प साक्षात् पारम्पर्येण वा यन्न मोक्षाङ्गं तत्प्रति-पादयितुमुत्सहते" સર્વજ્ઞનું વચન હોવાથી તેનું ફળ મોક્ષ જ હોય. મંગલ અભિધેય, સંબંધ, ફળ - ચારે વસ્તુ કહી. જેમ વેપારી વાત કરે ત્યાંથી સીધી કે આડકતરી રીતે લાભ વગરની વાત ન કરે. વેપારી વાત કરવામાં સીધી કે આડકતરી રીતે જે ફળ ન મળે તેવી વાતમાં પડે જ નહિ. સર્વજ્ઞો સીધી કે આડકતરી રીતે જે મોક્ષના સાધનો ન હોય તેવી વાત ન કરે, તેમાં કેટલાક સીધા મોક્ષના કારણો હોય, કેટલાક પરંપરાએ પણ મોક્ષના કારણો હોય. ૧૪મા સિવાય મોક્ષનું કારણ નથી. સીધું, મોક્ષનું કારણ ૧૪મું ગુણઠાણું છે. બાકીના ૧-૪-૫-૬ યાવત્ ૧૩મું ગુણસ્થાનક છે, તેમાં એકે સીધું મોક્ષનું કારણ નથી. પણ પરંપરાએ તેરે ગુણઠાણાં મોક્ષના કારણો છે. ૧૪મું ગુણસ્થાનક આવ્યા વગર મોક્ષે ન જવાય.

**"મિથ્યાત્વી અવસ્થામાં પણ મોક્ષને અનુકૂલ ક્રિયા"**

મિથ્યાત્વ દશામાં જે ધર્મનાં કામ થાય; જિનેશ્વરની પૂજા, સુપાત્ર દાન દીધું હોય, જેમ ધનાજીએ દાન દીધું ત્યારે તેઓ મિથ્યાત્વી હતા. અનાયાસે સાધુને દાન દીધું, સમક્તિનો પંથ આચાર્યે પમાડયો છે. મિથ્યાત્વી અવસ્થામાં તેઓએ સુપાત્રે દાન દીધું હતું તે કેટલું ફળનાર થયું ? માટે પહેલે ગુણઠાણે મોક્ષને અનુકૂળ ક્રિયા કહી છે. જૈનશાસ્ત્રમાં જણાવેલી ક્રિયા પ્રથમ ગુણસ્થાનકે કરવામાં આવે તો પરંપરાએ મોક્ષ કરનારે થાય. માર્ગાનુસારીપણું પહેલે ગુણઠાણે પણ છે. તીર્થંકરો જે આચારો-પ્રવૃત્તિ કરવાનું કહે તે સાક્ષાત પરંપરાએ મોક્ષના કારણ વગર કહે જ નહીં. જિનેશ્વરે કહેલા જીવાદિક પદાર્થોને કહેવાનું કહે છે. નિરૂપણ કરે તેમાં સાક્ષાત કે પરંપરાએ મોક્ષનું કારણ હોય તેનું જ તેઓ નિરૂપણ કરે. સંસારવૃદ્ધિના કારણવાળું નિરૂપણ

જિનેશ્વર કરે નહીં. ભરોસાદાર કોને ગણ્યા? જેનું વચન સંસાર, વિષયકષાય આરંભ પરિગ્રહને વધારનારૂં ન હોય તેને ભરોસાદાર ગણ્યા. ''अयमेव सम्बन्धो'' એ પ્રમાણિકતાનો સંબંધ સર્વજ્ઞે કહ્યો છે. ગણધરોએ નિરૂપણ કર્યું છે.


**ઈતરોએ પણ કામશાસ્ત્ર ધનુર્વેદ વિગેરે સુખ માટે કહ્યા છે.**

ઈતરો કહે છે કે - અમે સુખ માટે કામશાસ્ત્ર કર્યું છે. ધનુર્વેદવાળા માટે ધનુષ્યવિદ્યા શાસ્ત્ર તે પણ અમે સુખના માટે કર્યું છે. કોઈપણ ધર્મવાળાઓ અમારું શાસ્ત્ર દુઃખ માટે છે તેમ જણાવવા તૈયાર નથી. સહુ પોતાના ગ્રંથોનું ફળ સુખ માટે જણાવે છે. પણ તેનું પરિણામ શું? સુખમાં આવે છે કે દુઃખમાં? દુઃખમાં-દુઃખમાં આવવાનું કારણ? તેઓ રાગદ્વેષયુક્ત છે. રાગદ્વેષ વગરના થયા હોય તો સાચો માર્ગ કહે. જેમ ન્યાયાધીશ લાંચીઓ કે દ્વેષીલો ન હોય, ડંખીલો ન હોય તો તેની પાસે ન્યાયની આશા રખાય. તેમ શાસ્ત્ર નિરૂપણ કરનાર સર્વજ્ઞ ભગવાનને તપાસવા જોઈએ. તેમાં કોઈનો પક્ષપાત ન હોવો જોઈએ. કોઈ પણ વસ્તુમાં જેને રાગ-પક્ષપાત ન હોય દુનિયામાં જેમ 'શત્રુનો શત્રુ સહેજે મિત્ર' આમ વ્યવહારમાં તો ઉપકાર કર્યો હોય તો મિત્ર બને છે, પરંતુ 'શત્રુનો શત્રુ હોય તો ઉપકાર ન કર્યો હોય તો પણ પગ-ઠામ આપે.' જેઓ લાંચ લાલચવાળા ન હોય પણ શત્રુના શત્રુ હોય તો તે મિત્ર બને, તેમ અહિં વીતરાગોને અંગે લેવાનું નથી. તેઓને કોઈ પણ પદાર્થને અંગે પ્રીતિ કે ડંખ નથી. તેથી જ તેઓ વીતરાગ છે. તેઓને જડ કે ચેતન કે કોઇ પણ પદાર્થને અંગે પ્રીતિ કે અપ્રીતિ નથી. દ્વીપદ, ચતુષ્પદ, અપદ, સ્થાવર કે જંગમ, ત્રસ અથવા થાવરને અંગે તેમને ડંખીલાપણું નથી, તેમ પક્ષપાત પણ નથી. આથી તેમનું નામ વીતરાગ છે. જડ પદાર્થને કોનો પક્ષ કે ડંખ છે? કોઇનો નથી તો પછી જડ પદાર્થ વીતરાગ ખરો ને?

એકલો પક્ષપાતી કે ડંખીલો ન હોય તેટલા માત્રથી ગામડાનો ગમાર કંઇ ન્યાયાધીશની ખુરશીએ બેસી શકે નહીં. સર્વજ્ઞને જગતની કોઈપણ ચીજ પોતાના જ્ઞાનની બહાર નથી. ચાહે રૂપી કે અરૂપી હોય, આ ભવની કે પરભવની ચીજ હોય પણ તેમના જ્ઞાનમાં હોય જ. જગતનો સાચો ન્યાય તો વીતરાગ સર્વજ્ઞ જ કરે, સમજ વગરનાના હાથના ચુકાદામાં તો 'સુવરને કોળ વીકરાઇ ગયો છે, કાંતો પાડો ગંઠાઈ ગયો છે.' તેના જેવું છે. વસ્તુનું સ્વરૂપ તેમાં કંઇ ન મળે. જેઓ પક્ષપાત વગરના હોય, ડંખીલા ન હોય પણ ગામડીયા પંડીત જેવો હોય તો તેવા પાસેથી તત્વ ન મળે. માટે વીતરાગને સર્વજ્ઞ વિશેષણ હોય છે. ત્રણે કાળના સર્વ પદાર્થોને જાણનાર હોય તેવા વીતરાગ સર્વજ્ઞ ભગવાને જે કહેલું હોય તે કહેવામાં વીતરાગતા એમાં જ સંપૂર્ણ ભરોસાપાત્રપણું છે. તેથી અનંતર કે પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થવામાં શંકા હોય જ નહીં. વીતરાગ પરમાત્માએ કહેલું આ શાસ્ત્ર હોવાથી તેનું અનંતર અને પંરપર મોક્ષનું પ્રયોજન ફળ મેળવે છે.

શિષ્ય કહે છે કે ભગવતીજીની દિશાનો ઇશારો તો દેખાડો કે આ ભગવતી સૂત્ર કેવી સ્થિતિનું છે? - "तदेवमस्य शास्त्रस्यैकश्रुतस्कन्धरूपस्य सातिरेकाध्ययनशतस्वभावस्य उद्देशकदश सहस्त्री प्रमाणस्य षट् त्रिंशत प्रश्न सहस्त्रपरिमाणस्य अष्टाशीतिसहस्त्राधिकलक्षद्वय २८८००० प्रमाणपदराशेर्मङ्गलादीनि दर्शितानि" કેટલાંક સૂત્રોમાં વિભાગો છે. આચાર્ય કહે છે કે જેને શ્રુતસ્કંધ કહીએ છીએ, તે શ્રુતસ્કંધો ભગવતીજીમાં નથી. એક સરખું જ ચાલવાનું, શિષ્ય કહે, પ્રકરણો તો હશેને ? 'હા!' આ ભગવતી સૂત્રમાં પ્રકરણો જુદા જુદા છે. ૧૦૦ અધ્યયનોનું નામ શતક કહેવાશે. પુષ્પ, મણકો એવી સંજ્ઞા જેમ હોય છે, તેમ અહિં શતક નામથી અંકિત ભાગો છે, તેવા ૧૦૦ શતકો આમાં છે. તેમાં પેટા વિભાગો છે ? હા! શતકમાં પેટા વિભાગ

તરીકે ઉદ્દેશા હોય છે, તેની સંખ્યા દસ હજારની છે.૧ શ્રુતસ્કંધ, ૧૦૦ શતક, દશહજાર ઉદ્દેશા. વિષયો કેટલા છે ? ષટ્ત્રિંશત ૩૬ હજાર પ્રશ્નો છે. પ્રશ્ને પ્રશ્ને વિષયો જુદા હોય છે. અહીં ગૌતમસ્વામી મહાવીર પ્રભુને પ્રશ્નો પૂછશે, તેની સંખ્યા ૩૬ હજાર પ્રશ્નોની છે. આ ભગવતીસૂત્ર સંગ્રામસોનીએ દરેક પ્રશ્ને એક એક સોનામહોરથી પૂજી સાંભળ્યું હતું. પ્રશ્નને આધારે ગ્રંથનું પ્રમાણ નક્કી ન થાય. કોઇ વિષય ૨૫ પાના સુધી ચાલે ને ૨૫ વિષયો પાંચ પાનામાં પણ પુરા થાય. માટે પ્રશ્નો ઉપરથી પ્રમાણ નક્કી ન થાય. માટે જણાવ્યું છે કે- બે લાખ અઠ્યાશી હજાર એટલા ભગવતીજીમાં પદો છે. તેના મંગલાદિક ચાર દેખાડયાં - ''संग्रहीतुमिमां गाथामाह'' હવે પહેલું પ્રકરણ પહેલું શતક, તેમાં કયો અધિકાર આવવાનો છે, અને તે આખા ઉદ્દેશમાં શું કહેવાનું છે તે વાત એક જ ગાથામાં જણાવવાની છે તે ગાથા કઇ વગેરે અગ્રે.



# દેશના ૩૬
# મંગલ આદિ ચારેની જરૂર

अथ प्रथमे शते ग्रन्थान्तरपरिभाषयाऽध्ययने दशोद्देशका भवन्ति, उद्देशकाश्च अध्ययनार्थदेशाभिधायिनोऽध्ययनविभागाः, उद्दिश्यन्ते उपधानविधिना शिष्यास्याचार्येण यथा एतावन्तमध्ययन भागम-धीष्धेत्येवमुद्देशास्त एवोद्देशकाः तांश्च सुखधरणस्मरणादिनिमित्त माद्याभिधेयाभिधानद्वारेण संग्रहीतुमिमां गाथामाह –

ટીકાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજા ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં કહે છે કે – દરેક શાસ્ત્રકારે ગ્રંથને કરતાં પ્રથમ ચાર વસ્તુ નક્કી કરવી જોઈએ. ૧ મંગલ, શ્રોતા અને વક્તા બન્ને એક છત્રછાયા નીચે આવ્યા છે કે કેમ? ૨ અભિધેય. બંને એક વક્તવ્ય અને ૩ પ્રયોજન એક ઉદ્દેશથી શ્રોતા અને વક્તા બન્ને પ્રવર્ત્યા છે કે કેમ?

૪ સંબંધ-ઉદ્દેશની પ્રવૃત્તિનો સંબંધ એક સરખો છે કે કેમ? આ ચાર વસ્તુ દુનિયાદારીને અંગે કે રાજનીતિને અંગે હોય પછી ધર્મને અંગે હોય જ, શાસ્ત્રકારો પણ આ ચાર વસ્તુ નક્કી કરે છે. તેના અનુક્રમે નામો મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધ એ ચારનું તત્વ એ જ કે શ્રોતા અને વક્તાએ બન્નેએ એક ઇષ્ટદેવતા નક્કી કર્યા. અરિહંત આદિની છત્રછાયોમાં આપણે રહેવાનું છે. તેમના વચન પ્રમાણે જ બૉલવાનું છે. અરિહંત આદિના વચનો જીવાદિક નવતત્ત્વના

હોય અને રત્નત્રયી માટેના હોય, માટે આમાંથી કયો વિષય અહિં કહેવો છે તે આ અર્થે વક્તવ્ય નક્કી કરવું જોઈએ, માટે અહિં શું કહેવામાં આવશે ?વક્તવ્ય એટલે અભિધેય કહેવા યોગ્ય પદાર્થ અહિં કયો છે, તે નક્કી થયા પછી આ વક્તવ્યનું ફળ શું ? તે ફળ નક્કી કરવું તેનું નામ પ્રયોજન. કયે રસ્તે ફળ થવાનું ? જેમ ભોજન કરવાથી ભૂખ જાય પણ રોટલા પેટે બાંધવાથી ભૂખ ન જાય. એ તો જઠરમાં જાય ને પચે તો જ ભૂખ ભાંગે. ભૂખ ભાંગવી છે એ ચોક્કસ થયા પછી ભોજન ભૂખ ભાંગનાર આ પદાર્થ છે એ ચોક્કસ કરવું પડે, માટે કઇ રીતિએ ભૂખ ભાંગે ? ખાવા દ્વારાએ જ ભૂખ ભાંગે.

એક વસ્તુ મોક્ષ આપનારી છે એ ચોક્કસ થયું. ચાહના મોક્ષની છે પણ જે પ્રમાણે જોઇએ તે પ્રમાણેનો ઉપયોગ લક્ષ તો તેમાં બરોબર જોઈએ, તે જો ન થાય તો મહેનત નિષ્ફળ જાય. તીર્થંકર ભગવાન મોક્ષ દેનાર મળ્યા ખરાં, પણ તેમની આશાતના કરીએ તો કઈ રીતે મોક્ષ આપે ? એમની આજ્ઞા પ્રમાણે આરાધના કરનારને જરૂર મોક્ષ મળે, રીતિ કારણ મળ્યાં છતાં, કાર્યની ઈચ્છા છતાં, કાર્યસિદ્ધિ ક્યારે થાય ? આ કારણથી શાસ્ત્રની આદિમાં ચાર વસ્તુ નક્કી કરે છે. મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધ એટલે ધારેલ કાર્ય સાધવાની આ બધી રીતિ છે. આ અપેક્ષાએ ગણધર મહારાજાએ મંગળાચરણમાં છત્રછાયા નક્ક કરવાની હતી તે નક્કી કરી દીધી છે.

**પંચપરમેષ્ઠિના શબ્દોની મહત્તા**

**પંચપરમેષ્ઠિને નમસ્કાર** – ચોવીશીઓમાં તીર્થંકરો, ગણધરો, આચાર્યાદિકોનો ફેરફાર થશે, ક્ષેત્રાંતરે, કાળાંતરે એ બધો પલટો થશે. ભરતમાં જે તીર્થંકરો હોય તે ઐરાવતમાં ન હોય. તીર્થંકરોની છત્રછાયા સ્વીકારવાની છે પણ સર્વકાળે, સર્વક્ષેત્રે. છત્રછાયા જૈનશાસનને માનવાની હોય એક પંચ પરમેષ્ઠિની. મોક્ષ માટે એવો કોઈ કાળ કે ક્ષેત્ર નથી, તેમ કોઈ એવો જીવ નથી કે જે પંચપરમેષ્ઠિના આલંબન વગર

મોક્ષ મેળવી લે. અરિહંતની આરાધના વગરનું મોક્ષ પામવા યોગ્ય કયું ક્ષેત્ર? સિદ્ધના ધ્યેય વગરનું કયું ક્ષેત્ર? સંચાલક આચાર્યો વગરનું કયું ક્ષેત્ર? એવું એક પણ ક્ષેત્ર કે કાળ આપણને ન મળે કે જેમાં પંચપરમેષ્ઠિની આરાધ્યતા-માન્યતા ન હોય. વર્તમાનમાં ભગવાન મહાવીરનું શાસન છે. ભૂતકાળમાં પાર્શ્વનાથનું શાસન હતું. યાવત્ ઋષભદેવજીનું શાસન હતું. પણ સ્મરણને અંગે તો નમો વીરસ્સ, નમો પારસ્સ ન રાખ્યું કિન્તુ **નમો અરિહંતાણં** સ્મરણમાં રાખ્યું.

આદ્ય સ્મરણમાં, નિત્ય સ્મરણમાં વ્યક્તિ તીર્થંકરને સ્થાન ન આપ્યું. વ્યક્તિને સ્થાન કેમ ન આપ્યું? ભગવાન્ મહાવીર મહારાજા ઉપકારી તારનાર આધારભૂત છે છતાં સર્વકાળમાં, સર્વક્ષેત્રમાં મહાવીર મહારાજા આલંબન નહીં પણ પંચપરમેષ્ઠિ આલંબન છે. આ વાત ધ્યાનમાં લઈશું ત્યારે એકલું સ્મરણમાં નહીં પણ કાઉસગ્ગમાં પણ પંચપરમેષ્ઠિ લીધા છે, તેનો હેતુ ધ્યાનમાં આવશે. સર્વકાળે, સર્વક્ષેત્રે જે કંઇ પણ છત્રછાયા ધરાવી શકે તો તે મહાવીર મહારાજા નહીં, ઋષભદેવજી નહીં પણ અરિહંતાદિ પદો છે, સર્વકાળે જૈનશાસનનું છત્ર પરમેષ્ઠિ છે. આવી પંચપરમેષ્ઠિની મહત્તા હોવાથી ભગવતીની શરૂઆતમાં પંચપરમેષ્ઠિનું નમસ્કારરૂપ મંગળાચરણ કર્યું.

અરિહંતાદિક પોતાના આત્મદ્વારાએ બીજાના આત્માનો ઉપકાર કરી શકતા નથી, તો શું ઉપકારી નહીં? 'ના,' તેઓ સ્વતંત્ર ઉપકારી નથી પણ વચનદ્વારાએ ઉપકારી છે. અરિહંતો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ જે ઉપકાર કરે છે તે ઉપદેશ દ્વારાએ કરે છે. વચનને નમસ્કાર ન કરતાં શાસ્ત્રલિપિને નમસ્કાર કેમ કર્યો? ભાષામાત્ર ઉપકાર કરનાર થતી નથી. જે શાસ્ત્રને આધીન ભાષા હોય, શાસ્ત્રને અનુસરતી ભાષા હોય તે ભાષા ઉપકાર કરી શકે છે આથી - "नमो बंभीए लिवीए" કહી બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો છે. ભગવતીસૂત્ર સંભળાવવું તેમાં કયા અધિકારો શતકો ઉદ્દેશાઓ અને

પ્રશ્નો પદો છે તે જણાવ્યું.

**શતક શબ્દ શા માટે ?**

પહેલું શતક, આવશ્યાકાદિક સૂત્રમાં શતક શબ્દ નથીઃ અહિં શતક શબ્દ ક્યાંથી આવ્યો ? બીજા ગ્રંથો નામથી પરિચિત છે. આવશ્યક આદિમાં વિભાગો છે. તેમાં એક એક વિભાગને અધ્યયન કહે છે, બીજા ગ્રંથોમાં અધ્યયન, ઉદ્દેશા વિભાગ પાડવામાં આવે છે, તેમ ભગવતીજીમાં શતક તરીકે વિભાગ પાડેલો છે. આચારાંગાદિકમાં અધ્યયન રાખ્યું છે. તેમ અહીં પણ અધ્યયન રાખવું હતું ? શતક એવું જુદુ નામ કેમ રાખ્યું ? આચારાંગાદિમાં પણ શતક શબ્દથી વિભાગ રાખવો હતો. આ બાબતનું સ્પષ્ટ કારણ સૂત્રમાં જણાવતા નથી, ભગવતીજીમાં જેમ શતક તરીકેનો વિભાગ છે તેમ બીજા કોઇપણ સૂત્રમાં નથી. શતક તરીકેનો વિભાગ કેવળ ભગવતી સૂત્રમાં જ છે. તેની મહત્તાને અંગે જેમ સદી શબ્દ દુનિયામાં વપરાય છે; તેમાં ૧૦૦ પુરી સંખ્યા હોવાથી ૧૦૦ સંપૂર્ણ ગણાય. ૯૯ કહીયે તો ૧ ઓછો ગણાય, ત્યારે ૧૦૦ ની સંખ્યાને પૂર્ણ તરીકે ગણી, ૯૯-૯૮-૯૭ કહીએ તો ૧-૨-૩ ઓછા ગણાય છે. લાંબી સંખ્યા છે પણ રૂઢીમાં ૧૦૦ની સંખ્યાને પૂર્ણમાં ગણી, તેમ ભગવતીસૂત્રના અધ્યયનોને વિભાગ તરીકે નહીં ગણતાં સંપૂર્ણ સ્થિતિવાળા તે ભગવતીસૂત્રના વિભાગોને એક એક સંપૂર્ણ સ્થિતિવાળા હોવાથી શતક કહેવાય છે.

આખું શતક એકસરખું હોતું નથી, ૧૦૦ માં દસ દસનો વિભાગ કરીએ તેમ અહીં પણ વિભાગ છે. શતકોમાં ઉદ્દેશાનો વિભાગ રાખ્યો છે, પહેલા શતકમાં દસ ઉદ્દેશ રાખ્યા છે. દેશ શબ્દ કહો તો સમજાય કે શતકનો એક ભાગ છે. છતાં દેશ શબ્દ ન રાખતાં ઉદ્દેશ શબ્દ કેમ રાખ્યો ? જેમ અધ્યયનના થોડા થોડા વિભાગો હોય તેમાં ૧૦૦માં ૧૦-૧૦ના વિભાગો રાખીએ તેમ ઉદ્દેશા એટલે શતકના વિભાગો પાડ્યા છે.

**ત્રણ પ્રકારના નામ હોય.**

ત્રણ પ્રકારના નામો છે. ૧ અર્થ પ્રમાણે ગુણવાળા, ૨ કેટલાક અર્થ હોય ને ગુણ ન હોય, ૩ કેટલાક અર્થ અને ગુણથી શૂન્ય હોય જેમ. ૧ દીપક-દીવાનું નામ દીપક. જેવો દીપક શબ્દનો અર્થ તેવા દીવાના ગુણો તેમાં છે, આવું નામ તે યથાર્થ-સાર્થક-અન્વર્થ નામ હોય છે. ૨ અર્થ નામ હોય ને ગુણ ન હોય, સદાચાર શૂન્ય કોઈ સ્ત્રીનું નામ - સુશીલા છે, ત્યાં નામ છે; પણ સદાચાર શૂન્ય હોવાથી ત્યાં ગુણ નથી. આવું નામ તે ગુણવગરનું નામ હોય છે.૩- તેમ અર્થ પણ નહીં ને ગુણ પણ નહીં. નિર્ગુણી વસ્તુઓના નામ પાડ્યા. अ-आ- અહીં નામ કે ગુણ કંઇ નથી. તે અર્થ ગુણ શૂન્યનામ કહેવાય છે. જેમ ત્રણ પ્રકારના નામો હોય છે, તેમ ઉદ્દેશો એવું નામ - તો પાડ્યું પણ તે ગુણવાળું છે કે ગુણવગરનું છે અથવા શૂન્ય નામ છે ? ઉદ્દેશો એ યથાર્થ ગુણવાળું નામ છે, નામનો અર્થ માલમ પડે ત્યારે જ પદાર્થ એ ગુણવાળો છે તેવી સમજણ પડે, માટે અર્થમાં ગુણ કયા રહે છે તે જાણવા જોઈએ.

**આચાર્યને આધીન ભણતર :-**

''उद्दिश्यन्ते - उपधानविधिना शिष्यस्याचार्येण यथा - एतावन्त मध्ययनमागमधीष्येत्येवमुद्देशास्त एवोद्देशका:'' શાસ્ત્રકારોએ જેને અંગે હુકમ કરાય, અર્થાત્ હુકમથી મળવાવાળી ચીજ તે કઈ? શાસ્ત્ર ભણવાનો એક એક ઉદ્દેશે નિયમિત હુકમ મળે છે, આચાર્ય હુકમ કરે ત્યારે જ શાસ્ત્ર વંચાય, ઉદ્દેશે ઉદ્દેશે, ઉદ્દેશ-સમુદ્દેશને અનુજ્ઞા વિધિઓ કરવી પડે છે. ઉદ્દેશાદિ આચાર્યના હુકમને આધીન છે. આચાર્ય ભણવાનો હુકમ ન કરે ત્યાં સુધી ભણી શકાય નહીં. કોઇ કહેશે કે ભણવું તે તો બુદ્ધિને આધીન છે, તેમાં આચાર્યના હુકમનો શો સંબંધ? આચાર્યના હુકમ વગર કોઈ બુદ્ધિશાળી હોય આથી કદાચ જાણી જાય તો પણ શાસનમાં તે કામનો નથી. યોગ્ય વિધાનથી આચાર્યે હુકમ ન

કર્યો હોય ને બુદ્ધિથી જાણી જાય, તો કામ ન લાગે. શાસનની મર્યાદા યોગ છે. યોગ એ કંઇ કલ્પેલી ચીજ નથી. યોગ નહીં માનનારા યોગનું ઉત્થાપન કરનારા છે, તેવાઓ શાસ્ત્રરીતિએ જૈનશાસનમાં સ્થાન ન પામે.

**યોગ વગર ભણેલા વજસ્વામીને કેવા કહ્યા ?**

વજસ્વામીજી તો જન્મતાની સાથે દીક્ષા માટે તૈયાર થયા હતા, જેઓ તેઓનો જન્મ થયો કે તુરત પાડોશણો આવેલી છે. સુનંદાના પતિ ધનગિરિએ દીક્ષા લીધેલી છે. નજીકમાં રહેલા પડોશીઓ સગાવ્હાલાં કરતાં પહેલાં કામ લાગે છે, સગાવ્હાલાંમાં તો સમાચાર પહોંચે ત્યારે આવે, પણ પડોશીઓ તો તુરત આવે છે. આવેલી પાડોશણો અંદરોઅંદર વાતો કરે છે કે એના બાપે દીક્ષા લીધી ન હોત તો કેવો મહોત્સવ કરત? બાઇઓએ તો દીક્ષા વગોવવા માટે શબ્દ ઉચ્ચાર્યો; કારણ કે છતી સંપત્તિએ ઓચ્છવ થતો નથી; એ દીક્ષાનો શબ્દ છોકરાને કાને પડ્યો.વજસ્વામી સાંભળીને વિચારે છે કે - મેં આ દીક્ષા શબ્દ ક્યાં સાંભળ્યો છે, ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. આ જન્મ-જરા-મરણનો છેડો દીક્ષાથી થવાનો છે, માટે મારે દીક્ષા લેવી. તુરતનો જન્મેલો બાળક દીક્ષા લેવા નિર્ણય કરે છે પણ દીક્ષા શી રીતે લેવી? ''बालानाम् रुदनं बलम्'' -બાળકનું બળ રૂદન. વિચારે છે કે મારે બીજું તો બંધન નથી, ફક્ત માતાનું બંધન છે. એવી રીતે કરૂં કે માતાનો પ્રેમ મારા પરથી તુટતો જાય, બચ્ચાઓ માટે માતા માવજત કેટલી કરે છે? 'દવા રોગને કાઢે, પણ દાનત ન કાઢે, પોતે દવા લે તો જાય ને રોતા જાય પણ રડવાનું છોડે નહીં. આ છોકરો ખાવા, પીવા કે ઉંઘવા દેતો નથી, ખરેખર આ તો મારો વેરી છે; મને મારવા જન્મ્યો છે. છોકરો જન્મ્યો ત્યારથી મને એકે બાબતની શાંતિ નથી, ૨૪ કલાક છોકરો રૂવે પછી રસ્તો કયો ? ભાગ્યશાલીઓ ! ઉંઘનું દુઃખ સહન થવું મુશ્કેલ છે, રોજના ઉજાગરા, હવે શું કરવું ? આમ છ મહિના ગયા.

વિહાર કરતાં કરતાં ધનગિરિ સાધુ આવ્યા, બાળકની માતા વિચાર કરે છે કે મેં જણ્યો ને પાળે એ. ધનગિરિ ઘેર વહોરવા આવ્યા, છોકરાની માતાએ સીધું કહ્યું કે લો! આ તમારો છોકરો, પાછળથી - મારો છોકરો લાવો તેમ કદી નહીં કહું. ધનગિરિ કહે અબી બોલીશ ને અબી ફોક તું કરીશ, સુનંદા પાંચ પડોશીને સાક્ષીમાં બોલાવી કહે છે કે આ આપું છું. છોકરો પાછો માંગવો નહીં ને હવે મારો તેના પર હક્ક નહીં. તમારા બધાની સાક્ષી, ધનગિરિએ ઝોળીમાં લીધો એટલે તે બાળકે રોવું બંધ કર્યું. છ મહિનાના છોકરાને સાધુ શું કરે? સાધ્વીઓના ઉપાશ્રયે ઘોડિયું બંધાવ્યું. જે જે શ્રાવિકા બાઇઓ ત્યાં આવે તેમાં જે કોઇ બાળકવાળી હોય તે આ બાળકને ધવડાવી, નવડાવી જાય. છ મહિના સુધી આમ ઘોડિયામાં રહે છે અને શય્યાતરોથી પોષાય છે.

**જૈનશાસનમાં આચાર્યના આપ્યા વિનાનું ભણનારો ચોર છે.**

સાધ્વીઓ ગોખે છે, સાધ્વીઓ ગોખે તેમાંથી ફળ ઘોડિયાનો છોકરો લે છે. ૧૧ અંગ આ છોકરાએ મોઢે ઘોડિયામાં જ તૈયાર કર્યા. જ્યારે ઉંમરલાયક થયો ત્યારે સાધુએ દીક્ષા આપીને સાથે રાખ્યો છે. એક વખત વજસ્વામી બાળક એવા પોતે છાનામાના આચાર્ય થઈને બેઠા, અને શિષ્યોની જગાએ વિંટીઆ ગોઠવ્યા. વિંટીઆ પ્રત્યે કહેવા લાગ્યા કે અમુક સૂત્ર તું બોલ? કહે અને પોતે બોલે. આચાર્ય ટાઇમ થયો એટલે બહારથી આવ્યા અને શબ્દ સાંભળ્યા. ઠેઠ બારણા નજીક આવ્યા ત્યારે આ બાળક સાધુનો સ્વર સાંભળ્યો. દાદર નજીક આવી સાંભળ્યું ત્યારે આચારાંગાદિક સૂત્રોના પાઠો સાંભળ્યા, અગીઆર અંગ ભણેલા પણ ગંભીરતા કેટલી? સ્થવિરો ગોખાવે છે તેમ બાલમુનિ ઇરિયાવહી હજુ ગોખે છે, જાણે છે તો બધું, કહો કેટલી ગંભીરતા! આચાર્ય મહારાજ બે દહાડા રહી ફલાણા ગામે મારે કારણસર જવું છે, જોગવાળા સાધુઓ આચાર્ય મહારાજને કહે આપ તો પધારો પછી અમો કોની પાસે ભણીએ? અહિં વજ ભણાવશે.

વિચારો! વ્યવહારથી પાટી પર જે લીટા કરે છે તેની પાસે આગમની વાચના લેવાનું આચાર્ય કહે છે, શિષ્યો તહત્તિ કહે છે. વિનયની સ્થિતિ કેવી? આચાર્ય મહારાજમાં પૂર્ણ શ્રદ્ધા. વાચનાનો વખત થયો એટલે સાધુઓએ વજ્ર માટે આસન પાથરી પધારો!! તેમ કહ્યું. વજ્રસ્વામીએ વાંચના આપી. આચાર્ય પાસે ૧૫ દહાડે જે વાચનાનો છેડો આવતો નહીં, તે એક જ દહાડામાં સાધુઓ ભણી ગયા. આચાર્ય પાછા આવ્યા ત્યારે સાધુઓને પૂછ્યું કે વાંચના કેમ થાય છે? સાધુઓ કહે બહુ સારી. સાધુઓ કહે હવે એમને આપ હુકમ કરો કે અમને વાંચના હંમેશ આપે. આચાર્ય મહારાજ ફરમાવે છે કે 'એ કર્ણચોર છે.' વજ્રસ્વામી ૧૧ અંગ-ભણેલા હોવા છતાં આચાર્ય મહારાજ તેમને કર્ણચોર કહે છે. ચોર છે માટે વાંચના દેવાનો એનો અધિકાર નથી, કારણ યોગાદિ વિધિ વગર માત્ર સાંભળીને સૂત્રો કરેલા છે, આચાર્યના હુકમ વગર ઉદ્દેશાદિક વગર અગીઆરે અંગ કંઠસ્થ કર્યા છે.

જ્યારે આવું હતું તો અમોને વાંચના આપવાની અને લેવાની આટલી છૂટ શા માટે આપી? જ્ઞાનીની આશાતના ન થાય તે જણાવવા માટે વચમાં બે દિવસ વાંચના તમને અપાવી છે. અહીં ઘણો લાંબો વજ્રસ્વામીનો અધિકાર છે પણ તેની આપણે અત્યારે જરૂર નથી. આટલા હોંશિયાર છે કે જે આચાર્ય કરતાં પણ સાધુને જલ્દી તૈયાર કરે છે. તેવા માટે પણ આચાર્યે કહી દીધું કે આપ્યા વગર સૂત્ર લીધેલું હોવાથી ચોર છે. દુનિયાદારીમાં આપ્યા વગર લેનારને ચોર કહેવાય છે, તો જૈનશાસનમાં આચાર્યના હુકમ વગર લેનાર ચોર ઠરે તેમાં નવાઇ શું?

ઉદ્દેશક શબ્દના બદલે દેશ શબ્દ ન રાખ્યો અને ઉદ્દેશક શબ્દ રાખ્યો તેનું કારણ? વિભાગ માત્ર અર્થ નથી રાખવો. આટલો અંશ પણ આચાર્યના હુકમ વગર લેવાય કે દેવાય નહીં. એક ભાગ હિસ્સો તે પણ આચાર્યના હુકમ વગર લેવાદેવાનો નહીં, તેથી વજ્રસ્વામીને

ઉત્સારકલ્પની ટૂંકી વિધિથી તૈયાર કરવા પડ્યા, વિધિપૂર્વક તૈયાર થયા ત્યારે જ વાંચના દેવા લેવા લાયક બન્યા, તો બીજાની શી વાત? વિભાગ-અવયવ-દેશશબ્દ અહીં નથી રાખ્યો, પણ ઉદ્દેશ શબ્દ રાખ્યો છે. કારણ કે આચાર્યદ્વારાએ જેનો ઉદ્દેશ કરાય, જેનો હુકમ દેવાય તે ઉદ્દેશ, તમારે જ્ઞાન માટે હુકમ લેવો પડે, ગૃહસ્થને તો વાડી-બંગલા માટે ચીઠ્ઠી લેવી પડે, તમારે પણ ભણવા માટે ચીઠ્ઠીઓ લેવી પડે. અહીં આચાર્યો હુકમની ચીઠ્ઠીઓ આપે કરે તે શાના અંગે? યોગની વિધિ ઉપધાનની વિધિ, તે કરવાથી હુકમ મળે. અહીં પૈસાદ્વારા હુકમ મળતો નથી, પણ યોગ કરે તો જ વાંચવાની રજા મળે. જેને ઉદ્દેશાનો હુકમ મેળવવો હોય તેણે તે તે ઉદ્દેશાના ઉપધાન-જોગ વહન કરવા જોઈએ. શિષ્યને હુકમ કરે. જેઓને શિષ્યપણું કરવું નથી અને સ્વચ્છંદ રહેવું છે તેને ઉદ્દેશાના વિધિનો હક્ક નથી. ઉપધાન વિધિએ શિષ્ય બન્યો હોય છતાં પોતે જો જોગ કર્યા ન હોય તે ઉદ્દેશાદિ કરાવી ન શકે; પોતે યોગવિધિએ - પરંપરાએ શાસ્ત્રધારણ કરનાર થયો હોય તે ઉદ્દેશાદિ કરાવી શકે. વિધિ તો આચાર્ય કરાવે. આટલો ભાગ શાસ્ત્રનો અધ્યયનનો તું જાણ! એવો જે હુકમ કરે તેનું નામ ઉદ્દેશ. પહેલા શતકમાં દસ ઉદ્દેશા કહેવાના છે. કયા અધિકારો અંદર આવશે તે દસે એક જ ગાથામાં આવી જાય છે. ફીટસૂત્રોથી વ્યાકરણમાં ધારણા કરાય છે તેમ ઉદ્દેશાઓ શતકના ફીટસૂત્રોથી શબ્દદ્વારાએ આખા ઉદ્દેશાનું લક્ષ આવી જાય. જે ફીટસૂત્ર સંગ્રહણી ગાથા રૂપ બનાવ્યું હોય તેથી બધા સૂત્રોનો ખ્યાલ આવી જાય. તેમ અહીં ઉદ્દેશાઓ ફીટસૂત્રોની પેઠે એકલા શબ્દના નહીં. પહેલા જે જે પદાર્થો કહેવામાં આવે તે તે પદાર્થોને અહીં સંગ્રહણી ગાથામાં લે છે. હવે તે ગાથા કઈ તે અગ્રે—

# દેશના ૩૭
# પ્રથમ શતકના દશ ઉદ્દેશાઓનું સંક્ષિપ્ત વર્ણન

रायगिह चलणदुक्खे कंखपओसे य पगइ पुढवीओ ।

जावंते नेरइए बाले गुरुए य चलणाओ. ।। १ ।। भ० पृ० पू

ભગવાન્ સુધર્માસ્વામી ગણધર મહારાજા ભગવતીજીની રચના કરતાં મંગલાચરણ તરીકે પંચપરમેષ્ઠિને નમસ્કાર કરી જણાવી દીધું કે સર્વ કાળે સર્વ ક્ષેત્રે વ્યક્તિ અવસ્થામાં જૈન શાસનમાં પંચપરમેષ્ઠિની છત્રછાયા છે. તીર્થંકરોની છત્રછાયા છે, પણ તે તો તે તે ક્ષેત્રકાળમાં છે. પરંતુ સર્વકાળ ક્ષેત્રમાં કોઇપણ છત્રછાયા તરીકે હક્ક ધરાવી શકે તો માત્ર પંચપરમેષ્ઠિ. પંચપરમેષ્ઠિની આરાધના વગરનું જૈન શાસન કોઈ પણ કાર્યક્ષેત્રમાં હોઈ નહીં. સર્વ ક્ષેત્રકાળે શાસનને અંગે એકસરખું છત્ર હોય તો માત્ર પંચપરમેષ્ઠિ, અન્ય ભવમાં ધર્મની પ્રાપ્તિ કરાવનાર પંચપરમેષ્ઠિ. લંકામાં રાજકુંવરીને નમો અરિહંતાણંથી જાતિસ્મરણ થયું. વ્યંતરને અંગે શ્રાવકે નમો અરિહંતાણં કર્યું, ત્યાં ધર્મ પામ્યો. અર્થાત્ નમો અરિહંતાણં સ્વરૂપોનું પરાવર્તન નથી. અરિહંત પદને અંગે પરાવર્તન નથી. પાંચ પદોને અંગે પરાવૃત્તિ નથી. તેમના ગુણો આચારોની પરાવૃત્તિ નથી. માત્ર ગુણ આચારથી શાશ્વતા હોય તો પંચપરમેષ્ઠિ. તે કારણથી ભગવાન્ સુધર્માસ્વામીએ ભગવતીની શરૂઆતમાં મંગળાચરણ તરીકે પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યો. છતાં હવે તેમનું શાશ્વતાપણું કોના આધારે? અરિહંતાદિકથી ઉપકાર થાય તે બધો ઉપકાર શાસ્ત્રદ્વારાએ છે, તેથી બ્રાહ્મીલિપિને નમસ્કાર કર્યો. ત્યાર પછી ભગવતીની શરૂઆત કરતા પ્રથમ શતક, 'સંપૂર્ણ સંખ્યા

જણાવનાર સંખ્યા તેનું નામ શતક' તેનો ઉદ્દેશ વિભાગ દસોદ્દેશ. - ૧૦ વિભાગ અંશ શબ્દ ન રાખતા ઉદ્દેશ શબ્દ કેમ રાખ્યો તેનો ખુલાસો કરી ગયા. આચાર્ય મહારાજનો હુકમ મળે, વિધિ કરે ત્યારે જ વાંચવાનો અધિકાર મળી શકે. સામાયિક ઉચ્ચરવું તે આત્માનો ગુણ. આત્માને ઉચ્ચરવું તેમાં ઈચ્છકાર જેટલા સૂત્રનો એક પણ ભાગ આચાર્યના આપ્યા વગર લે તો વિધિમાં ન ગણાય. આચાર્ય હુકમ કરે તો જ વ્યાખ્યા કરાય.

**સંગ્રહણી ગાથાનો ઉદ્દેશ શું ?**

જે વખતે આગમો પૂર્વો અરે સર્વ સિદ્ધાન્તો મુખપાઠે હતા, તે વખત માટે વિચારો કે દસ ઉદ્દેશા યાદ રાખવા કેટલા મુશ્કેલ ? સૂત્રો દેવર્ધિગણી પછી રચાયા નથી. પહેલા તો મુખપાઠે આગમો હતા ત્યારે ૧૦૦ ઉદ્દેશા યાદ રાખવા કેટલા મુશ્કેલ પડે ? મુશ્કેલીઓના નિવારણ માટે સંગ્રહણી ગાથા કરી.

**કાળનો સ્વભાવ –**

સંગ્રહણી ગાથામાં પહેલા રાયગિહ કહ્યું. રાજગૃહી ઉદ્દેશો નથી તો પછી શાસ્ત્રકારને રાજગૃહી કેમ લખવું પડ્યું ?, સર્વ વસ્તુમાં કાળ અભ્યંતર કારણ છે. તત્ત્વાર્થમાં વર્તના પરિણામ.... આ બધી વસ્તુ કાળના પ્રભાવે. જીવ અજીવ, રૂપી અરૂપી પદાર્થોમાં વર્તવું બને છે, તેમાં પ્રભાવ કાળનો છે. કાળના પ્રભાવે દરેક પદાર્થોની વર્તના, પર્યાયાન્તર થવું, પરિણામાન્તર થવું, પર્યાયાન્તર એટલે સર્વથા અવસ્થા નહીં, નાશ નહીં તે **પર્યાયાન્તર**. પરિણામાન્તર એટલે - આંગળી સીધી કરી, તેમાં સીધાપણાનો પર્યાય હતો તે વાંકાપણાનો પર્યાય થયો તે **પરિણામાન્તર**. બીજી અવસ્થા પામવી. તે શાના આધારે થાય ? કાળના આધારે થાય. મોટા - નાનાપણું, તે પણ કાળનો સ્વભાવ છે. વર્તના પરિણામ મોટા - નાનાપણું, જુના - નવાપણું ક્રિયા પ્રવૃત્તિ તે પણ કાળને લીધે. વર્તનાદિક કાળથી જ બનવાવાળી છે અભ્યંતર કારણ છે. દરેક વર્તનાદિકના અભ્યંતર કારણ હોય તો કાળ, તે છતાં ક્ષેત્ર કાળનું

પણ અભ્યંતર કારણ છે. મહાવિદેહમાં હંમેશા અવસ્થિત કાળ છે. દેવકુરૂમાં - ઉત્તરકુરૂમાં પહેલા આરા જેવો હંમેશા કાળ છે. ભરત ઐરાવતમાં પરાવર્તન થાય, ઉત્સર્પિણી અવસર્પિણી થાય, છ આરા થાય.

સર્વ કાર્યોનું અભ્યન્તર કારણ કાળ છતાં કાળનું અભ્યન્તર કારણ ક્ષેત્ર છે. આખા ભગવતીસૂત્રનું કારણ રાજગૃહી નગર છે. કારણ કે આખું ભગવતીજી રાજગૃહીમાં બન્યું. ક્ષેત્રને અંગે ફરક પડ્યો. જેટલા રાજગૃહીમાં રહેલા હતા તેટલા બધાને સરખા લાભ કેમ નથી? સિદ્ધગિરિજી બધાને સરખા લાભનું કારણ છે? અહીં ક્ષેત્ર અભ્યન્તર કારણ હોવાથી ક્ષેત્રને મહીમાના સ્થાન રૂપે ગણવામાં આવ્યા છતાં યે બધાને સરખા લાભ કેમ નહીં? આમાં કર્મની પરિણતિ કારણ છે. પોતાના પહેલાંના કર્મોને જે ચલ વિચલ કરે તેને લાભ થાય. સૂર્યનો ઉદય થયા છતાં આંખો ન ખૂલે તેને રાત-દિવસમાં ફરક શો? તેમ જેનો આત્મા પરિણામ સુધારવા માટે અનાદિની પરિણતિ ત્યાગ કરવા ઉલ્લાસવાળો ન થાય તેને ચાહે તેવું ક્ષેત્ર કે કાળ મળે તો પણ લાભ ન થાય. કર્મો અનાદિના પડ્યા છે; કર્મોની સ્થિતિ વધારેમાં વધારે ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે.૩ $\frac{૧}{૨}$ કાળચક્રે કર્મનો છેડો. ૨૦ કોટાકોટી સાગરોપમે ૧ કાળચક્ર ખરૂને? બાંધેલા કર્મો ૩ $\frac{૧}{૨}$ કાળચક્રે તો જાય જ. તો અનાદિની વાત શી રીતે કરો છો? દેવદત્તની ઉંમર ૧૦૦ વર્ષની એટલે મનુષ્ય ૧૦૦ વરસના? દેવદત્ત કહીએ ત્યારે વ્યક્તિ. પરંતુ મનુષ્ય ક્યારનો? મનુષ્યમાં દેવદત્તનો - બાપ - દાદો - પરદાદો બધા આવે છે. મનુષ્યોની પરંપરા આખી આવી. એમ અહીં પણ એક કર્મ લઈએ, તે અપેક્ષાએ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમથી વધારે ન ટકે.

સામાન્ય લઈએ તો જ્યારે જુના ભોગવાય ત્યારે નવા ફેર બંધાય. આમ બંધ-ઉદય ચાલ્યા કરે. હવે અનાદિ વગર કેવી રીતે ચાલે? કર્મના ઉદય વગર બંધ હોય જ નહીં. કર્મના ઉદયવાળો હોય તે જ કર્મ બાંધે. કર્મનો ઉદય ન હોય તે કર્મ ન બાંધે. કર્મના ઉદયવાળો ક્યારે

હોય ? પહેલાં બાંધ્યા હોય તો. બંધાય ને ઉદય આવે, બંધાય ને ઉદય આવે. નિષ્કષાય આત્મા જ્યારે થાય ત્યારે ઉદયમાં આવેલ કર્મ હાય-વોય વિના ભોગવે, સમાધિસહ ભોગવે ત્યારે તે આત્માને નવા કર્મનો બંધ ન થાય, અર્થાત્ તેને કર્મનું અનાદિ સાન્તપણું થાય, પરંપરાથી કર્મ અનાદિનાં છે. સાદિસાન્ત છતાયં રખડવું પડે તેવા, આવી રીતે નવા બંધાતા રહે તેથી તે પરંપરાએ અનાદિના છે, કર્મની પરંપરા તપાસીએ તો જીવને અનાદિથી કર્મો વળગેલાં છે.

તે જ્યારે ચલાયમાન થાય એટલે આત્મપ્રદેશથી ચલ વિચલ થાય ત્યારે જ આત્માને માર્ગે ચડવાનું થાય. કર્મનું ચલવિચલપણું કરવું તદ્નન્તર આત્મપ્રદેશથી અલગ પાડવું તે જૈનશાસનનું ધ્યેય છે. તે વાત મગજમાં લેશો ત્યારે જિનેશ્વરના અનંતગુણો છતાં બધા કોરણે મૂકી અરિહંતને ગુણથી જ નમસ્કાર કર્યો. 'વીતરાગ કેવળી' હોવા છતાં તે ગુણદ્વારા નમસ્કાર ન કર્યો. બીજા અનંતગુણો છતાં મુખ્ય કયો ગુણ આગળ કર્યો ? અરિહંત શબ્દ કહી કર્મશત્રુને હણવાનો જે ગુણ તે ગુણને આગળ મેલ્યો. આથી પંચપરમેષ્ઠિમાં અરિહંત તરીકે પદ ગ્રહણ કર્યું. જીવને ઉદ્યમ કરવાનો નથી. ઘરમાં નિધાન દાટેલું હોય તેને ધન બહારથી લાવવાનું ન હોય, માત્ર માટી કાઢી નાખવાની તેટલું જ કામ. આત્મામાં કેવળ જ્ઞાન દર્શન, વીતરાગપણું અને અનંતવીર્ય - સુખ તૈયાર છે. બહારથી આ લાવવાનું નથી. જેમ દાટેલું નિધાન ભૂલી ગયો હોય, પણ દાટ્યાની ખબર પડ્યા પછી ઉપરની માટી ખસેડવા પુરતી જ વાર લાગે. ભાજી માટે પૈસો જોઈતો હોય તો પારકા મોં સામા જોવું પડે.

**તમારી મિલ્કત કબજે કરો !**

જગતમાં એવું કોઇ જુલ્મી રાજ્ય નથી, કે દેશની ઉત્પત્તિ ઝુંટવી લીધી હોય. કર્મરાજ્યે તો આત્મામાં ઉત્પન્ન થનારી ચીજ ઝડપી લીધી છે. સ્પર્શ, રસ્ર, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત, ઈન્દ્રિયના જ્ઞાનો કેવળના અનંતમાં ભાગે છે, છતાં એટલું પણ કર્મરાજાના દલાલો મદદ કરે ત્યારે જ સ્પર્શાદિકનું જ્ઞાન થાય. રિસીવરની સંમતિ વગર માલિક હોવા છતાં

તેની વ્યવસ્થા ન કરી શકે. આપણી ચીજ માલિકીની છતાં રિસીવર નીમાયા પછી માલિકનું ચલણ ન ચાલે. સ્પર્શરસનાદિક ઇંદ્રિયનું જ્ઞાન કર્મરાજા સહી કરે તો થાય. આ આત્મા પોતાની માલિકીની, કબજાની, પોતાની જ વસ્તુને પરાધીન કરી બેઠો છે. આપણા આત્માની મિલકત કર્મને સોંપી દીધી છે. અજ્ઞાન અવસ્થામાં ગુલામીનું ખત લખી આપ્યું છે તે કહે તેમ કરવાનું ચાલવાનું છે. હવે શું થાય? જૈનશાસ્ત્ર કહે છે કે - તમારે બીજાની પરસી ખુશામત ન કરવી. તમારો આત્મા સાવચેત થાય તો વિના ખુશામતે લાગેલા કર્મો આપોઆપ તૂટી જાય, અને તમારી મિલ્કત કબજે થાય.

કર્મો જીતવા પહેલાં ઉદ્દેશામાં કર્મના ચલાયમાન કરવાનો અધિકાર ચાલશે. જેમ દેવામાંથી નીકળવા માટે ભોગોપભોગમાં સાધનો ફના કરવા પડે છે. ભીડમાંથી નીકળવું હોય તો દુઃખ સહન કરવા નીકળવું જોઈએ. તેમ કર્મરાજાથી સ્વતંત્ર થવું હોય તેણે પરિષહ ઉપસર્ગો સહન કરવાં જોઈએ. દરેકના કર્મ ચલાયમાન ક્ષય થાય તેવા દરેક જીવ છે.

**કર્મબન્ધ ક્યાં સુધી?**

દરેક સમયે આઠ કર્મને ન તોડતો હોય તેવો એકે સંસારમાં જીવ નથી. સમયે સમયે આઠેય કર્મને તોડતો જ રહે તો મોક્ષ થઈ જાય ને? નવા ન બાંધે તો જરૂર મોક્ષ થઈ જાય. નવા કોણ ન બાંધે? અયોગી ચૌદમું ગુણઠાણું ન આવે ત્યાં સુધી કર્મબંધ થાય છે, તે પહેલાં બંધ વગરનો કોઇ આત્મા નથી. કેવલિને પણ એક કર્મ જે શાતાવેદનીય છે તેનો બંધ હોય છે.અહીંથી મરી બીજે ઉપજવું તેમાં પણ કર્મબંધ વગરનો જીવ નથી. અભ્યંતરનો ભાગ પણ કર્મબંધ વગરનો નથી.૧૪મું ગુણઠાણું તે મોક્ષે જવા વખતે આવતું ગુણઠાણું છે, તે જ માત્ર બંધ વગરનું છે. કર્મબંધ કોણ કરાવે? कायवाङ्मनः कर्मयोगः। तत्त्वार्थः વિચાર ઉચ્ચાર કે આચારની માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિઓ આ ત્રણ પ્રવૃત્તિઓ કર્મબંધ કરાવનાર છે. ચૌદમાં ગુણઠાણે

આવે ત્યાં બંધ રોકાય, કારણ કે ત્યાં આ ત્રણેની પ્રવૃત્તિઓ નથી. પહેલાના તૂટે ત્યારે મોક્ષ થાય. અર્થાત્ ૧૪મા ગુણઠાણા સિવાય કર્મનો બંધ તેરમા ગુણઠાણા સુધી લાગેલો જ છે. અધિક કર્મ ભોગવે અને થોડા કર્મ બાંધે ત્યારે આ આત્મા ઊંચે ચઢે. અધિક તોડવાનું ક્યારે બને? દરેક જીવે અનાદિથી કર્મો બાંધેલા છે; તેને ઓછા કોણ કરી શકે? જે આત્મા શારીરિક વાચિક માનસિક દુઃખોનો ડર છોડી દે છે. માત્ર આત્મ-ચિંતનમાં જ રહે તે જ સર્વ કર્મ તોડી શકે.

**શરીર દ્વારાએ કર્મ બંધાય છે.**

સર્વ ગતિઓમાં શરીર દ્વારાએ કર્મ બંધાયા છે. સર્વકાળે જે જે કર્મ બાંધ્યા છે તે બધામાં શરીર કારણ છે, માટે શરીર પહેલું લીધું. શરીર ઉપર અંકુશ પહેલો મેલવો જોઈએ. કેટલાક મન વશ કરવું કહે છે. માંદા મરે છે, સનેપાત થાય છે, તે સમયના વિકારો જોયા હશે? શરીરના વિકારના આધારે મન કેટલું તે સમયે ફરે છે? મનના પુદ્ગલો ગ્રહણ કરનાર શરીર ભાષાના પુદ્ગલો ગ્રહણ કરનાર પણ શરીર છે. તે તે વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કર્યા પછી ભાષા અને મનપણે પરિણમે છે. શરીર મન વચનની રમત નથી. એથી જ જુબાન બંધ થાય છે, શું બોલવાનું તે વખતે મન નથી? મન છે પણ શરીરથી રોકાયું. શરીર એ જ મન વચન બંનેનું કરનાર-લેનાર પરિણમાવનાર, બનાવનાર છે, માટે શરીર ઉપર પહેલું ધોરણ રાખ્યું કે દુઃખથી ડરો નહિ.

**સ્વાધીનપણે કર્મ ભોગવો!**

શાણાએ શિક્ષા હાથે ખમવી. બીજો શિક્ષા કરે તે સહન કરવી તે કરતા પોતાની મેળે કર્મો સમજો ને તેની સજા ભોગવી લ્યો. દુઃખ ભોગવાય છે તે ચોક્કસ છે. આથી કર્મો કર્યા છે, તે પણ ચોક્કસ છે. કર્મો બે પ્રકારે ભોગવાય. સ્વાધીનપણે અને પરાધીનપણે. સ્વાધીનપણે નહી ભોગવે તો પરાધીનપણે ભોગવવા પડશે. તપસ્યાદિદ્વારાએ શરીરને દુઃખ સામા ધકેલવું, નહીતર પરમાધામી દ્વારાએ ભોગવવાના તો છે જ.

બીજો ઉદ્દેશો દુ:ખના અધિકારનો ઉદ્દેશો છે. ઉધરસ થઇ છે, જાણીએ છે. તેલ મરચું નથી ખાવું તે વિચારો છો પણ તે ક્યાં સુધી? ભાણા ઉપર ન બેસીએ ત્યાં સુધી. ભાણા ઉપર બેઠા એટલે દાળ ફીકી લાગી ત્યારે થવું હશે તે થશે, એમ વિચારી લાગલો ખાવા મંડી જાય છે. ચાર આંગળની દલાલણે-જીભે બધુ ડહાપણ વિદાય કર્યું, માટે ડહાપણ ચલાયમાન ન થાય તે ધ્યાન રાખવું. શ્રદ્ધાથી ચલિત ન થાય ત્યારે તે દુ:ખ સ્વયં ભોગવે, તે તીવ્ર કર્મક્ષય કરી શકે. કર્મની શ્રદ્ધાવાળાએ કર્મક્ષય માટે દુ:ખો સહન કરવા પડે. આત્મશુદ્ધિ માટે પ્રાયશ્ચિતની જરૂર છે. ઈચ્છાપૂર્વક કર્મ ખપાવવા, તેનું નામ સકામનિર્જરા છે. બાંધેલા કર્મોનો ક્ષય કરવા માટે સહન કરવું જરૂરી છે, તે માટે સહન કરું, તે સકામનિર્જરા છે.

**જિનેશ્વરની સલાહ કોના ગળે ઉતરે ?**

હોશિયાર ખેલાડી મનુષ્ય સલાહ દે, તે સલાહ તેને લાભકારી હોય છતાં કોને ગળે ઉતરે ? જેનું ભવિષ્ય ચળકતું હોય તેને તે સલાહ ગળે ઉતરે. સારાની શીખામણ લાભકારી નીવડે. સાચી શીખામણ ભાગ્યોદય હોય તેના જ મગજમાં ઉતરે. તેમ અહીં પણ જેઓ નજીકમાં કર્મનો ક્ષય કરનાર હોય છે, આત્માને ઉંચે ચડાવનાર છે તેવાઓને જિનેશ્વરની સલાહ મગજમાં ઉતરે છે. જૈનશાસનમાં કેવલિના વચન છતાં કેવલીએ પ્રત્યક્ષ જ્ઞાનથી દેખેલું નિરૂપણ કરેલું, શાસ્ત્રકારે કહ્યું છતાંયે કોણ જાણે કેમ હશે ? ભવિષ્ય ખામીવાળું હોય ત્યારે જ આમ ચું ચું થાય. તેવો કાંક્ષાનો વખત ખસવો જોઈએ.

શક્તિ એટલે જેમ ઢેખાળો કોઇકે માર્યો તેમાં મનુષ્ય હોય તો તે મારનારનો હાથ પકડે, પણ પથ્થર ન પકડે, જ્યારે કૂતરુ તો ઢેફાને પકડે છે, તેમ પુદ્‌ગલો તો કર્મરાજાના પથ્થર ઢેફાં છે, તમે કર્મરાજાના ઢેખાળાને શું પકડો છો ? કર્મ સુખદુ:ખનો મૂળ કર્તા છે. મનુષ્ય સહેજે સમજે કે વાગ્યો ઢેખાળો પણ કોઇકે મારેલો વાગ્યો છે. સમક્તિી જીવ સમજે કે ચાહે જેવા દુ:ખના સંજોગો આવ્યા હોય તો કર્મરાજાએ સજા

આપી છે. કર્મનું દીધેલું સુખદુઃખ છે, તેમાં તેના સાધનોને પકડી શું કરવું ? મારનાર રોકાયો નથી ત્યાં સુધી ઢેખાળાને ચૂર્યાથી બચી જવાના નથી. કર્મ દુઃખ કરનાર છે, તે નષ્ટ ન થાય ત્યાં સુધી દુઃખને નાશ કરવા માટે ભળતા ઉપાયો કરીએ તો ઢેખાળાને ચૂરવા જેવું છે.

**શ્રેણિકની અચલ શ્રદ્ધા.**

શ્રેણિક મહારાજ ક્ષાયિક સમ્યક્ત્વધારી છે. આ બાજુ છોકરાએ ગાદી ઉપરથી ઉઠાડી કેદમાં નાખી ત્રણે કાળ ૧૦૦ ચાબુક મારે છે. ત્રણ અવસ્થાઓ વિચારો. એક રાજા રાજગાદીથી ભ્રષ્ટ થાય કેદમાં પડે ત્રણે કાળ ૧૦૦ ચાબખાં સગા છોકરાના ખાય, તેવી દશામાં કર્મના સિદ્ધાંતથી લગીર પણ ન ડગ્યા. નહીતર પહેલો શ્રાપ મહાવીર ભગવાનને દેતે, કારણકે અભયકુમાર દીક્ષા લે નહીં ને કોણિકનું જોર ચાલે નહિ. કોણિકે બધા ભાઈઓને ફોડી પિતાને કેદમાં નાખ્યાં. અભયકુમાર ગયો મહાવીરપ્રભુ પાસે અને ભગવાને પૂછ્યા વગર દીક્ષા આપી દીધી. જો લગીર શ્રદ્ધાથી ચલિત થયો હતે તો ? અત્યારે કર્મનો વિચાર ન કરે તો ? અભયકુમારની દીક્ષાને ફીટકારત. દીક્ષાનો વિરોધ કરનારાએ આ પ્રસંગમાં વિચારવું જોઇએ કે શ્રેણિકની દશા શી થઇ ? કેવળજ્ઞાની ભગવાન્ છે તેમને ખબર છે, કે અભયની દીક્ષા બાદ શ્રેણિકની આ અવસ્થા થવાની છે. અભયકુમારની માતા નંદાએ દીક્ષા લીધી એટલે ૧૮ સેરો કીમતી હાર હલ્લવિહલ્લને આપ્યો. સિંચાણા હાથીને લીધે વિશાળાનું યુદ્ધ થયું. મહાકંટક રથમુશળ સંગ્રામ કોને લીધે થયા ? અભયે દીક્ષા લીધી એટલે નંદાએ પણ દીક્ષા લીધી. આ દીક્ષાથી આમ બન્યું. આ બધું નિશ્ચિત થવાનું પ્રભુએ દેખ્યું, છતાં દીક્ષામાં વિલંબ ન કર્યો. શ્રેણિકને કર્મની કેટલી શ્રદ્ધા હશે. ? કે આટલી દશા થવા છતાંયે દેવાધિદેવ તરફ લગીર પણ અરૂચિ કરતાં નથી. અન્ય દર્શન માનવાની, લેવાની ઇચ્છા તે પણ નથી. તે કંઇ ઓછું નથી.

કાંક્ષા વિનાનો દુઃખ ભોગવવાવાળો આત્મા કર્મનો ક્ષય કરી શકે. કાંક્ષાવાળો જીવ દુઃખ ભોગવવા છતાં કર્મક્ષય ન કરી શકે. શ્રદ્ધા વગરનો જે દુઃખ ભોગવે એમાં ફળ શું ? શ્રદ્ધા વિનાનો ૧૦૦ વર્ષ

નારકીનો જીવ જે દુઃખ ભોગવી કરમ તોડે છે તે શ્રદ્ધાળુ એક નોકારશીના પંચ્ચક્ખાણથી તોડે છે.

કર્મ છે તે વસ્તુ માની, બંધના કારણો માન્યા; જૈનના ઘરમાં આવ્યો, જૈનનો બાળક જિનનું મંદિર, પર્યુષણ અમારા કહે, ગોકળ આઠમ અમારી નહીં તેમ બોલે. બીજા મંદિર કે ગુરુઓને કે બીજા પર્વોને જૈન બાલક પણ નથી માનતો.

**પાપના પચ્ચક્ખાણ ન કરે તે કર્મ બાંધે.**

અન્યદર્શનીઓ કરે તે ભોગવે તેવું માને છે. જૈનદર્શનનું ઘર કયું ? પાપની વિરતિ ન કરે તે વગર કર્યે ભોગવે, કારણ કે અવિરતિ કર્મબંધનું કારણ છે. પ્રતિજ્ઞા ન કરવી એ કર્મબંધનું કારણ છે. મિથ્યાત્વાદિ પણ કર્મબંધના કારણો છે. અવિરતિ પણ કર્મબંધનું કારણ છે. એકલા યોગો જ કર્મબંધના કારણ નથી, કિંતુ મિથ્યાત્વાદિ પણ કર્મબંધના કારણો છે, જે કોઇ મિથ્યાત્વ અવિરતિ કષાય યોગ કર્મબંધના કારણો છે, તેવી ધારણાવાળો થાય તે દુઃખ ભોગવી કર્મ તોડશે, પણ આવી ધારણાવાળો થાય કે પચ્ચક્ખાણમાં શું વધારે હશે ? રાત્રીએ તો ખાતા નથી. આ શબ્દો જૈનના ઘરના નથી. અજૈનના છે. હું ન ખાઉં છતાં પચ્ચક્ખાણ ન લઉ તો પાપ લાગે આ માન્યતા જૈનના ઘરની છે.

**પ્રશ્ન** :- પચ્ચક્ખાણ ન કરે તો વાંધો શું ?–

**ઉત્તર** :- મહાનુભાવ! અનાદિ નિગોદ વનસ્પતિ માનવાનો વખત ક્યારે ? પચ્ચક્ખાણ ન કરે તો કર્મ બંધાય, તેમ ન માને તો ? એક ઇંદ્રિયમાં નિગોદમાં અત્યાર સુધી શાથી રખડ્યા ? ત્યાં હિંસા, જુઠ, ચોરી, પરિગ્રહ નથી છતાં કેમ રખડ્યાં ? અનાદિથી એકેન્દ્રિયમાં કેમ રખડ્યાં ? કહો ! વિરતિ ન કરી તેથી. વિરતિ વિના કર્મબંધ થાય છે, તેવું માનશો તો જ એકેન્દ્રિયની કાયસ્થિતિ; જીવસ્થિતિ, એકેન્દ્રિનું અનાદિપણું વગેરે માની શકશો, માટે પચ્ચક્ખાણ કરે તો જ પાપથી બચે, લોકો કહે છે કે મહારાજે પચ્ચક્ખાણ આપ્યા, બાંધ્યા પણ સમજો

કે મહારાજે પાપથી છોડાવ્યા કે બાંધ્યા. શ્રદ્ધા થાય તેને થોડા દુઃખમાં ઘણા કર્મોનો નાશ થાય, માટે ત્રીજા ઉદ્દેશામાં એ અધિકાર લેવાશે કે કાંક્ષામાં ન જવું જોઈએ. હવે આમ ત્રીજા ઉદ્દેશામાં જણાવ્યા છતાં જે કર્મ, તેના ભેદો સમજે તેને કાંક્ષાપ્રદેશ છોડવાનો વખત આવે, માટે ૧૫૮ કર્મપ્રકૃતિ જણાવશે. તે ૧૫૮ જણાવી છતાં અમુક કર્મો અમુક જગોપર જ ભોગવાય. ઘાસ, લુંગડું, લાકડું, લોઢું, કેટલી ઘડી ગરમી સહન કરે ? પત્થરનો ચૂરો થવા માટે કેટલી ગરમી જોઇએ.

**લાખોગણું દુ :ખ-સુખ ક્યાં ભોગવાય ?**

જેમ ગરમી સહન કરવામાં જુદા જુદા પદાર્થોમાં જુદી જુદી તાકાત છે, તેમ ઠંડી સહન કરવામાં પણ જુદી જુદી તાકાતો છે. જગતના પદાર્થોમાં જેમ હીમ સહન કરવામાં જુદી જુદી સ્થિતિ-મર્યાદા છે, તેમ જીવના શરીરને દુઃખ, ટાઢ, તડકા, પીડાઓ, છેદ, ભેદ સહન કરવા, તેમાં જુદી જુદી હદ છે. મનુષ્ય અને તિર્યંચના શરીરમાં અગ્નિની સામા પડવાની શક્તિ નથી. વિચારો કે અગ્નિથી જેઓએ બીજાને હેરાન કર્યા, તો શિક્ષા સહન કરવા માટે એવું શરીર બનાવાય, કે તે સહન કરી શકે, તેવું શરીર જેમાં છે તે નારકી. અગ્નિ, ઠંડી હથિયારથી અહીં જીવોને મારી નાખ્યા, દુઃખ આપ્યા, તેની શિક્ષા માટે લાખો ગણી અગ્નિ ટાઢ કે હથિયાર સહન કરવા પડે, વાગવા છતાંયે મરે નહીં અને દુઃખો ફરજીયાત ભોગવાય તે ક્યાં ? નરકમાં. સુખ પણ સહન કરવાની તાકાત જોઇએ. દેવતાઇ રિદ્ધિ મળવા છતાં કાળજુ ન ખસી જાય તે કેવું શરીર હોય ? તથા સાગરોપમ સુધી એક સરખી રિદ્ધિ ભોગવે છતાંયે ડાગળી-મગજ ન ખસે તે દેવતા.

નારકી, દેવત્તા, તિર્યંચ, અને મનુષ્યનું વર્ણન, સિદ્ધની આઠમી પૃથ્વી માનવામાં આવે ત્યારે જ શુદ્ધ માર્ગે ચાલી શકે માટે પૃથ્વીઓ કેટલી, કેવા સુખ-દુઃખો ત્યાં હોય તે અધિકાર પાંચમા શતકમાં જણાવાશે. હવે બીજા પાંચ ઉદ્દેશામાં કયો અધિકાર આપશે તે અગ્રે.

# દેશના ૩૮

## પ્રથમ શતકના બાકીના ઉદ્દેશાનું સંક્ષિપ્ત વર્ણન.

સૂત્રકાર ગણધર મહારાજ ભગવાન સુધર્માસ્વામી શ્રી ભગવતીસૂત્રની રચના કરતાં પહેલા મંગળાચરણમાં છત્રછાયા નક્કી કરી ગયા. જૈનશાસનની સર્વક્ષેત્ર કાળની છત્રછાયા હોય તો માત્ર પંચપરમેષ્ઠિની છે. પંચપરમેષ્ઠિની આરાધના સિવાય બીજું જૈનશાસનમાં હોય નહીં. જૈનશાસન જ્યારથી ઉત્પન્ન થયું અને જ્યાં સુધી પ્રવર્તશે ત્યાં સુધી સર્વકાળ-ક્ષેત્રમાં પંચપરમેષ્ઠિની છાયા નિયમિત રહેવાની છે. જુદા જુદા કાળે ક્ષેત્રે તેને તીર્થંકરની છત્રછાયા હોય તો પંચપરમેષ્ઠિની, તેથી મંગળાચરણ તરીકે પંચપરમેષ્ઠિને શ્રી ભગવતીમાં નમસ્કાર કર્યો છે. પંચપરમેષ્ઠિ પોતાના ગુણો કે જ્ઞાન બીજાના આત્મામાં દાખલ કરતાં નથી. દીધા-લીધા દેવાતા-લેવાતા નથી, તો પછી આરાધના શા માટે ? ગુણોની પ્રાપ્તિ માટે છે. તો તે ગુણો કઈ રીતે પ્રાપ્ત થાય! ગુણો બહારથી લાવવાની ચીજ નથી, તે આપણા પોતાના જ આત્મામાં રહેલા છે.

**જૈનેતરો અને જૈનોમાં માન્યતા ભેદ.**

આત્મામાં ગુણો રહેલા છે તેથી જ્ઞાનગુણ રોકનાર માટે જ્ઞાનાવરણીય, તેમ શુદ્ધ વર્તન વીતરાગપણાને રોકવાવાળું દર્શન મોહનીય છે. મોહનીય આદિ કર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોને રોકનારા માન્યા છે. દીવો ગોખલામાં હોય તો ઢાંકણ, આત્મામાં ગુણ ન હોય તો

આવરણ-ઢાંકણ કોનું? ઢાંકવાની, આચ્છાદન કરવાની, રોકવાની ચીજ ઢાંકણ આદિ શબ્દો જ ઢાંકણ કરવાનું કારણ જણાવે છે. જેમ દીવો છે તો ઢાંકણ, તેમ આત્મામાં જ્ઞાન છે, ગુણ છે તો તેના આવરણ છે. સમ્યક્ત્વ જ્ઞાન ચારિત્ર વીર્ય વગેરે આત્માના ગુણો આત્મામાં રહેલા છે. તેથી તેને રોકનારા આવરણીયરૂપ કર્મો માનેલા છે. આત્મા પોતે સ્વભાવે સર્વગુણે સંપૂર્ણ છે. બીજા દર્શનકારો પોતાના દર્શનો મોક્ષના રસ્તા તરીકે જણાવે છે પણ આત્માને ગુણવાળો માનતા નથી. જૈન દર્શનકારો ગુણો રોકવાવાળા કર્મો માને છે. જૈનો ધ્યેય તરીકે કેવળજ્ઞાન-દર્શન વીતરાગતા રાખે છે. બીજાઓ કેવળજ્ઞાનાદિક ગુણો માને નહીં તો ધ્યેય ક્યાંથી રાખી શકે ?

તેલવાળી ચીજ હોય તેને જ પિલવામાં તેલનું ધ્યેય રખાય. કેવલજ્ઞાન સ્વરૂપે કેવળદર્શન સ્વરૂપે આત્માને જેઓએ માન્યો નથી તેઓ બિચારા ધર્મ આરાધન કરી ધ્યેય કયું રાખે ? જે વસ્તુ આત્મામાં નથી માનતા તે મેળવવાનું ધ્યેય તેઓનું ક્યાંથી હોય ? દરેક આસ્તિકો જીવ માને છે, વૈષ્ણવો, શૈવો, પાશ્ચાત્યો જીવને માને છે, પરંતુ જીવને સમ્યક્ત્વદર્શનવાળો જૈનો જ માને છે. માન્યતામાં રાત-દિવસનો ફરક છે. ઈતરો આ ભવે છેડો નથી માનતા. ભવમાં ભમવાની માન્યતા પુનર્ભવની સિદ્ધિ માટે જીવને માને છે. જૈનો તેમ નથી માનતા. જૈનો કેવળજ્ઞાન સ્વરૂપ, કેવળદર્શન સ્વરૂપની સિદ્ધિ માટે સિદ્ધના જીવનું જે સ્વરૂપ તે જ સૂક્ષ્મ એકેન્દ્રિયનું સ્વરૂપ માને છે. ફરક એટલો જ કે સિદ્ધના ગુણો પ્રગટ થયેલા છે. સૂક્ષ્મ એકેન્દ્રિયના ગુણો અવરાએલા છે. અર્થાત્ દરેક જીવનું સ્વરૂપ એકસરખું છે, દ્રવ્યરૂપે જીવમાં કંઇ ફરક નથી, જીવના બે ભેદો - સંસારી અને મુક્તિના. તે બેનું આત્મસ્વરૂપ એક હોય તો જ બે ભેદો પાડી શકાય. જીવમાં ગુણો રહેલા જ છે. બહારથી ગુણો

લાવવાના નથી. ગુણો લેવા-દેવાની ચીજ નથી. તો ગુણ પ્રાપ્તિ કઇ રીતે ? માત્ર કર્મો ખસેડવા પ્રયત્ન કરે. કર્મો ખસી જાય તો ગુણ પ્રાપ્ત થઇ જાય.

જે વખતે કર્મના આવરણનું જોર થાય ત્યારે જ્ઞાનનું જોર ન ચાલે. આત્માનો ક્ષયોપશમ જોરવાળો થાય ત્યારે કર્મનું જોર ન ચાલે. કારણ કે સ્મરણ આવરણના ક્ષયોપશમને આભારી છે. તેવી જ રીતે આત્મામાં કેવળજ્ઞાન સુધીનું જ્ઞાન તે કર્મના ક્ષયોપશમને આભારી છે.

**જૈનનું ધ્યેય :-**

કર્મોના આવરણ કયા દ્વારા ખસે? ખસેડવાના પરિણામ ધ્યેયવાળા હોવા જોઇએ. ધ્યેય વગરના હોય તો "હીરો ઘોઘે જઈ આવ્યો" તેવું થાય. સંસારી જીવો તમામ દુઃખ સહન કરે છે. તિર્યંચ અને નરકના જીવોને દુઃખ સહનનો પાર નથી. પણ તેઓને કર્મ ખપાવવાનું ધ્યેય નથી. તેવા ધ્યેય વિનાના હોવાથી ઈષ્ટની સિદ્ધિ તે ન કરે. ઈષ્ટ સિદ્ધિ ક્યારે થાય ? કર્મ ખપાવવાનું ધ્યેય હોય ત્યારે. તે ધ્યેય કોણ સમજાવે ? શાસ્ત્ર અરિહંતાદિકના ગુણો શાસ્ત્ર સમજાવે છે. પરિણતિ કેમ સુધારવી ? તે બધું શાસ્ત્ર શીખવે છે. ગુણોની પરાકાષ્ઠા શાસ્ત્ર સમજાવે તે લિપિરૂપે હોય તેથી બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો. નમસ્કાર કરી જણાવ્યું કે છત્રછાયા પંચપરમેષ્ઠિ અને શાસ્ત્રની. પંચપરમેષ્ઠિના ગુણો તેની આરાધવાની રીત આજ વક્તવ્ય, આ સિવાય બીજુ વક્તવ્ય ન હોય, વકીલને ત્યાં કાયદા વગરની વાત ન હોય, તેમ અહિં જૈન શાસનની દુકાને આવો એટલે આજ જાણવાનું મળે કે પંચપરમેષ્ઠિની આરાધના તેથી જ લાભ છે. જૈન શાસનમાં એક જ પ્રયોજન છે તે પ્રયોજન કયું ? આત્માને નિર્મળ કરવો તે જ પ્રયોજન. આત્માને સ્વરૂપમાં લાવવો તેને મોક્ષ કહીએ છીએ. મોક્ષ કંઇ બહારની

ચીજ નથી. આત્માના સ્વસ્વરૂપમાં હંમેશા રહેવું તેનું નામ મોક્ષ. હવે રીતિ કઇ ? સર્વજ્ઞ ભગવાને નિરૂપણ કરેલો માર્ગ તે જ રીતિ આચાર છે તે વાત જાણવી.

પહેલા શતકના દસ ઉદ્દેશા તે જણાવતાં કાલે "પુઢવિઓ" કહી નીચે રત્નપ્રભા વિગેરે સાત અને ઉપર સિદ્ધશિલાની પુઢવી, આમ ૧૪ રાજલોકમાં આઠ જ પૃથ્વીઓ છે. સુખમાં એ લોકની અપેક્ષાએ અધિક ન્યૂનપણું છે. જ્યોતિષ કરતાં સૌધર્મ વધારે સુખી યાવત સર્વાર્થસિદ્ધવાળા વધારે સુખી છે. જેમ સામાન્ય પુણ્ય મધ્યમ અને વિશેષ પુન્યવાળો, જુદી જુદી દશામાં ઉપર ઉપર ઉપજે છે, તેમ સામાન્ય તીવ્ર અને તીવ્રતર પાપવાળો નીચે નીચે નરકમાં ઉપજે છે, માટે ઉપર દેવલોક નીચે નારકી. આ બેની સિદ્ધિ થાય ત્યારે જ ધર્મમાં પ્રવર્તવાનું તથા પાપમાંથી નિવર્તવાનું બને. જગતમાં મૂર્ખ પણ ફળની અપેક્ષા વગર પ્રવૃત્તિ ન કરે. ધાર્મિક જીવો ફળની અપેક્ષાએ જ પ્રવૃત્તિ કરનાર હોય. આથી આર્યશય્યંભવસૂરિજીને અનુક્રમ બાંધવો પડયો.

**માર્ગે ક્યારે અવાય ?**

જ્યારે જીવ અજીવ શી ચીજ તે સમજે ત્યારે જ જીવ પુન્ય, પાપ, બંધ, મોક્ષ જાણવામાં આવે, તેમ અનેક પ્રકારની ગતિઓ જાણવામાં આવે, તે જાણે ત્યારે સંવેગ-વૈરાગ્ય થાય. જરૂર ત્યાગમાં જ તે પરિણમે. અજ્ઞાનથી કરેલા કર્મો નાશ કરનાર થાય, જ્યાં ત્યાં જ્યારે આ જાણે ત્યારે આ થાય. તો સંબંધ જોડવો પડયો, કર્મોના ફળને જાણે ત્યારે અશુભ કર્મોથી પાછો હઠવા તૈયાર થાય, જાતિસ્મરણ થયું કે ધર્મના માર્ગે આવી ગયો, જાતિસ્મરણમાં એક વસ્તુ નક્કી થાય કે કર્મ નિષ્ફળ નથી. સારાં કે ખરાબ કર્મ નિષ્ફળ જતા નથી. ખરાબથી હઠી જાય ને સારામાં પ્રવૃત્તિવાળો થાય, તેટલા માટે નરકની સાતે પૃથ્વીઓનું

નિરુપણ કર્યું છે. તે શા આધારે ?

**નરકની સિદ્ધિ –**

કોઇપણ રાજ્ય ગુના કરતાં શિક્ષા હલકી રાખનાર ન હોય, ૧૦૦ની ચોરી કરનારને ૫નો દંડ રાખે તો ચોરી બંધ ન થાય, ગુના અટકે નહીં. આમ ગુના કરતાં સજા વધારે હોય તે કુદરતનો પણ કાયદો છે. કર્મની કોર્ટમાંથી ચાલાકી કરી છુટી શકાય નહીં. દુનિયાની કોર્ટમાંથી કદાપી છૂટી પણ જવાય, વધારેમાં વધારે પાપી જીવનું જીવન ક્રોડપૂર્વનું. ધર્મનું જીવન પણ ક્રોડપૂર્વનું. આવા આયુવાળો પાપ કરે તેણે ક્રોડપૂર્વ સુધી કરેલું પાપ લાગલગાટ ભોગવવું ક્યાં ? ક્રોડપૂર્વના આયુષ્યવાળો કસાઈ જન્મ્યો તે મરે ત્યાં સુધી જીવોનો ઘાત કરે. આ ઘાતો-છેદોના સેંકડો ગુનાની શિક્ષા તેને ક્યાં ભોગવવાની? કરોડો કરોડો પૂર્વની જીંદગી હોય, જેમાં હંમેશાં કપાય તો પણ મરે નહીં, પાપની અપેક્ષાએ લાંબી જીંદગી, બાળવાની અપેક્ષાએ માછલાંને રાંધ્યા શેક્યા જ જાય, તેને બીજે ભવે અગ્નિમાં શેકાવું પડે, તેવું અનુમાનથી કોઈપણ સ્થાન હોવું જોઈએ.

**ત્રણ જ્ઞાન સુધી પાપનું સ્થાન છે ?**

મનઃપર્યવજ્ઞાન, ત્યાગી સંયતને અપ્રમાદિને હોય છે. સંસારી અવિરતિવાળાને - પ્રમાદી - ભોગીને - મનઃપર્યવજ્ઞાન થાય નહીં. કેવળ વીતરાગદશા સિવાય અપ્રમાદ સિવાય મનઃપર્યવજ્ઞાન ન થાય. ત્રણ જ્ઞાનથી આગળ પાપનું સ્થાન નથી. તીવ્ર પાપ ભોગવતી વખત ત્રણ જ્ઞાન અથવા અજ્ઞાન હોવા જોઇએ. જેમ ફાંસીએ લીધેલાને મૂર્ચ્છા આવે તો ફાંસી નહીં દેવાય, કારણ કે સજા સાવચેતીમાં ભોગવાવી જોઇએ. તેમ ત્રણ જ્ઞાન અથવા ત્રણ અજ્ઞાનમાં ગુનાનો ભોગવટો થાય, બે અજ્ઞાનવાળો હોય તે તીવ્ર પરિણામમાં જાય ત્યારે ગુનો કરે, આવા

જીવો કરેલા ગુનાની સજા ભોગવવા ક્રોડાક્રોડ ગણા વખત કપાય, છેદાય, બળાય તો પણ મરે નહીં, તેવું સ્થાન નારકી. જે જીવો કરોડો પૂર્વો સુધી કપાય બળાય તો પણ મરે નહીં. આ નારકના જીવો અનુમાનદ્વારાએ સિદ્ધ થાય. દેવલોકની સિદ્ધિ પ્રત્યક્ષ છે. તિર્ચ્છાલોકમાં જ્યોતિષિઓ પ્રત્યક્ષ છે. કારણો ચંદ્ર, સૂર્ય, ગ્રહનક્ષત્ર, તારા, પ્રત્યક્ષ છે. તેમાં રહેનારા દેવો આપણા સુંદર મકાન મહેલાતો કરતાં ચડીયાતા સ્થાનમાં રહેનારા છે. તેવા દેવલોકો છઠ્ઠા ઉદ્દેશામાં. સૂર્ય જેટલા છે તેટલા ઉદય પામે છે અને આથમે છે, તે જણાવી તેની ગતિ વગેરે છઠ્ઠામાં જણાવાશે, ત્યારપછી નારકીની સિદ્ધિ દેવલોક દ્વારા સિદ્ધ કરશે.

**નરકે કોણ જાય ?**

નારકીપણું રોકાય શી રીતે ? જે ભયનું ઔષધ ન હોય તે કાળજુ કપાવે. તે સિવાય બીજું ફળ નથી. ઔષધ ન થાય ત્યારે તેનો ભય પણ ભયંકર હોય. આમ ટાઢ તાપના દુઃખો ટાળવાનો રસ્તો ન બતાવાય તો તે કેવળ ભયની કંપાવનારી ચીજ થાય છે. કંઇ જીવમાત્ર નરકે જ જાય છે તેવું નથી. નરકે કોણ જાય ? જેઓ બિચારા પંચેન્દ્રિય જીવ વધ કરનાર મહારંભી મહાપરિગ્રહી અવિરતિ છે. એકે પણ પચ્ચક્ખાણ કરતા નથી. સાચી માન્યતા પણ ન કરે, મિથ્યાદૃષ્ટિ અવિરતિ હોય, તેઓ નરકે જાય. સમ્યક્દૃષ્ટિ વિરતિવાળો નરકે ન જાય. આવા આવા જીવો નરકે જાય.

અહીં કરેલા પાપનું ફળ ત્યાં શી રીતે આપે ? સજા થાય ગુનેગારને, ૧૦૦ કેદીમાં ૯૦ તો તેના તેજ કેદી હોય છે. ગુનેગારોને સુધારવા માટે દુનિયાની સજા ફાયદો કરતી નથી. નવા ગુનેગારો ન બને તેમ થતા અટકાવવા માટે કાયદાની સજા છે. હવે નવા ગુનેગારનું અટકવું ક્યારે થાય ? સજાનું નુકશાન નજરે નીહાળે ત્યારે જ ગુના

અટકે, તેથી જાનવરને કેદમાં નથી નાખતાં. સજા ગુનેગારને સુધારવા માટે નથી, નવા ગુનેગારો અટકાવવા માટે સજા છે.


**ઇશ્વર સુખી-દુ :ખી કરતો નથી.**

ઇશ્વરે પાપની સજા તત્કાળ ને દુનિયા જાણે તેમ કરવી જોઈએ ! ખુન કર્યું કે હાથ કપાય, જુંઠું બોલે કે જીભ ઝલાઇ જાય, તો ગુના થતા તુરંત અટકી જાય, આમ વાદીના ઇશ્વરને કહીએ છીએ. પરંતુ ઈશ્વર કોઈને કંઇ શિક્ષા કે સરપાવ કરતો નથી. કોઈને સુખ-દુઃખ દેતો નથી, ભગવાને આમ કર્યું એમ કહેનારમાં જૈનપણું નથી. સુખદુઃખ આપનાર પરમેશ્વર નથી; તો પછી પરમેશ્વરને માનીએ શું કરવા ? સુખ સદ્ગતિ દુર્ગતિ, આરોગ્ય કે રોગ નથી આપતો તો પરમેશ્વરને માનવા શું કરવા ? સૂર્યનું અજવાળું આપણને શું આપે છે ? જે આપણને જગતની વસ્તુઓની સમજણ પડે છે તે સૂર્યના અજવાળાદ્વારાએ. અનિષ્ટ કે ઇષ્ટ પદાર્થોની સમજણ સૂર્યના અજવાળાદ્વારાએ જ મળે છે. તેવી જ રીતે પુન્ય-પાપ-ધર્મ-અધર્મ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ-ભવહેતુ ને મોક્ષહેતુની સમજણ ત્રિલોકનાથ તિર્થંકરના વચન દ્વારાએ મળે છે. તેઓ તેથી સમજણ આપવા દ્વારાએ આપણા ઉપકારી છે.

અહીં કરેલા પાપો પરભવમાં દુઃખ કેમ દે ? આ ભવમાં કર્મરાજાનું કરેલું દેવું છે તેનું હુકમનામું પરભવમાં પણ ચાલે, આ કંઇ સ્થાવર જંગમ મિલકતનું હુકમનામું નથી કરાવાતું. જીવ પાપ કરતી વખતે કર્મો બાંધે છે તેથી ભારે થાય છે; આ રીતે ભારે થયેલો જીવ નરકમાં રખડે છે, આ ભવ અને પરભવ વચ્ચે કર્મનો સંબંધ છે. કર્મથી ભારેપણું છે, એટલે ભારે હલકા પદાર્થોનું નવમા ઉદ્દેશામાં નિરૂપણ કરશે. મનુષ્યને સારી શીખામણ આપવામાં આવે છે. સેંકડો શીખામણના વાક્યો જે આત્માને અસર ન કરે તે એક જ દલીલવાળું

વાક્ય અસર કરે છે. સેંકડો વખત દલીલથી સમજાવાય તે કરતાં દૃષ્ટાન્તની અસર જબરદસ્ત થાય છે, અને સેંકડો દૃષ્ટાન્તવાળા વાક્યો કરતાં એક સંસર્ગ જબરી અસર કરે છે.

કરોડો નિશાળો, કરોડો પુસ્તકો, શિક્ષકો છે, કોઇપણ નિશાળમાં જુઠું બોલવું એવું શીખવ્યું નથી. છતાં જગતમાંથી જુઠું કેમ ન ગયું ? કોઈ જુઠા, લબાડી, અપ્રમાણિક ન બનો તેજ ઉપદેશ આપ્યો છે છતાં જગત કેમ ન સુધર્યું ? કુટુંબ, નાત, ગોઠિયા બધા છક્કા-પંચાની રમતવાળા છે. તેઓને સંસ્કાર સહવાસને લીધે પડે છે. આ સંસ્કારથી સંસ્કારી બનેલા આગળ દલીલ દૃષ્ટાંતના વક્તવ્યો ધોવાઈ જાય, કારણ કે ખરાબસંસર્ગ હજારો સારા દલીલના વાક્યો કરતાં જબરજસ્ત છે. શાસ્ત્રકારોને સાધુઓ માટે નવવાડો રાખવી પડી. સેંકડો વિધિવાક્યો, દલીલવાળા વાક્યો-દૃષ્ટાંતો જાણે છે, પણ તે બધાં કરતાં સંસર્ગ એવી બૂરી ચીજ છે કે બધાને ધોઈ નાખે છે. આમ કર્મના ફળો બેસે છે. દુઃખો ભોગવવા પડે છે. આ બધુંએ સાંભળવામાં, સમજવામાં, માનવામાં આવ્યું પણ ખરાબ સંસર્ગ ન થાય ત્યાં સુધી ટકે. ખરાબ સંસર્ગ થયા પછી બધું ધુળ, તેથી મિથ્યાદૃષ્ટિઓની માન્યતા કેવી અસર કરે છે તે બધું સૂચવ્યું છે. પહેલાં શતકમાં દસ ઉદ્દેશા કહેવાશે, તેમાં દસ અધિકારો કયા કહેવાશે તે જણાવ્યા. હવે એ જ અધિકારો ટીકાકાર આગળ જણાવશે.



# દેશના ૩૯
# પ્રથમ શતકના દશે ઉદ્દેશાનું સંક્ષિપ્ત વર્ણન.

**પ્રસિદ્ધ વસ્તુને સમજવાની ન હોય.**

ટીકાકાર મહારાજા ભગવાન્ અભયદેવસૂરીશ્વરજી મહારાજે જે ગાથા જણાવી હતી તેને અંગે કહે છે કે જેનો અધિકાર ચાલતો હોય, તેમ ગ્રંથમાં જે ગાથા હમણાં કહેવામાં આવી તે અધિકૃત ગાથા છે. તેનો અર્થ ખરી રીતે જણાવવાની જરૂર નથી. અર્થ ન જણાવવો હોય તો ગાથા કહી શું કરવા ? માત્ર મૂળ ગાથાઓને અમે સાંભળી જઈએ તેથી તમને કે અમને ઉપકારનું સ્થાન નથી. અહીં ગાથા કહી તો જરૂર અર્થ પણ કહેવો જોઇએ. ગાથાનો અર્થ નથી કહેવો તેમ કહીએ છીએ તેમ નથી, પરંતુ જેમ દુનિયામાં જે વાત પ્રસિદ્ધ ન હોય તે વાતને સમજાવાની જરૂર હોય, પણ પ્રસિદ્ધ વાતને સમજાવાની જરૂર ન હોય, તેમ પહેલાં જણાવાઈ ગઈ હોઈ તેવી વસ્તુ વ્યાખ્યાકારને કહેવાની જરૂર નથી. અપ્રસિદ્ધ જે વસ્તુ શ્રોતાને સિદ્ધ નથી, તેવી વસ્તુને શાસ્ત્ર જણાવે તો જ શાસ્ત્ર સાર્થક કહેવાય. શ્રોતાએ જાણેલી વસ્તુ કહેવામાં શાસ્ત્રનું સાર્થકપણું નથી. શ્રોતા પોતાની મેળે સમજી શકે તેવી ગાથાનો અર્થ કહેવાની જરૂર ન હોય. અહીં જે ગાથા બોલી ગયા તેનો અર્થ અમે સમજ્યા નથી. જ્યાં વક્તાથી શ્રોતા અર્થ સમજ્યા નથી ત્યાં અર્થ કહેવાની જરૂર નથી, તે કેમ મનાય ?

આપે કઇ અપેક્ષાએ કહ્યું ? જેમ આપણે કોઈપણ ચોપડી લઇએ

તેમાં વિષયનું લીસ્ટ હોય. ફલાણી વાત ફલાણે પાને છે. તે વિષયનું જ્ઞાન કંઇ અનુક્રમણિકાથી ન થાય, પણ તે પાઠ કાઢે, વાંચે, ત્યારે જ્ઞાન થાય. હવે પાઠ જોયો હોય તેણે અનુક્રમણિકાનો અર્થ કરવાનો ન હોય. જેમ ચોપડીઓની અનુક્રમણિકા હોય તેમ ઉદ્દેશાની આ ગાથા તો વિષયના અનુક્રમને જણાવનારી છે. જે પહેલા શતકમાં ૧૦ ઉદ્દેશા જણાવીશું એમ કહ્યું તે જ્યારે જાણવામાં આવશે ત્યારે આ ગાથાનો અર્થ આપોઆપ સમજાઈ જશે. ખરો અર્થ વાસ્તવિક ધારવા લાયક અર્થ ૧૦ ઉદ્દેશા જણાવામાં આવશે ત્યારે જ જણાશે, તથાપિ શ્રોતાઓએ ૧૦ ઉદ્દેશાનો અર્થ જાણ્યા પછી સ્વયં જાણી લેવાના. શ્રોતાઓમાં પણ કેટલાક બાળકો જેવા હોય તે ૧૦ ઉદ્દેશામાં અનુક્રમે શું કહ્યું છે તે પણ જાણી શકે નહીં. જેમ આખી ચોપડીનો વિષય ધારવા માટે અનુક્રમણિકા જોઈએ. ચોપડીના વિષયો જાણવા માટે અનુક્રમણિકા જોઇએ. દરેક વિષયને વિગતવાર જાણવા માગતા ન હોય પણ ચોપડીમાં શું છે તે જે જાણવા માગતો હોય તે માટે અને પ્રાકૃત ભાષાના જ્ઞાનવાળાઓ આગલું મેળવી પાછલાનો અર્થ કરનારો છે, તે માટે આ પદ મેલ્યું.

**સૂત્રનો અર્થ કહેવાની જરૂર શી ?**

ઉદ્દેશાનો અર્થ સમજી આ ગાથાનો અર્થ સમજી લે, પરંતુ તેવી મહેનત કરનારા બધા જીવો કંઇ હોતા નથી. કેટલાકો જેમ શેરડી કરતાં રસ વધારે પસંદ કરે છે. તે પણ શેરડીને ચૂસવાની મહેનત ટાળવાં માટે જ. તેમ કેટલાકો લગીરે મહેનત કરવા માટે તૈયાર ન હોય તેવા પણ હોય છે. મહેનત કરવા તૈયાર ન હોય તેવાને સ્થાન શા માટે આપવું ? માતાએ ધાવણા બાળકને પોષવા જોઈએ જ. છોકરાને પણ પોષવા જોઇએ જ, કારણ કે દરેક બાળકનું પોષણ તેની માતાઓએ કરવું જ જોઇએ, જ્યારે માતા સંતાનના પાલન માટે તૈયાર થાય ત્યારે દુઃખ,

તકલીફ મુશ્કેલી ન જુએ, કિંતુ માત્ર પોષણ તરફ જુએ છે. તેમ શાસ્ત્રકારો છકાયના જીવોના માતા તરીકે છે. તે શ્રોતા તરીકે આવેલા ભાગ્યશાળીઓ તરફ માતા તરીકે વર્તે તેમાં નવાઈ શું ?

**બાળશ્રોતાઓ પ્રત્યે હિતબુદ્ધિ –**

નિગોદની, જીવવિચારની ગત્યંતરની વાતોમાં આપણે પ્રમાદ કરીએ છીએ. અને ટુચકા કે કથાઓ ચાલતી હોય ત્યાં હોંશથી સાંભળીએ છીએ. પદાર્થ સમજવાના વખતે પ્રમાદ કરી સમજવું છોડી દઈએ છીએ. મુશ્કેલીના નામે બોધની વાત છોડવા તૈયાર છે; આ સ્થિતિમાં પડેલા જીવોને પણ શાસ્ત્રકારે સમજાવવા જોઈએ. શાસ્ત્રકારોએ બધાંને સરખી રીતે બોધ કરવો જોઈએ. મૂળમાં જીવો અણસમજુ બાળક જેવા છે. તેમાં કેટલાક મહેનત ઉઠાવવાવાળા અને પચ્ચક્ખાણવાળા પણ હોય છે, તેવાને ય શાસ્ત્રકારે સમજાવવાના છે. જેમ બાળક ખાતો નથી તો ટીચાવા દો, તે વાત માતા સ્વપ્નમાં પણ નથી લાવતી, પણ બાળકને કટકા કરીને ખવડાવે છે; આ રીતે પોષણ તરફ માતાની દૃષ્ટિ હોય છે, માતા કોઇ દહાડો તે વિચાર પુત્રને અંગે ન કરે કે ખાવું હોય તો ખાય નહીંતર બેસી રહે, તેમ બાળક જેવા શ્રોતા હોય તેને પણ અમારે તો સમજાવવાના જ છે, બાળક બે પ્રકારના હોય છે, કેટલાક ઉદ્યમી બાળક હોય તે હરેક પ્રકારે ગડમથલ કરીને પણ સમજી લે. જ્યારે કેટલાક અનુદ્યમી બાલક જેવા હોય, એદીના પાદશાહ હોય.

દૃષ્ટાંતઃ- જાંબુડાના ઝાડ નીચે એક એદી માણસ સુતો છે. એક જાંબુડું નીચે પડ્યું તેવામાં દૂર રસ્તા પર થઈને એક ઊંટ વાળો જાય છે, તેને દુરથી પેલા સુતેલા એદીએ બુમ મારી; પેલો ઊંટવાલો ઝાડ પરથી પડી ગયેલો સમજી ખેતરમાં આવ્યો અને સુતેલા એદીને પૂછવા લાગ્યો,

કેમ પડી ગયો ? એદી કહે – પડી ગયો નથી, " તો મને કેમ બોલાવ્યો ? એદી કહે પેલું જાંબુડું મારા મોંમા નાખ ને ! એદીના પાદશાહ. મને તું સડક પરથી બોલાવે છે ને તારાથી પાસે પડેલું જાંબુડું લેવાતું નથી." ઊંટસ્વાર મુખમાં જાંબુ નાખ્યા વિના ચાલ્યો ગયો. અહિં તો એવા એદીને પણ ઉદ્યમી બનાવવાના છે.

કેટલાક અજ્ઞાની હોય કિંતુ મહેનતું હોય છે તેવાઓ પણ અહીં પદાર્થ મેળવે છે, ઘેટાને બરાબર ન વાળે તેમાં રબારીનો વાંક કે ઘેટાનો ? ઘેટાં અવળે રસ્તે જાય તેમાં રબારીનો વાંક છે. કેટલાક શ્રોતા એવા હોય કે અમને ન સમજાય તેમાં તમારો વાંક છે, એવું રબારીના દૃષ્ટાંતે બોલે, પોતાને વાંચવું નથી, મહેનત કરવી નથી અને ન આવડે તેમાં તમારો વાંક. શાસ્ત્રકારનો-ગુરૂઓનો વાંક કાઢે, અજ્ઞાની જીવો સુખે સમાધિ વિના કષ્ટે મળે તો જ લેવાવાળા હોય, તેવાને પણ સમજાવવા જોઈએ માટે આ ગાથાનો અર્થ અત્રે કરીએ છીએ.

**એકલો શબ્દ કે વિભક્તિ ન વપરાય.**

"रायगिहे " ત્યાં આગળ થોડું પણ વ્યાકરણ જાણતા હશે તેઓને માલમ હશે કે જગતમાં એકલો શબ્દ કે વિભક્તિ ન વપરાય. ઘટ એટલો શબ્દ બોલી દીધો તે અર્થ ન બતાવે, તેમ 'ને' 'એ' 'વડે' કરીને માત્ર બોલ્યા તો પણ અર્થ ન સમજાય. તેટલા માટે વૈયાકરણોએ નક્કી કર્યું - 'न केवला' એકલા નામ-પ્રકૃતિ, ધાતુનો એકલા પ્રત્યયનો પ્રયોગ ન કરવો પણ પ્રત્યયવાળા શબ્દનો પ્રયોગ કરાય તો જ શબ્દનો અર્થ માલમ પડે. શબ્દ સાથે વિભક્તિ પ્રત્યય કહેવા જોઇએ. દુનિયાથી તમે જુદા, રાયગિહ ત્યાં આગળ કોઇ વિભક્તિ જ નથી; વગર વિભક્તિર્વાળો શબ્દ છે, **'अध्याहारोपि व्यारव्यांगं'** અધ્યાહાર વિભક્તિનો લોપ કરી સૂત્રકારો પ્રયોગ કરે છે. હે દેવદત્ત ! સંબોધનમાં

વિભક્તિ ઉડી જાય તેમ સૂત્રકારો વિવક્ષામાં વિભક્તિ ઉડાડી શકે છે, 'रायगिह ' ત્યાં આગલ સપ્તમી વિભક્તિના એક વચનનો લોપ કર્યો છે, જેમ સૂત્રકારે વૈયાકરણમાં વિભક્તિનો લોપ માન્યો છે તેમ સપ્તમીનું એકવચન લોપાયેલું સમજવું. 'रायगिहे' એટલે રાજાને ઘેર – ' योगात् रूढि र्बलीयसी ' વ્યુત્પત્તિ કરતાં રૂઢીથી અર્થ આવે તો અર્થ બળવાન્ ગણવો. રૂઢીથી રાજગૃહનગરની અંદર.

**ભગવતીજી નિરૂપણ ક્યાં થયું ?**

આગળ દસે ઉદ્દેશા કહીશું તે ૧૦ ઉદ્દેશા રાજગૃહી નગરીમાં નિરૂપણ થયા. અહિં પ્રશ્ન થશે કે કોણે કોની આગળ નિરૂપણ કર્યાં ? રાજગૃહી સરખા ઉચ્ચ સ્થાનમાં ભગવતીજીનું નિરૂપણ થયેલું છે. નિરૂપણ કર્યું કોણે ? 'भगवता श्री महावीरेण' ભગવાન મહાવીર મહારાજા ખૂદે ૧૦ ઉદ્દેશાનો અર્થ નિરૂપણ કર્યો છે. શા ઉપરથી ? અહિં સપ્તમી લીધી. ' आधारे सप्तमी ' આધાર નક્કી થયો કથનનો આધાર નક્કી થાય, કર્મસિદ્ધિએ કઇ વસ્તુ સિદ્ધ થાય, જેમ દાભડીને આટલું બોલ્યા તેમાં ત્રણ વસ્તુ નક્કી થાય, જોનાર, જોવાનું ! અને જોવાની ક્રિયા - જોનાર કર્તા ને ક્રિયા બે સિદ્ધ જ છે. તેમ આધારની સિદ્ધિ થવાથી આધેયની સિદ્ધિ માનવી જ પડે. પૃથ્વી આધાર ક્યારે ? આધેય ચીજો હોય તો જ, નહીંતર આધારપણું છે જ નહીં. રાજગૃહી આધાર તરીકે અત્ર છે, ૧૦ ઉદ્દેશાનો અર્થ કથન તે આધેય, અર્થ કથન માન્યું એટલે વક્તા પણ આપોઆપ માનવા જોઇએ, આમ વ્યાખ્યા કરવી તે અહીં જ કરવી કે જ્યાં જ્યાં યોગ્ય હોય ત્યાં ત્યાં લઈ જવી ? બીજી જગોપર જ્યાં જ્યાં વિભક્તિ ન કહી હોય ત્યાં ત્યાં વક્તા-શ્રોતાએ સ્વયં સમજી લેવું.

" चलण " પ્રથમ ઉદ્દેશામાં જણાવ્યું કે જગતમાં પદાર્થો ચલ છે

તે ચલ પદાર્થો જણાવો! ચલન શબ્દ મેલ્યો છે તે જણાવે છે કે ભાવપ્રધાન ક્રિયા લો. " चलमाणे चलिए " ચલવા માંડ્યું એટલે ચલ્યું. જવા માંડ્યું એટલે ગયું. કરવા માંડ્યું એટલે કર્યું. આ મહાવીર મહારાજનો મત છે, આ પદાર્થોમાં બુદ્ધિ ન પહોંચાડીયે તો જમાલિની જેમ ઉલટું પરિણમે. " चलिए " ચલવા માંડ્યું, ચલવા માંડયું તે કદાચ ચલિત થાય કે ન પણ થાય. મુંબઈ પહોંચ્યા તેને પહોંચ્યો કહીએ, તેમાં નીકળ્યો તે પાછોય આવે અને રોકાઇ પણ જાય, મુંબઇ ગયો તે પહોંચ્યો ન ગણાય, આવા સંકલ્પોને પામી જમાલી કહેવા માંગે છે કે કર્યું તે જ કહેવાય, કરવા માંડયું તે કર્યું ન કહેવાય. મહાવીર મહારાજા કરવા માંડયું તે કર્યું કહેવાય તેમ કહે છે. તેમાં તમે જો બુદ્ધિથી વિચારો નહીં તો તો તમને જમાલીની વાત ઠીક લાગશે, એક વાત લક્ષમાં લેવી. રૂના કોથળા તોલાય તે કાંટે હીરા, માણેક મોતી ન તોલાય, તેમ હીરા મોતીના કાંટે રૂના ધોકડા કંઇ ઝવેરાતના કાંટે ન તોલાય. તેમ જિનેશ્વરનો સમય સમયનો બારિક હિસાબ તેમાં દુનિયાની સ્થૂલ દૃષ્ટિ ન લગાડી શકાય. ભગવાને કહ્યું તે જ સાચું છે અને જમાલીનું કહેવું ખોટું છે. તેમાં હેતુ યુક્તિ સાધન છે. જૈન શાસન સમય સમયનો હિસાબ કરનાર છે, તેમ હોવાથી પર્યુષણમાં તે શબ્દ સાંભળી સાંભળીને કંટાળો છે, " तेणं कालेणं " વારંવાર તે શબ્દ કેમ બોલાય છે? જ્યારે લગીર દૃષ્ટિ વિશાળ કરીશું, વિચારણા કરીશું ત્યારે સમજાશે કે જૈનશાસન સમય સુધીનો કાળ રાખે છે.

**સમયની સિદ્ધિ–**

સમયનો કાળ એટલે આંખ મીંચેલી હોય ને ઉઘાડીએ. ઉઘાડતાં મીંચતાં જેટલો ટાઇમ થાય તે ટાઇમનો અસંખ્યાતમો ભાગ તે સમય. જેમ દીવા વીજળીના છે, એ વીજળીના દીવાની લાઈટ થતી હોય,

થાંભલા આગળ ઉભા હો, વીજળીનું ચક્કર હોય, તેમાં વીજળીનો પ્રવાહ જાય તેથી દીવો થાય છે. પાવર વીજળી સ્ટેશનથી અહીં આવ્યો, એક સેંકડમાં સળગતો અને ઓલવાતો પણ દેખો છો. પાવરની ગતિ ઝડપી છે. તેથી કારખાનામાંથી પાવરસ્ટેશનથી અહીં સુધી વીજળી આવે છે. હવે તમે પાવરસ્ટેશનથી તે દીવા સુધીના અંતરના ભાગો પાડો. દોરા જેટલા વચલા ભાગો માર્ગમાં પાડો તો કેટલા વખતનો વિભાગ થયો તે સમજાશે. એ વિચારીશું તો આંખના પલકારામાં અસંખ્યાતા સમયો થાય છે તે સહેલાઇથી સમજાશે. ખરેખર સમયની સ્થિતિ બારીક છે. ટેલીગ્રાફ વાયરલેસમાં વિચારશો તો માલમ પડશે કે અસંખ્યાતા ભાગ કહે છે તે ત્યાં માનવા પડશે, નહીંતર પાવરની ગતિ શી રીતે માનશો ? જો કે પાવર તો સ્થૂલ છે. કેવલજ્ઞાનીની ગણતરી સમય ઉપર છે. જેનો વિભાગ ન કલ્પી શકાય તેવો વખત તે સમય, તે સમય ઉપર દૃષ્ટિ રાખી મહાવીર મહારાજા ને જમાલી બંનેના કથન ઉપર વિચાર કરો. કરાતું કરાયું. એક વખત ન થયું તો પણ અર્ધા સમયમાં કર્યું ને અર્ધામાં ન થયું. એક જ સમયમાં આઠ કર્મનો બંધ, નિર્જરા એ માનવાનું નહીં થાય. જે સમયે પરિણામ સુધર્યા તે સમયે નિર્જરા નહીં ને ? ''कडेमाणे कडे'' ન માનીએ તો બગડવાના સમયે કે સુધારવાના સમયે નિર્જરા કે બંધ નહીં, પણ પછી નિર્જરા કે બંધ થાય, જમાલીના મતે અશુભ પરિણામવાળાને શુભ પરિણામવાળો નિર્જરા થવાની, બગડતા પરિણામે પાપબંધ નહીં ને ? ''कडे'' માનીએ તો બગડ્યા પછી જ પાપ બંધાય. સુધરતાં નિર્જરા ન થાય. આ સ્થિતિ થાય તો નવે તત્વ બગડી જાય. આશ્રવ બગડી જાય. કારણ કે જમાલીની માન્યતા પ્રમાણે તો કર્મનો બંધ એક સમયે ન થાય. પહેલે સમયે અશુભ યોગ થાય તેનું બીજે સમયે પાપ બંધાય તેમ માનવું પડે.

**જૈનશાસન રોકડીયું છે.**

પ્રભુ મહાવીરનો સિદ્ધાંત " कडेमाणे कडे " ન માનીએ તો નવે તત્વ બગડી જાય. ચલાયમાન થયું છે તે સમયે ચલિત થયું છે. એટલા માટે ઉપદેશમાળાકારે કહ્યું કે जं जं समयं जीवो आविसइ जेण जेण भावेण । सो तंमि तंमि समए सुहासुहं बंधए कम्मं ।। २४ ।। જૈનશાસન કર્મથિયરીમાં ઉધારીયું નથી પણ રોકડીયું છે. જે જે સમયે જીવો ................ સમયમાં દિવસો, કલાકો, મિનિટોનો હિસાબ નહીં. જે જે સમયે જે પરિણતિઓ પ્રવર્ત્તે, તે તે સમયે શુભાશુભ કર્મ બાંધે છે. બીજા મતમાં કરે કોણ ને ભોગવે કોણ? "ખાય ભીમ ને હગે મામો શકુની" તેમ કરે કોઈ અને ફળ મેળવે કોઈ તેવું જૈનશાસનમાં નથી. બીજાઓમાં તો મરેલાંને ખાવાનું વિગેરે પહોંચાડે. શ્રાદ્ધો એટલે શું? શ્રાદ્ધો માનનારા બિચારા બળેલા ઝાડમાં શું પાણી નથી સીંચતા? મરેલાને સીંચે તો બળેલાને કેમ નથી સીંચતા? જૈનશાસનમાં કોઈનું કરેલું કોઈને મળતું નથી. પોતે કરેલાને જ પોતે ભોગવે છે. તારો બાપ મરણ પામી બીજા ભવોમાં ગયો તેં શ્રાદ્ધ તો કર્યું, પણ તે કોને મળશે? મરણ પામનારા માતા પિતાઓ શું કાગડા થવા યોગ્ય હતા? જૈન શાસનમાં સુખ દુઃખ આપ્યા લીધા દેવાતા લેવાતા નથી. જો સુખ દુઃખ દેવાતા લેવાતા નથી તો ધર્મ પાપ પણ દેવાતા લેવાતા નથી. જે જે ભવે જેવા જેવા પરિણામમાં વર્તે, તેવા સમયે તેવા તેવા શુભાશુભ કર્મ બાંધી લે છે. જે સમયે પરિણામનો સુધારો કે બગાડો તે જ સમયે શુભાશુભનો બંધ અહિં મનાય છે. આ આત્મા સુધરવા માંડ્યો ત્યારથી જ નિર્જરા, શુભનો બંધ શરૂ થઈ જાય છે. તે સમયે ચલાયમાન થવાપણું ને તે જ સમયે ચલિતપણું થવાનું છે.

**સુખની ઈચ્છા અને દુ:ખનો ડર.**

બીજો ઉદ્દેશો-દુઃખ એવી ચીજ અને સુખ એવી ચીજ છે કે તે બહેંકાવટની ચીજ નથી. જગતના જીવો આમાં આબરૂ જાય, આમાં વધે તે વિચારી તેમાં નિવર્તવા લાગ્યા, તેમાં પ્રવર્તવા લાગ્યા. ધનને અંગે દુનિયાની બહેંકાવટ. ધન વગર ન ચાલે, દુનિયાની ચીજોની ઈચ્છા દુનિયાની બહેંકાવટ રૂપે છે. બે ચીજો એવી કે જેમાં બહેંકાવટનું પરિણામ નથી. સુખ દુઃખની ઈચ્છામાં સુખ ઇચ્છનાર અને દુઃખનો ડર તો શીખવેલી ચીજ નથી; પણ સ્વભાવસિદ્ધ છે. સ્તનપાન પહેલાં પણ સુખની ઇચ્છા દુઃખનો ડર ચાલુ જ છે. એક બાઈને અધુરી પ્રસૂતિ સમયે ગર્ભનો હાથ બહાર નીકળી ગયો. ગર્ભવાળીનું ઓપરેશન ભયંકર છે. દેશી વૈદ્ય આવ્યો તેણે દીવાસળી સળગાવી; હાથ પર ચાંપી. તુરત બાળકે હાથ અંદર ખેંચી લીધો. ગર્ભમાં રહેલો જીવ પણ દુઃખથી ડરે છે. સહુને સુખની ઇચ્છા તો રહેલી છે. બીજી બધી ઇચ્છા તો જન્મ્યા પછીની છે. એ ઈચ્છાઓ તો દુનિયાની બહેકાવટે છે. સુખની ઈચ્છા દુઃખનો ડર સ્વાભાવિક છે. અહીં શાસ્ત્રમાં શું કહેવું છે ? દુઃખ એ સાધવાની ચીજ નથી. દુઃખના ઉદ્દેશામાં શું કહ્યું છે ? – "स्वयंकृतं दु:खं वेदयंति०" ગર્ભમાં આવેલા બાળકો પણ જન્મના આંધળા - પાંગળા હોય છે. એમ અનેક દશાઓ ગર્ભમાં પણ હોય છે. તે કોના પાપે ? આંધળો પાંગળો કે દુઃખી છે તે પૂર્વના પોતાના કરેલા પાપથી કે બીજા કારણથી? ભવાંતર ન માનનારા હોય તેને જ આ પત્થર નડે; ગર્ભમાં જીવ દુઃખી થાય તેણે કયાં પાપ કર્યા ? ગયો ભવ માનનારા છે તેમને આ સવાલ નડતો નથી. ચાહે ગર્ભમાં, જન્મ વખતે બાળકપણામા, યુવાનીમાં વૃદ્ધપણામાં કે કોઈ પણ અવસ્થામાં દુઃખ ભોગવે છે તે પોતાનું કરેલું જ પોતે ભોગવે છે. દુઃખ ભોગવે છે તે પોતાના કરેલા જ પોતે ભોગવે છે.

સુખનો ઉદ્દેશો રાખવો હતો ને? દુઃખમાં જે ન્યાય તે જ સુખમાં લગાડવાનો છે. જગતની દુઃખી અવસ્થા ધ્યાનમાં લઈને જ શાસ્ત્રકારો ઉપદેશમાં ઉતર્યા છે. શાસ્ત્રકારોએ તીર્થંકર મહારાજના મોઢે બોલાવ્યું કે –

जन्मजरामरणार्तं जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।

स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ।। १५ ।।

तत्वार्थकारिका.

જન્મ-જરા-મરણથી પીડાયેલુ અશરણ જગત છે. આ દેખી ઉદ્ધાર માટે તૈયાર થયા, એટલા માટે દુઃખને અંગે પ્રશ્ન કર્યો – ફલાણો મારી ગયો, અહીં દુઃખ મારનારે કર્યું. બીજાના કરેલા દુઃખો જગત્ વેઠી રહ્યું છે. પોતાના હાથે કોઈ પેટમાં છરી કોઈ ભોંકતું નથી. દુઃખતો બીજાનું કરેલું હોય, સુખ પોતાનું કર્યું પણ હોય જ્યારે દુઃખ બીજાનું કરેલુ હોય. નિમિત્ત માત્ર બીજો અહીં છે પણ દુઃખનો કર્તા બીજો નથી. તને કેમ છરી ભોંકી? બીજાને કેમ ન ભોંકી? પાપનો ઉદય હતો. તેના પર છરી ભોંકવાની બુદ્ધિ થઈ, દુઃખના બાહ્ય નિમિત્તો મળે. અજ્ઞાનીઓ તેને દુઃખ કરનારા માને પણ ખરેખર દુઃખ કરનારા આપણા કર્મો છે. જીવ જે દુઃખ ભોગવે છે તે પોતાનું કરેલું છે તે જ ભોગવે છે. માટે દુઃખી અવસ્થા તે પોતાના કરેલા કર્મોનું જ ફળ છે, હવે બાકીના આઠ ઉદ્દેશાનો અર્થાધિકાર કેવી રીતે છે તે જણાવશે.

# દેશના ૪૦
# કાંક્ષા મોહની

**जीवो भदन्त ! स्वयंकृतं दु:खं वेदयति इत्यादि प्रश्न-निर्णयार्थइत्यर्थ: 'कंखपओसे०'**

ટીકાકાર ભગવાન અભયદેવસૂરિશ્વરજી મહારાજ ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતા થકાં ૧૦ ઉદ્દેશાનો સંગ્રહણી ગાથાથી અર્થ જણાવ્યો. ખરી રીતે આખુ શતક સમજાઈ ત્યારે તેનો અર્થ સમજાય, પણ બાળકો કેટલાક અજ્ઞાનીપણા સાથે એદી હોય, ઉદ્યમી અજ્ઞાની જ્ઞાન સહેજે મેળવી શકે. જીવમાત્ર પહેલાના અજ્ઞાની હોય. અનંતસિદ્ધો તીર્થંકરો થયા તે બધા જીવો પહેલા અજ્ઞાની જ હતા. જૈનદર્શનની આ એક મુખ્ય ધારણા - પ્રરૂપણા છે. બીજા મતવાળાઓની આ પ્રરૂપણા નથી. તેઓ અનાદિનો ચોકખો પરમેશ્વર માને છે. પ્રથમ આત્મા મેલો હતો ને પછી ચોકખો થયો છે, તેવી માન્યતા કોઈ પણ દર્શનમાં નથી. અનંતા તીર્થંકરો સિદ્ધો થયા છતાં એક પણ સિદ્ધ કે તીર્થંકર મેલાપણા વગરનો કર્મરહિત ન હતો. દરેક સિદ્ધ પરમાત્માના જીવો પહેલા મિથ્યાત્વવાસીત અને અજ્ઞાની હતા, પણ વીર્યોલ્લાસવાળા થયા. કર્મ તોડનારા થયા, મિથ્યાત્વ દૂર કરી આરાધના કરી તીર્થંકરપણું મેળવી, ભોગવી મોક્ષે ગયા. અનાદિથી શુદ્ધ ન હતા, દરેક જીવો શુદ્ધ પાછળથી થયેલા છે. તેથી પહેલા અજ્ઞાની, છતાં ઉદ્યમી હોય તે મિથ્યાત્વને અજ્ઞાનને દૂર કરે, સમ્યક્ત્વને પામે યાવત્ કેવળજ્ઞાન પણ પામે કોણ? ઉદ્યમી. પણ

કેટલાક એવા કે અજ્ઞાની ને વળી આળસુ તેવાને માર્ગે આવવું, સમ્યક્ત્વ પામવું, જ્ઞાન પ્રાપ્ત કરવું મુશ્કેલ પડે. સામાન્ય દર્દી કેસથી દવા લઈને જાય, પણ ભયંકર દરદી હોય તેને હોસ્પિટલમાં રાખી દવા કરીને વિદાય કરાય. ઉપદેશકને કઠિનતા ક્યાં પડે? અજ્ઞાની સાથે એદી હોય તેવાને સમજાવવો તેમાં મુશ્કેલી છે, પણ ઉપદેશકો મુશ્કેલીમાં પસાર થાય તો જ મુશ્કેલી વટાવે તો જ ઉપદેશક સાચા ગણાય. અજ્ઞાની છે, ૧૦ ઉદ્દેશા સાંભળશે એટલે સંગ્રહણી ગાથાને મેળવી લેશે તે ઉદ્યમ કરી લેશે. પણ અજ્ઞાનીને એદી ૧૦ ઉદ્દેશા સાંભળે તો પણ સંગ્રહણી ગાથા ક્યાં આવી તે ગાથા કેમ કહી? તેના વિચારને અવકાશ ન આપે, તેવા તકલીફ લગીર પણ ઉઠાવવા ન માંગે તેવા અજ્ઞાની અનુદ્યમી કેવી રીતે સ્વતંત્ર મેળવવા બેસવાના? તેવાને બોધ માટે સંગ્રહણી ગાથાનો અર્થ કહેવો પડે.

**દુનિયાના કહેવાતા નિમિતોથી દુ:ખ માનનાર અજ્ઞાની છે.**

બીજા ઉદ્દેશામાં શું કહેવામાં આવશે? દુ:ખ. દુ:ખ જગતમાં જીવ માત્રને સ્વભાવસિદ્ધ છે, તે કોઈનું કરેલું શીખવેલું નથી. હીરા-મોતી પારખવાનું જ્ઞાન શીખવેલું છે, સ્વાભાવિક નથી, પણ સુખ દુ:ખનું જ્ઞાન સ્વાભાવિક છે. દુ:ખ સુખ સ્વાભાવિક તો તેના ઉદ્દેશો શા માટે? ન સમજાય તે શાસ્ત્રકાર સમજાવે. તો બીજા ઉદ્દેશો દુ:ખનો શા માટે કર્યો? દુ:ખનું સ્વરૂપ નથી સમજાવાના. કોઈ મારે તો દુ:ખ થાય તેમ બાહ્ય કારણો કે સ્વરૂપ નથી સમજાવાના. દુ:ખ અનુભવસિદ્ધ હોય છે. કોનું કરેલું દુ:ખ છે. દુ:ખ કરનાર કોણ? જીવ દુનિયાદારીના પુદ્ગલોને દુ:ખ કરનાર માને છે. ભૂખ તરસ રોગે કરેલું દુ:ખ બોલે છે. આગળ જીવ વધતો નથી. જગત દુ:ખના કારણોમાં જાય ત્યારે બાહ્ય કારણોમાં આવી અટકે છે, એ જ બીજા ઉદ્દેશામાં સમજાવવાનું છે. જે

સમજાવવાનું તે દુઃખ કોનું કરેલું છે. પરમેશ્વરે દુઃખી કર્યા, અમુકે મને દુઃખી કર્યો. સુર્યે હિમે દુઃખી કર્યા. આમ દુઃખના કર્તા અન્ય અન્ય લેવાય છે, તે પૂરુ અજ્ઞાન છે. દુઃખ આવે છે તે ચોક્કસ જાણીએ છીએ. ફલાણાએ આમ કર્યું. જિનેશ્વરના વચનને ખરી રીતે સમજ્યાં નથી. ખરી રીતે સમજ્યા હો તો તે બિચારો એક નિમિત્ત છે. રમતિયાળ છોકરો ચીનાઈ કાચનો ભાંગી ગયેલ ખડિયો ગોઠવી રાખે છે. ગોઠિયો આવ્યો અને અડક્યો એટલે કટકા છુટા પડી ગયા. પેલાએ કહ્યું તે મારો ખડિયો ભાંગી નાખ્યો, માથે વળગાડ્યું. ભાંગેલો જ હતો. અડપલાં છોકરાએ માથે ખોટું આળ ચડાવ્યું, તેમ પાપબંધી ભોગવવા માટે તૈયાર થયા હતા. પાપ ન બાંધ્યા તો કોઈની તાકાત નથી કે કોઈ કંઇ પણ કરી શકે. બાંધેલા પાપને પાકા કરી દીધા.

**પોતાનું હિત બગાડી મારૂં સુધાર્યું.**

ભગવાન્ મહાવીર મહારાજાને સંગમ દેવતાએ ઉપસર્ગો કર્યા. પાંચ દિવસ ન્યૂન, છ મહિના સુધી ખાવા - પીવા હરવા - ફરવા બધા પ્રકારના ઉપસર્ગ કર્યા. કારણ? મહાવીર પરમાત્માના પણ પોતાના બાંધેલા કર્મો. મહાવીરને અશાતાનો ઉદય ન હતે તો સંગમની તાકાત નથી કે ઉપસર્ગ કરે. મહાવીરને અશાતાનો ઉદય ન હતે તો સંગમને ઉપસર્ગ કરવાનું ન સૂઝતે, ને તેની દુર્ગતિ ન થતે. આ જ કારણથી ભગવાનને આંખમાં આંસુ આવ્યાં. સંગમ પાછો જાય છે તે વખતે ભગવાનની આંખમાં કરૂણાનાં આંસુ આવ્યાં. મહાવીર પરમાત્મા 'આખા જગતના ઉદ્ધાર માટે ભવાન્તરથી મથું છું.' તે માટે રાજસિદ્ધિ કુટુંબ છોડ્યું. એવા મારા નિમિતે આ બિચારો સંગમ સંસારસમુદ્રમાં ડૂબે છે. એ સંગમનું જવું, તે વખતે મહાવીરપ્રભુની આંખમાં જળઝળિયાં આવ્યા છે. તેમને સંગમના દુઃખોનો વિચાર આવ્યો,

આપણને એ વિચાર કદી આવ્યો કે મેં પાપ બાંધ્યા છે તેથી બિચારાને મારૂં ભૂંડુ કરવાનો વિચાર આવ્યો, તેમાં તે બિચારો દુર્ગતિએ જવાનો. આ વિચાર તમને આવ્યો? બીજાએ મને દુઃખ દઈને પોતાનું હિત બગાડ્યું, અને મારૂં સુધાર્યું. તે દયાપાત્ર તે સ્વપ્ને પણ તમને કલ્પના આવે છે? મને દુનિયાના પદાર્થો કે જીવો દુઃખ દે તેમાં મારા કર્મ તૂટે, સકામ નિર્જરા થાય તે લાભ જ છે. તેને મારા નિમિત્તે દુર્ગતિના કારણભૂત કર્મો બાંધવાનું થાય, તે દયાપાત્ર છે. આપણે આપણું કરેલું ભોગવીએ છીએ, આ કલ્પના ક્યારે આવી? જેઓ કર્મના બંધ સત્તા ઉદય સમજ્યા હોય તેવાને દુઃખ વખતે ખ્યાલ આવવો જોઈએ. એક વાક્ય પોતાના નામ માફક રગડી નાખવું જોઈએ, કે આપણું નામ દે તો કાન તરત ચમકે. પોતાનું નામ એ આપણા આત્મામાં ઓતપ્રોત વસી ગયું છે. તેમ એક જ શબ્દ આત્મામાં વસવો જોઈએ. આ દુર્ગતિ રોકવાની ભૂંગળ. ભૂંગળ એટલે દરવાજો બંધ રાખવાનું જુના જમાનાનું સાધન. આગલો આ ભૂંગળ જેને નથી તે દુર્ગતિથી નહીં બચે. કઈ ભૂંગળ?

**પરિપક્વ થયેલ કર્મ ફળ આપ્યા વગર ન રહે.**

**'स्वयंकृतं दुःखम् वेदयति'** જે જીવ દુઃખ ભોગવે છે તે માત્ર પોતાનું જ કરેલું છે. પોતાના કર્મો પરિપક્વ થયા હોવાથી પાપ પાકી ગયું તેથી આ દુઃખો છે. દશાંગ ધૂપ અગ્નિમાં જોડાય ત્યાં તેની ગંધ આખા મકાનમાં વિસ્તરી જાય છે. તેમ 'આત્મામાં રહેલા પાપો, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સંજોગે પરિપક્વ થાય ને ફળ આપી દે.' 'પરિપક્વ થયેલું કર્મ ફળ આપ્યા વગર રહે જ નહીં' એક જ વાક્ય રૂંવાડે રૂંવાડે પરિણમેલું હોવું જોઇએ. ઈશ્વર કે કોઈ બીજા આત્માએ કે કોઈ જડ પદાર્થે આ દુઃખ મને આપ્યું નથી. તે મારું પોતાનું જ કરેલું છે. પડોશી

પાપડ માંગવા આવે તેમાં વ્યવહારવાળાથી વાયદો ન થાય. મોં ન કરમાવાય. વચનમાં હેરફેર ન બોલાય તેમ આ આત્માએ કર્મનું દેવું કરેલું છે, તે જ લેવા આવ્યું છે. તે વખતે મુખની ગ્લાની કે વચનનો વિપર્યાસ શરમ પમાડનાર છે. આ જીવ દુઃખ ભોગવે છે તે પારકું કરેલું નથી, પણ પોતે કરેલા પાપના ફળરૂપ દુઃખ ભોગવે છે. દુનિયામાં હુંડીમાં નામ દાખલ કરવાથી વગર નાણાં લીધે પણ નાણાં ભરવા પડે છે, પણ કર્મમાં કર્યા સિવાય ભોગવવું પડતું નથી.

**મિથ્યાત્વ શલ્ય કેમ ?**

દુઃખ ઈશ્વર જીવ કે અજીવનું કરેલું નથી પણ જે દુઃખ ભોગવવું પડે તે પોતાનું જ કરેલું. કોઇપણ સમજુ હોય તો કુહાડો મારી પોતાનો પગ ન કાપે. તો પછી જે દુઃખ પોતાને ભોગવવા પડે તે જીવ કરે શાનો ? વાત ખરી, સમજણવાળો ન જ કરે. પણ સમજણ વગરનો જીવ શું ન કરે ? નાના બચ્ચાઓ ચૂલામાં હાથ ઘાલી દે છે એટલે બળે. અણસમજુ બાળક પોતાના હિતાહિતને ન સમજે. તો આ તો અણસમજુ કર્મરાજાનો ગુલામ. તે શું ન કરે ? ઉધરસ થઇ વૈદે કહ્યું કે તેલ-મરચું ન ખાવું. આપણે તેલને છાયે ન જાવું. મરચાંને અડીશ પણ નહીં. ઘરવાળા પણ તેમ કહે છે. વૈદે ના પાડી, આપણે ના કબૂલ પણ કરી. કુટુંબીઓ પણ રોકવામાં, પણ આ ચાર આંગળની જીભ ચળવળ ન કરે ત્યાં સુધી. આ ચાર આંગળની દલાલણ જીભ ચળવળ કરવા માંડે ત્યારે વૈદનું કહેલું કોહાય જાય-વીસરાઇ જાય. આપણું ધારેલું, કુટુંબનું વારવું ઉડી જાય. એક જીભ આટલે અવળે રસ્તે દોરી જાય તો પાંચે કુભંડી ઈન્દ્રિયો એકઠી થાય, ત્યાં શું બાકી રહે ? જીવ જાણી જોઈને કેમ કરતો હશે ? તેલ-મરચા શી રીતે ખાધાં ? એક જીભ ચળવળ કરે ત્યાં ચંદરવો બંધાય તો પાંચ કુભંડી ઈન્દ્રિયો જ્યાં કુદાકુદ કરે ત્યાં શું ન

થાય? કર્મ ખરાબ છે તેથી દુઃખી થાય છે. કર્મથી પરાધીન હોવાથી દુઃખી થાય છે.

**દુઃખની વેલડી વધારનાર કોણ?**

આ જીવ દુઃખની વેલડી વધારે છે. દુઃખની વેલડીઓ નવપલ્લવ કરે છે. મિથ્યાત્વ અવિરતિ કષાયને યોગથી દુઃખની વેલડીને વાવનાર હોય તો મિથ્યાત્વાદિ ચાર છે. આ ચારમાં પણ જડરૂપ કોણ? અવિરતિ કષાય યોગ જડ નથી. દુઃખની ખરી જડ કર્મની ખરી જડ મિથ્યાત્વ છે. એક વખત બધી અવિરતિ કષાય યોગ ટાળી દો, તો પણ મોક્ષ થવાનો નિયમ નહીં. સર્વ અવિરતિ ટાળી, સાધુપણું લો. સર્વ કષાય ટાળી વીતરાગ જેવું ચારિત્ર પાળનારા થાવ. યોગો વશ કરી આઠ પ્રવચન માતાઓ સાચવો તોપણ મોક્ષનો નિયમ નહીં. તેમ કષાયો યોગો ટાળનારા માટે પણ નિયમ નહીં. મૂળ ટકી રહ્યું તેને ઉપરથી કાપી નાખીએ તો વરસાદ ન વરસે ત્યાં સુધી. મૂળ હોય તો ઉપરથી કાપેલું ઝાડ ઉગવાનું છે. જ્યારે ઝાડનું મૂળ ઉખડી જાય પછી લીલું ન રહે, ત્રણ દહાડામાં આખું ઝાડ સુકાઇને સાફ. મૂળ ઉખડ્યા પછી ત્રણ દહાડામાં સુકાઇને સાફ થઈ જાય. મિથ્યાત્વ એ જ સર્વ કર્મનું મૂળ. મિથ્યાત્વરૂપી મૂળ નીકળી ગયું, આત્મા સમ્યક્ત્વ પામ્યો, પછી અવિરતિ કષાય યોગો એ હાથા વગરની કુહાડી જેવા હોવાથી અર્ધપુદ્ગલ પરાવર્તમાં મોક્ષ જરૂર પામવાનો જ. મિથ્યાત્વ પાપસ્થાનક એક બાજુ, ૧૭ પાપસ્થાનકો એક બાજુ છતાં શાસ્ત્રકારે તેને ચાંલ્લો કર્યો છે. ૧૮મા મિથ્યાત્વ પાપસ્થાનકને શલ્ય કહે છે. પ્રાણાતિપાતાદિ ૧૭ પાપસ્થાનકોને શલ્ય ન કહ્યા. શલ્ય શબ્દથી મેશનો ચાંલ્લો. ૧૮મા મિથ્યાદર્શન શલ્ય કહો છો, કારણ એ મિથ્યાત્વથી દુઃખની જડ હંમેશા રહે છે. મિથ્યાત્વ ખસે તો દુઃખની જડ ટકે નહિં.

**ભરદરીયા કરતાં કીનારે વધારે મુશ્કેલી.**

અન્ય દર્શનોમાં સમ્યક્ત્વને મિથ્યાત્વ તેવો વિભાગ નથી, પરંતુ શાસ્ત્રકાર કહે છે કે મિથ્યાત્વશલ્ય કાઢવું મુશ્કેલ છે. પણ ભરદરીયો ઓળંગવો જેટલો મુશ્કેલ નથી તેટલો કાંઠો ઓળંગવો મુશ્કેલ પડે છે. અથડાવાનું કાંઠે થાય છે. કાંઠેથી પાછા આવતાં ને જતાં મોજા અથડાવાથી કાંઠે વહાણને મુશ્કેલી પડે છે. તેમ અહિં પણ જીવને મોક્ષની સ્થિતિ વિચારીએ યથાપ્રવૃત્તિકરણ સુધી આવવું મુશ્કેલ નથી. યથાપ્રવૃત્તિકરણ સુધી અનંતી વખત જીવ આવ્યો, પરંતુ યથાપ્રવૃત્તિનો ધક્કો સહન કરવો વધારે મુશ્કેલ છે, તેમ જૈનદર્શન પામ્યા પછી મિથ્યાત્વનો ધક્કો સહન કરવો મુશ્કેલ પડે છે. કેમ ? સોનાની પરીક્ષા શીખવી સહેલી છે, પણ સોનું પિત્તળના વિભાગ પાડવા મુશ્કેલ છે. હીરા અને ઈમીટેશનના વિભાગ પાડવા મુશ્કેલ છે. પીત્તળથી સોનું જુદું કરવું મુશ્કેલ છે. સાચા હીરાને તારવ્યા પછી કીંમતમાં ઉતરવું મુશ્કેલ છે. સોનાને તારવ્યા પછી ટચ પારખવી મુશ્કેલ છે. તેમ જિનેશ્વરના શાસન પામ્યા પછી મિથ્યાત્વથી બચવું મુશ્કેલ છે. ત્યાં જૈનદર્શનની બાબતો, મિથ્યાત્વમાં ખોટાને સાચું માનવાનો વખત હતો. અવગુણીને ગુણી માનવાનો વખત હતો. જૈનદર્શનમાં એક વખત દાખલ થયા પછી મિથ્યાત્વ આવ્યું તો અવગુણીને ગુણી ને ગુણીને અવગુણી માનવો પડે છે. તેથી ત્રીજા ઉદ્દેશામાં જણાવ્યું કે દુર્લભ બોધિપણું ક્યાં ? જૈનશાસન પામ્યા પછી દુર્લભબોધિ થાય. કારણ ? ગોશાળો સાચા કેવળી ભગવાન પાસે ગયો તેથી જ ભગવાનની આશાતના કરનાર થયોને ? ભગવાન પાસે ન રહ્યો હતે તો આશાતના કરવાનો વખત ન આવતે. ભવાંતરે પણ ધર્મપ્રાપ્તિ દુર્લભ ન થતે. આ ભવે ધર્મ પામ્યા છતાં 'આભવમખંડા' કહીએ છીએ. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી અખંડ

સેવા માગીએ છીએ. પરંતુ મોઢે માગણી કરાય છે. બીલાડીએ બગલાને નોતરૂં દીધું. થાળમાં ખીર પીરસી, જમો ભાઇ જમો. સંકોચ ન રાખશો, ખવાય તેટલું ખાજો. મોઢે તેમ કહેવું છે પણ ભોજન એવું મેલવું છે કે અર્ધું પણ ન ખાય. તેમ ભગવાન પાસે શુભ ગુરુનો જોગ તેમના વચનની સેવા, માગણી પૂરેપૂરી કરીએ છીએ. વાઘની માસી બીલાડીએ નોતરામાં કચાશ કે બાકી નોતી રાખી.

શાસનના શુભગુરુ તેને કુગુરુ ગણ્યા. પછી દુર્લભબોધિપણું આવે કે નહિ ? અવગુણી ગુરુને ગુરુ માનવામાં જેટલું નુકશાન ન હતું તેટલું ગુણીને અવગુણી માન્યા, ગુણી ઉપર દ્વેષ થાય, ગુણીને અવગુણી મનાય ત્યાં જીવની શી દશા થાય? અવગુણીને ગુણી માનનાર મિથ્યાત્વવાળો યથાપ્રવૃત્તિકરણ કરી અકામનિર્જરાએ સમ્યક્ત્વ પામવા લાયક બને, પણ ગુણીના દ્વેષી બનનારા ભવાંતરમાં સમ્યક્ત્વ પામવાને લાયક નહીં બને. સમ્યક્ત્વ પામ્યા પછી ઢોરવેડા ન કરવાં. લાડવાનો થાળ મેલ્યો હોય, એકાદ બે લાડવા ખાઈને પાછો ખોળમાં મોં ઢોર ઘાલે છે. તેમ જૈનદર્શનરૂપી અમૃત પામેલો અવળા માર્ગરૂપી ખોળમાં મોં ઘાલે તેથી સાવચેત રહેવા માટે કાંક્ષા કહી છે. કાંક્ષાને પ્રકૃષ્ટ દૂષણ તરીકે સ્પષ્ટપણે ત્રીજા ઉદ્દેશામાં કેવી રીતે જણાવશે તે અગ્રે.

# દેશના ૪૧
# મિચ્છા મિ દુક્કડં ચર્ચા.

'कंखपओसे'त्ति कांक्षा - मिथ्यात्वमोहनीयोदयसमुत्थोऽन्यान्य दर्शनग्रहरूपो जीवपरिणाम: ।

ટીકાકાર ભગવાન ભગવતી સૂત્રની ટીકા રચતાં આગળ જૈન શાસનનું-સર્વક્ષેત્ર કાળનું છત્ર હોય તો માત્ર પંચપરમેષ્ઠિ નમસ્કાર. શ્રી પાર્શ્વનાથજીએ દીક્ષા લીધી ન હતી, કેવળ પામ્યા ન હતા, તીર્થ સ્થાપ્યું ન હતું, તે વખતે સાપ જેવા ઝેરી સાપને બળેલા જલતાને આરાધના માટે સંભળાવ્યું હોય તો નવકાર. તીર્થ પ્રવર્તન ન થયું હોય તો પણ આરાધના માટે નવકાર નિયમિત છે. તીર્થંકરને દીક્ષા કેવળ થયા ન હતા. રાજરિદ્ધિમાં હોવા છતાં તે વખતે પણ જૈન શાસનમાં આરાધના માટે નવકાર છે. નવકારની કિંમત સમજનારા નથી, પંચપરમેષ્ઠિની મહત્તા ધ્યાનમાં નથી, તેવાના જ આ બકવાદો હોય. પંચ નમસ્કારનો પ્રભાવ સમજતા હોય તેને સ્વપ્ને પણ એ ન થાય કે નવકારમાં શું છે? આવી પંચપરમેષ્ઠિની મહત્તા હોવાથી ગણધરમહારાજાએ ભગવતીની શરૂઆતમાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યો. બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો. ત્યારપછી ૧૦ ઉદ્દેશામાં જે કહેવાનું છે તેનો અનુક્રમ સંગ્રહણી ગાથા દ્વારા જણાવે છે. હવે કર્મનું ચલાયમાન ચલિતપણું કહ્યા પછી સંસારને દુઃખમય દેખે, નારકી તિર્યંચને અભવ્ય મિથ્યાદૃષ્ટિઓ દુઃખમય દેખે છે, સર્વમતવાળાઓ સર્વજીવો નારકી, તિર્યંચની ગતિને દુઃખમય માનવા

તૈયાર જ છે, પરંતુ સમકિતી જીવ સુખમાં લપેટેલા દુઃખો, અંદર દુઃખ ઉપર લપેટાએલા સુખ, કર્મની પરાધીનતા દેવ-મનુષ્ય ગતિમાં રહેલી છે. જન્મમરણની આપત્તિઓ મનુષ્ય-દેવગતિમાં રહેલી છે. ઈર્ષ્યા, ક્રોધ, માન, માયા, લોભ દેવ-મનુષ્ય ગતિમાં રહેલા છે.

**સમકિતી મોક્ષ સિવાય બીજી પ્રાર્થના ન કરે.**

સમકિતદૃષ્ટિના હિસાબે ચારે ગતિ દુઃખમય, સમકિતી મોક્ષ સિવાય બીજી પ્રાર્થના કરે નહિં. માટે સમકિતદૃષ્ટિને શમ સંવેગ નિર્વેદ અનુકંપા આસ્તિકયાદિથી ચારે ગતિનો નિર્વેદ, ચારે ગતિનું દુઃખ નજર તળે આવે, જન્મમરણ આદિના દુઃખો કોઇના કરેલા નથી. અન્યોમાં દુઃખસુખ તો પરમેશ્વરે દીધું. ઈશ્વર કોઈને પણ સુખદુઃખ દેતો નથી. સુખ અને દુઃખ પોતાના કરેલા કર્મોને અનુસારે જ ભોગવે છે. પુન્ય પાપ કર્યા હોય તે સુખદુઃખ ભોગવે છે. પુન્ય કરનાર દુઃખ ભોગવતો નથી. પાપ કરનાર સુખ ભોગવતો નથી. આ વાત બીજા ઉદ્દેશામાં નક્કી કરશે.

જીવ જે દુઃખ ભોગવે છે, ચાહે માનસિક, વાચિક, કાયિક હોય, પણ બીજાનું કરેલું દુઃખ નથી. પોતે કરેલું જ પોતે ભોગવે છે. એવો કોઇ મૂર્ખ નથી કે પોતાને હાથે પોતાના પગે કુહાડો મારે. પોતાનો પગ કાપનાર કોઇ નહીં હોય. તેમ પોતાને હેરાનગતિ થાય તેવા કર્મો પોતે કરે શું કરવા? પોતાને સુખ દે તેવા કર્મો કેમ ન કરે? અનાદિકાળથી આત્મા સુખની ઈચ્છાવાળો દુઃખથી ડરવાવાળો છે.

**'आत्मवत् सर्वभूतेषु यः पश्यति सः पश्यति'** જેવો પોતાના આત્માને દેખે તેવો જગતના આત્માને દેખે. તેનું નામ દેખનારો તેમ નીતિકારે કીધું હતું, તે કલિકાલ હેમચંદ્રસૂરિ મહારાજે કહ્યું કે આ તો અનર્થ કરી નાખશે. પોતે વિદ્વાન તો આખા જગતને વિદ્વાન માની લેવું? તેમ મૂર્ખ, રોગી, નિરોગી, ભૂખ્યો, તરસ્યો તેમ માને તો? આવું

અવળું પરિણમે એવું વાક્ય ન જોઇએ. પોતાના આત્માની માફક બીજાના આત્મામાં પોતાના આત્માને સુખ વહાલું, દુઃખ અપ્રિય છે, તેમ જગતના દરેક આત્માને સુખ વહાલું છે. દુઃખ અપ્રિય છે તો જ જીવને આપણે માનનારા ગણાઈએ.

**અપ્રમાણિક ચોકસી જેવી છ કાયની શ્રદ્ધા.**

ચોકસીને ત્યાં મુસાફર સોનાનો દાગીનો વેચવા ગયો, તોલ ભાવ કરો, પૈસા આપો, દસ તોલા દાગીનો થયો. દસ પૈસા આપવા લાગ્યો, અહીં સોનું સોંઘું હશે માની મુસાફર કહે તો મને અમુક તોલા સોનું આપો, તોલ્યું, કિંમત ૩૪ રૂપીએ તોલો. તે વખતે પૈસે તોલો કહેતા હતા. એ તો મારૂં હતું, પારકાની કિંમત ૧ પૈસો ગણે બીજાને આપવા માટે પોતાના સોનાની કિંમત ૩૪ રૂપીઆ તોલાના ગણે છે, તે ચોકસી ઇમાનદાર ન ગણાય. આપણો અને છ કાયનો જીવ બંનેને સરખા માનીએ છીએ. આપણને દુઃખનો ડર લાગે તો બીજાને દુઃખ થાય તે વખતે ડર લાગતો કેમ નથી? બીજાને કાપતાં, લસોટતાં, બાળતાં દુઃખ થતું હશે તે વખતે તમને કંઇ દુઃખ થયું? જીવની શ્રદ્ધા થઈ હોય ત્યારે એ વિચાર આવે. ૧૦૦ એ ૧૦૦ ટકા સ્થાવર ને ત્રસ જીવો તે જાણવા માનવાવાળા છતાં અપ્રમાણિક ચોકસી જેવી શ્રદ્ધા છે. મુસાફરના સોનાને માને છે સોનું. પણ કિંમત ૧ પૈસે તોલો. છ કાયના જીવો બોલવા છે, માનવા છે પણ સુખ દુઃખના વિચાર કરવાનો વખત આવે ત્યારે ત્રણ લોક કરતાં વધારે કિંમતી મારો જીવ છે.

**શહેનશાહોએ ગાદી કેમ છોડી?**

મોટા મોટા શહેનશાહોએ બચવા માટે ગાદીના રાજીનામા આપ્યા. સ્પેન પોર્ટુગીઝ તુર્કના સુલતાન ઈરાનના શાહે ગાદી છોડી. શાથી? રાજ્ય અળખામણા લાગ્યા ન હતા, માત્ર જીવનનો બચાવ, પોતાના બચાવ માટે શહેનશાહત છોડવા તૈયાર, પારકા જીવોની

કિંમત કોડીની. અસંખ્યાતા અનંતા જીવો બળી જાય, ભીંજાઈ જાય, શેકાય, લસોટાઈ જાય તેની આપણને ચિંતા નહીં. જીવતત્વ માનનારા હોઈએ તો એક જીવ અસંખ્યાત પ્રદેશી, ચેતનાવાળો તેના સુખનો નાશ કેમ કરી શકું ? દુઃખ કેમ આપું ? સાચા સ્વરૂપે માન્યતા હોય તો કોઈ પણ જીવને આપણે નુકશાન કરી શકીએ નહિ **'सव्व भूयप्पभूअस्स सम्मं भूयाइं पासओ ।'** સર્વ જીવને પોતાના આત્મા જેવો દેખે તે કર્મથી બચે. જગતના સર્વ જીવોને પોતાના જીવ જેવો દેખે તે કર્મથી બચી શકે, તે માટે ત્રીજા ઉદ્દેશામાં કર્મબંધના કારણો જણાવ્યા.

**ગૃહસ્થધર્મમાં આરંભાદિક કાર્યો નિંદાપાત્ર છે.**

એક ચોરી કરે છતાં તારા બાપનું છે ? અહીં આવ્યું ને અહીં ગયું. એક તો ચોરી કરવી ને ઉપરથી શીરજોરી. તેમ જગતમાં કેટલાકો જીવોની વિરાધના કરે છે. વિરાધના કરનારા છતાં વિરાધના ખોટી માનનારનો ઉદ્ધાર છે. પરંતુ જે માણસ ગુનો કરે, ને હા હા ગુનો કર્યો. તેની શી દશા થાય ? ચુકાદો દેનાર બરાબર ટીપે. ગુનો કરી મગરૂબી ઉધ્ધતાઈ કરે છે. તેમ સંસારમાં પાપ કરનારા બે પ્રકારના. દિલગીરીને મગરૂબી જાહેર કરનારા, જૈન શાસનના આધારે રહેનાર ગુનાને અંગે દિલગીરી જાહેર કરે. બીજાઓ ગુનો કરે ને મગરૂબી કરે. બીજાએ કરવું જોઈએ. લગ્નવિધિ કરવો જ જોઈએ. સંતાનોત્પતિ કરવી જોઇએ. ખેતી કરવી જોઈએ. જૈન શાસન માનવવાળા સર્વે ત્યાગી નથી હોતા. ખુદ જિનેશ્વરે બે ધર્મ જણાવ્યા. ત્યાગી અને ભોગીનો ગૃહસ્થ ધર્મ.

પરંતુ એક વાર ચોક્કસ. ગૃહસ્થધર્મમાં જે વિરાધના, આરંભ, પરિગ્રહ, વિષયના કાર્યો થાય તે કાર્યો નિંદાપાત્ર જ હોવા જોઈએ. આરંભ પરિગ્રહના કાર્યોમાં દિલગીરી-ખટકો ન રહે તેને જૈન માર્ગમાં સ્થાન નથી. મિથ્યાદષ્ટિમાં જે ઉંચામાં ઉંચો ગણાય, તે જે કર્મ બાંધે તેના કરતાં જૈન શાસનમાં હલકામાં હલકા દરજ્જાના હોય તે ઓછુ

કર્મ બાંધે. તે વાત રોજ બબ્બે વખત તમો બોલો છો. **'सम्मदीट्ठी जीवो जइवि हु पावं समायरे किंचि ।'** સમ્યક્દૃષ્ટિ પાપ કરે તો પણ તેનો બંધ અલ્પ હોય. અંતઃ કોડાકોડી સાગરોપમ કાળ પ્રમાણની સ્થિતિ હોય. મિથ્યાદૃષ્ટિને અંતઃ કોડાકોડીથી વધારે જ હોય. તેથી ઓછો ન હોય. આ તો પોતાની છાશને મીઠી કહેવી છે. પારકાના દૂધને ખાટું કહેવું છે. આ તો વાડાબંધી છે. અમારા વાડામાં આવ્યો તે બચ્યો. ન આવ્યો તે મરાયો એમ નથી. એનો ખુલાસો ચોથા પદમાં જણાવી દીધો છે. **'जेण न निद्धं-द्धसं कुणइ'** જૈન શાસનમાં દાખલ થયેલો આરંભ, વિષય, કષાય કરે, આરંભાદિક થઈ જાય છે, રોકાતા નથી પણ કરવા જોઇએ તે બુદ્ધિ જૈન શાસનમાં આવેલાની ન હોય. આરંભ પરિગ્રહ, વિષય કષાય કરવા જોઈએ તેમ ન હોય. ત્યાગ કરવો એ જ ઉત્તમ. મારાથી ત્યાગ થતો નથી.

જૈનશાસનમાં રહેલો પાપ કરે છે તે કરવા લાયક માની કરતો નથી, પણ કરવું પડે છે. પાપ નહીં માનનારો કરવું જોઇએ, ન કરીએ તો ધર્મથી ખસ્યા ગણાઈએ. સમકિતીને મિથ્યાત્વીની પરિણતિમાં કેટલો ફરક છે? મકરકુદીયાથી-નિર્ધ્વસપણાથી આરંભ પરિગ્રહાદિક જૈનશાસન માનનારો ન કરે. પાપ સારા સમજીને ન કરે. નઠારા સમજી કરનારો ચીકણા કર્મ ન બાંધે, રાચીમાચીને કરનારા તીવ્ર કર્મ બાંધે છે. અરૂચિથી કર્મ કરનારો ચીકણા કર્મ ન બાંધે તે સ્વાભાવિક છે. તેમાં વાડાબંધીનો સંબંધ નથી. સમ્યગ્દૃષ્ટિ જૈનશાસન જાણનારા, માનનારા આરંભાદિકમાં ડૂબેલો હોય તો પણ ધારણા પાપ ત્યાગની હોવાથી તીવ્ર બંધ ન કરે. અન્યો ઘર બાંધવા, વિવાહાદિક કાર્યો કરવા જોઈએ, કરનારને માન, સન્માનાદિ કરનારો હોય, આશીર્વાદ આપનાર હોય, હવે આ જગો પર દીલગીરીપૂર્વક વારંવાર કરે તેને ધિક્કાર પડયો ને ?

વારંવાર કરે ને વારંવાર દીલગીરી ? રોજ સાંજે પ્રતિક્રમણમાં મિચ્છા મિ દુક્કડં દે, સામાયિક પારે એટલી જ વાર, પાર્યું એટલે સાક સમારવા બેસે આ મિચ્છામિ દુક્કડં કેવો? દષ્ટાંત આપીશ તો દુગુંચ્છનીય લાગશે. રોજ ઝાડે જાવ છો; રોજ બગડે ને સાફ દરરોજ કરવું પડે. જ્યાં સુધી કર્મના ઉદયમાં ઘેરાયેલો છે, મોહની તૂટયું નથી તે મોહની પ્રવૃત્તિની નિવૃત્તિ માટે પડિકમણું કરવું જ જોઈએ. અણસમજુને સમજાવવા સહેલા; સમજુને સહેલાઈથી સમજાવાય છે. દોઢ ડાહ્યાને સમજાવવું મુશ્કેલ છે. રોજ રોજ પાપ કરવું, આલોવવું તે માટે શારીરિક સ્થિતિનું દષ્ટાંત આપ્યું. રોજ કપડા મેલા થાય ને ધોવા પડે, મેલું થાય છે તેમ ધારી સ્નાન ન કરે, કપડાં ન ધૂવે તો વધારે મેલા થાય. રોજ ખાઈએ રોજ ઝાડે જઈએ, એક વાત દાધારંગાની છે. પોતાને પડિકમણું કરવું નથી, બીજા કરે તો પોતાથી ન ખમાય. દાધારંગાઓ કુતર્ક કરે, તેમાં શાસ્ત્રના શબ્દોના અર્થો એ અવળા કરે.

**મિચ્છા દુક્કડં દેનાર માયામૃષાવાદી કેમ બને ?**

ઉપાધ્યાયજીના સાડીત્રણસો ગાથાના સ્તવનની કડી માલમ હશે.

"મિચ્છા દુક્કડ દેઈ પાતિક, તે ભાવે જે સેવેરે,
આવશ્યક સાખે તે પરગટ, માયા મોસને સેવેરે.......૧"

ગાથાનો અર્થ તેઓએ શો કર્યો ? જે પાપનો મિચ્છા મિ દુક્કડં દે, તે પાપ બંધ ન કરે. તે પાપ સેવે તો મિચ્છા મિ દુક્કડં દેનારને આવશ્યકકાર મૃષાવાદી, માયામોસ-માયામૃષાવાદી કહે છે. જેઓ પ્રતિક્રમણ કરે ને પાછા છ કાયના આરંભમાં પ્રવર્તે તેવા માયામૃષાવાદી છે. માર્ગે ચાલનારા સામાન્ય બુદ્ધિવાળા હોય તો તે વાત સાચી માને. જેવી દાધારંગાએ વાત કહી છે તેવી જ ગાથા છે. ઉપાધ્યાયજીએ કહેલી (ગાથા ૧૬-૧૭)

કોઈ કહે જે પાતિક કીધાં, પડિકમતા છૂટીજે રે,
તે મિથ્યાફળ પડિકમણાનું, અપૂણ કરણથી લીજે રે...... ૧૬
મિથ્યા દુક્કડ દેઈ પાતિક, તે ભાવે જે સેવે રે,
આવશ્યક સાખે તે પરગટ, માયા મોસને સેવે રે...... ૧૭
તે ગાથા આવશ્યકના અનુસારે કહી છે –

**जं दुक्कडंति मिच्छा, तं भुज्जो कारणं अपुरिंतो ।**
**तिविहेण पडिकंतो, तस्स खलु दुकडं मिच्छा ।।६८५।।**

**आव०नि०**

ભાવાર્થ :- એક વખત જેણે અપરાધનું મિચ્છા દુક્કડં આપ્યું, ફેર તેવો અપરાધ જરૂરી કારણ વગર કરે નહીં, તો તેનું મિચ્છા દુક્કડં ત્રિવિધ પ્રતિક્રમણરૂપ સાચું ગણાય, કહ્યું છે કે –

**जं दुक्कडंति मिच्छा. ते चेव निसेवए पुणो पावं ।**
**पच्चक्ख मुसावाई, मायानिअडीपसंगो य ।।६८६।।**

**आव० नि०**

ભાવાર્થ – જે કરેલા અપરાધનું મિચ્છા દુક્કડં કરીને ફેર તે પાપને સેવે છે. તે પ્રત્યક્ષ પ્રગટ મૃષાવાદી છે. (એટલે તેનો કરેલો મિથ્યાદુષ્કૃત ખોટો છે.) એટલું જ નહિ, તે માયારૂપ કપટ કરનાર છે. માયા કપટથી તેનો આત્મા દૂષિત છે. નિશ્ચયથી-ભાવથી તે પાપ તોડનાર બન્યો નથી. માત્ર બહારથી મિચ્છા મિ દુક્કડં આપી ગુરૂને પ્રસન્ન કરનારો છે.

પચ્ચખ્ખમુસાવાઇ, આ ગાથા આવશ્યકકારે કહી છે. આવશ્યકકારે જે વાત કહી છે તે જ વાત ઉપાધ્યાયજીએ સ્તવનમાં કહી છે. તે વાત તે કહે છે તેને ઉતારી કેમ પાડો છો? વસ્તુ સમજવા ઉંડા ઉતરવાની જરૂર છે.

**મિચ્છા મિ દુક્કડંથી લાભ.**

જરૂર મિચ્છા મિ દુક્કડં દેઈ તે પાપ સેવનારો મૃષાવાદી છે. તે વાત આવશ્યકકારે અને ઉપાધ્યાયજીએ કહી છે. પરંતુ એ જે રૂપમાં લઈ જવા માગે છે, તે રૂપમાં આવશ્યકકારે નિર્યુક્તિકારે કે ઉપાધ્યાયજીએ નથી કહી. કયા રૂપમાં કહી છે ? મિચ્છા મિ દુક્કડં દેવાની દરેક જીવે ટેવ પાડવી. માફી માગવાની ટેવ હોય તે ખરેખર આ ભવ અને ગયા ભવના કર્મો નાશ કરી શકે છે. માફી માગવાની ટેવ વગરના આ ભવના પાપો નાશ કરી શકતા નથી. મિથ્યાકાર સમાચારી સેવનારો અસંખ્યાતા ભવના પાપોનો ક્ષય કરી શકે છે. તેના ફાયદા જણાવતા, મિચ્છા મિ દુક્કડં આપતો નથી, તે પાપો તોડી શકતો નથી. મિચ્છા મિ દુક્કડંવાળો અસંખ્યાત ભવના પાપ તોડી શકે છે.

**દરદીને ટાઢું ભોજન વાયુ કરે, ઉનું ગરમી કરે.**

તેમ જૈન શાસનની છાયાવાળો અને છાયા વગરનો તેમાં આ ફરક છે. પાપની દીલગીરી થાય, આત્મા પાપમાં રાચેમાચે નહીં તો સજ્જડ પાપ ન બંધાય. દિલગીરી દર્શાવવાથી ભવાંતરના કરેલા પાપો તૂટે. વાત અવળી પડી. માફી માગવાની હવે ટેવ પાડવી. તે સહેજે માફી માગી શકે, ચાહે જેવો મોટો ગુનો હોય પણ માફી માંગતા જરૂર ઓછો થાય. મિચ્છા મિ દુક્કડંની મહત્તા હોવાથી પાપને પાતળા કરનાર છે, એવી ટેવ પાડવી કે તે દેતાં સંકોચ ન થાય. ચૂંટી ભરે તો માફી માંગવાનું બને માટે માફી માંગવા માટે ચૂંટીઓ ભરવી. ચૂંટીઓ ભર્યા વગર માફી માંગવાનો પ્રસંગ ન આવે. પાપ ન સેવીએ તો મિચ્છામિ દુક્કડં દેવાનો વખત ન આવે, મિચ્છા મિ દુક્કડં દેવા માટે પાપ કરવું જોઈએ. મિચ્છામિ દુક્કડંનું ફળ માન્યું. જરૂરી માન્યું ને મિચ્છા મિ દુક્કડં માટે પાપ કરવું, પાપ ન કરીએ તો માફી શાની માગીએ ? સાહેબ માફ કરજો તે કરવા માટે પાપ કરવું, તેમ કહેનારને શાસ્ત્રકારે અવળચંડા કહ્યા, તે ભાવે પાપ સેવીશ તો મિચ્છા મિ દુક્કડં દેવો ફાવશે. તે ભાવે, મિચ્છા મિ

દુક્કડં દેવાના ભાવે પાપ સેવનારા તે ખરેખર માયાવી જાળી મૃષાવાદી દોષવાળા છે. સારૂં માનવું છે ચૂંટી ભરી તો માફી માગી શકાઈ. તે ચૂંટી ભરી તો છાનીમાની, વળી માફી માગી, માફી માગવાની દાનતે ચૂંટી ભરનાર કેવો ગણીએ ? લબાડ ગણીએ, તેમ મિચ્છા મિ દુક્કડં દેવા માટે પાપ સેવનારને માયામૃષાવાદી કહે તેમાં નવાઈ શી ? ઇરિયાવહિયામાં છએ કાયાને મિચ્છા મિ દુક્કડં દે છે. પાછો છએ કાયાનો આરંભ કરે સાધુની વાત, નદી ઉતરી ઇરિયાવહિયા કરીને પછી જીંદગીમાં બીજી વાર નદી ન ઉતરવી? શાસ્ત્રોના અર્થોને અવળા કરે, અવળા બેસાડે તેમને શું કહેવું ? જૈન શાસન પામેલો કર્મથી બચી શકે, બીજા કર્મથી ન બચી શકે. પાપને છાંડવા લાયક ગણે, બીજાઓ ફરજ ગણે, આત્માને મોટું દુષણ કયું ? જૈન શાસનથી બીજા મત તરફ ઇચ્છા થવી, તે મોટામાં મોટું દૂષણ. ૧૭ પાપસ્થાનક એક બાજુ, ૧૮મું મિથ્યાત્વશલ્ય એકલું એક બાજુ. ૧૭માં એકેમાં શલ્ય શબ્દ નથી વાપર્યો. શલ્ય એકલા ૧૮માં મા વાપર્યો છે. એક વાત ધ્યાનમાં રાખજો. મિથ્યાત્વનો બટ્ટો, સમ્યક્ત્વની છાપ ઘરે ઘરે ની કામ નહીં લાગે. દિગંબરો, કાનજી પંથીઓ, તેરાપંથીઓ પોતાના સમ્યક્ત્વની છાપ આપે છે, તે અહીં ન લેવાના. તે માટે અભયદેવસૂરિ કેવી રીતે જણાવશે તે અંગે અગ્રે - -

# દેશના ૪૨
# કરેલા કર્મ ભોગવ્યા સિવાય છુટકો નથી.

**ચલિત થયેલો કર્મપ્રદેશ તૂટવાનો જ.**

ટીકાકાર મહારાજા ભગવતીજી વ્યાખ્યા કરતાં ઉદ્દેશાના અર્થાધિકારને અંગે પ્રથમ શતકના ઉદ્દેશાના અર્થાધિકાર જણાવતાં **'कडेमाणे कडे चलेमाणे चलिए'** આત્માના પ્રદેશોથી કર્મનું ચલાયમાન થવાપણું થાય તે. કર્મ પુદ્‌ગલ એવું ન હોય કે ચાલતા ચાલતા રોકાઇ જાય. એવો કર્મસ્કંધ ન મળે, જે આત્મ પ્રદેશને લાગેલો ભલે અબાધા કાળ સુધી સ્થિર પડી રહે, પરંતુ એવો એક પરમાણુ સ્કંધ ન મળે કે જીવથી ચલાયમાન થયો કે ખર્યા વગરનો રહે. ખીલો ઢીલો થયો હોય તે ઠોકવાથી પાછો મજબૂત થાય. તેમ કર્મસ્કંધમાં ન બને, જે ચલાયમાન થયા પછી દૃઢ થાય. એ તો ખર્યા જ છુટકો. ચલિત થયો તે કર્મપ્રદેશ નિર્જરવાનો - તૂટવાનો જ. દાંત હલતો થયો કે પડવાનો જ. હાલ્યા પછી સ્થિર ન થાય. દુનિયામાં બીજી ચીજો મજબૂત બની જાય. દુનિયામાં બીજા પદાર્થો ચલાયમાન થાય છતા સ્થિર - મજબૂત થઈ જાય, પણ કર્મવર્ગણા આત્મામાં છે તે ચલિત થઈ તો ખરી જવાની જ. તેથી ચલાયમાન થયું તે ચલિત જ.

તેમ પ્રથમ ઉદ્દેશામાં અર્થાધિકાર જણાવ્યા પછી બીજામાં આકાશમાં રહેલા પદાર્થો સળગી કોહાઈ જાય તેમાં આકાશને સંબંધ નથી. આકાશમાં રહેલા પદાર્થોને સડવા પડવા વિધ્વંસ ન થવાનું થાય

તેથી તેની અસર આકાશને નથી, તેમ જડ એવા કર્મો ચલિત થયા તેથી આત્માને શું ? આકાશ ચેતનવાળી ચીજ નથી. આત્માએ લીધેલા બાંધેલા છે. આત્મા ચેતનવાળી ચીજ હોવાથી તેની અસર આત્માને થાય તે સ્વાભાવિક છે. તીજોરીમાંથી ૧૦૦ રૂપિયા ગયા. સંબંધ તીજોરી સાથે છે છતાં મમત્વભાવે માલિકે વસ્તુ ગ્રહણ કરી હતી. તીજોરીએ મમત્વભાવે વસ્તુ ગ્રહણ કરી ન હતી. તીજોરીમાં ૧૦૦ ગયા તેથી માલિક ચેતન હોવાથી ૧૦૦ આવ્યાનો હર્ષ ને ગયા શોક માલિકને છે. મમત્વભાવ હતો તેથી આવ્યા ત્યારે હર્ષમાં, ગયા ત્યારે નારાજ થયો. આકાશ ને આત્માને સરખા ગણતો હોય તો તારા આત્માને તીજોરી સરખો તો કર. અચેતનનું દૃષ્ટાંત ચેતનમાં લગાડે તે કામ ન લાગે. કર્મ બાહ્ય પદાર્થ, જડ છતાં આત્માને લાગેલા કર્મો દુઃખ આપે છે. તે વગર દુઃખનું ખસવું થતું નથી.

**કર્મ ભોગવીને અને તપસ્યાથી તોડવામાં શું ફરક ?**

'**कृतकर्मक्षयो नास्ति**' ક્રોડો કલ્પો થઈ જાય તો પણ કરેલા કર્મોનો ક્ષય નથી. જૈન શાસ્ત્રકારો તેમાં સુધારો કરે છે. કરેલા કર્મો ભોગવવા પડે, તૂટતા જ નથી, તો ધર્મ શા માટે કરવો પડે ? પ્રાયશ્ચિત, આલોયણ, તપસ્યા કર્મ તોડે છે, તો કર્મનો ક્ષય નથી તે વાત ક્યાં રહી ? જ્યાં કરેલા કર્મનો ક્ષય નથી ત્યાં એ જ વાત સાથે મેલી છે. પરંતુ આ બે વસ્તુ ન બની હોય તો. એક તો ભોગવટો ભોગવી લેવામાં આવે તો કર્મ તૂટે જ. અને જે બાર પ્રકારની તપસ્યા કરવાથી કર્મનો ક્ષય થાય, ભોગવવાથી ક્ષય તેમાં ફરક છે. કયો ફરક ? ભોગવવાથી ક્ષય થાય તે પ્રદેશને રસથી બંનેથી ક્ષય થાય, તપસ્યાથી ક્ષય થાય, તે રસથી ક્ષય થાય. કરેલા કર્મોનો ક્ષય નથી ત્યારે શાસ્ત્રકારે કહ્યું કે '**अवश्यमेव भोक्तव्यं कल्पकोटी शतैरपि**' એથી ભોગવ્યા સિવાય કરેલા કર્મનો ક્ષય નથી. સર્વથા ક્ષય ન થાય તો ઘડી દુઃખ થાય ને પછી મટી જાય છે. કર્મ

ખસ્યા, દુઃખના કર્મ ખસ્યા ન હતે તો દુઃખ મટતે જ નહીં. સુખના કર્મો ભોગવવાથી મટી ગયા. જૈન શાસ્ત્રકાર કહે છે કે તે વાત પણ નહીં. ભોગવવા જ પડે તેઓ નિયમ નહીં. ભોગવવા પડે અગર તપસ્યાથી પણ કરેલા કર્મોનો ક્ષય થાય. બેમાં ફરક છે. ભોગવવાથી ક્ષય થાય તે રસ અને પ્રદેશથી કર્મનો ક્ષય. તપસ્યા દ્વારા ક્ષય થાય તે માત્ર રસથી, પ્રદેશથી નહીં. પ્રદેશથી તો કર્મ તપસ્યા છતાં ભોગવવા પડે. રસ અને પ્રદેશથી તૂટે એ શું ? એક માણસે પાંચ પચીસ કેરી ખાધી. પેટ ચડયું, વૈદ બોલાવ્યો, સૂઠ ફકાવી, પેટનું વિકારનું દુઃખ બેસી ગયું, કેરીના પુદ્ગલો અંદરથી ઉડી ગયા નથી. જંગલ-પ્રીવી જઈએ તો કેરીઓનો જ રંગ હોય. કેરીનો વિકાર સૂંઠે તોડી નાખ્યો. કેળાં ૫-૧૦ ખાધા પેટમાં દુઃખ્યું, એલચી ખવડાવી ને દુઃખતું મટી ગયું, કેળાના પુદ્ગલોને એલચીએ ઉડાવ્યા નથી પણ કેરી-કેળાંનો વિકાર સૂંઠ કે એલચીથી ઉડી ગયા. તેમ તપસ્યા કર્મના વિકારોને તોડી નાખે છે. વિકારો હતા તે તોડી નાખ્યા તેનું જ નામ ક્ષયોપશમ. જૈનોમાં ક્ષયોપશમ શબ્દ બધા જાણે, પણ પદાર્થ-ચીજ-અર્થ સમજતા નથી. ઉદય આવેલા કર્મોને રસ અને પ્રદેશથી ભોગવી તોડી દેવા, જે કેરી-કેળાં આંતરડામાં ઉતર્યા છે જઠરમાંથી આંતરડામાં ગયા તેને સૂઠ એલચી અસર ન કરે, પણ આંતરડામાં ગયા ત્યાં શું કરવું? જે કર્મોની સ્થિતિ પૂરી થઈ, અબાધાકાળ પૂરા થયા, ઉદય થયો તે કર્મોને રસ અને પ્રદેશથી ભોગવી તોડવા તે ક્ષય. ઉદય આવ્યા જેટલા, પરિપક્વ થઈ ફળ દેવા તેયાર થાય તે ભોગવી તોડી નાખ્યા. ઉદય નહીં આવેલા કર્મોના વિકાર તોડી વિકાર વગરના પ્રદેશોને અનુભવવા તેનું નામ ક્ષયોપશમ. ક્ષયોપશમ જે તપસ્યાથી થાય તેમાં, વિકાર તૂટી જાય તે પુદ્ગલો વેદાય છતાં આત્માને હેરાન ન કરે.

**સમ્યક્ત્વ મોહનીયનો બંધ ન હોય.**

સમ્યક્ત્વમોહનીય ક્ષાયિક સમ્યક્ત્વ ન થાય ત્યાંસુધી સમકિતી

જીવ હંમેશા ભોગવે. સમ્યક્ત્વમોહનીય બંધાવાની ચીજ નથી. સમકિતમોહની બાંધતો જ નથી. ચાહે ભવ્ય કે અભવ્ય હોય, સમકિતી કે મિથ્યાત્વી હોય તે સમકિતમોહની ન બાંધે. સમ્યક્ત્વમોહનીના પુદ્ગલો તે મિથ્યાત્વના ઘરના છે. સુધારેલું મિથ્યાત્વ તે સમ્યક્ત્વ-મોહનીય. મિથ્યાત્વના પુદ્ગલોમાંથી વિકાર કાઢી નાખ્યો તે શુદ્ધ થયા તે સમ્યક્ત્વમોહનીય. અર્ધશુદ્ધ તે મિશ્રમોહનીય. મિથ્યાત્વના પુદ્ગલ શોધ્યા વગરના એમને એમ રહ્યા તે મિથ્યાત્વમોહનીય. જ્યારે શોધેલા મિથ્યાત્વના પુદ્ગલો તે સમ્યક્ત્વ હોય તો તેનો બંધ ક્યાંથી હોય? બાજરી, ચોખા, ઘઉં, અડદ છડેલું શોધેલું અનાજ કોઠારમાં, છોડાવાળું અનાજ ઉત્પન્ન થતી વખતે છોડાવાળું જ હોય. કોઠારમાં ભરો તેવું ચોખ્ખું ખેતરમાં ન પાકે, તેમ સમ્યક્ત્વમોહની મૂળથી થએલી ચીજ નથી. મિથ્યાત્વમોહનીય સુધારી શુદ્ધ કર્યા તે સમ્યક્ત્વમોહનીય, આમ ક્ષયોપશમ થાય.

**કર્મક્ષય વગર આત્માની ઉજ્વળતા નથી.**

કર્મો તપ કરીએ તે વખતે રસથી તૂટે, પ્રદેશથી ન તૂટે. પ્રદેશથી તો ભોગવવા જ પડે. કર્મો આત્માને લાગેલા છે, તે દુઃખ દીધા સિવાય ખસતા જ નથી. તીર્થંકર ગણધર કેવળી ભવ્ય કે અભવ્ય કોઈને પણ કર્મ છોડતાં નથી. જે જે કર્મ કરનાર તે સર્વને દુઃખ થાય. તે માટે બીજો ઉદ્દેશો જણાવ્યો. કર્મ બંધાય સત્તામાં રહે તે આત્માનું નુકશાન કરે. ઉદયમાં આવે તે પણ નુકશાન કરે. કોઈ પણ અવસ્થામાં કર્મ આત્માના ગુણોને ઉજ્વળ કરનાર નથી. કર્મક્ષય વગર આત્માની ઉજ્વળતા નથી. જગતનો સ્વભાવ છે. દુઃખ વેદે છે, કોઈ પણ ગતિ જાતિ અશાતાના ઉદય વગરની છે જ નહીં. સર્વ ગતિઓમાં અશાતાનો ઉદય રહેલો જ છે.

દરેક જીવ અશાતા ભોગવે છે, પરંતુ ગણત્રી ઉંધી થાય છે. માણસ જોઈને ચાલે નહીં. ઈંટનો ખૂણો વાગે. રોષ ઈંટના કકડા ઉપર થાય છે, ઉખાડીને ફેંકી દે. પોતે જોયા વગર ચાલ્યો તેથી વાગ્યો.

પોતાની ઉપયોગની ખામી ઉપર નથી જોતો, વાંક ઈંટનો કાઢે છે. જેમ અજ્ઞાની જીવો

**किं एत्तो कट्ठयरं, मूढो जं थाणुगंमि अप्फिडिओ ।**

**थाणुस्स तस्स रूसइ, न अप्पणो दुप्पउत्तस्स ।।**

આના જેવી મુર્ખાઇ કઇ? ડાફોરીયા મારતો ચાલે, ઠુંઠા સાથે અથડાય. ઠુંઠા ઉપર રોષ કરે છે. પોતે જોયા વગર-ભાન વગર ચાલ્યો તે ઉપર વિચાર આવ્યો?

**કાયાનો કેદી પોતાના કર્મોથી થયો છે.**

એમ જગતમાં દરેક ગતિ જાતિવાળા દુઃખો ભોગવે છે. પણ દુઃખોના દોષનો ટોપલો પારકા ઉપર ચડાવે છે. ફલાણાએ માર્યો, ફલાણાથી અથડાયો તે ખરેખર મુર્ખાઇ છે. ટાઢ-તડકો કોઈને હેરાન કરતાં નથી. ભૂખ-તરસ કોઈને હેરાન કરતાં નથી. આ વાત ન સમજે તો ન જ માને, પણ સમજે ત્યારે સમજે કે કાયાના પિંજરમાં કેદ ન પડયો હતે તો ટાઢ-તડકો, ભૂખ-તરસ સહન કરવાનો વખત ન આવતે, તું તેના ઘરમાં બેઠો છે. ટાઢ તડકાદિક દુઃખના ઘરમાં તું ભરાયો છે. શાથી બળ્યો? કાયાના પિંજરમાં કેદ પડયો, તેથી ભૂખ-તરસ, ટાઢ-તડકો સહન કરવા પડે છે. પોતાના કર્મોથી કાયાના પિંજરમાં કેદ થાય છે. તેથી ભૂખ તરસ વિગેરે સહન કરવા પડે છે. પોતે નથી વિચાર કરતો કે મારા કરેલા કર્મોને લીધે જ મારે આ દુઃખ છે, માટે બીજા ઉદ્દેશામાં 'स्वयं कृतं दुःखं वेदयति' જે જીવ જે દુઃખ ભોગવે છે તે માત્ર પોતાના કરેલા કર્મોને લીધે જ દુઃખો ભોગવે છે.

**કર્મોની જડ કાઢવાની તાકાત મનુષ્યમાં જ છે.**

એ નક્કી કર્યા છતા કર્મોની જડ કોણ? અમુક રોગની જડ હોય છે, તે માટે બાળપણમાં અમુક દવા આપી તેથી વાયુ-પિત્ત-ગરમી થઈ ગઈ, જડ બંધાઈ ગઈ. વાયુ ગરમીની જડ બંધાઇ પછી ચાહે જેટલા

ઉપાય કરીએ તો પણ જડ ન જાય. તેમ કર્મની જડ કઈ? કર્મની જડ ન ઉખેડવામાં આવે, ઉપરથી કાપકુપ થાય તેથી કર્મ નાશ ન પામે. લીલી ધરોને રોજ લોઢાથી કાપીએ છીએ, રોજ ઘોડાઓ ચરે તોપણ ઉગ્યા કરે છે. જડ એવી જબરી છે કે નવી ધરો લીલુંઘાંસ વધ્યા જ કરે, તેમ કર્મની જડ કઈ? દુ:ખ સાગરોપમો સુધી ભોગવે અનંતો કાળ એકેન્દ્રિયમાં રખડે. દુ:ખ ભોગવે તો પણ અંત ન આવે. નારકીના જીવો ૩૩ સાગરોપમ સુધી આંખ મીચીં એ તેટલો વખત સુખ ભોગવ્યા વગર એકલું દુ:ખ ભોગવે છે. કર્મની જડ કાઢવાની તાકાત નરકમાં નથી. મનુષ્યમાં કર્મની જડ કાઢવાની તાકાત છે. નારકી, તિર્યંચો, એકેન્દ્રિયો કાઢી શકતા નથી. કર્મની જડ મોહનીયકર્મ. આઠે કર્મની જડ તે હોવાથી ગુણસ્થાન ક્રમારોહકારે વિશેષણ જિનેશ્વરને આપ્યું. મોહનીને હણવાવાળા તો મોહની હણ્યું ને ૭ કર્મ બાકી રહ્યા ને? તાડની ટોચે-સૂચિ કપાઈ ગઈ પછી શું, રહ્યું કશું નહિ. લીલો તાડ ત્યાં સુધી વધે, જ્યાંસુધી ઉપરની ટોચ હોય તો , તે સુકાઈ જાય, કપાઈ જાય તો આખો ને આખો તાડ ઉભો ઉભો સુકાઈ જાય. તેમ ૮ કર્મોમાં મોહની એજ ટોચ. તે તુટી ગયું તો સાત કર્મો આપોઆપ તૂટી જાય. બારમે ગયો એટલે પડે નહીં તે નક્કી થયું. એકલું મોહની ૧૨મે ગયું છે. ૧૨મે ગુણઠાણે સાતે કર્મો જાગતાં છે. એકલું મોહની ગયું છે. તે સાતને તોડશે જ. પાછો નહીં જ પડે. મોહની ગયું એટલે બધા બાકીના કર્મો જવાના. કર્મનું મૂળબીજ હોય તો મોહનીય જ છે. તેથી ત્રીજા ઉદ્દેશામાં મોહનીનો અધિકાર લીધો.

જાનવરના વ્યવહારનો વિચાર કર્યો? ખાવે પીવે ઉંઘે જાગે છે, છતાં ખાવાનો ઉંઘવાનો જાગવાના કાળનો વિચાર કર્યો? વ્યવહારમાં ન હોય તેના વર્તનનો વિચાર ન થાય, પણ વ્યવહારમાં હોય તેવાના વર્તનનો વિચાર હોય. ૨૪ દંડકવાળા, ૪ ગતિ, ૫ જાતિવાળા, ૧૪ જીવ સ્થાનકવાળા બધા મોહનીવાળા છે. પરંતુ વધારે વ્યવહારલાયક

મનુષ્યો, તેમાં પણ સંજ્ઞી તેમાં પણ ધર્મને સમજે તે, તેથી જ જગતમાં ચીજ મળવી જેટલી સહેલી છે તેટલી સાચવવી સહેલી નથી.૧૦૦૦ રૂપીઆ મળ્યા મહીનાઓની મહેનતે, જળવાય જીંદગીની મહેનતે. એમ અહીં આ જીવને શુદ્ધ માર્ગ મળવો મુશ્કેલ છે છતાં એ સહેલો છે. પણ શુદ્ધ માર્ગમાં ટકવું મુશ્કેલ છે. શુદ્ધ માર્ગમાં ટકવું વધવું તેમાં પ્રયત્નો કામ લાગે. ભવિતવ્યતા માર્ગ મળવામાં કામ લાગે છે. આપણા પ્રયત્નો કામ ન લાગે.

**ભવિતવ્યતા અહીં સુધી લાવી.**

પહેલા આપણે કોણ હતા? માગ્યા-તુગ્યાના અનંતમા ભાગવાળા, અન્ય લોકો શાક લેવા જાય ત્યારે લસણની કળી મફત માંગી લે, માગ્યા વગર રહે નહીં. વેપારી ના પણ ન કહે. લસણની કળીમાં અનંતા જીવો તેમાં આપણે અનંતમાં ભાગે હતા. બાદરનિગોદની વાત થઇ, સૂક્ષ્મમાં જઈએ તદ્દન તાકાત વગરના હતા. અનંતા ભાગીદારો ભેગા થતા હતા. દુનીયાદારીમાં માલમીલ્કતમાં ભાગીદાર આબરૂમાં પણ કુટુંબ ભાગીદાર હોય પણ શરીરનો ભાગીદાર કોણ છે ? શરીર કરવામાં કોઈ જીવ પરાધીન નહીં પણ ત્યાં નિગોદમાં આપણા જેવા અનંતા એકઠા થઇએ ત્યારે એક શરીર બને, આપણામાં કેટલી કમતાકાત ? એ શરીર પણ કેટલું ? માખીઓ ૧૦૦-૧૫૦ હોય તો મધપૂડો પૂરી દે. કીડીઓ દર ભરી દે, પરંતુ અનંતા આપણે ભેળા થઈએ, અનંતા મળી ખોરાક લઈએ ત્યારે ખોદ્યો ડુંગર ને કાઢયો ઉંદર. અનંતાની મહેનત ત્યારે શરીર, આંગળના અસંખ્યાતમાં ભાગે થાય, તેમાં પણ કોઈ દેખે નહીં તેવું શરીર સૂક્ષ્મ. વિચારો કેટલી કમતાકાત વાળો આ જીવ શરૂઆતમાં હતો. અનંતા જીવો જીંદગી ગુમાવે ત્યારે ન દેખાય તેવું શરીર બનાવે, તેવી ભાગીદારીમાંથી કોણે કાઢયા ? આપણી તાકાત ન હતી. વિચાર પણ ત્યાંથી નીકળવાનો કર્યો ન હતો કુદરતે ત્યાંથી કાઢી કઈ જગોપર નાખ્યા? હવે દેખાય તેવું

બાદર શરીર થયું તેમાંથી ફેર કોણે કાઢયા? તેમાંથી નીકળ્યા ત્યારે આંગળના અસંખ્યાતમા ભાગનું શરીર પણ આગવું. તેજ પૃથ્વી-અપ-તેઉ–વાઉ-કાય. રસ જાણવાની જ્ઞાનશક્તિ નથી. ફેર બે-ત્રણ-ચાર અસંજ્ઞી પંચેન્દ્રિયપણું ઉત્તરોત્તર કુદરતથી મળ્યું. ફેર વળી સૂક્ષ્મમાં ગયા. દરેક ગતિમાંથી ફેર નિગોદાદિમાં ઉતરી ગયા. આ તો એવી દશા કે હતા એવા ને એવા ફેર થઈ ગયા. પાછા ભવિતવ્યતા લઈ આવે. એમ કરતાં કરતાં આ જીવ સંજ્ઞી પંચેન્દ્રિપણું આર્યક્ષેત્રાદિ દેવગુરૂની જોગવાઈ સુધી ભવિતવ્યતાએ પહોંચાડયો. ભવિતવ્યતાએ આટલા સુધી લાવી મેલ્યા તે સામગ્રીની વાત કરી.

**ભવિતવ્યતાનો ભરોસો ક્યાં સુધી રાખવો ?**

હવે પરિણતિની વાત કરીએ, ૭૦ ક્રોડાક્રોડ મોહનીયકર્મની સ્થિતિ તેમાં ૬૯ અકામ નિર્જરાથી જ જવાની. ૧ ક્રોડાક્રોડથી ઓછી સ્થિતિ આપણી મહેનતથી તૂટવાની. ૬૯ કોણે તોડી? યથાપ્રવૃત્તિકરણ શબ્દ કહીએ છીએ તેનો અર્થ વગર ઉપયોગે વગર ધારણાએ - અનિચ્છાએ જે દુઃખ ભોગવી કર્મ ઓછા કરવા તે યથાપ્રવૃત્તકરણ આટલું ભવિતવ્યતાએ કર્યું. તો દાંત આપ્યા તે ચાવવાનું આપશે કેમ દુનીયામાં કહેવાય છે, તો કેવળ મુર્ખાઇને જ સવાલ છે. અમે ધારણા કરી ન હતી છતાં ૬૯ તૂટી ગઈ ને? પ્રયત્ન વગર ૬૯ તૂટી ગઈ તો બાકીની ૧ પણ તૂટશે. આ બધી કડાકૂટ શા માટે? સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, વૈયાવચ્ચ શા માટે કરવા? ૧ આપોઆપ તૂટી જશે. મહાનુભાવ! અનાજની પેદાશ વરસાદે કરી, લોટ વરસાદ કરી દેશેને? જગતમાં અમુક હદ સુધી કાર્ય સ્વાભાવિક થાય, પછી તો પ્રયત્નથી જ કરવું પડે. લાખો દાણા વરસાદે કર્યા પણ વરસાદે આટલું કર્યું ને રોટલાને નહીં કરી દે? તેમ અહીં યથાપ્રવૃત્તકરણ સુધી અકામ નિર્જરા કામ લાગે, પણ આગળ ધાવણા હોઈએ તો માતા પરાણે પણ ધવડાવે. તે જ માતાને ખાતા થયા પછી ધાવવા માગે તો? કડવો

એળીયો ચોપડીને ભગાડે છે. આટલા વર્ષ પોષ્યો તો હજુ પોષશે, દાંતથી ચાવવાની જરૂર નથી. ધાવણની વખતમાં જે પરાધીનતા હતી તે ખોરાક વખતે પરાશ્રિતતા કરવા જાય તે નહીં ચાલે. હવે અજ્ઞાનતાનો આધાર રાખી ન ચલાય. એક સરખા વિચારે આગળ ધપાવવાનો વિચાર રાખવો જોઈએ, શાસનના મંતવ્યથી વિરૂદ્ધ દૃષ્ટિ કરવી તેનું નામ કાંક્ષા.

**કાંક્ષાને પ્રદોષ કેમ કહ્યો ?**

પગથીએથી પડેલાનો પગ મચકોડાય પણ મોભથી પડે તેનું માથું તૂટે, જેમ ઉંચે ચડયો તેને પડતા વધારે વાગવાનું, ઉંચે ન ચડેલાને પડવાનું વધારે નહીં થાય. મોભે ચડેલા તે વખતે સાવચેત ન રહ્યા, ગફલત ખાધી તો શી દશા થાય ? પગથીઆવાળા લથડે, મોભવાળા લથડે તેમાં શું બને ? અત્યારે સુધી પગથીએ હતા, આવ્યો ને લથડયો. જ્ઞાનબાજી રમતાં રમતાં સાપના મોંમાં આવ્યા, કેમ પાછો પડી જાય છે ? એ બધું પડવું થયું તે આજુબાજુના ખાનામાં, પરંતુ જે બાજીમાં છેડા ઉપર સાપ રહ્યો છે તેના મોંમાં પડે તો ક્યાં ઉતરે ? આખી બાજી હારે. તેમ તમે બેમાંથી એકેન્દ્રિમાં ચઉરેન્દ્રિમાંથી તેઈન્દ્રિમાં ગયા પણ આ સંજ્ઞી પંચેન્દ્રિ મોભનું સ્થાન આવ્યું છે. તે સ્થાનમાં જે દોષ-લાગશે તે ભયંકર દોષ લાગશે, કાંક્ષા દોષ ન કહેતા પ્રદોષ કેમ કહ્યો ? જબરજસ્ત દોષ કહ્યો, પણ કાંક્ષા કોને કહેવી ? તે અમને ખબર નથી. કોનો દોષ ? મોટો દોષ કેમ તે માટે અભયદેવસૂરિજી શું કહેશે તે અગ્રે.

# દેશના ૪૩
# કાંક્ષા મોહનીય ચાલુ અધિકાર

**ક્ષીર-નીર ન્યાયે આત્મા-કર્મ સંયોગ.**

ભગવતીસૂત્રની ટીકા કરતાં સંગ્રહણી ગાથાના અર્થમાં પહેલા બીજા ઉદ્દેશામાં કઈ કઈ વક્તવ્યતા જણાવશે તેના ઈસારામાં જીવના પ્રદેશ સાથે લાગેલા કર્મો 'क्षीरनीरन्याय' દૂધમાં પાણી ભળે પછી જુદું કરી શકાય નહીં. ક્ષેત્રથી દૂધ પાણીનો વિભાગ ન હોય. દ્રવ્યની અપેક્ષાએ આટલું દૂધ, આટલું પાણી પરંતુ આટલા ભાગમાં દૂધ, આટલા ભાગમાં પાણી એમ વિભાગ ન હોય, કેવળી મહારાજા એ વિભાગ કરે. આ ચેતન પ્રદેશ, આ પુદ્ગલ પ્રદેશ પણ ક્ષીરનીરમાં દ્રવ્ય વિભાગ થવા છતાં ક્ષેત્રનો વિભાગ ન હોય. આ ક્ષેત્રે આત્મપ્રદેશ, આ જગોએ કર્મપ્રદેશ તેવો વિભાગ નથી. ક્ષીરનીર ન્યાયે આત્માને કર્મ લાગેલા છે તે ક્ષેત્રના અવિભાગ પૂરતો જ ન્યાય છે. પણ દ્રવ્યનો વિભાગ તો રહેલો જ છે. જે દૂધમાં વધારે પાણી હોય તેનો માવો ઓછો. ઓછું પાણી હોય તેમાંથી માવો વધારે બને. દૂધ દ્રવ્ય વધારે છે. તેમ કર્મનો નાશ થવા સાથે, બળવા સાથે, વિખરાવા સાથે આત્મપ્રદેશો બળે નહિ, નાશ ન પામે, વિખરાય નહીં. આત્મદ્રવ્યનો વિભાગ કાયમ રહે. ક્ષેત્ર વિભાગ નાશ પામે. ક્ષીરનીરમાં દ્રવ્યવિભાગ હોવા છતાં ક્ષેત્ર વિભાગ હોતો નથી, દ્રવ્ય વિભાગ એમનો એમ રહે છે, પણ ક્ષેત્ર વિભાગ રહેતો નથી, ક્ષીરનીરમાં તેમ આત્મા કર્મ પ્રદેશો વચ્ચે ક્ષેત્ર

વિભાગ રહેતો નથી. તેથી આત્મા સાથે કર્મ ક્ષીરનીર જેમ લાગેલા છે, પરંતુ આ દૃષ્ટાંત વાજબી નથી, તોલમાં ફરક પડે છે, પાણી વગરનું દૂધ તોલીએ પછી પાણી નાખી તોલીએ તો ફરક પડે છે, પરંતુ આત્મપ્રદેશોમાં મૂળમાં તોલ નથી તો અનંતાગુણા કર્મપ્રદેશો લાગે તો પણ ફરક ન પડે.

બારીક દૃષ્ટિથી એ દૃષ્ટાંત બાજુપર રાખી લોઢાના ગોળામાં અગ્નિ સજ્જડ ભરપટે પેઠો. અંદરનો એકેએક કણીયો પણ લાલચોળ થઈ ગયો. લોઢાના કણીઆ કરતાં અગ્નિનું જોર વધારે હોય ત્યારે જ તે આગ જેવો લાલ થાય. ઉનો લોઢાનો ગોળો ટાઢા કરતાં હલકો નીકળે. અગ્નિ વધ્યો છતાં તોલ ન વધ્યું. તેમ આત્માના એકએક પ્રદેશમાં અનંતાનંત કર્મો આવે તોપણ તોલનું વધવાપણું હોય નહીં. તપેલા ગોળા જેવો આત્મા ભવાંતરે જાય તો પણ કર્મ સાથે જ જાય. સાણસાથી તપેલો ગોળો ઉપાડે તોપણ અગ્નિ ગોળા સાથે આવે છે. અગ્નિ એકલો પકડાતો નથી. લોઢાનો કટકો જ્યાં ભઠ્ઠીમાંથી લેવાય તેની જોડે જ અગ્નિ આવે. આત્મા જ્યાં બીજે ભવે જાય ત્યાં કર્મપ્રદેશો પણ જોડે જ જાય. જૈનોનું મુખ્ય કર્તવ્ય એક જ. કર્મપ્રદેશ આત્માથી અળગા કરવા, સ્વસ્વરૂપમાં આત્માને રહેવાનું થાય; તેનું નામ મોક્ષ હતું, પણ તે વાત હવામાં હાલ રાખી. **"कृत्स्न कर्मक्षयो मोक्षः' आत्यन्तिको वियोग ।"** દેહાદિનો વિયોગ તેનું નામ આત્માનો મોક્ષ. કર્મ છૂટી જાય, દેહાદિનો વિજોગ થાય. તેનું નામ મોક્ષ કેમ કહ્યું ?

**આત્માનો મોક્ષ**

મકાનમાં અજવાળું કરવું હોય, ગોખલામાં દીવો હોય, કમાડ બંધ હોય તો કમાડ ખોલવાનું કહ્યું તેનો અર્થ એ જ કે કમાડ ખોલે એટલે અજવાળું સ્વાભાવિક જ છે. આત્માનું સ્વરૂપ નવું બનાવવાનું

નથી. સિદ્ધનું તેજ નિગોદીયાનું સ્વરૂપ છે. સોનાનો કણીયો જેવો દાગીનામાં તેવો જ ખાણમાં. ખાણમાં તેવો જ દાગીનામાં છે. તેમાં ફરક નથી. એક જ જાત, તેમ સૂક્ષ્મ એકેન્દ્રિયનો તેમ સિદ્ધ મહારાજનો જીવ એક જ જાત. ખાણનો કણીઓ માટીમાં રગદોળાયેલો. દાગીનાનો કણીયો ચોકખો થયેલો છે, તેમ અહીં સિદ્ધ મહારાજા કર્મલેપ વગરના, કર્મરૂપી માટી કચરા વગરના. એકેન્દ્રિય આદિ સંસારી જીવો કર્મ કચરાવાળા છે. માત્ર તમારે કર્મ ખસેડવાનો ઉદ્યમ કરવાનો હોવાથી શાસ્ત્રકારોએ મોક્ષનું લક્ષણ સ્વસ્વરૂપમાં રહેવું, તે ન કરતાં સમગ્ર કર્મનો નાશ એ જ સાધ્ય રાખ્યું. જૈન શાસનનું સાધ્યબિન્દુ ઉદ્દેશપત્રક એક જ, કર્મનો ક્ષય કરવો. ધ્યેય ઉદ્દેશ એક જ કે સમગ્ર કર્મનો ક્ષય કરવો. પહેલા એ વાત જણાવી કે તમે લગીર કર્મપ્રદેશને ચલાયમાન કરો. પછી એ ટકી નહીં શકે. કર્મ ચલાયમાન થયા પછી મજબુત થઈ ન શકે. એ ચલિત જ થવાના. સ્થિર નહીં થાય. આજે કર્મનું ચલાયમાન થવાપણું, સંવરનિર્જરા મોક્ષના સાધનો કોદાળા પાવડાથી ન આવે. રૂંવાડે રૂંવાડે મારા કરેલા હું ભોગવું છું. કર્મ ભોગવવાનો વખત આવે ત્યારે તમો સાવચેત રહો.

**છતી મિલકતે દેવાળું ફુંકવાનું**

એક મનુષ્યને પેઢી ધમધોકાર ચાલતી હોય તે વખતે ૫૦૦૦/- લેણદાર માગવા આવે તો તરત આપી શકે, પણ કાચી પેઢી પડે તે વખતે લેણદાર આવે તો શું થાય? કેટલી વખત છતાં માલે પાટીયા ફેરવવા પડે છે. ૧૫ લાખનો હીરાનો હાર છે. કીંમત સાચી, હાર પણ ઊંચો છતાં લેનાર મળવો જોઈએ ને? અહીં બજાર બરાબર હોય ઘરાક મિલ્કત બરાબર હોય, તેવે વખતે લેણદાર લેવા આવે તો પતાવવું સહેલું પડે છે, પણ તેમ ન હોય ને વિપરીત હોય તો છતે માલે દેવાળું

ફૂંકવું પડે. તેમ તિર્યંચ, નરક, દેવતાની ગતિમાં હોઈએ તો કઈ દશામાં ? નથી માલ, ઘરાકનું દેવું કર્યું છે તે ચોક્કસ. કર્મનું દેવું કર્યું છે પણ તે વખતે સંવર સાધવાનું નિર્જરા કરવાનું સાધન કયું ? સયોગી સાધન નથી. સામગ્રી સાધન ન હોય તે વખતે કર્મ ભોગવતાં કેટલી મુશ્કેલી? ૫૦૦૦/- ચાર આને વ્યાજમાં હોય તો તે વખતે ટકાના લાવી રૂપીઆ આપવા પડે. નારકી આદિમાં દુઃખ ભોગવ્યા વગર છૂટકો નથી. આર્તરૌદ્રધ્યાન કરી નવા કર્મ બાંધીશું જેથી ભોગવ્યું તે એળે ગયું, એમ સાવચેતી રાખે.

**છાશમાં માખણ જાય અને રાંડ ઘુવડ ગણાય.**

જૈન શાસન પામેલાનું ખમ્યું ખાલી ન જાય સહન કરેલું નિષ્ફળ ન જાય. માનો કે પહેલાના અશાતાના ઉદયથી અત્યારે દુઃખ આવ્યું, તેમાં આર્તરૌદ્ર અશુભ ધ્યાન આવ્યું. ખમ્યું તેનું શું થયું ? નકામું ગયું. ખમ્યું ખાલી ગયું. આખું જગત ખમે છે. ખમવા વગરની જાતિ કે ગતિ નથી. બધાનું ખમવું ખાલી જાય છે. આર્તરૌદ્ર ધ્યાનમાં ડૂબકી મારે છે. રાખોડાનાં છાંટા ધોવા માટે ગળીની કુંડીમાં ડૂબકી મારી, તેમ પહેલાના બાંધેલા કર્મોને અંગે દુઃખ આવ્યું. તે કર્મો જવા જોઈએ. પરંતુ તે વખતે આર્તરૌદ્ર ભોગવી નવા બાંધ્યા. ગળીની કુંડીમાં ડૂબકી મારી, તેમ ચારે ગતિના જીવો દુઃખો ભોગવી આર્તરૌદ્રની ગળીની કુંડીમાં પડે છે. જીવને શારીરિક, માનસિક આર્થિક સંયોગિક સ્વકૃત પરકૃત ચાહે જેવું દુઃખ આવે પણ જૈન શાસન માનવવાળાએ એક વસ્તુ આગળ રાખવી.

**આત્મામાં જ્ઞાનદીપક પ્રગટાવી રાખશો તો કર્મ પેસતા વિચાર કરશે.**

ઘરમાં દીવો જાગતો હોય તો ચોર પેસતાં વિચાર કરે. તેમ આત્મામાં દીવો સળગતો રાખો તો કર્મ પેસતાં વિચાર કરશે. કયો દિવો

રાખવો ? મારા કરેલા જ હું ભોગવું છું. કોઇ બીજો દુઃખ દેનાર નથી. કર્મો મારા જ કરેલા છે તે જ હું ભોગવું છું. તે જૈનીના રૂંવાડે રૂંવાડે વિચાર હોવો જોઈએ. કોઈના કરેલા કર્મો કોઈ જીવ ભોગવતો નથી. પારકા કરેલા ભોગવતા હોય તો કોઈ દુઃખી થાત નહીં, દુર્ગતિએ કોઇ જાત નહિં, નરકતિર્યંચમાં જાય નહિં.

ચોરી કરી, સજા થઈ સગાવહાલાને દુઃખ થાય છે, તેને લઈને મા-બાપ બધા દુઃખી થાય છે. સંબંધ લક્ષમાં લે તેથી મા-બાપ દુઃખી થાય છે. કેદવાળાના ૨$\frac{૧}{૨}$-૩ વરસના છોકરાને દુઃખ થતું નથી, જાણતો સમજતો નથી. છોકરી આપણે ઘેર જન્મી-ઉછરી, પારકે ઘેર આપ્યા પછી સૂતક પણ રાખતા નથી. છોકરો ખોળે આપી દીધો તે વખતે મનમાં સગાઈનો સંબંધ રખાય તેનું દુઃખ છે. સગાઈનો સંબંધ ન રખાય તો દુઃખ ન થાય. તમારી કિંમતી ચીજ બીજાને આપી પછી તેની પાસેથી ખોવાઈ તો કોણ ખોળે ? કોને દુઃખ થાય. સંબંધ રાખવાથી દુઃખ થાય છે. જૈન શાસન એ જ ફરમાવે છે કે આત્મામાં અંધારૂં ન કરો. જ્ઞાનદીપક ૨૪ કલાક ચાલુ રાખો. જે કર્મો ભોગવાય છે તે મારા જ કરેલા છે. આ ધારણા રહે તેને આર્તરૌદ્રમાં જવાનો વખત ન આવે. બધુ કર્મના ઉદયથી થાય છે. સારૂં છે કે સમજું છું. જાગતો છું. દીવો છે તો ચોર ભાગી જાય છે. વીજળી લાઈટ ચાલુ ન હોય, અગર બુઝાવી નાખી તો ચોર ઉપાડી જાય. પણ આ લાઈટ મારા કરેલા જ હું ભોગવું છું. તેથી આર્તરૌદ્રધ્યાનરૂપી ચોરો ઘુસી શકતા નથી. જ્ઞાનનું અજવાળું ન હોય તો આર્તરૌદ્ર ચોરો ઘુસી જાય ને માલ ચોરી જાય. કર્મ રોકવાનો રસ્તો, હવે ન બંધાય. તે ન બાંધવાનો રસ્તો કયો ? તે માટે કાંક્ષાપ્રદેશથી બચો. ન જાણતા હોય તે વસ્તુ શાસ્ત્રકારે જણાવવી પડે.

**ઘરાક કરતાં મુનીમની ગફલતમાં માર ભયંકર પડે છે.**

જૈન શાસન પામેલા, માનનારા પ્રવૃત્તિ કરનારા જૈન

કહેવડાવનારા એવા જીવોને કુદેવાદિ સંબંધી મિથ્યાત્વ ત્યાગનો ઉપદેશ તેટલો જરુરી નથી.

એક વાત ધ્યાનમાં રાખવી કે ઘરાકની સાવચેતી રાખો ને મુનીમ માણસોની સાવચેતી ન રાખી તો? ઘરાકની સાવચેતી રાખી છતાં માણસોની, મુનીમોની ગફલતમાં માર ઓછો નથી પડતો. માલમ ન પડે તેવો માર પડે. ઘરાકમાં તો માલમ પડે. નોકરે ગફલત કરી તે ઘરાકના ગોટાળાં કરતાં ભયંકર નીવડે છે. જૈન શાસન પામ્યા છતાં સત્યમાર્ગને નહીં સ્વીકારો ને અસત્યમાર્ગમાં રહ્યા તો ઘરાકમાંથી લુંટી લાવો ને ઘેર નોકરો નુકશાન કરી નાખે. તેમ અહીં કુદેવ કુગુરુ કુધર્મથી બચ્યા, સુદેવાદિ આદરી ઉંચે આવવા લાગ્યા, પણ ઘરના મનુષ્યો તેવાથી ન બચ્યા તો અંદરથી એવું ખવાશે કે બહારથી ખબર ન પડે. ખબરદારીવાળો મનુષ્ય લાગેલાની લુચ્ચાઈ ખબરદારીથી પકડે. લાગેલાની લુચ્ચાઈ પકડવી મુશ્કેલ પડે છે. તે લુગડાં ઉતરાવી નાખે છે. ઘરાકની ખાધ તેટલી નુકશાની ન કરે. તેમ જૈન શાસનમાં જે નિન્હવો પ્રચ્છન્ન મિથ્યાત્વીઓથી સાવચેત નહીં રહો તો લુગડાં ઉતરાવશે, તેમ અહીં અન્યદર્શનીના મિથ્યાત્વથી તો સહેજે બચશો, પણ જૈન નામધારી જૈન શાસનના નામે નીકળેલા તે અંદરના કેવળ પોરા તેવાથી આત્માએ બચવું. મહાવીરમહારાજા વખતે હજારો બ્રાહ્મણોથી શાસન બચ્યું, તેટલું ગોશાળા જમાલીથી નથી બચ્યું. લાગેલા લુચ્ચાઓથી જૈનોને બચવું મુશ્કેલ પડયું. તો સર્વકાળ માટે લાગેલા લુચ્ચાઓથી બચવું તે જરૂરી કર્તવ્ય. તેટલા માટે ત્રીજા ઉદ્દેશામાં કાંક્ષાપ્રદોષ.

**વહુ પીયરની ચાલે ચાલે તો ઘરની શી દશા થાય?**

સચ્ચિદાનંદ જ્યોતિસ્વરૂપ તેવા આત્માના આવા હલકા પરિણામ થાય? પાણી જરૂરી જીવનની ચીજ બચાવની ચીજ પણ

કાજળના ભળેલા પાણીથી ટીલું થાય તો શું થાય? એ તો લુગડાં ને શરીર બધું બગાડે. આત્મા શુદ્ધ પણ મિથ્યાત્વમોહનીય ઘરની વહુ પીયરની ચાલે ચાલે તો ઘરની શી દશા થાય? ઘરેણું, લુગડાં, ૫૦૦ રૂપીઆ આપ્યા તો તે પીયર ભરે તો શું થાય? ઘરનું નખ્ખોદ વાળે, તેમ મિથ્યાત્વમોહનીયની ચાલે ચાલ્યો પછી શું થાય? ઘરનું માણસ પારકી ચાલે ચાલે, પાડોશી બહેકાવે તેમ બહેકે, કાંક્ષા એ જ ચીજ કે મિથ્યાત્વમોહનીયને લીધે થયેલી આત્માની બહેકાવટ. સાચી વસ્તુ સમજાવવામાં આવે ત્યારે બીજી વસ્તુને બહેકાવટ કહી શકાય, તે માટે કહે છે કે જે આત્માની સ્વયંકૃતં દુ:ખ વેદનીપણાની સ્થિતિ સમ્યગ્દર્શનાદિ આત્માના ગુણો. તે સ્થિતિની જગોપર નાતરીયા નાતને બોલ્યું પાલવે કે 'લે આ તારી છાલી હું તો આ ચાલી' કુલીન સ્ત્રીને જીવનનું જોડકું તેને તેવું બોલવું કામ ન લાગે. તેમ જેઓ આત્માના સમ્યકૃત્વના ધણી છે. તેઓ જૈનશાસનના ધુતારાને સમજ્યા વગર નહીં રહે, આયે ઠીક છે, આ પણ શું ખોટું છે? વ્યવહારથી જૈનશાસનને વળગેલો છે. થવા કાળે હશે તે થશે. આપણું કર્યું કંઇ થવાનું નથી. આ સિદ્ધાંત ગોશાળાનો છે. છતાં અણસમજને અંગે શું કરી બેસીએ છીએ, હાં, થવું હશે તે થશે. મહાવીરના સિદ્ધાંતમાં **'अत्थिकम्मे अत्थिपुरिसकारे अत्थि बले वीरए पुरिसकार परकम्मे '** બળ-કર્મ-પરાક્રમાદિ છે, ઉત્થાન કર્મ બળવીર્યાદિ નથી, આ ગોશાળાનો મત. જૈનશાસન શી ચીજ તેનું ભાન નથી, થવાનું હશે તે થશે તેમ બોલીએ છીએ. તારા પ્રયત્નથી જ કર્મો તોડી શકીશ. જાણવામાં તારા જ પ્રયત્નની જરૂર છે. અન્યઅન્ય દર્શનની જુદી જુદી જે મંતવ્યતા તે લેવાના, તેને સાચી માનવાના વિચાર થાય તેનું નામ કાંક્ષા.

**ધતુરો ખાધો પછી બધું જ સોનું.**

મોહનીના ઉદયથી શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા પલટી જાય તે જુઠા. જુઠાને સાચા ગણીને પકડવાનું મિથ્યાત્વના ઉદયને લીધે જ થાય છે. વૈષ્ણવ જુઠું ધારીને પોતાનો ધર્મ પકડતો નથી. સાચું ધારીને જ પકડે છે. આત્મામાં મિથ્યાત્વનો ઉદય ન હોય તો તે સાચાને જ સાચા તરીકે પકડે. આત્માએ પોતે જ ધતુરો પીધો પછી બધું જ સોનુ દેખાય. સોનાના જગતમાં ઢગલા છે. એ જ આંખ ધતુરાના ઘેનવાળી થાય ત્યારે સોનાના ઢગલા દેખે તેથી દરિદ્રતા ફીટે નહિં. જુઠાને પરમ સાચુ ગણી પકડે તેમાં આત્માનો ઉદ્ધાર ન થાય. જુઠાને સાચું માની તેને જ પકડે તેનું નામ કાંક્ષા. કેટલાકો એવી સ્થિતિમાં હોય કે બધાનું લઈએ, આપણું શું જવાનું ? જે મનુષ્યને જાય છે શું. પણ જાય છે ક્યાં તે તેને ખબર નથી. સળગતો પુળો લે તેમાં જાય શું ? પણ તારી ગંજી બાળી મુકશે. તે અક્કલહીનને ખબર ન પડે. કાંક્ષા નાનો દોષ નથી. પ્રદોષ પ્રકૃષ્ટદોષ-મોટો દોષ.

**નીકલના રૂપીઆ રાખવામાં ગુનેગાર.**

છાપ વગરના કલઈના કટકાને 'રૂપીઓ નથી' કહેવું સહેલું છે. પરંતુ કલઈના કટકા ઉપર રૂપીઆની છાપ પડી તેને પારખવું મુશ્કેલ છે. છાપ પડ્યા પછી નાણું પારખવું કઠીન છે તેમાં થાપ ખવાઈ જાય છે. ખોટા રૂપીઆ તમારા ઘરમાંથી નીકળે તો શું થાય. ખોટા પૈસા હોય તો વાંધો ન આવે, પણ ખોટા રૂપીઆ ઘેરથી નીકળે તો મોટી શિક્ષા થાય. કલાઈના રૂપીઆમાં વગર ભાડાની કોટડી જ (કેદ) દેખાડે, તેમ જૈન લેબાશમાં રહેલા મિથ્યાત્વીઓ એવી દુર્ગતિ આપી દે જેમાંથી ઉગરવાનો રસ્તોજ નથી. સુદેવ, સુગુરુ, સુધર્મના લેબાશમાં કુગુરુ હોય તો શી વલે થાય ? કલાઈના રૂપીઆ સંઘરવામાં જે ભયંકર જોખમદારી છે તેવી

જ જોખમદારી કુગુરુના સમાગમથી થાય છે. કાંક્ષા દોષ નથી પરંતુ પ્રદોષ ઉંચામાં ઉંચો મોટો દોષ.

**જૈન લેબાશમાં રહેલા મિથ્યાત્વીથી ન બચ્યા તો ડૂબ્યા.**

માતા, દીકરી, બેન અડચણમાં હોય તો તે ધોવા માત્રથી જાય, નાવાથી જાય, ઢેઢની આભડછેટ જતી નથી. કાંક્ષા મોહનીયનો દોષ એવો જબરજસ્ત કે ઢેઢની આભડછેટ. મિથ્યાત્વની આભડછેટ ઢેઢ જેવી છે. અડ્યાની આભડછેટ નાહ્યાથી ચાલી જાય છે. જીવને કંઇપણ મિથ્યાત્વમોહની કર્મની કુટીલતા છે. મારે શું ? ઝેર દે તે મરે હું ખાનાર શાનો મરૂં? આમ કહેનારને શું કહેવું? મહારાજ ખોટું કહેશે તો મહારાજ ડૂબશે, મારે શું ? મૂર્ખ જ એમ બોલે. અહીં કર્મની કુટીલતા મોટો દોષ છે. મારે શું ? તેમ અક્કલ વગરનો બોલે. કર્મની કુટીલતા કહી એટલે તું નિરંજન નિરાકાર નથી રહેલો. દોષો-જીવદૂષણં, ભલે કર્મપ્રભાવનો દોષ પણ જીવને દોષ લાગેલો છે. ઝેર દેનાર મરે તેમ બોલ્યા પછી બચી જવાતું નથી. કર્મનો વાંક છે. એમ કર્યાથી જીવ બચી ન જાય, માટે ચોક્ખા શબ્દોમાં કહેવું પડયું કે જૈનોના લેબાશમાં રહેલા મિથ્યાત્વીથી ન બચ્યા તો ડૂબ્યા. હવે તેમાં આત્મા કેવી રીતે ફસાય છે તે પહેલા શતકના ત્રીજા ઉદ્દેશામાં તે કાંક્ષા મોહનીય જણાવશે. તે કર્મરાજાએ આત્મામાં ઘાલી દીધું, તેમ નથી પણ સ્વયંકૃત-કાંક્ષામોહનીય જીવ જ કરે છે, કયા કારણોથી કરે છે, કેવી રીતે બચાય છે તે ત્રીજા ઉદ્દેશામાં જણાવ્યું. હવે ચોથા ઉદ્દેશામાં શું જણાવશે તે અગ્રે.

# દેશના ૪૪
# મોહનીયકર્મની અતિ પ્રબળતા

વ્યાખ્યાકાર મહારાજા અભયદેવસૂરીશ્વરજી મહારાજ શ્રી ભગવતી સૂત્રની વ્યાખ્યા કરતાં જણાવી ગયા કે સંગ્રહણી ગાથામાં બે ઉદ્દેશાનો અધિકાર જણાવ્યો. તેમાં શાસ્ત્રકારો જણાવે છે કે વગર પડેલા મોક્ષે ગયા તે આંગળીના વેઢા જેટલા. સમ્યક્ત્વ પામ્યા પછી અસ્ખલિત સમ્યક્ત્વ ટકી રહે ને મોક્ષે પડયા વગર જાય તેટલા ગણતરીના, સમકિતથી પડેલા ઘણા. કાળ કોઈ એવો નથી કે જે કાળે સમકિતથી પડેલા અનંતા નિગોદમાં ન હોય, તેવો કાળ હોતો જ નથી. સર્વ કાળ સમકિતથી પડેલા અનંતા મળે. એવો કોઈ કાળ નથી કે સમ્યક્ત્વથી પડેલા નિગોદમાં અનંતા ન હોય. સમ્યક્ત્વ પામવું મુશ્કેલ છે. પરંતુ પામ્યા પછી ટકવું તે પણ જબરજસ્ત મુશ્કેલ છે. નહીંતર અનંતા જીવોને પડિવાઈપણામાં પડી રહેવું પડત નહિં. સમ્યક્ત્વ પામ્યા પછી અનંતા જીવો અનંતકાળ સુધી રખડે છે. સમ્યક્ત્વ પામવું અને તે ટકવું ઘણું જ મુશ્કેલ છે.

અહીં ત્રીજા ઉદ્દેશામાં કાંક્ષા-પ્રદોષ કહેલ છે. કાંક્ષા કોનું નામ? પ્રદોષ કેમ કહ્યો? કાંક્ષા શી ચીજ? તે વિચારીએ. મિથ્યાત્વમોહનીયના ઉદયથી ઉત્પન્ન થયેલ અન્ય મતની ઇચ્છા આત્માની પરિણતિ એ જ કાંક્ષા, બહારની પરિણતિ નથી. નિર્મલ પાણી જીવન દેનારૂં પણ સોમલમાં મળેલું પાણી શું કરે? પાણી જીવન દેનાર છતાં સોમલના

સંસર્ગમાં આવ્યું, તો તે જ પાણી મારનાર થયું. શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા પણ કર્મની ચાલે ચાલનારા થાય તો કાંક્ષારૂપી દોષ લાગે. કર્મની ચાલે ૧૪ ગુણસ્થાનકના છેડા સુધી ચાલવાનું છે. વેદની-આયુ-નામ-ગોત્ર નહીં, પણ જે મોહનીય કર્મ બાંધ્યું છે તે ઉદયમાં આવે ત્યારે જીવને કાંક્ષાનો દોષ લાગે. મોહનીયને લીધે આત્માના પરિણામ વિકૃત થાય એ જ કાંક્ષા દોષ, કાંક્ષાનું સ્વરૂપ શું ? તે માટે જણાવે છે કે –

**मिथ्यात्वमोहनीयोदयसमुत्थोऽन्यान्यदर्शनग्रहरूपो जीवपरिणामः स एव प्रकृष्ठो दोषो** — અન્ય અન્ય દર્શનગ્રહરૂપ દર્શનો-મતો અનેક પ્રકારના હોય, તેમાં જિનેશ્વર મહારાજનો મોક્ષનો મત જેમાં મોક્ષનું, કર્મ તોડવાનું જ ધ્યેય. તે માર્ગથી જે અવળો માર્ગ. ખાન-પાન, વાજા-ગાજા,નાટક, ચેટક વિષય આરંભમાં મજા ગણાવી. પ્રેમભક્તિ એ જ મોક્ષમાર્ગ, તે શુદ્ધ માર્ગથી ખસી અવળા રૂપે જે મોક્ષમાર્ગો માન્યા, તે માનવા જોઈએ. લ્હેર થાય ને મોક્ષ મળે. અહીં જિનેશ્વરના શાસનમાં તો લ્હેર છોડવી પડે અને કમર કસવી પડે છે. બીજામાં પ્રેમભક્તિ પ્રાર્થના માર્ગમાં બધાના આત્માનું સ્વરૂપ જાણ્યું એટલે મોક્ષ.

**पंचविशंतितत्वज्ञो, यत्र तत्राश्रमे रतः ।**

**जटी मुण्डी शिखी वापि, मुच्यते नात्र संशयः ।। १ ।।**

પ્રકૃતિ આદિ ૨૫ તત્વો જાણ્યા પછી ચાહે તે જટાવાળો મુંડી શીખી હોય તો પણ મોક્ષ જ પામે. જ્ઞાન માત્રથી જ મોક્ષ માન્યો. કાયા કસીને મોક્ષ થાય તે કરતાં અહીં જ્ઞાન, પ્રેમભક્તિથી વગર કષ્ટે મોક્ષ મળે તો તે ઠીક છે. સંવર નિર્જરાનો માર્ગ કડાકુટવાળો લાગે. તપસ્યા વિનય, સમાધિ, ધ્યાન વિગેરે કશું ત્યાં કરવાનું નથી. પ્રાર્થના પ્રેમભક્તિ જ્ઞાનથી મોક્ષ મેળવવા, આવી આવી રીતે મોક્ષ મેળવવાની

વાતો સાંભળી ચિત્ત ચલાયમાન થાય, બુદ્ધ અમુક વર્ષ સુધી તપસ્યા કરી કંટાળ્યા. પછી તપસ્યા છોડી દીધી. પછી નદીમાં સ્નાન વિલેપન કરવા લાગ્યા, સંવરનિર્જરાના કષ્ટમય માર્ગ દેખી ગભરાયને સુગમ રસ્તા, ખાવું, પીવું, હરવું-ફરવું વિગેરે મળે તે આ ઠીક, આ ઠીક તેનું નામ કાંક્ષા. બીજાઓના સહેલાઈવાળા મોક્ષ માર્ગ સાંભળી તે તરફ દોડવું, આદર થવો તે કાંક્ષામોહનીય. જિનેશ્વરના શાસન સિવાયના જે મતો તે પ્રેમના, ભક્તિના, જ્ઞાનના, પ્રાર્થનાના માર્ગે મોક્ષ મળે છે, માટે તે ઠીક છે. આ સિવાયના જે જે જુદા જુદા માર્ગો મોક્ષના સાધનો તરીકે પકડે તે કાંક્ષા મોહનીય.

**કાંક્ષામોહનીય ભવ્યને જ હોય.**

તે કાંક્ષામોહનીય હોય ભવ્યને જ. અભવ્યને મોક્ષ માનવો નથી પછી મોક્ષનો માર્ગ હોય કે બીજો હોય તેને તેની પડી નથી. જે મોક્ષમાર્ગ નથી છતાં મોક્ષમાર્ગ તરીકે મનાય. નવે તત્વનું સ્વરૂપ કહે તે સ્વરૂપ ન માનતા કુગુરૂ, કુદેવ, કુધર્મ મોક્ષ આપશે, તે સ્વરૂપે માને. સુદેવાદિને ન માનતા કુદેવાદિને મોક્ષદાતા તરીકે માને. મોક્ષ માન્યો છતાં મોક્ષ દેનાર તરીકે સુદેવાદિ ન માનતાં કુદેવાદિને માને તેનું નામ કાંક્ષા. બીજા બીજા મતોને ગ્રહણ કરવાની બુદ્ધિ-પરિણામ તેનું નામ કાંક્ષા.

**સડો અને પાકમાં ફરક છે.**

કેવળજ્ઞાની કોઈપણ પદાર્થના જેવા જેવા પલટા થાય તેવા તેવા પલટા-પર્યાયો જાણે છે. અન્ય અન્ય પર્યાયોથી ગ્રહણ કરવું તેટલા માત્રથી કાંક્ષામોહનીય ન થાય, પણ મોહનીય કર્મના ઉદયથી જે અન્ય દર્શનનું લેવાપણું થાય તે કાંક્ષાદોષ. તે કેવો છે? जीवदूषणं कांक्षाप्रदोर्षस्तद्विषयस्तृतीयः, 'जीवेन भदन्त? कांक्षामोहनीय कर्मकृत' मित्याद्यर्थ-निर्णयार्थ इत्यर्थः- જગતમાં કેટલાક રોગો ચામડીના હોય છે,

લેપ કરવાથી મટી જાય. કેટલાક રોગો માંસમાં હાડકામાં રોગો ઉતરી ગયા હોય ત્યારે મુશ્કેલી થાય. ચામડીના રોગ માત્ર એક રોગરૂપે રહે. માંસ હાડકામાં ઉતરેલા રોગ આખા શરીરને રોગમય કરી નાખે. તેમ આ કાંક્ષાનો દોષ ઉપરછલ્લો નથી. જતાં જતાં તડકો થયો, વચમાં તડકો લાગે પણ સામે મકાને ગયા એટલે શાંતિ. આગળ નહીં. નામ ગોત્રથી આત્માનું હલકાપણું થાય પણ આત્માના સ્વરુપને જ્ઞાનને હરકત ન આવે, પણ કાંક્ષાદોષ જીવના હલકાપણાને લીધે થયો, તે જીવનું હલકાપણું કરનારો દોષ છે. મોહને આધિન ન બન્યો હતે તો કાંક્ષાદોષ ન થતે. સડામાં અને પાકમાં ફરક છે. નામગોત્ર વેદનીયને લીધે જ આત્મામાં વિકારો થાય તે ગુમડાના પાક જેવા, પણ જ્ઞાનાવરણી આદિ ચારના વિકારો સડા જેવા છે. સડામાં દવા ન કરે તો આગળ ચાલે, સડામાં પોતે સડયું ને બીજાને સડાવે. ઘાતિકર્મના ઉદયથી થતો આત્મામાં દોષ સડા સરખો છે. દાંતમાં આગળનો ભાગ સડયો હોય તો આગળ આગળ સડતો જાય. માટે કાંક્ષા મોહનીય ગુમડાની માફક પોતે દોષરૂપ નથી પણ જીવને દુષિત કરી નાખે છે, ભવિષ્યમાં પણ દૂષિત થાય.

**મોહનીય માટે બે શ્રેણિ માની**

કેશુભાઈ ક્રોધ કરે. મારા પહેલાના ક્રોધમોહનીના કર્મ હતા, ક્રોધ કર્યો એટલે તે જુના કર્મ તૂટ્યા, આગળ વધી અનાચાર કર્યો. મારા કર્મ હતા તે તૂટયા. વેદની આયુ-નામ-ગોત્ર એવી ચાર ચીજ છે કે ઉદય આવી ભોગવી લીધી પછી કંઇ નહીં. જ્ઞાનાવરણી આદિ ચાર ઘાતિકર્મો તો એવા છે કે- ઉદય આવ્યા, ભોગવ્યું ફેર નવા ઘાતનું બીજ રોપે. ક્રોધ કર્યો પહેલાના ભોગવ્યા પણ સજ્જડ નવું મોહનીય બાંધ્યું. વેદ ઉદય ભોગવ્યો પણ નવો બાંધ્યો. ઉદયથી ભોગવેલું મોહનીય નવું બંધાયા વગર ન રહે.

**સાત કર્મો માટે શ્રેણિ ન માની**

જ્ઞાનાવરણી દર્શનાવરણી માટે અંતરાય માટે શ્રેણી નહીં પણ મોહની માટે ક્ષપક અને ઉપશમ બે શ્રેણી માની. ત્રણ ઘાતિ માટે શ્રેણિ નથી. ચાર ઘાતિમાં ત્રણ ઘાતિ તો એવા છે કે ઉદય આવે ને નવો દોષ ઉત્પન્ન ન પણ કરે, પણ મોહનીય એવું ઘાતિ કે એના ઉદયમાં ગયા કે વર્ત્યા તો નવું બંધાયા વગર ન રહે. મોહનીને તોડવાનો રસ્તો ઉદયથી નથી પણ ઉપશમ કે ક્ષપક શ્રેણીથી જ મોહનીય તૂટે છે.

ડાકણના હાથમા પડયા પછી છૂટવું મુશ્કેલ તેમ મોહનીના હાથમાં ગયેલાને છૂટવું મુશ્કેલ છે. એક જ રસ્તો. શ્રેણી સિવાય બીજો મોહનીયથી છૂટવાનો રસ્તો નથી. તીર્થંકર ગણધર સરખા પણ શ્રેણીએ ચડયા વગર મોહને હણી શક્યા નથી. મોહનીય કર્મ શ્રેણી સિવાય તૂટતું જ નથી, દેવું દઈ દીધું તે વિચાર વેદનીયમાં ખુશીથી રાખો. આયુષ્યમાં રાખો, નામગોત્રમાં રાખો ઉદય આવ્યું ભોગવ્યું પત્યું. પણ મોહનીયમાં એ હિસાબ ચાલે નહિં કે ઉદય આવ્યું, ભોગવ્યું ને પતી ગયું, તે મોહનીમાં ન ચાલે. હાસ્ય રતિ પુરૂષાદિવેદમાં એ ન ચાલે. બીજા કર્મમાં ઉદય આવ્યા ભોગવ્યા, પતી ગયું, પણ મોહનીમાં તેમ નથી.

**મોહનીયકર્મની અતિ પ્રબળતા.**

દત્તક લીધો હોય તેને ઘર આપ્યું તેથી પતી જતું નથી. દત્તક તરીકે ગણી, ઘર આપ્યું દસ્તાવેજ કર્યો. હમણાં દત્તક લીધો, તેથી ઘર આપું છું. તો આખી મિલ્કત તેના હાથમાં ગઈ. ઘર આપવામાં દત્તકના નામે ઘર આપી આખી મિલ્કત ખોઈ, તેમ મોહની ઘરજમાઈ થનારું કે લગીર ઉદય આવ્યો તો આખા આત્માને દૂષિત કરે છે. આઠ કર્મમાં મોહનીની એ સ્થિતિ, પહેલાથી બારમા સુધી મોહની કર્મ છે. માટે

પહેલેથી ૪થે જવું. તે દર્શનમોહની ખસેડવા માટે. ૪થે થી બારમે જવાનું તે પણ મોહની ખસેડીએ ત્યારે. સજ્જડ બંદોબસ્તથી નીકળી શકે તે માટે ક્ષપકશ્રેણી કરવી પડે. કેટલીક કર્મપ્રકૃતિઓ પુદ્ગલવિપાકી હોય, ક્ષેત્રવિપાકી હોય પણ મોહની જીવવિપાકી હોવાથી જીવદૂષણં. કાંક્ષા મોહની પુદ્ગલનો દોષ નથી પણ જીવનો દોષ છે. તે પણ જબરજસ્ત દોષ છે.

અવિરતિ રહી વિરતીની અભિલાષા રાખી શકો. સકષાયી રહી, નિષ્કષાયીપણાની ધારણા રાખી શકો. સકષાયીપણુ હાથની બાજી. અવિરતિપણું ચોક્કસ તમો ખસેડી શકો. નિગોદમાં પણ અવિરતિને મારી નાખવાના, સકષાયીપણાને મારી નાખવાના. કાંક્ષાદોષ ટળી ગયો હોય, શુદ્ધદૃષ્ટિ થઈ હોય તે જીવ માટે પાપના ઉદયે નિગોદમાં ઉતરી જાય તે અવિરતિ કષાયને મારી નાખવાનો, પણ જેણે મિથ્યાત્વનો દોષ ટાળ્યો ન હોય તે વીતરાગ જેવું ચરિત્ર પાળે, શુક્લલેશ્યાવાળો થાય, માસખમણો કરે. મહીનાના ઉપવાસ કરી પારણે ડાભની અણી ઉપર રહે તેટલું ખાય. તેમ દેશોન ક્રોડ પૂરવ સુધી કરે તેવાને મોક્ષ કેટલા વખતે થાય, તેનો નિયમ નહીં. જૈનદર્શન ધ્યેય-સાધ્ય તરીકે પકડયું. તે અર્ધપુદ્ગલ પરાવર્તે મોક્ષે જવાનો. મોહ મિથ્યાત્વનો દોષ ખસી ગયો. કાંક્ષામોહનીય મિથ્યાત્વને લીધે થવાવાળો જબરજસ્ત દોષ, તેને અંગે ત્રીજા ઉદ્દેશામાં જણાવશે કે આવી બાજી કોણ બગાડે છે? તે માટે ત્રીજા ઉદ્દેશામાં કહેવાશે કે કાંક્ષામોહનીય જે મિથ્યાત્વના ઉદયથી થવાવાળું છે તે જીવનું જ કરેલું, બીજાનું કરેલું નથી.

**કારણો ઉપર દૂષણ ન ઢોળી શકાય.**

દુનીયામાં આલંબન મળે ત્યારે કાર્યવસ્તુ થાય છે, તેથી સતી એમ ન કહી શકે કે રૂપાળો ભાઈડો મળ્યો તો મારૂં ચિત્ત ચલાયમાન

થયું, તેમ રૂપાળા પુરૂષનો વાંક સતી ન કાઢી શકે. તારે તારા આચારમાં રહેવું તે તારી ફરજ. કારણો ઉપર દૂષણ ન ઢોળી શકાય. ક્રોધ-માન-માયા-લોભ કરીએ, પછી હું શાંત બેઠો હતો તે આવીને ક્રોધ કરાવે છે. તે જૈનશાસનમાં ન ચાલે. નિમિત્તને સ્થાન નથી. ઘૂવડને સૂર્ય આંધળાપણું કરે તેથી સૂર્ય અંધાપો કરનાર ગણવો? નિમિત્ત થનાર શુદ્ધ હોય, મહાવીર સરખા કાઉસગ્ગ ધ્યાને રહે તેવામાં ચંડકૌશિક સર્પને બળતરા થાય તેમાં મહાવીર મહારાજા શું કરે? મહાવીર મહારાજાને કર્મ બંધાશે. તીર્થંકરોની સમતા અભવ્યો-દુર્ભવ્યો ને કર્મબંધનું કારણ થાય, તેથી સમતા છોડી દેવી? જૈનશાસનમાં નિમિત્ત બનનારના માથે પાપ નાખવાનું ન ચાલે. નિમિત્ત થનારને પાપ થાયે ખરૂં ને ન પણ થાય. નિમિત્ત ઉપર ઢોળી દે તો ન ચાલે. સિંહ ગુફાવાસી સાધુ વેશ્યા માથે પાપ નાખે તો તે ન ચાલે. જૈનશાસનમાં નિમિત્ત ઉપર આધાર ખરો પણ નિમિત્ત બે પ્રકારના. શુદ્ધ હોય ને અશુદ્ધ ભાસે. નિમિત્ત ઉપર જૈનશાસન આધાર ન રાખે તો કુધર્મવાળો કારણ નહીં ને? આવા ખરાબ ધર્મો ચાલ્યો તો હું ફસાયો, કુધર્મો ન કાઢ્યા હતે તો ન ફસાતે માટે નવામત કાઢનારને દોષ, મારે કંઇ નહીં, તે ન ચાલે. માનવાવાળા-ચાલવાવાળા દોષ વગરના થાય તે જૈનશાસનમાં ન ચાલે. પોતે કરેલા મોહના ઉદયથી પોતાને કાંક્ષામોહની જેટલો પણ દોષ થાય છે. પોતાને દૂષિત કરે છે. ત્યારે સહેજે શંકા થાય કે કર્મો છે કેટલા? કર્મની ગણત્તરી છે. મૂળ અવાંતર ભેદોની ગણતરી છે.

**'पगइ' त्ति प्रकृतयः- कर्मभेदाश्चतुर्थोद्देशकस्वार्थः 'कति भदन्त! कर्मप्रकृतयः?'**

**પ્રકૃતિ એટલે કર્મના ભેદો**

મૂળ પ્રકૃતિ ઉત્તર પ્રકૃતિ એમ ઘણા ભેદો હોવાથી તે ભેદો

જાણવા જોઈએ. કયા કર્મથી કઈ પરિણતિ થાય તે જાણવા માટે ચોથો ઉદ્દેશો. પ્રકૃતિ શબ્દનો સ્વભાવ અર્થ છે. જીવ-પાણી-અગ્નિની આ પ્રકૃતિ-સ્વભાવ, તેમ જૈન શાસનમાં પ્રકૃતિ શબ્દ ભેદવાચક છે. અન્ય દર્શનવાળા પ્રકૃતિનો અર્થ સ્વભાવ કહેશે. કોઈ પણ જૈન સિવાય પ્રકૃતિનો અર્થ કર્મના ભેદો કહેશે જ નહિ. ચાહે તત્વજ્ઞ હોય, અધ્યાત્મી હોય તો પણ કર્મના ભેદો કહેશે જ નહીં. '**प्रकृतयः कर्मभेदाः**' કર્મના ભેદો એવો અર્થ ક્યાંથી કર્યો ? જગતના જીવો માત્રની જે જે અવસ્થાઓ તે બધી અવસ્થાઓ જેનાથી સમજાવી શકાય. અજ્ઞાની મિથ્યાત્વી, કંજુસપણું, પાંગળાપણું તે બધી અવસ્થાઓ સમજાવી શકાય. જેથી જગતના જીવોની સર્વઅવસ્થા સમજાવી શકાય તે પ્રકૃતિ. માટે પ્રકૃતિ એટલે કર્મના ભેદો. તે ચોથા ઉદ્દેશામાં કર્મના ભેદો કહેવાશે. હે ભગવાન! કર્મની પ્રકૃતિઓ કેટલી? કયો જીવ કઈ અવસ્થામાં કર્મ બાંધે, ભોગવે, તોડે આ બધું વિચારવું તે ચોથા ઉદ્દેશામાં કહેવાશે. હવે કર્મના ભેદો કેટલાં, તે બધું ચોથામાં વિચારવાનું. વિચારવાનું બળ અને બુદ્ધ-પંડીત બુદ્ધિએ વિચારવાનું. નરકપૃથ્વીના ડરથી કર્મપ્રકૃતિથી ડરવું તે બુધબુદ્ધિ. આત્માને અજ્ઞાન અવસ્થામાં મિથ્યાત્વ-અવિરતિ અવસ્થામાં કર્મો રાખે છે, આ ધારી કર્મપ્રકૃતિથી ડરવુ-દુર રહેવું તે બુધબુદ્ધિ. ઘણો વર્ગ બાળબુદ્ધિવાળો માટે પાંચમો નરકાદિ ઉદ્દેશો કહેવાશે. કયા નરકોમાં કેવા દુઃખો છે તે કેવી રીતે તે અગ્રે.

# દેશના ૪૫
# કર્મપ્રકૃતિઓના વિભાગો

**प्रकृतय: कर्मभेदा: ......**

ટીકાકાર મહારાજા શ્રી ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં ચોથા ઉદ્દેશામાં શું જણાવવાનું ? ત્રીજામાં સાચા સિદ્ધાંત ઉપર દૃઢ રહી શકતો નથી. મિથ્યાત્વમોહનીનો ઉદય હોય ત્યારે જીવની દશા શી હોય ? નિર્ભાગીનો પોતાને રિદ્ધિ પ્રાપ્તિનો .રસ્તો સુઝે નહીં. પરોપકારીએ રિદ્ધિ પ્રાપ્તિનો રસ્તો બતાવ્યો હોય તો તે ગણકારે નહીં, સુઝે નહીં, નિર્ભાગીને સુખનો રિદ્ધિનો ઉપાય પોતાની મેળે ન સુઝે, પરોપકારીએ કહ્યો હોય તે પણ ન સુઝે. તેમ મિથ્યાત્વમોહનીનો ઉદય હોય તો જિનોક્ત કથન પોતાની મેળે કે બીજાના કહેલા સાંભળવામાં આવે તો પણ માનવામાં આવે નહીં. આપણા આત્માને મિથ્યાદૃષ્ટિ વધારવા તૈયાર નથી.

**સમતાનો ઘુંટડો કડવો લાગે છે.**

**'उवइट्ठं पवयणं न सद्दहइ'** ઉપદેશ વગર શાસ્ત્ર સાંભળ્યા વગર સાચું તત્વ ન સાંભળવામાં આવે, આરંભપરિગ્રહમાં અનાદિકાળથી રખડેલો ક્રોધાદિમાં રગદોળાયેલો છે. ક્રોધ ચડાવનારા ફાવી જાય છે. સમતા રાખનારા ફાવતા નથી. વાંદરાને વીંછી કરડે તો શું બાકી રહે, ક્રોધે ભરેલો ને ધમધમેલો છે. બીજો કહે કે શું જોઈ રહ્યો છે ? એ જગોપર કોઈક કહે કે ભાઈ શા ઉપર ક્રોધ ? ફળ શું ? તે વિચાર

સાંભળવો કેટલો મુશ્કેલ પડે છે? ઉપદેશ સાચો માનવા છતાં પરિણમાવતા મુશ્કેલી પડે છે. સમતાનો ઘુંટડો કડવો લાગે છે.´ઠોક કહ્યું તે વખતે ઠોકતાં મુશ્કેલી લાગતી નથી. મહાનુભાવ! તે તો ડૂબ્યો, તું ક્યાં ડૂબે છે ? તે વાક્ય ઉતરતાં ઉતરતાં કેટલી મુશ્કેલી પડે છે ? વિષય કષાયમાં ટેવાઈ ગયો છે, નિરારંભપણું, નિષ્કષાયેપણું તેને છેટે ગણે છે. વિષય કષાયને ઘર ગણે છે. આવી દશામાં ઉપદેશેલા જિનોક્તતત્વ રૂચવા મુશ્કેલ, તો વગર ઉપદેશે તો ક્યાંથી રૂચે ? સાધુમહાત્માઓ આત્મહિત માટે નિરૂપણ કરનારા નીકળે, પણ કદી એની શ્રદ્ધા ન થાય. સંજ્ઞીપંચેન્દ્રિય હોય તો કોઈને કોઈ માન્યતા તો ધરાવે જ. સંજ્ઞીપંચેન્દ્રિય વ્યવહારમાં રહ્યો છે તે કોઈને કોઈ માન્યતા તો ધરાવે જ. મોક્ષથી ઉલ્ટો માર્ગ તો જરૂર માની લે. ક્રોધમાં વેગ ચઢાવનાર હોય તે ઝટ મગજમાં ઉતરી જાય. ક્રોધ વખતે લાકડી પત્થર આપનાર હોય તો તે વખતે તરત ઉપયોગ કરી લઈએ, પણ હાથ પકડનાર મહાનુભાવ કહે કે વિચાર કર! આ સજ્જનનો સ્વભાવ ન ગણાય, તે ઘૂંટડો ઉતારતાં મુશ્કેલી પડે છે. એ ક્રોધના ભૂતના ચાળા મટાડવા મુશ્કેલ પડે છે. આવી સ્થિતિ હોવાથી મોક્ષમાર્ગ વિરૂદ્ધ જે કાર્ય, પછી તે આરંભ વિષય કષાયનું હોય તે ચાહે કોઈ કહે કે પોતાની મેળે કરવા તૈયાર. સમકિતદૃષ્ટિપણું ગમે છે, મિથ્યાદૃષ્ટિપણું ગમતું નથી. પણ મોક્ષમાર્ગ વિરૂદ્ધ જે હોય તે હૃદયમાં ઉતરવું ન જોઈએ. નહીંતર અવળી વાત વગર કહેલી પણ માની લઈએ, સવળી વાત કહેલી પણ ન માનીએ તો મિથ્યાદૃષ્ટિપણું છે. કોઈક એવી ભવ્યતાનો સંયોગ કે વાત માની લીધી, પણ અનાદિની ટેવ ભૂલવી મુશ્કેલ છે.

**નારદ કળાધારી બ્રાહ્મણ સંન્યાસી.**

એક બ્રાહ્મણ હતો. બે આદતવાળો હતો. સ્નેહીઓને લડાવી પણ મારે. તેમ કરવામાં વાંધો ન આવે. ભલભલી ચોકીમાંથી ચોરી કરે.

તેણે સંન્યાસીપણું લીધું. કેટલીક મુદતે મારી બે કળા છે કે ગઈ તે અજમાવું. ચોરીનો માલ લાવી રાખવો ક્યાં? રાતના એક-બે વાગે પછી બધા સંન્યાસીઓ સૂઇ ગયા હોય ત્યારે કોઈકની પગપાવડી, કમંડળ પોથી ગમે ત્યાં ગોઠવી દે. ગમે તેની પાસે મૂકી દે. કમંડળવાળો કમંડળ જેની પાસે નીકળે તેની સાથે લડે. કળા તો અજમાવવા ગયા પણ ફજેતી થાય છે. લડાઈ શાન્ત શી રીતે કરવી. આઘુંપાછુ કરનાર ભાઈ અહિં ને અહિં હશે. ચોર ચોરી કરવાનું છોડી દેશે પણ આઘું પાછું કરવાનું છોડશે નહિં. એક કળા અજમાવી. હવે લડાઈ કરાવવાની કળા અજમાવવી. પાડોશમાં બ્રાહ્મણી છે. એક છોકરૂં છે. ડોશીમા! એક વાત કહેવી છે પણ તમને આઘાત થાય માટે નહી કહીશ. હવે ડોશીને સાંભળવાની ચટપટી થઈ. બીજો દહાડો થયો મહારાજ શી વાત છે. તમને ચટપટી થાય માટે નહી કહું. તમને દુઃખ થાય તેવું કહેવાની જરૂર શી? એટલે ડોશીને બમણી ચટપટી થઈ. મહારાજ! જે હોય તે કહોને. તું ઉછળી જાય ને આવેશમાં ગમે તેમ બોલી નાખે અને ભવેડો થાય. અમે પડોશમાં રહીએ અમારે માથે આવે. મહારાજ નહીં બોલું. બ્રાહ્મણ કહે છે કે મને વહેમ પડેલો છે કે આ છોકરો દારૂ પીતો થયો છે. પણ બોલતી નહીં, તજવીજ રાખજે. બોલીશ તો તારા ઘરની આબરૂ જશે. ડોશીના પેટમાં ફાળ પડી. ડોશી બોલી શકે નહિ. હવે છોકરો બ્રાહ્મણ સંન્યાસીને નમવા આવ્યો. તું કેવો હોંશીયાર વિનયવાળો, તારે માટે આડીઅવળી વાત થાય છે. કહેવાય નહીં. અમારે દુનિયાની પંચાતમાં પડવાનું ન હોય. મહારાજથી ન કહેવાય. પરંતુ રાતે જાગતો સૂજે. ડાકણ થયેલી ડોશી સુંઘવા આવે છે. દારૂડીઓ શબ્દ બહાર જાય તો? કળા અજમાવી. પછી સંન્યાસી બંનેને કહે છે કે નથી એ ડાકણ. નથી તું દારૂડીયો. મારે મારી કળા અજમાવવી હતી. ઘરબાર છોડ્યા છતાં કળા અજમાવવાની દાનત ગઈ નહીં.

**વિકાર વિકારનું ફળ આપ્યા વગર ન રહે.**

એમ આ જીવ અનાદિકાળથી મિથ્યાત્વમાં રખડ્યો છે. કાંઈક ભવિતવ્યતાથી પરિણતી સુધરી, પણ એ ટેવ આગળ આવે છે. એનું નામ કાંક્ષામોહનીય. જિનેશ્વરના શાસન,સમ્યક્ત્વ શુદ્ધધર્મ પરિણતિ પામ્યા છતાં અશુદ્ધપરિણતિ તરફ જે ડાચું જાય તેનું નામ કાંક્ષામોહનીય, તે પણ કર્મ. કર્મ કેટલી જાતના? તે માટે ચોથા ઉદ્દેશામાં જણાવ્યું કે કર્મની પ્રકૃતિઓ કેટલી? તમારૂં મન કર્મ બાંધવાના વિચારવાળું નથી. પ્રયત્ન પણ કર્મબંધની ધારણાવાળો નથી. મન વચનના પ્રયત્ન નથી તો તે બને શી રીતે? કર્મ બંધાય શી રીતે? ગુમડું થાય છે. પાક પર ચડે છે. પકવવા માટે તારૂં મન છે? રસી થાય તેવું મન-વચન છે કે પ્રયત્ન રસી કરવા કરે છે? છતાં રસી થાય છે કે નહીં? શારીરિક વિકારને લીધે આપણું મન હોય કે ન હોય, થવાનું કહીએ કે ન કહીએ, પ્રયત્ન કરીએ કે ન કરીએ પણ વિકાર વિકારનું ફળ આપ્યા વગર રહે જ નહિં. તેમ આ જીવે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ આ ચાર વિકારો આત્મામાં કરી મેલ્યા છે. પછી કર્મ બાંધવાનો વિચાર ન કરે, પ્રયત્ન ન કરે તો પણ કર્મ બંધાયા વગર રહે નહિં. શરીરમાં હદબહારની ગરમી દાખલ કરી પછી ફોલ્લા થયા વગર રહે જ નહીં. જે ઉન્માર્ગમાં જવાનું વ્રત-પચ્ચક્ખાણરહિત રહેવાનું, ક્રોધાદિમાં રહેવાનું, મન-વચન-કાયાને ગમે તેમ પ્રવર્તાવવું, પછી કર્મબંધ માટે વિચાર વચન પ્રયત્ન કર્યા ન હતા, તેમ કહેવા માત્રથી કર્મબંધ રોકાઈ જાય ખરો? એમ આ જીવે કર્મ બાંધવાનો વિચાર કર્યો નથી. કર્મ બંધાય તેમ કોણે વિચાર્યું? તેમ કોઈએ કહ્યું નથી કે મને કર્મ બંધાજો. અથવા એવો પ્રયત્ન નથી કર્યો કે કર્મ બંધાય. પરંતુ જેમ શરીરમાં દાખલ થયેલી ગરમી વગર વિચારે વગર વચને વગર ધારણાએ ફોલ્લો કર્યા વગર ન રહે.

તેમ આ આત્મામાં ચાર વિકારો દાખલ થયા. તે કર્મનો બંધ કરાવ્યા વગર રહેવાના નહીં. આ મિથ્યાત્વાદિ ચાર ન ખસે તો કર્મબંધ ખસે નહીં. તે સાથે કર્મના સાત-આઠ ભેદો સાબીત કરવા. આયુષ્ય બાંધે ત્યારે આઠ, ન બાંધે ત્યારે સાત ભાગ પડે. કર્મ લેવા ને પછી ભાગ શી રીતે બને ? જૈનપણાને માટે તમારે આ વાત સમજ્યા જ છૂટકો છે. આઠે પ્રકારના કર્મ નાશ થવા જોઈએ, તે માન્યતાવાળો છે. કર્મના ૭-૮ ભેદો જાણવા માનવામાં ન આવે ત્યાં સુધી કર્મ નાશ કરવા એ ક્યાંથી મનાશે. માટે પહેલાં ૭-૮ કર્મ બંધાય છે તે લક્ષમાં લો.

**આત્મા તૈજસની સગડી સાથે લઈને ફરે છે.**

કોઇનું પણ ઘસાવું થાય ત્યારે ગરમી આવે. ઘર્ષણ થાય ત્યારે ગરમી ઉત્પન્ન થાય. નાના પદાર્થ હલકા પદાર્થ ઉપર ધરવામાં આવે તો ફટ્ ચોંટી જાય. આંગળી ઘસીને તણખલા પર મૂકીએ તો ચોંટી જાય. વીજળીને આખા આખા માણસો ચોંટી જાય છે. આકર્ષણ -પુદ્ગલને ખેંચવાનો સ્વભાવ ગરમીમાં છે. એ વાત મગજમાં રાખી લો. શરીરમાં ગરમાવો હોય તો જીવતો, ન હોય તો ઠંડુ થયું હોય, ત્યારે મરી ગયો સમજવો. આત્મા સગડી સાથે લઈને ફરે છે. કાર્મણ તેજસ સિવાય કોઈ આત્માનો પ્રદેશ ખાલી ન હોય. સંસારી બધા આત્માઓને તૈજસને કાર્મણ શરીર હોય. જમશેદપુરની ભઠ્ઠી માફક નિરંતર તેજસની ભઠ્ઠી ચાલુ રાખી છે. સવાશેર ખાય પછી બપોરે ભૂખ્યા કેમ થાવ છો? તેજસની ભઠ્ઠીમાં બળ્યું એટલે નવું ખાવાનું જોઈએ. મળ્યું તે બાળે ને નવું પકડે. તે ગરમીનો સ્વભાવ છે. ભઠ્ઠી લઈને ફરો છો. ચાહે એકેન્દ્રિય કે દેવતા કે નારકીનો જીવ હોય સંસારી દરેક જીવ તેજસની ભઠ્ઠી સાથે લઈને ફરે છે. તો એ ગરમી કર્મપુદ્ગલને ચોંટાડે કે નહીં? પુદ્ગલને જોડે કે નહીં? આ તેજસ કાર્મણની સૂક્ષ્મ સૂક્ષ્મવર્ગણાને ખેંચે તેમાં નવાઈ શી? આ ઉપરથી સંસારમાં જીવ છે ત્યાં સુધી તૈજસ શરીરવાળો

છે તો કર્મને ખેંચે છે.

**બધા કર્મના વિભાગ કેવી રીતે પડે છે.**

અમે ખેડુતની પેઠે ઘાસ-છોડા-અનાજનો વિભાગ કરવા ખળુ લઈને બેઠા નથી. વેદનીય-મોહનીય-આયુ-ગોત્ર વિગેરે વિભાગો શી રીતે થાય? કર્મ બંધાય છે. તૈજસ કાર્મણના સંયોગ દ્વારા કર્મ બંધનની વાત માની, પણ તું ખોરાક લે છે તેમાં કેટલું લોહી, માંસ, હાડકાં, ચરબી કરવી તે વિભાગ તું ધારે છે? છતાં સાતે ધાતુના વિભાગ પડે છે કે નહીં? ધાર્યા વગર વિભાગો કેમ પડે છે? જઠરની અંદર જેનો રસ થાય તેથી સાતે વિભાગ પડી જાય. જેટલા શરીરના અંગો તે દરેકને રસ પહોંચે. માથે હાથે છાતીએ પગે બધે રસમાંથી વિભાગ પહોંચે. માથે હાથે, પગે આટલું પહોંચાડું તે ધારણા નથી, પણ જે જે પ્રમાણમાં લોહીનું ફરવું તે તે પ્રમાણમાં ત્યાં રસ પહોંચી જાય.

જ્ઞાનાવરણી કર્મ ભોગવતો હોય એટલે બાંધેલા કર્મનો ભાગ જ્ઞાનાવરણીમાં જાય, તેમ દર્શનાવરણી આદિમાં જાય, પણ જે કર્મ વેદવામાં આવે તેને ભાગ મળે તે બંધાય, આંગળી કપાઈ ગઈ પછી ખોરાકનો રસ થયો તેમાંથી આંગળીને ન મળે. કપાઈ ગયેલા અંગને જઠરથી રસદ્વારા ભાગ મળતો નથી. પરંતુ લાગેલી હોય ત્યાં સુધી ભાગ મળ્યા વગર રહેતો નથી. તેમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણી મોહની આદિ સાતે ભોગવતો હોય ત્યાં સુધી જરૂર ભાગ મળે. શરીરમાં ખાધેલા ખોરાકના સાત ભાગ થાય છે. તેમ આયુષ્ય અંતરમુર્હૂત્ત જ બંધાય તે વખતે આઠ ભાગ. ગુમડું થયું હોય ત્યારે ખોરાકના રસનો ભાગ ગુમડાંને પણ મળે. ૮ મો ભાગ રસીનો પણ થાય. ખોરાકમાંથી ગુમડું થયું હોય ત્યારે સાત ધાતુ ને આઠમી રસી. ગુમડું ન હોય ત્યારે સાત વિભાગ, એમ દરેક જીવમાં કર્મના ૭-૮ વિભાગ થાય.

આમ આત્માને ૭-૮ પ્રકારના કર્મ લાગેલા છે, તેમ જણાવ્યું

ત્યારે પ્રશ્ન કર્યો કે કર્મના ભેદો કેટલા? અંગે ગયેલો રસ ઉપાંગે વહેંચાય, તેમ મૂળકર્મમાં ગયેલો રસ પેટામાં વહેંચાય. જ્ઞાનાવરણીનો ૭ મો ભાગ હોય. ખોરાકમાંથી અંગોપાંગે રસ વહેંચ્યો, તેમ સ્વતંત્ર ભુજાનો ભાગ નહીં. સમુદાય તેનું નામ ભુજા. જ્ઞાનાવરણી જુદી ચીજ નથી પણ મતિ, શ્રુત, અવધિ આદિ જ્ઞાનાવરણીય તે જ જ્ઞાનાવરણીય. આંગળીઓ, પોંચો, કાંડું તેનો સમુદાય તે ભુજા. હથેલી, આંગળીઓ, અંગુઠો એટલે હાથ. તેમ મતિ જ્ઞાનાવરણીમાં પણ સ્પર્શરસના આદિ ઇન્દ્રિયનું જ્ઞાનાવરણી. બારીક દૃષ્ટિથી જોશો તો ખાધેલા ખોરાકનો રસ અંગોપાંગે પહોંચે છે. તેમ તૈજસ કાર્મણને લીધે આવતા કર્મોનો ૭-૮ રીતિએ વિભાગ થવો જ જોઇએ. તેનું કારણ? જગતમાં કોઈ પણ જીવ તપાસીએ તો જીવનું સ્વરૂપ કયું? ચેતના, જ્ઞાન એ જ મુખ્ય આત્માનો ગુણ. તો કર્મ આવે તે જ્ઞાનને રોકનારૂં, દર્શન-દેખવું દરેકને સુખ દુઃખ માન્યતા વર્તન રહેલા છે, આયુષ્ય તો ભોગવટો, શરીર, ગતિ જાતિ, ઊંચા નીચાપણું; દેવા-લેવાપણું રહેલું છે તેથી માનવું જ પડશે કે આ જીવના ૭-૮ ગુણો છે. તેને મદદ કરનાર કે રોકનાર તેનું નામ ૭-૮ કર્મો, તે માટે આ ઉદ્દેશામાં કર્મો કેટલા, પેટા ભેદો કેટલા બધું જણાવવું તે માટે કર્મપ્રકૃતિને અંગે ચોથો ઉદ્દેશો જણાવ્યો.

**પાંચમાં ઉદ્દેશામાં કયો અધિકાર.**

સ્થૂલ શરીર આધાર વગર રહેતું નથી. આધાર ન હોય તો આધેય ટકે નહીં. પાણી લાલ રંગમાં પડે તો પાણી લાલ થાય. લીલા રંગમાં પડે તો લીલું થાય. તેમ આ જીવ જે આધારમાં જાય તે પણે પરિણમવાવાળો થાય. નરક દેવતાની ગતિ માનવી પડશે. મધ્યમ સુખ-દુઃખ, ઉત્કૃષ્ટ, સુખ, કંઇક જ દુઃખ એવું ક્યાં બને? સર્વથા દુઃખ વગરનો કેવળ આત્મીય સુખથી ભરેલો ક્યાં બને? સિદ્ધક્ષેત્રમાં ગયા વગર સંપૂર્ણ આત્મીય સુખવાળો બની શકતો નથી. પોતાના કર્મથી

સુખ-દુઃખ ભોગવનારો તે કોના આધારે બને? આધારના પ્રભાવે. નારકીનો આધાર હોય તો જ નારકીના દુઃખ ભોગવાય. નારકી ગતિમાં મનુષ્યના સુખ ભોગવાય નહીં. કર્મના ઉદયે જ સુખ-દુઃખ ભોગવાય પણ તેવા સાધનો મળે ત્યારે જ ઉદય ફળે. અશાતાનો ઉદય ક્યારે ફળે? અશાતાના સાધનો મળે ત્યારે. શાતાના ઉદય ફળવા માટે દ્રવ્યથી સાધનો જોઇએ. તેમ તીવ્ર અશાતા, તીવ્ર શાતા, મધ્યમ શાતા-અશાતા ફળવા માટે પણ ક્ષેત્રો જોઇએ. ઉર્ધ્વ, અધો, તીર્ચ્છાલોક આપણામાં અજાણ્યા નથી. શાથી ઉર્ધ્વલોક કહેવાય છે? ત્યાંના પુદ્‌ગલો ક્ષેત્રના પ્રભાવે શુભ અને ઉંચી સ્થિતિએ પરિણમેલા હોય. અધોલોકમાં અધમ પુદ્‌ગલો પરિણમેલા હોય. ઉર્ધ્વલોકમાં સુખ જ હોય. અધોમાં દુઃખ હોય. તીર્ચ્છામાં નહીં બહુ દુઃખ નહીં બહુ સુખ, મધ્યમ સુખ-દુઃખ. પુદ્‌ગલોના પરિણામો ઉંચા મધ્યમ અધમ હોય. કર્મના ફળનો આધાર દ્રવ્ય ઉપર, પુદ્‌ગલોના પરિણામનો આધાર ક્ષેત્ર ઉપર. આમ ક્ષેત્રને આધારે દ્રવ્યનું પરિણામ. તેના આધારે કર્મના પરિણામ ભોગવવાનું હોવાથી આધારનો વિચાર, તે માટે પૃથ્વી કેટલી ક્યાં રહી છે, તે પુદ્‌ગલોના પરિણામને કેવી રીતે ફેરવે છે તે પાંચમાં ઉદ્દેશામાં અધિકાર જણાવ્યો. આધારરુપ પૃથ્વીઓ કેટલી? લોકના છેડા સુધી પહોંચેલી પૃથ્વીનો વિચાર કરાતો હોવાથી દેવલોકના તળીયા અસંખ્યાત જોજનના હોય તો પૃથ્વીની ગણતરીમાં લેતા નથી. દેવલોકના તળીયા પોલા નથી, પણ રાજના છેડા સુધી પહોંચ્યા નથી. તે માટે પ્રશ્ન કરશે ત્યાં રહેવાવાળા કેવી રીતે કર્મ બાંધશે તે અધિકાર અગ્રે.

# દેશના ૪૬
# ઉદ્દેશાના અર્થાધિકાર સંપૂર્ણ.

**'पुढवीओ' त्ति रत्नप्रभादिपृथिव्यः पञ्चमेवाच्याः, कति भदन्त! पृथिव्यः इत्यादि ।।**

ટીકાકાર ભગવાન શ્રી ભગવતી સૂત્રની વ્યાખ્યાં કરતાં ગઈ કાલે ત્યાં સુધી જણાવી ગયા કે જગતના લોકો પ્રકૃતિને સ્વભાવ કહે છે, પણ અહીં તો કર્મના ભેદો લેવા જોઈએ. અન્ય મતવાળાને વચમાં નાખ્યા હોત તો ? અન્ય મતવાળાને સ્વભાવ કે કર્મના ભેદો, શું સાચું લાગે? માટે પ્રકૃતિ એટલે કર્મના ભેદો. ખોરાક લઈએ તેમાં કેટલો ભાગ માંસ, લોહી, હાડકાં, ચામડી, ચરબી એ આપણે જાણતા નથી, છતાં પણ વિભાગ પડે છે. તે ચોક્કસ છે, ભલે ભાગ ન જાણીએ પણ ખોરાકનો સ્વભાવ તેના ૭ ભાગ અને મલ તરીકે આઠમો ભાગ. તે ભાગ પડયા વગર રહેતાં નથી. ૭-૮ ભાગો ન ધારીએ ન જાણીએ તો પણ પડે જ છે. તેમ આત્માએ ગ્રહણ કરેલા કર્મ પુદ્‌ગલોના ૭-૮ ભાગ પડે જ છે, એવો એક પણ સમય નથી સંસારી જીવો માટે કે જે સમયમાં કર્મ ન બંધાતુ હોય ને કર્મના ભેદ ન પડતાં હોય. સર્વ અવસ્થામાં કર્મ બંધાય છે. જે કર્મો વિચ્છિન્ન થયા હોય તેને ભાગ ન મળે. લોહીનું ફરવું થાય ત્યાં રસનો ભાગ આવ્યા વગર રહેતો જ નથી. તેમ આ આત્માને અંગે જે જે કર્મો ભોગવે છે તે બંધાયેલા કર્મોમાંથી ભાગ આવે છે.

આપણે કેવળજ્ઞાની નથી. જ્ઞાનાવરણી ભોગવીએ છીએ તેથી

હવે જે કર્મ બંધાય તે કર્મમાંથી જ્ઞાનાવરણીને ભાગ મળે. તેમ કેવળદર્શન શાથી નથી? દર્શનાવરણીનો ઉદય હોવાથી, તેથી જે કર્મ બંધાય તેમાંથી દર્શનાવરણીને પણ ભાગ મળે. વેદનીના ઉદય વગર ૧૪મા વાળો પણ નથી. આપણને વેદનીનો ઉદય તો વેદનીમાં પણ ભાગ મળે. ક્ષાયિકદર્શન પામ્યા નથી તેથી દર્શનમોહનીને પણ ભાગ મળે છે. વીતરાગ આપણે થયા નથી તેથી કષાય નોકષાય ભોગવીએ છીએ. તેથી જે કર્મ બંધાય તેમાંથી મોહનીયને પણ ભાગ મળે.

**આયુષ્યકર્મ ભવમાં એક જ વખત બંધાય.**

આયુષ્ય તો દરેક ક્ષણે ભોગવીએ છીએ તો આયુષ્યને ભાગ કેમ ન જાય? વાત સાચી, આયુષ્ય દરેક ક્ષણે ભોગવાય પણ તેનો ભાગ નથી. કારણ ભવિષ્યની ગતિ એ આયુષ્યને આધારે છે. આયુષ્ય એવી ચીજ કે ભવાંતરમાં સ્થાયી, ભવની શરૂઆતથી સમાપ્તિ સુધી એક જ રહે. તેમાં પલટો ન હોય. મનુષ્યનો ભવ હોય ત્યાં સુધી આયુષ્ય ટકે. આયુષ્ય આભવ સ્થાયી છે. જુદી જુદી વખતે બંધાય તો જુદા જુદા ભવનું બંધાય. આયુષ્ય અનેક બંધાય તો આગલા ભવનો નિર્ણય ન રહે. આ ભવ સુધી એક જ આયુષ્ય રહેવાવાળું તો જુદા જુદા આયુષ્ય બંધાય તો ભવનો નિયમ ન રહે, માટે એક જ વખત ભવમાં બાંધવાનું માનવું પડે. બાકીના સાતે કર્મો દરેક સમયે-ક્ષણે બંધાય. મનુષ્ય માત્ર યાવત્ જાનવર વડે જે ખોરાક લેવાય તેના ૭-૮ ભાગો થાય જ છે. તે ભાગો ન ધારીએ ન વિચારીએ, તો પણ થાય જ છે. તેવી રીતે આત્મામાં આવેલા કર્મ પ્રદેશો તેના ૭-૮ ભાગ થાય જ છે.

**દ્રવ્યાદિકભવને પામીને ઉદયાદિક થાય છે.**

હવે કર્મની પ્રકૃતિઓ ફળ દેવાવાળી છતાં આધાર ઉપર જ અવલંબીને છે. મનુષ્યકર્મનો ક્ષય કરી મોક્ષ જનાર થયો, થાય છે ને થશે. ભલા! નારકી મોક્ષે જનારો થયો-થતો-થાશે નહીં. તેમ દેવ

તિર્યંચો પણ મોક્ષે જતા નથી. કેમ તેઓ આત્મા નથી? આત્મા છે. અઢી દ્વીપની બહાર કોઇ મોક્ષે જતું નથી. મનુષ્ય ગતિમાં છતાં અધો ઉર્ધ્વલોકમાં જીવો અસંખ્યાતગુણા છતાં કોઇ મોક્ષે ગયા નથી, જશે નહીં, આધેયની સ્થિતિ આધાર ઉપર રહેલી છે. ઘીનું ટકવું ભાજન ઉપર. ઘડો ફુટી જાય પછી પાણી પકડી રાખો. પાણી ઘડાના આધારે - અવલંબને ટકે. આધાર ખસે તો આધેય ખસી જાય. સુખ-દુઃખો કર્મના આધારે જ થાય છે પરંતુ તે કર્મના ઉદયોને આધારની અપેક્ષા. એકાંત દુઃખનો ઉદય નારકીમાં, સુખનો દેવલોકમાં, મધ્યમ સુખ-દુઃખ તીર્ચ્છા લોકમાં, નારકીને લાયક કર્મનો ઉદય નરકમાં જ થાય. તેમ દેવલોકને લાયકના સુખોનો કર્મનો ઉદય દેવલોકમાં જ. જગોજગોપર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભવને પામીને ક્ષયોપશમો ઉદય ક્ષયો થાય છે.

**કર્મપ્રકૃતિઓ જોર ક્યારે કરે !**

સર્વથા કર્મનો નાશ, ક્ષાયક ભાવ મનુષ્યગતિ અઢીદ્વીપમાં અમુક કાળમાંજ થાય. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ પણ કારણ ભવ પણ કારણ. આમ હોવાથી કર્મ પ્રકૃતિઓ જોર ક્યારે કરે? તેને લાયક ક્ષેત્ર મળે ત્યારે. નારકીને લાયક અશાતા બાંધી છે પણ ભોગવાય ક્યારે? નારકીના ક્ષેત્રે જાય ત્યારે ભોગવાય. સર્વાર્થ સિદ્ધ લાયક શાતા બાંધી છે, પણ ભોગવાય ત્યાં જાય ત્યારે. ક્ષય ક્ષયોપશમ ઉપશમ બધા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ ભવ પાંચને આધારે થનારા છે. તેથી આધાર કોણ? પૃથ્વીઓ. પૃથ્વીઓ કેટલી? રત્નપ્રભા વગેરે જે આ પૃથ્વી જેના ઉપર આપણે રહીએ છીએ, તે ઉપરલા ભાગમાં રત્ન-હીરા વિગેરેની ખાણો તેમાં છે વરસાદમાં હીરો ન વરસ્યો, હીરા-પન્ના જમીનમાંથી જ નીકળે. તેથી આ જમીનને રત્નપ્રભા કહે છે.

તમે રત્નપ્રભા કહો છો પણ મહાતમઃ પ્રભા કહેવી જોઈએ, પણ પ્રરૂપણા કરનાર મનુષ્યો તેને પહેલી રત્નપ્રભા પ્રજ્ઞાપકની દૃષ્ટિએ.

શુકનની દૃષ્ટિએ દિશાનો વિભાગ જુદો લઈએ છીએ. સામા દક્ષિણની છીંક, છીંક ખાનાર જે દિશામાં હોય તેની અપેક્ષાએ દિશાના વિભાગ પાડયા. તે કોની અપેક્ષાના? છીંક ખાનાર જોનારની અપેક્ષાએ. તેમાં સૂર્ય આથમે તે પશ્ચિમ, ઉગે તે પૂર્વ, તેમ વિભાગ નહીં. જે પ્રરૂપણા કરનાર વક્તા શ્રોતા, તેમના સ્થાનની અપેક્ષાએ. પહેલી પૃથ્વી રત્નપ્રભા વિગેરે પૃથ્વીઓ કહી. નહીંતર મહાતમપ્રભાઆદિ અગર સિદ્ધશિલાઆદિ કહેવી જોઈએ. રત્નપ્રભા પૂર્વાનુપૂર્વી નથી. પરંતુ પ્રજ્ઞાપકની અપેક્ષાએ આ રત્નપ્રભાનો અનુક્રમ કહેલ છે. એકલી પૃથ્વીઓજ દુ:ખ દે છે કે બીજુ દુ:ખનું કારણ છે? બધા ક્ષેત્રોમાં બધા સુખી દુ:ખી ભારેકર્મી હલકાકર્મી બધા ક્ષેત્રે જનારા એવું હોતું નથી. પ્લેગ જેવા દરદોની હવામાં બધા મરી જતા નથી. વસંતમાં બધા જીવી જતા નથી. પૃથ્વીઓ સહકારી કારણ, મૂળ કારણ નહીં. પૃથ્વીઓ સુખદુ:ખ મોક્ષનું મૂળ, મૂળ ઉપાદાન કારણ નથી. સહકારી કારણ છે. આપણે અજવાળામાં દેખીએ છીએ. અજવાળું મદદ રૂપ છે. અજવાળું દેખી લેતું નથી. દેખનારને મદદ કરનાર અજવાળું છે. અજવાળા વગર ન દેખીએ.

**નરક પૃથ્વીઓ**

જેવી રીતે અજવાળું માત્ર મદદ કરનાર, તેમ પૃથ્વીઓ તેવા કર્મોવાળાને સુખદુ:ખના કારણ બને પણ મદદરૂપ. આથી ઉર્ધ્વલોકમાં પાંચે થાવરો ભરેલા છે. ૧૪ રાજલોકમાં પાંચે થાવરો ભરેલા છે. નીચેના દુખી હોય પણ ઉપરના દુખી હોવા ન જોઈએ. તો સિદ્ધમહારાજા બિરાજમાન છે ત્યાં પાંચે થાવરો છે, તો તે ભાગ્યશાળી ખરાને? જાજરૂ સાફ કરનારો ચાહે ગરીબને ઘેર જાય કે રાજાના મહેલમાં જાજરૂ કાઢવા જાય તો શો ફરક? મહેલ કે ઝૂંપડીમાંથી જાજરૂ કાઢવું તેમાં ફરક નથી. એકેન્દ્રિ થાવરો ઉર્ધ્વમાં હોય કે અધોમાં હોય

એક સરખી જ પોતાની સ્થિતિ ભોગવે છે. આંખે ખામીવાળાને દહાડો કે રાત સરખા, તેથી દેખતાને અજવાળું હોય કે ન હોય તો સરખું ન ગણાય. તેથી સંજ્ઞીપંચેન્દ્રિ જીવોને સરખું નથી. ઉપર સુખની નીચે દુઃખની સ્થિતિ છે. નોકરીના રાજીનામાં થાય. ભાગીદારીની ફાર્ગતિ થાય, તેમ નીચે જનારા જીવો શુભ કર્મની ફાર્ગતિ દેનારા છે. તેઓ જ નીચે જાય. તે માટે નિરય શબ્દ રાખ્યો **निर् + अय अय इष्ट-फलम्** સુખ દેવાવાળા શુભ કર્મો તેનું અય. ઇષ્ટ ફળ દેનાર કર્મ તે અય. અયને રાજીનામું દઈ છોડી દીધું મારે તારે કંઈ સંબંધ નહીં. સારા કર્મોને જેણે રાજીનામું દઈ ખસેડ્યા તે સર્વદા માટે ચાલી ગયું. તેથી આંખ મીંચાય તેટલી વખત પણ સુખ નારકીના જીવને નથી. પલકારો પણ જેને સુખ નથી.

નારકી કોનું નામ? પલકારા જેટલું પણ જેમાં સુખ નથી તે નારકી. નારકીઓ શાના લીધે? પહેલા એ સ્થિતિ કે અંધારું નારકીઓમાં આગેવાન. અઢીદ્વીપમાં ફરતા સૂર્ય ચંદ્રનું અજવાળું બહાર સ્થિર ચંદ્ર સૂર્યનું અજવાળું, જ્યાં સ્વપ્ને પણ ન હોય. ચંદ્ર-સૂર્ય ગ્રહ નક્ષત્ર કે તારાનું એકે પ્રકારનું પણ અજવાળું જ્યાં ન હોય. પહેલાં નરકની નિશાની સમજાવવા એ કહે છે કે જ્યાં અજવાળાને અવકાશ નથી. તીર્ચ્છામાં ઉર્ધ્વમાં અજવાળું છે પણ નારકીમાં અજવાળાને અવકાશ નથી. સૂર્ય-ચંદ્ર મર્યાદાએ અજવાળું કરનારા છે. સવારે સૂર્યોદય થાય ત્યારે આખો સૂર્ય છે છતાં અજવાળું કેટલું મંદ હોય. બપોરે તીવ્ર હોય, સાંજે મંદ હોય. તીવ્રમંદપણું છે. તેથી વિચારીશું કે વધારે અજવાળું ન કરી શકે. ચંદ્ર વિગેરેના અજવાળા નિયમિત નથી, સૂર્ય કેટલા છેટે જાય ત્યાં સુધી અજવાળું કરે. યાવત્ શબ્દથી ઉપલક્ષિત જેટલે છેટે સૂર્ય અજવાળું કરે તે વિગેરે હકીકત તે ઉદ્દેશામાં કહેવાશે. જ્યાં સુધી ફાર્ગત કહેલુ છે તેના કારણે સુખની ફાર્ગતિ કરી છે. તેવા નારકીઓના સ્વરૂપ, તેમને કર્મ કેવી રીતે ભોગવવા પડે છે.

દરદ ભોગવાતું માલમ પડે પણ તેની જડ માલમ પડતી નથી. આપણને કર્મનો ઉદય માલમ પડે છે, પણ કર્મબંધને સમજી શકતા નથી. સીધા કર્મબંધને ન દેખી શકો તો પણ જ્ઞાની મહારાજા કર્મબંધનના કારણો દેખી શકે છે, મહારંભી પરિગ્રહી પંચેન્દ્રિની હિંસા કરનારાઓ નારકીનું આયુષ્ય બાંધે.

**મનુષ્યપણાના કારણો, પાતળા કષાય-દાનરૂચિ**

**पयइ तणु कसाओ, दाणरूइ मज्झिम गुणो अ ।** તમો મનુષ્ય થયા છો પણ એક વાત ચોક્કસ. કેરી આંબે આવે લીંબડે નહીં આવે, તેમ આ મનુષ્યપણું ક્યાંથી આવ્યું ? આ મનુષ્યપણું મેળવ્યું, અગર મેળવવું હોય તો ચાર વાત કરો તો જ મનુષ્યત્વ મળે. સ્વભાવે પાતળા કષાય. ભોલાભાઈ પગથીઆ પર બેઠા હોય. ભોગીભાઈના પગની વાગી ઠેસ, ભોગીભાઈને ભોળાભાઈએ પણ વડીલપણા ખાતર ઉલટા કહેવા જાય કે બાપા ! વાગ્યું નથી ને ? મર્યાદા સાચવી તે કષાય પાતળો થયો. ઠેસ વાગી, લોહી પણ નીકળ્યું છતાં ક્રોધ ન કર્યો. કુતરાને પૂછડું પકડી ખેંચે તો પણ કરડવા નથી આવતું. શાથી? ત્યાં જ રોટલા ખાવાના છે. ઉપકારના બદલાના સંભવ તરીકે સહન કરવાનું જાનવરો પણ શીખ્યા છે. સ્વભાવે પાતળા કષાય, ન અપકાર, ન લાલચથી પણ સ્વભાવથી પાતળા કષાય હોય. કંજુસ, લોભીયાને પાતળા કષાય રાખ્યા વગર ચાલે જ નહીં. તું કંજુસ એમ ન સાંભળે તો ખીસું ખોલવું પડે. એવો નહીં પણ દાન-રૂઈ-દાનની રૂચિવાળો. દાન દીધા સિવાય કોઈને ચાલતું નથી. દરેક જીવો દાન દે છે. ઝાડ પણ જગતને ફળ, નદી પાણી આપે છે. તે કદાચ જડ ગણીએ પણ દુનિયામાં આપેલી લક્ષ્મીના ઢગલા થતો જ નથી. એક કમાનાર રંડીબાજ, જુગારી હોય તો તે રસ્તે, મકાન, બગીચા મોટરનો શોખીન હોય તો તે રસ્તે પરંતુ લક્ષ્મી તો રસ્તો કરે જ.

**દાનરૂચિ અને દાનમાં ફરક છે.**

દાનરૂચિ અને દાનમાં ફરક છે. એક કણબી હતો. ચોમાસું આવ્યું. વાવવાનો વખત આવ્યો. વરસાદનું અઢળક પાણી પડવાનું. દાણા જમીનમાં નાંખીશું તો તેને શરદી લાગી જશે, માટે શેકીને વાવવું. ખેતર આગળ ચૂલો કરી, શેકીને દાણા વાવતો જાય તો કારતક મહીને કેટલા દાણા લણે? તે દાણા વગરનો જ રહે. આપણી સ્થિતિ એ કે ભોગીભાઈ ટીપ કરવા આવ્યા. એકવીશ ભરવા પડે તેમ છે. લખાવનારે ૨૫ માગ્યા. હા, ના હા, ના કરતાં ૧૫ થી આગળ ન ચાલ્યા, લો. ૧૫, ૧૫ માની ગયા; છ બચ્યા, ૨૧ ધારતા હતા, ૧૫માં સમજી ગયા તો છ બચ્યા. તો ૧૫નું શું થયું? આપણે ખરચીએ છીએ પણ ખોવા ખરચીએ છીએ. ખાટવાં નથી ખરચતાં, નાટક કરી ખરચીએ છીએ, તેવું ખરચ્યું મનુષ્ય ભવ નહીં લાવી દે. છોકરાતો ખાસડું મારીને લઈશ, બીજા એમ નહીં બોલે. ઢસડી જઉં કોર્ટે, કેમ બાપા ન આપે? પણ આત્મા પોતે ખાટતો નથી. ખરચ્યું ખોવાય છે. ખરચ્યું ખાટવું હોય તો અનુમોદના કરો. બળતામાંથી નીકળ્યું એટલું આપણું. દે ગયા સો લે ગયા. છ બચ્યાની ધારણાએ દેવાય તો દાનરૂચિ નથી, તેથી મનુષ્યઆયુ ન બંધાય. દુનિયામાં દગલબાજ હોય તેવાને અવસર દેખીને બોલવાનું હોય. પાતળા કષાય, દાનની સ્થિતિ આવી ગઈ, મધ્યમ ગુણો એટલે વ્યસન રહિત, સદ્‌ગુણો ભલે ન આવ્યા હોય પણ વ્યસન રહિત હોય તો જ મનુષ્યપણું મળે. ભવિષ્યમાં પણ મનુષ્યપણું મેળવવું હોય તો આ વસ્તુ જોઈશે. તીર્થંકરો, ગણધરો મનુષ્યપણું આપનાર નથી, પણ પાતળા કષાય, દાનરૂચિ, મધ્યમ ગુણો જ મનુષ્યપણું આપનાર છે.

**મેં મરૂં પર્ણતને રાંડ કરૂં**

શરીરમાં પેસતી શરદી ન દેખાય પણ ઠંડી હવા જાણી શકીએ

છીએ. તેમ નારકી મનુષ્ય આદિના કર્મો ન દેખી શકીએ પણ તેના કારણો જાણી શકીએ, તે માટે આઠમા ઉદ્દેશામાં એવા જીવો પણ હોય છે કે મેં મરૂં પણ તુંજે રાંડ કરૂં. બાયડી સાથે પતિ લડવા લાગ્યો. મરી જઉં પણ તને રાંડ કરૂં, તેમાં કઈ બહાદુરી? મારો આગલો ભવ બગડે તો બગડે પણ મારે તો ખરાબ વર્તન છોડવું નથી. સાગરોપમ સુધી ભલે દુઃખ થાય પણ મારે પાપ છોડવા નથી. તેવા મૂર્ખાઓ કેવા હોય છે, તેના અધિકાર માટે નવમો ઉદ્દેશો. આવા મૂર્ખાઓ મોટે ભાગે મનુષ્યો હોય છે. જાનવરો વ્યવહાર બહાર હોવાથી તેને અંગે કહેવાય નહીં. જાનવર કરડી જાય તો ફરીયાદ ન કરો, ને જાનવર એટલે વ્યવહારનો વિષય નથી. તેમ મનુષ્ય ઉપદેશના અધિકારી, તેથી મૂર્ખાઈ કેવી રીતે કરે છે તે આઠમામાં જણાવશે. આ ભવમાં અમે કરીએ ને પરભવમાં ભોગવવું પડે તેનો સંબંધ ખરો? સંબંધ હોય તો જ તળાવનું પાણી ઘરનો અગ્નિ બુઝવે નળીનો સંબંધ હોય તો જ આગ બુઝવે. તેમ અહીં ફળ ન થતાં ત્યાં ફળ થાય તેનું કારણ? દુનિયા તેની સત્તા ક્રિયાની શિક્ષા કરનાર, કુદરત કર્મની સજા કરે. બાંધેલા કર્મો પ્રમાણે કુદરત સજા કરે છે. માટે કર્મો કેવી રીતે આત્માને લાગે. કેમ ન લાગે તે માટે હલકા પદાર્થો ગુરૂપદાર્થો વિગેરે વિચારવું તે નવમાં ઉદ્દેશામાં. જીવો આવા છતાં ભારે કેમ થાય છે? તે દશમા ઉદ્દેશામાં. અન્યમતવાળાઓ જૈન સિદ્ધાંત ન માનનારા તે દરેકને સત્ય શબ્દ વહાલો છે. દરેક પોતાના મતને સાચો કહેવા તૈયાર છે. પણ પ્રશ્નોત્તરવાદમાં સાચાપણું નીવડે ત્યારે કહેવાય. તે ઉત્તરો દઈ જૈનશાસનનું સત્ય સાબીત કરશે. અન્યધર્મીઓ એવું બોલે છે, તેમ દશઉદ્દેશાનો અર્થાધિકાર જણાવ્યો. હવે કોણે ક્યાં અને સંબંધ કયો? વગેરેનો અધિકાર અગ્રે–

# દેશના ૪૭
# અરિહંતો પણ શ્રુતને કેમ નમસ્કાર કરે છે ?

**नमो सुयस्स ।।सू० ३।। 'नमो सुयस्स'त्ति नमस्कारोऽस्तु 'श्रुताय' द्वादशांगीरूपायाऽर्हत्प्रवचनाय, तन्विष्टदेवतानमस्कारो मङ्गलार्थो भवति, न च श्रुतमिष्टदेवतेति कथमयं मङ्गलार्थ इति? अत्रोच्यते, श्रुतमिष्टदेवतैव, अर्हतां नमस्करणीयत्वात्, सिद्धवत्, नमस्कुर्वन्ति च श्रुतमर्हन्तो, 'नमस्तीर्थाये'ति भणनात्, तीर्थं च श्रुतं संसारसागरोत्तरणासाधारणकारणत्वात्, तदाधारत्वेनैव च संघस्य तीर्थशब्दाभिधेयत्वात् ।**

ટીકાકાર ભગવાન શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ શ્રી ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં થકાં સર્વક્ષેત્ર કાળ સર્વ અવસ્થાની અંદર જૈન શાસનનું છત્ર પંચપરમેષ્ઠિ. તેનું પરાવર્તન કોઈ પણ કાળે ક્ષેત્રે કે કોઈ અવસ્થામાં થતું નથી. માટે પંચપરમેષ્ઠિને મંગલાચરણમાં ગણધર મહારાજે નમસ્કાર કર્યો. પંચપરમેષ્ઠિનું સ્વરૂપ શાસ્ત્રોમાં નિરૂપણ ન કર્યું હતે તો આપણને ભાવના જાગત જ નહીં. સ્વરૂપનું નિરૂપણ ન હોય તો વિષય સંભળાય નહીં, સમજાય નહીં ને ભાવના થાય નહીં. તે માટે શાસ્ત્ર રચ્યાં. આખા પહેલા શતકના અર્થો માટે એક ગાથા લીધી. તેમાં દશે ઉદ્દેશામાં શું કહેવું છે તે ગાથાથી જણાવ્યું.

**ત્રણ પ્રકારના દેવ.**

જગતમાં ત્રણ પ્રકારના દેવતા હોય. અભીષ્ટ દેવતા, અધિકૃત-

દેવતા, અભિયુક્ત દેવતા, નરદેવ-ધર્મદેવ, દેવાધિદેવ સાંભળ્યા છે પણ આવા ત્રણ વિભાગ દેવતાના હજુ સાંભળ્યા નથી. આંધળો ચીજ ન દેખે તેથી જગતમાં ચીજ નથી, એમ ન કહેવાય, આપણે ૫૦-૧૦૦ વાર દૂર દેખીએ પછી કંઈ વસ્તુ નથી એમ કહેવાનો હક્ક નથી. સર્વજ્ઞ છે, જ્ઞાનાવરણી કર્મનો જેમને સર્વથા ક્ષય થયો છે, તે કહી શકે કે આ નથી. જેની જેટલી દૃષ્ટિ તેટલા વિષયમાં નિષેધ કરવાનો હક્ક સર્વજ્ઞને છે. સર્વમાં દૃષ્ટિ છે તો તેમના જ્ઞાનમાં ન દેખાય તે વસ્તુ નથી. આપણે સર્વજ્ઞ નથી, તો આપણે ન જાણીએ. તે ભેદો ન હોય તેમ બને નહીં, માટે આપણે દેવના ત્રણ પ્રકાર નથી સાંભળ્યા, તેથી વસ્તુ નથી એમ કહી શકાય નહીં. જેને મોક્ષ માટે આરાધીએ. કર્મનો નાશ કરનાર, મોક્ષ દેનાર તે અભીષ્ટ દેવ. તે તરીકે પાંચ પરમેષ્ઠિ. સર્વ પાપનો નાશ કરનાર અભીષ્ટ દેવતા જણાવવા માટે સર્વ પાપનો નાશ કરવાનું સામર્થ્ય, મંગળ પ્રાપ્તિનું સામર્થ્ય, ઈષ્ટ દેવતામાં હોય. હવે અભિયુક્ત દેવતા, તે કોને કહેવાય? ઈષ્ટદેવતાને પ્રાપ્ત કરાવનાર, સમજાવનાર તે બધા અભિયુક્ત દેવતા, જેમ આચાર્ય ઉપાધ્યાય, સાધુ તરીકે અભીષ્ટદેવ તેમ શાસન પ્રાપ્ત કરાવનાર તે પણ અભિયુક્ત દેવતા. તે ત્રણ દ્વારા શાસન પામી શકીએ છીએ. તેથી આચાર્યાદિક અભિયુક્ત દેવતા.

**અધિકૃત દેવતા શ્રુતજ્ઞાન**

અધિકૃત દેવતા કોણ? શાસ્ત્ર એ જ અધિકૃત દેવતા, જેની અત્યારે સાધના કરવા બેઠા છીએ. ઈષ્ટદેવતાએ ઉત્પન્ન કર્યું, અભિયુક્તે લાવીને આપ્યું પરંતુ સાધવું જોઇએ. તીર્થંકર મહારાજે મોક્ષની વિદ્યા ઉત્પન્ન કરી, આચાર્યાદિકે તે વિદ્યા આપી છતાં સાધવી જોઈએ. અધિકૃત દેવતાને આરાધ્યા વગર તે સધાય નહીં. મંત્ર કે વિદ્યા આપી તે ઉપકારી પણ ફળ ક્યારે મળે? સાધીએ ત્યારે. મોક્ષની વિદ્યા કઈ? શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન એ જ મોક્ષ માર્ગની વિદ્યા. અધિકૃત સાધવાની વિદ્યા. શ્રુત કયું

લેવું ? કર્મગ્રન્થ જાણનારા અખ્ખરસંન્ની ૧૪ ભેદ કે ૨૧ ભેદવાળું શ્રુત એ અધિકૃત દેવતા છે ? ના, ત્યારે 'નમો સુયસ્સ' કેમ મેલ્યું ? સમ્મ સુયસ્સ નથી મેલ્યું. નમો સુયસ્સ કેમ મેલ્યું ? હિસાબ જાણનારને સહેજે માલુમ પડશે કે ગણતરી તેમ ન્યાયને જાણનાર પંડિતોની રિતિ જાણનારને એમને એમ માલુમ પડી આવે કે – व्याख्यातो विशेष प्रतिपत्तिः એક શબ્દ દેખી શંકા કરી અને વાત બગાડવી તે શ્રોતા કે વ્યાખ્યાકારનું કામ નથી. પણ નિરૂપણ કરી જે અર્થ આવે તે અર્થ લેવાય. બીજો અર્થ ન લેવાય. નમો શબ્દ જોડે છે. જ્યારે સમ્યગ્દષ્ટિ ગણધર સરખા નમસ્કાર કરે તો કયું શ્રુત હોય ? કેવળ જૈનશાસનની વિદ્યારૂપ દ્વાદશાંગી પ્રવચનરૂપ શ્રુત હોય. તે સિવાય ગણધર મહારાજ નમે નહીં.

नमस् શબ્દ પૂજા અર્થમાં પણ છે. નહીંતર પૂજા અર્થમાં પ્રત્યય લાવી શકાય નહીં. પૂજ્યતિ એવો અર્થ કરે છે. અહિં નમસ્ શબ્દનો પૂજા અર્થ નથી લેવો પણ નમસ્કાર અર્થ લેવો છે. તેનું કારણ ? શ્રુતજ્ઞાનનું પૂજન થાય તેમાં શો વાંધો ? નમો અરિહંતાણં ત્યાં આગળ દ્રવ્ય, ભાવ બંને પ્રકારનું પૂજન હોય તો અહીં તે અર્થ કેમ નથી લેતા ? ગુણી પૂજનને લાયક. ગુણ સ્થૂલ સ્વરૂપ ન હોય તો તેનું પૂજન શી રીતે ? પૂજન, સેવન, આરાધના સ્થૂલ સ્વરૂપવાળાની હોય.

**'तिखुत्तो' પદ સંભળાવવા કે સરભરા માટે કહ્યું ?**

ઢુંઢીઆઓ બોલે છે. ત્રણ વખતનો અર્થ જણાવવા માટે 'तिखुत्तो' કહ્યું. જેને વ્યાકરણનો બોધ ન હોય તો તે 'तिखुत्तो' બોલ્યા કરે. રતનચંદભાઈ આવે છે. અજાણ્યા છે, સ્ટેશન જજો, માવજત કરજો, પાછા વિદાય કરજો, પણ વિદાય થતી વખતે કહે છે કે ઉભા રહો ! ફલાણાભાઈ મને આમ લખે છે. સંભળાવવા લખ્યું છે કે સરભરા માટે લખ્યું હતું ? વિધિ માટે લખેલા શબ્દો માત્ર બોલે. વિધિ દર્શાવવા માટે કહેલા શબ્દો બોલવામાં રાખ્યા. वंदामि नमंसामि सक्कारेमि

सम्माणेमि પછી देवतं नमंसामि કેમ કહ્યું ? પર્યુપાસના કોની થાય ? સ્થૂલ પદાર્થની જ થાય. ચૈત્યની જેવી સેવા-માવજત કરું છું, તેવી રીતે સ્થૂલ પદાર્થ સેવા લાયક. સ્થૂલ અને સૂક્ષ્મ નમસ્કાર સત્કાર સન્માનને લાયક. શ્રુતજ્ઞાન કઈ ચીજ? કેવળ ગુણરૂપ. કાળી દાભડી સ્થૂલ દેવા-લેવા લાયક, કાળો રંગ દેવાય-લેવાય તેવો નથી. તેમ પંચપરમેષ્ઠિ એ ઉપાસના લાયક ચીજ. એકલી વંદન લાયક નહીં.

**નવકારમાં જ્ઞાનાદિક કેમ ન દાખલ કર્યા ?**

શાસ્રકારે અર્ધું કેમ કાઢયું ? નમો નાણસ્સ. દંસણસ્સ, તવસ્સ, ચરિત્તસ્સ. એ ચારે પણ આરાધવા લાયક તેને કેમ નવકારમાં ન રાખ્યા? પંચપરમેષ્ઠિમાં પાંચને રાખ્યા. ચારને કેમ ન રાખ્યા? શાસ્રકારે પાંચ પરમેષ્ઠિ રાખી ચારને કેમ ખસેડયા ? ખસેડ્યા જ નથી. આરાધના વખતે ભાવોલ્લાસ થાય તેથી નવપદમાં જુદા રાખ્યા. અરિહંત નથી સગાવ્હાલા, નથી લેણદાર. માથું શાથી ઝુકાવીએ છીએ ? અરિહંત, સિદ્ધમાં આ જ્ઞાનાદિક ચારે વસ્તુ સંપૂર્ણ છે, તેથી મસ્તક ઝુકાવીએ છીએ. અરિહંત સિદ્ધોમાં જ્ઞાનાદિક ગુણો ન હોય તો આપણે તેમને માનીએ ખરા ? સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન, વીતરાગપણું ન હોય તો માનવા તૈયાર નથી. આચાર્યાદિકમાં ભક્તિભાવ તે આચારને લીધે. હીરો પેટમાં નાખ્યો, એટલે હીરાનું તેજ પાણી ઝળકાટ આપોઆપ પેટીમાં પડી ગયું. પાણીની જુદી લેવડ-દેવડ હોતી નથી. હીરાના પાણીની જુદી કિંમત હોતી નથી. ભાવ અને તોલ પદાર્થની અપેક્ષાએ, તેમ આરાધવા લાયક હોવાથી તેમની સેવા-પૂજા પર્યુપાસના કરી શકાય માટે પંચપરમેષ્ઠિ કહ્યા. વાત એટલી કે આ નવમાં જેની સેવા કરી શકીએ તેવા પાંચ. સમ્યક્ત્વાદિ ચારને લીધે જ કિંમત પણ સોનું. હીરા-મોતીના કસ,તેજ, પાણીની લેવડ-દેવડ ભાવતાલ થતા નથી. ભાવતાલ લેવડદેવડ હીરામોતી સોનાની થાય છે. ચાર ગુણો પરમેષ્ઠિનું સ્વરૂપ.

તેથી શ્રુતજ્ઞાનમાં કહે છે કે અરિહંતાદિકમાં પૂજા સુધી અર્થ લઈ શક્યા. શ્રુત તે ગુણ હોવાથી નમસ્કાર એટલો જ અર્થ–

અસ્તુ ક્યાં વપરાય ? ભવિષ્યમાં થવાનું હોય ત્યાં. કુંવારીને બે જણશે કહેવાય. પણ સુવાવડ આવી ગઈ તેને જણશે એમ ન કહેવાય. તેમ નમસ્ કરેમિ બોલો. અસ્તુ કહી ભવિષ્યમાં નમસ્કારનો પ્રયોગ કેમ કર્યો ? નમસ્કાર થાવ. ભવિષ્ય જણાવનાર શબ્દ લુલાપણું સુચવે છે. દઈશું તે શાહુકારી નથી. શાહુકાર તો લે કહે, દેવાળું કાઢવાની તૈયારી હોય ત્યારે દઈશું કહે છે. ભવિષ્યનો વાયદો દેવાળીયાને પણ કરતાં આવડે છે, તે શાહુકારી નથી.

**આભ જેવડા રોટલાની માનતા.**

એક મુસલમાનનો છોકરો ગાંડો થયો. બીબીએ માનતા માની. ખુદા! લડકા અચ્છા કરો! તુજે આભ જેસી રોટી ચઢાવું. છોકરો માને કહે છે કે આભ જેવી રોટી ક્યારે મા કરશે ? મા, મા, તેં આભ જેસી રોટી માનતા કરી તો કબ ચડાયેગી? ખુદા આભ જેસા તવા ભેજે તબ આભ જેસી રોટી ચડાવું. ના નથી પાડી, પરંતુ આભ જેવો તવો ભેજે તો. રોટીની કિંમત કે તવાની કિંમત વધારે? કેટલીક વખત વાંધા, વાંકા છે એટલે વચકા નંખાય, ના ન કહેવાય. હા, બરોબર પણ જ્યારે થાય ત્યારે ખરૂં. વચકાવાળા હોય તે શાહુકાર ન ગણાય. શાહુકાર રોકડા પરખાવી દે. જમે છે પણ દઈશું. વાયદો વસ્તુ જ વચકાવાળી છે. તેમ શ્રુતદેવતાને નમસ્કાર કરો જ છો, પાછો કરો છો ત્યારે નમસ્કાર થાવ. એમ કેમ બોલો છો ? દઈશું, બોલનાર સમજણ વગરનો કહેવાય. તેમ નમસ્કાર કરો છો, ને કહો છો થાવ. એમ કેમ બોલો છો ? રોકડા દેવાવાળો દઈશ એવો શબ્દ બોલે જ નહીં. વાત ખરી, સ્થૂલ દષ્ટિએ તું કહે છે તેમ લાગે પણ નમસ્કારની રીતિની તને ખબર નથી. લાખ લેણા

છે તેમાં પાંચ હજારનો ચેક આપ્યો. આપે છે પણ દઈશું, તે કેમ બોલો છો ? લાખ જમે હોય, પાંચ હજાર આવે છે તો પણ ૯૫ હજાર દઈશું એમ બોલવું પડે.

**ત્રણ પ્રકારના નમસ્કાર**

નમસ્કારના પ્રકાર ત્રણ -૧ પૂજા, ૨ સ્તોત્ર, ૩ પ્રતિપત્તિ પૂજા. સ્તોત્ર ગુણોની સ્તુતિ કરવી. એમના વચન પ્રમાણે વર્તવું, વચન બહાર ન વર્તવું તેવી જીવનની સ્થિતિ લાવવી તેનું નામ નમસ્કાર. નમો અરિહંતાણં કહેનારા પૂજા અને સ્તુતિમાં હુકમ પ્રમાણે વર્તવાના નમસ્કારથી છેટા છીએ. માટે કહ્યું, કે નમોડસ્તુ પૂજા, સ્તુતિ કરું છું, પરંતુ પ્રતિપત્તિરૂપ પૂજા નમસ્કારને ચાહું છું. આ બધો અર્થ ક્યાંથી લેવો ?

**કયો નમસ્કાર તારી દે ?**

ઈક્કોવિ નમુક્કારો થોડું મોટું જિનવરમાં વૃષભસમાન વર્ધમાન સ્વામીને એક જ નમસ્કાર કર્યો હોય, ચાહે સ્ત્રી કે પુરૂષ હોય તો સંસાર સમુદ્રથી તારી દે, તે નમસ્કાર કયો. એક જ નમસ્કાર તારી દે, તે નમસ્કાર કયો ? પ્રતિપત્તિ પૂજારૂપ નમસ્કાર, નિષ્કષાય, નિરારંભ, નિષ્પરિગ્રહ સ્થિતિમાં આવો. એમનો હુકમ એ છે. એક જો એવો નમસ્કાર આવી જાય તો તરીએ કે નહીં ? જરૂર તરીએ. ચૈત્યવંદનમાં જણાવ્યું છે કે એક જ નમસ્કાર આવી જાય તો સંસારસમુદ્રથી તારી દે તેવો પણ નમસ્કાર છે. તે મેળવવાની ઈચ્છા છે. તેવો નમસ્કાર હજી હવે મળશે માટે તેવો નમસ્કાર થાવ.

**કયા શ્રુતને નમસ્કાર કર્યો ?**

શ્રુતજ્ઞાનની સંપૂર્ણ આરાધના હું કરી શકું તેમ નથી, માટે ભવિષ્યના આશીર્વાદરૂપે નમસ્કાર થાવ. કોને ? શ્રુતાય-શ્રુતને. જગતમાત્ર શ્રુતમય છે. શાસ્ત્રકાર કોઈ પણ સંસારના જીવોને મતિશ્રુત

વગરનો માનતા નથી. પછી અજ્ઞાન જ્ઞાનરૂપે હોય પણ છે શ્રુત. સર્વ સંસારી જીવો મતિશ્રુતવાળા જ છે. તેવા શ્રુતજ્ઞાનને નમસ્કાર કરો છો ? તો સમજવાનું કે અહીં 'अक्खरसन्नो० એ ગાથાના ભેદો ન લેતા ગણધર ગુંફીત દ્વાદશાંગી લેવી. શરીરને અંગે માથું વિગેરે બાર અંગ છે. બાર અંગ વગર શરીર નથી. શરીર સિવાય બાર અંગ નથી. તેમ પુરૂષ બાર અંગમય તેમ જૈનસૂત્ર-પ્રવચન શાસન બાર અંગ એ જ જૈનશાસન સૂત્ર પ્રવચન, બારઅંગ એ જ જેનું સ્વરૂપ છે. બારઅંગનું સ્વરૂપ મારા શરીરનું પણ છે. તે નથી લેવાના. સૂર્ય પણ દ્વાદશાંગ કહેવાય. પણ તે ન લેતાં, અરિહંત મહારાજનું શાસન બાર અંગરૂપ. મનુષ્યને બચપણથી માંડી મરવાની અણી સુધી બાર અંગ હોય, તેમ અહીં જિનેશ્વરનું પ્રવચન બાર અંગરૂપ. તેને નમસ્કાર કર્યો. ભગવતીજીનું મંગળ કરતા હો તો ઈષ્ટદેવતાને નમસ્કાર હોવો જોઈએ. તો શ્રુતજ્ઞાન દેવતા નથી તો ઈષ્ટદેવતા ક્યાંથી લેશો ? સાધુઓને ધર્મદેવ કહ્યા છે. પણ શ્રુતજ્ઞાન એ તો ગુણ. તેને ઈષ્ટદેવ ક્યાંથી કહો છો. તે શ્રુતદેવતા ક્યાંથી કહેવાય ? આમ વાંકો પ્રશ્ન કર્યો. આવી સ્થિતિ છતાં પણ પ્રશ્નકારના કટુક વચનથી શાસ્રકારો કડવા ન થાય. ગૌતમ, ધૂર્ત ઈન્દ્રજાળીયા વિગેરે ભગવાનને કહેતા હતાં છતાં, મહાવીર મહારાજા સર્વજ્ઞ છે. કહો પ્રશ્ન કરનાર એક વખત ઈન્દ્રજાળીયો, ધૂર્ત માયામંદિર કહે તો પણ ઉત્તર દેવાવાળાથી તપાય નહીં. સાક્ષીથી તપાય નહી .દુનિયાદારીમાં વકીલ ચાહે તેમ પૂછે તો પણ વાંકુ ન થવાય તો પછી શાસ્રીય બાબતો પૂછે તેમાં જવાબ આપવા તેયાર રહેવું જ જોઈએ. એક વખત અજ્ઞાની અજ્ઞાનપણે વર્તે. તું પણ તે પ્રમાણે વર્તે તો શું થાય ? કુતરો આવીને એક સુતા ખેડુતને ચાટી ગયો. પેલો માણસ જાગ્યો. હેં મને જીભ લગાડી. હું તેને જીભ લગાડું. કુતરે તો જીભ લગાડી પણ મનુષ્ય શું

જોઈ જીભ લગાડવા જાય છે? અજ્ઞાનતાવાળો વાત ઉડાવે પણ જ્ઞાની ઉડાવાની વાત કરે તો તે ન શોભે. પ્રશ્નકારને પ્રશ્નમાં ગુંચવી દેવો ને ઉત્તર ન દે તો કુતરાના જેવો ગણાય. તે માટે અભયદેવસૂરિજી કહે છે કે તારી આ શંકા છે. હવે સમાધાન સાંભળ.

**શ્રુતદેવતાને નમસ્કાર**

श्रुतम् इष्टदेवतैव તેં શું કહ્યું હતું કે શ્રુત ઈષ્ટદેવતા નથી. તેથી તેને નમસ્કાર કરવો ઈષ્ટ નથી. હું કહું છું કે ઈષ્ટ દેવતા છે. સમજુઓની આખી ઘરવખરી વહેંચાય તો પાડોશીઓ પણ નથી જાણતા. અને દાનત ખરાબ હોય તો બરણીની તકરારમાં હાઈકોર્ટે પહોંચે ને લાખો ખરચાય છે. તેમ ઉત્તર દેનાર પ્રશ્ન કરનાર લાઈનમાં હોય તો બીજા પાસે સમાધાન કરવા જવું ન પડે. શાસ્ત્રકારે કહ્યું કે શ્રુતદેવતા ઈષ્ટદેવતા છે. તું ના કહે છે. બંને શાણા હોવાથી સીધી વાત છે. ગુણાકાર ભાગાકારમાં સાક્ષી લાવવો પડતો નથી. વાંધા પડતા નથી. ત્રીજાની જરૂર ન પડે. ૨×૨=૪ માં સાક્ષીની જરૂર નથી. અરિહંતાદિકને દેવતા માને છે ને? अर्हताम् नमस्करणीयत्वात् ઈષ્ટદેવતા જેને નમસ્કાર કરે તે ઈષ્ટદેવતા ખરાને? સાપ બધે વાંકો ચાલે, દૂધ પીવા આવે તો પણ વાંકો જ આવે, પરંતુ દર આવે ત્યાં સાપને પણ સીધુ થવું પડે. એમ વાંકાવાદીઓ શાસ્ત્રની વાતમાં સીધા થાય. બોલ; અરિહંતો ઈષ્ટદેવતા ખરાને? અરિહંતો પણ શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે તો તે ઈષ્ટદેવતા છે. વાત ખરી. 'નમો સુયસ્સ' એ તીર્થંકર નથી બોલ્યા? આરોપીને પ્રતિજ્ઞા નહીં. જે શંકાકાર છે તેને બધી પૂછવાની છૂટ. અરિહંતો કેવળજ્ઞાન પામ્યા પછી શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે. કેવળ થયું તેને શ્રુત શા હિસાબમાં? કોટીધ્વજ કોડીની ભીખ માંગે તે શી રીતે માનવું? તેવી રીતે અનંતુ ક્ષાયિક કેવળ પામેલા તેના હિસાબે શ્રુતકોડી જેટલું તેને

નમસ્કાર કરે તે શી રીતે માનવું ? શીંગડે ખાંડો હોય પૂછડે બાંડો હોય તેને ક્યાં પકડવો ? તેમ વાદી શું કહે છે. અરિહંત નમસ્કાર કરે છે તેનો પૂરાવો જોઈએ. આ વાદી વાંકો નથી. શાસ્ત્રમાં નીકળે તો પ્રમાણ છે. શાસ્ત્રના દાસ સાથે પ્રશ્નોત્તરો કરવા તે સહેલા છે. તીર્થંકરો દેશના દે છે. તેમાં नमो तित्थस्स બોલે છે. એ વાત ખરી, વાદી કબૂલે છે. હવે તારે શું કહેવું છે ? શ્રુતજ્ઞાનની વાત ચાલે છે. તેમાં તીર્થને નમસ્કારની વાત કોણે ના પાડી ? તમે તો શ્રુતજ્ઞાનને ઈષ્ટદેવતા મનાવો છો. ૧૦૦ નથી આપવા. તમે પાંચ વીસી આપી છે તે તમે લઈ લો. ૧૦૦ ને પાંચ વીસીમાં ફરક કયો ? તેમ અહીં તીર્થ કહ્યું છે. પણ શ્રુત નથી કહ્યું, તેનો અર્થ એ કે પાંચ વીસી ખરી પણ ૧૦૦ નહીં. જગતમાં તીર્થ એટલે શ્રુતજ્ઞાન. તીર્થ શાથી ? તરાય જેનાથી તેનું નામ તીર્થ. સંસારસમુદ્રથી ભવ્યોને તરવાનું મુખ્ય કારણ કયું ? તીર્થંકરો તીર્થંકરપણું મેળવી શક્યા તે શ્રુતજ્ઞાનના પ્રભાવે. તીર્થ ચાલ્યું ચાલશે તે શ્રુતજ્ઞાનના પ્રભાવથી. પાંચે પરમેષ્ઠિ ઉદ્ધાર પામ્યા તે બધામાં કારણ શ્રુતજ્ઞાન. માટે શ્રુતજ્ઞાન એ તીર્થ, નમો તીર્થાય કહ્યું તે શ્રુતજ્ઞાનને નમસ્કાર થયો માટે શ્રુતજ્ઞાન ઈષ્ટદેવતા. તેમને જ નમસ્કાર થયો તેથી ગણધર મહારાજે શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો. હવે વ્યુત્પત્તિદ્વારા શ્રુતજ્ઞાનને તીર્થ માન્યા સિવાય ન ચાલે. હવે તેમાં રૂઢ અર્થ કયો ? વગેરે અગ્રે.

# દેશના ૪૮
# મહાવ્રતમાં જાવજ્જીવાએ પદની જરૂર કેમ ?

तदाधारत्वेनैव च संघस्य तीर्थशब्दाभिधेयत्वात्, तथा सिद्धानपि मंगलार्थमर्हन्तो नमस्कुर्वन्त्येव-काउण नमोक्कारं सिद्धाणमभिग्गहं तु सो गिण्हे' इति वचनादिति ।। एवं तावत्प्रथमशतोद्देशकाभिधेयार्थ लेशः प्राग्दर्शितः,

ટીકાકાર મહારાજ શ્રી ભગવતીજી સૂત્રની વ્યાખ્યા કરતાં જૈન શાસનમાં સર્વકાળે ક્ષેત્ર અવસ્થાએ છત્ર તરીકે કોઈપણ વસ્તુ અવિચળ હોય તો માત્ર પંચપરમેષ્ઠિ. વ્યક્તિગત આચાર્યો ઉપાધ્યાયો, સાધુઓ તે તે કાળે ક્ષેત્રે ઉદ્ધાર કરનારા હોય પણ સર્વકાળે ક્ષેત્રે અવસ્થાએ આત્માનો ઉદ્ધાર કરનાર કોઈ પણ હોય તો માત્ર પંચપરમેષ્ઠિ જ છે. તેથી ગણધર મહારાજે મંગળાચરણ તરીકે પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યો. ગુણથકી નમસ્કાર કરવા બંધાયેલા છીએ. એક ગુણવંતની અપેક્ષા છતાં આપણને ઉપકાર કરનારા હોય તેની અપેક્ષાએ નમસ્કાર કરીએ છીએ.

**મહાવીરપરમાત્મા ગુણી અને ઉપકારી હોવાથી નમસ્કાર કરીએ છીએ.**

એક ગામમાં બેરીસ્ટર થયો તેને ગામવાળા મળીને સત્કાર કરે છે. આપણો કેસ જે વકીલે જીતી દીધો હોય તેનું સન્માન કરીએ. સન્માન બંનેને છે છતાં ફરક કયો ? પ્રથમ સન્માન એકલા ગુણને અંગે,

બીજું સન્માન ગુણ સાથે આપણા ઉપકારી તરીકે સન્માન છે. તેમ ચોવીશે તીર્થંકરો એક સરખા ગુણવાળા છે. એ ગુણવાનપણાની અપેક્ષાએ ભગવાન મહાવીરમહારાજાને નમસ્કાર કરીએ છીએ. તે ગુણવાન છે અને આપણા નજીકના ઉપકાર કરનારા છે. તેથી વીરભગવાન અધિક નમસ્કાર કરવા લાયક છે. પાંચે પરમેષ્ઠિ જે ઉપકાર કરે છે તે કયા દ્વારાએ ઉપકાર કરે છે ? શાસ્ત્રદ્વારાએ.

**સિદ્ધાંત પુસ્તકારૂઢ એટલે શું ?**

દેવર્દ્ધિગણીજી મહારાજે પુસ્તકમાં સિદ્ધાંત આરૂઢ ન કર્યા હતે તો આપણું શું થતે ? પરંપરાએ ચાલ્યા આવતા સિદ્ધાંતો પુસ્તકારૂઢ ન કર્યા હતે તો આપણું શું થતે ? આખી શાસનની પ્રવૃત્તિ એક હજાર વર્ષ મોઢે સૂત્રો ચાલ્યા પછી અક્કલના, યાદશક્તિના ફાંફા. પૂર્વધર સુધી ધારણા જબરજસ્ત. પરંતુ દેવર્દ્ધિગણીજીના લગભગના વખતમાં મુખપાઠ મોઢે જ ભણવા ભણાવવાનું. પછી ૨૦ હજાર વરસ સુધી શું થતે ? એ વખતે પુસ્તકો હોય પણ મોટા વર્ગના પુસ્તકની જરૂરીયાત નહીં. મહાવીર મહારાજા છદ્મસ્થપણે વિચરતા હતા, ત્યારે જીનદાસ સાધુદાસી શ્રાવકે પરિગ્રહ પરિમાણવ્રતમાં જાનવર ન રાખવાના પચ્ચખાણ કર્યા હતા. આભીર આભીરી બળદ પરાણે ઘેર બાંધી ગયા હતા. તે વખતે હંમેશા આઠમ ચૌદશ જીનદાસ શ્રાવક પૌષધમાં પુસ્તક વાચતો હતો, તે સાંભળી બળદો ભદ્રિક થયા હતા. આ હકીકત મહાવીરના કેવળ પહેલાની છે. પહેલા પુસ્તકો હતા તે વખતે નિર્ણય, સિદ્ધાંત એ પુસ્તકાધીન ન હતો, જે કોઈ આચાર્ય નિર્ણય આપે તે પહેલા માની લેવાતો. દેવર્દ્ધિ પહેલાં મોઢાથી નિર્ણય લેવાતા.

**ગોષ્ઠામાહીલનો કુતર્ક**

ગોષ્ઠામાહીલ વખતે, દુર્બલીકા પુષ્પ વખતે 'કરેમિભંતે

સામાઈયં' તેમાં જાવજ્જીવાએ એ પાઠ ગોષ્ઠામાહીલે, કહ્યું, કે 'જાવજ્જીવાએ' પદ ન જોઈએ. જાવજ્જીવાએ એ પદ ઓળવવામાં દેવાળીયાઓ વચન અને વર્તાવની શાહુકારી બહુ રાખે. પેલો માગે તે મિનીટે આપું, વચનથી બોલવું છે. શાહુકાર કહે કે જે દહાડે માગે તે દહાડે આપું. દેવાળીયો મિનીટની વાત કરે. પરંતુ શાહુકારની ગાદીએ ચાર ડાઘા પણ હોય. દેવાળીયાની ગાદી પર એક ડાઘ પણ ન હોય. તેમ ઉત્થાપકો હોય તે કુયુક્તિઓ એવી આપે. ઉત્થાપકો કેવા પાકે છે કે કરેમિભંતેમાંથી જાવજ્જીવાએ પદ કાઢવું છે. ગુરુકર્મીપણું છે. એ પદ ઉડાવવું છે. યુક્તિ થી વાત શરૂ કરી. આપણે એક ઉપવાસ કરીએ બીજે દહાડે ખાવું છે. ચોવીહાર રાતનો કરીએ. સવારે નોકારશી કરીએ તો પારવાની ઈચ્છા હોય તો મુદત મારવાની જરૂર, પારવાની ઇચ્છા ન હોય તો મુદતની જરૂર નથી. તમારે પાપારંભ કરવાની ઈચ્છા છે? કુયુક્તિ પચ્ચક્ખાણના નામથી લીધી. પચ્ચક્ખાણ ચોવીહાર-છઠ્ઠ-અઠ્ઠમ-અઠ્ઠાઈના કરીએ તો પણ પછી પારણું, પારણું ધારીએ તો જ મુદત મારવાની. પારણાની ધારણા ન હોય તો મુદત મારવાની નથી. માટે જાવજ્જીવાએ કહી અહીં મુદત કેમ મારો છો? ગોષ્ઠામાહીલ કહે છે કે વજ્રસ્વામી આદિ બધા અણસમજુ હતા. જેને અંગે ઈચ્છા ન હોય તેને અંગે મુદત મારવાની ન હોય. શું તમારે બીજા ભવમાં પાપ કરવાનો ભાવ છે? બીજા ભવમાં હિંસાદિક કરવા છે? જાવજ્જીવાએ પદ કોઈપણ પ્રકારે વાજબી નથી. એવું શાસ્ત્રકારે નથી થાપ્યું. શાસન વિરોધીએ કુયુક્તિ દાખલ કરી. જેમાં આગળ છૂટની ઈચ્છા ન હોય. પાપ ન કરવાની ઈચ્છા હોય તો તેમાં મર્યાદા ન હોય. કરવાની ઈચ્છા નથી તો મુદત શાની મારો છો? અત્યારે મર્યાદા ન રાખી તો ઘડી પછી ભાંગ્યું તો ભંગનું સ્થાન જ નહીં. શ્રાવક બે ઘડીના સામાયિકમાં

પાણીને અડકે તો આલોયણા આવે. જેને મર્યાદા છે તેને પ્રતિજ્ઞા લીધી ત્યાંથી જીવનમાં જે દોષ લાગશે તેની આલોયણ આવશે. તારે તો મર્યાદા નથી. આખી જીંદગી તારી અપેક્ષાએ મહાવ્રત વગરની રહેવાની. બીજા ભવે ચારિત્ર લેવાનું કે નહિં ? જ્ઞાન એ ઉભય ભવિક દર્શન ઉભય ભવિક હોય પણ ચારિત્ર એક ભવિક હોય. બીજે ભવે ચારિત્ર સાથે લઈને કોઈ ન જાય. જ્ઞાન દર્શન અપ્રતિપાતે ભવાંતરમાં સાથે જાય. સિદ્ધ મહારાજા સરખા કેવળ પામ્યા છે. કેવળજ્ઞાન દર્શન લઈને જવાના છે. એવા સિદ્ધાંતે અહીંનું ચારિત્ર તો લઈ જઈ શકતા નથી. કારણ ? ત્યાં જઈને પાપ કરે છે ? ચારિત્ર ચીજ ખ્યાલમાં લો.

**ચારિત્ર કોને કહેવાય ?**

પાંચ આશ્રવનો ત્યાગ કરવો. સર્વથા સર્વ હિંસાદિકનો ત્યાગ કરવો. હિંસા, જુઠ, ચોરી, સ્રીગમન, પરિગ્રહ એ પાંચ પાપસ્થાનકો મોટા છે. અમારા છોકરા-છોકરીઓ ૧૮ પાપસ્થાનક બોલે છે. તમો ૧૮ પાપસ્થાનક કહો છો છતાં પંચમહાવ્રતદ્વારા પાંચ જ છોડવાની વાત કરો છો, તો ૧૩ પાપસ્થાનકો રાખી મેલવાના ? સાધુ થાય તે પાંચ મહાવ્રત લે. તેરનું શું ? માટે ૧૮ મહાવ્રત હોવા જોઈએ. વાત ખરી. લગીર ઉંડો ઉતર. આખા દેશ કબજામાં લેવાય છે. આખી રૈયતને કેદમાં નથી નખાતી. શત્રુ આખો દેશ છે છતાં કેદમાં કોને નંખાય ? હથીયારો પડાવી લેવાય. હથીયાર વગરના નિર્માલ્ય. હિંદુસ્તાન આવી દશામાં કેમ છે ? યુરોપ તેમ કેમ નથી ? પ્રજાને વશ કરવામાં બહોળી સંખ્યામાં હથીયાર મુકાવવાના હોય એટલે પ્રજા નિર્માલ્ય. વિરોધી તત્વ હથીયાર વગર રહેતું નથી, તેમ પાપસ્થાનકો ૧૮ પણ હથીયારવાળા યોદ્ધા પાંચ. હિંસા બંધ થઈ, ભલે ક્રોધ ચડે. ઘા કરવાની બંધી, અભિમાન, માયા, લોભમાં, ન પૈસો લેવો, ન કોઈને મારવા ઇત્યાદિ પાંચના પચ્ચક્ખાણ કરવાના. ૧૩ પાંગળા

પાપસ્થાનકો છે. પ્રવૃત્તિ રૂપ પાંચ હોવાથી, હથીયાર રૂપ પાંચ હોવાથી પાંચ મહાવ્રત રાખ્યા. પરંતુ શાસ્ત્રકાર કહે છે કે પાંચ મોટા પાપસ્થાનક છોડીએ છતાં સાધુપણું છેટે છે.

જાનવરો જે જાતિસ્મરણ પામેલા હોય, પહેલા ભવના ચારિત્રવાળા વિરાધનાથી જાનવર થયા હોય, તેને જાતિસ્મરણ થાય તો ૧૮ પાપના પચ્ચક્ખાણ કરે છે. જાતિસ્મરણ પામેલા તિર્યંચો ૧૮ પાપસ્થાનક વોસરાવે છે. તે માટે અભયદેવસૂરીજી જ્ઞાતાજીમાં અને જીનભદ્ર ગણી ક્ષમાશ્રમણજીએ વિશેષણવતીમાં ખુલાસો કર્યો કે ઈચ્છા મિચ્છા ઓઘસમાચારી, ચક્રવાલ સમાચારી પડીલેહણાદિક પ્રતિદિન સમાચારી. ૧૦-૧૦ પ્રકારની સમાચારી પળાય તો જ પાપસ્થાનકની વિરતિને ચારિત્ર કહેવાય. ઓઘ ચક્રવાલ સમાચારી પાલન કરવામાં આવે તો જ, પાપના પચ્ચક્ખાણ કર્યા હોય તો જ ચારિત્ર કહેવાય. એ અપેક્ષાએ સિદ્ધોને ચારિત્ર ન ગણાય. અહીંથી ચારિત્ર સાથે લઈને સિદ્ધો પણ જઈ શકતા નથી. ચારિત્રની પ્રતિજ્ઞા લઈ જવાતી નથી ને પળાતું નથી. દરેક જીવો બાળપણમાં મહાવ્રત કોણ પાળી શકવાના ? મર્યાદા ન બાંધીએ ને બાળપણામાં ટકે નહીં તો જાણીજોઈને પચ્ચક્ખાણ ભાંગવાનુ થાય છે. અજ્ઞાનપણું ચારિત્ર પાળવા દે નહીં. ૮ વરસ સુધી ચારિત્રનો ભંગ રહેશે, માટે 'જાવજ્જીવાએ' પદ કહેવું પડે.

આ મહાવ્રતની અંદર આગલે ભવે પણ કરીશ. તે ધારણાએ મર્યાદા નથી કરતો. આગળની બાજી મારા હાથની નથી. તેથી જાવજ્જીવાએ કહેવાય છે, પણ નવું પાપ કરવાની ધારણાએ મર્યાદા નથી કહેવાતી, છતાં ગોષ્ઠામાહીલ માનતો નથી. 'મારે તો વાત જ નથી કરવી' તેને શું પુછવું ? દુર્બલિકાપુષ્પ આગળ યુક્તિ-પ્રયુક્તિ ન પહોંચ્યો, નહીં બસ આમ જ છે તે વખતે 'બીજા ગચ્છના' એવું ન બોલી

શક્યા. બધા મહાવ્રતનું પચ્ચક્ખાણ કરેમિભંતે, જૈન સાધુ બોલનારા. ગોષ્ઠામાહીલ એવો કલંકવાળો ન હતો કે 'જૈન શાસન વગરનો ન્યાયાધીશ લેવો' તેવો ન હતો. તેવા નિન્હવે પણ એમ જૈન શાસનને કલંક લાગે તેવું માગ્યુ નહીં. ગોષ્ઠામાહીલે દુર્બલિપુષ્પ બીજા સ્થવિરોને પૂછયું. બધાએ કહ્યું કે જાવજ્જીવાએ પાઠ કરેમિભંતેમાં છે. આપણે શા ઉપર નિર્ણય કરવાનો છે. 'વાદવિવાદનો નિર્ણય બીજા આચાર્યોના મોઢેથી થતો. બીજા આચાર્યોના વચનને આધારે થતું પણ દેવર્દ્ધિગણીજી જાણી શક્યા કે હવે ઉપયોગની એટલી ખામી છે, કે એકે કહેલો પાઠ વરસ દિવસ પછી પૂછીએ તો પાઠમાં ફેર પડી જાય છે. ધારણા-યાદશક્તિ બગડવા માંડી. ત્યારે હવેથી મોઢે પૂછી નિર્ણય ન રાખવો. ૧૦૦ જણ એક વાત બોલે છતાંપણ હવે એક પુસ્તકમાં લખેલા ઉપર નિર્ણય કરવો. પુસ્તકમાં એક પણ લેખ નીકળે તો મોઢે બોલનારા બકનારા ગણાય. શ્રુતજ્ઞાન ગુણ આત્માનો.

ભાષાયોગના શ્રુતજ્ઞાને ૨૧ હજાર વરસ શાસન ટકાવી રાખ્યું. ૨૦ હજાર પુસ્તકના ફાળે શાસન. એક હજાર વર્ષ મુખપાઠ ના ફાળે. આ વાત ધ્યાનમાં લેશો ત્યારે પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યા છતાં બ્રાહ્મીલિપિને કેમ નમસ્કાર કર્યો, તેનો ખુલાસો થશે ? મુખપાઠ જરૂર સારા પણ આપણી કમનસીબીની અંગે ૧ હજાર વરસનો કાળ પછી પુસ્તકના આધારે નિર્ણય લઈ શકાય. લિપિને આધારે શાસન. માટે ગણધર મહારાજે બ્રાહ્મીલિપિને નમસ્કાર કર્યો. ત્યારપછી સંગ્રહણી ગાથાનો અર્થ કર્યા પછી શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો. અક્કલવાળા માટે પુસ્તક કામનું પણ શ્રુતજ્ઞાન જેને નથી, અક્કલ નથી, સમજણ નથી તેને પુસ્તક શું કરશે ?

**પુસ્તકો કોને કામના ?**

એક જબરો પંડિત હતો. તેના બે પુત્રો. તેમાં એક છોકરો

પંડિત, બીજો મૂરખ છોકરો હતો. બે છોકરા મોટા થયા. મૂરખ ભાઈએ ભાગ માંગ્યો. ભાગ્યમાં ભાગ કોઈનો નથી. મોટા-નાના બંને ભાઈ ખરા પણ ભાગ્યમાં ફરક હોય. ભાગ્ય સરખા ન હોય. પણ પુસ્તકની મિલ્કતના ભાગમાં સરખા. મૂર્ખ છોકરો કહે છે કે મને અર્ધોઅરધ પુસ્તકો આપ. કાયદાથી દુનિયાથી ના ન કહેવાય. આવા આવા પુસ્તકો લઈને કરવાનું શું ? ગાંધીને ત્યાં કલ્પસૂત્ર આવે તેની ગાંધીને કિંમત શી ? ગાંધીને ત્યાં ગીતા જાય તો પડીકા વાળે. તેમ આ બિચારા મૂર્ખના હાથમાં મોટા મોટા જબર શાસ્ત્રો આવશે તેનું કરવું શું ? ભાગમાં ના ન પડાય. લોકોને રાજને વચમાં રાખી ભાગ લેશે. મીયા બીબી રાજી તો ક્યા કરે કાજી. ઘરમેળે સમાધાન થાય તો રાજ કે લોકો વચમા ન પડે. લવાદનામાથી સમજી કરાર કરે તો કોર્ટ વચમાં ન આવે. હવે બીજો રસ્તો નથી. ઘરમેળે કરીશું તો લોક ફાટેલ બોખ. સરકાર ફાટેલું દેખે તો પગ ઘાલે. માટે ઘરમેળે સમાધાન કરવું. પુસ્તક આપ્યું પાલવતું નથી. એક ગાંધીને ત્યાં પડીકા બાંધવા કાગળો વેચાવા આવ્યા હતા. તેને મંગાવી પોથી તરીકે ગોઠવી, ઉંચા રૂમાલ, પાટીઓ મંગાવી, રેશમી રૂમાલ બાંધી તૈયાર કર્યો. પેલા પુસ્તકો ચૂંથાયેલા રાખ્યા. ભાઈ ! ભાગ લેવા હોય તો ચૂંથાયેલામાંથી લે. આમાંથી નહીં ? મૂર્ખાઓ અવળચંડા હોય. બચાવ માટે કહ્યું કે પૂછડું બરાબર પકડજે ત્યારે આ છોડયું. અવળચંડા મૂર્ખા હોય. પેલો કહે છે કે આમાંથી મારે એકે ચૂંથેલું ન જોઈએ. અકબંધ જોઈએ. હા ના હા ના કરી પેલામાંથી અર્ધો ભાગ આપી દીધો. કહેવાનું તત્વ એ કે પોથીયો કોને કામની? પોથા પોથીઓના વિભાગ ન સમજે તેને પોથી શા કામની? તેવા માટે પુસ્તકો કામના નથી. બ્રાહ્મીલિપિથી લખાયા તે કોને માટે કામના? મગજ - કાળજુ અક્કલ ખુલ્લી હોય તેને માટે કામના. તેથી ભગવતીજીમાં 'નમો સુયસ્સ' શ્રુતજ્ઞાન શાસ્ત્ર દ્વારા મળતુ મળેલુ જ્ઞાન

તેને નમસ્કાર.

હવે શંકાકાર કહે છે કે નવા નવા નમસ્કાર કર્યા જ કરો છો. ભાઈ અધિકૃત દેવતા, તીર્થંકર કે ગુરુને માનવાના આ શ્રુતના આધારે જ. ગુરુને આધારે શાસ્ત્ર માનવા જોઈએ તો, કોઈ અન્ય મતવાળા ગુરુ છે. નિન્હવોના ભક્તો તેમના પર વિશ્વાસ રાખે તો વાંધો નહીં ને? જેનો ભરોસો થઈ ગયો. માન્ય-આપ્ત થઈ ગયો. ૧૪ પૂર્વીને સમકિત હોય તે નિયમ. પરંતુ ૧૦-૧૪ પૂર્વધર વગરના માટે સમ્યક્ત્વનો નિયમ નથી. તીર્થંકર ગણધર સિવાયના જેઓ તેમનો ભરોસો રાખે તે વચન-વિશ્વાસે પુરૂષ વિશ્વાસ, જિનેશ્વરના વચન પ્રમાણે બોલનાર હોય તો જ ભરોસો રાખવાનો, નહીંતર વિશ્વાસ હોય તો પણ છોડી દેવાનો. નિન્હવ થયા પહેલા જમાલી ઉપર, ગોષ્ઠામાહીલ ઉપર ભરોસો હતો.

**મથુરાનો નાસ્તિક**

મથુરામાં નાસ્તિક પાકેલો, પહેલાનો નાસ્તિક હતો. તે કહેતો કે મા-બાપ નો વ્યવહાર જુઠો છે. પેદા કરનારને મા-બાપ ગણીએ તો જુ-માંકડ આપણા છોકરા ખરા? આપણી પેદાશને અંગે છોકરા-છોકરી કહેવાનો હક્ક થાય, તો માંકડ-જુ બધાને છોકરા ગણવા. બીજનો સ્વભાવ કે એ જાતનું છોડ પાકે તેમ જીવોની ઉત્પતિ તેવી રીતે છે. માટે માતા-પિતા તરીકેનો વ્યવહાર જુઠો છે, ગપ્પુ છે, આમ કહેનારા નાસ્તિકો તેવાને શી રીતે ઠેકાણે પાડવા? ન્યાયને રસ્તે ચાલવું હોય તેને સહેજે ઠેકાણે પાડી શકીએ. પણ બાર ભાગોળો મોકળી છે તેને શી રીતે સમજાવવો. મા-બાપ પણ ન માનવા તેવો નાસ્તિક છે. પાપ, પુન્ય, સંસાર સિદ્ધિ, મા-બાપ, બધા ખોટા. તેવા નાસ્તિકને હરાવી, જય પતાકા મેળવનાર તેઓ ગોષ્ઠામાહીલ તેના ઉપર ઓછો સંઘને ભરોસો ન હતો. સંઘે ચોમાસુ રોક્યા હતા. પણ એ બધો આદર તમે મેળવતા હો, તેમાં પણ પટાવાળા કહે કે ચલો. પટાને લીધે ઉભા

થાવ પટાને ફેંકી દે તે વખવતે ઉભા ન થાવ. પટાને અંગે કિંમત છે, તેમ જૈન-શાસનમાં શાસ્રોને અંગે કિંમત છે. પછી પૂજ્ય ગણાયો, ઉંચો ગણાયો પણ શાસ્ર વિરૂદ્ધ ગયો તો ફેંકી દેતા વાર નહિ. જિનેશ્વરના વચન પ્રમાણે બોલે તો જ પુરૂષ પર વિશ્વાસ. વચનને આધારે પુરૂષનો વિશ્વાસ હોવાથી શ્રુતજ્ઞાન શાસ્રોએ જ શાસનમાં આધાર તેથી અધિકૃત દેવતા. ૨૧હજાર વરસ શાસનના સાચા દેવતા શાસ્ર. તીર્થંકર સરખા પણ શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે. नमो तित्थस्स બોલ્યા છે. દરેક તીર્થંકર સમોસરણમાં દેશના દેતા પહેલા નમો તિત્થસ્સ બોલે છે. શ્રુતજ્ઞાનની વાત ચાલે છે તેમાં નમો તિત્થસ્સની સાક્ષી આપો તે શી રીતે ચાલે? તારીખ, રકમ, સહી બરાબર છે પણ વાંધો યજ્ઞદત્તના નામે થયેલો દસ્તાવેજ તેના નાણા દેવદત્ત લેવા માંગે તે શું કામ લાગે? તીર્થંકરે નમસ્કાર કર્યો. કેવળ પછી, દેશના દેવા પહેલા સમોસરણમાં પહેલ-વહેલા નમસ્કાર કર્યો. બધી વાત ખરી પણ તીર્થ શબ્દથી ચતુર્વિધ સંઘ એ જ તીર્થ. તે માટે જે ચતુર્વિધ સંઘ તે તીર્થ, તે પવિત્ર હોવાથી તીર્થંકરો તીર્થ ને નમસ્કાર કરે છે. તીર્થ કોને કહેવું? ત્યાં પણ એ જ ફરમાવશે કે પહેલા ગણધર કે ચતુર્વિધ સંઘ સૂત્રકાર પોતે જ કહેશે. સૂત્રકારે ગણધરને સંઘ કહ્યો. સોમપ્રભ આચાર્ય, તીર્થ શબ્દથી ચતુર્વિધ સંઘ કહેવાય તો તેમાં તીર્થ એટલે શ્રુતજ્ઞાન એવું ક્યાંથી કાઢ્યું? લગીર ઊંડો ઉતર. ચતુર્વિધ સંઘને, ગણધર મહારાજને જે તીર્થ કહેવાય છે તે શા મુદ્દાથી? ગૌતમસ્વામીજી યજ્ઞમંડપમાંથી નીકળ્યા. સમોસરણ તરફ આવ્યા પ્રતિબોધ પામ્યા, દીક્ષા લીધી તે વખતે તીર્થ ખરૂં? ત્રિપદી પામી બાર અંગની રચના કરી ત્યારે તીર્થ. બાર અંગની રચના ન કરે ત્યાં સુધી દીક્ષા પામેલા ગણધર છતાં તીર્થ નહીં. ગણધરપણું ક્યારે આવ્યું. તેના જ પ્રતાપે ગણધરમાં ગણધરપણું આવ્યું. તેમ ચતુર્વિધ સંઘમાં આનંદ *સરખા ઉત્કૃષ્ટ શ્રાવક તે ભગવાનમાં શ્રદ્ધાવાળા ન હતા ત્યારે શ્રાવક*

ગણાતા હતા ? શ્રુતજ્ઞાનની ઉત્પતિને અંગે ગણધરમાં ગણધરપણું, ને શ્રાવક આદિમાં શ્રદ્ધાને અંગે ચતુર્વિધ સંઘમાં તીર્થપણું આવ્યું છે. તેમાં દ્વાદશાંગીમાં શ્રદ્ધા ન કરે તો સાધુ આદિ ચતુર્વિધ સંઘમાં ન ગણાય. આ વાત અભયદેવસૂરિજી જણાવે છે. આજે ચતુર્વિધ સંઘને તીર્થ ગણીએ છીએ. તીર્થંકરે નમસ્કાર કર્યો તે શાના અંગે ? શ્રુતજ્ઞાન તેમનામાં રહ્યું છે તેથી ગણધર તથા ચતુર્વિધ સંઘમાં જ્ઞાન થયું છે, તેથી તીર્થ કહેવાયું. એ જ્ઞાન ખસેડી નાખે તો તીર્થ ન કહેવાય. જિન વચનની શ્રદ્ધાથી દૂર હોય તો ચતુર્વિધ સંઘ કહેવાય ખરો. માટે 'सुयस्स' એ શ્રુત શબ્દથી તીર્થ. તીર્થંકરોને પણ દ્વાદશાંગીરુપે શ્રુત નમસ્કાર કરવા લાયક, તેથી શ્રુતને નમસ્કાર કર્યો.

**તીર્થને નમસ્કાર કરવામાં તીર્થંકરોને હેતુ કયો ?**

તીર્થંકરોએ તીર્થને નમસ્કાર કર્યો. તેમાં બેમત નથી, પરંતુ બે વાત છે. નમસ્કાર ઘણા પ્રકારે થાય છે. દુર્જનને તને પગે લાગું. કયા રૂપે હાથ જોડયા ? દૂર રહેવા રૂપે પગે લાગ્યા. ભાઈબંધની મશ્કરી કરતાં પગે લાગું. હાંસી છોડવા માટે પગે લાગો છો, પગે લાગવાનું અનેક પ્રકારે હોય છે. નમસ્કાર તીર્થંકરો કરે છે તે કઈ અપેક્ષાનો, રાજા મહારાજાને નમસ્કાર કરી રક્ષણ મેળવવું છે. ગુરુમહારાજને લાભ મેળવવા માટે, તેમ તીર્થંકરને નથી રક્ષણ-લાભ-ધર્મ મેળવવો. તો શા માટે તીર્થંકરો નમસ્કાર કરે છે ? એ રુઢી માટે 'नमो तित्थस्स' કહે છે તેમ બીજા કહે છે. વાદી કહે છે કે જ્યારે જે નમસ્કારમાં આપણે એમ બોલીએ છીએ કે 'એસો પંચનમુક્કારો' પંચ પરમેષ્ઠિને નમસ્કાર તે પાપનાશ, મંગળની પ્રાપ્તિ માટે કરીએ છીએ. પાપનાશ માટે ન હોય, મંગળ માટે નમસ્કાર ન હોય તે નમસ્કાર કર્યો તોએ શું, ન કર્યો તોએ શું ? જાનવર આવતું હોય ને ખસી જઈએ તો માન આપ્યું નથી. મોટો

આવે ત્યારે ખસીએ તો માન આપ્યું. બંનેમાં ખસવું થયું. તેમ તીર્થંકરે તીર્થને નમસ્કાર શા માટે કર્યો? નથી તેમને પાપનો ક્ષય કરવાનો. તીર્થંકર મહારાજે દીક્ષાની શરુઆતમાં મંગળીક ઉચિત તરીકે 'નમો સિદ્ધાણં' કહી સિદ્ધને મંગળ માટે નમસ્કાર કર્યો હતો, તેમ સંઘના મંગળ માટે 'नमो तित्थस्स' કહી નમસ્કાર કર્યો. તમોએ તો આંબે તોરણ બાંધવાની વાત કરી છતાં આંબે તોરણ બાંધો ને મંગળ માટે કહો તે શી રીતે મનાય? ઘેર બાંધો તો મંગળ કહેવાય. આંબો તો તોરણમય છે. તેવી રીતે અરિહંતો પોતે જ મંગળરૂપ, તેમના નમસ્કારથી આપણને મંગળ થાય, પાપનો નાશ કરવાના. તેવા અરિહંત ભગવાન મંગળ કરવા ગયા? નોતરવા જાય છે. આંબે પણ થાપા મારવા પડે છે. આંબે થાપા માર્યાને મંગળને ઘેર મંગળ તીર્થંકર મહારાજા શાસનના લાભસ્થિરતા માટે અવિચળતા માટે મંગળ કરે છે. આવશ્યક નિર્યુક્તિમાં પણ સિદ્ધ મહારાજાને નમસ્કાર કરી પછી મહાવ્રતો અંગીકાર કરે છે. તેથી અરિહંત મહારાજને અંગે તીર્થ શબ્દથી શ્રુતજ્ઞાનને નમસ્કાર કરવા લાયક. આમ પહેલા ઉદ્દેશામાં શું કહ્યું છે તે જણાવ્યું, પહેલ વહેલા ઉદ્દેશાનો વિસ્તાર કહેવો. દસ્તાવેજ લખીએ તેમાં સ્ટાંપની છાપ પહેલી ઉપર જોઈએ, ટીકીટની જગા ઉપર રાખવી પડે છે, તેમ જૈન શાસ્ત્રમાં કંઈ પણ બોલવું હોય તો પહેલાં મહાપુરુષોની છાપ લેવી જોઇએ, સુધર્માસ્વામી જંબુસ્વામીને કહેવું છે છતાં પણ છાપ મારે છે, તે કેવી રીતે તે અગ્રે –

# દેશના ૪૯
# ગણધર ભગવંતો પ્રરૂપણામાં સ્વતંત્ર નથી.

एवं तावत्प्रथमशतोद्देशकभिधेयार्थलेश: प्राग्दर्शित:, ततश्च 'यथोद्देशं निर्देश' इति न्यायमाश्रित्यादित: प्रथमोद्देशकार्थप्रपञ्चोवाच्य:, तस्य च गुरुपर्वक्रम- लक्षणं सम्बन्धमुपदर्शयन् सुधर्मस्वामी जम्बूस्वामीनमाश्रि-त्येदमाह–

**કયા ક્રમથી ઉદ્દેશાઓ નિરૂપણ કરાશે ?**

ટીકાકાર મહારાજે ભગવતીના આરંભમાં પંચપરમેષ્ઠિનું મંગળાચરણ કર્યું, પછી બ્રાહ્મીલિપિને નમસ્કાર કર્યો. પહેલા શતકમાં શું કહેવાશે તે માટે સંગ્રહણી ગાથાનો અર્થ કર્યો. હવે સવાલ એ છે કે જગતમાં બે પ્રકારના ન્યાયો છે. એક અનુક્રમે કહેવું. એક નજીકનું કહેવું. પ્રથમ કયો ઉદ્દેશો કહેવો ? સામાન્ય નિયમથી પહેલો પછી બીજો એ અનુક્રમે જણાવાય. બીજો ન્યાય છે તે ધ્યાનમાં લો. यथासत्ति न्याय: નજીકનું હો. તેનું નિરુપણ પ્રથમ કરવું. તો દશમાનું પહેલા નિરુપણ કરવું પડે. લોગસ્સમાં રૂષભદેવજીથી મહાવીર સ્વામીનો ક્રમ છે, કલ્પસૂત્રમાં મહાવીર મહારાજાથી રૂષભદેવજીના ઉલટા અનુક્રમે ગયા. યથોદ્દેશ ન્યાયમાં લોગસ્સ યથાસત્તિમાં મહાવીર મહારાજા નજીક હોવાથી પહેલા કહ્યા. જેવો અનુક્રમ તેવી સ્તુતિ, ભગવતીજીના ઉદ્દેશા કયા ન્યાયે કહેશો ? લોગસ્સમાં પૂર્વાનુપૂર્વી ન્યાય કલ્પસૂત્રમાં

પશ્ચાનુપૂર્વી ક્રમ રાખ્યો, આવશ્યક નિર્યુક્તિકારે પશ્ચાનુપૂર્વીની જરૂર હતી ત્યાં ઉથલાવીને પૂર્વાનુપૂર્વી ચરિત્રો કહ્યા. ભગવાન મહાવીર મહારાજે કરેમિભંતે બનાવ્યું, તે આત્મા શુદ્ધ હતો કે કેમ? કહેનારના આત્માની શુદ્ધિ અમારે જોવી, તેને અંગે શાસ્ત્રકારને મહાવીર મહારાજા મિથ્યાત્વી હતા. સમકીત પામ્યા ત્યાંથી બધો અધિકાર લેવાનો હતો છતાં ભરતના મોંમાં પ્રશ્ન મૂકી તીર્થંકરનો પૂર્વાનુપૂર્વીનો ક્રમ લીધો, કલ્પસૂત્રમાં નવું કેમ સૂઝયું? લોગસ્સની આવશ્યકસુત્રની પૂર્વાનુપૂર્વી છોડી કલ્પસૂત્રમાં પશ્ચાનુપૂર્વી કેમ પકડી? ભગવાન મહાવીરનું ચરિત્ર કહી પછી પાર્શ્વનાથજીનું પછી છેવટે આંતરા લઈને છેવટે રીખવદેવજીનું ચરિત્ર આવે છે, કલ્પસૂત્રમાં મહાવીર મહારાજાની વાત શા માટે કહે છે? સાધુઓના આચારરૂપ કલ્પસૂત્રમાં મહાવીર ચરિત્ર શા માટે? મંગળ માટે ચરિત્ર કહ્યું, અહીં શું? આ ભગવતી સૂત્રના પહેલા શતકના દશ ઉદ્દેશા તેનું નિરૂપણ પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વી ક્રમે નિરૂપણ કરવાના છો? પશ્ચાનુપૂર્વીક્રમ કારણસર, વિશિષ્ટ કારણ સિવાય પૂર્વાનુપૂર્વી ક્રમ નિરૂપણ કરાય, અનુક્રમે જ ઉદ્દેશા કહેવાના છે. ત્યારે હવે પહેલા ઉદ્દેશો પહેલો આવશે તેના અર્થનો વિસ્તાર જણાવવો જોઈએ.

जिनपन्नत्तं तत्तं

જૈનશાસન એ એકલું યુક્તિથી ગ્રાહ્ય નથી. માણસના ભરોસે દોડવા જેવું નથી. જૈનશાસન ક્રિયામાં, આરાધનામાં, जिनपन्नत्तं तत्तं જૈનશાસન એ જ પદાર્થને માનવા તૈયાર છે કે જે કેવળી મહારાજે નિરૂપણ કર્યા હોય. केवली पन्नत्तो धम्मो मंगलो કર્મના ક્ષય કરનાર તરીકે કેવળીએ કહેલો હોવાથી ધર્મ ઉત્તમ માનીએ છીએ. ધર્મને શરણે જઈએ છીએ, તે પણ કેવળીના વચનને આધારે. તેલમાં કે ઘીમાં માખ પડે તે

પડયા સાથે જ પાંખ ફફડાવે નહીં. તદ્દન ચૂપ. તેમ આત્મા ચાહે તેવો ક્રોધી માની લોભી હોય પણ કેવળી મહારાજ કહે એટલે બસ. આટલો આત્મા કેવળીના વચનને આધીન જાય છે. લોકમાં ઉત્તમ માન્યો તે પણ કેવળી મહારાજે ધર્મ કહ્યો માટે શરણે જાય છે. તે પણ કેવળી મહારાજે કહ્યો છે માટે કંઈપણ ધર્મની છાયા હોય તો કેવળીએ કહેલો હોવાથી ધર્મ મંગળ છે.

એ જ વાત જણાવવા માટે ભગવાન સુધર્માસ્વામી નિરૂપણ કરનારા અને સાંભળનાર સારા બુદ્ધિશાળી હોય તો વસ્તુ જુદી નીકળે. સાંભળનાર જંબુસ્વામીને છાપ લાગેલી છે. સુધર્માસ્વામીને ગણધરની છાપ લાગેલી છે. આવા વક્તા અને શ્રોતા છતાં ઘરનું કહે તે જૈનશાસનને ન પાલવે. જો સુધર્માસ્વામી ઘરનું કહે છતાં જંબુસ્વામી સરખા વિનયવાળાથી મનાય નહીં, કેવળીના વચનને આધારે કહેલું હોય તો જ માનવું.

**કાગડો ધોળો કહે તો શિષ્ય તહત્તિ કહે.**

કોઈક વખત આચાર્ય કાગડાને ધોળો કહી દે, ત્યાં આગળ તેના વચનને કૂટ ન કરવું. તહત્તિ કરી દેવું. સાપના દાંત ગણવાનું કહે તો એ શંકા ન કરતાં  દાંત ગણવા જવું. બીજી બાજુ કેવળીએ કહેલું ગુરુ કહે તો માનવું. તે સિવાય ન માનવું. એક બાજુ નિરૂપણ કરનાર પુરુષની આચાર્યની મહત્તા રાખી, ધોળો કાગડો, સાપના દાંત ગણવાના કબૂલ રાખવાના કહો છો. બીજી બાજુ કેવળીએ કહેવા પ્રમાણે કહે તો માનવું. આ બેમાં અમારે શું માનવું ? શંકા કરે એ સ્વાભાવિક છે. પરંતુ એની વહેંચણી કરવી જોઈએ. જે વખત ગુરુપણું માનવું,જાણવું, ગુરુપણાની શ્રદ્ધા કરવી'તે વખતે ગુરુપણાની શ્રદ્ધા ક્યારે ? ગુરુ કેવળીના ધર્મ સિવાય બીજુ કહેતા નથી. આ નક્કી થયા પછી તત્વની વાત ન હોય,

પ્રવૃત્તિની વાત હોય તો કરવાની. શ્રદ્ધા માટે આચાર્ય કહે તો માની લેવાનું હોય તો નિન્હવ કહેવાનો વખત ન આવે. તત્વ, પ્રરૂપણા, શ્રદ્ધા માટે કેવળીના વચનનો આધાર, પણ પ્રવર્તાવવા માટે પરીક્ષાથી નક્કી થયેલા માટે પ્રવૃત્તિ કરવા માટે કાગડો ધોળો કહેવો, સાપના દાંત ગણવા તે કબૂલ રાખવું. જમાલી ૧૧-૧૨ વરસ સુધી સાધુપણામાં રહ્યા તે વખતે શિષ્યો સાથે રહ્યા હતા. પછી કડે માણે કડે કહે તો શિષ્યોએ માની લેવું ? ગોષ્ઠામાહીલ એક વખત શાસનમાં હીરા જેવા હતા. પૂર્વધર હતા. હવે કહો પ્રવૃત્તિ અંગે નિશ્ચિત થયેલા ગુરુ પ્રરૂપણાને અંગે સ્વતંત્ર નથી. શાસ્ત્રસિદ્ધ વસ્તુ માટે વિરૂદ્ધ બોલે તો નિન્હવ જાહેર કરી દેવો.

સુધર્માસ્વામી સરખા ભગવતીજી કહેનારા જંબુસ્વામી સરખા સાંભળનારા છતાં મારા કહેવાથી માન એ કહેવાની સુધર્માસ્વામીની તાકાત નથી. 'ગુરુગંડીયા ક્યા જાણે' તે બાવાજી કહે. જૈનશાસનમાં ગુરુપરંપરાએ આવેલો અર્થ કહી શકાય. હે જંબુ ! આ મારી કલ્પનાથી કહેતો નથી. ભગવાન મહાવીર મહારાજે ગૌતમસ્વામીને જેવી રીતે નિરૂપણ કર્યું હતું તે સાંભળીને હું તને જણાવું છું.

**અધિકાર સૂત્ર એટલે શું ?**

જે આચારાંગ ઠાણાંગમાં 'सुयं मे आउसं तेणं भगवया एव मक्खायं' આ અધિકાર સૂત્ર. એનો અર્થ શો ? એક જગો પર કહ્યું એટલે બધી જગો પર ચાલે. વારંવાર ન કહેવું પડે, દરેક સૂત્રમાં લાગુ જ પડે. તે આયુષ્યમાન ભગવાને આમ કહ્યું તે મેં સાંભળ્યું છે. આ નિયમ-વિકલ્પ કે વિશેષ સૂત્ર નથી. અધિકાર સૂત્ર છે. દરેક સૂત્રમાં એ ચાલ્યા જ કરે. जीवा दुविहा पन्नत्ता, सुयं मे आउ० पंच अस्थिकाया सुयं मे आउसं तेणम्० ટીકાકારે આની સાબિતી કરી છે. દશવૈકાલિકમાં 'त्तिबेमि' કહેલું છે. ટીકાકારે

ખુલાસો કર્યો કે અધિકાર સૂત્ર છે. તેનો આ ઉપસંહાર છે. આવી રીતે સાંભળ્યું છે તેને અનુસારે 'बेमि' કહું છું. 'नतु स्वमनीषिकया' મારી બુદ્ધિથી નથી કહેતો. એ અધિકાર સૂત્ર લીધું ત્યારે इति बेमि કહેવું પડયું. ઇતિ બેમિ શબ્દને સમજી શકે છે, તેમ ગુરુપર્વલક્ષણ, સુધર્માસ્વામીજી જંબુસ્વામી આગળ ભગવતીજી નિરૂપણ કરે છે. તેઓ હું કહું છું તેમાં તારે વિચારવાનું ન હોય તેમ નથી કહેતા. ભગવાન મહાવીર મહારાજે કહ્યું તેથી હું કહું છું. મહાવીર મહારાજ સર્વજ્ઞ કેવળી હોવાથી માનવાનું છે. તે સંબંધ દેખાડતાં ભગવાન સુધર્માસ્વામી બોલે છે.

જગતમાં ઇન્દ્રોને ત્રણ પર્ષદા હોય છે. બાહ્ય, અભ્યંતર, અને મધ્યમ. જગતમાં ત્રણ પ્રકારના જીવો હોય છે. કહેવાથી, સાંભળવાથી, તપાસીને માનનારા હોય છે. બાળજીવો-મધ્યમબુદ્ધિ-પંડિત એવા ભેદો પણ જણાવેલા છે. ભગવાન કયા શિષ્ય આગળ બોલે છે. તુંહી તુંહીવાળા શિષ્ય આગળ નિરૂપણ કરવાનું છે, એટલે એક વખત શિષ્યશ્રોતા આપણા વચનો માનવા તૈયાર હોય તો પણ આપણું કર્તવ્ય છે કે ભગવાનના વચનને આધારે જ કહેવું. પોતાના ઉપર ભાર ન રહે. શહેરબહાર ભાર ઉતારવા અને વિસામો લેવા માટે ચોતરા હોય. લાકડા, ઘાસના ભારાવાળાઓ ભાર ઉતારી વિસામો લે છે. તે બુડથલો પણ ભાર ઉતારવાનું સ્થાન મળે તો ભાર ઉતારે છે. આપણે પણ આપણા માથા ઉપર ભાર શા માટે રાખવો ? મારૂં કથન નથી, ભગવાન મહાવીર મહારાજનું કથન છે. તો ભગવાનનું કથન સુધર્માસ્વામીજી જંબુસ્વામી આગળ કહે છે. ભગવાને ગૌતમસ્વામીજીને કહ્યું. તે સુધર્માસ્વામીજીએ સાંભળી જંબુસ્વામીને કહ્યું. તે ક્યાં ક્યાં નિરૂપણ કર્યું, તે ઉપરથી નિરૂપણ સ્થાન, ભગવાનનું વર્ણન, ગૌતમનું વર્ણન સુધર્માસ્વામીજીએ જણાવવા જોઈએ. ક્ષેત્રકાળ, નિરૂપણ કરવાનું હતું કે

નહિ ? સંભૂતિવિજય મહારાજે સ્થૂલભદ્રજીને વેશ્યાને ત્યાં ચોમાસાની આજ્ઞા આપી. પરંતુ પુરૂષ વિશેષને અંગે ક્ષેત્ર-કાળની આજ્ઞા હતી, તે વાત આજ્ઞા વિધાનમાં ન ચાલે. તેમ મહાવીર ભગવાને આખો વિધિ ભગવતીને અંગે કહેલો હોય તે ક્ષેત્રકાળને અંગે વિધિ તરીકે ન ચાલે. ક્ષેત્રકાળ અપવાદ વગરના નક્કી થાય. પછી ક્ષેત્રકાળ અપવાદને લાયક ન હતા પણ વિધિ વિધાનને લાયક હતા. મહાવીર મહારાજ ગૌતમસ્વામીની નિરપવાદ અવસ્થા લાયક હતા, તે સાબીત કરવા માટે શું કહેશે તે અગ્રે-

# દેશના ૫૦
# કાળચક્ર ક્યાં ક્યાં ભ્રમણ કરે છે ?

तेणं कालेणं तेणं समएणं रायगिहे नामं नयरे होत्था, वण्णओ तस्स णं रायगिहस्स नगरस्स बहिया उतर पुरच्छिमे दिसीभाए गुणसिलए चेइए होत्था, सेणिए राया, चेलणादेवी ।।४।।

ટીકાકાર ભગવાન શ્રી ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં જણાવી ગયા કે સકળ ક્ષેત્ર, કાળ, અવસ્થામાં એક સરખી રીતે છત્રછાયા રહેલી હોય તો તે માત્ર પંચપરમેષ્ઠિની. તેથી જ ગણધર મહારાજે આ સૂત્રની શરૂઆતમાં મંગળ તરીકે પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યો. ભવ્ય જીવોને ઉપકાર શાસ્ત્રદ્વારાએ, તે માટે બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો. ત્યારપછી સંગ્રહણી ગાથાનો અર્થ જણાવી પહેલા શતકના ઉદ્દેશાના અધિકાર જણાવતાં શ્રુતજ્ઞાન એ દીવો છે. ચાર જ્ઞાનો છે પણ દીપક તરીકે નથી. કારણ હીરો કિંમતી છતાં માત્ર પોતાને જ દેખાડે. શ્રુતજ્ઞાન એ દીપક સમાન. દીપક એક તેલ દીવેટ કોડીયાનો છે. કીંમત કશી નથી. પરંતુ હીરાનો સ્વભાવ માત્ર પોતાને ઝળકાવવાનો, બીજા પદાર્થને દેખાડી શકે નહીં. દીપક પોતાને અને બીજા પદાર્થોને જણાવે.

**શ્રુતજ્ઞાન મહર્દ્ધિક કેમ ?**

શ્રુતજ્ઞાન કેવળથી હલકા દરજ્જાનું હોય. દરજ્જો જો કે અવધિ આદિથી શ્રુતજ્ઞાનનો હલકો છે. પરંતુ સ્વ-પરને પ્રકાશિત કરવાનો

સ્વભાવ તે કેવળ શ્રુતજ્ઞાનમાં છે. તેને માટે नमो सुयस्स કહી શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો. ભાષ્યકારે સ્પષ્ટ જણાવ્યું કે શાસનને અંગે કલ્યાણ માર્ગને અંગે 'सुयनाणं महड्ढियं' મહર્દ્ધિક હોય તો માત્ર શ્રુતજ્ઞાન. કેવળજ્ઞાન મોટું છે છતાં કેવળની મહર્દ્ધિકતા શ્રુતજ્ઞાન પછી. કેવળજ્ઞાન પોતાને સમજાવે તેટલી પણ તાકાત ધરાવતું નથી. મને કેવળ થયું છે તેટલું પણ જણાવવું હોય તો વચન બોલે ત્યારે. બોલ્યા વગર કેવળની પણ ખબર ન પડે. બાકીના ચાર જ્ઞાનો મુંગા. પોતે પોતાને જણાવી શકે નહીં. પોતાને અને બીજાને જણાવે તેવી શક્તિવાળું માત્ર શ્રુતજ્ઞાન છે. શાસનની સ્થાપના માત્ર શ્રુતજ્ઞાનને આભારી છે. શાસનનું પ્રવર્તવું સ્થિતિ ટકવું શ્રુતજ્ઞાનને આભારી છે. શ્રુતજ્ઞાનની સ્થાપના થાય ત્યારે જ શાસન સ્થપાયું ગણાય. પાંચમા આરાને છેડે જે થોડું ઘણું શ્રુતજ્ઞાન હતું, તે શ્રુત બંધ થાય ત્યારે તીર્થ બંધ થયું ગણાય.

**પ્રથમ દેશના નિષ્ફળ કેમ ગણી ?**

કેવળજ્ઞાનને આધારે તીર્થની પ્રવૃત્તિ નથી. ભગવાન મહાવીરને કેવળ થયું હતું, ત્યારે તીર્થ સ્થપાઈ જતે. પહેલી જ દેશનામાં તીર્થ સ્થપાવું જોઈએ. ગણધરો થાય બાર અંગની રચના કરે ત્યારે જ તીર્થ સ્થપાય. પહેલી દેશનામાં ગણધરો થયા નહીં, બાર અંગો રચાયા નહીં તેથી પહેલી દેશના નિષ્ફળ ગઈ. તીર્થંકર કેવળ પામે ત્યારે પહેલી દેશનામાં તીર્થસ્થાપના થવી જ જોઈએ. પહેલી દેશનામાં ગણધર થયા નહીં, દ્વાદશાંગી ગુંથી નહીં, તીર્થ સ્થપાયું નહીં તેથી આશ્ચર્ય ગણાયું, માટે શ્રુતજ્ઞાન એ જ મહર્દ્ધિક. કેવળજ્ઞાન આત્માના સ્વરૂપને અંગે કીંમતી છે, પણ શાસનની પ્રવૃત્તિ, ટકવું, તેને અંગે શ્રુતજ્ઞાન જ ઉપયોગી છે. આ કારણથી ઉદ્દેશાની શરૂઆતમાં नमो सुयस्स કહી શ્રુતજ્ઞાનને નમસ્કાર કરી મંગલાચરણ કર્યું.

**શ્રુતજ્ઞાન ઈષ્ટ દેવતાની સિદ્ધિ**

શિષ્યે શંકા કરી કે શ્રુતજ્ઞાનને નમસ્કાર કરાય કેમ ? નમસ્કાર ઈષ્ટ દેવતાને હોય. શ્રુતજ્ઞાન ઈષ્ટ દેવતા નથી, માટે આ નમસ્કાર મંગળાચરણમાં ઉપયોગી નથી. આવી શિષ્યે શંકા કરી ત્યારે અભયદેવસૂરિજીએ પ્રતિજ્ઞા કરી જણાવ્યું, કે શ્રુત ઇષ્ટદેવતા છે. શ્રુતજ્ઞાન ઈષ્ટદેવતા છે તે શાથી માનવું ? ઈષ્ટનો ઈષ્ટ છે. ઈષ્ટદેવનો પણ ઈષ્ટ દેવ શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન ઈષ્ટદેવતાનો પણ ઇષ્ટદેવતા છે. હું તને પૂછું છું કે – અરિહંત ભગવાનને ઈષ્ટ ગણે છે કે નહિ ? ભલા ! જ્યારે તેમને ઈષ્ટદેવતા ગણે છે તો પછી અરિહંત ભગવાન તેઓ જેમને નમસ્કાર કરે છે, તો ઈષ્ટદેવતાનો પણ ઈષ્ટદેવતા ખરો કે નહીં ? અરિહંત મહારાજે શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો તે પુરાવો તો લાવો. શાસ્ત્રકારે કહ્યું કે દરેક તીર્થંકર મહારાજ કેવળ પામ્યા પછી સમોસરણમાં ધર્મદેશનાં શરૂ કરતાં શું બોલે છે ? नमो तित्थस्स તીર્થંકરો બોલે છે તેને અંગે તીર્થ એટલે શું ? ચતુર્વિધ સંઘ કે પ્રથમ ગણધર તેમને તીર્થ કેમ કહ્યા ? દ્વાદશાંગી પ્રવચનને કરનારા ગણધરો માટે તેમને તીર્થ રૂપ કહ્યા. શ્રુતજ્ઞાનરૂપ પ્રવચનને ધારણ કરનાર ચતુર્વિધ સંઘ તે સંઘને તીર્થ કહેલ છે. દ્વાદશાંગી પ્રવચનને લીધે સંઘ અને પ્રથમ ગણધરનું તીર્થપણું છે. તે પ્રવચનને નમસ્કાર કરેલો હોવાથી તીર્થંકરોએ શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો. તેમ કહેવું જ પડે. તેથી ઈષ્ટ દેવના પણ ઈષ્ટદેવ શ્રુતજ્ઞાન છે. આમ શ્રુતજ્ઞાનને નમસ્કાર કરી હવે પહેલો ઉદ્દેશો શરૂ કરતાં શું કહે છે ?

**તીર્થંકરો બનાવનાર નથી બતાવનાર છે.**

तेणं कालेणं तेणं समएणं પદાર્થો જે સ્વરૂપે છે તે સ્વરૂપે વર્તે છે. હિંસા કરવાથી પાપ બંધાય. દયા પાળવાથી ધર્મ થાય. જુઠ, ચોરી,

અબ્રહ્મ, પરિગ્રહથી પાપ થાય, તેથી વિરૂદ્ધ આચરણ તે ધર્મ કહેવાય. બધી વસ્તુ સર્વકાળે છે કે નહિ ? ચાહે પહેલો ચાહે છટ્ઠો આરો હોય પણ સર્વકાળે આશ્રવથી પાપ બંધાય છે. સંવરથી પાપ રોકાય છે. તો પછી તીર્થંકર મહારાજે શું કર્યું ? તીર્થંકર મહારાજે કશું કર્યું નથી ? હિંસાથી પાપ બંધાવાનું તીર્થંકર મહારાજના વચનથી શરૂ થયું નથી, સર્વકાળે હતું જ. સર્વગતિ, કાળ ક્ષેત્રમાં આશ્રવમાં પાપ બાંધવાનું જ હોય. તીર્થંકર મહારાજે શું કર્યું ? હીરો અને કાંકરો બંને છે. દીવાએ શું કર્યું ? અજવાળાએ કાંકરો હીરો બનાવ્યા નથી. અજવાળાએ હીરાને હીરારૂપે ને કાંકરાને કાંકરારૂપે ઓળખાવ્યા. દીવો હીરા કાંકરાને બનાવતો નથી. દેખાડી દે છે. તેમ અરિહંતો તીર્થંકરો આશ્રવથી પાપ થવાનું, સંવરથી પાપ રોકાવાનું બનાવતા નથી પણ બતાવે છે, ઓળખાવે છે. તીર્થંકર મહારાજાઓ ધર્મ કે અધર્મને આશ્રવ સંવરને બંધ નિર્જરાને સંસાર કે મોક્ષ એકે ને બનાવનાર નથી પણ બતાવનાર છે. અન્યદર્શન અને જૈનદર્શન 'ત' અને 'ન' ના ફરકવાળા છે.

**ઈશ્વર માફક જગત કુદરતી બનવાવાળું છે.**

બીજા દર્શનકારો પોતાના પરમેશ્વરને બનાવનાર તરીકે મોટા માને છે. જૈનો બતાવનાર તરીકે મોટા માને છે. બીજા જૈનેતરો ધર્મ અધર્મ, નરક દેવલોકને બનાવનાર ઈશ્વર. જૈનદર્શનકાર ઈશ્વરની મહત્તા, દેવલોક નરક મનુષ્ય ઢોર બનાવવાને અંગે નથી માનતો, પણ બતાવનાર તરીકે ઈશ્વરની મહત્તા માને છે. કર્મબંધ રોકવાના કારણો સમજાવ્યા. આત્મા ભારે-હલકો શાથી થાય છે તે સમજાવ્યું. આપણને પરમેશ્વરની બતાવવાને અંગે મહત્તા, પાપ ફળ દેખાડનાર પંચાવન અધ્યયન્ પુન્યફળ દેખાડનારા પંચાવન અધ્યયનો બનાવ્યા. બીજા મતવાળાઓ પૃથ્વી, પાણી, પહાડ, પરમેશ્વરે તૈયાર કર્યા માને છે.

જૈનદર્શન વસ્તુઓ કુદરતી બનવાની માને છે. પાણી, પૃથ્વી, પહાડ કુદરતી ચીજો છે, કોઈ બનાવતું નથી. બનાવ્યા વગર ચીજ હોય કેમ ? તો ઈશ્વર બનાવેલો કે વગર બનાવેલો છે ? ત્યાં નિરૂત્તર થશે. પ્રશ્નનો ઉત્તર ન આપી શકાય ત્યારે ભક્તોને આડા અવળા સમજાવવા પડે. આવા પ્રશ્નો કરો છો ? ઈશ્વર વગર બનાવ્યો હોય તો જગત વગર બનાવ્યું કેમ ન બને ? માટે જૈનદર્શન શું માને છે ! કે ઈશ્વર પદાર્થ બતાવે છે, પણ બનાવતા નથી. આંખ કીમતી કેમ ગણો છો ? કોઈ પણ પદાર્થ આંખ પકડતી ફેંકતી નથી, છતાં આંખને ઉપકારી ગણો છો ને ? ઈષ્ટનું જ્ઞાન, અનિષ્ટનું જ્ઞાન આંખ દ્વારાએ છે. તેથી તે રત્ન તરીકે મહા ઉપકારી ગણાય છે.

**ભરત-એરવત ક્ષેત્ર ઉપર કાળચક્ર પરિભ્રમણ કરે છે.**

આંખ વગરનો બીજી ઈન્દ્રિયો છતાં જીંદગી નકામી ગણે છે. આંખ એવી ચીજ કે સકળ ઈષ્ટને જણાવનાર, અનિષ્ટને જણાવનાર, અજવાળું સૂર્ય-ચંદ્ર દીવો આંખ ઉપકાર કરનાર તરીકે માનવામાં આવી હોય, તો પછી જિનેશ્વર પણ બંધ, મોક્ષ, સંવર, નિર્જરા દેખાડનારા હોવાથી ઉપકારી છે. હંમેશા ઉપકારી કેમ થતા નથી ? ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્સર્પિણી. તેમાં તીર્થનો કાળ ૧ કોડાકોડ સાગરોપમની અંદરનો. તીર્થ પ્રવર્તનનો ભાગ ૧૦મો જ હોય છે. દશે ભાગમાં તીર્થંકરો કેમ થતા નથી ? સર્વ વસ્તુનું કાળ જબરજસ્ત કારણ, કાળ અંતરંગ કારણ. ક્ષેત્ર બાહ્ય કારણ ક્ષેત્રની મહત્તા કાળને આધારે. મહાવિદેહમાં પૃથ્વી, પાણી, વનસ્પતિ વાયુ છે. મહાવિદેહ ક્ષેત્ર ઉંચું શાથી ! ભરતક્ષેત્ર ઉંચું શાથી નહીં ? ત્યાં અને અહીંમાં ફરક શો ? હંમેશા ત્યાં ચોથા આરા જેવી સ્થિતિ છે. ભરત ઐરવતના માથે ચક્કર ફરે છે. મહાવિદેહ ઉપર ચક્કર ફર્યું નથી, ફરતું નથી ને ફરશે નહીં. કાળચક્ર

ફરતું નથી એટલે શું? ઉત્સર્પિણી, અવસર્પિણીના ૧૨ આરા મળી થયેલું કાળચક્ર, તે ભરત ઐરવતના માથે ફરે છે, મહાવિદેહના માથે તે ફરતું નથી. હંમેશા ત્યાં એક જ સરખી કાળની સ્થિતિ છે. રેંટ દેખ્યો હશે.તે દેખનારા દૃષ્ટિ કરી શક્યા હશે તો અર્ધા ગટકૂડા ભરેલા ને અર્ધા ગટકૂડા ખાલી હોય છે. તેમ કાળચક્રના બાર આરા, છ આરા ચડતી સ્થિતિના, છ આરા ઉતરતી સ્થિતિના. મહાવિદેહને તે કાળચક્ર નથી.

**કાળ અભ્યંતર કારણ.**

જિનેશ્વરો બારે આરામાં શા માટે ન થાય? ક્ષેત્ર દ્રવ્ય એ બાહ્ય કારણ, ક્ષેત્ર દ્રવ્યને વ્યવસ્થિત કરનાર કાળ. ભાવને પણ વ્યવસ્થિત કરનાર હોય તો કાળ શાથી? દ્રવ્ય કેમ ન કહેવું? એકેન્દ્રિ યાવત્ તિર્યંચપણામાં કેવળ થાય નહીં. આવા સંજ્ઞીપંચેન્દ્રિપણાના દ્રવ્યો જ કેવળજ્ઞાનનું કારણ. ત્રસ બાદર પર્યાપ્તા પંચેન્દ્રિપણું કેવળજ્ઞાનના કારણ છે, તેમાં અમારી ના નથી, પરંતુ જેટલા છએ આરાના મનુષ્યો, બધા બાદર ત્રસ પંચેન્દ્રિપણાવાળા ખરા કે નહીં? બધા કેવળ કેમ નથી પામતા? દુષમ સુષમ ચોથો આરો એ જ કેવળજ્ઞાનની ખાણ. સુષમા સુષમા કાળમાં એક પણ કેવળી ન હોય. સુષમ કે દુષમના છેલ્લા ભાગ સિવાય એક પણ કેવળી ન હોય. દુષમામાં જન્મેલો કેવળ ન પામે, પરંતુ કેવળ દુષમ સુષમામાં થયેલા કેવળજ્ઞાન પામે; અને એ જ અપેક્ષાએ મહાવિદેહમાં હંમેશા કેવળીઓ. દેવકુરૂ ઉત્તરકુરૂમાં અધિક સુખ છતાં ત્યાં કેવળજ્ઞાન મોક્ષ નથી થતા. આ બધી વસ્તુસ્થિતિ સમજશો તો ક્ષેત્રાદિક બધા બાહ્ય કારણો પણ કાળ અભ્યંતર કારણ છે.

દરેક પદાર્થનું તે તે પણું રહેવું, જુદા જુદા પર્યાયો પામવા, જુદા જુદા પર્યાયોના કરણોમાં પ્રવર્તવું તે કોના કારણે? વર્તવું પરિણામ પલટો તે પણ કાળનો ઉપકાર. ક્રિયાઓ કાળના જોરે તો કારણ કોણ?

છએ દ્રવ્યોમાં કાળદ્રવ્ય પલટાવના છે. પહેલા શતકના પહેલા ઉદ્દેશામાં, તે કાળે કેમ કહ્યું ? કાળ એ સર્વ પદાર્થોને નિયમિત કરનાર અંતરંગ કારણ હોવાથી જે કાળે ભગવાન કેવળીપણે વિચારતા હતા, ગૌતમસ્વામી ગણધરપણે વિદ્યમાન હતા, તે કાળે આ ભગવતીસૂત્ર બન્યું છે.

**અનાર્યો સ્થાન-સંતતી શરીરમાં જ મસ્ત છે.**

ભગવતીસૂત્ર ક્યારે બન્યું ? જે પ્રજા આર્યોના સંસર્ગ વગરની છે, હજારો ઢોરો છે, તેને પાપ પુન્યનો કોને ખ્યાલ છે ? સ્થાન સંતતી, શરીરનો જ તેમને વિચાર, જુગલીયાને પણ તે પાપ પુન્યનો ખ્યાલ નથી. રાજાનો હાથી હીરા સોનાના દાગીના પહેરે છતાં હાથી મસ્ત શામાં ? સ્થાન, શરીરને સંતાનમાં જ મસ્ત. જુગલીયાં અનાર્યો, જાનવરો, પુન્યપાપ આશ્રવાદિના વિચારમાં વળ્યા જ ન હતાં. કાળબળે તીર્થંકરોનું થવું, તેમને કેવળજ્ઞાન કાળના જોરે થાય, કાળની માર્ગણા વિચારતાં અમુક કાળમાં કેવળ, અમુક કાળમાં મોક્ષ, તે માટે तेणं कालेणं મહાવીર મહારાજના વિચરતાનો કાળ. ગણધર મહારાજના વિચરતા કાળમાં ભગવતીસૂત્ર જાહેર થયું. એમ જણાવ્યાં છતાં ગોટાળો કાઢવો જોઈએ.

**વિભાગવાળો અને વગરનો કાળ**

જો સ્થૂલકાળને લઈ લેવામાં આવે, કલાક દિવસ રાત મહીનો વરસ એવા સ્થૂલ કાળને લેવામાં આવે તો સૂક્ષ્મ-સ્થૂલ કાળના હિસાબ જુદા છે. સ્થૂલકાળ વિભાગવાળા છે. આદિ મધ્ય પર્યવસાન હોય. સેંકડો ભાગ હોય છે તેનો હિસાબ જુદો હોય, પરંતુ પ્રરૂપણા જુદારૂપે. વિભાગ વગરના કાળની પ્રરૂપણા જુદા વિભાગવાળા કાળને અંગે શરૂ થશે, થયો, ચાલે છે, પુરો થશે, પુરો થવા આવ્યો, પુરો થયો, તેવા વિભાગો

શામાં ? આવા વિભાગવાળા કાળોમાં સમયની વક્તવ્યતા દાખવવી-જણાવવી. વિભાગવાળા કાળોમાં ક્રિયાકાળ, ફળકાળ, સ્થૂલદૃષ્ટિએ વિભાગકાળ જુદા. જેઠ મહીને વાવ્યું કારતકે લણ્યું. આમ બે ભાગ પડયા. વિભાગવાળો કાળ હોવાથી તે જુદા પડ્યા. તે વખતે ક્રિયા અને ફળ કાળ એક ન હોય. ક્રિયાકાળ જેઠમાં, ફળકાળ કારતકમાં લીધો. વિભાગ વગરનો કાળ લેવાય તે વખતે ક્રિયા અને ફળકાળ બેએ સાથે જ હોય. આજ વાત ધ્યાનમાં રાખશો ત્યારે જમાલી વિગેરે ભ્રાંતિમા પડ્યા તે વિભાગવાળો કાળ પકડયો, તેથી ભ્રાંતિમા પડયા. વિભાગ વગરનો કાળ પકડયો હતે તો ભ્રાંતિમાં ન પડતે, સ્થૂલકાળ પકડયો માટે. મહાવીર મહારાજનું વક્તવ્ય અવિભાગ કાળ માટે હતું. કેટલીક ક્રિયાઓ વિભાગવાળા કાળે થવાની, કેટલીક અવિભાગવાળા કાળમાં થવાની. વિભાગ વગરનો કાળ પકડાય ત્યાં શું થાય ? વિજળીથી ૧૦૦ દિવા કરીએ ચાંપ દબાવી, પાવર અનુક્રમે ગયો છે. કઈ વખતે ગયો, વખત તપાસો. આ દિવેથી આ દીવે આવ્યો તેનો વખત તપાસો. ૧૦૦ ગોળાનો વિભાગ કરો. अ અને ब દીવા વચ્ચેનું જે આંતરૂં ને જે લાગેલો સમય બંનેનો વિભાગ કરો. તેનો અવિભાગ કાળ લાગ્યો છે. જો કે જ્ઞાનીની દૃષ્ટિએ ઘણો વહેંચાયેલો છે. આપણી દૃષ્ટિએ આ કાળ કેવો છે ? વિભાગ વગરનો. આપણી દૃષ્ટિએ વિભાગ વગરનો કાળ. આપણને પૂછે કે આ ગ્લોબમાં પાવર આવ્યો ક્યારે અને સળગ્યો ક્યારે ? અવિભાગ કાળ છે. પાવર ગયો ને સળગ્યો તે વિભાગ વગરનો કાળ. તેની ક્રિયામાં ને ફળમાં વિભાગ ન હોય. આપણી દૃષ્ટિએ, જે વખતે પાવર તે જ વખતે લાઈટ. આપણી દૃષ્ટિના વિભાગ વગરના કાળમાં ક્રિયાને ફળ સાથે બોલવા પડે. તો કેવળજ્ઞાનની દૃષ્ટિએ, સમય એટલે જેના બે વિભાગ થઈ શકતા નથી. સેકંડ, મિનીટ, કલાક,

દિવસમાં ભાગ પાડી શકીએ, પરંતુ ૧૦૦ ઈલેકટ્રીક દીવા સાથે સળગે તેમાં શરૂઆત, અંત, મધ્ય વિભાગ ન પાડી શકીએ. તેથી જે ક્રિયાકાળ તે જ ફળકાળ કહીએ છીએ. બંને કાળને એકઠા કરવા પડે. કેવળીમહારાજની દૃષ્ટિએ અવિભાગ કાળ સમય, તે સમયરૂપ વિભાગ વગરનો કાળ લઈએ તેમાં ક્રિયા અને ફળ કઈ વખતે ? મોક્ષના જીવની ગતિ, ભવાંતરમાં ગતિ, સર્વથા ઘાતીનો ક્ષય થઈ કેવળ થવું, તે વસ્તુઓ અવિભાગ કાળની દૃષ્ટિથી જણાવેલી હોવાથી ગણધર મહારાજા ખુલ્લી વાત કરે છે, તે એકલી સ્થૂલકાળની દૃષ્ટિથી તે વિવક્ષાએ ન લેશો. અવિભક્ત કાળની અપેક્ષાએ લેજો. તે જણાવવા માટે तेणं कालेणं કહ્યા છતાં तेणं समयेणं કહ્યું. વિભક્તકાળની અપેક્ષાએ કેટલીક વાત કહેવાશે. કેટલીક અવિભક્ત કાળની અપેક્ષાએ સૂત્રોમાં વર્ણન આવશે. કલ્પસૂત્રમાં વારંવાર तेणं कालेणं तेणं समयेणं આવે છે તે સમજાશે. બંને અપેક્ષાએ વક્તવ્યતા કહેવામાં આવશે તેવી જ રીતે ક્ષેત્ર દ્રવ્ય એ પણ કેવી રીતે જણાવશે તે અગ્રે –

# દેશના ૫૧
# રાજગૃહીની ઉત્પત્તિ

**કાળ અંતરંગ કારણ છે.**

ટીકાકાર ભગવાન અભયદેવસૂરિજી ભગવતી સૂત્રની વ્યાખ્યા કરતાં પહેલા શતકમાં ઉદ્દેશાનો અર્થાધિકાર જણાવી શ્રુતજ્ઞાનને નમસ્કાર કરી ક્ષેત્ર એક દ્રવ્યના પરાવર્તનમાં ઉત્તમતા અધમતા મધ્યમતામાં જબરજસ્ત કારણ છે. દેવલોકનું ક્ષેત્ર એવું કે પુદ્‌ગલના પરિણામો શુભ જ પરિણામે, નારકીમાં અધમ, મધ્યમ પરિણામે પરિણમવું તીર્ચ્છાલોકમાં. બીજાઓ મર્ત્યલોક કહે છે. આપણે ઉર્ધ્વ-અધો-તીર્ચ્છાલોક શબ્દ રાખ્યા છે. પુદ્‌ગલોની પરિણતિ તેવી તેવી ક્ષેત્રની અપેક્ષાએ થાય છે. ભરત-ઐરવતમાં કાળચક્ર ફરે છે. તે કાળચક્ર ફરતું હોવાથી ક્ષેત્ર તેને તે છતાં પુદ્‌ગલના પરિણામમાં પલ્ટો થાય છે. ઉત્સર્પિણી શાથી ? પુદ્‌ગલના રૂપાદિગુણોને ક્ષણે ક્ષણે શક્તિમાં વધારે. અવસર્પિણી કહીએ છીએ તે ક્ષણે ક્ષણે રૂપ, રસ, ગંધોને ઘટાડે તેવો કાળ તે અવસર્પિણી. રૂપ, રસ, ગંધની વૃદ્ધિમાં અંતરંગ કારણો કારણ હોય તે કરતાં કાળ વધારે કારણ છે. રૂપાદિ ઘટાડનાર વધારનારને અનુક્રમે અવસર્પિણી ઉત્સસર્પિણી કહીએ છીએ તે કાળને આભારી છે. ઉત્સર્પિણીના અમુક આરામાંજ કેવળજ્ઞાન જોઈએ. અન્ય આરામાં ન જ હોવું જોઈએ. ઉત્સર્પિણીના ચોક્કસ આરામાં કેવળ હોવું જોઈએ. મારૂં કહેવું સમજવું જોઈએ. પુદ્‌ગલોના રસ, રૂપ, ગંધ, સ્પર્શની હાનિ વૃદ્ધિ

થાય, આત્માના ગુણોને અંગે વધારનાર, હાનિકરનાર તે તરીકે વ્યાખ્યા કરી ન હતી. વાત કરતાં વિચારવું જોઈએ, કે કેવળજ્ઞાન આત્મસત્તામાં રહેલો ગુણ છે. પુદ્‌ગલની સત્તામાં રહેલો ગુણ નથી. જીવ અપર્યાપ્તપણાના પહેલા સમયમાં સૂક્ષ્મનિગોદમાં હોય તો પણ સત્તાથી કેવળજ્ઞાન વાળો છે. સત્તામાં કેવલ માનીએ તો રોકનાર કર્મ હોવું જોઈએ. કર્મ આત્માના ગુણો રોકનાર, આથી આત્માના ગુણો અવરાયેલા જ દેખાય. સિદ્ધોને કેવળજ્ઞાનાવરણી નથી, તેથી તેમનું કેવળ હંમેશા જાગતું છે.

કાળ એ ક્ષેત્ર કરતાં પણ અંતરંગ કારણ. ક્ષેત્રનો પલટો ગુણ અને કાળ કરે છે. દરેક સૂત્રની શરૂઆતમાં तेणं कालेणं तेणं समयेणं આ શબ્દો દરેક જગોપર. કાળ અંતરંગ કારણ હોવાથી કારણ પહેલા દર્શાવે છે. એટલા જ માટે છેવટે શાસ્ત્રકારો જીવને મોક્ષની લાયકાત વખતે શુક્લપક્ષી ચરમ પુદ્‌ગલ પરાવર્તપણું કાળને અંગે જણાવે છે, કાળ ભલે કારણ હો સમય કેમ લીધો ? તે માટે કાલે જણાવી ગયા કે જ્ઞાની જે નિરૂપણ કરે તે અવિક્તકાળ ધ્યાનમાં રાખી નિરૂપણ કરે. આ મિનીટ આપણે દુનીયાદારીવાળો બોલે. દુનિયા જે કાળથી વ્યવહાર કરે તે વિભાગવાળો એક સેકંડ મિનીટ એક પળ એ બધા કાળ વિભાગવાળા છે. કેવળજ્ઞાનીની દૃષ્ટિએ સેકંડના ત્રણ અસંખ્યાત વિભાગો છે. જેનો વિભાગ થઈ શકે જ નહીં તેવો કાળ કયો ? શ્રુતજ્ઞાન-અવધિ-મનઃપર્યાય યાવત્‌ કેવળજ્ઞાનીઓ પણ જે કાળનો વિભાગ ન કરી શકે તેવો કાળ તે સમય, અર્થાત્‌ જેનો વિભાગ છે જ નહિં, કલ્પી શકાય નહીં તેવો જે કાળ તે સમય. તે અવસર્પિણીના ચોથા આરાનો છેલ્લો ભાગ તે સમય. ગૌર્તમાદિ પ્રતિબોધ પામ્યા છે, તત્વ સાંભળે છે તેવા સમયે-વખતે. એકલો કાળ કંઈપણ કરી શકે નહીં. તલવાર ફર્યા કરે, છોડવા-

વેલડી ઝાડાદિ ન હોય તો કાપે કોને? કાપવાનો સ્વભાવ તલવારનો પણ કાપવાની ચીજ તો જોઈએને? તેમ કાળ પરાવર્તન કરવાના સ્વભાવવાળો. પણ પરાવર્તન ક્રિયા કોની? માટે કાળ કારણ તરીકે જણાવ્યા છતાં પદાર્થ જણાવવો જોઈએ.

**રાજગૃહી નગરી કેમ વસી?**

તે કાળે કે સમયે કોની વર્તના? રાજગૃહીનગર તે તે કાળ સમયને લીધે એવી રીતે વર્તી રહ્યું હતું. રાજગૃહ એટલે રાજાનું ઘર. એક બાજુ નગર કહેવા માંગો છો, એક બાજુ રાજાનું ઘર, મહેલ કહો છો. નગર અને મહેલ જુદી ચીજ, માત્ર રાજાઓનું રહેવું જ થાય તે રાજગૃહ કહેવાય. મહેલ એ નગર નહીં, નગર એ મહેલ નહીં. મહેલ વગરનો અંશ હોઈ શકે. રાજાના મહેલ ઉપરથી આખું નગર થયું. જ્યાં રાજગૃહ નગર ન થયું હતું તે પહેલાં ક્ષિતિ પ્રતિષ્ઠીત નગર હતું. ત્યાં શ્રેણિકના વડેરા રાજ્ય કરતાં હતાં ત્યાં વધારે લાયો (અગ્નિ ઉપદ્રવ) લાગવા લાગી. ભૂલનો ભોગ ભૂલવાળો એકલો નથી બનતો. ખાવા-પીવામાં, હાલવા-ચાલવામાં ભૂલ કરનાર હેરાન થાય. પરંતુ આગ એવી ચીજ કે ભૂલ કરનાર પણ ભૂલનો ભોગ થાય. દીવો એવી જગોપર મેલ્યો કે જોડે ડામચીયો કે દાહ્ય પદાર્થો છે. સળગ્યું, પડખાના ઘરવાળા બળી ગયા તો પડખાના ઘરવાળાએ ભૂલ કરી ન હતી. પાડોશીના પણ ઘરો સળગ્યા. વગર ભૂલે પાડોશીના ઘર સળગ્યા. અગ્નિ એવી ચીજ કે ભૂલના ભોગ બનાવે ને ભૂલ ન હોય તેનો પણ ભોગ લે.

**ક્રોધ કરનાર અને સંબંધીઓને પણ નુકશાન ભોગવવું પડે છે.**

ક્રોધ એ પણ એક અગ્નિ છે. ક્રોધ કરનારને જ ક્રોધ નડે તેમ નહીં પણ જોડે રહેલા સંબંધીઓ પણ ક્રોધમાં ધમધમે. કલેશ થયો હોય ત્યારે કુટુંબીઓને પણ ક્રોધ થાય છે. તે પણ અગ્નિ જેવો છે.

જોડેવાળાનો પણ ભોગ લે છે. રાજાએ કાયદો કર્યો કે જેની ભૂલ થાય તેને ગામ બહાર જવાનું. જેને ઘેર આગ થાય તેને ગામ બહાર રહેવાનું. ગામ બહાર જવું તે કરતાં દેશવટો સારો એટલી સાવચેતી રહે છે કે ગામમાં આગ લાગતી નથી.

**રાજગૃહીની ઉત્પત્તિ**

કોઈ વખતે રાજાને ત્યાં રસોઈયાના પ્રમાદથી મહેલમાં આગ લાગી. પ્રાચીનકાળના આગેવાનો ન્યાયને પ્રથમ અવકાશ આપનારા, જ્ઞાતિમાં છાંડવાનો કાયદો કરે ત્યારે નાતના આગેવાન જોડે રહી છોકરા પાસે છંડાવે. પોતે દંડના પૈસા ભરે, કાયદો મોટાએ પ્રથમ પાળવો જ જોઈએ. સર્વ માટે કાયદો સરખો. રાજાને ઘેર આગ લાગી. નીકળી જાય ચલો બહાર. ન્યાયખાતર દરબારગઢ છોડી બહાર રહેવું પડયું. લોકોની અવર જવર થાય તે રાજાને ઘેર જઉં છું. રાજાનું ઘર રાજાનું ઘર વ્યપદેશ-બોલવાનો વ્યવહાર થયો. પછી લોકો પણ ત્યાં વસવા લાગ્યા. તેથી નગરનું નામ રાજગૃહ પડી ગયું. ન્યાય પાળવા માટે રાજકુટુંબ બહાર જઈને વસ્યું તેથી તે નગરનું નામ રાજગૃહ નગર.

**નગર એટલે શું ?**

નગર કેમ ? પ્રાચીન કાળમાં નગર ગામડાના આધાર ઉપર જીવનાર, ન કર કોઈ જાતનો, ત્યાં કર હોય જ નહીં. ગામડામાં કર ગામડાની ઉપજ પર આવે. નગર વસાવવા માટે પહેલાં કર માફ કરે. નવા ગામ વસાવવા હોય તો દાણ માફ કરે. પહેલેથી ઠેઠસુધી કર માફ એવું સ્થાન તેનું નામ નગર. રાજગૃહી નગર થઈ ગયું. કોઈપણ જાતનો કર લેવાતો નહીં. રાજગૃહ નામનું નગર હતું. હતું કેમ કહો છો ? અત્યારે પણ રાજગૃહી નગર છે. તે સુધર્માસ્વામી વખતે જરૂર હોય તો તે વખતે છે એમ કહેવું જોઈએ. હતું કેમ કહેવાય ? વર્તમાનકાળે વિદ્યમાન

હોય તો ભૂતકાળ વપરાય નહીં. વિદ્યમાન છતાં સૂત્રકારે હતી કેમ કહી? જે વર્ણન શાસ્રકારોએ કર્યા, બારજોજન પહોળી નવ જોજન લાંબી આવી સમૃદ્ધિવાળી તે સુધર્માસ્વામી વખતે તેવી સમૃદ્ધિવાળી નગરી ન હતી. શ્રેણીક મહારાજા રાજગૃહી નગરીના માલિક તેને કેદમાં નાખ્યા, યાવત્ મરી ગયા ત્યારે કોણીકે રાજધાની ચંપા કરી. રાજધાની પલટે ત્યારે નગરીનું નૂર ઘટી જાય છે. અહીં રાજાઓ નથી માત્ર પ્રતિનિધિઓ છે. રાજા રહે તે વખતે, તે સ્થાન બદલી નાખે તો સ્થાનનું કેટલું નૂર હોય છે? સુધર્માસ્વામીએ જણાવ્યું કે તે સમયે તે કાળે રાજગૃહી નામની નગરી હતી. રાજગૃહીનો ઉન્નતિનો કાળ હતો. તે કાળે તે સમયે તેવી રાજગૃહી નગરી હતી.

**વિકથા ક્યારે ગણાય?**

તમે સાધુ સાધ્વીને ચાર વિકથા ત્યાગ કરવાનું કહો છો. દેશ, ભક્ત, સ્રી, રાજકથાને વિકથા કર્મબંધના કારણભૂત કુથલી જણાવો છો, અને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓએ ન કરવા જણાવો છો, અને તેમે પોતે જ દેશ કથા કરવા બેસી ગયા કે તેવી રાજગૃહી નગરી હતી. રાજગૃહીની ઉન્નતિ સમૃદ્ધિની ટોચે પહોંચેલી હતી. તમે શું કર્યું? 'ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શીખામણ દે.' તેના જેવું કર્યું, અમે સાધુ આદિને ચાર વિકથા કરવાની મનાઈ કરીએ છીએ, ને રાજગૃહીની વાત કહી તે પણ ચોક્કસ. અમે દેશના રાગની અપેક્ષાએ બીજા દેશને ઉતારી પાડવા માટે રાજગૃહીનું વર્ણન નથી કર્યું.

તીર્થંકર ભગવંતો ક્યાં ક્યાં વિચર્યા છે? એકલા જંગલમાં, ગામડામાં ધરમનો નથી ફેલાવો કર્યો. પણ જે જે મોટા શહેરો મુખ્ય સ્થાનો ગણાતા તેમાં મહાવીર ભગવાનના શાસનનો ફેલાવો થયો હતો. શંકા કરી જે દિવસે કલ્યાણકનો દિવસ હોય, વરઘોડો હોય તે

દિવસે શોભા શણગાર કરવા કે નહીં? સ્નાનાદિક કરી સારા કપડાં પહેરવા તે ભાઈ-ભાંડું માટે નથી. તે દહાડે સ્નાન શણગાર યાવત્ નાટક, ચેટક, મર્યાદાના. ૫૬ દીગ્કુમારીઓ જન્મ વખતે આવે તે ખુણે આવી ઉભી રહે. શહેરમાં નહિં, સ્નાન, શૃંગાર એ બધું કલ્યાણને દિવસે કરાય તે શરીરની શોભા માટે નહીં. શાસનની, શોભાનું ધ્યેય હોવાથી સ્નાનની વિધિ ગણી. શાસનને પાળનારા ભાગ્યશાળીઓ છે. દરિદ્રનારાયણોનું આ શાસન નથી, પણ આવા આવા ભાગ્યશાળીઓ આ શાસનને માનનારા છે; પાળનારા છે, તેથી સ્નાનાદિક પાપના કારણ ન ગણ્યા. તેમ શાસન શોભાના ધ્યેયથી જે વચન કહ્યું તે સ્નાન કરવું આદિ તે લાયક. તેમ દેશ કથા છોડવાની છે પરંતુ રાજગૃહીના વર્ણનમાં બીજા દેશોને હલકા પાડવાના મુદ્દાથી નથી, શાસનની ધર્મની મહત્તા જણાવવા માટે જણાવી છે. હવે નગર ચાહે તેવું સારૂં હોય, સમૃદ્ધિવાળું હોય, પણ જે નગર રાજાનું સ્થાન રહે તે નગરની ઉન્નતિ ટકી રહે, પણ જ્યાં રાજાના વાસનો પલટો થયો હોય તો ઉન્નતિવાળી ન રહે. તે વખતે રાજા કોણ? સમૃદ્ધિના સાધનો કયા કયા છે, તે કેવી રીતે તે અગ્રે.



# દેશના પર
# રાજગૃહીના ઉજળા
# ઘરના ગોવાળીયા કોણ?

**પરમેષ્ઠિઓનું પરાવર્તન કોઈકાળે કે ક્ષેત્રમાં નથી.**

ગણધર મહારાજા શ્રી સુધર્માસ્વામીજી જંબુસ્વામિજીને ભગવતી કહેતી વખતે કહે છે, હે જંબુ ! ગૌતમ અને મહાવીરના પ્રશ્નોત્તરરૂપે ભગવતી થયેલું છે. બીજા કોઈપણ સૂત્રની વ્યાખ્યા પ્રશ્નને અંગે વર્ણન નથી. અહિં ૩૬ હજાર પ્રશ્ન છે. બેની વચ્ચે જે પ્રશ્નોત્તર થયા તે ભગવતીજી. ગૌતમસ્વામીજીએ પ્રથમ પંચપરમેષ્ઠિરૂપ મંગળાચરણ કર્યું.

અરિહંતાદિ પદનું પરાવર્તન કોઈકાળે કોઈ ક્ષેત્રે નથી. જૈન શાસનમાં દરેક આસો દરેક ચૈતરે નવ દહાડા આરાધના કરાય છે. શાસ્ત્રકારોએ શાશ્વતી ઓળી કહી. વર્ષના બીજા પર્વો આ કાળે આ ક્ષેત્રે છે. ચૈત્ર સુદી ૧૩ જન્મકલ્યાણક આ જ ક્ષેત્રમાં છે. પણ નવપદની, પંચપરમેષ્ઠિની આરાધના કોઈ કાળે કોઈ ક્ષેત્રે ફરમાવી નહીં. સ્થિરમાં સ્થિર આરાધના હોય તો પંચપરમેષ્ઠિની. પછી શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો.

**સમયનું જ્ઞાન કેવળી સિવાય ન હોય.**

હવે જ્ઞાનીને માટે એક જ વસ્તુ કહેવાની. જે સમયને જાણનાર, દેખનાર છે, તે ઉત્તર દેનાર છે, તેવા મહાપુરૂષ જે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા. સમયનું ભાન કેવળી. સિવાય બીજાને ન હોય. ચાર જ્ઞાનવાળા હોય છતાં તેમને સમયનું જ્ઞાન નથી. સમયને દેખી શકે તે

માત્ર કેવળી. છદ્મસ્થનો ઉપયોગ સમયનો નહીં. મહાવીર મહારાજા ત્રણ જ્ઞાનવાળા હતા, તેથી ચ્યવીશ તે જાણતા હતા, પણ ચ્યવતી વખતે ન માલમ પડી. વર્તમાનકાળ એક સમયનો હોવાથી ભગવાન ત્રણ જ્ઞાનવાળાં છતાં ચ્યવતાં કાળને ન જાણ્યો. છદ્મસ્થનો ઉપયોગ અંતમૂહુર્તથી ઓછો ન હોય. તે માટે શાસ્ત્રકારે કહ્યું કે સમયને કેવળી જ જાણે. સમયનું જ્ઞાન માત્ર કેવળીઓને જ હોય, તે સિવાય ચાર જ્ઞાનવાળાને પણ સમયનું જ્ઞાન ન હોય. तेणं समयेणं તે સમયે જે બોલ્યા તે કેવળજ્ઞાન હોવાથી બોલ્યા.

તે કાળે ને તે સમયે, પહેલા કાળ કેમ લીધો? દરેક દ્રવ્યો પર્યાયોવાળા છે. તે પર્યાયો કાળના આધારે છે. વર્તના પરિણામનો આધાર કાળના પ્રતાપે છે. દરેક દ્રવ્યની અંદર અંતરંગ કારણ કાળ છે. તેમજ ક્ષેત્રોની અંદર જે શુભાશુભપણે પુદ્ગલોનું પરિણમવું તે ક્ષેત્રના આધારે. ઠામ જેમ આધાર તરીકે કામ કરે, તેમ કાળ આધાર તરીકે કામ કરે.રાજગૃહી નામનું નગર, રાજગૃહને નગર કેમ કહ્યું, તે નીતિને પાળવા માટે રાજાઓ તત્પર રહેતા હતા, તેથી પોતાના ઘેર થયેલા અપરાધને પોતે શિક્ષાપાત્ર ગણાતા, તેથી પોતે નગર બહાર ગયા, તેવું ન્યાયથી જેનું ઉત્થાન છે. રાજાઓ પણ ન્યાય પાળનારા, નીતિને ઓળંગતા ન હતા, ને તેને અંગે રાજગૃહી નગરીની ઉત્પત્તિ. બીજા બધાને રાજા ગામ બહાર કાઢતા હતા. રાજાને કોણ બહાર કાઢે ? સિંહ આદમીને મારે તેનો ન્યાય ક્યાં ? ભલે બીજો શિક્ષા ન કરે પણ મારા ગુનાની મારે શિક્ષા ભોગવવી જોઈએ. તેવા ન્યાયને સાચવવાને અંગે રાજગૃહીની ઉત્પત્તિ થઈ, એવા રાજગૃહી નગરમાં ભગવાન મહાવીર મહારાજનું સમોસરવું થયું.

**આપણા ઉપાશ્રયે જે સાધુ તે ગૌતમસ્વામી.**

આજકાલ શેરીના સાધુ, એ જ સાધુ બીજી શેરીમાં ગયા તો વાર -તહેવારે ગયા તો ઠીક. બે ચાર ઉપાશ્રય હોય તો આપણે ઉપાશ્રયે રહ્યા

તો ગૌતમસ્વામી. બીજે ઉપાશ્રયે તે જ સાધુ જાય તો ગોશાળા. સાધુ, ગુરુ તરીકેની માન્યતા નથી. કલિકાલના હિસાબે પત્થર દેવ, પત્થર ગુરુ, પત્થર ધર્મ કહેવાના વચન શાહુકારીના જ હોય, ખૂન કરી આવ્યો હોય. કોર્ટ આરોપ મૂકે તો પણ હું તો બેગુનેગાર છું, તેમજ કહે છે. જુઠું બોલનાર એમ નહીં જ કહે કે હું જુઠું બોલું છું. તેમ વચેનની શાહુકારી છે.

**દેવદ્રવ્ય કેમ ગણ્યું ?**

જિનેશ્વરને દેવ માનીએ છીએ. પણ જિનેશ્વરને દેવ નથી માનતા, પત્થરને દેવ માને છે. અરિહંતો મહદેવો, અરિહંતા શરણં પણ તે કહેવા પૂરતું જ. આપણે જે દેરાસરનો વહીવટ કરતા હોઈએ. આપણા બાપ-દાદાએ બંધાવ્યું હોય. આપણે પૂજા કરતા હોઈએ ત્યાં સોનાના પતરા કરાવવા તૈયાર પણ જોડેના દેરામાં પાણી પડતું હોય, લીંડીઓ થતી હોય તો સુધરાવવા તૈયાર નહીં. આ વર્તનનો અર્થ બતાવીશ? આપણો સંબંધ, વહીવટ હોય તો ત્યાં માટે બધું કરીએ, તેવી જ રીતે ઉપજથી આવેલા દ્રવ્યને અંગે દેવદ્રવ્ય કહીએ છીએ. પણ મહાવીર દ્રવ્ય આદિનાથ દ્રવ્ય નથી કહેતા. મારા પ્રભુનુ દ્રવ્ય તરીકે કોઈ આપતા નથી. દેવદ્રવ્ય તરીકે આપે છે, ને તમો લો છો. તો દરેક જગોપર તેનો ઉપયોગ થઈ શકે. લાખોની મુડી એકઠી થાય ને આશાતના વર્જવા જેટલું પણ ન કરો તો દેવદ્રવ્ય વધાર્યું કે મારા દેવનું દ્રવ્ય વધાર્યું ? બીજી જગોપર દરકાર જ ન રહે તેનો અર્થ શો ? પોતે વહીવટ કરે તે દેરાને ઉત્સવ માટે ઉજાગરા કર્યા. બીજાના દેરે એક પૂજા ભણાવવી છે. બાઈ માણસ કહે છે, કે મારે પૂજા ભણાવવી છે. તો કહે છે કે મને ફુરસદ નથી. બીજા માટે ના ન પાડું પણ કરવાનું કંઈ નહીં. તેમ પૂજા સાધાર્મિક વાત્સલ્ય માટે હું સંભાળું તે સવા વીશ. આપણે જે જે જગોપર જિનેશ્વરના દેરાસર તે બધા સંભાળવા લાયક છે. તે માટે ભગવાન મહાવીર વખતે તે શેરીના પત્થરના દેવ-ગુરુ-ધર્મ ન હતાં. બીજી પોળમાં જવું આપણને મુશ્કેલ પડે છે. જીલ્લાના દેવ-ગુરુ-ધર્મ હતાં.

ગુણાશીલ વનમાં ભગવાન સમોસરે છે. આજુબાજુના ગામવાળાં ત્યાં આવે છે. જે એક વખત સમોસરણમાં ન ગયો હોય તે બાર જોજનમાં સમોસરણ થવાનું હોય ત્યાં જવું જ જોઈએ. જેને સમોસરણમાં દેશના ન સાંભળી હોય તો બાર જોજનમાં જવું જ જોઇએ. નહીં તો પ્રાયશ્ચિત. જીલ્લાના દેવ હતા ત્યારે જોજનવાળા માથે બંધણી. જીલ્લાના, ગામના, શેરીના નહીં પણ આખા જીલ્લાને અંગે કેન્દ્ર આરાધ્ય. રાજગૃહી બહાર સમોસરણ સ્થાન ક્યું ? રાજગૃહી બહાર કેટલીક વખત બગીચા શહેરમાં પણ હોય છે. શહેરની બહાર કઈ બાજુ ?

**બે પ્રકારની દિશાઓ**

જૈન શાસ્રનો નિયમ છે કે દિશાઓ બે બાજુની. એક સ્થિર એક ચરન્તિ દિશા. સ્થિર તરીકે કઈ દિશા તરફ વ્રત, દીક્ષા, વડીદીક્ષાઓ લેવી ? જે દિશા સામા રહી દીક્ષાવ્રતાદિક લેવાય તે સ્થિર દિશાઓ, તેવી બે, પૂર્વ અને ઉત્તર, બંને સ્થિર દિશાઓ.

**ચરન્તિ દિશાઓ**

ચરન્તિ દિશા કઈ ?જે દિશાએ જિનેશ્વરો વિચરતા હોય, યુગપ્રધાનો વિચરતા હોય. તીર્થ, આરાધ્ય પુરૂષો હોય તો ચરન્તિ દિશાઓ. રાજગૃહીમાં રહેલા શ્રેણીકે ભગવાન કાશી તરફ વિચરતા હોય તો કઈ દિશામાં વંદન કરવું ? પશ્ચિમ સામા ન કરવું ? સિદ્ધાચળજી સુરત, ભરૂચવાળા જે દિશામાં વંદન કરે પણ જુનાગઢવાળા કઈ તરફ વંદન કરે ? એકલી પૂર્વદિશા નહીં રહે. ત્યાં પૂર્વ દિશા ઉત્તર દિશા તરફ જ વંદન કરીએ તો ચરન્તિ દિશામાં સમજ્યો જ નહીં. સ્થિર અને ચરન્તિ દિશા એવા બે વિભાગ પડયા. બીજુ આલંબન ન હોય તો પૂર્વ-ઉત્તર, આલંબન હોય ત્યારે જે દિશામાં તીર્થંકર ગણધર અગર તીર્થ હોય તે બધી ચરન્તિ દિશા. ભગવાન મહાવીરને સમોસરવાનું સ્થાન કઈ દિશામાં છે ? ઈશાન ખૂણો લીધો. રાજગૃહીનો ઈશાન ખૂણો લીધો. તે માટે કહે છે કે તે રાજગૃહી નગર બહાર ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો

ભાગ તે શાસ્ત્રીય નહીં રૂચક પ્રદેશનો વિભાગ નહીં. ખૂણો એટલો નાનો હોય કે જેમાં એક જીવ ન રહી શકે. શાસ્ત્રીય હિસાબે આખો ભાગ દિશાનો. વિદિશા માત્ર એક જ પ્રદેશની, બેના આંતરા પૂરતી જ વિદિશા. એક આકાશ પ્રદેશમાં એક જીવ ન રહે તો આખું સમોસરણ ક્યાંથી રહે ? સૂર્યના માંડલામાં જે પૂર્વનો વિભાગ સૂર્યની સીધી દિશા તેટલી જ પૂર્વદિશા. પશ્ચિમમાં પણ તેમજ મંડલ પૂરતી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર દક્ષિણ. શતરંજ સોગઠાબાજીમાં ચારે દિશાએ કોઠાભાગ સિવાય ખાલી ભાગ હોય, ખાલી ભાગ વધારે આવે તેમ પ્રજ્ઞાપકની અને સૂર્યતાપની અપેક્ષાએ દિશા ઓછી, ખૂણો વધે. શાસ્ત્ર અપેક્ષાએ ખૂણો ઓછો દિશા વધારે. ઈશાનખૂણો રૂચકની વિદિશામાં તેમાં ગુણશીલવન ન રહી શકે. એક પ્રદેશની હોવાથી. ત્યારે વિદિશા કઈ લેવી ? પ્રજ્ઞાપક અને તાપ ક્ષેત્રની દિશામાં જે ઈશાનનો ખૂણો તેમાં ગુણશીલ એવા નામનું ચૈત્ય.

**બગીચાના નામો કેવા રાખતા ?**

ગુણ અને શીલ એ બેના ઉત્પાદનું, વૃદ્ધિનું કારણ ત્યારે તેનું નામ ગુણશીલવન. રાજગૃહીથી ગુણીયાજી અત્યારે જેને કહીએ છીએ. શીલાવ ગામડું કહીએ છીએ. રાજગૃહી આ બાજુ છે. ગુણશીલ એવું જેનું નામ છે. નામ પાડવાવાળાઓ કઈ ધારણાએ નામ પાડે તે તપાસવું જોઈએ. હવે નામ સ્થાપનાર કઈ દૃષ્ટિનો મનુષ્ય હશે ? સ્થાન શા કામમાં લેવાનું હશે ? ગુણો અને સદાચારની ઉત્પત્તિસ્થાન. તેવું સ્થાન લાગ્યું હશે ત્યારે જગતે ગુણશીલના નામે જાહેર કર્યું હશે. ગુણશીલબાગ. તેથી જગતે ગુણશીલ નામ રાખ્યું. તેથી ગુણીયાજી, બીજો ભાગ શીલાવ તરીકે અત્યારે છે. અહીં તો ચૈત્યશબ્દ કહ્યો છે. કોષકારો ચૈત્યશબ્દથી ત્રણ અર્થ જણાવે છે. ચૈત્યશબ્દ નપુંસક લઈએ ત્યારે મંદિર-જિનેશ્વરનું બિંબ, પુલ્લિંગે લઈએ તો જિનેશ્વરના સમોસરણમાં જે વૃક્ષ હોય તે આવે. ચૈત્યવૃક્ષ પણ નથી. બિંબ, મંદિર

પણ નથી. વનને ચૈત્ય શી રીતે કહો છો ? મુંબઈમાં માધવબાગ કહીએ છીએ. માધવના ચૈત્યથી ઉપલક્ષિત આખો બાગ તે માધવબાગ. તેમ એ ચૈત્યસહિત એવો બગીચો તેથી ગુણશીલ એવા નામનું વન-બગીચો અર્થાત્ ચૈત્ય એટલે મંદિરવાળો બગીચો. બગીચો ક્યાં હોય ? લોકોની ઉન્નતિ હોય ત્યાં જ બગીચો હોય. આ ઉપરથી રાજગૃહીની સ્થિતિ કેવી છે ? આખી ઈશાનખૂણાની દિશા બગીચામય છે.

**ધણીવગરના ઢોર સૂના**

રાજગૃહીના લોકો રિદ્ધિ, સમૃદ્ધિ, સુખાકારીમાં હોય ત્યારે બગીચા હોય. ધણીવગરના ઢોર સૂના, માથે માલિક ન હોય તો ઢોરો હરાયા થાય. તેમ દેશ-નગર-ગામ માલિક વગરનું હોય તો દરિદ્રતાનું ઝાડ ગણાય. સાચવ્યા વગરની ચીજ સારી સ્થિતિમાં ન રહે.

**પરદેશી રાજ્યમાં પ્રાંતની શી સ્થિતિ હોય**

રાજા વગરનું રાજ્યનું સ્થાન તે માત્ર દુઝણી ગાય જેવું. દુઝણી ગાય માત્ર દોહવાના જ કામની. ઘરમાં કંઈ દોકડા કે બદામ જેટલી પણ સત્તા-હક્ક ગાયને નથી. માલિકી ન ધરાવી શકે તેવી સ્થિતિ હોય તો ચાહે જેટલી ગાય સારી હોય તો, દુધ ખાઈ જનાર બાળક ઘરમાં હકદાર, પણ ગાય દુધ દે તે ઘરના વારસામાં હકદાર નથી. તેમ જે પ્રાંત કે જે દેશ રાજાની રાજધાની રૂપે ન હોય, બીજા પ્રાંતના તાબામાં હોય તો તેની સ્થિતિ દુઝણી ગાય જેવી. ઘાસચારો અપાય, દુધ દેતી બંધ થાય તો ગામડામાંથી હાંકી કઢાય. જે દેશ રિદ્ધિ, પાક, પાકી ચીજ, કાચી ચીજ પેદા કરતો હોય તો પણ પરાધીન હોય તો ઢોરની દશામાં, પરાધીન દેશની સ્થિતિમાં છે. ગાયને કોઈ પથરો મારે તેની દરકાર ધણી ન કરે. દુધની દરકાર ધણી કરે. રાજાના કબજાની માલિકી હોય તે દેશ, મોભા, આબરૂ, સમૃદ્ધિને ટકાવી શકે, બહારનો રાજા હોય તો તેની દશા દુધાળા ઢોર જેવી થાય. તેવી દશા રાજગૃહીની નથી. તે રાજાનું સ્થાન છે. અપમાન, અવનતિ આવવા પામે જ નહીં.

**ભંભાસાર શ્રેણિકનું બીજું નામ**

તે રાજગૃહીમાં શ્રેણિક નામનો રાજા છે. રાજમહેલમાં આગ લાગી. જે કુંવર જે લઈ આવે તે તેનું. કોઈ કુંવર હાથી, કોઈ હાર, કોઈ કંઈ લઈ આવ્યા. શ્રેણિક ગયો તે રાજ્યની ધજા, વાજીંત્ર ઉપાડી લાવ્યો. બધા કુંવર હસવા લાગ્યા. વાત ખરી, તમે ચીજને મોહવાવાળા, હું ચિન્હ ને કીંમતી ગણું છું. આ હું લાવ્યો તે રાજ્યનું ચિન્હ છે. રાજ્યનું ચિહ્ન પહેલા હાથ કરવું જોઈએ. જેમ વાવટો પહેલાં હાથ કરવો જોઈએ તેમ ભંભા રાજ્યનું ચિન્હ. તેથી શ્રેણિકનું બીજું નામ ભંભાસાર પાડ્યું. રાજ્યચિન્હ ભંભા તેને સાર ગણ્યું.

**બચ્ચાંને ઘરેણા એ ખૂનને નોતરૂં**

રાજાએ દેખતા વિચાર કર્યો કે આ પુત્ર રાજગાદીને લાયક છે. બચ્ચાને ઘરેણાં પહેરાવવા તે ખૂનને નોતરવા જેવું છે. તેમ રાજાઓએ મીઠી દૃષ્ટિ કરવી તે દુનિયાની ખુવારીનું નોતરૂં. રાણીને માને તો જેટલી રાણી હોય તેને મારવા જ ઉદ્યમ કરે. રાજાના માનીતા થવામાં દુનિયાનું દુર્જનપણું વહોરવાનું. કુંવર રાજગાદી લાયક તરીકે ઈશારો થશે તો મોસાળીયા કુંવરો, રાણીઓ કાટલું કાઢ્યા વગર નહીં રહે. તીજોરીઓના તાળા તૂટે. લાકડાને લાત પણ ન મારે. લાકડા નીચે ડાભડાનું રક્ષણ થયું તેવું તીજોરીમાં ન થયું. ચોરની નજર પડે તેવી જગાએ દાગીનાં ન રાખવાં. બધાની નજર તેના ઉપર બગડશે. તેને દેશમાં જ ન રાખવો.

**રાજગૃહીના ઉજળા ઘરના ગોવળીયા**

શ્રેણિકના પિતા વિચાર કરે છે કે રાજગાદી લાયક આ ભંભાસાર છે. શું કરવું ? બહાર એવી તરકીબથી કાઢવો કે દુનિયા સાચે જ સમજે કે તેને બાપે જ કાઢી મેલ્યો. કુંવરો માંગે તો તે વસ્તુ તરત કાઢી દે. શ્રેણિક માગે તો વાયદો કરે. ના નહીં, પણ વાયદો કરે. એટલે સમજે કે અપમાને રહેવું તે વાજબી નથી. વસ્તુ આપવામાં વાયદાઓ

થાય તેટલા અપમાનથી મગધ દેશ છોડ્યો. બેન્નાતટે શ્રેણિક ચાલી ગયા. નીકળ્યા તો ખરા? ત્યાં ક્યાં મોસાળ હતાં? વિશાલા તરફ આવ્યો હતે તો સંબંધ પણ હતો. પણ અપમાન વખતે સગાને ત્યાં જાય તો શરણે ગયા સમજે, તેથી તે તરફ ન જતાં બેન્ના તરફ ગયા. શેઠની દુકાને જઈને બેસી રહે છે. ત્યાં સારા સારા તેની દુકાને ઘરાકો આવવા લાગ્યા. વેપારીને દુકાન કાર્યમાં મદદ કરે છે, લાભ મેળવવો છે તે વખતે વેપારી શેઠને સ્વપ્ન આવ્યું છે કે મારી ફલાણી નંદા છોકરીને રત્નાકર આવી પરણી ગયો. આજ મનુષ્ય રત્નાકર, પરદેશી હોવાથી ક્યાં રહો છો ? પરદેશ. કોના મેમાન ? તો કહે તમારા. એ વણીક કન્યા નંદા સાથે લગ્ન થયા. અભયકુમાર ગર્ભમાં આવ્યાં. ત્યાં રાજાએ શ્રેણીકના પિતાએ બચાવની દૃષ્ટિએ કાઢ્યા છે. પાછળ ખબર રાખનાર જાસુસો રાખેલા છે. રાજાનું શરીર નરમ થયું. સાંઢણી મોકલી તરત આવો. 'રાજગૃહીના ઉજળા ઘરના ગોવાળીયા' એટલું શેઠને ઘેર નામ લખી શ્રેણીક ગયા.

**અભયકુમારની બુદ્ધિ**

અભયકુમારની માતા નંદાને અભયદાન દેવાનો દોહલો થયો. પુત્રના લક્ષણ પેટમાંથી જણાય, તેમ શાસ્ત્રકારો કહે છે. અહીં અભયકુમાર જેવા કુખમાં આવ્યા છે. અભયદાન દેવાનો વિચાર થયો છે. શેઠીયાઓ પૈસાથી બધું કરે છે. રાજાને ઘેર ભેટણું ધર્યું. અભયદાનનો પડહો વગડાવ્યો ત્યારે નંદાને શાંતિ થઈ. અભયકુમાર યોગ્ય વયમાં આવ્યા ત્યારે છોકરાઓમાં છેતરપીંડી ન હોય. જેવું લાગે તેવું બોલી દે. ખોટું ખરૂં લાગે તેવો વિચાર ન હોય. સાથે રમનાર છોકરાએ પૂછયું. તારો બાપ ક્યાં છે? અભયે માને પૂછયું. આમ પરણ્યા, તું ગર્ભમાં હતો ને ચાલી ગયા. આ નામ આમ લખ્યું છે. ગોવાળીયો હોય તો ધોળું ઘર લખવું ન પડે. ગોના પાલનનો અર્થ ઉજળાં ઘર. મા, મા, ગૂઢાર્થવાળા શબ્દો છે. રાજગૃહીનો રાજા મારો

બાપ. હવે ત્યાં અભયકુમાર માતાને ગામ બહાર રાખી રાજગૃહી ગામમાં જાય છે. ૪૯૯-પ્રધાન છે. ૧ મુખ્ય પ્રધાન કરવો તો અક્કલવાળો કરવો છે. શ્રેણીક મહારાજાએ ખાલી કુવામાં રાજની વીંટી નાખી માણસો બેસાડ્યા. અહીં આવે તેને કહેજો કે કુવા કાંઠે બેઠો અંદરની વીંટી કાંઠે બેઠો મને આપે. ઉતર્યા વગર મુદ્રિકા કેવી રીતે લેવી? તે કરતાં ચંદ્રના વિમાન ન લેતે! લોકો એકઠા થાય છે. રાજાએ વીંટી નાખી છે તે કાંઠે રહ્યા લેવી? વીંટીને પગ આવે કે હાથ લાંબો થાય? અભય છોકરો છે. છોકરાપણામાં પ્રસિદ્ધિમાં આવ્યો; છતાં કુમાર તરીકે જ પ્રસિદ્ધિ થઈ. કુંવરપણામાં ખીલી નીકળ્યો. નિશાળીયાપણાની ઉંમર છે. બેઠા બેઠા વીંટી લેવી છે. અહો હો શી ફીકર છે? લોકો પૂછે છે કે શી રીતે કાઢીશ? આટલામાં બીજો કુવો છે? આ કુવાની વાત થાય છે ને બીજા કુવાની વાત પૂછે છે. તે કુવામાં પાણી કેટલું છે તે જોઈને છાણ મંગાવ્યું. વીંટી હતી તે ઉપર છાણ ફેંક્યું. છાણ ચોંટી ગયું. ઉપર ઘાસ નાખ્યું. તે માત્ર સુકાય તેટલું જ ઘાસ નાંખ્યું, ચીનગારી નાખી, છાણું માત્ર સુકાય, સળગવું ન જોઈએ. છાણું ન સળગે તેટલો જ અગ્નિ કર્યો. પેલા કુવાને કોસ જોડ્યો. પાણી નાખતા જ ગયા. કુવો ભરાયો કે વીંટી સાથે છાણું ઉપર આવ્યું. લો આ વીંટી. સિપાઈઓ રાજા પાસે લઈ ગયા. નાની ઉંમર ને પ૦૦નો ઉપર પ્રધાન બનાવવો. શ્રેણીકે પૂછ્યું ક્યાં રહે છે? બેન્ના તટ. ફલાણા શેઠનોછોકરો ને? સંતાન છે કે? કેમ છે. હા હું પોતે જ, આમ વિદેશમાં બુદ્ધિબળ બતાવ્યું. નસીબથી પ્રધાનપણું મેળવી શક્યા. ધર્મમય વાતાવરણ કરનાર એવો શ્રેણીક રાજા રાજગૃહીનું રાજ્ય કરે છે. રાજાની સુંદરતાને વર્તમાનકાળની સુંદરતા પણ ભવિષ્યકાળની સુંદરતા કુટુંબની સુંદરતાએ. દીવા પાછળ અજવાળું ક્યારે? માટે રાજકુટુંબ કોણ? રાણી કઈ તે અધિકાર અગ્રે.

# દેશના ૫૩
# સૂત્ર કરતાં ભાવાર્થની વાંચના આપનાર મોટો ગણાય

अथ कथमवसीयते यदुत सुधर्मस्वामी जम्बूस्वामीनमभि संबंध-ग्रन्थमुक्तवानिति ?, उच्येत, सुधर्मस्वामीवाचनाया एवानुवृत्तत्वात्, आह च - 'तित्थं च सुहमाओ निरवच्चा गणहरा सेसा'' सुधर्मस्वामीनश्च जम्बूस्वाम्येव प्रधानः शिष्यो-अतस्तमाश्रित्येयं वाचना प्रवृत्तेति, तथा षष्ठाङ्गे उपोद्घात एवं दृश्यते ।

વ્યાખ્યાકાર મહારાજ ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજ ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા કે સર્વકાળે ક્ષેત્રે દરેક અવસ્થામાં જૈન શાસનમાં કોઈપણ છત્રછાયા હોય તો માત્ર પંચપરમેષ્ઠિ. કાળ ક્ષેત્ર અવસ્થાથી બધામાં ફરક પડે પણ પંચપરમેષ્ઠીના પાંચ પદોમાં કોઈપણ ક્ષેત્ર કાળ અવસ્થામાં ફરક પડતો નથી. તેથી ગણધર મહારાજે પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવારૂપ મંગલાચરણ કર્યું. લિપિને નમસ્કાર કર્યો યાવત્ શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યા પછી એ સવાલ રહ્યો કે ભગવતીસૂત્ર કોણે કોની આગળ ક્યાં કહ્યું ?

**તાત્પર્યાર્થ ક્યારે સમજાય ?**

દરેક વાક્યોના શબ્દોના અર્થો વક્તા-શ્રોતાના સ્થાન ઉપર આધાર રાખે છે. જેઠ મહિનામાં ત્રાહી ત્રાહી પોકારી ગયા તો ગરમીની. એ જગોપર મહા પોષમાં હેરાન હેરાન થઈ ગયા તો શાની

હેરાનગતિ ? ઉનાળામાં નાવાની, શીયાળામાં શેકણીનો ઉપાય કરીએ. અમુક વખતે કામળીનો ઉપચાર કર્યો. વક્તા શ્રોતાને ટાઈમ ઉપર અર્થ થાય. આદમી કહેનાર હોય તો શીયાળામાં આદમીને લાયક કામળી આપી. વાક્યનો અર્થ કહેનાર કોણ? કોને અંગે ક્યા ક્ષેત્રકાળમાં કહેવાય છે તેના ઉપર અર્થનો આધાર છે. હેરાન શબ્દ સાચો છે પણ હેરાનગતિનો ઉપાય જુદો છે. ત્રણે કાળમાં એક ઉપાય ન હોય. ઉપાય જુદો હોય. હેરાનગતિ શબ્દનો સીધો અર્થ એક જ, પણ ટાળવાનો ઉપાય ક્ષેત્ર, કાળ, શ્રોતા-વક્તા દેખીને કરવાનો, તેમ રાજગૃહીમાં આ ભગવતીજી કહ્યું. દરેક વાક્યમાં તાત્પર્ય લેવું હોય તો વક્તા-શ્રોતા કાળ ક્ષેત્ર જાણીએ તો તાત્પર્ય હાથમાં આવે. અહીં આ ભગવતીજી સૂત્ર કહ્યું પણ કોને કોની આગળ ક્યા ક્ષેત્રમાં ક્યા કાળમાં કહ્યું તે ન જાણીએ તો તાત્પર્યાર્થ હાથમાં ન આવે.

**અવસ્થાવિશેષમાં પ્રવૃત્તિનો ફરક**

રીખવદેવજી ભગવાને કુંભારપણું કરવાનું, સાલવી હજામપણું કરવાનું કહ્યું, સોએ કારીગરી એમણે ચલાવી, શીખવી. જુગલીયાને કહ્યું. પ્રજા મરવા પડી હતી તે વખતે રાજ્યાવસ્થામાં આ જણાવ્યું છે. પ્રજાના બચાવ માટે રાજ્યાવસ્થામાં કુંભાર, સાલવી આદિપણું જણાવ્યું. દીક્ષા લીધી ત્યારે આવી રીતે ગોચરી આપવી એટલું પણ ન બોલ્યા. એક મનુષ્ય કુંભારપણું આદિ બતાવે છે તે જ ગોચરી કેમ આપવી તે ન જણાવ્યું. પણે બતાવ્યું અહીં ન બતાવ્યું, એ ફરક ખરો કે નહિં. ? એક જ વક્તા એક શ્રોતા છતાં અવસ્થા ફરે ત્યાં વસ્તુ ફરી જાય છે. ગોચરી આમ આપવી તે બતાવવા તૈયાર નથી. તેના પરિણામે ૧૨ મહિનામાં ચાર હજાર સાધુઓ ખસી ગયા. દીક્ષા ચાર હજાર સાથે લીધી, પારણું કરવામાં એકલા જ. રોજ કેટલા ખસ્યા? ૧૧-૧૨ ખસતા ગયા ત્રિરાશીએ, છતાં ગોચરી આમ દેવી તેટલું પણ રીખવદેવજી ભગવાન નથી કહેતાં. એકને એક મનુષ્ય અવસ્થા વિશેષે

જે બોલે તે અવસ્થા વિશેષે સાપેક્ષ ગણાય. રાજ્યપણામાં જેવી પ્રવૃત્તિ કરી તે પ્રવૃત્તિ સાધુપણામાં ન હોય. લોકોને પાળવા તે રાજધર્મ હતો. અહીં પોતાનું સાધવાનું હતું. આરંભાદિક બતાવ્યા તે પાપ લાગ્યું કે નહીં? પુન્ય વધારે ભોગવાયું. પાપ લાગ્યું પણ પુન્ય વધારે ભોગવાયું.

**પ્રશ્ન** - દુનિયામાં પાપનું મૂળ તેમણે વધાર્યું. રાજધર્મ હતો પ્રજા પાળવી તે માટે કરવું પડે. ચક્રવર્તી છ ખંડને જીતે. એ ત્યાગી થાય ત્યારે શરીરને કોઈ ઉપસર્ગ કરે તો પણ ન બોલે. અવસ્થા વિશેષે ' सर्वम् सावद्यमपि एतत्. જગતના ઉપકાર માટે તે સાવદ્ય છતાં કર્યું છે. શબ્દનો અર્થ એક સરખો હોવા છતાં ભાવાર્થ વક્તા શ્રોતા ક્ષેત્ર કાળ ઉપર આધાર રાખે છે. મુંગો આમ કરે ત્યારે બોલી શકતો નથી. બોલતો તેમ કરે તો ? પાણીની તરસ લાગી છે. ભાવાર્થ સમજવામાં દ્રવ્યાદિક વક્તા, શ્રોતા, ક્ષેત્ર-કાળ ચારે સમજાય ત્યારે જ સમજાય. રાજગૃહીથી મતલબ નથી. જે વાક્યોના અર્થો તે વક્તા, શ્રોતા, ક્ષેત્રને, કાળને ઉદ્દેશીને થઈ શકે તેથી ભગવતી સૂત્ર કોણે કોની આગળ ક્યા ક્ષેત્રમાં ક્યા કાળે કહ્યું ? છોકરીને બાપુ આમ કર. તેનો અર્થ ક્યો લેવો ? તે જણાવવા માટે પહેલો કાળ અવસર્પિણીનો ચોથા આરાનો છેલ્લો ભાગ ભગવાન સયોગી કેવળી દશામાં છે તે સમય.

**ખરા સંસ્કાર માતા નાખે**

તે સમયે રાજગૃહી નામની નગરીની બહાર ગુણશીલવન છે, ત્યાં શ્રેણીકરાજા છે. રાજાની સુંદરતા તે રાજસભાની સુંદરતા, રાજ્યની સુંદરતા રાજકુટુંબની સુંદરતા ઉપર, ભવિષ્યકાળની સુંદરતા રાજકુટુંબને આભારી છે. સામાન્ય બાપનું અનુકરણ દીકાર,માનું છોકરીઓ કરે તેમ કહેવાય. ઉંડા ઉતરીએ તો ખરા સંસ્કાર માતા જ નાખે, પીર્તા તો ભરે ભાણે આરતી ઉતારે. જમાડવાનો વખત થાય ત્યારે કામ હોય તો કહેજો તેમ કહે, તેનો અર્થ શો ? નથી તૈયારી કરી.

લોકોને જમવા આવવાનો વખત થયો ત્યારે કામ હોય તો કહેજો. **पात्रे समित**: પિતા ભરે ભાણે આરતીવાળો, મા કુખમાં નવ મહીના રાખે. જમનું દ્વાર દેખી લીલા સુકા ઓસડીયા આપી પાળે. બાપ આંગળીયે લઈ જવા લાયક થાય ત્યારે બાપ લે. ત્યાં સુધી જે મગજના સંસ્કાર પાડવાના તે પડી જાય. ભીંત ઉભી કરનાર માત-પિતા ચિત્રામણ કરે. તેથી ગોલણ, ઘાંચણના જન્મેલા હોય તો ભલે રાજકુળમાં ઉછર્યા હોય તો તેનું રૂપ જુદુ હોય. તેમ શ્રેણીક મહારાજને અંગે આવા બહાદુર હિમંતવાળા તેજસ્વી છે, તેમને રાજકારભારમાં રાણી તરીકે ચેલણા છે. વિશાળ નગરના માલિક ચેડા મહારાજા તેની દીકરી ચેલણા છે. વિશાળ નગરીના માલિક ચેડા મહારાજા તેની દીકરી ચેલણા તે જેની રાણી છે. આવા વખતમાં ધર્મ પરાયણ રાણી, કાળ-ક્ષેત્ર છે તે વખતે ભગવતી સૂત્રની રચના થઈ.

**અસલની નકલ લખનાર પ્રમાણિક હોવા જોઈએ.**

જે દસ્તાવેજો હોય તેની નકલ કરનારા પૂરા પ્રમાણિક જોઈએ. જેવી અસલ હોય તેવી લખનારા, નકલ કરનારા હોવા જોઈએ. નકલ કરનારા બેઈમાન હોય તો ન્યાય ચૂંથાઈ જાય. નકલ કરનાર બેઈમાન વચમાં હોય તો શું થાય? ન્યાયની શી દશા થાય? અહીં વક્તા-શ્રોતા-ક્ષેત્ર અને કાળ ચારે તપાસવા સાથે આ કોણ સંભળાવે છે? અનુવાદ કરનાર કોણ? આ ભગવતીજી સૂત્ર મહાવીર મહારાજે ગૌતમસ્વામીને કહ્યું, પણ તે આપણને કોણ કહે છે? મેં ગૌતમને આમ કહ્યું હતું. મને મહાવીર મહારાજે આમ કહ્યું હતું; તેમ કહેતા નથી. આ બધું કહે છે કોણ? બનેલા બનાવ કોર્ટના અધિકારીની નજર નીચે હોય તો પણ પૂરાવા રજુ ન થાય તો ગુનેગારને છોડી દેવા પડે. અધિકારીની નજરે ગુનો બન્યો હોય તો, પૂરાવા ન હોય તો છોડી દેવા પડે. માની લીધું કે રાજગૃહીમાં ગૌતમસ્વામીને મહાવીર ભગવાને કહ્યું હતું. પણ અત્યારે

મહાવીરસ્વામી ગૌતમસ્વામીને કહેતા નથી. પૂરાવો શો? આપણને કોણ કહે છે? અભયદેવસૂરિજી ખુલ્લું કહે છે કે સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે. આ પૂરાવો. હે જંબુ ! મહાવીરમહારાજે ગૌતમસ્વામીને આમ કહ્યું હતું. એ હકીકત સુધર્માસ્વામી જંબુસ્વામી આગળ રજુ કરે છે. એ જ ઉપરથી જંબુસ્વામીએ પ્રભવ આગળ પ્રભવે શય્યંભવ યાવત્ દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણે પુસ્તકારૂઢ કર્યું. સુધર્માસ્વામીએ જંબુસ્વામી આગળ આ વાત રજુ કરી કે ગૌતમસ્વામીને મહાવીર ભગવાને આ ઉત્તર આપ્યા હતા. યાવત્ સ્કંદિલાચાર્ય યાવત્ દેવર્દ્ધિગણી સુધી સંભળાવ્યું, પછી પુસ્તકારૂઢ થયાં. અર્થાત્ આપણે આધાર દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ ઉપર. તેમને પ્રમાણીક માનીએ તો જ આ પ્રામાણિક મનાય. આખું ભગવતીજી ભગવાનના વચનરૂપ છતાં તેમાં મહાવીરસ્વામી, ગૌતમસ્વામી નો શબ્દ નથી પણ આ બધા શબ્દો સુધર્માસ્વામીના છે. જ્યારે આ કહ્યું ત્યારે શંકા કરી કે આવું ભગવતીજી તેના મૂળ ૧૭ હજાર શ્લોક પ્રમાણ. પરંતુ એ ૧૭ હજાર શ્લોકમાં સુધર્મા કે જંબુ એવો શબ્દ નથી.

દસ્તાવેજમાં લખનારની સહી તો જોઈએ, નકલ કરનારની સહી નીચે હોય. સુધર્માસ્વામીનું નામ નથી. જંબુસ્વામી એવું નામ આવા ભગવતીજીમાં નથી, તો શી રીતે માનવું? મરી જાય પછી અન્યમતમાં શ્રાદ્ધ કરે, ન મળે કરનારને, ન મળે મરનારને. મરનાર માટે કર્યું છે. એટલે કરનારે રાજીનામું આપ્યું. હવે મરનારને મળી શકે નહીં. દૂર ગયેલા માત્ર ધારીને ફેંકેલું ભોજન, ન ફેંકનારનું કે, ન ધારનારનું. તેમ તમે એ દશા કરી. ભગવતીજી સુધર્માસ્વામીના વચનને આધારે માનવાનું એટલે ગૌતમસ્વામી-મહાવીરમહારાજ નથી બોલ્યા એમ્ કરી મહાવીરસ્વામી ગૌતમસ્વામીજી ખસેડ્યા. સુધર્મા-જંબુ બોલ્યા તેનો પૂરાવો નથી. ન રહ્યું મહાવીરસ્વામી ગૌતમસ્વામીજીનું, ન રહ્યું સુધર્માસ્વામી જંબુસ્વામીનું, હું ભગવતીજી કહું છું. તેમ ભગવાન

કહેતા નથી. પ્રશ્નોત્તરો રજુ કરે છે કોણ ? કોર્ટમાં વાદી તરફથી દસ્તાવેજ રજુ થાય તો અર્થ જુદો, પ્રતિવાદી રજુ કરે તો જુદો અર્થ, બારોબાર રજુ થાય તો જુદો અર્થ. આ રજુઆત મહાવીરસ્વામી ગૌતમસ્વામી ની નથી. કબૂલ કર્યું. હવે સુધર્માસ્વામી ની છે. જંબુ આગળ રજુઆત કરી છે તેનો પૂરાવો જોઈએ. તેનો પૂરાવો તો નથી તે શંકા રજુ કરી.

તે કાળે તે સમયે રાજગૃહી નગરી હતી, ગુણશીલવન હતું, શ્રેણીક રાજા હતો, ચેલણા રાણી હતી, તેમ બોલનારો કોઈક હતો તે સુધર્માસ્વામી બોલનારા હતા. મહાવીર ભગવાન બોલતા હતે તો 'છે' એમ કહે. તે ભગવાન 'હતા' એમ ન કહેતે. તે કાળે તે સમયે રાજગૃહી નગરી હતી. તેમ સુધર્માસ્વામી કહેનાર છે, નહીંતર તે કાળ તે સમય ન કહેવાતે. તે કહેવાય ક્યારે ? પ્રત્યક્ષ હોય ત્યાં પરોક્ષનો પ્રયોગ વપરાય નહીં. રાજગૃહી નિરૂપણ વખતે વિદ્યમાન હતી. તેથી તે કાળ તે સમય તે પદો જ કહી આપે છે કે આ વચન ગૌતમસ્વામી મહાવીરસ્વામીનું નહીં, નહીંતર તે કાળ તે સમય પ્રયોગ થાય નહીં. વર્તમાન સમય કરે. તેણં એ શબ્દો કહી આપે છે કે નથી મહાવીરસ્વામીનું કે નથી ગૌતમસ્વામીનું વચન.

હોત્થા નગરી હતી એ કોણ બોલે છે ? રાજગૃહીનો પલ્ટો આવી ગયો હોય ત્યારે જ 'હતી' એમ બોલાય. અત્યારે મુંબઈ મોટું શહેર હતું એમ ન બોલાય. પાટણ રાજધાની હતી તેમ કહેવાય. લંડન રાજધાની હતી તેમ ન કહેવાય. હતી શબ્દ પલ્ટો જણાવે છે. રાજગૃહીની જાહોજલાલી વખત બોલવાનું થયું નથી પણ પલ્ટા વખતે બોલાયું છે. આ ભગવતીજી નથી મહાવીર કે ગૌતમનું સાક્ષાત વચન, પરંતુ સુધર્માસ્વામીનું જંબુસ્વામીને કહેલું વચન. તે શાથી માનવું ? રાજા રાણીને સંબંધ ગ્રંથ-ધન જણાવનારો છે. આખા વાક્યમાં સુધર્માસ્વામી જંબુસ્વામી એવો શબ્દ નથી તો શી રીતે માનવું કે સુધર્માસ્વામીએ

જંબુસ્વામીને કહ્યું ? બનાવનો, નિરપણનો કાળ જુદો છે. તેણં થી તે નક્કી થાય. નહીંતર એ પ્રયોગ જ ન થતે. એવી રીતે ક્ષેત્રની સ્થિતિ જુદી હતી.

**અત્યારની શિષ્ય પરંપરા કોની ?**

નિરૂપમ વખતે ક્ષેત્રની સ્થિતિ જુદી છે. તેથી હતી તેમ કહેવું પડ્યું. અથવા ક્ષેત્રકાળ પલ્ટેલા છે. પરંતુ પલટો કઈ વખતનો લેવો ? અત્યારે ૨૫૦૦ વર્ષ લગભગ થવા આવ્યા. પરોક્ષ ચાહે ૧ દિવસનું, ૧ વરસનું કે ૧૦૦ વર્ષનું હોય તે સરખું છે. પરોક્ષ સુધર્માસ્વામીનું લેવું તેનો પૂરાવો શો ? કલ્પસૂત્ર દરેક વર્ષે સાંભળે છે. કેંઈ વર્ષો તને સાંભળતા થયા તેમાં આ વાત આવે છે ને ? શિષ્ય પરંપરા સુધર્માસ્વામીની ચાલી તે વાત કલ્પસૂત્રમાં આવે છે. આ વાત તું કહેકે આપણી પરંપરામાં આવેલી વાંચના તેનુ મૂળ કોણ હોય ? ભગવાન સુધર્માસ્વામી ગણધરની વાંચના આખા શાસનમાં ચાલેલી છે. વર્તમાન શાસનમાં સુધર્મા૰ સિવાયની વાંચના જ કોઈની નથી. બીજા ગણધરો દ્વાદશાંગધર સંપૂર્ણ શ્રુતજ્ઞાની સેંકડો શિષ્યોના પરિવારવાળા હતા, તો તેમની વાંચના કેમ નહીં ? હજુ સરકારી કાયદો છે. દત્તક બધા છોકરાને અપાય, મોટા છોકરાને ન અપાય. મોટાથી ચાર નાના હોય તો ચારને ખોળે અપાય. ખોળે આપ્યા પછી નામ શું લખાવે ? મૂળ પિતાનું નામ રાખી શકાતું નથી. હક્ક પણ રહેતો નથી. ખોળે જાય તેને મૂળ ઘર સાથે લેવા-દેવા રહેતી નથી. પરંતુ બાપ દે તો ખોળે દેવાય. છોકરો સ્વતંત્ર જવા માગે તો ન જઈ શકે. ખોળે આવ્યા પછી મૂળ ઘરની ઘાલમેલમાં મિલ્તકમાં તેનો હક્ક રહેતો નથી. તેમ જે વખતે ગણધરોએ કાળ કર્યો ત્યારે આખો પરિવાર સુધર્માસ્વામીને સોંપી દીધો. એટલે નામ કોનું ચાલે ? નિર્વાણ કાળ વખતે દરેક ગણધરોએ સુધર્માસ્વામીને પરીવાર સોંપી દીધો, તે સુધર્માસ્વામીનો પરીવાર ગણાય. તેમાં ચાલેલી વાંચેલી

સુધર્માસ્વામીની વાંચના ગણાય. આખા શાસનમાં વાંચના સુધર્માસ્વામીની પ્રવર્તે છે.

**ભાંજગડીયા ક્યાં લાવવા પડે ?**

ડાહ્યાના ઘરમાં કરોડોની મિલ્કત વહેંચાય તેમાં ભાંજગડ ન થાય. તેમાં ભાંજગડીયા ન લાવવા પડે. દાધારંગા બરણીની તકરારમાં ૩૦ લાખ ખરચે. પનાલાલબાબુની કરોડોની મિલ્કત કોણે શું વહેંચ્યું તેની કોઈને ખબર પડી નથી. પાડોશીને પણ માલમ ન પડે. શાણાને વચમાં ભાંજગડીયા ન હોય. કાળી દાનતવાળાને ભાંજગડીયો હોય. એકાંતમાં, સમાધાનમાં વાંધા ન મેલાય. સીધી દાનત હોવાથી અભયદેવસૂરિન વાદી પૂછે છે કે સુધર્માસ્વામીથી વાંચના ચાલી તેમાં પુરાવો ? કાળજા કાળા હોય તેને ત્રીજાને લાવો કહેવું પડે. આપ કહો છો સુધર્માસ્વામીજીથી વાંચના ચાલી તેમાં પુરાવો? ત્યારે અભયદેવસૂરિજી કહે છે કે હું પુરાવો આપું છું. આવશ્યક નિર્યુક્તિમાં આ વાત જણાવે છે.

**મા ને છોડી માસીને વળગવા કેમ ગયા ?**

કલ્પસૂત્રમાં આ વાત જણાવી તે ન લેતા નિર્યુક્તિની વાત કેમ કહે છે ? કલ્પસૂત્રની સાક્ષી ન આપતાં આવશ્યક નિર્યુક્તિની સાક્ષી કેમ આપી ? માને મેલી માસીને ધાવવા ગયા. અભયદેવસૂરિજી નિર્યુક્તિની સાક્ષી આપે છે તેનું કારણ કે સૂત્રએ માત્ર દેખી ન ચાલે. સૂત્રમાં અર્થનું શું નિરૂપણ છે તે દેખી ચાલો. જે મનુષ્ય સૂત્ર સૂત્ર પોકારે છે. સૂત્રના અર્થમાં જતો નથી. વ્યાખ્યાન નથી થયું તેવા સૂત્રને લઈને ચાલે તે બધી ક્રિયા અજ્ઞાનકષ્ટમાં ઘસડી જાય. અર્થને આધારે જ સૂત્રની વ્યાખ્યા કરવાની. 'સૂત્ર કરતાં ભાવાર્થની વાંચના આપનારો મોટો ગણાય.' આજ વાત ધ્યાનમાં રહેશે. ઠાણાંગસૂત્રમાં દસ પ્રકારની સમાચારી જણાવી. તે વખતે આની ગાથા જણાવી. નંદીસૂત્રમાં પણ નિર્યુક્તિની

ગાથા મૂકી. નિર્યુક્તિની ગાથા સૂત્રમાં મૂકી છે. તેનો શો પુરાવો ? તે ગાથા બંને જગાએ હોય. નિર્યુક્તિની જ છે તેની શી ખાત્રી? ઠાણાંગમાંથી નિર્યુક્તિમાં ગઈ છે. દોઢ ગાથા છે. બે ગાથામાંથી છ પદ છે, બે પદ નથી. જે ત્યાંનો સંબંધ છે તે મૂળ સૂત્રકારો કહ્યો છે. નિર્યુક્તિની ગાથા. નિર્યુક્તિનું કેટલું પ્રબળપણું સૂત્રકારે માન્યું છે. આજકાલ મૂળસૂત્ર બતાવો કહે છે પણ ' નિર્યુક્તિ સૂત્ર કરતાં ઓછી નહીં, પણ વધારે પ્રમાણિક છે.' તેથી કલ્પસૂત્રનો પ્રસિદ્ધ પાઠ છતાં નિર્યુક્તિનો પાઠ આપ્યો.

''तित्थं च सुहम्माओ, निरवच्चा गणहरा सेसा''

તે આર્ય સુધર્માસ્વામીથી બાકીના ગણધરોએ પોતપોતાના શિષ્યો સુધર્માસ્વામીને સોંપ્યા. તેથી સુધર્માસ્વામીએ જંબુસ્વામીને કહ્યું હોત્થા કહેવાયું. તેથી સુધર્માસ્વામીજીનું જંબુસ્વામી પ્રત્યે કથન પણ મહાવીરનું વચન નહીં. હવે વાંધો શો? સુધર્માસ્વામી એકલા જંબુસ્વામીને કેમ કહ્યું? સુધર્માસ્વામીને પોતાના (૫૦૦) ને બીજા ગણધરોના હજારો શિષ્યો હતા. તેમને કેમ કહ્યું નહીં? જંબુસ્વામીને કહ્યું તેનો પુરાવો. તે માટે અભયદેવસૂરિજી જે શાસ્ત્રને આધારે બોલવાનું થાય તેમાં અકળાવાનું ન હોય. હવે તેવા પ્રશ્નનો જવાબ અકળાયા વગર કેવી રીતે આપે છે. જંબુસ્વામીના મુખના વચન કે સુધર્માસ્વામીએ એમને વાચના આપી છે તે વચનો કઈ જગો પર છે તે અગ્રે.

# દેશના ૫૪
# મૂળ દસ્તાવેજની ગેરહાજરીમાં પડોશીના દસ્તાવેજથી માલિકી નિર્ણય થાય

यथा किल सुधर्मस्वामिनं प्रति जम्बूनामा प्राह-जइणं भंते । पंचमस्य अंगस्स विवाहपन्नत्तीए समणेणं भगवया महावीरेणं अयमट्ठे पन्नते, छट्ठस्स णं भंते ! के अट्ठे पन्नत्ते? त्ति तत एवमिहापि सुधर्मेव जम्बूनामानं प्रत्युपोद्घातमवश्यमभिहितवानित्यवसीयते इति ।

ટીકાકાર ભગવાન શ્રી ભગવતી સૂત્રની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા કે તે કાળે તેસમયે રાજગૃહી નગરી હતી. નગર બહાર ઈશાનકોણમાં ગુણશીલ નામનું ચૈત્ય હતું. ત્યાં શ્રેણીક રાજા અને ચેલણા નામે રાણી હતી. આટલી વાત મૂળ સૂત્રમાં જણાવી ત્યારે શિષ્યે શંકા કરી કે આ બોલે છે કોણ? 'હું મુંગો છું.'' એમ કહેનારનું એ વાક્ય જ જુઠું છે. એમાં સાક્ષી પુરાવાની જરૂર નથી. કારણ મુંગો હોય તે બોલ્યો ક્યાંથી? પોતાને મોઢે જ પોતે જુઠો પડે છે. તેમ ભગવતી સૂત્ર રાજગૃહીમાં મહાવીર મહારાજે ગૌતમસ્વામીને ઉદ્દેશીને કહ્યું.તે કાળે રાજગૃહી નગરી '**હતી**' એમ કેમ કહ્યું? પોતે કહેનારા '**હતી**' કહેતા નથી. કહેનાર કહેતો '**હતી**' કહી શકે જ નહીં. તેમ ભગવાન મહાવીર મહારાજા ભગવતીનું નિરૂપણ કરે છે. ગૌતમસ્વામીજીને ભગવતીજીનું સ્વરૂપ સમજાવે છે, તે વખતે રાજગૃહી છે એમ કહેવું જોઈએ. હતી કહેવાયું તો ચોકખું થયું કે આ વચન મહાવીર મહારાજનું નથી. '**હતી**' બોલાયું તેથી વચન બીજાનું છે. શ્રેણિક ચેલણા રાજગૃહી હતી તેમ ન

બોલાય. વર્તમાન કાળ તરીકે ભગવાને બોલવું જોઈએ. તમારે તો પ્રથમ ક્વલે જ માખ, તો જેમ પહેલે કોળીએ માખ આવે તે ખોરાક પેટમાં ટકે જ નહીં. તમે શરૂઆતમાં ઉપોદ્‌ઘાત કર્યો પણ શરૂઆતમાં જ ઠેકાણું નથી. '**હતી**' એ બધી વાત શી રીતે કહેવાઈ.

**મૂળ કથનનું અનુકથન.**

ભંતે અને ગોયમા એ બે પદો સાચા રાખો તો આ વાક્ય ખોટું. આ સાચું રાખો તો ભંતે ગોયમાએ ખોટા કહેવા પડશે. બંને સાચા શી રીતે ? અક્કલ પહોંચાડે તેને ચોથો અને ત્રીજા બંને ભાગમાં ફરક નથી. તેમ અક્કલ પહોંચાડે તેને માલમ પડે કે રાજગૃહી, ચેલણા શ્રેણીક 'હતા' તે કહ્યું અને હે ગોયમા હે ભંતે આ કહ્યું, તે બે વચ્ચે વિરોધ નથી. આ કેવી રીતે સમજવું ? કથન અને અનુકથન આ બેમાં આજે અવતરણગ્રંથ અનુકથનનો, ભગવતીસૂત્ર કથનનું આ વચન સુધર્માસ્વામીનું तेणं कालेणं એ વિગેરે વચન જંબુને ઉદ્દેશીને કહ્યું છે, તેથી રાજગૃહી આદિ હતા તેમ કહી શકયા. અંદરના સૂત્રના વચનો ગૌતમને ભગવાને કહ્યા તે મૂળ કથનનું અનુકથન છે. આપણે પૂછ્યું. પછી આખું વૃત્તાંત બનેલું હતું તે કહ્યું. ચેલણા હતી તે વખતે ભગવાને આવી રીતે ગૌતમને કહ્યું હતું. શ્રેણીક હતા, રાજગૃહી હતી એમ અનુવાદ કરી કહે છે ત્યારે પરોક્ષકાળ કહેવો પડે. આ વાક્ય સુધર્માસ્વામી બોલ્યા છે તે નક્કી કરો. જંબુ ને કહ્યું છે તે નક્કી કરો. આખા ભગવતીજીમાં જે વાત ન આવે તે વાત તમે કહો છો તે જીજી કરી કબુલ કરી લેવી ? વાત ખરી, મહાનુભાવ ! ઘરનો દસ્તાવેજ ન મળે પરંતુ પાડોશીના દસ્તાવેજે ઘરનો માલિક નક્કી થાય.

પૂર્વ દિશાએ ફલાણાનું ઘર, ઉત્તર દિશાએ ફલાણાનું ઘર. હવે ચાહે જેવું મોટું વિશાળ ઘર તેનો દસ્તાવેજ મળતો નથી. ઘર મોટું વિશાળ, કીંમતી તેનો દસ્તાવેજ નથી. છતાં પાડોશીના દસ્તાવેજમાં

નીકળે કે પશ્ચિમ પૂર્વમાં ફલાણાનું ઘર તો ઘરની માલિકી નક્કી થાય છે. તેમ ભગવતીજીમાં સુધર્માસ્વામી બોલ્યા, જંબુને કહ્યું તેમ નથી કહ્યું, પરંતુ પાડોશીના દસ્તાવેજથી ઘરની માલિકી નક્કી થાય છે. તે માટે અહીં ક્યા સાધનો ? સુધર્માસ્વામીજીની જ વાચના. આવશ્યકનિર્યુક્તિ, કલ્પસૂત્રની સાક્ષી આપી કે વર્તમાનના બધા સાધુઓ સુધર્માસ્વામીની પરંપરાવાળા. ભગવતીને શાસનમાં પ્રવર્તાવનાર હોય તો સુધર્માસ્વામી. તીર્થ પરંપરા વર્તમાનનાં બધા સાધુઓ સુધર્માની પરંપરાવાળા છે.

**ન નાચવું હોય ત્યારે આંગણું વાંકું.**

આસ્તિકથી હવે મતભેદ થાય જ નહીં. એમનું લખેલું હોય તો લાવો, બાકી કંઈ ગોટાળા કરનારા છે. ન નાચવું હોય તેને આંગણું વાકું. બોલો મહાવીર ગૌતમના અક્ષર, સહી છે ? પછી આ મહાવીર મહારાજે ગૌતમને કહ્યું તે કેમ માનવું ?

**તિથિ મંતવ્ય વિચારણા**

જેના પુરાવા વિરોધીઓના ત્યાંથી મળે છે. શાસન હંમેશાં બે પૂનમ, અમાવાસ્યા હોય તો ? જૈન ગણિતના હિસાબે તિથિની વૃદ્ધિ ન હોય. ચંદ્રની ગતિ તમે જાણો છો. બે સાતમ, બે તેરસ ગણી હોય તો પહેલે દહાડે ચંદ્ર હોય ત્યાં બીજે દહાડે ચંદ્ર ઉગ્યો ? કોઈ દિવસ માટે ચંદ્રે બે દિવસ રહ્યો તેવું દેખ્યું ? જૈન જ્યોતિષ અગર સત્ય ખાતર તિથિઓ વધતી નથી. લૌકિકોએ તિથિ વધારી. તેમાં તું ધાર, બમણા કર આટલા ઉમેર. હવે આ એકબીજાને ભોળવવાનો પ્રપંચ. મારી સંખ્યા કહી દીધી. પોતાએ ઉમેરાવેલાનો અર્ધો ભાગ હતો. બાર મહીને બાર તિથિ ઘટાડવી, છ તિથિ વધારવી, સરવાળે છ તિથિ ઘટવાની જ રહી. જૈનના હિસાબે છ તિથિ ઘટવાની જ. બે આઠમ હોય તો બે દિવસ ચંદ્ર એક જગોએ રહેવો જોઈએ પણ આપણે જ્યોતિષ કે લૌકિક પંચાંગને

આધારે વર્તન શરૂ કર્યું, તેમાં બેતિથિઓ આવવા મંડી ત્યારે બીજી તિથિને જ પર્વ તિથિ કહેવી. પહેલીને પર્વ તિથિ જ ન કહેવી.

મહારાજ ! દસ તિથિ આઠમ, ચૌદશતિથિની બાધા આપો, બે માને તો ૧૧ માનવીને ? ઉપવાસ ન કરવો, તો બાધા ક્યાં રહેવાની ? કહેવું અને પાળવું નહીં. જેઓ પર્વતિથિનો ક્ષય માને તેને કહેવું નહીને પાળવું છે. મારો વારસ નથી ને ભાગ આપવો પડશે. આઠમ નહીં ને ક્રિયા ખરી, મારો છોકરો છે પછી ભાગ નહી તે કેમ બને ? આઠમ કહેવી ને ક્રિયા ન કરવી તે કેમ ચાલે ? પુનમ સરખી તિથિ બેવડી આવે તો પ્રવચન સરોદ્ધારમાં જોડીયાપર્વમાં છઠ્ઠ, ચઉદશ, અમાસ કે પુનમનો છઠ્ઠ કરવાનો નિયમ ખસી જાય. માટે શાસ્ત્રકારોએ જ્યારે લૌકિક પંચાગમાં બે પૂનમ, બે તેરસ કરવાનું કહ્યું. લૌકિક પંચાગમાં બે આઠમ લખી હોય તે પૂર્વાચાર્યના વચનથી સંસ્કાર આપી બે સાતમ કરવાનું કહ્યું. પૂજ્યદેવસૂરીશ્વરજી ના પટ્ટકમાં બે પુનમ હોય ત્યારે બે તેરશ કરવી. બે તેરશ ન કરે તો ગુરુલોપીને ઠગ થાય. આટલા શબ્દો કહ્યા છે. નવીનોને બીજો રસ્તો ન રહ્યો ત્યારે 'ગોરજીએ પાના લખી ઘાલ્યા છે.' તેમ કહે છે ૧૬૨૫માં લખેલો પુરાવો આપું છું.

ખરતરગચ્છવાળાએ તપગચ્છવાળાને પૂછયું ! જ્યારે તિથિ બેવડી હોય ત્યારે પહેલી તિથિ નકામી ગણો છો. ૧૪-૧૪ બે ચઉદશ હોય તો પહેલી નકામી ગણી તેરશ ગણો છો, તો પહેલી તિથિને પખ્ખી કેમ ગણો છો. વધેલી તિથિએ પખ્ખી શી રીતે કરો છો ? હવે વિચારો ! વધેલી તિથિએ પખ્ખી ક્યારે આવે ? બે તેરશો કરીએ તો જ વધેલી તિથિ પુનમને દહાડે પખ્ખી કરો છો. આ શું ? આમ ખરતરગચ્છવાળાએ તપગચ્છવાળાને કહ્યું. બેતેરશો ન થતી હતે તો પહેલી પુનમને દહાડે પખ્ખીનો પ્રસંગ ક્યાં હતો ?

એ ગ્રંથ ખરતરગચ્છવાળાએ છપાવ્યો છે તપગચ્છવાળાએ નથી

છપાવ્યો. વધેલી તિથિમાં પખ્ખી કરો છો એ શું ? બે તેરશ થયા વગર વધેલી તિથિમાં પખ્ખીનો પ્રસંગ નહીં આવે. દેવસૂરિએ પટ્ટક કર્યો છે એ પ્રમાણે અત્યાર સુધી પ્રવર્તિ રહ્યું છે. દેવસૂરિજીએ હાથે પટ્ટક લખેલા હોય તો લાવો, તો મહાવીર ભગવાનના સહીવાળા અક્ષરો લાવો એમ કહેનારા નીકળે છે. આજકાલ તો સહી કરેલામાં કુચડો મારનાર છે. ૧૫ દિવસ સુધી પંચાવન પ્રશ્નો પુછાયા છે. સહી સાથેના છે. ખાનગીમાં મળે ત્યારે પ્રશ્નો થયા જ નથી, ઉત્તર ગોટાળીયા છે. આવા ખોટાને ઉત્થાપકોને બોલવાનો વાંધો નથી. મહીના સુધી પરસ્પર વાટાઘાટ કરવાનું નક્કી થયું. એટલે તેમના પ્રશ્નોના ઉત્તર દેવાના આપણે શરૂ કર્યા. ૧૫ દિવસ બાદ અમે કહ્યું કે અમારા પ્રશ્નો, મહીનો વાટાઘાટ કરો, હજુ પાંચ દિવસ વધારે પૂછો, હજુ પણ એ કહીએ છીએ કે પાંચ દિવસ વધારે પૂછો. લેખિત ના આપી. તમારે પ્રશ્નો પૂછવાના નહીં, લખેલી ના તેમને વંચાવી. જીવાભાઈ ત્યાં ગયા, પછી અહીં આવ્યા, બે વાગે મળીશું. તે વખતે જીવાભાઈએ કહ્યું કે કસ્તુરભાઈ આવે તો કેમ ? એકાંતની વાત છે. માટે એમને પૂછો. તેમને વાંધો નથી, એ આવવાનું કહે છે ? હા એ આવવા કહે છે, ખુશીથી આવે તેમ આપણે કહ્યું. મારા પ્રશ્નો શરૂ થવા જોઈએ. જીવાભાઈએ કહ્યું એમાં ના કહેવાય ? બધા વચ્ચે ના કહેવાની મુશ્કેલી પડી. આ તો પાયો રોપાયો. મારા પ્રશ્નો પુરા થાય ત્યારે બે કે ચાર દહાડામાં પુરા કરશો ? જ્યારે પુરા થાય ત્યારે. કસ્તુરભાઈએ કહ્યું હૃદય મેલાં છે તો શી રીતે ખુલાસો થાય ? તે વખતે કહ્યું કે હજુ બે ચાર દહાડા પ્રશ્નો કરવા હોય તો તે પૂછો, પછી અમારા પ્રશ્નો શરૂ થાય. મહીનો વાટાઘાટ કરવાની હતી. જે મનુષ્યને આડું બોલવું છે તેવાઓ દેવસૂરીજીના અક્ષરો, સહી ક્યાં છે? એ તો ગોરજીએ ખોસી ઘાલ્યું છે. તો આમાં મહાવીરભગવાનની સહી ક્યાં છે, ગૌતમસ્વામીની સહી ક્યાં છે. તો આ ખોટા ?

**જંબુસ્વામી સૂત્રસિદ્ધ પટ્ટધર છે.**

મૂળ વાતમાં આવીએ. કલ્પસૂત્ર, આવશ્યકનિર્યુક્તિમાં પરંપરા શાસન શિષ્યસંતાનો સુધર્માસ્વામીના તેમ કહેલ છે. આડું બોલનારને જીભમાં હાડકું નથી કે તાળવામાં ગોદો વાગે. આડું બોલવાવાળાને જેમ જીભ ચાલે તેમ હાંકે રાખે. ઉત્તરમાં તત્વ નથી તેમ કહે. કાબુ રાખનાર કોણ? ૧૫ દિવસ પ્રશ્નોત્તર કર્યા તેમાં કાબુ રાખનાર કોણ હતું?

બીજા ગણધરો પરંપરારહિત થયા, તેથી સુધર્માસ્વામી બોલ્યા તે કબૂલ પણ પોતાના બધા શિષ્યોને ગણધરોએ કાળ કરતી વખતે સુધર્માસ્વામી ને સોંપ્યા તે જુદા. તે બધામાં જંબુસ્વામીને કહ્યું, તે શા આધારે કહો છો? ભગવતીનો અનુવાદ સુધર્માસ્વામીએ કહ્યો તે કબૂલ. પણ જંબુસ્વામી આગળ કહ્યું તે શી રીતે માનવું? દૂધમાંથી પોરા કાઢવા છે. તે સુધર્માસ્વામી થી પરંપરા કબૂલ કરી. સુધર્માસ્વામીની પાટે પરંપરામાં કોણ આવ્યું? જંબુસ્વામી જ પટ્ટધર પ્રધાનશિષ્ય છે. આજકાલની પટ્ટધરની ચર્ચામાં કાળા કાગળીયા થઈ ગયા. જંબુસ્વામીજીમાં કાગળીયા કાળા કરી પટ્ટધર થયા નથી, પણ સૂત્રસિધ્ધ પટ્ટધર છે. સુધર્માસ્વામીએ ભગવતીસૂત્ર કહ્યું તે ચોકખો પુરાવો લાવો. અનુવાદ કરનાર સુધર્માસ્વામી છે તે વાત કબૂલ. એક જ આચાર્યથી શાસન ચાલી શકે તેમ હોય તો શાસનની શોભા છે. રક્ષણ માટે વધારે જુદા જુદા આચાર્યો કરવા પડે તો ઓછી શોભા છે.

આર્ય સુહસ્તિસ્વામીની વખત ૧૨ આચાર્યો થયા. બોલે છે તેના સમાધાન માટે વાત ચાલે છે. ૧૧ ગણધરમાં ૯ ગણ જુદા જુદા સાંભળીએ છીએ. તમારી અપેક્ષાએ ૧ ગણ કહેવો જોઈએ, ૯ ગણ કેમ કહ્યા? સંખ્યાથી મોહમાં નથી જવાનું. પણ મોહ દેખીએ ત્યાં મોહ થયો છે તેમ કહેવું શું ખોટું? પટ્ટધરની ચર્ચામાં હું મોટો ને બીજા કહે હું મોટો. શાસ્ત્ર શું કરવા બગાડીએ? અનેક આચાર્યો થવાથી શાસન

નથી બગડતું પણ બગડેલા આચાર્યોથી શાસન બગડે છે. ભગવતીસૂત્ર સુધર્માસ્વામી પાસે જંબુસ્વામીએ સાંભળ્યું તેનો શો પુરાવો ?'

જીતવિજયજીના શિષ્ય નયવિજયજી તેના શિષ્ય યશોવિજય ઉપાધ્યાયજી, જીતવિજયજી પાસેથી સાધુ ઉપાધ્યાય યશોવિજયજીને મળ્યા હોય તો વચમાં એવા પાટવાળા હોય કે તેટલી ધારવાની યાદશક્તિવાળા ન હોય. તેમ સુધર્માસ્વામીએ પ્રભવસ્વામીને જણાવ્યું હોય ને જંબુસ્વામીને જણાવ્યું હોય તેનો પુરાવો શો ? પાટપરંપરા સુધર્માસ્વામીએ અનુવાદ કર્યો તે કબૂલ.

પરંતુ જંબુસ્વામી વચ્ચે પટ્ટ તરીકે બીજા હશે તો ? આર્ય સુધર્માસ્વામીએ જંબુસ્વામીને કહ્યું તેવું વચન કહ્યું તે વચન સાબિત કરો. જે પહેલાં કહ્યું હતું કે પાડોશીના દસ્તાવેજોથી આ ઘર કોનું તે નક્કી થઈ શકે છે. એમ પાંચમાં અંગમાં સુધર્માસ્વામીએ કહ્યું તે વાત નથી. જંબુને કહ્યું તે વાત ભગવતીમાં નથી. પણ ભગવતી પાંચમું અંગ પછી છટ્ઠું અંગ તેમાં શું લખ્યું છે તે ધ્યાનમાં લીધું ? છટ્ઠા અંગમાં લખ્યું છે કે સુધર્માસ્વામી આગળ જંબુસ્વામી પ્રશ્ન કરનારા હતા.

જ્યારે છટ્ઠા અંગથી સાંભળનાર જંબુસ્વામીજી. તુંબડી ખખડાવે ધરપત ન વળે. કાંકરા પૈસા કે રતન પણ ખખડે. પણ છટ્ઠા અંગમાં ક્યું વાક્ય છે, તે સંભળાવ ? ત્યાં જંબુસ્વામીજીએ સુધર્માસ્વામીને કહ્યું કે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિનો આમ અર્થ કહ્યો છે, તો છટ્ઠા અંગનો અર્થ ક્યો છે ? આ વાક્ય છટ્ઠું અંગ જ્ઞાતાજીસૂત્રમાં છે. શું કહ્યું ? પાંચમું અંગ સુધર્માસ્વામીએ જંબુસ્વામીને જણાવ્યુ, સંભાળ્યું ત્યારે છટ્ઠા અંગનો પ્રશ્ન કર્યો કે છટ્ઠા અંગનો અર્થ ક્યો ? એ જ કહી આપે છે કે આ સૂત્ર જંબુસ્વામીને જ કહ્યું છે.

સુધર્માસ્વામી વક્તા, જંબુસ્વામી શ્રોતા એટલે હવે કુદીને પેલો બોલે છે કે ભગવતી ઉપર પાણી ફર્યું. ગૌતમના પ્રશ્નો મહાવીરના ઉત્તરો

ન રહ્યા. જંબુના પ્રશ્નો સુધર્માસ્વામીના ઉત્તરો થયા; માટે 'ગોયમા' આવે ત્યાં હડતાલ મારવી જોઈએ, ચૂપ રહે. ખાનગીમાં આવજે, અહીં પ્રશ્ન ન પૂછવો તે અહીં ન ચાલે. શાસનમાં જે પ્રશ્ન છૂટથી કરે તેને ઉત્તર આપવો જ જોઈએ.

એક વાત ધ્યાનમાં રાખવાની, ચાહે જેવા મોટા સમજુ પણ ઘોડીયામાં હતો ત્યારે મુતરને પાણી પીવામાં, ખોરાકમાં ને વિષ્ટામાં ફરક ન હતો. તીર્થંકર સિવાય બધા એ સ્થિતિમાં, તેથી મોટો થયો ત્યારે ભાન નથી એ કહેવું શોભે ખરૂં? એ અવસ્થા વિશેષમાં હતું. આ અવસ્થામાં નહીં. દેવાળુ કાઢયું પછી વેપાર કરી લક્ષ્મી મેળવી તો તે વખતે તે દિવાળીયો કહેવાય નહી. જે અવસ્થા વખતે જેવો હોય તેવો સમજવો જોઈએ. આ પીઠિકા માત્ર, સુધર્માસ્વામીનું સૂત્ર નહીં, સૂત્ર તો અનુવાદ તરીકે. કોર્ટમાં સનંદ વકીલ રજુ કરે તે પોતાના નામે કેસ ચાલે ત્યારે વકીલ કહે અમે તો આટલું જ લેવાના. પરંતુ અસીલના નામે. પોતાના મોંઢે વકીલ બોલે છે. સનંદ વખતે તે પોતાના નામની લેવી પડે છે. કેસ ચલાવતા હું કહે તે બધું અસીલના નામે તેમ આ માત્ર ઉપોદ્‌ઘાત-પીઠિકા-શરૂઆત, સુધર્માસ્વામી બોલે છે. આખું સૂત્ર બોલશે તે મહાવીરને ગૌતમના મુખત્યારનમાથી. માટે જે જે ભગવાન કે ગૌતમ નામ છે તે વાજબી જ છે. વાત ખરી પણ અભયદેવસૂરિજી તેમાં કાંઈ બોલ્યા છે? પીઠિકા ગ્રંથ કેટલો, શાસ્ત્ર કેટલું તે અધિકાર અગ્રે.

# દેશના ૫૫
# સ્વતંત્ર પ્રરૂપણા કરવાનો હક આચાર્યને નથી.

अयं चोपद्घातग्रन्थो मूलटीकाकृता समस्तं शास्त्रमाश्रित्य व्याख्यातोऽस्माभिः प्रथमोद्देशकमाश्रित्य व्याख्यास्यते प्रतिशतं प्रत्युद्देशकमुपोद्घातस्येह शास्त्रेऽनेकधाऽभिधानादिति, अयं च प्राग् व्याख्यातो नमस्कारादिको ग्रन्थो वृत्तिकृता न व्याख्यातः, कुतोऽपि कारणात् ।

ટીકાકાર ભગવાને 'तेणं कालेणं' ની વ્યાખ્યા જણાવી. તે કાળે તે સમયે રાજગૃહી નગરીના ઈશાન ખૂણામાં ગુણશીલ ચૈત્ય હતું. શ્રેણિક રાજા, ચેલણા રાણી હતી. અહીં શંકા થઈ કે આ કોણ બોલે છે? ભગવાન કે ગૌતમ બોલતા હતે તો રાજગૃહી આદિ હતા તેમ ન બોલે. તેઓ તો શ્રેણિક આદિ છે તેમ બોલતે. કોઈપણ જગોપર ફલાણા ગામમાં વ્યાખ્યાન કરાય છે તે વ્યાખ્યાન કરનારે તે ગામનું નામ લેવાની જરૂર ન પડે. બાળ-બચ્ચા બધાને ગામનું નામ પ્રસિદ્ધ હોય. મહાવીર અને ગૌતમ સૂત્ર કહેનાર હોવાથી રાજગૃહી, શ્રેણીક, ચેલણા કહેવાની જરૂર નથી. તે વાત ત્યાં બધાને પ્રસિદ્ધ હોય. તો આ વાક્ય કોનું? આપણે અભયદેવસૂરિજીએ કહ્યું તેમ કહીએ છીએ. આ વાક્ય સુધર્માસ્વામીનું વાક્ય.

કોઈપણ મનુષ્ય અક્કલવાળો હોય તો શ્રોતાનું ધ્યાન રાખ્યા વગર બોલે જ નહીં. સામો સાંભળનાર કેવો લાયક છે, કેવા પદાર્થની જરૂર છે. તે જાણ્યા વગર અક્કલવાળો ન બોલે. સામો શ્રોતા ન હોય ને

વાક્ય બોલવું તે બાળકને શોભે. સામો શ્રોતા હોવા માત્રથી બોલ્યા જવું તેમ નહીં. રસ્તામાં જાનવર મળે અને 'धम्मो मंगलमुक्किट्ठं' એ બોલ્યા જવું તેને ખરેખર વાયુનો રોગ થયો છે. વાયુના રોગમાં ધારીને બોલવાનું ન હોય, જેમ તેમ લવારી કરે છે. અથવા એકલું બોલવાનું જ હોય તેમ નહીં, લુગડા, શરીર, ખાવાનું, પહેરવા-ઓઢવાનું પણ ભાન ન હોય, તેવાને ભૂત વળગેલું હોય. વેગ આવે ત્યારે બકે. જેમ ભૂત વળગેલું હોય, વેગ જાય ત્યારે ડાહ્યો ડમરો રહે છે, તેમ શાસ્ત્રકાર કહે છે. કાંતો વાયુનો રોગ અથવા ગાંડો થયો છે. કાંતો ભૂત વળગ્યું છે. જે બીજો સાંભળનાર ન હોય, સાંભળવાની ઈચ્છાવાળો ન હોય, તેવાની આગળ બોલ્યો જાય, ત્યારે તે મનુષ્ય માટે કાંતો વાયુનો રોગ કાંતો ભૂત વળગ્યું છે. 'स वातकी पीशाचको वा' સાંભળવાની ઈચ્છાવગરના મનુષ્ય પાસે વચન કાઢે તેને ભૂત વળગાડ કે વાયુનો રોગ થયો છે. તેમ સુધર્માસ્વામી ભલે બોલ્યા. રાજગૃહીનગરી શ્રેણિક રાજા, ચેલણા રાણી, આ બધું બોલ્યા પણ અર્થી દેખ્યા વગર બોલતા નથી. અર્થી તરીકે કોણ, જેને ઉદ્દેશીને આ બોલે છે. તેઓ બાળચાલ, વાયુના રોગ કે ભૂત વળગેલા જેવું નથી કરતા. વાયડાપણું નથી કરતા તેમ ગણાય. આ વાક્ય મહાવીર મહારાજા કે ગૌતમસ્વામીએ નથી કહ્યું પણ સુધર્માસ્વામીએ જંબુને કહ્યું છે. આમ અભયદેવસૂરિજીએ કહ્યું. અભયદેવસૂરિ પણ સ્વતંત્રપણે નથી કહેતા.

નવકારમાં સિધ્ધ પહેલા ન કહેતા અરિહંતને પહેલા કેમ કહ્યાં. સિદ્ધ પરમાત્માને કોઈ કાન, આંખ, જીભ શરીરદ્વારા જાણી શકતા નથી.સિદ્ધોનું જ્ઞાન કોણ કરાવે છે? અરિહંત પરમાત્માને લીધે સિદ્ધમહારાજને જાણી શકીએ છીએ. અરિહંતમહારાજને જાણવા માટે અશોકાદિ પ્રાતિહાર્યો ૩૪ અતિશયોદ્વારા જાણી શકીએ. પ્રશ્નોદ્વારા જાણી શકીએ. ધૂર્ત માયાનું મંદીર, ઈન્દ્રજાળીયો કહેનાર ગૌતમસ્વામીજીએ ભગવાનને શી રીતે જાણ્યા? પ્રશ્ન શંકાનું સમાધાન

કરી દીધું તેથી જાણ્યા. ૧૧ છો, બધા સાથે ક્યાં લમણાફોડ કરવી, એમ ભગવાન નથી કહેતાં. જા તારા જોડીયા દસ છે તે કહે છે કે ગૌતમને અંગે અમે કબૂલ છીએ. સત્યનિર્ણય કરવા માટે એક આવે તો પણ કરવું જ પડે, બીજાનું આલંબન લેવાય તો સાબીત કરવાની દાનત નથી. ઈમાનદારથી બીજાને લઈ આવતો આવું તેમ કહે નહીં. સત્યનિરૂપણ કરનારે બીજાના બાના ન કઢાય. ગૌતમસ્વામીએ મનની શંકા દ્વારા અરિહંતપણું જાણ્યું. સર્વજ્ઞ જાણ્યા, તેમ સિદ્ધ જાણવાનો રસ્તો ક્યો? સિદ્ધમહારાજા મન, વચન ,કાયા વગરના તે જગતને પોતાનું સ્વરૂપ સમજાવી શકે નહીં. બીજા કેવળી ભગવંતો સિદ્ધ ભગવાનનું સ્વરૂપ સમજાવે, માટે પહેલે પદે અરિહંત બીજે પદે સિદ્ધ.

**આચાર્યો અરિહંત સિદ્ધને સ્વતંત્ર ઓળખાવનાર નથી.**

હવે ફેર શંકા કરી કે એમ લો તો અમારે અરિહંત ને સિદ્ધ બંને જાણવાનો રસ્તો નથી. અરિહંતના કાળની વાત જુદી. અત્યારે અમારે તો આચાર્ય ભગવંતના ઉપદેશદ્વારા અરિહંતને સિદ્ધને જાણીએ માટે અમારે આચાર્ય ભગવંત ઉપકારી હોવાથી પહેલા આચાર્યને નમસ્કાર કરવો જોઈએ. માલની લેવડદેવડમાં ઘરાક પહેલાં દલાલને વહેલો પકડવો પડે, તેમ સિદ્ધ મહારાજાના સ્વરૂપને જણાવનાર અરિહંત તેથી પહેલા પદમાં લીધા, તેમ વર્તમાનકાળમાં અમને આચાર્યો પહેલા જણાવનાર હોવાથી પહેલા આયરિયાણં લેવા જોઈએ. વાત ખરી, તો ફેરવો આયરિયાણં પહેલાં કહો. તે નહીં બને. વાત ખરી કેમ કહો છો? આચાર્યના ઉપદેશથી અરિહંત સિદ્ધો જણાય છે. તે વાત કબૂલ પણ સિદ્ધ મહારાજા પહેલા અરિહંતનું પદ લેવું ને આચાર્યનું પદ ન લેવું તેનો અર્થ? તારી વાત ખરી કે અરિહંતના ઉપદેશથી સિદ્ધ ઓળખાય છે, તેમ અત્યારે આચાર્યોના ઉપદેશથી અરિહંત સિદ્ધો ઓળખાય છે. અરિહંતો, સિદ્ધનું સ્વરૂપ બતાવે છે તે સ્વતંત્ર કે પરાધીનપણે બતાવે છે. કોઈએ કહેલું કે પોતે સ્વતંત્ર બતાવે છે? અરિહંતો પોતે કેવળથી

જાણે છે, કોઈનું બતાવેલું બતાવતા નથી. સ્વયં જ્ઞાનથી દેખેલું બતાવે છે. તેથી મેં કહ્યું. આચાર્ય જે અરિહંત સિદ્ધનું સ્વરૂપ બતાવે છે તે હું કહું છું તેમ નહીં. હું કહું છું કહેનાર જૈન શાસનમાં નથી. જૈન શાસનમાં 'आयरिय उवज्झाय पन्नत्तं तत्तं ' ન ચાલે. પણ जिनपन्नत्तं तत्तं જિનેશ્વરે કહેલું જ તત્ત્વ. તીર્થંકર ભગવાને અરિહંત સિદ્ધનું આ સ્વરૂપ કહ્યું છે, તેમ આચાર્યો કહે છે, માનવાનો આધાર બંનેમાં જુદો. અરિહંતના વચનથી જ માન્યું, એમાં બીજાની સાક્ષીની જરૂર ન રહે.

આચાર્યનું વચન જાણ્યું. સિદ્ધનું સ્વરૂપ જાણ્યું પણ માન્યું શાના આધારે? તીર્થંકરને કેવળજ્ઞાનનું સર્ટિફીકેટ. તેમના વચનમાં અવિશ્વાસનું સ્થાન નથી. અજ્ઞાન, રાગ, દ્વેષ ત્રણ ચીજ હોય ત્યાં અણભરોસો, મૂર્ખાઈ, પક્ષપાતી, ડંખીલો હોય તો ભરોસો ન રહે. વસ્તુ ન સમજે. નાનો છોકરો હોય તો હીરો કે કાચ કહી દે. લેવું દેવું કંઈ નથી, ડંખ નથી પણ અજ્ઞાનતા હોવાથી તેનું વચન માનતા નથી. અજ્ઞાનતાવાળાનું વચન ન મનાય. હવે જ્ઞાનવાળા હોય પણ લાલચું હોય, ગજવું પહોળું હોય, લોભી હોય, સમજુ છતાં તેનું વચન નથી માનતા.

**વસ્તુ ન સમજનારને ન્યાય ન સોંપાય.**

દુનિયાદારીમાં પણ વચન માનતા ત્રણ વસ્તુનો ખ્યાલ રાખવો પડે છે. વિષય સમજે છે કે નહીં? તેને ન્યાય તોલવા દેવો તે બીરબલ ને બાદશાહ જેવું થાય. બીરબલ કહે તમારે ત્યાં નોકરી રહું એક શરત. હું પણ દુનિયાદારીનાં સંજોગામાં રહેવા વાળો. અત્યારે આપણું મન એકરૂપ છે. કાલે ભેદ પડે તો એક મારી શરત. આપણા બેનો વાંધો પડે તો હું કહું તેને લવાદ કરવો. વાંધો પડવાનો નથી, પણ લવાદ નીમશે તો ગામમાંથી, જેને લાવશે તે મારો દબાયેલો હશે. નોકરી પત્રક લખાયું. બાદશાહને બીરબલની નોકરીમાં વાંધો પડે તો બીરબલ કહે તેની પાસેથી ન્યાય લેવો. ૫-૧૦ વરસ ગયા. લાખો રૂા. બીરબલ ખાઈ ગયો. સાબીત થયું તે વખતે લવાદ બીરબલ કહે તે લાવવો. બીરબલ

લવાદ લાવ. ઢેડને લાવી બેસાડ્યો. રાજાએ ગુનાની રજુઆત કરી કે આવો ભયંકર ગુનો કર્યો. આમ બીરબલ રૂપિયા ખાઈ ગયો,' ઢેડ બેઠા, શું કરવું? એવી વીશી દંડ કરીએ, અરે પાંચ વીશી દંડ નક્કી કરીએ, આપણી નાતમાં એટલો દંડ નથી થયો, સાહેબ મોટો સખ્ત ગુનો છે. ગુનો સખ્ત હોવાથી સખ્ત દંડ કર્યો છે. ઢેડીયાએ કહ્યું લખો આંકડો, પાંચ વીશી રૂપીઆ દંડ. એની બચારાની જાતના વ્યવહાર, પાંચ વીશી એટલે જીંદગીમાં ઉભો ન થાય. વસ્તુને ન જાણનારને વચમાં નાખવામાં આવે તો કેવળ લુચ્ચાઈ માટે. વસ્તુ ન સમજનારને વચમાં નાખે તે કેવો? વસ્તુ ન જાણનાર લવાદ નીમે તો લુચ્ચાઈ છે. ઝવેરાતમાં તકરાર પડી હોય તો લવાદ કોને નીમે? તેનું સ્વરૂપ સમજનારને વચમાં નંખાય. ખોટે નામે બચવું હોય, આડે જવું હોય તે મૂર્ખાને વગર સમજણવાળાને સરપંચ નીમવાની વાત કરે. વિરોધ, વૈર, ડંખ હોય તેવાને લવાદ નીમવા માગે ત્યારે શી દશા હોય ? દુનિયા તેવા લવાદને કબૂલ નથી કરતી. આ વાત દુનિયાદારીથી કરી.

હવે તીર્થંકર ભગવાનમાં આવો. તીર્થંકરને આ ત્રણ કારણથી માનીએ છીએ. દુનીયામાં ત્રણ કારણ મનાય છે, તેવી પુરી સમજણ કેવળજ્ઞાન, અતીતાદિ સર્વકાળ તેમ સર્વ દ્રવ્ય ક્ષેત્ર ભાવો પ્રગટ કરે તેવા કેવળજ્ઞાનવાળા છે. જ્ઞાનની હદ આવી ગઈ. ઉંચા જ્ઞાનવાળા પ્રમાણિક માનીએ તો બીજો પ્રમાણિક ક્યાંથી લાવવો? ગોરાથી ઉજળો લેવા જઈએ તો કોઢીયો મળે, તેમ લોકાલોક સર્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના પ્રકાશક તેવા કેવળજ્ઞાની તીર્થંકર છે. તેનાથી ઉંચા ક્યાં મળે? સર્વજ્ઞપણું હોવાથી આખા જગતના પુન્ય, પાપ બંધ, મોક્ષ બધાનો ન્યાય તેઓ ચૂકવી શકે. જેને કોઈ મારો નથી, જેના એ નથી, આ જેનો સિદ્ધાંત છે. પૂરેપૂરા સમજુ હોય પણ શત્રુના શત્રુ સહેજે મિત્ર હોય, તેથી દ્વેષરહિત, રાગ-દ્વેષ બંને જેમના ગયેલા છે. સંપૂર્ણ જ્ઞાન, વીતરાગ, રાગદ્વેષ વગરના તેમના વચનમાં શંકા રાખીએ, તેવા માટે

પ્રમાણ ખોળવા જઈએ તો ક્યાંથી મળે? તીર્થંકરના વચનમાં બીજાની સાક્ષી ન હોય, પરંતુ આચાર્ય ગૌતમસ્વામીજી હોય તો પણ આપણને પૂછવાનું સ્થાન. ઈન્દ્રભૂતિ નિરૂપણ કરે તો પણ આનંદ શ્રાવક સરખો કહી શકે કે, ના તેમ નહીં, શાથી? આચાર્યને અંગે ગૌતમસ્વામી જેવા માટે સ્વયં પ્રમાણિકતા નથી. તીર્થંકરે આમ કહ્યું તેથી હું કહું છુ. તેથી તમારે માનવાનું. કોર્ટના ઠરાવની નકલ કરનારે નકલ કરી, માનીએ પણ નકલ કરનારની અક્કલ ને તેના દસ્તકને અંગે નહીં, કોર્ટનો હુકમ હોવાથી માનીએ છીએ. અહીં આચાર્ય ભગવંતનું કહેલું જે મનાય તે તેમના મોઢાને નહીં. આણંદ શ્રાવક સામો પડ્યો હતો. મારા કહેવા માત્રથી માની લો, ન માનવું હોય તો ઉઠી જાવ, તેમ કહેનારને કેવો ગણવો? મારા કહેવાથી માનો તેમ આચાર્યને કહેવાનો હક્ક નથી. તીર્થંકરનું વચન હોવાથી સર્વને માન્ય કરવા લાયક છે.

**સ્વતંત્ર પ્રરૂપણા કરવાનો હક આચાર્યને છે જ નહિ.**

દીવાળી કલ્પની અપેક્ષાએ નરકે જવાના આંકડા ક્યાંથી મળશે? આચાર્યનું વચન શાસનને કબૂલ હોય તો તેમને નરકે જવાનું ન હોય, સ્વતંત્ર પ્રરૂપણા કરવાનો હક આચાર્યને છે જ નહીં. અભયદેવસૂરી સરખા કહે છે કે રાજગૃહી હતી, શ્રેણીક હતો, ચેલણા હતી. આ વાક્ય મહાવીરસ્વામી ગૌતમસ્વામીનું નથી. પણ સુધર્માસ્વામીએ જંબુસ્વામી આગળ કહ્યું. આ વાત અભયદેવસૂરિજીએ કહી, પરંતુ તેમનું વાક્ય સ્વતંત્ર માનવા જૈન સંઘ તૈયાર નથી. પુરાવો આચાર્યના વચનમાં જોઈએ. તીર્થંકરના વચનમાં પુરાવો ન જોઈએ. આખા ભગવતીસૂત્રમાં એમ નથી કહ્યું કે આ વાક્ય સુધર્માસ્વામી બોલ્યા. જંબુસ્વામીને સંભાળાવ્યું, તેમ નથી કહ્યું તો અભયદેવસૂરિજી ક્યાંથી બોલે છે? ત્યારે પુરાવો રજુ કરે છે.

છટ્ઠું અંગ જ્ઞાતાધર્મકથા તેમાં લખ્યું છે કે જંબુસ્વામીએ સુધર્માસ્વામીને વિનંતી કરી. ભગવાન મહાવીર મહારાજે ભગવતીનો

આ અર્થ ક્ર્યો પણ જ્ઞાતાજીમાં ક્યો અર્થ ક્ર્યો? હવે વિચારો! જંબુસ્વામીને આ કહેવાનો વખત ક્યારે આવ્યો? માટે જ્ઞાતા સૂત્રના પહેલા જ વાક્યથી આ નક્કી થાય છે, કે આ વાક્ય ભગવાન સુધર્માસ્વામીનું છે. તેથી નગરીનું નામ રાજા રાણીનું પણ નામ આવ્યું. પાલીતાણાનો ખબરપત્રી ત્રીજાને વસ્તુ કહેવી હોય તો ક્ષેત્ર નક્કી કરવું જોઈએ. તે માટે રાજગૃહી નગરીમાં મહાવીર સ્વામીએ ગૌતમસ્વામીને કહ્યું હતું. રશીયાને ધીક્કારનારા અમેરિકા અને ઈંગ્લેન્ડ અત્યારે મિત્ર-રાજ્યો. પલટો થયો. ક્યા કાળે ક્યું વચન બોલવું છે તે ધ્યાનમાં લેવું પડે, નહીંતર યથાસ્થિત અર્થ થઈ ન શકે. જે ચોથા આરામાં રાજગૃહી, મહાવીર મહારાજાનો કેવળજ્ઞાનીનો વખત તે વખતે શ્રેણિક રાજા, ચેલણા રાણી છે તેવા વખતે ગૌતમને કહી છે. તે વાત જંબુસ્વામીને સુધર્માસ્વામી જણાવે છે. જ્યારે જ્ઞાતાસૂત્ર ઉપરથી નક્કી થયું કે પાંચમું અંગ કહ્યું પણ વાંચના તો સુધર્માસ્વામીએ જંબુસ્વામીને આપી તે જ લખવામાં આવી. જ્ઞાતાજીમાં જંબુસ્વામી સુધર્માસ્વામીના નામે પ્રસ્તાવના છે. તેમ ભગવતીજીની પ્રસ્તાવના માટે પણ સુધર્માસ્વામીએ પ્રસ્તાવના કહી તે જંબુસ્વામીને ઉદ્દેશીને કહી.

**પ્રસ્તાવનાસૂત્ર આખા ભગવતીનું કે પહેલા શતકનું?**

નિશ્ચયપૂર્વક આ વાત નક્કી થાય છે. ઘણા શતકો છે. એક એક શતકને ઘણા ઉદ્દેશા છે. અભયદેવસૂરીનું ધારવું એ છે કે આ ઉપોદ્‌ઘાત પહેલા ઉદ્દેશાનો છે. મારી ધારણા ભૂલાવતી ન હોય તો હું કહું તે માનજો. તેમ કેમ ઢીલું કહે છે. હા. કારણ છે. મારી પહેલા પણ ભગવતીસૂત્રની ટીકા થયેલી છે. ઠાણાંગ વિગેરે કેટલાક એવા સૂત્રો છે કે જેની ટીકા અત્યાર સુધીમાં થઈ નથી. પરંતુ આ ભગવતીસૂત્રની ઉપર મારા પહેલા પણ ટીકા થયેલી છે. હું તો હાથી ઉપર ચઢવાની ટુંકી દોરી છે તેને મોટી કરૂં છું. આ ભગવતી સૂત્રની નાની ટીકા-ચૂર્ણિઓ છે. બીજી ટીકામાંથી દોરા લઈને આ દોરી લંબાવું છું. આવશ્યક પન્નવણા

જીવાભિગમની વાત લઈ મોટી ટીકા કરું છું. જુના ટીકાકારનું મંતવ્ય જુદું છે. નિર્ણય કરો, નિર્ણય થાય તેમાં નિર્ણય કરાય, પણ શાસ્ત્રના પ્રમાણો ન મળે તેમાં નિર્ણય શી રીતે ? પણ જેમાં શાસ્ત્રીય પુરાવા નથી, ઉપોદ્‌ઘાત પ્રસ્તાવનારૂપ સૂત્ર તે આખા ભગવતીની છે, કે પહેલા ઉદ્દેશાની પ્રસ્તાવના છે તેમાં પુરાવો નથી. પહેલાના ટીકાકારોએ આ પ્રસ્તાવના આખા શાસ્ત્રની ગણેલી છે. ભગવાન રાજગૃહીમાં હતા તે વખતે આ બધું કહેવાયું. અભયદેવસૂરિજી કહે છે કે હું એકલા ઉદ્દેશાની પ્રસ્તાવના કહું છું. આ ભગવતીજીના ઘણા શતકો અને ઘણા ઉદ્દેશા છે. તેમાં જુદ જુદા ઉપોદ્‌ઘાત આવવાના છે. જુદા-જુદા ગામો આવવાના છે, તેથી આ પ્રસ્તાવના પહેલા ઉદ્દેશાની છે. જુદા જુદા સ્થાને જુદા જુદા કથનો થયાં, તેથી જુદી જુદી પ્રસ્તાવના પહેલા ઉદ્દેશાની છે. જુના ટીકાકાર પ્રસ્તાવનાના વિષયમાં જુદા પડ્યા છે, તેમ જુના ટીકાકારોએ રચેલી ભગવતીજીની જેટલી પ્રતો મળે છે તેમાં બધી પ્રતોમાં નવકાર લખેલો છે. પંચપરમેષ્ઠિના મંગલાચરણ વાળી છે. છતાં પહેલાના ટીકાકારોએ નવકારની વ્યાખ્યા કરી નથી. તેમના ધ્યાનમાં કોઈપણ કારણ આવ્યું હશે, આવશ્યક વિગેરે જાણ્યા પછી જ ભગવતી સાંભળવાનો વખત હોય. આવશ્યક જાણ્યું તેને નવકાર જણાઈ ગયો જ હોય તો, નવકારની વ્યાખ્યા તમે કેમ કહી ? પ્રાચીન સવારે કહેલું સાંજે યાદ ન રહે. માટે વર્તમાન કાળના જીવોની સ્મરણશક્તિની ખામીથી ટીકા કરવી પડી. બીજું કોઈ કારણ ? સૂત્ર મોઢે જણાવતા સૂયગડાંગાદિ ચાર સામાન્ય જાણ્યા હોય તેણે ભગવતીજી વિશેષ જાણ્યું હોય. ધારણાના જ્ઞાનનો નિયમ નથી. આ બધા કારણથી મારે પંચ પરમેષ્ઠિની વ્યાખ્યા કરવી પડી. આમ ઉપોદ્‌ઘાત કર્યો, હવે પ્રસ્તાવનાનો મૂળ ગ્રંથ તેની વ્યાખ્યા કરે છે તે કેવી રીતે તે અગ્રે -

# દેશના ૫૬
# સંહિતાદિ વ્યાખ્યા પ્રકારો

'ते णं काले णं त्ति, ते इति-प्राकृतशैलीवशात्तस्मिन् यत्र तन्नगरमासीत्' णंकारोऽ न्यत्रापि वाक्यालङ्कारार्थो, यथा ' इमाणं भंते! पुढवी ' त्यादिषु, ' काले ' अधिकृतावसर्प्पिणी चतुर्थविभाग लक्षण इति, 'ते णं' ति तस्मिन् यत्रासौ भगवान् धर्मकथामकरोत् ' समए णं' ति समये -कालस्यैव विशिष्टे विभागे अथवा तृतीयैणेयं, ततस्तेन कालेन हेतुभूतेन तेन समयेन हेतुभूतेनैव,

**વ્યાખ્યાના છ પ્રકારો**

ટીકાકાર ભગવાન શ્રી ભગવતીજી સૂત્રની વ્યાખ્યા કરતા સૂત્રનો સમુદાયાર્થ આગળ જણાવી ગયા. વિશેષાવશ્યક ભાષ્યકારે જણાવ્યું કે સૂત્રની શરૂઆતમાં આટલી વાતો કહેવી જોઈએ. ફળ જોગાદિ કહી સૂત્રનો સમુદાયાર્થ કહેવો જોઈએ. સામુદાયિક અર્થ કહી અનુક્રમે વ્યાખ્યા કરાય. હવે જે વખત અનુગમ કરે તે વખતે છ વસ્તુ જણાવાય-

संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः ।

चालना प्रत्यवस्थानं, व्याख्या तंत्रस्य षड्विधा ।।

આ દરેક જગો પર વ્યાખ્યાના લક્ષણ કહેવાયછે. અનુગમ હોય ત્યારે વ્યાખ્યાના પ્રકાર, અનુગમમાં અર્થાવગમ, નિર્યુક્તિ અનુગમ

આવે ત્યારે પહેલા સંહિતા કરવી. અસ્ખલિત પદો, સ્ખલનારહિત સૂત્રોચ્ચારણ કરવું તે સંહિતા. હવે સૂત્રનું ઉચ્ચારણ કર્યા છતાં પદ વિભાગ ન કરવામાં આવે તો નમો અરિહંતાણં કરે તો नमो सिद्धाणं સૂત્રોચ્ચારણ કર્યા છતાં વ્યાખ્યા કરનારે પહેલા પદો જુદાં પાડવા જોઈએ, ત્યારે જ અર્થ જણાવી શકાય. અનેક અર્થવાળા પદો હોય, ક્યા પદનો કયો અર્થ શાસ્ત્રકારોને ઈષ્ટ છે તે નક્કી કરવો જોઈએ. સમાસ હોય તો વિગ્રહ કરવો. શંકા ઉઠાવી સમાધાન કરવું. પદને પદાર્થ કહેતા થકા तेणं कालेणं તે પદ તેણં અને કાલેણં બે પદ કહ્યા. પછી તે પદનો અર્થ કહેવો જોઈએ. અર્હદ્‌શબ્દનો અર્થ, નમઃનો અર્થ ન કરીએ તો શ્રોતાને ખબર ન પડે. ते णं काले णं કોઈક વિભક્તિ છે કે નહિ? એકલું નામ કે એકલી વિભક્તિ ન બોલાય. જ્યાં બોલવું હોય ત્યાં નામ વિભક્તિવાળું જ બોલાય. એકલું નામ કે વિભક્તિ ન બોલાય तेणं कालेणं બંને જગો પર તૃતીય વિભક્તિ દેખાય છે. પણ ટીકાકાર કહે છે કે ત્રીજી નહીં પણ સપ્તમી વિભક્તિ છે. હજુ काले સપ્તમી બનાવી શકાશે પણ कालेणं ત્યાં સપ્તમી નહીં બને. પણ અભયદેવસૂરી સરખાને ઉશૃંખલપણે બોલવાનો હક્ક નથી. આચાર્ય બોલ્યા કોને માટે? जिनपन्नतं માને તેને માટે. સંસ્કૃત અને પ્રાકૃતના લક્ષણમાં ફરક છે. તે શબ્દ સપ્તમીમાં લઉં છું. તે પ્રાકૃત શૈલીને લીધે, પ્રાકૃત શૈલીમાં 'सव्वम्मि, सव्वसि' અને 'सव्वे' પણ કરે. પ્રાકૃત શૈલીને લીધે તે સપ્તમી છે. તેથી નામની વિભક્તિ હોય તે જ સર્વ નામની વિભક્તિ હોય. વિશેષણ વિશેષ્યને સરખી વિભક્તિ હોય, તેમ નામ અને સર્વનામને સરખી વિભક્તિ આવે. તેથી 'કાલે' ત્યાં પણ સપ્તમી વિભક્તિ આવશે. तस्मिन् એટલે તે કાળમાં. તે શબ્દ પછી રહેવાવાળી ચીજ. સ્થાપનાજી આવા છે. તે પહેલાં કંઈ કહ્યું ન હોય તેની વચ્ચે તે ન બોલાય. 'यद्'

શબ્દથી ઉદ્દેશ કર્યા પછી 'तत्' શબ્દથી નિર્દેશ થઈ શકે. તે કાળ એટલે ક્યો કાળ? ચોથા આરાનું વર્ણન કરે, પછી તે શબ્દ કહો, તે ગયો ક્યારે કહેવાય? માણસની પહેલી વાત થઈ હોય ત્યારે 'તે' કહેવાય. જ્યાં સુધી સ્વરૂપ વસ્તુ ન કહેવામાં આવે ત્યાં સુધી તે શબ્દ ન વપરાય. જે વસ્તુ પ્રસિદ્ધિ હોય ત્યારે તે વસ્તુ નિરૂપણ ન કરી હોય તો પણ તે શબ્દ વાપરી શકાય. તે પરમેશ્વરને નમસ્કાર. અર્થાત્ પ્રસિદ્ધ હોવાથી તે બોલી શકાય. तत् શબ્દ પ્રસિદ્ધ વસ્તુને જણાવનાર હોવાથી तेणं कालेणं કહ્યું. તે કાળ જે કાળમાં રાજગૃહી નામની નગરી જેનું ઉવવાઈ સૂત્રમાં વર્ણન આવે છે. ચંપાના વર્ણનવાળી નગરી હતી તે વખતે, જે વખતની અંદર રાજગૃહી નગરી હતી તે વખતની હું આ વાત કરું છું. આવી સમૃદ્ધિ આબાદીવાળી નગરી હતી, તે અપેક્ષાએ વાત કરૂં છું. જે કાળે નગર હતું તે કાળ લેવો. 'णं' જોડે પડેલો છે. तेणं ત્રીજી વિભક્તિ કરી હતે તો વાંધો નથી પણ 'તે' નો અર્થ કર્યો. 'णं' વચમાં રહ્યો તેનો અર્થ શો ? છોગમલજી તેમાં 'જી' નો અર્થ શો ? જી અલંકાર બહુમાન શોભા માટે છે. તેમ અહીં શોભા માટે સપ્તમીના પછી 'णं' લગાડેલો છે.

પરંતુ તેમજ શીખવ્યું છે કે परीक्ष्य भिक्षवो! ग्राह्यम् मद्वचनं नतु गौरवात् । હે સાધુઓ ! જે હું કહું તે મારૂં વચન પરીક્ષા કરીને ગ્રહણ કરજો. શું ? ખુદ મારૂં વચન હોય તો પણ પરીક્ષા કરીને જ ગ્રહણ કરજો. દુનિયામાં બે પ્રકારે ગ્રહણ થાય છે, મનાય છે. એક તો પરીક્ષાથી સાચું લાગે, એક મોટાએ કહ્યું તેથી સાચું મનાય. તે માટે જણાવે છે કે મારી મોટાઈને લીધે મારું વચન ન લેશો, ભગવાનના મોંમા આ વચન મુકવામાં આવ્યું છે. જે કંઈપણ ગ્રહણ કરો તે પરીક્ષા કરી ગ્રહણ કરજો. હું કહું તેથી ન માની લેશો. આવી સ્થિતિ જૈન શાસનની છે.

**પુરાણો વિ. ની વાતોમાં હેતુઓ ન પૂછવા**

पुराणो मानवो धर्मः साङ्गो वेद चिकित्सकः ।
आज्ञासिद्धानि चत्वारिन हंतव्यानि हेतुभिः ।।

પુરાણ વિગેરેમાં જે કહ્યું છે તેમાં શંકા ન કરવી. પાડા ગાભણા કહ્યા હોય તો પણ માની લેવાના. હેતુ યુક્તિ તેમાં ન લગાડવા.

સૂર્યને રત્ના નામની દેવી હતી. રત્ના દેવીથી સૂર્યનો તાપ સહન ન થયો, તેથી પીયર ભાગી ગઈ. સૂર્યે સાસરાને કહ્યું, કે કેમ ભાગી જાય છે, કેમ છોકરીને કહેતા નથી, સાસરાએ કહ્યું કે તારો તાપ સહન થતો નથી, તેથી નહીં જઉં. રત્નાના બાપે જણાવી દીધું કે તારો તાપ જીરવાતો નથી તેથી નથી આવતી. તાપ ઓછો કરવો એટલું જ ને? સુથારને ત્યાં સૂર્ય ગયો, જઈને કહે છે કે મને છોલી નાખ. સુથારે કહ્યું ચીસ પાડીશ તો નહીં છોલું. સૂર્યને શરાણે ચડાવી છોડા ઉતાર્યા. ઢીંચણ સુધી છોલ્યો એટલે ચીશ પડાઈ ગઈ. ઢીંચણ સુધી છોલ્યો તેમાંથી સુદર્શન ચક્ર, કૌમુદી ગદા બનાવી. આ બધું પુરાણમાં કહેલું તે માની જ લેવાનું, તેમાં શંકા ન કરવી. તેમ 'મન સ્મૃતિ' જે હિન્દુમાં નીતિનો મહા ગ્રંથ કહેવાય છે. તેમાં જે કહેવાય છે તેમાં શંકા ન કરવી.

મનુ સ્મૃતિમાં કહેવાયું કે જે બ્રાહ્મણ યજ્ઞમાં જોડાય તે યજ્ઞનું માંસ ન ખાય તો બીજા ભવે પશુપણું પામે. ૨૧ સૃષ્ટિઓ સુધી પશુ થાય. આ વાત ક્યા મગજમાં ઉતારવી? મનસ્મૃતિમાં કહી ગયા એટલે માની જ લેવી. એમાં હેતુયુક્તિ આગળ ન કરવા. ૨૧ વખતનાં જગતમાં એ ઢોર જ થાય. અજીગર્ત નામનો ઋષિ હતો તેને ભૂખ લાગી, છોકરાને મારી ખાવા દોડે. તેને પાપ ન લાગ્યું. ભૂખ લાગી એટલે શું કરે? છોકરાને મારી ખાવા દોડે, ભૂખ લાગેલી તેથી પાપ ન લાગ્યું. કુતરાની યીનીનું માંસ ભારદ્વાજે ખાધું તેમાં પાપ નહીં. મનુ સ્મૃતિમાં કહ્યું તેથી માની લેવું, અમુક સુથારની ઘણી ગાયો મારી નાખી તેમાં

પાપ નહીં. તેથી ધાગાપંથીઓની ધાડપોથી છે. (મનુસ્મૃતિ) બ્રાહ્મણ કોઈનું લઈ પહેરી લે એટલે પોતાનું જ. ખાઈ જાય તો પણ પોતાનું જ ખાય છે, અરે ઉપાડીને દઈ દે તો પોતાનું દે છે. આવ્યું ક્યાંથી? આ બધા લોકો પાસે મિલકત ક્યાંથી છે? બ્રાહ્મણોની મહેરબાનીથી વસ્તુઓ છે. કહો ધાગાપંથીઓની ધાડપોથી છે કે નહીં? તે સ્મૃતિને આગળ કરવી, માની લેવું. કહ્યા માત્રથી માની લેવું. અંગોપાંગ સહિત વેદમાં જે કહ્યું તે માની લેવું. વેદમાં મનુષ્યને ન છાજે તેવી ક્રિયા કહી. ચરક વૈદક માની લેવું. યજ્ઞ હતો, યજ્ઞમાં શંકા થઈ એટલે તાવ ઉભો થયો. તે દુનિયામાં આગળ વધ્યો. આમ આ ચારે વસ્તુઓ આજ્ઞાથી માની લેવી. તે ચારેમાં હેતુ-યુક્તિ લગાડવા જ નહીં.

તેમ જૈન શાસનમાં કહેવા માત્રથી ન માની લેવા. હે સાધુઓ ! જે વચનો ગ્રહણ કરો તે પરીક્ષા કરીને લો, દેવતાઓ મારૂં ગૌરવ કરે તેથી કે મારી મોટાઈથી પકડી લેવું નહીં. જૈન શાસન પુરાવા વગરનું માનવા તૈયાર નથી. 'તે' સપ્તમી વિભક્તિ કહ્યું 'ણં' વાક્ય લંકારમાં છે, તેમ કહ્યું એટલે શિષ્યે પૂછયું કે તેનો પુરાવો ? તે 'णं' વાક્યની શોભા માટે 'જી' નો અર્થ શો? નથમલજી, નથમલ નામ પણ 'જી' શોભા ખાતર બોલાય છે. તેમ શાસ્ત્રોમાં 'णं' અલંકાર શોભા માટે બોલાય છે. અભયદેવસૂરિજી - હું ઉત્તર નહીં દઉં, માનવું હોય તો માનો તેમ નથી કહેતા. એ તો ' શીંગડે ખાંડા પૂછડે બાંડા' હોય તે જ બોલી શકે, કે પુરાવો નથી દેવો. અહીં કે બીજે પણ 'णं' વાક્યાલંકારમાં હોય તો અમને વાંધો નથી, પછી ત્યાં પણ તેવું જ હશે તો? હંમેશા પુરાવો દેવાય, તે શંકાને સ્થાન ન હોય તો જ પુરાવો ગણાય.

**ઔદાયિક તેરશ છતાં ધર્મકાર્યમાં ચૌદશ જ કહેવાય.**

લૌકિક પંચાંગમાં ચૌદશનો ક્ષય હોય આપણે તેરશે ચૌદશ

કરીએ તેમાં પુરાવો પૂછે તો જુઓ પહેલાના ટીપણાં તે કામ ન લાગે. જેમાં ચોકખા અર્થ હોય તેવો પુરાવો દેવો પડે. આપણે तत्त्वतरंगिणी નો પુરાવો દઈએ છીએ. તપગચ્છવાળાઓ તેરશે પક્ખી કરે, ઉદય તેરસનો, ઉદયતિથિ માનવાવાળાં છતાં તેરશ ખસેડવી. ચૌદશ નથી છતાં ચૌદશ શી રીતે? સભામાં સંસ્કૃત માર્ગોપદેશિકા જેટલું ભણ્યા હોય તો યાદ રાખજો. ચૌદશનો ક્ષય હોય તેવા પ્રસંગમાં તેરસ એવા વ્યપદેશનો (બોલવાનો વ્યવહાર) તેરસ છે એવું કહેવાનો પણ અસંભવ છે. તેરસ છે ઉદયની છતાં ચૌદશપણે જ સ્વીકારીએ છીએ. प्रायश्चित्तादीनां विधौ જે કાર્યો તે કાર્યોમાં ચૌદશ જ છે, તેમ કહેવાય છે. આ ચોકખી પંક્તિ કામ લાગે, પણ કામ કોને લાગે? મગનભાઈને કેશુભાઈને હીસાબમાં તકરાર પડી. ચોપડા તો મેળવો, પણ તું પૂછે તેનો ઉત્તર દેવા તૈયાર નથી. નિર્ણય શ્રી પંચને સોંપ્યો પણ અર્થ તો કર. મારે બોલવું જ નથી. ચાર મહીના થયા બીજા માણસો જાય ત્યાં બોલે જવું. સરપંચના નામે ઉત્તર નથી દેવો. પંક્તિનો અર્થ તો સમજાવો. શું કરો છો તે તો માલમ પડે. એ જે પંક્તિ સાક્ષી તરીકે હોય તે શંકાના સ્થાન વગરની હોય. અભયદેવસૂરિને એવી પંક્તિ લાવવી પડે કે જેમાં શંકા ન રહે. ક્યાં એવું છે કે णं વાક્ય લંકારમાં લીધા સિવાય છૂટકો નથી. વિશેષ્ય પ્રથમામાં નક્કી છે. 'पुढवी' બીજી વિભક્તિમાં લઈ જઈ શકાય તેમ નથી. તમારે પણ णं વાક્યાલંકારમાં લેવો પડશે. 'ईमा णं भंते! पुढवी' તેમાં णं વાક્યાલંકારમાં લીધો તેમ તે णं નો णं કાર વાક્યાલંકારમાં લેવાનો. 'काले णं' નો णं કાર આપોઆપ અલંકારમાં જશે.

**કાળનો ક્યો અર્થ લેવો?**

હવે કાલ શબ્દનો અર્થ શો કરવો? મરણને પણ કાળ કહેવાય છે. કાળ કાળો રંગ. કાળ એટલે અવસર થયો તેમ પણ કહેવાય. કાળ

શબ્દનો અર્થ શો કરવો ? અધિકૃત અવસર. અવસર્પિણી એક વિભાગ છે. બે પ્રકારના વિભાગો છે. રેંટમાં અર્ધા ખાલી અર્ધા ભરેલા ભાજન હોય છે. તેમ કાળચક્ર તેમાં અર્ધામાં ઉન્નતિ ને અર્ધામાં અવનતિ. એક ચડતો, એક ઉતરતો કાળ. અત્યારે ઉતરતાં કાળમાં આપણે છીએ, તેથી તેનું નામ અવસર્પિણી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શની પુદ્‌ગલમાં ગુણવૃદ્ધિ થાય તે ઉત્સર્પિણી. ગુણહાનિ થતી જાય તેનું નામ અવસર્પિણી. ચાલતી એવી અવસર્પિણી તેમાં છ વિભાગ. પહેલા ચાર ક્રોડાકોડનો પછી ૩- પછી ૨, પછી ૧, પછી ૨૧-૨૧ હજારના અનુક્રમે આરા છે. આ રાજગૃહીની વાત થાય છે, તે આ ચાલુ અવસર્પિણી, અનંતી અવસર્પિણીઓમાં ચાલુ અવસર્પિણી તેમાં પણ ચોથો ભાગ આરો, જે એક ક્રોડાકોડ સાગરોપમ પ્રમાણનો છે. તે સમયે એટલે ક્યો સમય ? તે સમય લેવો જે સમયે મહાવીર મહારાજે ધર્મનું કથન કર્યું હતું. તે સમય લેવો. સમયનો અર્થ ? કેવળીની દૃષ્ટિએ બારીકમાં બારીક અવિભાજ્ય કાળનો ભાગ તેનું નામ સમય.

**વિભક્તિ કઈ લેવી ?**

ચોકખી ત્રીજી વિભક્તિ દેખાય છે. તે ગડમથલ કરી સાતમી વિભક્તિ કેમ કરી? તૃતીયા સપ્તમી કરવાથી શા શા અર્થ થાય તે વિચાર્યું ? જમીન ઉપર મનુષ્ય ચાલે છે, લાકડી વડે ચાલે છે. જમીન ઉપર ચાલવામાં સપ્તમી કરી. લાકડીએ ચાલે છે, તેમાં તૃતીયા કરી. સપ્તમી માત્ર આધાર તરીકે. બીજું સામર્થ્ય નથી. તેમ કાળ નામનો પદાર્થ જૈનોએ માન્યો છે. અન્ય મતીઓએ પણ કાળ માન્યો છે. કોઈપણ મતવાળાને કાળ માન્યા વગર ચાલ્યું નથી. નાસ્તિકો એકલું પ્રત્યક્ષ જ માને છતાં કાળનો નિષેધ કરી શકતા નથી. કાળ તેમ તો બોલવું જ પડે. પરંતુ કાળ માનવામાં ફરક ક્યાં છે ? પ્રવૃત્તિ કરનારી

હોય તો વ્યાપાર વાળી ચીજ, વગરની હોય તો વ્યાપાર વગરની ચીજ ગણાય. ક્રિયા-વ્યાપાર નહીં કરનારી ચીજ પૃથ્વી. ક્રિયા વગરની ચીજ હોવાથી બંનેનો આધાર બને. સપ્તમી રાખીએ તો માત્ર આધાર. વ્યાપાર સામર્થ્ય નહીં. પૃથ્વી નથી ધક્કો દેનારી કે ખેંચનારી, માત્ર આધાર, તેમ કાળ ધક્કો દેનાર કે ખેંચનાર ચીજ નથી, તેથી વ્યાપારવાળી ચીજ નથી. આ બધી વાત ધ્યાનમાં રાખી તૃતીયા વિભક્તિ ન કરવી પણ સપ્તમી કરવી, સપ્તમી કરવાથી અધિકરણ મનાય. તૃતીયા માને તો સક્રિયપણું માનવું પડે. સાધન કારણ બનાવાય તો નિષ્ક્રીયપણું કામ ન લાગે. કાળ વગેરે દ્રવ્યો પુદ્ગલ તથા જીવને છોડી બાકીના બધા દ્રવ્યો નિષ્ક્રીય દ્રવ્યો છે. તેને સાધન ન બનાવી શકાય માટે આધાર બનાવી સપ્તમી વિભક્તિની વ્યાખ્યા કરી.

આ નિરૂપચાર લઈને નિરૂપચારની વ્યાખ્યા જણાવી. હવે ઉપચારથી તૃતીયા વિભક્તિ થઈ શકે. મ્યુનિસિપાલિટીના કે પડોશીના દીવાથી આપણે વાંચીએ. આપણાં વાંચવાથી દીવામાં વધ્યું -ઘટયું નથી. દીવાનું અજવાળું હતું. તેમને તેમ રહે છે, છતાં આપણા વાંચવામાં મદદરૂપ સાધન થયું ગણાય, છતાં પ્રયોજન છે. એથી જ કલિકાલ સર્વજ્ઞ વ્યાકરણમાં કહે છે કે રાજમાર્ગનો દીવો વિદ્યાર્થીને વંચાવે છે. વિદ્યાર્થી વાંચે તેથી રાજમાર્ગનો દીવો થયો નથી. દીવામાં વધ્યું - ઘટ્યું નથી. પરંતુ વાંચવાનું ખરેખરૂં સાધન છે. જો એ દીવો ન હોય તો વિદ્યાર્થી વાંચી શકત નહીં. વિદ્યાર્થીને તે દીવો વંચાવે છે. ઉપચારથી ક્રિયાનો આશ્રય કરી સાધન કરણ બન્યું. હવે કઈ રીતે ઉપચાર કરશે તે અગ્રે વર્તમાન-

# દેશના ૫૭
# કાળ શી ચીજ છે ?

ટીકાકાર મહારાજા શ્રી ભગવતીસૂત્ર વ્યાખ્યા કરતાં પંચ પરમેષ્ઠિને નમસ્કાર બ્રાહ્મી લીપીને નમસ્કાર રૂપ મંગળ જણાવી, શ્રુતને નમસ્કાર કરી પ્રથમ ઉદ્દેશાની શરૂઆત કરી. આ ભગવતી સૂત્રનું વિવેચન કઈ જગો પર કોણે જણાવ્યું, તે કહેતા આગળ જણાવી ગયા કે ગુણાશીલ ચૈત્ય હતું. શ્રેણીક રાજા ચેલણા રાણી હતી, તે વખતે આ ભગવતી સૂત્રનું નિરૂપણ થયેલું છે. આ વાત જંબુસ્વામીને સુધર્માસ્વામીએ જણાવી. તેથી તે કાળ તે સમય તેમ જણાવવામાં અડચણ ન આવી. ભગવાન કહેનાર હતે, ગૌતમસ્વામી સાંભળનાર હતે તો આ કાળ આ સમય કહેવું પડતે. અતીત કાળ કોની વખતે ? સુધર્માસ્વામી વખતે. અતીત વર્તમાનકાળનો ભેદ સમજનાર સમજી શકશે કે તે કાળ તે સમય પરોક્ષ હોવાથી તે વાક્યો મહાવીરના શબ્દો નથી, પણ સુધર્માસ્વામીના શબ્દો છે. હવે તે કાળે તે સમયે કહીને ત્રીજી વિભક્તિ લીધી. સામાન્ય જગતના વ્યવહાર તરીકે કાળની સિદ્ધિ પદાર્થના વર્તવા ઉપર છે. કેવળજ્ઞાની સાક્ષાત્ કાળ દેખતા હોય તો તેઓ કહી શકે. સુધર્માસ્વામી કેવળી ન હોવાથી કાળ દેખતા ન હતા. ભગવંત કેવળજ્ઞાની કેવળદર્શની હોવાથી આ કાળ આ સમય એમ કહેવાને યોગ્ય, પ્રત્યક્ષ દેખેલો હોવાથી આ કાળ, આ સમય બોલી શકે. પરંતુ સુધર્માસ્વામી કેવળજ્ઞાની નથી તેથી તે કાળ તે સમય બોલવાનો હક્ક નથી. સુધર્માસ્વામી મહાવીરસ્વામીના નિર્વાણ સુધી છદ્મસ્થ. મહાવીર ભગવંતના નિર્વાણ પછી આઠ વરસે કેવળ થયું. જો

સુધર્માસ્વામીએ કેવલીપણામાં આ વચન કહ્યું હોત તો તેમને કાળ પ્રત્યક્ષ છે. તો તે કાળ તે સમય સપ્તમી કરી કહેવો યોગ્ય છે. સુધર્માસ્વામી કેવળી હોય તો કાળ, સમય, પ્રત્યક્ષ છે તો તે કાળ તે સમય કહી શકે, પણ પોતે કેવળી ન હોય તો ત્યાં તે કાળ તે સમય શી રીતે કહી શકે ? તો શું કરવું ?

તો ત્રીજી વિભક્તિ કરી નાખો. ત્રીજી વિભક્તિ ક્રિયાવાળા પદાર્થમાં થાય. દાંડાએ ઘડો કર્યો. પ્રવર્તીવાળી ચીજ એ જ કરણ બને તેથી તેમાં તૃતીયા થાય. ક્રિયાની સિદ્ધિમાં જે જરૂરી પ્રયત્ન કરનાર હોય તેમાં જ કરણ-તૃતીયા વિભક્તિ થાય. કાળની સપ્તમી ન માનતા, ત્રીજી વિભક્તિ માનવા જાવ. આધાર ન માનતા અધિકરણ માન્યું. વ્યાપારવાળાને જ તૃતીયા લાગે તેવો નિયમ નથી. દીવાએ વાંચ્યું. દીવામાં જુદી ક્રિયા નથી. ક્રિયા વ્યાપાર વગરના સાધનમાં પણ તૃતીયા થાય. આકાશના લીધે અવગાહ, ધર્માસ્તિકાયને લીધે ગતિ અધર્માસ્તિકાયને લીધે સ્થિતિ, જતાં ને અધર્માસ્તિકાય પકડી રાખે છે ? અવગાહ દેવાની જુદી જુદી જાતની ક્રિયા નથી પરંતુ હેતુ છે. આકાશ અવગાહમાં ધર્માસ્તિકાય ગતિમાં, અધર્માસ્તિકાય સ્થિતિમાં હેતુ છે. આ કાળ અને સમયની ત્રીજી વિભક્તિ હેતુને લીધે નહીં પણ કરણને લીધે, કાળ સમયમાં વ્યાપાર ન હોવાથી હેતુમાં તૃતીયા કરી. હેતુ ભૂતકાળ કેમ કહેવો પડ્યો ? નવતત્વ જાણનાર વિચાર કરી શકશે કે કાળ અઢીદ્વિપમાં મનાય. બહાર ન માનીએ. દેવલોક નરકમાં કાળ નથી. ૧૪ રાજલોક વ્યાપી ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય પુદ્ગલાસ્તિકાય આકાશાસ્તિકાય લોકમાં વ્યાપી છે. કાળ અઢીદ્વીપમાં જ છે, તે કાળનો ફાયદો ક્યો બતાવ્યો ?

**કાળનો ઉપકાર.**

वर्तना परिणाम:क्रिया परत्वापरत्वे च कालस्य ।।५-२२।। तत्त्वा०

વર્તના પરિણામ ક્રિયા પરત્વ અપરત્વ એ કાળનો ઉપકાર

જણાવ્યો. ૧૪ રાજલોકમાં બીજા પદાર્થો, જીવ પુદ્ગલો બધા વર્તના ક્રિયાદિવાળા છે, તો કાળનો ઉપકાર શી રીતે ગણવો ? કાળનો ફાયદો વર્તવું આદિ ગણાવ્યો. અઢીદ્વીપ સિવાય જીવ પુદ્ગલોમાં વર્તના ક્રિયા પરિણામ રહેલા છે. અવસ્થા થાય ત્યારે, ને ધક્કો વાગે ત્યારે પણ ડાઘ લાગે. હાડકા ઢીલા બે પ્રકારે થાય છે. વૃદ્ધાવસ્થા અને બીજું કારણ ધક્કો વાગવાથી. કાળનું કારણ માની તેને લીધે થવાવાળી વર્તના. કેટલાકને રોગથી પણ મૃત્યુ થાય છે. વર્તના બે પ્રકારની, એક સ્વાભાવિક પદાર્થની, બીજી કાળે કરેલી વર્તના. અઢીદ્વીપમાં જે વર્તના બને છે તે સ્વાભાવિક નથી બનતી, કાળની જ કરેલી વર્તના બને છે. બાકીના ૧૪ રાજલોકમાં કાળ વગર બની જાય છે. તે શી રીતે માનવું ? અઢીદ્વીપમાં થાય તે કાળને પ્રતાપે તે સિવાયમાં થાય તે વર્તના સ્વાભાવિક, તે શી રીતે ? લગીર સ્થિર દૃષ્ટિ રાખી શાંતિથી વિચાર કર.

**સૂર્ય-ચંદ્ર ક્યાં અજવાળું કરે છે !**

સૂર્ય-ચંદ્ર ક્યાં છે અને ક્યાં ગતિવાળા છે ? માત્ર તીર્ચ્છા - લોકમાં, ઉર્ધ્વલોકમાં સૂર્ય ચંદ્ર નથી, અધોલોકમાં પણ સૂર્ય ચંદ્ર નથી. ઉર્ધ્વલોકમાં વિમાનના પ્રભાવના લીધે બધે અજવાળું છે. ત્યાંનાં વિમાનો જ્યોતિષ કરતાં પણ મહર્દ્ધિક છે. તેથી અધિક અજવાળું કરે છે. સૂર્યના વિમાનો જો અજવાળું કરે છે તો તેનાથી મહર્દ્ધિક દેવાતઓ અજવાળું કરે તેમાં નવાઈ નથી. પણ તીર્ચ્છાલોક સિવાય ઉર્ધ્વલોક અધોલોકમાં સૂર્ય ચંદ્રના વિમાનો નથી. તીર્ચ્છાલોકમાં બધે જ્યોતિષના વિમાનો છે. તો અઢીદ્વીપમાં જ કાળ કેમ માન્યો ? ઉર્ધ્વલોકમાં આપોઆપ વર્તના થાય, કાળની જરૂર ન હોય, લુગડાં રંગવામાં રંગની જરૂર. કેસુડા કેસરને ક્યાં રંગની જરૂર ? આ વસ્તુઓ રંગથી રંગાય તો કેસર વિગેરેમાં પણ રંગની જરૂર ગણાય ખરી ? ઉર્ધ્વલોક, અધોલોકમાં ફેરવાય થાય તેમાં કાળની જરૂર નથી. કાળ શાના લીધે બને છે ? કાળનું

બનવું સૂર્યચંદ્રની ગતિને લીધે થાય છે. ગતિવાળા સૂર્યચંદ્ર અઢીદ્વીપમાં જ છે. અઢીદ્વીપ બહાર સૂર્ય ચંદ્ર સ્થિર છે, તેથી ત્યાં કાળનું વિધાન નથી. કાળ જ પદાર્થોની ઉથલપાથલ કરે છે. તેથી અહીં રાજગૃહીના વર્ણનમાં કાળને પ્રથમ લેવો પડ્યો. આત્માના ગુણોને અંગે કાળ કારણ છે. પહેલા, બીજા, ત્રીજા આરામાં (છેવટના ભાગ સિવાયમાં) કેટલા કેવળ પામ્યા ?ઉત્સર્પિણીમાં (છેવટના ભાગ સિવાયમાં) કેટલા કેવળ પામ્યા ? ઉત્સર્પિણીમાં ત્રીજા આરા પછી કેવળજ્ઞાન થાય. પુદ્ગલમાં કાળ કાયમ અસર કરે છે. એટલું નહીં પણ જીવના ગુણો ઉત્પન્ન થવામાં કાળ અસર કરે છે. માટે ત્રીજી વિભક્તિ વાપરે છે તે યોગ્ય છે. ૧૪ રાજલોકની તીર્છાલોકની અપેક્ષાએ કાળની અપેક્ષાએ વર્તના સાધરણ રહેલી છે. અઢીદ્વીપનો કાળ પદાર્થની વર્તનામાં કારણ છે. અજવાળાથી દેખીએ છીએ. આપણા દેખવાથી વધતું-ઘટતું નથી. ઉપયોગમાં આવ્યું તેથી અજવાળું ઘટતું નથી, તેથી હેતુ છે. અજવાળાથી પ્રયત્ન કરવાનો પણ આંખ કરણ આંખને પ્રયત્ન કરવાનો, વધારે વખત દેખીએ તો આંખ બળે કે પાણી ગળે, અજવાળું ન બળે. દેખવાથી ગરમી લાગવી, ન દેખવાથી ઠંડક થવી તે આંખ પ્રયત્નવાળી ચીજ હોવાથી, અજવાળાને ક્રિયા કરવાની નથી. અજવાળું હેતુ, આંખ પ્રયત્નવાળી ચીજ તેથી કરણ. કાળ એવી રીતનું કારણ કે પ્રયત્ન ન કરવાનો હોવાથી હેતુરૂપ છે.

**મિનીટ, કલાક, દિવસ, પક્ષ, મહિનો, વર્ષ વિ. એકઠી કરેલી વસ્તુ છે. જેનથી 'કાળ હેતુ નહીં' કેમ કહેવાય ?**

દુનિયામાં મિનીટ, કલાક, જેવી કોઈ ચીજ નથી. બોલાય છે અને ચીજ નથી. બોલાય તે ચીજ હોવી જોઈએ. ચીજ હોય તે જ બોલાય. તો મિનીટ, દિવસ, કલાક, મહીના જેવી કોઈ ચીજ નથી. એકઠી કરેલી વસ્તુ છે. એકઠી થયેલી વસ્તુ નથી. મિનીટ, કલાક, દિવસ, પખવાડીયું, વરસ એકઠી કરેલી ચીજ છે, થયેલી ચીજ નથી. તે બેમાં ફરક શો ? જેમ

કપડામાં બધા એકઠા કરેલાં તાંતણા છે. સાઠ સેંકડ વખત થાય તો મિનીટ, એક સેકંડ જાય ત્યારે બીજી સેકંડ આવે, એવી ૬૦ એક સાથે છે? એક સાથે ૬૦ મિનીટ છે? ૩૦ દિવસ એક સાથે છે? નથી. મગજમાં કલ્પનાથી એકઠા કરીએ. ૬૦ મિનીટને એકઠી કરીએ ત્યારે કલાક કહીએ. કલાક વસ્તુ નથી. એકઠી થયેલી નથી. એકઠી કરેલી છે. સેકંડો, મિનીટો, કલાકો, દિવસો, મહીનાઓ કોઈ જગા પર એકઠા થયા નથી. તાંતણા બધા એકી સાથે છે. તેમ સેકંડમાં મિનીટમાં એક જાય ત્યારે બીજી મિનીટ આવે. આપણે વધારેમાં વધારે ૧૦૦ વર્ષનું આયુષ્ય લઈને આવ્યા છીએ. તેના વધારેમાં વધારે ૩૬૦૦૦ દહાડા.

**અંકુશ વગર દાનતની પવિત્રતા મુશ્કેલ**

એક શેઠનો છોકરો ૩૬૦૦૦ રૂપીઆ લઈ બહારગામ ગયો. મુનીમના હાથમાં કારભાર સોંપ્યો. શાહુકારમાં શાહુકાર મુનીમ આંધળા શેઠને ઘેર બેસે તો ભરાડી ચોર થાય. દેખરેખ વગરનો આંધળો શેઠ તેને ઘેર અંકુશ વગર દાનતની પવિત્રતા રહેવી મુશ્કેલ. એકલા સાધુને વિહારની મનાઈ કરી. પોતાના આત્માના કલ્યાણ માટે દુર્ગતિથી બચવા મોક્ષ સાધવા જ નીકળ્યો છે. શાહુકાર મુનીમ હોય પણ આંધળા શેઠને ઘેર રહ્યો તો પવિત્ર દાનત પણ બગડે, ભરાડી ચોર થાય. ગોટાળાનો પાર નહીં. ૩૬૦૦૦ ની મિલ્કત માટે મુનીમ રાખ્યો, ઓળખીતો માણસ આવ્યો, શું વેપાર કરો છો? મુનીમને કારભાર સોંપ્યો છે, તડામાર પેઢી ચલાવે છે, નજર ચોપડામાં કરો છો? ના. જવાબદારી જોખમદારી તમારી છે. હવે શેઠપુત્ર ચોપડો જુવે છે. ૭-૮ હજાર રૂપીયા એવા ધીરાય છે, કે જ્યાં મુદત જ ગઈ છે. લેનારાના વંશવારસ મરી ગયા છે. આગળ જોવા માંડ્યું તો માલમ પડ્યું કે ૧૦ હજાર એવાને ધીર્યા છે જેને ઘેર એટલા નળીયા પણ નથી, હવે શાહુકારીમાં રહ્યા થોડાં ધીર્યા છે. શાહુકારમાં પણ એટલા વકીલ-

કોરટમાં ખરચીએ તો એટલા આવે. શિહોરવાળાને એક રૂપીયો ધીર્યો છે, પણ જાવ આવો, દહોડો ખોટી થાવ તો રૂપીયો ૧ મળે. બે ખરચો તો બે લાવો. પાંચ ખરચો તો પાંચ લાવો, તેવા ૧૫-૧૭ હજાર ખર્ચ્યા છે. આ શેઠનું વર્તન સાંભળી દયા આવ્યા વગર ન રહે. તે પર દયા આવે છે, તેમ આત્મા ઉપર દયા આવી? ૩૬ હજાર દિવસનું આયુષ્ય લઈને આવ્યો હતો. ૧૮ વરસ સુધી બાપા જાણે, અમે છોકરા છીએ. અજ્ઞાનમાં દરકાર વગરમાં એકાવનના વનમાં પેઠા પછીના દહાડા વરસ ખરા પણ એટલા નળીયા નહીં. ઘણી ફુરસદ મળે, છોકરા પણ ધર્મધ્યાન કરવાનું કહે, પણ વનમાં ગયા પછી અભ્યાસ, તીર્થ યાત્રા તપ કરી શકવાના નથી, તેથી એ નકામા. ૩૦ થી ૫૦ તમારા હાથમાં પણ એક દહાડો જાય ત્યારે એક દહાડો આવે.

આપણી જીંદગીને અંગે એક દહાડો જાય ત્યારે બીજો દહાડો હાથમાં આવે. એક સાથે હાથમાં ન આવે. એમ નહીં એક સેકંડ જાય ત્યારે જ બીજી સેકંડ, મિનીટ, દિવસ, મહિનો વરસ આવે, સાથે નહીં. કપડામાં બધા તાંતણા સાથે છે. એકઠા થયેલા છે ત્યારે સેકંડાદિક એકઠા થયા નથી પણ મગજમાં ગોઠવ્યા છે. કાળ મગજમાં ગોઠવેલી ચીજ છે, વસ્તુ નથી. વરસમાં જેમ મહીના, મહીનામાં જેમ દિવસ તેમ કાળની અંદર ખરેખરી ચીજ સમય. જે મિનીટ કહો, પલ્યોપમ, સાગરોપમ બધા એકઠા કરેલા, એકઠા થયેલા નહીં. સમયરૂપ જ કાળ છે. કાળચક્ર વિગેરે એકઠા કરેલા છે. એ વસ્તુ માત્ર સમયરૂપ છે, કાળ કારણ બને છે તે કાળરૂપે નથી બનતો, સમયરુપે કાળ કારણ બનતો હોવાથી અભયદેવસૂરિ કહે છે કે એકઠો કરેલો કાળ એક વસ્તુ. એકઠા કર્યા વગર સ્વાભાવિક વસ્તુ સમય, તે કાળ તેમજ તે સમય, તે હેતુભૂત કાળ ને સમય બંને અઢીદ્વીપના પદાર્થોના કારણ ભૂત માટે તે કાળ

સમયરૂપ હેતુઓ કરીને.

**પાપના પચ્ચક્ખાણ કરે તો પાપ ન બંધાય.**

હવે હેતુથી શું બન્યું ? કેટલાક સાધનોમાં જ જીંદગી પૂરી કરે. સાધ્ય તરફ દૃષ્ટિ ન કરે. સવાર-સાંજ જીંદગી સુધી પડિકમણા કરનારા છે, પણ સાધ્યનો વિચાર કર્યો કે આમાંથી મારે મેળવવાનું શું ? અવિરતિ રોકવા માટે આ કરૂં છું. વિરતિ કર્મ રોકનારી ચીજ. અન્યદર્શનકારો કહે છે કે કરે તે ભોગવે. જૈન દર્શનકારો એ નથી કહેતાં પણ પ્રતિજ્ઞાપચ્ચક્ખાણ ન કરે તે બધા પાપના ફળ ભોગવે. એકેન્દ્રિયજીવોને માનો છો, એકેન્દ્રિયજીવો તે ક્યાં જીભવાળા હતાં કે જુઠ્ઠું બોલે છે. ક્યાં લંપટી, ચોર, પરિગ્રહી થાય ? તો તેમને પાપ નહીં ને ? પાપ ભોગવતાં નજરે જોઈએ છીએ. પાપની પ્રતિજ્ઞા નહી કરો તો વગર કર્યે ભોગવવું પડશે. આથી પ્રતિક્રમણમાં સામાયિક લેવું પડશે. કરે તે ભોગવે તે સિદ્ધાંત વખતે સામાયિકની જરૂર નથી. જિનેશ્વર ભગવાનના સિદ્ધાંતે પાપના પચ્ચક્ખાણ ન કરે તે ને પાપ બંધાય. મિથ્યાત્વ જેમ કર્મબંધનું કારણ તેમ અવિરતિ પણ કર્મબંધનું કારણ છે. બીજા કોઈપણ સિદ્ધાંત અવિરતિ કર્મ સંસારનું કારણ માનતો નથી. પચ્ચક્ખાણ વિરતિ સામાયિક કરવાની જરૂર શાથી ? અવિરતિ પણ પાપ બંધાવે છે. માટે સંધ્યા કરવા બેસે. ગાયત્રી ભણવા બેસે. એકેમાં પ્રતિજ્ઞાની વાત નથી. પાપના પચ્ચક્ખાણ કરવાનું વિધાન જૈન શાસનમાં જ છે. પચ્ચક્ખાણ ન કરવાથી પાપ બંધાય તેમ માને છે. જીંદગી સુધી પ્રતિક્રમણ કર્યા પણ અવિરતિ ટાળવા માટે સામાયિક પડિકમણાની જરૂર છે, તે લક્ષ્ય ન હોય તો 'હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલીએ હાથ દઈ આવ્યો' કામની વાત ન સાંભળી ને હીરાને સવારે ઘોઘે મોકલશું. ચાર વાગે ઉઠી એ તો ઘોઘે જઈને પાછો આવ્યો. ઘોઘે

દરવાજા પણ ઉઘડ્યા નથી. હીરો નિશાની કરી ઘોઘેથી પાછો આવ્યો. દુકાનમાં શેઠ હીરો ક્યાં છે? ઘોઘે મોકલવો છે. એટલામાં ઘોઘેથી આવી ગયો. આવ્યો, અરે ઘોઘે જઈને આવ્યો, તમને ભરોસો ન હોય તો નિશાની કરીને આવ્યો છું. તેમ અવિરતિ કર્મબંધનું કારણ છે તે ખ્યાલમાં ન લઈએ ને જીંદગીસુધી પડિકમણા કર્યા કરીએ તો તેમાં સાધ્યની સિદ્ધિ ન થાય. આથી સામાયિક બંધ ન કરવા, પણ લક્ષ્ય વધારવું., સામાયિક ક્યા મુદ્દાથી ઉચ્ચરો છો તે સમજો. કંજુસાઈ ન કરવી જોઈએ. તે માટે કહીએ છીએ કે કોણે બાંધ્યોતો કે નાત કરજે. ઉંચો સિદ્ધાંત સમજી અવિરતિ કર્મબંધન રોકવા માટે સામાયિક કરીએ છીએ. સાધનનું કિંમતીપણું સાધ્યની સિદ્ધિ કરે તેને અંગે. કીડીને કંચન મળે તે શા કામનું. કંચન દુનિયાનું સાધન પણ ઉપયોગ કરી શકે તેને. સાધનો સુંદર કિંમતી સારા હોય પણ ઉપયોગ ન કરીએ તો આપણા માટે નકામા છે. તેમ તે કાળ તે સમય હેતુભૂત સાધનથી આગળ જશો કે નહી? કાળ સમય એ બે હેતુથી ક્યું સાધ્ય બતાવવું તે અધિકાર અગ્રે.

# દેશના ૫૮
# રાજગૃહીનગરી વિદ્યમાન છતાં હતી કેમ જણાવી ?

'रायगिहे' त्ति एकारः प्रथमैकवचनप्रभवः कयरे आगच्छइ दित्तरूवे इत्यादाविव, ततश्च राजगृहं नाम नगरं 'होत्थ'त्ति अभवत् । नन्विदानीमपि तन्नगरमस्तीत्यतः कथमुक्तमभवदिति ?, उच्यते, वर्णकग्रन्थोक्तविभूतियुक्तं तदैवाभवत्, न तु सुधर्मास्वामिनो वाचनादिकाले, अवसर्पिणीत्वात्कालस्य तदीयशुभभावनां हानिभावात् । 'वण्णओ'त्ति इहस्थानके नगरवर्णको वाच्यः, ग्रन्थगौरवभयादिह तस्यालिखितत्वात् ।

ટીકાકાર ભગવાન અભયદેવસૂરીશ્વરજી મહારાજ શ્રી ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા કે તે કાળે તે સમયે રાજગૃહી નામનું નગર હતું. તીર્થની પ્રવૃત્તિ આર્યક્ષેત્ર સિવાય ન હોય. દશ દૃષ્ટાંતે મનુષ્યભવ દુર્લભ કહેવાય છે. તેને અંગે કહે છે કે તેવો મનુષ્યભવ મળ્યાં છતાં ક્ષેત્ર આર્ય ન મળે તો, પુન્ય અઢળક બાંધ્યું. રાજાને ઘેર હાથી થયો, પુન્ય સજ્જડ બાંધ્યું પણ આયુ બાંધતાં ચૂક્યો. તિર્યંચના ભવમાં ગયો. અઢળક પુન્ય બાંધ્યું છતાં, ગતિ, આયુ, બાંધવામાં થાપ ખાઈ જાય તો તે પુન્ય મોક્ષમાર્ગમાં મદદ કરનારૂં ન થાય. મનુષ્યગતિ બાંધ્યા સિવાયનું પુન્ય મોક્ષમાર્ગમાં મદદ કરી શકે નહીં. તેવી જ રીતે શાસ્ત્રાકાર કહે છે કે મનુષ્યાયુ બાંધ્યું છતાં આર્યક્ષેત્રમાં ઉપજવાનું ન થયું, અનાર્યક્ષેત્રમાં ઉપજ્યો તો શું થાય ?

રાજાના ઘેર હાથી થયો તે પુન્ય નકામું ગયું, તેમ મનુષ્યપણામાં પણ આવ્યો છતાં અનાર્યક્ષેત્રમાં ઉત્પન્ન થયો. પુન્ય બાંધી રાજાને ઘેર હાથી થયો. ત્યાં માણસો ચાકરીમાં રહે. ખાવા પીવા રહેવાનું સારૂં મળે તે પુન્યમાં શું કરવાનું ? મનુષ્યભવ મેળવ્યો, બધું મેળવ્યું છતાં અનાર્યમાં ઉપજ્યો પરિણામ શું આવે ?

**થોડી પણ ધર્મ વિરાધના આનાર્યક્ષેત્રમાં લઈ જાય**

થોડી પણ ધર્મની વિરાધના, ધર્મ કરનારને પણ અનાર્ય ક્ષેત્રમાં લઈ જાય છે, આર્દ્રકુમારનું દૃષ્ટાંત બધાએ સાંભળેલું છે, પહેલા ભવમાં એક ગૃહસ્થ હતો. સ્ત્રી સાથે દીક્ષા લીધી. પરિણામનું ચળવિચળપણું થયું છે. દીક્ષા છોડી નથી, તેવા ચળવિચળ પરિણામથી સાધુપણું પાળ્યું. તેથી દેવલોક ગયો, પણ દેવલોકેથી ઉતરી અનાર્યમાં જન્મ્યા. એ તો અભયકુમાર સરખા મિત્ર મળી ગયા તો ધર્મ પામ્યા. ધર્મની મનથી આટલી વિરાધના કઈ દિશો પહોંચાડે છે. કાયાથી વિરાધના નથી કરી. છેવટે અનશન કર્યું છે. અનાર્યમાં ઉપજવાનું પરિણામ આવ્યું. ઉત્તમ જાતિકુળ જોઈએ. પરંતુ તે કરતાં ક્ષેત્રને વધારે મહત્તા આપે છે. અનાર્યક્ષેત્રમાં જન્મેલાને ઉત્તમજાતિ, કુળ મળ્યા હોય તે મોક્ષના સાધનમાં ઉપયોગી ન થાય. આર્યક્ષેત્રમાં મેળવેલી જાતિ, કુળ તે મોક્ષમાર્ગના સાધન માટે ઉપયોગી થાય છે, આથી નિર્યુક્તિકારે જાતિકુળ જણાવી પછી ક્ષેત્ર જણાવ્યું કે આર્યક્ષેત્ર મળવું ઘણું મુશ્કેલ. ત્રીસ અકર્મભૂમિ ત્યાં જુગલીઆઓ લાંબા આયુષ્ય, સુખની સામગ્રી છતાં, ત્રીશ અકર્મભૂમિમાં જન્મેલો મનુષ્યત્વ પામ્યા છતાં, હતાં ત્યાંને ત્યાં જ. મોક્ષમાર્ગમાં. જુગલીયા એક ડગલું પણ આગળ વધનારા નહીં. અસંખ્યાતા વર્ષનું આયુષ્ય છતાં ત્રીશ અકર્મભૂમિવાળાને, ૫૬ અંતરદ્વીપ જુગલીયાના ક્ષેત્ર છતાં અકર્મભૂમિમાં, ૫૬ અંતરદ્વીપમાં

ચાલી ગયો. ભલે સુખ ભોગવે પણ મોક્ષમાર્ગમાં વધવાનો નહિ. ત્રીસને અને ૫૬ અંતરદ્વીપને અકર્મભૂમિ તરીકે, ૧૫ ક્ષેત્રને કર્મભૂમિ તરીકે ગણ્યા. કર્મભૂમિ એટલે મોક્ષને અનુકૂળ ક્રિયા સાધવાની ભૂમિ, ક્ષેત્રો તેનું નામ કર્મભૂમિ મોક્ષ સાધવાના અનુષ્ઠાનો જ નથી તેવા ક્ષેત્રો તે અકર્મભૂમિ. ૩૨ હજાર દેશ તેમાં સાડા પચીશ જ દેશ આર્યક્ષેત્ર, અનાર્ય ક્ષેત્રમાં કોઈ કાળે તીર્થંકરની ઉત્પત્તિ થઈ નથી થતી નથી અને થશે નહીં. ચક્રવર્તી બળદેવો, વાસુદેવો ઉત્પન્ન થયા નથી અને થતા નથી, તેથી અનાર્યક્ષેત્ર. મોક્ષે જવા લાયક ક્રિયા અનુષ્ઠાન બને તે કર્મભૂમિ એમ આર્ય અને અનાર્ય વિભાગ કહ્યાં.

**આર્ય - અનાર્ય ક્ષેત્રની ઓળખાણ.**

જેમાં તીર્થંકર ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ ઉત્પન્ન થાય તે આર્યક્ષેત્ર, તીર્થંકરાદિ જ્યાં જન્મ્યા નથી તે અનાર્યક્ષેત્ર. તીર્થંકરાદિ શલાકા પુરૂષોની ઉત્પત્તિ થાય તે ક્ષેત્ર આર્ય. બીજી જગો પર એમ કહેવાય કે ધર્મ એવો શબ્દ સ્વપ્ને પણ ન સંભળાય તે અનાર્ય ક્ષેત્ર. સ્વપ્નમાં પણ ધર્મ એવા અક્ષરો ન સાંભળવામાં આવે તે અનાર્યક્ષેત્ર. આર્ય અને અનાર્ય ની મર્યાદા કઈ અપેક્ષાએ કરી છે તે સમજો. સાડી પચ્ચીશ ક્ષેત્ર જ આર્ય, બાકીના ૩૨ હજાર બધા અનાર્ય. તે સર્વ કાળની અપેક્ષાએ. કોઈપણ ઉત્સર્પિણી અવસર્પિણીમાં તીર્થંકરાદિક ઉત્પન્ન થવા લાયક ક્ષેત્ર તે આર્યક્ષેત્ર. તીર્થંકરો ઉત્તમકુળે ઉત્પન્ન થાય અધમકુળે ઉત્પન્ન ન થાય અધમકુળે ઉત્પન્ન થાય તો આશ્ચર્ય. તેમ તીર્થંકરો ચક્રવર્તીઓ વિગેરે ૨૫ દેશમાં જ ઉત્પન્ન થાય બીજે ઉત્પન્ન ન થાય. બીજા ક્ષેત્રોમાં ઉત્પન્ન થાય તો આશ્ચર્ય કહેવું પડે ભગવાન ઋષભદેવજી મહારાજના કાળવખતે જ્યાં ધર્મ એવા અક્ષરો સ્વપ્ને પણ ન સંભળાયા. ધર્મની વ્યવસ્થા થઈ તે પછી આર્ય. સ્વપ્ને પણ ધર્મ શબ્દ

ન સાંભળ્યો હશે તે અનાર્ય. જે ક્ષેત્રમાં તીર્થંકરાદિ ઉત્પન્ન થાય છે તેમને લાયક ક્ષેત્રો તે આર્યક્ષેત્ર. ધર્મ એવા અક્ષરો ન જણાય તે ભગવાન રીખવદેવજીથી પહેલાના કાળની અપેક્ષાએ જુગલીયાનો કાળ રીખવદેવજીની રાજ્યનીતિ પ્રવર્તી તે આર્ય. જ્યારે રાજ્યનીતિ નથી પ્રવર્તિ તે અનાર્ય. આર્ય-અનાર્ય. કુળઆર્ય જાતિઆર્ય દર્શન, જ્ઞાન, ચારિત્ર આર્ય એવા પણ ભેદો છે. દર્શનાદિ પ્રાપ્ત થાય ચાલી જાય.

મૂળ વાતમાં આવો, મનુષ્યભવ મળ્યાં છતાં એની સફળતા ક્યારે થાય! આર્યક્ષેત્ર મળે તો. તેથી નિર્યુક્તિકારે કુળ જાતિ પછી જણાવ્યા પણ ક્ષેત્ર પ્રથમ જણાવ્યું. આર્યક્ષેત્ર મળી જાય પણ તીર્થંકરનું આલંબન ન મળે તો મોક્ષમાર્ગે ન ચાલી શકે. ક્ષેત્રને અંગે ધર્મને અંગે આટલી જરૂર હોવાથી સૂત્રકારે પહેલા ક્ષેત્રને મુખ્યતા આપી. ભગવાન મહાવીર મહારાજે ગૌતમસ્વામીને ભગવતી સૂત્રનો અર્થ કહ્યો. કાળ અને સમય સપ્તમી વિભક્તિ છોડી ત્રીજીમાં આવ્યાં છતાં ત્યાં અર્થકરણ રહ્યો તે કાળ સમયને લીધે રાજગૃહી હતી તેવો સમય હતો તેથી જ રાજગૃહીની જાહોજલાલીવાળી સ્થિતિ હતી. તેવો કાળ હોવાથી રાજગૃહી સમૃદ્ધ હતી. જગતમાં ૠતુ ૠતુનું કામ કરે છે, તેમ કાળ સમયે કાળ સમયનું કામ થાય છે. રાજગૃહીની તેવી આબાદી છે. પ્રાકૃત ભાષામાં એકારતો સપ્તમી વિભક્તિમાં હોય, દેવે , નૃપે ત્યાં સપ્તમી વિભક્તિ થાય. રાજગૃહે સપ્તમી વિભક્તિ છે. પ્રથમા કોઈ નહીં કહે. ભલે સાતમી રાખ પણ अभवत् ક્રિયાપદનો કર્તા કોણ? ‘रायगिहं नयरं होत्था ’ આમ કહેવું જોઈએ, તે જગો પર ‘रायगिहे’ ત્યાં એકાર ક્યાંથી લાવ્યા? જેમ પ્રથમના એક વચનમાં માગધી જાણનાર સમજી શકે છે કે ‘ઓ’ કાર થાય છે. તો એકાર પણ પ્રથમા એકવચનમાં કરે છે.

દિગંબરોને પૂછીએ ત્યારે જિનેશ્વરનું વચન માથા ઉપર. અમે

તો જિનેશ્વરના વચન પ્રમાણે જ ચાલીએ. સ્ત્રીઓએ લાજ સાથે બજારમાં જવું જોઈએ, આ પદ્ધતિ. પછી પોતાને લાજ હોય કે ન હોય. કુળવાળી અને વેશ્યા પણ સ્ત્રીપણાની મર્યાદા લાજવાળી હોવાથી વેશ્યા પણ લાજ કાઢીને બજારમાં જાય છે. તેમ એ જ દિગંબરો કહે છે કે ભગવાનના વચન 'तहत्ति' માનીએ છીએ. તેમને પૂંછીએ કે સૂત્ર માનો છો ? એ તો વિચ્છેદ ગયા. પોતાના કલ્પેલા ગ્રંથો પ્રમાણે ચાલવું અને ભગવાનના સૂત્રો વિચ્છેદ ગયા બોલવું. ભગવાનના વચન 'तहत्ति' ઢુંઢીયા, તેરાપંથીઓ બધા ભગવાનના વચન કબૂલ પણ માનવાનું ન હોય. તમે કેટલાક એવા ઉભા થાય કે માનવું છે ચાલવું છે શાસ્ત્રવિરૂદ્ધ અને કહેવું છે જુદું. તેમ અભયદેવસૂરિજી કહે છે કે એકાર શાસ્ત્રમાં પહેલી વિભક્તિમાં પ્રાકૃત શૈલીથી થયેલો એકાર આવી શકે છે. તે આપણો દાખલો આપે છે, તેમ જ્યારે શાસ્ત્રથી પહેલી વિભક્તિમાં ए આવી શકે છે તો શાસ્ત્રનો પુરાવો લાવો. 'कयरे आगच्छइ दित्तरूवे' ખુદ ઉત્તરાધ્યયનમાં વાપરેલું પદ સાક્ષીપદ આપવું પડ્યું. રાજગૃહે ત્યાં એકાર પહેલી વિભક્તિમાં છે. કરેમિ ભંતે સમાઈયં, ભંતેમાં એકાર છે, પરંતુ એ સંબોધનની પ્રથમાનો એકાર હોવાથી એનું દૃષ્ટાંત ન દીધું. તેથી અર્થ કેટલો થયો. राजगृहं नाम नगरं એવો અર્થ થયો.

**રાજગૃહી વિદ્યમાન છતાં હતી કેમ કહ્યું.**

રાજગૃહી નામનું નગર 'होत्था' એટલે હતું, હતો, હતી. તેમ પ્રાકૃતને અંગે 'होत्था' એટલે अभवत् એટલે રાજગૃહ નામનું નગર હતું. જે માણસ આવીને બેઠો છે તે વખતે તું આવ્યો હતો તેમ કહીએ તો ? હાજર છે ને હતો કહે છે. જે મનુષ્ય વર્તમાનની જગો પર ભૂતકાળ વાપરે તો મૂર્ખ ગણાય તો તમે શાસ્ત્રકાર છતાં વર્તમાનની જગો પર ભૂતકાળ વાપરો છો. અત્યારે પણ રાજગૃહી નગર તો છે. તો

સુધર્માસ્વામી સરખા નગરી હતી કેમ કહે છે? જેમ આબુજી પાસે ચંદ્રાવતી નગરી હતી તેમ કહી શકાય, કેમ અત્યારે રાજગૃહી નથી? અત્યારે પણ રાજગૃહી નગરી છે, તો અત્યારે હતી તેમ ન કહેવાય. તો કેમ સુધર્માસ્વામી બોલ્યા કે હતી? ત્યારે પ્રશ્ન કર્યો - 'ઉત્તર નહીં આપું' તે જૈન શાસન બહારવાળા માટે મુબારક છે. જમાલી સરખો ભગવાન પાસે આવ્યો તો પણ ઉત્તર દેવો પડ્યો. તો અભયદેવસૂરિને ઉત્તર તો દેવો જોઈએ. રાજગૃહી છે અને હતી કહ્યું છે તે બંને વાત ખરી. એક મનુષ્યકુળમાં રાજાપણું હોય, રાજાપણામાંથી ખસી ગયો. પોતે વિદ્યમાન છતાં ખસી ગયો. પરંતુ શ્રેણિક મહારાજા કેદમાં પડ્યા તે વખતે શ્રેણિક રાજા હતો, કહેવાય કે રાજા છુ એમ શ્રેણીક બોલે. શ્રેણીક હયાત છતા રાજવી પણું, આજ્ઞાકારકપણું નથી માટે રાજા તરીકે શ્રેણિક હતો કહેવાય. મનુષ્ય તરીકે છે પણ રાજા તરીકે હતો તેમજ કહેવાય. અહિં પણ સમજ. રાજગૃહી છે. સુધર્માસ્વામી વખતે હતી છતાં છે એમ ન કહેતાં હતી કહે છે. '[1]વર્ણક ગ્રંથો' રાજગૃહી નામ લઈને અહીં નથી ચાલતાં. રાજગૃહી ઉવવાઈમાં નગરી, રાજા પ્રજાનું જે વર્ણન ખેડૂત, યોદ્ધાનું જે વર્ણન, તે વર્ણનવાળી રાજગૃહી નગરી, વર્ણક ગ્રંથ જે ઉવવાઈ સૂત્રમાં છે. તે ગ્રંથમાં કહેલી આબાદી, તે આબાદીવાળું નગર મહાવીર મહારાજાના વખતમાં જ હતું.

જંબુસ્વામી રાજગૃહીમાં રહેવાવાળા, સુધર્માસ્વામી પાસે દેશના સાંભળી વૈરાગ્ય થયો. ઘેર આવી માતાપિતાની રજા લઈને આવું છું. જ્યાં ગામમાં જાય છે તે વખતે રાજકુંવરોની માંહે માંહે લડાઈ ચાલે છે. તે વખતે જંબુસ્વામીજી પાસે જ ગોળો આવીને પડ્યો. જ્યાં ગોળો આવી

૧. શાસ્ત્રમાં वण्णओ - वर्णक ग्रंथ કહી ચાલે છે ત્યારે ચોક્કસ નગર રાજા-રાણી ઉદ્યાન વિગેરેનું વિસ્તૃત વર્ણન દરેક જગો પર ન વર્ણવતા એક મુખ્ય જગો પર વર્ણવ્યું હોય તે અહીં પણ સમજી લેવું.

પડ્યો ત્યાં જંબુસ્વામી વિચાર કરે છે કે આમા મરી ગયો હતે તો ? માટે પાછા ફર્યા. સુધર્માસ્વામી પાસે આવીને કહે છે કે મહારાજ દીક્ષાની તૈયારી કરૂં છું. પણ યાવજ્જીવ સમ્યક્‌ત્વ અને શીલના પચ્ચ્ખાણ આપો. પછી માતાપિતા સહિત ૮ પ્રિયાને પ્રતિબોધ તેમના મા-બાપને, ૫૦૦ ચોરોને પ્રતિબોધ કર્યા. જંબુસ્વામીની દીક્ષા લગભગ રાજગૃહીમાં લડાઈનો ઉત્પાત મચ્યો હતો. બીજી બાજુ સુધર્માસ્વામીજી જંબુસ્વામીને ભગવતી સૂત્ર આપે છે. ત્યારે રાજધાની જ મટી ગઈ છે, ને ચંપા રાજધાની થઈ છે. તે રાજગૃહી રહી નથી, તે આઝાદી આબાદીવાળી જંબુસ્વામી વખતે ન હતી માટે अभवत् કહેવું પડેલ છે. જે કાળ કહ્યો તે અવસર્પિણી. તે કાળનો સ્વભાવ છે કે રાજગૃહીના ઉત્તમ સ્વભાવની હાની જ થાય. મહાવીર મહારાજ પછી સુધર્માસ્વામીનો વખત પાછળનો હોવાથી શુભભાવ ઘટેલા છે, તેથી રાજગૃહી નગરી હતી તેમ કહ્યું તે વાજબી છે. होत्था શબ્દે જણાવ્યું, કે ઉવવાઈમાં કહેલું આખું વર્ણન લઈ લેવું. તેમ લો ત્યારે જ એ ક્રિયાપદ સાર્થક થાય. આ ઠેકાણે રાજગૃહીના વર્ણન કહેવાવાળો ગ્રંથ અહીં કહી દેવો. ગ્રંથ વધી જવાના ભયથી અહીં કહેલ નથી. પરંતુ ઉવવાઈમાં આબાદી માટે શું જણાવ્યું છે તે અગ્રે -

# દેશના ૫૯
# શ્રેણીક અને મમ્મણ

**અવસર્પિણીની અસર બધે લાગુ પડે.**

स चैवम् - रिद्धत्थिमियसमिद्धे' ऋद्धं - पुरभवनादिर्भिवृद्धं स्तिमितं स्थिरं स्वचक्रपरचक्रादिभयवर्जितत्वात् समृद्धं धनधान्यादिविभूतियुक्तत्वात्, ततः पदत्रयस्य कर्मधारयः, पमुइयजणजाणवए' प्रमुदिता-हृष्टाः प्रमोदकारणवस्तूनां सद्भावाद्, जना-नगरवास्तव्यलोका जानपदाश्च - जनपदभवास्तत्रायाताः सन्तो यत्र तत् प्रमुदितजनजानपदमित्या-दिरौप - पातिकात् सव्याख्यानोऽत्र दृश्यः:।

ટીકાકાર મહારાજા ભગવતીજીની ટીકા કરતાં મંગળાચરણ કર્યા પછી જે પહેલું સૂત્ર જણાવ્યું કે તે કાળે તેસમયે રાજગૃહી નામની નગરી હતી. તેની વ્યાખ્યા આગળ જણાવી ગયા. અત્યારે પણ રાજગૃહી વિદ્યામાન છે તો સુધર્માસ્વામી વખતે વિદ્યમાન હતી તેમાં નવાઈ નથી. પરંતુ જે સુધર્માસ્વામીએ રાજગૃહી હતી તે શી અપેક્ષાએ? મહાવીરમહારાજા વખતે જે ઉવવાઈ સૂત્રમાં રાજગૃહી વર્ણવેલી છે તેવી રાજગૃહી સુધર્માસ્વામી વખતે ન હતી. મહાવીર મહારાજા વખતે મગધદેશની રાજધાની હતી તેમાં જે શ્રેણીકનું રાજ્ય હતું. સુધર્માસ્વામી વખતે કોણીકરાજા, ચંપાનગરી રાજધાની છે. રાજધાની પલટાઈ છે, તેથી રાજગૃહીમાં તેટલી ઉન્નતિ ન રહે તેમાં નવાઈ નથી. એકલું

રાજગૃહી માટે વિવેચન કરવાનું નથી. બધામાં હોત્થા કહેવાયું તે માટે બીજું કારણ જણાવે છે. રાજા રાજધાનીની પરાવૃત્તિ થઈ તેથી હતી એમ કહેવાયું, તેમ દરેક શહેરને અંગે કહી શકાય. અવસર્પિણીની અસર બધે લાગુ પડે. દ્રવ્યના શુભ રસાદિની અનંતીઅનંતી હાની થતી જાય છે. જુગલીયાના શરીર ત્રણ ગાઉના. પૃથ્વીની માટી કામ પડે તો ખાય. આમળા જેટલી પૃથ્વીની માટી ત્રણ ગાઉના શરીરને પોષણ કરનારી શી રીતે બને? રસ કસ કેટલો ચડીયાતો હોય ત્યારે પોષણ ચાલે અવસર્પિણીની શરૂઆતમાં રસગંધાદિક એવા તીવ્ર હોય કે ત્રણ ગાઉના શરીરને આમળા જેટલી માટી પોષણ કરી શકે. તો મહાવીર વખતે જે રાજગૃહી નગરીની આબાદી હોય તે સુધર્માસ્વામી વખતે ન હોય. તે માટે કાળનું અવસર્પિણીપણું હોવાથી આબાદી ઘટતી જાય. ઉત્સર્પિણી અને અવસર્પિણીનો સ્વભાવ ધ્યાનમાં લો. શુભશુભ સ્વરૂપો ગુણો વર્ણાદિક શુભ સ્પર્શાદિકની દરેક સમયે હાની થતી જાય છે. તે ન હોવાથી રાજગૃહી હતી એમ કહ્યું. સમયો કેટલા? સમયે સમયે અનંતગુણહાની કહી શકાય તેથી રાજગૃહીની તેવી આબાદી ન હતી, માટે होत्था-अभवत् હતી તેમ કહ્યું. પહેલા આરામાં કેવળજ્ઞાન મનઃપર્યવ, ૧૪ પૂર્વી મોક્ષ મળવાનો નહીં તો ત્રીજા આરાના છેડે ક્યાંથી લાવ્યા? અવસર્પિણીમાં ઘટવું જોઈએ તો પહેલા બીજા આરામાં કેવળાદિક નથી તો ત્રીજા આરાને છેડે ક્યાંથી માન્યું? અવસર્પિણી ઉત્સર્પિણી પુદ્ગલના વર્ણાદિકને માટે કહ્યું છે. કેવળજ્ઞાનાદિક માટે નથી કહ્યા.

**મમ્મણશેઠ અને શ્રેણીક**

હંમેશા લાલચુ ગીધો ત્યાં ચાંચ મારવા તૈયાર હોય છે. મેળવેલી રિદ્ધિ નિર્ભયપણું હોય તો જ સુખ દેનારી છે. સ્વચક્ર પરચક્રનો ભય

નથી ત્યાં નિર્ભયપણામાં અડચણ નથી. પણ ઉપભોગ ન હોય ને મમ્મણશેઠ જેવી સ્થિતિ હોય તો ? મૂળ વાત એવી બની કે અંધારી રાત છે, મહેલની પેલી બાજુ નદી વહી રહી છે, પૂર આવ્યું છે. મધ્યરાત્રીએ એક માણસ ચાલુ વરસાદ પૂરપાટ વહેતી નદીમાં લાકડા વીણે છે. શ્રેણીક ચેલણા ઝરૂખે બેઠા છે. ચેલણા રાજાને કહે છે કે તમારી બેન, નદીને બેન કહે છે, રાણી ખાનદાન સમજણવાળી છે. રાજાને વિચાર કરતાં મુદ્દો ન માલમ પડ્યો. 'કોયડો કહે ત્યારે કોડીનો, ન કહે ત્યાં સુધી ક્રોડનો.' એ બહેન શી રીતે ? હું એનો ભાઈ શી રીતે ? રાણીને પૂછ્યું, શી રીતે બહેન. પહાડથી ઝરણાનું બધું પાણી એકઠું કરી દરિયામાં નાંખવું, એવો નદીનો સ્વભાવ છે. કોઈના ઉપયોગમાં ન આવે. નદી પાણી લઈને દરીયામાં નાંખે છે. નદી પાણી દરિઆમાં નાખે છે તેથી પાણીની અછત રહે છે. જોઈએ ત્યાં પાણી ન લઈ જાય અને સંકોચ નથી ત્યાં ભરે છે. ભરેલાને ભરવાનો, ખાલીને જોવાનો પણ નહીં. તમે ભરેલાને ભરનારા, જે શ્રીમંતો, ભાયાતો લીલાલહેર કરી રહ્યા છે, તેને ગામ, દેશ જમીન આપો છો. તમારા રાજ્યમાં આવા દુઃખીયારા છે, તમારા રાજ્યમાં તમારી રાજધાનીમાં અમાવાસ્યાની મધ્યરાત્રીએ નદીમાંથી લાકડાં કાઢી બિચારો જીવન નિભાવે છે. આવા દુઃખી તરફ નજર કરી ? નદીને તમારી બહેન કહેવી કે નહિ ? રાજાએ માણસ મોકલી તેને બોલાવ્યો. ઘોર અંધારી રાત્રીએ પૂર આવેલી નદીમાં લાકડાં કાઢવા જાય છે, દરીયામાં તણાઈ મરીશ. માટે તારે જે જોઈએ તે રાજ્ય ભંડારી પાસેથી લઈ જા, પણ આવી કાળી મજુરી છોડી દે. એક બળદનું શીંગડું બાકી છે આપણી શાળા છે તેમાંથી જોઈએ તેવો બળદ લઈ જા. એવો નહિં, તો પછી તારૂ બતાવ પછી તેના જેવો આપું. મમ્મણશેઠ શ્રેણિક મહારાજને ઘેર લઈ ગયો. રાજાનું કુતૂહલ વધ્યું,

શીંગડું ક્યુ? આંખે પાટા બાંધવા કબૂલ. ભોંયરામાં લઈ જઈ બળદ બતાવ્યો. એ શીંગડું તું જ પૂરૂં કર. મારું આખું રાજ્ય વેચાય તેનાથી રત્નો લઈએ તો પણ શીંગડું પૂરૂં ન થાય. પેસતી વખત પાટા બાંધ્યા, અંદર ખોલ્યા. રાણીને કહ્યું કે તું આમ કહે છે તેની આ દશા છે.

**મમ્મણશેઠનો ભોગાંતરાય.**

જગતમાં લાભાંતરાય તૂટવો મુશ્કેલ છે પણ લાભઅંતરાય તૂટ્યા છતાં દાનઅંતરાય તૂટવો, દેવામાં કલ્યાણ થવું તે બહુ મુશ્કેલ છે. લાભઅંતરાય તૂટવા છતાં ભોગઅંતરાય, ઉપભોગ અંતરાય તૂટવો મુશ્કેલ છે. આ કેવો ભોગઅંતરાય બાંધ્યો હશે કે આટલી રિદ્ધિ છતાં નદીમાંથી લાકડાં ખેંચે છે. પૂરના વેગ વખતે તેમાં પડવાના ભાવ શી રીતે કરતો હશે? રાજાએ પૂછ્યું કે શું ખાય છે? સડેલા ચોળા ને ખોરૂ તેલ ખાઉં છું. બીજું ખાઉં તો તાવ આવે, પચે નહીં. આ સમૃદ્ધિ છતાં ખોરૂં તેલ ને જુના સડેલા ચોળા ખાય છે. ભોગાંતરાય બાંધેલા તેના પ્રભાવે આટલી રિદ્ધિ છતાં પોતાને ખાવાના સડેલા ચોળા ને ખોરૂં તેલ. એટલી કંજુસાઈ છે તેમ નહીં પણ તે સિવાય પચે નહિં. જ્ઞાની મહારાજને પૂછવું પડ્યું કે આ શું? આટલી સમૃદ્ધિ છતાં આમ કેમ? પુન્ય પુન્યનું અને પાપ પાપનું કામ કરે.

**પુન્ય કે પાપ ઠેલાતા નથી.**

અન્ય મતોમાં એમ કહેવાય છે કે પુન્યે પાપ ઠેલાય છે, પણ પુન્યે પાપ કે પાપે પુન્ય ઠેલાતું નથી. બાંધ્યા તે ભોગવાના જ છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ અંધ થયો તો પાપનો કે પુન્યનો ઉદય ગણવો. ચક્રવર્તિ અને આંધળો છે. જૈન દર્શનમાં પુન્યે પાપ ઠેલાતું નથી. બંને માટે નિર્જરાનો રસ્તો જુદો છે. માટે જેવું પુન્ય બાંધે તેવું ભોગવવું પડે.

આવું તીવ્ર પુન્ય એક જ કામમાં બાંધ્યું. આમ રિદ્ધિ જબરી,

આમ ભોગાંતરાય પણ જબરજસ્ત. પહેલાં ભવમાં શ્રીમંત છે. મુનિમહારાજનો જોગ છે. લહાણામાં સીંહ કેસરીયા લાડુ આવ્યો છે, તેમાંથી અર્ધ લાડવો સાધુને વહોરાવ્યો. ખાવા બેઠો અર્ધો. રસનાઈન્દ્રિયે બહેંકાવટ કર્યો કે આવો સુંદર લાડવો મેં સાધુને આપી દીધો ? આપ્યો ન આપ્યો થતો નથી. સંઘ બહારના સાધુએ જ અહીં આવવું' તેવો તે ન હતો. આવો સ્વાદિષ્ટ-સુંદર લાડવો સાધુને મેં વહોરાવી દીધો ? મૂળ વાતમાં આવો. મમ્મણે વિચાર્યું કે આવો સ્વાદિષ્ટ લાડુ દઈ દીધો ? એટલો જ વિચાર. શેઠને સાધુ ઉપર દ્વેષ નથી. રસના માટે વિચાર. આવો સરસ પદાર્થ એ મેં આપી દીધો, આ એક જ વસ્તુમાં બે વાના બન્યા. દાન દેવાથી દીધા પછી અનુમોદનાથી અઢળક રિધ્ધિ મળે. પાછળથી આપ્યાનો પશ્ચાતાપ કર્યો, ભોગાંતરાય બાંધ્યા તેથી ખોરૂં તેલ ને સડેલા ચોળા સિવાય બીજું પચતું નથી. દાનમાં અરૂચીવાળાની આ સ્થિતિ તો ધર્મના દ્વેષી, દાનના દ્વેષી, ઉત્થાપકોનું શું થાય ? મમ્મણ નિર્ધન ન હતો, ભિખારી ન હતો પણ દાનમાં કંજુસ હતો. રાજગૃહી એવું નથી. રાજગૃહી તો ત્યાંના અને બહારના આવેલા માટે કલ્પવૃક્ષ સમાન છે. તે અધિકાર અગ્રે.

# દેશના ૬૦
# રાજગૃહી વર્ણન

**કવિઓની કળા.**

ટીકાકાર મહારાજા ભગવાન અભયદેવસૂરિ મહારાજ શ્રી ભગવતીજીની વ્યાખ્યા કરતાં પ્રથમ ઉદ્દેશાની શરૂઆતમાં કોણે કોની આગળ ક્યાં કહ્યું તે વાત આપણી પાસે કોણ કહે છે તે આગળ કહી ગયા. મહાવીર મહારાજે ગૌતમસ્વામીને રાજગૃહીમાં ગુણશીલચૈત્યમાં જણાવી હતી તે વાત જંબુસ્વામીને સુધર્માસ્વામી જણાવે છે કે જંબુ ! તે કાળે ને તે સમયે રાજગૃહી નગરી હતી. આબાદી આઝાદીવાળી નગરી મહાવીર ભગવાન વખતે હતી. કેટલીક વખતે કવિઓ એ સરોવરમાં કમળો ન હોય તો પણ કમળોનું વર્ણન કરવું જ જોઈએ. ' असंतोऽपि निबंध' કવિઓ કેટલીક વાતો હોય તો પણ ન બંધાય ને ન હોય તો પણ કહે. દાંત ઉપર અવાળુ હોય તો તેનું વર્ણન ન કરાય. આમ કવિઓના કેટલાક નિયમો એવા છે કે ન હોય તો કાવ્યગાથા -કવિતા બાંધવી, ન હોય તો પણ બંધાય. તેમ રાજગૃહીની આબાદી વસ્તુ તરીકે છે કે કવિના વર્ણન તરીકે રાજગૃહી પરાની વસ્તીવાળી છે. ગામમાં વસ્તી વધી હોય ત્યારે પરામાં જઈને વસવાનું હોય. પરાઓથી નગરી વીંટાયેલી છે અને મકાનોથી રાજગૃહી ભરપુર છે. અમદાવાદને અંગે કીલ્લો છે. ભદ્ર આગળ પહેલાં ખાલી હતું. કીલ્લા મોટા અંદર ખાલી. ડુંગરપુર વિગેરેમાં ખાલી કિલ્લો બાંધી નગર મોટું દેખાડ્યું હોય તેમ નહીં.

પરાઓ અને મહેલાત વિગેરેથી રિદ્ધિવાળું રાજગૃહ નગર હતું.

**અનર્થોને નોતરનાર અર્થ**

આવું નગર હોય ભયનું પ્રથમ સ્થાન. અનર્થોને નોતરૂં દેનાર પૈસો. રાજા દાઢમાં કોને ઘાલે ? પૈસાવાળાને. દરિદ્રનારાયણના સામું ન જુએ. ચોર નજર કરે તો રિદ્ધિવાળાને ત્યાં. જુગારી કેવાને ફસાવા માંગે ? પૈસાવાળાને. નાગા સાથે જુગાર ન રમે. જુગારી, વેશ્યા, ચોર, રાજાઓ બધા જે નજરો કરે તે પૈસાવાળા ઉપર, જગતમાં રિદ્ધિ મનુષ્યને મોહાવનારી છતાં દુઃખને નોતરા દેનારી છે, તો પછી આખા શહેરની રિદ્ધિ આપત્તિને નોતરાં ક્યાં ન દે ? સમૃદ્ધિ છે ને, આપત્તિ કોઈ પણ લાવી શકતો નથી. શહેર પર આપત્તિ લાવનાર બે વર્ગ. એક દેશનો અને એક શત્રુનો સૈન્ય વર્ગ. રાજગૃહી સમૃદ્ધિવાળી છતાં દેશના લશ્કરનો ભય નથી. શત્રુના લશ્કરનો ભય નથી. સ્વ-પરચક્રના ભયથી વર્જિત એવું રાજગૃહી નગર.

આવું છતાં પણ એક વાત ધ્યાનમાં રાખવી. દુનિયા વધતી હોય તે સાથે નગરી ન વધે તો તેની સાથે તે પણ નિર્ધન. પહેલા કાળમાં ૧૦-૧૫ હજારવાળો રિદ્ધિવાળો ગણાય. આજે એની ગણતરી નથી. ઉદ્યોગો ફરે તેમ ફરવું જોઈએ. પહેલાનું પકડી રાખે તો રિદ્ધિવાળો ન ગણાય. જે જે સામગ્રીઓ સમયાનુસાર જોઈએ, મોટી મહેલાતોવાળું હોય, ભય ન હોય પણ જેસલમેર કીસનગઢ જેવા શહેરો ઉજ્જડ થઈ ગયા હોય, ત્યાં મહેલાતો ઓછી નથી. રાજ્યનો ભય નથી. કેમ પાછા પડ્યા ? એક જ કારણ, જે શહેર મહેલાતવાળું ભય વગરનું હોય છતાં પણ દહાડે દિવસે કદમ કદમ વધવાવાળું હોવું જોઈએ. જીવનના સાધનો, ધન-ધાન્ય, ઉદ્યોગોના સાધનો પુષ્કળ હોય તે જ હરીફાઈમાં ટકી શકે, આગળ વધી શકે. રાજગૃહી નગરીને અંગે સ્થિરપણું જણાવ્યું છતાં સમૃદ્ધપણું, ધન રાજગૃહીના બાપનું. આજકાલ પરસેવો કરીને પેદા કરેલું વટામણમાં ચાલ્યું જાય. ઘુવડનું દળેલું નકામું જાય, તેમ વટામણમાં જતું બંધ થવું જોઈએ. રૂબલ્સ, માર્કસવાળાને પાઉન્ડ કરી મોકલવા પડે. મહેનત તમે

કરી વચમાં માલ કોણે ખાધો? હુંડીયામણનો માર તે ઓછો નથી. સમૃદ્ધિવાળો દેશ હુંડીયામણમાં મારી નાંખે. ધન પુષ્કળ છે જેથી તેનો જ સટ્ટો સુઝે. ધન અનર્ગળ છતાં જ્યાં ખોરાકની ચીજો પેદા ન થતી હો તો અનર્ગળ ધનવાળો દેશ હારે. રાજગૃહી એવું નથી. જીવન-નિર્વાહની ચીજો જે ધન-ધાન્ય આદિ વિભૂતિએ કરી રાજગૃહી નગરી સમૃદ્ધ છે, રિદ્ધિ-સ્થિર અને સમૃદ્ધ. ત્રણેમાં એકે જગો પર વિભક્તિ કેમ નથી? ત્રણે પદનો કર્મધારય સમાસ કરવો. ત્રણે સરખા પરસ્પર જાણે અદેખાઈ કરતા ન હોય. ત્રણે વિશેષણની એકસરખી સ્થિતિ બતાવવા માટે કર્મધારય સમાસ કર્યો. એક સરખા સ્વધર્મવાળા વિશેષણો છે. આટલું છતાં એક વાત ખ્યાલમાં રાખવી, ઉંદર દર ખોદે છે પણ ભોગવે ભોરીંગ. કેટલાક દેશો ઘણી જ ઉત્પત્તિ-પેદાશ કરે. પેદાશને અંગે કાચા સોના જેવા ગણાય પણ એ બિચારા દેશો મજુર જેવા, ઉપભોગ બીજા જ દેશો કરે. તેમ 'रिद्धत्थिमियसमिद्धे' તેનો ઉપભોગ કોણ કરે છે? એ રાજગૃહી નગરી કેવી છે? મનુષ્ય અને ત્યાંના વતનીઓ બહારથી આવેલા મુસાફરો પ્રમુદિત આનંદિત રહે છે એવી તે રાજગૃહી નગરી છે. 'मुद्-हर्षे' પ્રઉપસર્ગ, પ્રકૃષ્ટતાને કેટલીક વખત આરંભને જણાવે છે. प्रक्रमते = શરૂ કરે છે. उपक्रमते = શરૂઆત કરે છે. प्रोपादारंभे એ વ્યાકરણ સૂત્રથી આરંભ માટે વિધાન કરે છે. અહીં પ્રકર્ષતા - તીવ્રતા જણાવવા માટે કહે છે. બહારનો આવેલો મુસાફર કે ગામનો રહેવાસી એક પણ હર્ષ વગરનો નથી. દરેક અત્યંત હર્ષવાળા જ રહે છે. જન અને જનપદ બંને હર્ષવાળા છે. જન = લોક. લોક એટલે વહવહીય, હલકી જાતિના લોક શબ્દથી આવે. ઉંચી જાત માટે મહાજન શબ્દ વાપરવો પડે છે, તેમ અહીં નથી. जनाः નગરના રહેનારા લોકો. જો કે બહારથી આવેલા મનુષ્યો જ છે, છતાં ગામમાં રહેવાવાળાને જ જનઃ શબ્દથી કેમ લીધા? ગાય એ પણ ગો શબ્દથી બોલાય બળદ બંને આવી શકે પણ गोबलीवर्द કહ્યા હોય ત્યારે ગો શબ્દથી ગાય જ લેવાય. બલીવર્દ સાથે કહેલો હોવાથી બળદ

જોડે છે માટે તેમ અહીં મુસાફરો પણ મનુષ્યો છે. મુસાફરો મનુષ્યો છતાં શાસ્ત્રકાર જન શબ્દથી એકલા રહેવાવાળાને જ ગ્રહણ કરે છે. કારણ મુસાફરો જુદા ગણ્યા છે માટે ત્યાંના માલીકો વસવાટવાળા અથવા શહેરી લોકો તે બધા મોજમાં છે. શહેરવાળાઓને કેટલીક સગવડ અપાય છે. મુસાફરોને તેટલી સગવડ નથી અપાતી. મ્યુનિસિપાલીટી શહેરમાં રહેવાવાળા માટે સુખાકારી સાચવે છે. મુસાફરોની કોઈ ખબર રાખતું ન હોય. દેશમાં જન્મેલા લોકો તેની સુખાકારી તેમાં રાજગૃહીનો સંબંધ શો ? तत्र आयाताः सन्तः જે દેશના ચારે બાજુથી રાજગૃહીમાં આવેલા, આવવાવાળા બંને અત્યંત હર્ષવાળા છે.

હર્ષ બે પ્રકારના હોય. કેટલીક વખત અછતી વસ્તુનો હર્ષ હોય. સ્વપ્નમાં રિદ્ધિ આદિ પામ્યા તો હર્ષ પામીએ છીએ, તેવી રીતે વસ્તુનો અસદ્ભાવ છતાં આનંદ અનુભવે છે તે વસ્તુ હોય ને જે આનંદ ન હોય તેના કરતાં સ્વપ્નમાં દેખેલી વસ્તુથી વધારે આનંદ થાય છે. એમ આનંદીત નથી. એ શહેરમાં રહેવાવાળાને બહારથી આવેલા ખુશ ખુશ શાથી છે ? તે રાજગૃહી નગરીમાં પ્રમોદ આપનારી અનેક વસ્તુનો સદ્ભાવ હોવાથી, વાસ્તવિક હર્ષના કારણની જે જે ચીજો તે બધી ચીજો રાજગૃહીની અંદર છે.

કોઈ કોઈ દૃષ્ટાંત દેવાય તે ઉપરથી આખો ચિતાર લઈ શકીએ છીએ. નંદમણીયાર રાજગૃહીનો રહીશ જે સાધુઓના પરિચયથી ધર્મ પામ્યો છે. એટલા સુધી વધ્યો છે કે તન તોડીને પણ તપસ્યા કરનારો છે. તપસ્યામાં વધવું મુશ્કેલ છે. બીજી વસ્તુમાં પારકું દેવાનું છે. ધનમાં મમતા છે તેથી માનેલું મારૂં છે. તેને કાપે તો આંગળી માફક લોહી ન નીકળે. રૂપીયો કાપી નાખે તેથી વેદના નથી થવાની. ખરેખર દુઃખ ચીજ મમતા છે. બહારની મમતા કલ્પેલી છે. દાનમાં કલ્પેલી મમતા છોડવાની છે. દાનમાં સંબંધની મમતા નથી. મારાપણે કલ્પેલી મમતા તે દાનમાં છોડવાની, શીલમાં ઉછળતા મનને દબાવવાની છે. શીલ ચીજ શી ? મનના ઉછાળા, ઈન્દ્રિયોના, શરીરના ઉછાળાને દબાવવું તે શીલ.

તેમાં દુઃખને સંબંધ નથી. મનને કલ્પેલી મમતાને મેલી દેવામાં દુઃખનો સંભવ નથી, પણ તપ એવી ચીજ કે ઘેરે ઘોદો છે. બીજામાં ચીજ ઉપર ભાર દાનમાં, શીલમાં કઈ ચીજ ઉપર ભાર. પારકી કલ્પેલી ચીજ ઉપર ભાર. તપમાં પોતાની કાયા ઉપર ભાર. એ કેવી રીતે કરી શકાય? કલિકાલ સર્વજ્ઞને પ્રશ્ન કર્યો કે જગતમાં દાનની શીલની પરિણતિ ન હોય ને ત્યાગ કરવાના પરિણામે ચારિત્ર લઈ લે. કેટલાક 'ચમડી છૂટે પણ દમડી ન છૂટે.' સાધુ મહારાજને ગૃહસ્થપણામાં દાન ન દીધું. શીલ ન પળાયું.

यः सद्वाह्यमनित्यं च क्षेत्रेषु न धनं वपेत् ।
कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत् ।। योगशास्त्रे.

શરીર અને ધન બેની બાજુ તપાસવી. ધન એવી ચીજ કે ધન ન હોય તો લાવી શકાય. બહારથી મેળવી શકાય તેવી ચીજ, નોકરી કે વેપારદ્વારાએ. શરીર ચાહે જેવા શ્રીમંતનું, બળવાનનું હોય, કોઈના એકના બે શરીર થયા? લાખના બે લાખ થયા, એક ક્રોડના બે ક્રોડ થયા, પણ શરીર એકના બે થયા? શરીર એવી ચીજ કે બીજું ન મેળવી શકાય. જે મેળવી શકાય તેવી ચીજ ધન તેની મમતા ન ઉતારે તો પછી જેને મેળવી શકાય એવું શરીર તેની મમતા શી રીતે ઉતારી શકાશે? ને દુષ્કર ચારિત્ર શરીરની મમતા શી રીતે ઉતારી શકશે? તે દુષ્કર ચારિત્ર શરીરની મમતા ઉતાર્યા વગર શી રીતે આચરી શકશે? મેળવી શકાય તેવી ચીજ હોય છતાં નિત્ય હોય, મેળવ્યા પછી નિત્ય હોય. મોક્ષ એ મળેલો નથી પણ મેળવવાનો છે. મળ્યો એ મળ્યો. મળ્યા પછી મોક્ષ ખસવાનો નહિં.

**મહાશ્રાવક કોને ગણ્યા?**

ધન અનિત્ય છે. લક્ષ્મી ચંચળ કહીએ છીએ, વીજળીના ચમકારા, નદીના વેગ, હાથીના કાન જેવી લક્ષ્મી ચંચળ છે. 'એક પૈસા લેઉંગા સો ગાલી દેઉંગા.' તેમ લક્ષ્મી પોતાના સ્વરૂપની જાહેરાત કરીને આવે છે. દોલત, બે બાજુ લાતો, આવે તો લાત, જાય તો લાત. ધન

આવે ત્યારે વિવેક તો વગડામાં જાય, બસ અમે ગણતરીમાં નહિં. શું અમે સમજતા નથી અક્કલ વગરના છીએ? લક્ષ્મીના મદનો, દારૂનો નશો હોવાથી વાતવાતમાં મગજ ચડી જાય છે. બેભાન બની ગયો છે. જતી વખત બયડામાં લાત મારી સાત વખત રીતની વ્યવહારની વાતમાં બોલવા જાય તો એક વખત ઉત્તર ન દે. લાતની કળ નથી ઉતરી. લક્ષ્મી આવતાં જતાં બંને વખત શૂન્ય કરી મૂકે છે. જતાં અને આવતાં લાત મારનારી લક્ષ્મી અનિત્ય છે. આવે કેઈ વખત, જાય કેઈ વખત. દોરી - લોટાવાળા મહેલાતવાળા થયા, મહેલાતવાળા દોરી-લોટાવાળા થયા લક્ષ્મી આવી ગઈ- સાંભળીએ છીએ પરંતુ શરીર આવ્યું ને ગયું. સાંભળ્યું? રિદ્ધિ સમૃદ્ધિ આત્મ સાથે સંબંધવાળી નથી. મમતા ભાવ છૂટ્યા સિવાય સુખનો છાંટો નથી. રૂપીયા પાથરીને સૂઈ જાય તો ખુંચે. મોંમાં નાખો તો દાંત પાડે. સુંઘવા જાવ તો નાક છોલાય. સોનાની કણી કાનમાં ગઈ હોય તો દાક્તર પાસે જવું પડે. કઈ ઈન્દ્રિયનું ધન સુખ? ફક્ત મનનું માનેલું સુખ. આ શરીર તો ક્ષીરનીર ન્યાયે મળેલું છે. કાયાને જુદી પડાય પણ કાયા જુદી પાડવા માગીએ તો પણ જુદી પડે તેમ નથી. એવી કાયાને બિચારો શી રીતે કસવાનો? ધનને અંગે મનને નથી કસતો તે કાયાને શું કસવાનો ? પણ ખેડૂતો ખાય ખોરો દાણા પણ કોઈ દહાડો વાવવામાં હલકો દાણો ન વાપરે. તેમ અહીં ધનની આ દશા છે. તેમાં ક્ષેત્રો, જિનમંદિર આદિ સાતક્ષેત્ર તને મળ્યા. ખેતરમાં વાવવામાં ખેડૂત સંકોચ ન કરે પણ ખાવામાં સંકોચ હજુ કરે. ક્યારે ચાલ્યું જશે તેનો ભરોસો નથી, તે વાવવા માટે ખેતર મળ્યા છે. મોક્ષ-આત્મકલ્યાણભાવ દયાનો માર્ગ ક્યો? સાતક્ષેત્રની ભક્તિ-આરાધના. એટલા માટે મહા શ્રાવકના લક્ષણમાં એ જ જણાવ્યું કે -

इत्थं व्रतस्थितो भक्त्या सप्तक्षेत्र्यां धनं वपन् -
दयया चातिदीनेषु महाश्रावकमुच्यते ।। योगशास्त्रे.

વ્રતમાં રહેલો હોય, જ્યારે ભક્તિથી જેમ વધારે કરૂં તેમ વધારે સારૂં એવી બુદ્ધિથી સાતક્ષેત્રમાં અને દયાથી દીનાદિકમાં ધન વાપરનાર

મહા શ્રાવક કહેવાય. ભક્તિને લાયત સાતક્ષેત્રો છતાં પણ બિચારો ધન ન વાપરી શક્યો. સરવાળે શૂન્ય જાણ્યા વગરનો કોઈ નથી.

**નિકાશ પ્રતિબંધિત પદાર્થોની મમતા**

ક્રોડો પેદા કરો પણ પરલોકમાં આગળ નીકળો ત્યાં નિકાશનો પ્રતિબંધ. કેટલાક દેશમાં ધન-ધાન્ય, સોના-ચાંદી, ઘી-તેલનો નિકાશ ન થાય, તેમ આ જીંદગીના કારભારમાંથી કશાનો નિકાશ ન થવાનો. આ જીંદગીમાં જે મેળવો, નવું બનાવો બધું પણ નિકાશનો પ્રતિબંધ. આ જીંદગીમાં જે મળેવીએ તેમાંથી એકની પણ નિકાશ નહિં થાય. આ દેહ-ધન બંને છતાં પણ એક કોડી આગળ સાથે લઈ જઈ શકવાના નથી. છ ખંડનું રાજ્ય છતાં સાથે કંઈપણ ન લઈ જઈ શકાય. દેહની-ધનની, મિલ્કત-કુટુંબની, સ્ત્રીની, એકેની નિકાશ તો છે જ નહિં. જે મેળવીએ છીએ તે બધાને અંગે નિકાશનો પ્રતિબંધ છતાં જેની નિકાશની છૂટ તે વસ્તુ લઈ શકતા નથી. પુન્યની નિકાશની છૂટ તો અહીં મેલી દેવાની નથી. ધન-કુટુંબ-સ્ત્રી-કાયા બધું મેલી દેવાનું છે, એક વસ્તુની નિકાશનો પ્રતિબંધ નથી. પુન્યનો પ્રતિબંધ નથી. રોકાણ નહિં. એકેને અંગે છૂટી નથી. રાજ્યના પ્રતિબંધમાં લાખો રૂપીયાના, પૌંડોના એવાને એવા ચોરીછૂપીથી વેપારો ચાલે. આ જીંદગીમાં જે પરભવમાં સાથે લઈ જવાનો પ્રતિબંધ તેમાં ચોરી લાંચ કંઈ ન ચાલે. સજ્જડ પ્રતિબંધ ચારેનો પ્રતિબંધ. માત્ર છૂટ્ટી પુન્યની નિકાશનો, છતાં પ્રતિબંધવાળી ચીજમાં મમતા રહે છે ને પ્રતિબંધ વગરની વસ્તુ મેળવવાની મુશ્કેલ પડે છે. કાયાને અંગે જે મમત્વભાવ, તીવ્ર મમત્વભાવ. એકના બે શરીર થતા નથી. મળે નહીં વધે નહી એવી ચીજ કાયા. તે બિચારો રાંકડો ગરીબડો કાયાની મમતા શી રીતે છોડશે ? આ કાયા પોતાની નથી જાણી કરવાનું ચારિત્ર તે શી રીતે આચરી શકાશે ? નંદ મણીયાર દાન, તપમાં વધેલો ભર ગરમીના દિવસોમાં ચોવિહાર અઠ્ઠમ કરી, ત્રણે દિવસો પૌષધ કરે છે. વરસીતપ ઉનાળામાં કઠણ પડે છે. એકાંતરે ઉપવાસ ઉનાળે કઠણ પડે તો ચોવિહાર અઠ્ઠમ કર્યો છે.

ત્રણે ઉપવાસ પૂરા થયા. ત્રીજે દિવસે રાત્રીએ પરિણામ પલટ્યા. ધર્મનો ટકાવ સદ્ગુરુના સમાગમ સુધી. ઝાડ ચાહેજેવું મોટું પણ પાણીનો કસ પહોંચે ત્યાં સુધી ઉભું રહે, તેમ સદ્ગુરુનો સમાગમ હોય ત્યાં સુધી ધર્મ ટકી રહે. મહાવીર મહારાજા વખતે ૩૬૩ પાખંડી હતા. આમ બેમાં બુદ્ધિ બહેર મારી જાય છે મુંઝાઈ જાય છે તો ૩૬૩ માં તારૂ શું થશે? બેમાં સાચાને પકડી શકતો નથી તો ૩૬૩ મતાવાળા હોત ત્યારે તારૂં શું થાય? મહાવીરના કાળમાં હતે તો તારૂં શું થાત? ૩૬૪ માં તારે પારખવું પડતે. અત્યારે તો બેમાં તારે પારખવું મુશ્કેલ પડે છે. એક બેની પરિક્ષામાં જેની અક્કલ બેર મારી જાય તો ૩૬૩ પાખંડીની વખતે કઈ દશા પામે? કુગુરુનો સદ્ભાવ કે વધારો પણ હોય, અનુસરનારા પણ વધારે હોય. વધારે જે તે બધા કુગુરુ એવો અર્થ નથી. વધારેમાં વધારે વનસ્પતિને છોડીને સિદ્ધો છે. બધા સંખ્યામાં ઓછા, વધારે સંખ્યા હોવાથી નકામા કે સાચા ગણવા તેવો નિયમ નથી. વિવેકી વધારે હોય તે સાચા તેથી શાસ્ત્રકારોએ આચરણનું લક્ષણ લખ્યું ત્યાં 'સંવિગ્ન અને બુધજને આચર્યુ હોય તે સાચું ને શાસનને એ જ માનવા લાયક.' એ જે નંદ મણીયાર તીર્થંકરના વચન સાંભળનારો, સાધુના પરિચયમાં ન રહ્યો ત્યારે તેની દશા શી થઈ? દૃષ્ટિ લોકોને પોષવાની થઈ. એક ગામની દિશામાં લોકોને પાણી પીવા માટે વાવડી એક બાજુ ભૂખ્યાને ખાવા માટે રસોડા બનાવ્યા. તિર્યંચની ગતિનું ખાતું વાવડી સૂવાના ખાવાના સ્થાન બનાવ્યા, તે વાવડીમાં તીર્યંચ દેડકો થયો. ભક્તિનું ક્ષેત્ર ભૂલ્યો ને લૌકિક ક્ષેત્રમાં ગયો તે કાળ કરી દેડકો થયો. ધર્મ ભૂલેલો લોકો માટે આટલું કરનારો તો બીજા રાજગૃહી માટે કેટલું કરતા હશે. લોકો ખુશમાં તેમજ સુખી રહે છે. હર્ષ સુખના કારણભૂત વસ્તુઓ ત્યાં રહે છે. ઉવવાઈનું બધું વર્ણન અહીં જોડી દેવું. હવે નગરીનું વર્ણન. બગીચાની દિશા જણાવવી છે. હવે રાજગૃહીનું વર્ણન કર્યા પછી ગુંણશીલવન ક્યાં છે તે વિગેરે અધિકાર અગ્રે-

# દેશના ૬૧
# ચૈત્યશબ્દની વિચારણા

'तस्स णं' ति षष्ठया: पञ्चम्यर्थत्वात्तस्माद्राजगृहान्नगरात् 'बहिय'त्ति बहिस्तात् 'उत्तरपुरच्छिमे' त्ति दिशाभागो दिग्रूपो वा भागो गगनमंडलस्य दिग्भागस्तत्र ' गुणसिलयं नाम चेइयं' त्ति चितेर्लेप्यादिचयस्य भाव: कर्म वेति चैत्यंसञ्ज्ञाशब्दत्वाद्देवबिम्बं तदाश्रयत्वात्तद्गृहमपि चैत्यं, तच्चेह व्यन्तरायतनं, न तु भगवतामर्हतामायतनं, ' होत्थ' त्ति बभूव, इह च यन्न व्याख्यास्यते तत्प्राय: सुगमत्वादित्यवसेयमिति ।।४।।

ટીકાકાર ભગવાન કહે છે કે આકાશનું ચક્ર સર્વલોકાલોકમાં વ્યાપક છે. જે ગગનમંડળ જે તેનો ભાગ તે દિગ્ભાગ. રાજગૃહી બહાર ઈશાન ખૂણામાં ગુણશીલ નામે ચૈત્ય છે. પ્રતિમાને લોપનારાને ચૈત્ય શબ્દથી ચીડ ચડે છે. જ્યાં જંઘાચારણ વિદ્યાચારણે ચૈત્યવંદન કર્યા. ચૈત્યોના વર્ણન કર્યા. ચીડ ચઢવાથી ચૈત્ય એટલે બગીચો, વન કહે છે. તેથી ગુણશીલને ચૈત્ય કહ્યું. બાગ આરામને ચૈત્ય કહ્યું. ગુણશીલ આરામને ચૈત્ય કહેવામાં આવ્યું છે. માટે ચૈત્ય શબ્દથી બગીચો લેવો, તેમ કહેનારને અભયદેવસૂરિજી ખુલાસો કરે છે. જંઘા-વિદ્યાચારણ સરખા બગીચાને તો વંદન નહી કરેને ?

**ચૈત્ય શબ્દની વ્યાખ્યા.**

ચૈત્ય એટલે સાધુ. તેમને વ્યાકરણ એટલે વાઘરણ

ભગવતીસૂત્રને અંગે ભગોતિસૂત્ર, પન્નવણાને પનોણા કહે છે. વ્યાકરણને બીનજરૂરી ગણનારા મનમાને તેમ બોલવું. જુઠું બોલવાનો ડર નથી. નવા મતવાળાને ડગલ ડગલે જુઠું બોલ્યા વગર રહેવાય જ નહિં. એક જુઠું બોલી હજારો જુઠ્ઠા બોલવા પડે. બચારાને મૂર્તિ માનવી નથી એટલે ચૈત્ય શબ્દનો બગીચો અર્થ કર્યો. ચૈત્ય શબ્દ લીધો નથી, પણ મતના કદાગ્રહથી ચૈત્યનો અર્થ સાધુ શબ્દ કરી દેવો પડે છે. નવા થનારા પોતાનું જુનું કહેવા હંમેશાં તૈયાર રહે છે. દેરા ચૈત્યવાસીઓએ ઉભા કર્યા છે. વચલાને ખસેડે ત્યારે જુનામાં ગણાય. અત્યારે નવીન મતવાળા આ તો વચમાં ગોરજીએ ખોસી ઘાલ્યું છે. નિર્યુક્તિ દશાશ્રુતસ્કંધ વિગેરેમાં આગમમાં કહેવા છતાં નવીનોને માનવું નથી. ચૈત્ય શબ્દથી રાજગૃહી નગરીની બહાર ઈશાન ખૂણામાં ગુણશીલ નામનું ચૈત્ય-બગીચો છે. મારી છાશ મીઠી, બીજાના દુધને ખાટું કહેવરાવવું.

વાત ખરી પુરૂં સાંભળ! પાણી પહેલા મોજાં ન ઉછળે. પાણી આવ્યા પછી ઉછાળા હોય. ઉછાળારૂપ મોજાં તે પાણી આવ્યા વગર ન હોય. અમે શું કહીએ છીએ તે સાંભળ. તું પ્રથમ સમજ! પછી જે કહેવું હોય તે કહે. તમે વનને ચૈત્ય કહ્યું, ચૈત્યથી વન કહ્યું. ત્યારે અભયદેવસૂરિજી ખુલાસો કરે છે, કે - મહાનુભાવ! ચૈત્ય શબ્દ શાથી બન્યો ? ચિઙ્ ધાતુ ચણવામાં એકઠું કરવામાં હોવાથી અહીં ચૈત્ય એવી વસ્તુ લેવી પડી કે એકઠી કરેલી હોય, સ્થાપેલી હોય, જે લેપ વિગેરે માટી ખડી રંગના લેપ લેપ્યાદિક જે એકઠા કરવા તેને ચૈત્ય કહેવાય. વ્યાકરણના નિયમથી ભાવ કે કર્મમાં પ્રત્યય લાવી ચૈત્ય શબ્દ કરાય. વ્યુત્પત્તિ કેટલીક વખત પદાર્થ સાથે સંબંધ રાખે, કેટલીક વખત ન પણ સંબંધ રાખે.गच्छति इति गौः, પદાર્થનો સ્વભાવ જુદો જ હોય. તે શબ્દની

વ્યુત્પત્તિ સાથે મેળ ખાય તેવો નિયમ નહીં. દીપક-દીપયતિ સ્વભાવ અને અર્થ એવો છે પણ દરેક શબ્દો ગુણવાળા જ અર્થો હોય તેવો નિયમ નથી. ઈન્દ્રગોપક લાલ કીડાને કહીએ છીએ. અર્થ ઈન્દ્રનું રક્ષણ કરે. પોતાના રક્ષણના ઠેકાણા નથી તે ઈન્દ્રનું શું રક્ષણ કરશે? તેમ ચૈત્ય શબ્દને અંગે વ્યુત્પત્તિ કરી, લીંપણ ચુના માટીના થેપડા કરી બનાવેલું અર્થ કર્યો, પણ પદાર્થ ક્યો? ચૈત્ય શબ્દનો અર્થ દેવતાની પ્રતિમા. અભયદેવસૂરિ પોતે ખુલ્લા શબ્દોમાં કહે છે કે ચૈત્ય શબ્દથી દેવતાની પ્રતિમા લેવાય.

આ ક્રિયાવાચક ગુણવાચક દ્રવ્યવાચક ને સંજ્ઞાવાચક શબ્દો હોય છે. તેમાં ચૈત્ય શબ્દ ક્યો વાચક છે? આ ચૈત્ય શબ્દ સંજ્ઞાવાચક છે. તેમ હોવાથી गच्छति इति गौः, તે સૂતી, ચાલતી કે બેઠી હોય તો પણ ગાય. ગો શબ્દ સંજ્ઞાવાચક છે. સંજ્ઞાવાચક હોવાથી વાચ્યપદાર્થ જણાવે. જે अ થી औ સુધીના સ્વર તેની સંજ્ઞા પછી, પુરૂષોત્તમ અને રણછોડ બેથી કૃષ્ણ કહેવાય, પણ બાપ દીકરાના નામ હોય તો સંજ્ઞા હોવાથી જુદા પડે છે. તેથી ચૈત્ય શબ્દ સંજ્ઞાવાચક હોવાથી દેવતાની પ્રતિમા લેવી. એક અર્થ છતાં સંજ્ઞાનામ જુદા જુદા પાડ્યા છે. ધુળાજી-કચરાજી-પુંજાજી નામ પાડ્યા તેથી જુદા લેવા પડે, અર્થ એક છે. પણ સંજ્ઞાવાચક હોવાથી જુદા છે. તેથી ચૈત્ય શબ્દથી દેવતાની પ્રતિમા જ લેવાય પરંતુ એવી તમારી સ્થિતિ થઈ કે विनायकः प्रकुर्वाणो रचयामास वानरः । માટીની ગણપતિની મૂર્તિ રચના કરતાં મોં આગળ સૂંઢ કરે તો ગણપતિ, એજ સૂંઢ પાછળ કરે તો વાંદરો બની જાય. તેમ દેવતાની પ્રતિમા સાબીત કરવા ગયા તેમાં તમારૂં આખું પ્રકરણ બગડી ગયું. રાજગૃહીના ઈશાનખૂણામાં ગુણશીલનામની દેવની મૂર્તિ એવો અર્થ થયો ને? ધીમે રહી વસ્તુ વિચારો અગર ઉતાવળા થાવ તો, ચૈત્ય એટલે

દેવની મૂર્તિ એમ અર્થ કરો છો. તેનો આધાર હોવાથી જે બિંબ-મૂર્તિ હોય તે મંદિર વગર હોતી નથી. દેરાસરની અંદર આદીશ્વરની મૂર્તિ હોય. ક્યે દેરે ગયા હતા? આદીશ્વરને ગોડીજીને દેરે ગયા હતા. ગોડીજી ગયા તેમ કેમ બોલો છો ? જે મૂર્તિહોય તે આખા દેરાસરને તે નામે બોલાય. ચિંતામણી આદીશ્વરજીથી આવ્યા, તે ગોડીજી પાર્શ્વનાથ જેમાં બિરાજ્યા છે, તે આખા દેરાસરને ગોડીજી, આદીશ્વરજી, ચિંતામણિજી કહીએ છીએ. દેવતાની મૂર્તિ જેમાં બિરાજમાન હોય તેને ચૈત્ય કહીએ છીએ. એ મૂર્તિ જે દેરાસરની અંદર હોય તે આખાને તે નામથી બોલાવાય છે. તે દેવતાની મૂર્તિ જેમાં સ્થાપના કરી હોય તેને ચૈત્ય કહેવાય. આથી જાવંતિ ચેઈઆઈં દેવતાની મૂર્તિઓ જ્યાં જ્યાં બિરાજમાન હોય ત્યાં ત્યાં નમસ્કાર કરે છે.

એક વાત નવી બની. સાધુપણાનું સત્યનાશ નીકળ્યું. રાજગૃહી બહાર ઈશાનકોણમાં ગુણશીલ નામનું દેરાસર હતું. તે દેરાસરમાં ભગવાન રહ્યા ને? ધર્મ અને સાધુપણું બંનેનો નાશ થયો. મહાવીરમહારાજા, ગૌતમસ્વામીજી દેરાસરમાં રહેતા હતા. શું ભગવતીજીની રચના દેરાસરમાં થઈ? જો આ વાત તમારે કબૂલ હોય તો સાધુપણામાં દેવના દેરાસરમાં રહી ખાવું પીવું એનો અર્થ શો? વૈમાનિક દેવતાઓ, જ્યોતિષીદેવતાઓ, ભૂતડા, વ્યંતરો પણ ભગવાનની મૂર્તિ તથા દાઢાઓની આશાતના ટાળે, તેવા દેરાસરમાં ભગવાન ગૌતમસ્વામી રહ્યા, ત્યાં સૂત્ર આપ્યું. તેમ માનવું ને?

**વ્યાકરણ વિરૂદ્ધ શબ્દ પ્રયોગ કરે તો મૃષાવાદ.**

ચૈત્ય એટલે જિનેશ્વરની પ્રતિમાને ચૈત્ય કહેવાય, બીજી પ્રતિમાને 'ચૈત્ય ન કહેવાય તેમ નથી. જિનેશ્વરનું મંદિર તેમ વિષ્ણુઆદિના મંદિર કહેવાય છે. જે જિનેશ્વરના મંદિરની વાત ચાલતી

હોય ત્યાં અન્યના મંદિરની ભૂતને નાગને જક્ષને માટે આરંભ કરે તે આરંભનું નામ અર્થદંડ, ભૂતાદિના મંદિર પાપના કારણ જણાવ્યા તો જિનેશ્વરના નામ પણ ગણાવતે ને ? મંદિર, દેરૂં તે પણ ચૈત્ય કહેવાય. ગુણશીલની મૂર્તિ તે મૂર્તિસ્થાન દેરૂં, વ્યંતરનું મંદિર, અરિહંતનું આ દેરૂં નહિ. મહાવીરભગવાનનું સમોસરવું ગૌતમનું ઉતરવું તે વ્યંતરનું દેરૂં હોવાથી ઉતરવું બને છે. ગુણશીલનામનો વ્યંતર, તેની મૂર્તિ તેથી ઓળખાતો આખો બગીચો, લક્ષ્મી-માઘવબાગ મૂર્તિ લક્ષ્મીની માઘવની તેથી તે મૂર્તિવાળું મંદિર તે મંદિરવાળો બાગ. લક્ષ્મીબાગ-માધવબાગ, જેમ સાચું બોલવું તે સજ્જનતાનું કામ, વ્યાકરણ પ્રમાણે બોલવું તે શાણપણાનું કામ. વ્યાકરણથી વિરૂદ્ધ શબ્દપ્રયોગ બોલે તેને શાસ્ત્રકાર મૃષાવાદ ગણાવે છે. સમાસ તદ્ધિત્ ધાતુ કૃદંત સંધિનો ખ્યાલ ન હોય ને બોલે તે મૃષાવાદ તેથી વ્યાકરણ ભણવાની આવશ્યતા જણાવી છે હવે જેનુ વ્યાખ્યાન કરીએ તે સુગમ હોવાથી તેની વ્યાખ્યા નથી કરી તેમ સમજવું. હવે આગળના પાંચમાં સૂત્રમાં શું કહેવાશે તે અગ્રે.

# દેશના ૬૨
# શાસનનો પાયો કરેમિ ભંતે

ते णं कालेणं ते णं समए णं समणे भगवं महावीरे आइगरे तित्थगरे सहसंबुद्धे पुरिसुत्तमे पुरिससीहे पुरिसवरपुंडरिए पुरिसवरगंधहत्थीए,

ભગવાન સુધર્માસ્વામીજી શ્રી જંબુસ્વામીજીને ભગવતીની વાંચના દેતા પ્રથમ મંગળાચરણમાં પંચપરમેષ્ઠિ તથા બ્રાહ્મીલિપિને તેમજ શ્રુતજ્ઞાનને નમસ્કાર કરી રાજગૃહી નગરમાં જ્યાં ગૌતમસ્વામીને પ્રશ્નોત્તરરૂપે ભગવતીસૂત્ર આપ્યું હતું. તે વાત જણાવી, ક્ષેત્રકાળનું નિરૂપદ્રવપણું જણાવ્યું. ક્ષેત્રકાળ સાધારણ કારણ.પાણીમાં જેવો રંગ ભળે તેવું થાય. પાણી રંગ પકડે છે. જેવો રંગ મળે તેવો રંગ પાણી પકડે. પાણી રંગમાં સાધારણ કારણ તેમ ક્ષેત્રકાળ બંને કારણો છે પણ તે સાધારણ કારણો સાધારણ હોવાથી તે કાળ નરક ઉંચા દેવલોક ને મોક્ષને લાયકનો કાળ. ત્રીજા આરાના છેડા સુધી નરક નહીં. ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમ સુધી નરકે જવાનું ન હોય. તે કાળ નરકનું કારણ ન હતો તેમ ઉંચા દેવલોકનું કારણ નહિં. જુગલીયા દેવલોકે જાય પણ પોતાની સ્થિતિથી વધારે આયુષ્યમાં નહિં. ત્રણ પલ્યોપમથી વધારે સ્થિતિવાળા દેવલોકમાં ન જાય. પહેલો સૌધર્મદેવલોક તેમાં બે સાગરોપની સ્થિતિ, એટલે ૨૦ કોડાકોડ પલ્યોપમની સ્થિતિ, તે જગો પણ ત્રણ પલ્યોપમ સ્થિતિવાળા દેવલોકમાં ઉત્પન્ન થવું તેનો અર્થ શો ? જુગલીયા ઉંચો દેવલોક પણ પ્રાપ્ત કરી શકે નહિં. જુગલીયામાં ધર્મચક્રને અંગે ન કોઈ દેશવિરતિ કે સર્વવિરતિ, ઉપશમ કે ક્ષપક શ્રેણી

તેમ મોક્ષ ન પામે. ત્રણ પલ્યોપમ જેટલા દેવલોકનું કારણ જુગલીયાને. ૧ દહાડો મનુષ્ય જન્મીને જીવે, કહેવાય મનુષ્ય, તેમ ઉંચો દેવલોક મેળવવાની તાકાત તે જુગલીયાના કાળમાં ન હતી.

ત્રીજા આરાના છેલ્લા ભાગથી જે કાળ શરૂ થાય તે બધી તાકાતવાળો. નીચો ઉતરે તો સાતમી નરક સુધી, ઉંચો જાય તો સર્વાર્થ સિદ્ધ સુધી, તેમ દેશવિરતિ સર્વવિરતિ ઉપશમ-ક્ષપક શ્રેણી કેવળ અને મોક્ષ પણ પામે. એકલા ઉંચા કે નીચાનું કારણ નહીં. મેંશનો ચાંલ્લો કે કંકુનો ચાંલ્લો પણ પાણી ભેળવીને, બે એ ચાંલ્લામાં પાણી તો જોઈએ. પાણી એ કંકુના તેમજ મેશના ચાંલ્લામાં કારણ બને. બંનેમાં પાણી કારણ બને તેમ ત્રીજા આરાથી ચોથા આરાના છેડા સુધીનો કાળ સાતમી નરક ને મોક્ષ બંનેનું કારણ છે. કાળ સમયનું વર્ણન કરેલું છે. તેનું ઉચ્ચપણું કોના આધારે? પાણીનું ઉચ્ચપણું કંકુના ભળવાના આધારે, નીચપણું મેશમાં ભળવાના આધારે. તે કાર્ય કરનાર ઉપર આધાર રહે. કાળ પાણી માફક કારણ ખરો તેમ અહીં યોગ્ય ક્ષેત્ર ને કાળ મળવા જ જોઈએ, તો ઉત્તમ ને અધમ પણ થાય. આ ક્ષેત્રકાળમાં ઉત્તમ સાધન કયું મળ્યું ? જેની જેટલી બુદ્ધિ હશે તે પ્રમાણે વચન નીકળશે.

**મહાવીરભગવાનના નામો પાડવામાં નામની સાર્થકતા.**

દુનિયાદારીમાં વચનનો આધાર વક્તાની બુદ્ધિ ઉપર રહેલો છે, તેમ ભગવતી મોટું ઉંચુ ગણીએ છીએ તો તેના વક્તા કોણ? વક્તા બે પ્રકારના નામથી પ્રસિદ્ધ હોય. એક માતા-પિતાના થાપેલા નામથી, એક દુનિયાએ સ્થાપેલા નામથી. ભગવાન મહાવીરસ્વામીના બે નામો હતા. માતાપિતાએ બાર દિવસ અશુચિના ગયા. તીર્થંકર મહારાજને અશુચિના પુદ્ગલો ન હોય છતાં વ્યવહાર ૧૨ દિવસ જાળવવો પડે. તીર્થંકર સરખા માટે ૧૨ દિવસ અશુચિના જાળવવા પડે. હિન્દુ કોમ જન્મમરણ સૂતકો માન્યા સિવાય નહિં રહે. હિન્દુ કોમ બહાર હોય તે સૂતક ભલે ન માને. संपत्ते द्वाद्दशमे दिवसे. બારમો દિવસ આવ્યો. જન્મકર્મની અશુચિ નિવૃત્તિ થઈ, ત્યારે કુટુંબીઓને બોલાવી ભોજન

કરાવી પોતાના મનોરથ જણાવ્યા, કે જ્યારથી ગર્ભમાં કુંવર આવ્યો. ત્યારથી હમો રાજ્યાદિકથી વધ્યા છીએ. શત્રુઓ કબજામાં આવ્યા, તેથી કુંવરનું નામ વર્ધમાન રાખીશું. તેનું વર્ધમાન નામ હો. તે વર્ધમાન નામ મા-બાપનું કરેલું નામ. મા-બાપ સ્નેહઘેલા હોતા નથી. વસ્તુ સ્વરૂપ જોવાવાળા હોય છે. મા-બાપના કરેલા નામોમાં ગુણો સાથે નિયમ રહેતો નથી. દરેક મા-બાપ છોકરાનું સારૂં નામ કરે, પણ એમ છોકરા તરીકે નહિં પણ ગુણથી બનેલું એવું વર્ધમાન રાખીશું. ફલાણા કુળમાં ઉત્પન્ન થયો તેથી નહિં. પણ ગુણથી ઉત્પન્ન થયેલું વર્ધમાન નામ રાખે છે. વાઘણ પોતાના બચ્ચાને ભોળો ભદ્રિક માને સૌમ્ય માને. હવે વાઘણનું બચ્ચું કેટલું સૌમ્ય ને ભદ્રિક હોય? મા-બાપ ચાહે જે નામ આપે પરંતુ પ્રકૃતિ પ્રવૃત્તિને લીધે જગત નામ આપે. ઉત્થાપક ને પ્રભાવક નામ આપવામાં કોઈ ના પાડનાર નથી. પરંતુ વસ્તુસ્થિતિએ નામ ડાહી દુનિયા કહે ત્યારે. માબાપના પાડેલા નામ ઉપર એટલા મજબૂત રહી શકીએ નહીં.

**મહાવીર એ આખું નામ નથી. એ નામ કોણે પાડ્યું ?**

'समणे भगवं महावीरे' સૂત્રમાં નામ લેવાય છે. શ્રમણ ભગવાન મહાવીર નામ માનું, બાપનું, કુટુંબનું, કરેલું નામ નથી પણ તે નામ દેવતાઓએ મળીને કર્યું છે. મહાવીર શબ્દ પ્રચલિત થયો છે પણ તે મહાવીર એ નામનો ભાગ છે. પુરૂષોત્તમદાસ ને દાસ કે પુરૂષોત્તમ કહીએ તે આખા નામનો અંશ છે. મહાવીર નામ એ દેશ નામ છે. આખું નામ નહિં.

**સ્વાર્થી દુનિયા**

મનુષ્યોમાં કેટલાક એવા સ્વાર્થખાતર નામો હોય. वेश्या रागो धनीनां धने કોઢીયો ધન દેનાર હોય તો જીવનનો સ્વામી માનવામાં વેશ્યાને હરકત નથી. દુનિયાદારીમાં સ્વાર્થસિદ્ધિ એવી ચીજ કે ત્યાં શું બોલવું, ચાલવું, કેમ વર્તવું, તેનો નિયમ નથી. એવી કઈ પ્રજા, ટોળી,

કે સમુદાય છે કે જેને દુનિયા સાથે સ્વાર્થનો સંબંધ ન હોય? દેવતાઓને મનુષ્યો સાથે સ્વાર્થનો સંબંધ નથી. દેવતા દેનાર છે તેવા દેવતાઓને મનુષ્યની પરસી કોઈ જાતની હોય નહિં. 'देवा वि तं नमंसंति' દેવતા પણ તેને નમસ્કાર કરે છે. મનુષ્ય સ્વાર્થ ખાતર બોલશે કે જેવો વખત. રાજાએ રીંગણા ખાધા, લગીર ઠીક લાગ્યું. સભામાં રાજાએ કહ્યું કે રીંગણા આવા ફક્કડ. પાંચસાત દિવસ પછી રાજાને વાયુ થયો. આ રીંગણાએ આમ વાયુ કર્યું. હા સાહેબ ! રીંગણા એવા ખરાબ છે. તે દહાડે સારામાં સાક્ષી પુરતો હતો, આજે ખરાબમાં સાક્ષી પુરે છે. સાચી વાત કહું છું. તમો જે બોલો તેનું પોષણ કરૂં છું. જેની પાસે પોષણ લેવું હોય તેને અંગે પ્રધાનને અનુકૂળતાએ બોલવું પડે છે, દુનિયાની દરકારસ્વાર્થ સંબંધ ન હોય તેવો બોલે તેમાં ભરોસો છે. તેથી દેવતા પણ નમસ્કાર કરે છે. દેવતા ગુણ વગર ઢળે નહિં, તેમ મહાવીરમહારાજાનું નામ દેવાતાઓનું કરેલું છે. કલ્પસૂત્રમાં વારંવાર સમણં ભગવં મહાવીરે નામ આવે છે.

## નિ:સ્વાર્થપણે દેવોએ કરેલું નામ

નિસ્વાર્થપણે કરેલું નામ, જેને મન કાબુમાં છે. ચાહે ભય ભયાનક ભૈરવ સંકટ આવો છતાં મનમાં કંઈપણ ફરક નહિં. હાથીની પ્રકૃતિ, શેરીના કુતરા બધા ભસે તો પણ આંખ ફરકતી નથી. કુતરા ભસે તેની કિંમત નથી. પોતાના સ્વભાવમાં ચાલ્યો જાય ત્યારે જ હાથી બને. હાથીનું વર્તન લાવવું બહુ મુશ્કેલ છે. હાથીને ખવડાવતાં મુશ્કેલી પડે છે. મહાવતને ઉભા રહી ગોળા કરીને સુંઢ સુધી પહોંચાડવા પડે છે. આપતાં આપતાં લગીર છીંકી દે તો રીસાઈ જાય. તેમ અહિં શ્રમણભગવાન મહાવીરમાં શ્રમણપણું છે. ચાહે જેવા ઉપસર્ગો જેના મનને અસર કરનાર નથી. ઈંદ્રો સુખ શાતા પૂછવા આવ્યા તો પણ મનને અસર થતી નથી. તેથી મન સ્વાધીન છે, કાબુમાં છે. છ મહિના સુધી ચોવિહાર ઉપવાસ છતાં ચર્યા એક સરખી, કર્મ તોડવા માટે

કટીબદ્ધ થયેલા, ઉપસર્ગો પરિસહો સહન કરવા માટે તૈયાર. એક બાજુ ગોવાળીયો મારે છે. क्षमा वीरस्य भूषणम् વીરતા છતાં સામર્થ્ય છતાં દુર્બલના પરિસહ ઉપસર્ગો સહન કરવા તે વીરની શોભા. જે મેરૂને ચલાયમાન કરવા સમર્થ, જે કાળા નાગને મુઠીમાં પકડનાર એવા મહાપુરુષ દેવતાને એક મુઠીમાં બેસાડનાર તેવા સમર્થ તેમને નિર્બળ ગોવાળીયા ઉપસર્ગ કરનાર છતાં સહન કરે છે. આથી ભગવાન મહાવીર નામ કર્યું તે નામ समणे भगवान् महावीरे શ્રમણ ભગવાન મહાવીર એ નામ જાહેર કર્યું. આવા ક્ષમાજ્ઞાનવીર્યવાળા છતાં શાસને જેનું વચન માનવાનું તે ગુણો જણાવે છે.

'आइगरे' જેઓ તીર્થંકરો હોય તે સામાયિક ધર્મ આપે, કારણ તેઓને જે ધર્મ કહેવો છે તેની કોની છાપ મારીને ? રાજ્યાભિષેક ન થયો હોય ત્યાં સુધી રાજાની છાપથી કામ ન થાય. ભલે એ જ રાજાને કરવાનુંહોય. દેશી રૈયતવાળાને માલમ હશે કે પહેલાના રાજાના મડદા ક્યારે નીકળે કે જ્યારે નવા રાજાનો રાજ્યાભિષેક થાય. કોના હુકમે ? જે ધર્મદેશના દેવી તે કોના નામની? પહેલા તીર્થંકરના નામે દેશના દેવાય તો તે કોણ દે ? જેને પરંપરાએ શ્રુત આવ્યું હોય તે દે. ગાદી નથી મળી તેને રાજ્યના નામે સહી કરવાનો હક્ક શો ? પાર્શ્વનાથજીની પરંપરામાં જેઓ નથી દીક્ષિત, નથી અધિકારી તે પાર્શ્વનાથજીના નામે કહેવાને શી રીતે હકદાર થાય ? શાસનની સ્થાપના પોતાને કરવી હોય તો આગળનું નામ પલટાવવું પડે. પહેલા પાર્શ્વનાથજીના નામે ચલાવે ને કેવલજ્ઞાન થયા પછી પલટાવવું પડે. તેથી કેવળજ્ઞાન પામે પછી દેશના, સામાન્ય મનુષ્યો ઉપરલી કોર્ટનું નામ ન લે, ઉપલી કોર્ટનું નામ બીજાઓ લે. બીજાઓ તીર્થંકરના નામે શાસન જણાવે. તીર્થંકર કોના નામે ? એ બીજાના નામ લે તો પોલી પરંપરા. તીર્થંકરો જેની કોટિમાં મલે તો શાસનને અસર થાય. ભદ્રબાહુસ્વામી સરખા નિર્યુક્તિકારને સામાયિક કરેમિભંતેમાં જણાવ્યું કે મહાવીર આમ મિથ્યાત્વથી નીકળ્યા,

સમ્યક્ત્વાદિક પામ્યા, પરંપરાએ કેવળ પામ્યા ગૌતમસ્વામીને કહ્યું. એમની પ્રમાણિકતાએ શાસન. મહાવીર મહારાજે શું સમજીને સામાયિકનો ઉપદેશ કર્યો ? આ સામાયિકનું ફળ મને કેવળજ્ઞાન થયું છે. સામાયિક કેવળજ્ઞાન દેવાવાળું છે, તેમ દુનિયાને જણાવ્યું. શાસનની સ્થાપના કરે તેમાં પોતે જ પહેલા દાખલા તરીકે હાજર હોય, પુરૂં ફળ કેવળજ્ઞાન મળે ત્યારે જ સામાયિકની વાત કરે. અખતરા કરનાર અખતરો ફલીભૂત થાય ત્યારે મીટીંગ મેળવે. પોતે સાડાબાર વર્ષ અખતરામાં રહ્યા. કેવળરૂપી ફળ થયું ત્યારે જ જગત સમક્ષ મૂક્યું કે આમ ઘાતીકર્મનો ક્ષય કર્યો, જે સાક્ષાત્ કેવળજ્ઞાની સામાયિકની દેશના કરે તેની અસર બીજા રસ્તે ન થઈ શકે. દરેક તીર્થંકરો પોતાના શાસનમાં પોતે દૃષ્ટાંતરૂપ થઈ શાસનની શરૂઆત કરનાર થાય.

બીજાઓએ પરમેશ્વરની મહત્તા જગત બનાવવામાં માની. પૃથ્વી, પાણી, પહાડ બનાવ્યા તેથી તેઓ તેમની મહત્તા માને છે. જેઓ તેમ માનતા નથી, કુદરતી ચીજો કોઈની કરેલી નથી, તેમના માથે ઓઢાડી મોટા કર્યા. તેમ તીર્થંકરોને કુદરતી ચીજોના નામે મોટા નથી કર્યા. આ મોક્ષમાર્ગની આદિ કરનારા, આદિ કરી શાસન સ્થાપ્યું સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ બતાવ્યા જણાવ્યાં છતાં વ્યવસ્થા ન હોય તો વ્યવસ્થા વગરનું ચક્રવર્તિનું રાજ્ય પણ ચાલી શકે નહિં. વ્યવસ્થા માટે ભગવાને શું કર્યું ? લેકચરમાં-ભાષણમાં હકીકત કહી તે બધાને ગમે પણ વ્યવસ્થા ન કરાય તો ફળ શું ?

**શાસનનો પાયો કરેમિભંતે**

કરેમિભંતે આવી ચીજ, આમ કેવળ મેળવી શકાય છે તેમ જી સાહેબ કરી વિખરાઈ જાય તો ? એકલી ઉપદેશની શરૂઆત કરી તેમ નહીં, પણ ભગવાન મહાવીર મહારાજા એકલી આદિ કરનારા હતા તેમ નહિં. પણ જગતમાં પ્રવાહ માટે વ્યવસ્થાની જરૂર. વ્યવસ્થા ન થાય તેનું ફળ સુંદર ન આવે.

**કરેમિ ભંતેમાં બે પ્રતિજ્ઞા**

સામાયિકવાળાએ કેમ વર્તવું ? કરેમિભંતે કોણ કેવી રીતે આપે તે વ્યવસ્થા ન હોય તો ? આખા શાસનનો પાયો કરેમિભંતે ઉપર છે. તે પોતાના દાખલાથી નક્કી કર્યું. તેનો પ્રચાર કોણ કરે, કઈ રીતિએ કરે, કેમ વર્તવું ? વર્તાવવો એ બધી વ્યવસ્થા ન હોય તો ? વગર સહીએ હુંડી ચાલવા માંડે તો શું થાય ? પેઢીવાળાને હુંડીમાં સહીની જરૂર, તેમ અહિં કરેમિભંતેની હુંડી દેવાનો હક્ક કોને ? કોની સહીથી સ્વીકારાય તે માટે તીર્થસ્થાપન કર્યું. આ શુદ્ધ કક્ષાનું કરેમિભંતે આપનારા તેનું નામ સાધુ-સાધ્વી, લેનારા શ્રાવક-શ્રાવિકા. જેના આત્મામાં શુદ્ધરૂપે કરેમિભંતે હોય તે સાધુ કે સાધ્વી. અશુદ્ધ હોય તો શ્રાવક-શ્રાવિકા. આવી રીતના જે હોય તેઓ જ કરેમિભંતેને અંગે જોખમદાર-જવાબદાર. તીર્થમાં કેટલાક નાટકીયા પણ હોય. નાટકમાં રાજની જવાબદારી નથી, વેષ લીધો, ભજવ્યો. તેમ જેઓને 'કરેમિભંતે સામાઈયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિની બે પ્રતિજ્ઞા છે. પ્રતિજ્ઞા કઈ ? એક કરેમિભંતે સામાઈયં, બીજી સાવજ્જં જોગં પચ્ચક્ખામિ. સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર ત્રણના જે કોઈ કારણો સ્વરૂપ જે પ્રવૃત્તિ, ફળ બેસે તેવા કાર્યો મારે કરવા જ જોઈએ. समानां-ज्ञानदर्शनचारित्राणाम् आयो -लाभः તે સામાયિકનો મુદ્દો રહે તે ક્રિયાનું નામ સામાયિક. જ્ઞાનાદિકના હેતુ સ્વરૂપ જે પ્રવૃત્તિ તે મારે કરવી જોઈએ. બીજી પ્રતિજ્ઞા સર્વે સાવદ્ય વ્યાપારો-પાપવાળા કાર્યો તેને હું છોડી દઉં. એ બે પ્રતિજ્ઞા યાવત્ જીવ માટે હોય તેસર્વવિરતિ, દેશથી-અંશથી હોય તો દેશવિરતિ. આ બે સંસ્થા નક્કી કરી.

વકીલો જોઈતા હોય તે સરકારને એકડીયાથી શાળા ઉભી કરવી જોઈએ. વકીલ, બારીસ્ટર પ્રોફેસરની ભરતી કરવા માટે પ્રાથમિક સ્કૂલ શરૂ કરવી પડે. સર્વસાવદ્ય ત્યાગની કોટિમાં ભરતી કરવી હોય તેણે ચોથા ગુણઠાણાથી શરૂઆત કરવી જોઈએ. ચોથું પાંચમું ગુણઠાણું શરૂ

કરવું જોઈએ. આ બે પ્રતિજ્ઞાની ભરતી મટે આ સાધુવર્ગ. સાધુઓ જાય પછી ભરતી ન હોય તો તે સંસ્થા ભાવિમાં શી રીતે ચાલે ? સાધુ વગર શાસન નહીં, શાસન વગર સાધુ નહિં. જે કહેતા હોય કે પહેલા અવળા ગયા હતા, ભૂલ્યા હતા તો તેમને શાસનનો વિચ્છેદ માનવો પડે. માટે જ અહીં શાસ્ત્રકારો કહે છે કે ભલે શાસનની આદિ કરી. દ્વાદશાંગી ગુંથાવવી, તેમની સંસ્થા-મંડળ નિયમિત ન હોય તો આગળ ચાલી શકે નહિં. ચતુર્વિધ સંઘરૂપી તીર્થ ત્યાગી ને ભોગીના વર્ગો; મોક્ષના અભિલાષી તેવાનું સંગઠન તેનું નામ તીર્થ. તે તીર્થ ભગવાન અરિહંત મહારાજે કર્યું. 'સહસંબુદ્ધે' આપણે મહેતાજી પાસે શીખ્યા, પણ મહેતાને કોણે શીખવ્યું.કોઈક તો શિક્ષણની આદિ કરનાર ખરો કે નહિં ? છેડો કઈ જગો પર ? કોઈને પણ આ વ્યવસ્થા કરવી પડી. એ જગતની વ્યવસ્થા કરનાર રૂષભદેવજી. જગતની અંક, અક્ષર, ગણિત વ્યવસ્થા રૂષભદેવજીએ કરેલી છે. તેમ કરેમિભંતેની વ્યવસ્થા મહાવીરના આત્મામાં કોણે કરી ? ગૌતમાદિકના આત્મામાં મહાવીરે કરી પરંતુ મહાવીરના આત્મામાં કરેમિભંતેની વ્યવસ્થા કોણે કરી ? આ મુદ્રાલેખ મહાવીરના આત્મામાં ક્યાંથી આવ્યો ? સ્વાભાવિક મોરના ઈંડાને કોણે ચિતર્યા ? મોરના ઈંડા ગોળ કોણે કર્યા ? જગતમાં ચિત્રામણ કરનાર સિવાય ચિત્રામણ નથી થતાં. મોરના પીંછાનું ચિત્ર કોઈએ કર્યું નથી. પીછાંનું ચિત્ર સ્વાભાવિક તેમ મહાવીરના આત્મામાં કરેમિભંતેનો વાસ ઉત્પત્તિ તે કોઈના કરેલા નથી, પણ તે સ્વયંસંબુદ્ધ હોવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન પોતે કર્યું. શ્રમણભગવાન મહાવીર તીર્થની આદિ કરનાર શાસન સ્થાપનાર સયંસંબુદ્ધાણં છતાં અપેક્ષાએ અમુકનું ચડીયાતાપણું હોય. દુનિયામાં ચડીયાતાપણું અપેક્ષાએ હોય, તેમ મહાવીર મહારાજા કરેમિભંતે લેવાવાળાના મંડળમાં આદિ કરનારાદિ વિશેષણવાળા હોય તે બધા પુરૂષોને અંગે કઈ કઈ ઉત્તમત્તા-ડિગ્રીઓ રહેલી છે તે સ્વરૂપ અગ્રે.

# દેશના ૬૩
# આત્મીય સુખ ઉત્પન્ન કરનાર સાધન તે જ ધર્મ

'पुरिसुत्तमे' ગણધર ભગવાન સુધર્માસ્વામી જંબુસ્વામીને ભણાવતા, જણાવી ગયા કે હે જંબુ ! આ ભગવતીસૂત્ર ગૌતમ-સ્વામીજીએ પ્રભુ મહાવીર પાસે ગ્રહણ કરેલું છે. કેવી રીતે ક્યાં ગ્રહણ કર્યું તે માટે આગળ જણાવી ગયા કે સર્વ કાળ કે ક્ષેત્ર માટે અવિચળ છત્રછાયા હોય તો માત્ર પંચપરમેષ્ઠિની છે. ઋષભદેવજીની છાયા ક્ષેત્રાંતર કે કાળાંતરે રહેવાની નહિં, પરંતુ આ એક અવિચળ છત્ર છે. જે કોઈ ક્ષેત્ર કે કાળે બદલાવાની નહિં, તેમજ ઉત્સર્પિણી કે અવસર્પિણી કાળ હોય તેમાં પણ બદલાવાની નહિં. ત્રિકાળાબાધિત એવું જૈનશાસનનું છત્ર પંચપરમેષ્ઠિ છે, તેટલા માટે ભગવતીસૂત્ર ગ્રહણ કરતાં પહેલાં પંચપરમેષ્ઠિને નમસ્કાર કર્યા. પછી આ ભગવતીસૂત્ર ક્યા ક્ષેત્ર ને કાળમાં આપ્યું તે નક્કી કર્યું. ચોથા આરાના છેડારૂપ કાળ તેમજ સમયમાં મહાવીર મહારાજે ગૌતમસ્વામીને ભગવતીસૂત્ર આપ્યું. ક્ષેત્રકાળ દરેક વસ્તુને અંગે કારણ છે. દરેક વસ્તુને આધાર હોય તેમજ વર્તના હોય. આધાર તે ક્ષેત્ર, ને વર્તના તે કાળ. પરંતુ તે ક્ષેત્રકાળ કેવા કારણો ? પાણી કારણ એવું કે કંકુમાં ભેળવો તો કંકુનો ચાંલ્લો થાય, મેંશમાં પણ ભેળવો તો મેંશનો ચાંલ્લો થાય, તેમ ક્ષેત્રકાળ ઉત્તમ અધમ બધામાં કારણ રહે છે. એકલા ક્ષેત્રે કે કાળના આધારે વસ્તુ ઉત્તમ બની જાય તેવો નિયમ નથી.

આત્માની સ્થિતિએ ૧૮ કોડાકોડ સાગરોપમાં દેશ-સર્વવિરતિ

ઉપશમ કે ક્ષપકશ્રેણી પામનારો નહિં. ત્રીજા આરાનો છેલ્લો ભાગ ચોથો આરો આખો સર્વવિરતિ ક્ષપક-ઉપશમ-શ્રેણીનું કારણ મોક્ષ કેવળનો કાળ તેમ સાતમી નારકી પણ તે જ વખતમાં. બધી નરકો, બધા દેવલોકોના માર્ગ ખુલ્લા થતાં હોય તો ત્રીજા આરાના છેડા પછી ને ચોથા આરામાં . તેમ નરકના માર્ગો પણ તે જ કાળે ખુલ્લા રાખે. દ્રવ્ય ઉત્તમ હોય તો, ઉત્તમ દ્રવ્યને ઉત્તમ પરિણતિમાં લાવનાર તે કાળ છે. જે દ્રવ્યો ઉત્તમ ન હતા તે ભલે નરક ગયા તેમાં મુખ્યતાએ કારણ દ્રવ્ય.

**તીર્થંકરો જન્મે તે પહેલા મોક્ષમાર્ગ બંધ હોય.**

આજે ભગવતી સૂત્ર ક્યા જીવદ્રવ્યે રચ્યું ? એ રચનારની ઉત્તમતા જણાય તો ભગવતીજીની ઉત્તમતા જણાય. નાસ્તિકને कामात् परो धर्मो नास्ति  નાસ્તિક પણ ધર્મને ઉત્તમ ગણે છે. વક્તાની ઉત્તમત્તાએ ધર્મની ઉત્તમતા છે. વચનની પ્રમાણિકતાનો આધાર વક્તા ઉપર છે. વક્તા જો જ્ઞાનવાળો હોય, દોરાઈ ગયેલો ન હોય. વક્તા સંપૂર્ણ જ્ઞાનવાળો હોય તો તેના વચનને પ્રામાણિક માની શકીએ. જગતમાં મધ્યસ્થ-પક્ષપાત વગરનો હોય તો તેમના વચનો માનવા તૈયાર થઈએ. આ ભગવતી સૂત્ર કેવા પુરુષે કહ્યું છે તેની ઉત્તમતા જાણીએ તો વિશ્વાસ બેસે. समणे भगवं महावीरे જેમનું દેવતાઓએ આ નામ સ્થાપન કરેલું છે. જે ત્રણ જ્ઞાનવાળા નિયમિત તેવા ગુણથી દોરાયેલા દેવાતોઓએ તે નામ સ્થાપન કરેલું છે. પછી તેમના આત્માના ગુણો જણાવતાં દરેક તીર્થંકરની ઉત્પત્તિ વખતે મોક્ષમાર્ગ બંધ થયેલો હોય. તીર્થંકર જન્મે તે પહેલા મોક્ષમાર્ગ બંધ હોય. તેમને કેવળજ્ઞાન થયા પછી અમુક વર્ષે મોક્ષમાર્ગ વહેતો થાય. કોઈક મોક્ષે જાય તે જુદી વાત. માર્ગ વહેવો તે કેવળજ્ઞાન પછી બે પ્રકારની મોક્ષની ભૂમિ, પર્યાયાન્તકૃતભૂમિ- આટલા પર્યાયે મોક્ષ શરૂ થયો. યુગાન્તકૃતભૂમિ- આટલી પાટ સુધી મોક્ષમાર્ગ ચાલ્યો. તીર્થ પ્રવર્તાવે ત્યારે મોક્ષનો માર્ગ બંધ થયેલો હોય. તેમના કેવળજ્ઞાનથી જ મોક્ષમાર્ગ શરૂ થાય. તેમના

ઉપદેશથી ત્રિપદી પામી ગણધરો બારે અંગની રચના કરે. તેમનું તેવુંજ પુન્ય કે હજારો - લાખો વર્ષો સુધી તે અંગસૂત્રોની પરંપરા ચાલ્યા કરે. પોતાના આત્માને ત્રણ જ્ઞાન સહિત લઈ આવનારા. પોતાની મેળે ત્યાગનો માર્ગ લેવાવાળા, ત્યાગના માર્ગનો ઉપદેશ ભગવાનને કોઈએ કર્યો નથી.

**આત્મીય સુખ ઉત્પન્ન કરવાના સાધન તે જ ધર્મ**

નગરશેઠ મોટા, રાજા મોટા પોતાના નગર કે દેશમાં ગણાય. ભલે ભગવાન આદિ કરનારા, તીર્થ કરનારા પોતાની મેળે ત્યાગમાર્ગ પામેલા, પરંતુ શરીરમાં રહેવાવાળા હોવાથી પુરૂષ. દરેક જીવો કોઈને કોઈ ઈચ્છા રાખી મહેનત કરનારા જ હોય. ચાહે ૧ થી માંડીને ૫ ઈન્દ્રિયવાળા, નારકી કે દેવતા લો. જગતના દરેક જીવો પ્રયત્ન કરનારા જ હોય. પ્રયત્ન વગરના કોઈ જીવ નથી. અભ્યંતર પ્રયત્ન લઈએ તો દરેક જીવ આહાર, શરીર, ઈન્દ્રિયો વિષયો તેના સાધનો આ પાંચની પંચાતમાં રહેલા જ હોય. આ પાંચની પંચાતમાં ક્યો જીવ નથી? અભ્યંતરથી વિચારીએ તો આ પાંચ માટે દરેક જીવ પંચાત કરનારા છે, છતાં એ પાંચેને કોરાણે રાખીએ તો દરેક જીવ સુખની ઈચ્છાએ પ્રવૃત્તિ કરે છે. સુખ બે પ્રકારનું. એક પૌદ્ગલિક, એક આત્મિક સુખ. પૌદ્ગલિક સુખ અને તેના સાધનો તે જ અર્થ અને કામ. આત્મીય સુખ તેનું નામ મોક્ષ. તેના સાધનો તેનું નામ ધર્મ. આત્મીય સુખ ઉત્પન્ન કરવાના સાધન તે જ ધર્મ.

**તીર્થંકરના જીવોમાં અનાદિની તથાભવ્યત્વની કોઈ તેવી શક્તિ છે**

કાં તો અભ્યંતર કે બાહ્ય સુખ કે તેના સાધન તરફ જીવો પ્રવર્તેલા હોય, આનું જ નામ પુરૂષાર્થ. આ પુરૂષાર્થ ભણી જે પ્રવૃત્તિ કરનારા જીવો છે તે બધા જીવોને પુરૂષાર્થવાળા ગણ્યા. તેમાં ઉત્તમોત્તમ કોણ? તીર્થંકરો એ જ સકલ પુરૂષોમાં ઉત્તમ. તમે એક દેવ માન્યા તેથી

ઉત્તમોત્તમ કહી દો છો તેમ નહીં. જેમ છોકરી જન્મી ત્યારથી જ્યોતિષની અપેક્ષાએ તેનું ભવિષ્ય નક્કી છે. શારીરિક તપાસ કરનારની અપેક્ષાએ શી શી સ્થિતિ થવાની તે નક્કી છે. બ્રહ્મચારીપણામાં હોય તે વાત જુદી પણ તેમાં જે સંતાન જણવાની લાયકાત જાણનારો કદી દે કે આટલા સંતાન થશે. તેમ વડનું બીજ રઈ કરતાં નાનું છતાં તેમાં વડલો થવાની તાકાત છે. શક્તિ સ્વભાવ પદાર્થ સાથે સમજી શકાય, તેમ તીર્થંકરના જીવોમાં તેવી કોઈ આત્મશક્તિ વિચિત્ર છે જે અનાદિની છે. છોકરીને અંગે સંતાનની શક્તિ કહી તે ઉપરથી ઘરબારી ન કહેવાય. ભગવાન જિનેશ્વરના આત્માઓ નિગોદમાં હોય ત્યાં પણ તથાભવ્યત્વ દરેક આત્માને જુદું હોય.

અનંતી વખત તીર્થંકરની દેશના સાંભળી છતાં આત્માને પરિણમી નહિં. અત્યારે તો પુસ્તક છે. હેમચંદ્રાચાર્ય કહે છે કે હે ભગવાન ! સુષમા કાળમાં રખડ્યો ત્યાં તમારી કૃપા કામ ન લાગી. આ દુષમા કાળ જેમાં તેવા જ્ઞાની નથી તેવા વખતમાં તમારી કૃપા ફળી. દુષમાકાળમાં તમારી કૃપા ફળી. મહાવીર મહારાજા પાસે પણ કેઈ વખત દેશના સાંભળે તેમાં પ્રતિબોધ ન થાય, ને બીજી કોઈ વખત સાંભળે ત્યારે પ્રતિબોધ થાય તે તથાભવ્યત્વ. તે કાળ તે સંજોગ આવે ત્યારે જ પ્રતિબોધ થાય, આવું દરેકને છે. કોઈને સમ્યક્ત્વ મળ્યું તે મોક્ષ સુધી અખંડ રહે, કોઈ એક વખત પડે, કોઈ અસંખ્યાત વખત પડે. કોઈની ભવિતવ્યતા એવી હોય કે પડે એક વખત. કોઈ અસંખ્યાતા વખત પડે. દરેકની ભવિતવ્યતા જુદીને વિચિત્ર છે. તથાભવ્યત્વ દરેક જીવમાં જુદું જુદુ હોય છે. તેમ દરેક જીવમાં યોગ્યતા રહેલી છે. તીર્થંકર ભગવાનના આત્મામાં તેવી સ્થિતિ છે તે તીર્થંકર નામકર્મ બાધે, તે જગતનો ઉદ્ધાર કરનાર થાય. કેરી મીઠી પણ પાકે ત્યારે મીઠી. કેરીમાં મીઠાશની તાકાત પણ પાકે ત્યારે. તીર્થકરના જ જીવોમાં તીર્થંકર થવાની તાકાત પણ તથાભવ્યત્વ પાકે ત્યારે. કેરીમાં મીઠી થવાની

તાકાત તે જમરૂખ કેબીજા ફળમાં નથી. તેવી રીતે પુરૂષોત્તમ તેથી ભવ્યત્વ એવું કે જેથી ઉત્તમ જ થાય. જે જે કાળે તીર્થંકરો થયા તે તે તીર્થંકરો પુરૂષોમાં ઉત્તમ જ હોય.

**તીર્થંકરનો જન્મ દેવતાઈ પ્રભાવ વગરનો ન હોય.**

અધમપુરૂષ તીર્થ પ્રવર્તાવનાર બને જ નહિં. કલ્પસૂત્રમાં સાંભળો છો કે આણંદસાધુને ગોશાળે કહ્યું, કે મહાવીરને કહે કે આટલી રિદ્ધિ સિદ્ધિ મળી છતાં સંતોષ નથી પામતો, હું તેમને તેજોલેશ્યાથી બાળી નાખીશ. મહાવીર મહારાજા કહે છે કે ગોશાળો તીર્થંકર નથી પણ મંખકીશોર ગૌરીપુત્ર છે. એવા પાટીયા લઈને ફરવાવાળા મંખનો પુત્ર ગોશાળો છે. ગોશાળો પોતાને તીર્થંકર કહેવડાવે છે તે તીર્થંકર શાથી નથી? ફોગટ તીર્થંકર કહેવડાવે છે. જન્મ કર્મ ઉપર જવું વાજબી નથી. મહાવીર સરખા તેના જન્મને સંભારે તેનો શો સંબંધ? એનો જ ખુલાસો અહીં છે. જેઓ તીર્થંકર નામકર્મ બાંધનારા હોય તે જ તીર્થંકર થઈ શકે. અને જેઓએ તીર્થંકર નામકર્મ બાંધ્યુ હોય તેમનો જન્મ દેવતાઈ પ્રભાવ વગરનો ન હોય. રાજકુળમાં જન્મ, દરિદ્ર કૃપણાદિક કુળમાં તીર્થંકરનો જન્મ ન હોય. આ જણાવવા માટે એ વસ્તુ છે. તેથી ગોશાળાને હલકા જણાવવાપણું નથી, પણ તીર્થંકરની આવી સ્થિતિ હોય, ને આવી ન હોય. તેથી પુરૂષોત્તમ. કુળ જાતિજન્મથી બધી રીતિએ પુરૂષોમાં ઉત્તમ જ હોય. અધમતાનો પ્રવેશ તીર્થંકરમાં ન થાય. આ તીર્થંકર નામ કર્મ નિકાચિત કર્યા પછીની વાત છે. ગોશાળાની વાત છેલ્લા ભવમાં કહેલી છે. પુરૂષમાત્રમાં ઉત્તમ.

ભગવાન ૠષભદેવજીનો રાજ્યાભિષેક થયો ન હતો તો પણ બધા જુગલીયામાં છાયા ૠષભદેવજીની હતી. ગુના થવા લાગ્યા ત્યારે જુગલીયા તેને કહેવા લાગ્યા. આમ નીતિ ઓળંગે છે. જાવ કહો કે તમને રાજા આપે. રીખવદેવ જ રાજા થાવ. પરંતુ કેટલીક અધિકતા હોવી જોઈએ. કે બધા જુગલીયાઓ ત્યાં ૠષભદેવજી પાસે પહોંચે છે.

પરંતુ સ્વતંત્ર છાયાએ બધા જુગલીયામાં એ ઉત્તમ ગણાયા છે. આખા જગતની રાડ-ફરીયાદી તેમની પાસે લાવ્યા તે ક્યારે બન્યું હશે ? પુરૂષ માત્રમાં તીર્થંકરના જીવો ઉત્તમ હોય તેમ છતાં બે વાત. કેટલીક ઉત્તમતા પાટ પરંપરાની હોય. કુળવાન પુરુષની અણુજાયે રાજા મહારાજા ખીજડાને પૂજે છે. બધા રાજાને ખીજડો પૂજ્ય. રાજાના વિષે ખીજડો ઉત્તમ થયો ને ? ચાલી આવતી રૂઢીએ ખીજડો ઉત્તમ રાજામાં બન્યો તે માત્ર પરંપરાની અપેક્ષાએ. સ્વયં ગુણને અંગે નહિ.

**ભગવાન સિંહ સરખા કેમ !**

'પુરૂષસિંહ' જગતમાં સિંહ વનનો રાજા ગણાય. કોઈનો અભિષેક નથી. આપબળે તેનું રાજાપણું છે. સોંપેલું રાજાપણું સિંહમાં નથી. તેમ જે તીર્થંકર ભગવંતો તમામ જીવોમાં સિંહ સમાન. આપ પરાક્રમે પોતે ઉત્તમ થયેલા છે. કર્મ ત્રણે જગતનો જુલ્મી રાક્ષસ છે. રાક્ષસનો જુલમ નારકી દેવતા ઉપર ન ચાલે, મનુષ્ય ઉપર ચાલે. કર્મ ત્રણ જગતનો જુલ્મીરાક્ષસ છે. દેવતાને દેવલોકમાં પણ કર્મના જુલમો છે. દેવતાઓ ભલે તમો સુખી ગણો પણ કરમને સહન કરનારા દેવતાઓ જ છે. ઈંદ્રોના મુગટો ચોરે, સભામાં ઈંદ્ર બેઠા હોય, માથું ધ્રુજ્યું મુગટ પડી જાય, તે દેવતા લઈને હાલતો થાય. સભામાંથી ચોરે છતાં એકદમ પકડાય નહીં. અંધારામાં તમસ્કાય-કૃષ્ણરાજીમાં ચાલી જાય જ્યાં દેવતાને ખોળવો મુશ્કેલ પડે, અંતે પકડાય ઈંદ્ર વજ્ર મુકે, વેદના ભોગવે, બુમ પાડે મુગટ પાછો આપવો પડે. દેવલોકમાં વસ્તુ પોતાની સ્થિતિ પ્રમાણે જ મળે. કર્મનો જુલમ દેવલોકમાં એક સરખી રીતે છે. ત્રણે લોકમાં જુલ્મ વસાવનાર હોય તો કર્મ. તેવા જુલ્મી કર્મને નાશ કરનાર હોય તો તીર્થંકર ભગવના, કર્મને જેર-નાશ કરનાર તેનો રસ્તો કહેનાર. તે રસ્તે દોરનાર તીર્થંકર સિવાય કોઈ નહિ. કર્મરૂપી રાક્ષસનો નાશ કરનાર મહાવીર ભગવાન સિંહ સમાન, એવા મહાવીર ભગવાને ગૌતમસ્વામીને આ ભગવતીસૂત્ર કહેલું છે. રાક્ષસના સવાયા

રાક્ષસ થયા વગર રાક્ષસને નાશ કરવાનો વખત ન આવે. ઢેડને વટલાવવો હોય તો ભંગી ઓળગાણો થાય તો જ ઢેઢ વટલે. એમ રાક્ષસનો નાશ કરવો હોય તો બમણા રાક્ષસ થાય તો જ રાક્ષસનો નાશ કરી શકાય. આગથી જે સળગે તેને ઓલવાય પણ ખરૂં ને તેમાંથી ખેંચાય પણ ખરૂં, પણ હિમથી સળગે તેમાં શું થાય ? તેમાં ન ઓલવાય ને ખેંચાય. બે પ્રકારે દાહ થાય. હિમ ને આગ, આજે તીર્થંકર મહારાજા ત્રણ જગતના રાક્ષસ એવા કર્મને નાશ કરી નાખે પણ પોતાને રાક્ષસ થવું પડતું નથી. પરંતુ જેમ અગ્નિ તથા હિમ બંને બાળે. તેમનામાં એવી ઉત્તમતા કે તેવા આત્માના ગુણથી કર્મને બાળે તેથી

**શ્રેષ્ઠ પુંડરિકકમળ સરખા ભગવંત.**

'पुरीसवरपुंडरिए' કમળ કચરો કાદવ પાણીથી અલગ રહે. પાણી અને કચરામાં ઉત્પન્ન થયું છતાં પોતે અલગ રહે. ન લેપ પાણીનો ન કચરાનો. તેમ તીર્થંકરો કર્મ રાક્ષસને આધીન હતા, કર્મની જંજીરમાં બંધાયેલા હતા પણ તીર્થંકરપણે જન્મ્યા ત્યાગી થયા એટલે કર્મનો કે ભોગનો એકનો લેપ ન લાગે. તીર્થંકરના આત્માઓ કર્મમાં વધેલા ભોગમાં વધેલા એવા છતાં પણ નિર્મળ કરવા માટે તૈયાર થાય ત્યારે શ્રેષ્ઠ પુંડરિક કમળ સમાન. જુના કે નવા કર્મના લેપ નવા કે જુના ભોગ એકથી લેપાય નહીં. આવા મહાવીર મહારાજા છતાં પોતે ખસ્યા. કચરાને કમળે ખસડેલું નથી કે પાણીને કમળે ખસેડેલું નથી. માત્રકમળ ખસ્યું. તેમ તીર્થંકર ભગવંતો કર્મથી ખસી ભોગથી ખસી પોતાનો બચાવ કર્યો તે બહાદુરીનું કામ નથી. કર્મ રાક્ષસના પંજામાંથી ખસવું તે જબરું કામ છે. કેદીને નાસી જવું તે મુશ્કેલ છે. આટલી ચોકી છતાં ત્યાંથી ખસવું મુશ્કેલ નથી પણ કર્મની કેદમાંથી ખસવું મુશ્કેલ છે.ભોગજળમાંથી ખસી અળગા રહ્યા તેમ નહીં પણ.

**શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન ભગવાન**

'पुरिसवरगन्धहत्थीए' ગંધહસ્તીની ખુબી એ કે ચાહે જેવા માતા

હાથીઓ ચાહે જેટલા હોય, જે ગામમાં ગંધહસ્તી આવ્યો તે વખતે આખા ગામના હાથીના મદ ખરી જાય. લડવું ન પડે. વાઘરીની ગંધ આવે એટલે ધો ચૂપ. જેમ ચૂપ. વાઘરીની ગંધ બસ તેમ ગંધહસ્તિની ગંધ બસ. ચંડપ્રદ્યોતરાજા અનિલવેગ હાથીને લઈને આવ્યો હતો. તેની ગંધ માત્રથી બધા હાથીના મદ ગળી ગયા હતા. ગંધહાથીની હસ્તીમાં એકે હાથી ઉભો રહે નહિ. એના થાંભલા સાંકળો બાંધેલી હોય તે તોડી તોડીને ભાગી જાય. તેમ ત્રિલોક નાથ તીર્થંકર ભગવાન કર્મથી અલિપ્ત થાય, ભોગ વમનારા થાય તે વખતે કર્મને, અને કર્મ પોષનારને ખુણે ભરાઈ જવું પડે. ઉભા રહી શકે જ નહિં. પુરષોને વિષે ઉદ્યમ કરનારા તે બાહ્ય કે અભ્યંતર સુખ કે તેના સાધનો માટે જ પ્રયત્ન કરનારા છે તે પુરૂષાર્થ. ધર્મ-અર્થ -કામ અને મોક્ષ પુરૂષાર્થરૂપ ચાર વર્ગ પ્રવર્તિ રહ્યા છે. તે પ્રવર્તેલા છે તેમાં તીર્થંકર મહારાજા કર્મની સામા કરવાલ - હથીઆર ઉપાડે. તે વખતે કર્મને પોષનારા પુરૂષાર્થ નિર્માલ્ય હાથીની જેમ ભાગી જાય. મોર આવે ત્યારે સાપ ભાગી જાય. મોરને સાપોને હાંકવા ન પડે, એ તો ટહુકારે ભાગી જાય. મોક્ષમાર્ગ થાય ત્યારે નિર્માલ્ય હાથી સરખા કર્મો આપોઆપ ભાગી જાય. તેમાં તીર્થકરોને ઉદ્યમ ન કરવો પડે, આમ પુરૂષાર્થ કરનારામાં ઉત્તમ સિંહ, પુંડરિક, ગંધહસ્તી સમાનપણું જણાવ્યું, પણ અન્ય અને જૈનદર્શનમાં ફરક છે. અન્ય મત જીવપણું હાલતાં ચાલતાં ત્રસમાં રાખી બેઠા છે, આપણામાં પણ એ સંસ્કાર છે. છએ કાયાના જીવોમાં જીવ છે. અન્યમતોએ હાલતાં ચાલતાં તે જીવ ઓળખાવ્યા છે, પણ સ્થાવરને જીવ માન્ય નથી. ભલે જીવવિચાર, નવતત્વ ભણ્યા પર પરિણમ્યું નથી. જીવહત્યા ન કરવી એટલે હાલતાં ચાલતાંજીવને ન મારવા. જીવનો અર્થ ત્રસ પુરતો રાખ્યો છે. આપએ પણ તે જ પકડી લીધો છે. જીવ શબ્દ સાથે છએ જીવનિકાયનો ખ્યાલ આવવો જોઈએ. એકલા તીર્થંકરો યાવત્ જગતના જીવોમાં ઉત્તમતાદિક ગુણોવાળા હતા તેથી તેમણે કહેલો ધર્મ શાથી પ્રમાણભૂત ગણીએ છીએ તે અધિકાર અગ્રે-

# દેશના ૬૪
# અવિરતિ થાળું કદાપિ ખાલી ન હોય.

'लोगुत्तमे' ભગવાન સુધર્માસ્વામીજી શ્રી જંબુસ્વામીને ભગવતીની વાચના દેતા આગળ જણાવી ગયા કે હે જંબુ! આ સૂત્ર ભગવાન મહાવીર મહારાજાએ ગૌતમસ્વામીજીને રાજગૃહી નામની નગરમાં આપ્યું હતું. હવે શ્રમણ ભગવાન કઈ અવસ્થામાં હતા કે જે વખત આ સૂત્ર આપ્યું ? જૈનોમાં અનાદિનું કોઈ કેવળજ્ઞાની નથી. નિત્યયુક્ત એવી ચીજ નથી. કર્મ ક્ષયથી દરેક સિદ્ધ થાય છે, તેવી રીતે ઘાતિકર્મના ક્ષયથી કેવળ પામે છે. જૈન દર્શનકાર સર્વ સંસારી જીવોને કર્મોથી આવરેલા જ માને છે. જે જીવોએ કર્માવરણ દૂર કર્યો તે જ કેવળ પામી શક્યા ને સર્વથા કર્મનો નાશ કર્યો તેઓ જ મોક્ષ પામી શક્યા. આનાદિકાળના શુદ્ધ તો કોઈ નહિં. અનાદિથી જિનેશ્વરો બીજા સંસારી જીવો માફક આઠે કર્મોથી ઘેરાયેલા હતાં, એટલુંજ નહિં પણ મહાવીર મહારાજા જન્મ્યા ત્યારે પણ આઠ કર્મથી ઘેરાયેલા હતા. 'વીતરાગ જન્માદર્શન'. જન્મ જગતમાં કોનો થાય ? કોઈ દિવસ વીતરાગનો જન્મ થાય જ નહિં. જન્મયા પછી વીતરાગ ભલે થાય. વીતરાગ હોય ને જન્મ થાય એવું બને જ નહિં. આઠે કર્મ વગર કોઈનો જન્મ હોતો નથી.જન્મ પામનાર આઠ કર્મથી વીંટાયેલા જ હોય. વીતરાગવાળો હોય તે જન્મ ન લે. જન્મનારા રાગ-દ્વેષવાળા જ હોય. મહાવીર મહારાજા જન્મ્યા ત્યારે રાગ-દ્વેષ કર્મવાળા હતા, તો ભગવતી સૂત્ર કઈ અવસ્થામાં કહ્યું ? એક સરાગ એક વીતરાગ એમ બે પ્રકારની અવસ્થા ભગવાનની હતી, તો

કઈ અવસ્થામાં આ ભગવતીજી કહ્યું? સરાગ અવસ્થામાં ભલે તીર્થંકરનો જીવ હોય, પણ સત્તાથી કેવળજ્ઞાનવાળો જ હોય. આત્મા, કર્મો તેને રોકવાના, તોડવાના સાધનો જાણવા તે સરાગ અવસ્થામાં બની શકે જ નહીં. વીતરાગઅવસ્થા પછી પોતાને કેવળ થાય તેથી લોકાલોકને દેખે પછી જે પ્રરૂપવા લાયક પદાર્થો તે બધા જગતને જણાવે. દેશના દેવાની કોના આધારે? કેવળજ્ઞાને દેખેલા પદાર્થોના આધારે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજે ગૌતમસ્વામીને ભગવતીજી આપ્યું તે કેવળજ્ઞાનવાળી અવસ્થામાં આપ્યું છે. શ્રમણભગવાન મહાવીર મહારાજાનું નામ દેવતાઓએ સ્થાપી દીધું હતું. એવું નામ જ્યારે દેવતાઓએ સ્થાપન કર્યું ત્યાર પછી આ સૂત્ર ગૌતમસ્વામીને આપ્યું. તીવ્ર તપસ્યા કરનાર એક રાત્રિકી આદિ પ્રતિમાપાલક હોવાથી શ્રમણ, ઉપસર્ગ પરિસહમાં દૃઢ રહ્યા હતા તેથી શ્રમણ કહ્યા છે.

સૂક્ષ્મ એકેન્દ્રિના અપર્યાપ્તા જીવોથી સિદ્ધો સુધીના જીવોનું એક જ લક્ષણ માનો છો. એકલું જીવતત્વ બધાને કહી શકો છો. સિદ્ધને સંસારી બે ભેદો જીવોના પાડો છો. સંસારીમાં જીવપણું જુદું હોય તો બે ભેદો ન કહી શકો. આ ઉપરથી તમે ઠેઠ એકેન્દ્રિય દશાથી જીવનું સ્વરૂપ સિદ્ધના જેવું જ માનો છો. સિદ્ધના જીવો આવરણ વગરના, સંસારી આવરણવાળા તેટલો જ બેમાં ફરક માનો છો. જેવો મહાવીરનો તેવો જ ગૌતમનો જીવ. ગૌતમના જેવો જ મહાવીરનો જીવ. જીવસ્વરૂપે કરી ફરક નથી. જ્યારે આમ છે તો પછી મહાવીર તીર્થંકર કેમ થયા ને ગૌતમ તીર્થંકર કેમ ન થયા? મહાવીરસ્વામી શાસનની શરૂઆત કરનાર સ્થાપનાર વ્યવસ્થા કરનાર તો ગૌતમસ્વામીજી કેમ નહિ? બંને જીવપણે સરખા છે. બંને આંબાની ગોટલી છે તો આંબા જ થવા જોઈએ. લીંબડો જાંબુડા આંબાની ગોટલીમાંથી ન થવા જોઈએ. તો બંને જીવો સરખા છે. કાં તો બંને તીર્થંકર થવા જોઈએ અગર એકે તીર્થંકર ન થવા જોઈએ.

**તીર્થંકરોને આદિ સમ્યક્ત્વ અને વરબોધિ ક્યારે ?**

સ્ત્રીજાતિ તરીકે બધી સ્ત્રીઓ પણ કેટલીક વંધ્યા હોય, કેટલીક સંતાનવાળી હોય. સ્ત્રીપણું જુદુ નથી છતાં વંધ્યાં અને જન્મ આપનાર બે પ્રકાર હોય છે, તેથી સ્ત્રીપણામાં ફરક નથી. બંનેનું કહેવું પડશે સ્ત્રીપણું. વંધ્યાનું સ્ત્રીત્વ અજનન સ્વભાવવાળું છે. તીર્થંકરના આત્માઓ એવી સ્થિતિના હોય કે સંજોગ મળે ત્યારે તીર્થંકરપણું બાંધી લે. ગણધરમાં એ સ્વભાવ નથી. તીર્થંકરપણું બાંધનાર વરબોધિ પામે. સમ્યક્ત્વ તીર્થંકરને બે પ્રકારના હોય. એક આદિ સમ્યકત્વ, નયસારમાં પામ્યા તે આદિ સમ્યક્ત્વ. પણ નંદનમુનિના ભવમાં જે સમકિત તે વરબોધિ. જે વખત વરબોધિ આવે તે વખતે કર્મને રોગ સમજી પોતાના રોગને, પોતાના પારકાના કુટુંબના રોગને એક સરખી રીતે કાઢવા તૈયાર થાય. સમજુ એમ ન ધારે કે અમુક રોગી રહે તો ઠીક, તેમ નહીં ધારે. તેમ તીર્થંકરનો આત્મા વરબોધિ પામે તે વખતે તેમની સ્થિતિ કઈ ?

**અવિરતિનું થાળું કોઈ દિવસ ખાલી ન હોય**

આપણે મશ્કરીમાં કહીએ તે તેમની ભાવનામાં હોય. આપણે'સંસારમાં કંઈ નથી' કહીએ,પછી બીજો કહે કે બધા સાધુ થશે તો પછી જગતનું શું થશે ? વહોરાવશે કોણ ? બે ચાર દીક્ષા હોય તો જગતમાં કેટલી ભાવના જાગે છે.કોઈ વખત અવિરતિનું થાળું ખાલી છે જ નહિં. વિરતિનું થાળું કદાચ ખાલી હોય. દેવતાઓ મનુષ્ય થશે, બધા દીક્ષા લે તો તું વહોરાવવા પાછો જજે એમ કહે. જગતમાં કરોડો નિશાળો, શિક્ષકો, પુસ્તકો છે. એક પણ પુસ્તકમાં, નિશાળમાં, એકપણ શિક્ષકે એ નથી શીખવ્યું કે જુઠું બોલજો, ચોરી કરજો છતાં તે કેમ ન નીકળ્યું ? સત્તાનો સોટો જેની ઉપર છે, ચોરીમાં ફરીયાદ ચાલે છે છતાં તે બદી જતી નથી. અકુદરતી બદી આટલા સ્કૂલાદિ છતાં નથી જતી. સત્તાથી નથી જતી તો અમે કુદરતી બદી કાઢવા માંગીએ છીએ. જુઠું બોલવું, ચોરી કરવી એ કુદરતી નથી. અકુદરતી ગુના માટે આટલું શિક્ષણ સત્તા છતાં રોકાણ નથી થતું., તો અમે (સાધુઓ) તો કુદરતને

ગુનેગાર ઠોકવા માંગીએ છીએ. તરસ લાગે ને તળાવમાંથી પાણી પીઓ તો ગુનેગાર.. ભૂખ્યા હો તો ઝાડ પરથી ફળ લઈ ખાવ તો ગુનેગાર. કુદરતે બનતા બનાવોને ગુનેગાર ઠરાવવા માગીએ છીએ તે પણ ઉપદેશથી સત્તાના સોટે નહિં. કહો અકુદરતી ગુના સેંકડો કરોડો માસ્તરાદિથી જે ન રોકાયા, સત્તાનો સોટો છતાં ન રોકાયા તે જગો પર એક વચનમાત્રથી કુદરતી ગુના રોકવા ઉપદેશ કરી તો આખા જગતના ગુના રોકાઈ જશે તે કઈ બુદ્ધિથી? સ્કૂલનો પાયો નંખાય છે. આ તો તમારી ઘોર ખોદાય છે. અહીં બધા ભણશે તો કોઈ ચોરી કરનાર, જુઠું બોલનાર નહીં રહે. પછી સુથારોનો ને લુહારોનો ધંધો પડી ભાંગશે, કારણ કે પછી કોઈ ચોર નહિં રહે. કળતાળાં કુંચી તીજોરીઓ ચોરના ભયને લીધે કરાવીએ છીએ તો લુહારાદિનો ધંધો ઉડી જશે. આમ બહેંકાવનાર મનુષ્યો લાઈન બહારના, તેમ બધા ધર્મિષ્ઠો થઈ જશે તે બહેંકાવનારા છે. અકુદરતી ગુના નથી રોકાતા તો અમારે તો કુદરતી ગુના રોકવા છે તે પણ ઉપદેશથી. પણ અજ્ઞાનથી પત્થર નાખવાની ટેવ હોવાથી બધા સાધુ થશે તો? જે શબ્દ પત્થર તરીકે ગોઠવાય છે તે જ ભાવના તીર્થંકર મહારાજનો આત્મા'સવિ જીવ કરૂં શાસન રસી.' બીજી બાજુ બધા સાધુ થઈ જશે તો? એક બાજુ કંઈ બોલો છો, બીજી બાજુ કંઈ બોલો છો? જે વાતને દુનિઆએ શ્રદ્ધા, સન્માન, આદર, ભક્તિ છતાં પત્થર તરીકે ગોઠવી છે. કઈ? આખુ જગત સાધુ થઈ જશે તો? એ જ ભાવના. આખુ જગત સાધુ બને એ ભાવના જેને થાય તેને જ તીર્થંકરપણાની જડ.

**સવિ જીવ કરૂં શાસનરસી.**

શાસનનો અર્થ ગોશાળા જમાલીવાળા પોતાનું શાસન માને તે શાસન નહિં. નિગ્રંથ શાસનમાં આખા જગતને જોડી દઉં. બપોરના સૂર્યના અજવાળામાં દેખતાને ખરે બપોરે આંધળાને અટવાતો દેખી જે કંપારી છૂટે, તેમ જગતના જીવો ત્યાગી નથી થયા તેથી કંપારી છૂટે તીર્થંકરોને કંપારી છૂટે. મોહાધીન મનુષ્ય પત્થર તરીકે જે વાત ગોઠવે છે તે જ ભાવનાએ તીર્થંકરપણું મેળવે છે.

## રાણી થવું છે કે દાસી ?

કૃષ્ણ મહારાજાની રાણીઓ કુંવરીઓને નવડાવી, લુગડાં ઘરેણાં પહેરાવી સભમાં વેવીશાળ સગપણ કરે તે માટે શણગારીને કૃષ્ણજી પાસે મોકલે છે. કૃષ્ણજીને એમ થાય છે કે સંસારના કચરામાં ખુંચવા ક્યાં તૈયાર થાય છે ? કૃષ્ણજીના વિચારો તમે ગાયા ? તીર્થંકર થશે તેમ ગાઈએ છીએ. પોતાની કુંવરીઓને દેખી જે વિચાર આવે છે કે અહો કર્મના કાદવમાં ખુંચવા તૈયાર થાય છે. જે પોતાની કુંવરી માટે આ વિચાર કરે તે જગત માટે શું નહિં વિચાર કરે ? તેમાં કુંવરીઓને એ વિચાર નથી. વચને બાંધે છે. કેટલાક પ્રશ્ન એવા હોય કે જેના ઉત્તર આપણા હાથમાં જ હોય. તેવો જ પ્રશ્ન કૃષ્ણજીએ કુંવરીઓને કર્યો, કે દાસી થવું છે કે રાણી ? એનો ઉત્તર કૃષ્ણજીએ જાણેલો જ છે રાણી થવું છે. રાણી શબ્દ બોલાવી ત્યાં નીતિ દાખલ કરી છે. મારા તાબામાં ૧૬૦૦૦ રાજાઓ છે. કોઈપણ જગાએ આપીશ તો પણ તમારું રાણીપણું નહિ આવે. ૧૬ હજાર મારા દાસ છે. માનેલું રાણીપણું આવશે, સાચું રાણીપણું નહીં આવે. મારા મુરબ્બી બને તો રાણીપણું આવે. નેમનાથજી પાસે દીક્ષા લેવાય તોજ મારા મુરબ્બી થાય, તેમ કેઈ કુંવરીઓને દીક્ષા આપી. રાણીઓ થાકી. એક રાણીએ છોકરીને બહેંકાવી ‘મારે દાસી થવું છે’ તેમ જ કહેવું. લાંબો ન્યાય ન કરે. બાવા લઈ જશે આવા સંસ્કાર બાળકમાં નાખે છે. કેટલાકને ઘેરથી બાળકો લઈ ગયા ? બિચારા બાળકો ન સમજે તેથી જે રસ્તે ભડકાવો તે રસ્તે ભડકે. રાણીએ કુંવરીને ભડકાવી કે દાસી થવું છે, રાણી નથી થવું. સગાઈએ અંગે વાત થવા આવી. હવે કૃષ્ણજીની બાજી અટકી. વીરા સાલવીને પરણાવી. વીરા સાલવીનો માર ખાવો પડ્યો, રોતી રોતી ઘેર આવી. અંતે રાણી થવાનો વખત આવ્યો. આખું જગત ત્યાગી થવું જોઈએ. મારૂં કુટુંબ સંબંધી મારા લગતા વળગતા કર્મકીચડમાં ખુંચતા ન રહેવા જોઈએ. આવી ભાવના તીર્થંકરની હોય. આખા કુટુંબને કર્મ જંજીરમાંથી મુક્ત કરવા ઈચ્છા રાખે તે ગણધર થાય.

**લોક શબ્દથી ક્યો અર્થ લેવો ?**

'નમે લોએ સવ્વસાહૂણં' કહીએ ત્યારે લોક શબ્દથી અઢીદ્વીપ, લોગસ્સ ઉજ્જોઅગરે૦ ત્યારે લોકાલોક બધાને પકડીએ શી રીતે? શબ્દની વ્યુત્પત્તિ અનિયમિત છે. તેમ હોવાથી જે વખતે લોક શબ્દથી મનુષ્ય તેથી મનુષ્યલોક એટલે અઢીદ્વીપ. કેવળજ્ઞાનથી દેખાય તે લોક. કેવળજ્ઞાનથી શું ન દેખાય? એવું કંઈ છે જ નહિં. કેવળજ્ઞાનથી લોકાલોક બધું દેખાય. લોક અલોક બંનેનો પ્રકાશ કરનારા. 'व्याख्यातो विशेषार्थ प्रतिपत्तिः ' વ્યાખ્યા કરી વસ્તુ સમજવી. સમજાવવી જોઈએ. લોકમાં સાધુ લેવા છે તે અઢીદ્વીપમાં જ હોય . મનુષ્યના જન્મ મરણ મોક્ષ અઢીદ્વીપમાં હોય તેથી ત્યાં લોક શબ્દથી મનુષ્યલોક લીધો. લોગસ્સમાં લોકથી ૧૪ રાજલોક લઈએ તો જિનોને અલોકનું જ્ઞાન નથી, એમ થાય. પાંચ અસ્તિકાયરૂપ એવા લોકને જણાવનાર તીર્થંકરો, આમ જુદા જુદા લોક શબ્દના અર્થ કરવા પડે, તેમ દુનિયાદારીમાં પણ લોક શબ્દના અર્થ જુદા જુદા થાય છે. લોક જેવું બોલે છે એટલે લોક શબ્દથી વહવહૈયા લેવાય. તેમ લોકોની જાવડ આવડ ત્યાં વહવહૈયા નહિ પણ મનુષ્ય માત્ર લેવા પડે. દુનિયાદારીથી લોક શબ્દ એક અર્થમાં નથી. શાસ્ત્ર દૃષ્ટિએ લોક શબ્દથી જુદા જુદા અર્થ છે. અહીં લોકમાં ઉત્તમ તેમાં લોક શબ્દથી કોને લેવા? મનુષ્યલોક લઈએ તો પુરૂષસિંહે૦ કહ્યું તેથી વધ્યું શું? માટે '**લોગુત્તમે**' ત્યાં લોક શબ્દથી શું લેવું? સર્વ ભવ્યજીવો લેવા. ઉત્તમતા પોતાના વર્ગની અપેક્ષાએ લેવાય. ઘોડો ઘોડાની અપેક્ષાએ ઉત્તમ હોવો જોઈએ. ગધેડાની અપેક્ષાએ ઉત્તમ હોય જ. મોક્ષના મુસાફરોમાં ઉત્તમ હોવા જોઈએ ત્યારે તેની ખરી ઉત્તમતા. 'लोगुत्तमे' લોક એટલે ભવ્ય લોકો તેમાં ઉત્તમ શાથી? ભવ્યત્વ એકસરખું હોવાથી ભવ્ય વર્ગમાં જે તમે ઉત્તમ જણાવ્યા તે શી રીતે? હવે તે કઈ રીતે ઉત્તમ ગણાય તેના કારણો ક્યા તે અધિકાર અગ્રે-

# દેશના ૬૫
# ચીલો પાડતા ચાલતા જવું કેટલું મુશ્કેલ છે ?

ગણધર ભગવાન શ્રી ભગવતીસૂત્રની રચના કરતા જણાવી ગયા કે કેવળજ્ઞાન થયું હોય, ગણધરો પ્રતિબોધ પામ્યા હોય ત્યારપછી ત્રિપદી અપાય ત્યારે ભગવતી સૂત્ર અર્પણ કરાય. સૂત્ર અર્પણ કરતી વખતે ભગવાનની અવસ્થા કેવા પ્રકારની છે ? ભગવતી આપવા પહેલાં શ્રમણ ભગવાન મહાવીર બન્યા હતા. સંસાર માત્ર છોડી દીધો હતો. પરિસહો ઉપસર્ગો સહન કર્યા હતા. અતિકઠીન મહાભદ્ર ભદ્ર પ્રતિમાઓ જેમણે પૂરી કરી હતી. જેના મન ઉપર મેરૂપર્વત આવી પડે તો પણ અસર નથી. સંગમે ઘોર ઉપસર્ગો કર્યા છે. જેમને આટલી સમૃદ્ધિ કે ભયની અસર નથી. એવા આત્માને અંગે દેવતાઓએ નામ સ્થાપન કર્યું. શ્રમણ ભગવાન મહાવીર. એ મહાવીર ભગવાને કેવળ પામી ભગવતી સૂત્ર અર્પણ કર્યું. કેટલીક વખત જાત ઉપર ભાત પડે છે. માટીનું પૂતળું બને, નદીની રેત તેનું શું બને ? તેની ઉપર કારીગરી શું બને ? માટીના પૂતળા બને પણ રેતના ઢેફાના ઉપર કારીગરી ન થાય. યોગ્ય વસ્તુ ન હોય તો કારીગરી કામ લાગતી નથી. તીર્થ થાપવાની લાયકાત શ્રમણ ભગવાન મહાવીર નામ થાપ્યું તેથી લાયકાત આવી નથી. તીર્થનું સ્થાપન 'आइगरे' શાસનની આદિ કરનાર હોવાથી तित्थगरे શાસન સ્થાપનારા.

**ચીલો પાડતા જવું ને ચાલતા જવું કેટલું મુશ્કેલ છે.**

सहसंबुद्धे આપોઆપ બોધ પામેલા, કોઈના કહેવાથી માર્ગ

આવેલા નથી. ક્ષપકશ્રેણીનો માર્ગ ગ્રહણ કર્યો. કેવળ જ્ઞાન મેળવ્યું તે બધું આપ બળે, જગતમાં પરબળે પણ જીતવું મુશ્કેલ પડે છે. પ્રેરણા કરનાર સાધર્મિકો સાધુ શાસ્ત્રો છતાં આત્માને વશ રાખવો મુશ્કેલ પડે છે. તો હવે કલ્પના કરી લો કે જેને કોઈપણ પ્રેરક કે સહાયક નથી, ન સહચર તે જગો પર શું હોય ? આપણા આત્માથી વિચાર કરવાનો છે કે આપણને આટલા બધા આલંબનો છે. શ્રાવકો કહે છે કે આજે પડિકમણું કરવા ચાલો. ન આવડે તો બીજા કરાવે. પ્રેરકો, સહાયકો, સહચરો આપણને મળ્યા છે. આટલું છતાં આત્મા હરાયા ઢોર પેઠે કેટલો પાપથી ખસે છે ? એ દૃષ્ટિએ વિચારો કે જે મહાપુરુષોને કોઈ પ્રેરક, સહાયક, ઉપદેશ સહચર નથી. આપણે સાધવું તે ચીલે ચીલે સાધવાનું છે. ચીલે ચાલવાવાળાને જ્યારે આટલી આત્માને વશ રાખવાની મુશ્કેલી છે, તો જેમને ચીલા વગર ચાલવું છે, તો સહાયકાદિ વગર પોતે ગાડું વહી જાય છે. સર્વવિરતિનો વિચાર કરે ત્યારે લોકાંતિકો આવે છે. કોઈની પ્રેરણાદિક વગર તેવી રીતે મોક્ષમાર્ગે પરિસહાદિ વેઠી પ્રયાણ કરવું કેટલું મુશ્કેલ ? આપણને એક વિઘ્ન આવે ચીલો છતાં છોડી દઈએ છીએ. મહાવીરને દીક્ષાના પહેલે દિવસે ગોવાળીયે માર્યા. ઋષભદેવજીને પહેલે દિવસે ખાવાનું ન મળ્યું. ચાહે પરિસહ હો ઉપસર્ગ હો પણ ચીલો પાડવો ને ચાલવું જ. ચીલો પાડતા જવું ને ચાલતા જવું.

ગોટલો વાવી દીધો પછી ઝાડ થાય, ટાઢ તડકો લાગે આંબાને કેરી થાય. તેમાં આંબાની કેરીની તાકાત છે. એ તાકાત હોવાથી ટાઢ, તડકા, પવન આવે તો પણ સહન કરતાં કરતાં મૂળ-આંબાના સ્વભાવે જ આગળ વધે. જિનેશ્વરના આત્મામાં તેવો કોઈક સ્વભાવ છે, તેનું નામ તથાભવ્યત્વ તે તરફ જ વળે. તેઓ જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે જગતના ઉદ્ધારનો વિચાર થાય. વરબોધિ તીર્થંકરના જીવને થાય તે સાથે જ એ વિચાર કે જગતનો ઉદ્ધાર કેમ થાય ? શેઠે એક મુનીમની

પરિક્ષા કરવા માટે પૂછયું, ત્યારે મીઠાબોલા મુનીમે કહ્યું કે આપની દાઢી પહેલા બુઝાવીએ. ચકોર મુનીમને પૂછયું ત્યારે બે લહરકા મારા મારી પછી આપની બુઝવું. જેવી દાનત અને જેવું બને તેવું કહેનારો છે. ત્રિલોકનાથના જીવો તો જે વખતે પ્રથમ સમ્યક્ત્વ અને વરબોધિ પામે. વરબોધિ જુદી ચીજ નયસારનું પ્રથમ સામાન્ય સમ્યક્ત્વ. આદ્ય સંબોધ ને વરસંબોધ બંને લલીતવિસ્તરા ચૈત્યવંદનવૃત્તિમાં જુદા પાડે છે. કેટલાકો પ્રથમ સમ્યક્ત્વને વરબોધિ ગણવાની ભૂલ કરે છે જિનેશ્વરો વરબોધિ પામે ત્યારથી જગતના ઉદ્ધારની દૃષ્ટિવાળા હોય, તેથી જિનેશ્વર સૂરિએ કરેલી અભયદેવજીએ સુધારેલી એવી અષ્ટકવૃત્તિમાં ઉદાહરણ આપ્યું. જે વખત વરબોધિવાળા થાય તે વખતે ઉદ્દેશ એક જ કે આખા જગતનો ઉદ્ધાર કરૂં. આવું શાસન છતાં આ જગત અજ્ઞાનમાં કે અટવાય છે ? સર્વ જીવોના અજ્ઞાનનો નાશ થાય, આખુ જગત ત્યાગ માર્ગે વળી જાય, આ ભાવના જ એમને તીર્થંકરપણું મેળવી આપે.

**બાંધેલું તીર્થંકર નામકર્મ કેવી રીતે વિખરાઈ જાય ?**

તીર્થંકર નામકર્મ બાંધ્યા છતાં તીર્થંકર ન થાય. તીર્થંકરનામકર્મ બે પ્રકારે, બંધ અને નિકાચનાથી. બંધથી થયેલું ચાલી પણ જાય. આવ્યું તો ગયું કેમ ? જગતના ઉદ્ધારની બુદ્ધિએ તીર્થંકર નામગોત્ર બાંધ્યું હતું. તેમાં આત્મસ્વાર્થ, વિષય પ્રમાદની પરિણતિ ઉભી થાય તો પાછા ઘાંચીના બળદ માફક હતા ત્યાં ને ત્યાં જ. અનાદિથી તથાભવ્યત્વવાળા લાયકાતવાળા હોઈને તીર્થંકર નામગોત્ર બાંધ્યું હોય પણ કર્મ સામા થવાને શૌર્યવાળા ન હોય તો તીર્થંકર ન થઈ શકે. તીર્થંકર થાય કોણ ? તથાભવ્યત્વ હોય તે તીર્થંકર નામકર્મ બાંધે. બાંધ્યા પછી વિષય કષાયની વેલમાં (ગામડામાં વરરાજાને બેસવા માટે શણગારેલ ગાડું) જઈ બેસે તો બાંધેલું તીર્થંકર નામગોત્ર વિખરાઈ જાય. આથી તીર્થંકર નામકર્મ નિકાચિત કરવાનો ત્રીજો ભવ કેમ માનવો પડે છે તે સમજાશે. નિગોદમાં રહેલા જીવોમાં ભળ્યો છે કે નહિં. જે કદાપી નિગોદની

બહાર નીકળવાના નથી, તે મોક્ષે જવાના નથી છતાં લાયકાત છે. યોગ્યતા છતાં યોગ્યતાપોષક કારણો મળે તો કામ કરે. પોષક પદાર્થો ન મળે તો કામ ન થાય. જેણે તથાભવ્યત્વને લીધે તીર્થંકરનામ-ગોત્ર બાંધ્યું, પણ પ્રયત્ન ન કરવાથી અને વિષય કષાયમાં પડી જવાથી બાંધેલું વિખરાઈ ગયું. ફેર પાછું બાંધ્યા વગર મોક્ષે જાય. તેનું તેવા પ્રકારનું તથાભવ્યત્વ હતું.

પુરૂષોત્તમ કહી દીધા પછી પુરૂષસિંહ કહેવાની શી જરૂર? નમુત્થુણં દરરોજ બોલીએ છીએ પણ તેના અર્થોમાં શું રહેલું છે તે વિચારતા નથી. ગોટલો વાવીશું તેને એવા સાધનો મળશે કે મોટો આંબો થશે. તેમાં તેવા પ્રકારની યોગ્યતા અનાદિ તથાભવ્યત્વ છે, તે આત્માઓ તીર્થંકરપણું બાંધવાના છે. હવે પુરૂષસિંહ કહીને શું કામ છે ? એ તીર્થંકર નામકર્મ બાંધવાવાળા એ શુભ કર્મને પાળી પોષી શકે તો તીર્થંકર થઈ શકે. પાળી પોષી ન શકે તો પાછા ખસી જાય. શાસ્ત્રકારોએ તીર્થંકર નામકર્મની બે અવસ્થા રાખી છે. બંધની અને નિકાચનાની અવસ્થા. તીર્થંકર થવાના પહેલાના ત્રીજા ભવે નિકાચિત કરે. હવે તે તીર્થંકરપણું રજીસ્ટર થએલું હોવાથી ખસવાનું નહિ, 'પુરૂષસિંહે' તીર્થંકર નામકર્મ બાંધનારાઓ વિષયકષાય આરંભ પરિગ્રહમાં મશગુલ થાય તો પાછા રખડી જાય. એક વખત કમલપ્રભ આચાર્યે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું, વિખરાઈ ગયું ને હવે તીર્થંકર થયા વગર પદ્મનાભ તીર્થંકરના વખતમાં મોક્ષે જશે.

**પરપરિણતિ દૂર કરવા પ્રયત્ન ન કરે તો તથા ભવ્યત્વ કામ કરી ન દે.**

પુરૂષસિંહ કર્મ વૈરીના પરાભવ માટે તાકાતદાર બને તો જ તીર્થ પ્રવર્તાવી શકે. બીજી બાજુ તથાભવ્યત્વને લીધે આત્માની યોગ્યતા આવી ગઈ હોય તેમ નથી. જેવી આત્માની યોગ્યતા છે તેવી કરણીની અપેક્ષાએ ઉત્તમતા રાખવી પડે છે. હીરો સ્વભાવે ઉત્તમ પણ મોજડીમાં જડેલો હોય ને મોજડી મારે તો સન્માન ગણાય નહિં. હીરાજડીત

મોજડીને સન્માનનું કારણ ગણીએ છીએ? મોજડી ખરાબ ચીજ હોવાથી હીરો સન્માનને પાત્ર ન રહે.આત્મા કર્મ તોડવામાં પરપરિણતિ દૂર કરવામાં કટીબદ્ધ ન રહે તો તથાભવ્યત્વ કામ કરી ન દે. સામગ્રી મળે તો તથાભવ્યત્વ કામ કરી દે. આજ વાત આગળ પણ વિચારેલી છે. મહારાજ! સમકિત પામે ત્યારે સ્થિતિ કેટલી? ૧ કોડાકોડીથી ઓછી. ૬૯ અધિક સ્થિતિ સમકિત વગર તોડી, જ્યારે ૬૯ કોડાકોડ અધિક સ્થિતિ વગર જ્ઞાને વગર ચારિત્રે સમકિત વગર તોડી તો એક કોડાકોડીની સ્થિતિ શું હવે નહિં તૂટે? જ્યાં કર્મ જાણ્યા નથી તોડવાની બુદ્ધિ નથી, આપોઆપ જો ૬૯ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળા કર્મો તુટી ગયા તો ૧ નહીં તૂટી જાય? આમ માનતા હતા તેમને સમજાવ્યું કે લુગડા ઉપર કાદવનો લોંદો માર્યો. લાગ્યો, આખો લોંદો ખરી પડશે પણ ડાઘ લાગશે તે કાદવની અપેક્ષાએ કેટલામા ભાગનો? એ ડાઘનો પાસ કાઢતાં સાબુ, મહેનત જોઈએ. સ્વસ્વરૂપ લાવવું હોય, લુગડું સાફ કરવું હોય તો ઘણી મહેનતે કાદવનો ડાઘ નીકળે. રગડો હોય તે બે વખતના પાણીમાં નીકળી જાય, પણ પાછળનો રહેલો પાસ તે કાઢતા મહેનત પડે છે. તેમ આત્માને અંગે ૬૯ તૂટતા જેટલી મુશ્કેલી ન પડે તે કરતાં ૧ તોડવામાં વધારે મુશ્કેલી પડે છે તથા ભવ્યત્વથી ગ્રંથી પાસે આવવું જેટલું મુશ્કેલ નથી તેના કરતાં પામ્યા પછી ટકવું વધવું વધારે મુશ્કેલ છે. કર્મ સામા સિંહ તરીકે. મરી જાય તો પણ સિંહમાં રાંકપણું ન આવે, તેમ આત્મામાં ચાહે તેવું દુઃખ આવી જાય તો પણ એ આત્મામાં રાંકપણું નહીં આવે. ગાડીને પાટા પર ચડાવી કળ ફેરવી કે એ જ રસ્તે ચાલ્યા કરે. મનુષ્યની પ્રકૃતિ એવી કે જે રસ્તે મેલાયા તે રસ્તે ચાલ્યા કરે. રૌદ્રપણું જ્ઞાનાવરણી મોહનીય, અંતરાય કર્મોને મારી પાડું, માટે પુરિષસિંહ વાઘ જેવા ક્રૂર જાનવરો બધી જગો પર ક્રૂર નથી. બચ્ચા સાથે પ્રેમવાળા હોય. ક્રૂરતા સાથે પ્રેમ હોય તેમ જિનેશ્વરના આત્માઓ ક્રૂર રૌદ્ર ખરા પણ શાના અંગે? કર્મના નાશને અંગે ક્રૂર . કર્મના નાશ

સિવાય કોમળ.

*પુરિસવર પુંડરિए કોમળમાં કોમળ ચીજ કમળ. તેમ આત્માની* પરિણતિની અપેક્ષાએ સર્વથા કોમળ, કોમળતા સજ્જનને અંગે ગુણરુપ. દુર્જનને ઉપદ્રવ કરવાનું સ્થાન. કુતરૂં કરડવા ક્યાં જાય? લાકડી ન દેખે ત્યાં કરડવા જાય. જગતના જીવોમાં જેઓ દુર્જનો છે તો તેમને માટે દુર્જનતા કરવાનું વિધાતાનું નોતરૂં છે, પણ તીર્થંકરના આત્મા એવા પ્રભાવશાળી કે **પુરુષવરગંધહત્થીણં ગંધહસ્તિની ગંધથી** બીજા હાથીઓ ભાગતા જ ફરે; એની છાયામાં નજીકમાં ન આવે. ગધેડાને ડફણા મારશો ને ભૂંકવા ન દેવા તે ન બને, ગંધહસ્તિની ગંધથી ભાગી જાય; બીજે જઈને બરાડા પાડે, જેમ ગંધહસ્તિને બીજા હાથીઓ સાથે લડાઈ કરવી પડતી નથી, તો પછી મનુષ્યને અંગે ક્રૂરતા નથી. ઘાતકતા-ક્રૂરતા કર્મને અંગે છે.

**રાગ-દ્વેષ તારનાર પણ ગણાવ્યા છે.**

રાગદ્વેષ રખડાવનાર ગણાવ્યા છે તેમ તારનારા પણ ગણાવ્યા છે. તારનાર પણ રાગ-દ્વેષ, સંસારમાં રખડાવનાર રાગ-દ્વેષ, તારનાર પણ રાગ ને દ્વેષ. પરંતુ રખડાવનાર રાગ-દ્વેષ ક્યાં ને તારનાર ક્યાં? આરંભ પરિગ્રહ વિષય-કષાયની અપેક્ષાએ થતો રાગ અને દ્વેષ રખડાવનાર. તારનાર રાગ-દ્વેષ ક્યા? તારનાર એ જ પણ પ્રશસ્ત રાગ, પ્રશસ્ત દ્વેષ આત્માને તારનાર પ્રશસ્ત કહેવા કોને? મનમાં પ્રશસ્ત ધારી લે તેથી રાગ-દ્વેષ પ્રશસ્ત થતા નથી. પ્રશસ્ત રાગ-દ્વેષ કોને કહેવો? આ પહેલાં ધ્યાનમાં રાખજો. મલયગિરિજી મહારાજ લખે છે કે પ્રશસ્ત રાગ દ્વેષ કર્મબંધ તો કરાવે. વાણિયો વેપારમાં વધારે ને વધારે લાભ મળતો હોય તો દલાલી દેવી પડે, તેની કિંમત ન ગણે. કર્મબંધ થાય તે અલ્પ, તરત છૂટવાવાળું. પ્રશસ્ત રાગ કરવા લાયક હોવાથી નમો અરિહંતાણંનો જાપ કરવો. પ્રશસ્ત રાગ હોવાથી નમો અરિહંતાણં બોલીએ છીએ.અરિહંત ઉપર રાગ પ્રેમ થાય ત્યારે નમો અરિહંતાણં

બોલીએ છીએ. બધા નમસ્કારો રાગથી બોલીએ છીએ.


' अरिहंतेसु य रागो रागो साहूसु बंभयारिसु ।
एस पसत्थो रागो, अज्ज सरागाण साहूणं ।।'

આનું નામ પ્રશસ્ત રાગ. અરિહંત ભગવાન ઉપર રાગ, સાધુ, બ્રહ્મચારી ઉપર જે રાગ આ બધા પ્રશસ્ત રાગ, ગુણાને ગુણી ઉપર રાગ તે પ્રશસ્ત રાગ. પ્રશસ્ત દ્વેષ કોને કહેવાય ? અવગુણને અંગે પ્રશસ્ત દ્વેષ. અવગુણી ઉપર દ્વેષ ન કરાય, તે માટે મધ્યસ્થ ભાવના રાખવી પડી. क्रूरकर्मसु निःशंकं ભયંકરમા ભયંકર કાર્યોમાં નિઃશકપણે પ્રવર્તવાવાળા હોય. देवतागुरुनिंदिषु જિનેશ્વર ભગવાન ગુરૂમહારાજાઓની માત્ર નિંદા કરનારા નહીં, પણ નિંદા કરવાની ટેવ પડી છે તેવા, શીલ-આચાર ટેવવાળા એવા જીવો વિષે, તેમજ અમે સારા અમારા જેવો કોઈ નહીં, પોતાના જ ગુણગાન કરનારા આત્મપ્રશંસકો તેવા જીવોમાં બેદરકારી કરવી તેનું નામ માધ્યસ્થ ભાવના. અવગુણી તરફ દ્વેષ થાય તેને પ્રશસ્ત દ્વેષ કહેનાર જુઠ્ઠા છે. ચાર ભાવનામાં દ્વેષભાવના નથી. બન્યું છે શું ?

કોઈ સમયે આખો ગચ્છ રાત્રે જંગલમાં રહેલ છે. તેવા સહસ્રયોધી સાધુ ગચ્છ જાગીને શ્વાપદોથી રક્ષણ કરે છે. દૂરથી વાઘ આવતો જાણી લાકડી મારી. વાગવાથી વાઘ પાછો ફર્યો, પણ કેટલેક દૂર ગયા પછી એટલે મર્મ સ્થાનમાં વાગેલું એટલે મરી ગયો. રક્ષણ કરનાર સાધુ સમજ્યા કે વાઘ પાછો ગયો હશે. બીજે પહોરે બીજો વાઘ આવ્યો. સાધુ સમજ્યા કે એનો એ વાઘ પાછો આવ્યો એટલે વધારે જોરથી લાકડી ફેંકી. વાઘ પાછો વળી થોડે દૂર ગયો કે બીજો પણ મરી ગયો. એમ ત્રીજે ચોથે પહોરે જુદા જુદા વાઘ મરી ગયા. કેટલેક આંતરે મૃતકો પડેલા. પ્રતિક્રમણ પછી સાધુઓ વસ્તી જોવા નીકળ્યા, તો અનુક્રમે વાઘ્રોના મૃતકો એક પછી એક એમ પડેલા. રક્ષક સાધુએ ગુરૂને પોતાની રાત્રીએ વીતક હકીકત કહી. વસ્તી જોઈને આવેલા સાધુએ વાઘમૃતકો એક પછી અનુક્રમે પડેલા છે તેમ કહ્યું. સાધુસમુદાયના

રક્ષણ માટે કરેલું કાર્ય છતાં આલોયણ ખરી. અહીં દ્વેષ નથી, પણ રક્ષા છે. રક્ષા માટે કરાએલ ઘા પ્રાયશ્ચિતનું સ્થાનક છે. ભલે માત્ર નવકાર ગણાવે.

અહીં દ્વેષ નથી પણ રક્ષાના સાધન છે. રક્ષા માટે કરાયેલો ઘા દંડ લાયક ગણાયો. વિરોધીને મારીએ, ગાળો ભાંડીએ તેમાં નિર્જરા છે તેમ નવીન પંથીઓ માને છે. જ્યાં સુધી જુદો પ્રયત્ન થાય ત્યાં સુધી આગળનો પ્રયત્ન ન કરાય. પણ છેવટે રક્ષા તો કરવી જ પડે. પ્રશસ્ત રાગ બે પ્રકારનો. ગુણ અને ગુણી ઉપર રાગ. બંને પ્રકારને પ્રશસ્ત કહે છે, પણ દ્વેષમાં મિથ્યાત્વ, અજ્ઞાન ને અવિરતિ અવગુણો ઉપર દ્વેષ તે પ્રશસ્ત દ્વેષ, તે અવગુણવાળા ઉપર દ્વેષ તેને પ્રશસ્ત દ્વેષ શાસ્ત્રકારો કહેતા નથી. જિનેશ્વરને અજ્ઞાન, અવિરતિ, મિથ્યાત્વ આદિ દોષો ખસી જાય છે. ગંધહસ્તિની ગંધથી બીજા હાથીઓ ખસી જાય છે, તેમ જિનેશ્વરના પ્રભાવથી અજ્ઞાનાદિક દોષો ખસી જાય છે. હવે જિનેશ્વરના બીજા ગુણો કેવી રીતે સમજાવશે તે અગ્રે.



## દેશના ૬૬
## કહેનારા વક્તા આશ્રી
## અર્થમાં ફરક પડે છે.
## ચંડકૌશીકની સહન પરાકાષ્ઠા

लोगुत्तमे लोगनाहे..............सरणदये०

**એક સૂત્રના કેટલા અર્થ.**

ગણધર મહારાજા સુધર્માસ્વામીજી જંબુસ્વામીને ભગવતીસૂત્રની વાચના દેતા જણાવી ગયા કે તે કાળે તે સમયે રાજગૃહી નામની નગરી, શ્રેણીક રાજા, ચેલણારાણી હતી. તે વખતે મહાવીર મહારાજાએ ગૌતમસ્વામીને સૂત્ર અર્પણ કર્યું હતું. તેની મહત્તા કોના ઉપર આધાર રાખે છે? એકને એક વાક્ય મૂર્ખ, સામાન્ય જ્ઞાનવાળા, અપૂર્ણ જ્ઞાનવાળા અને સંપૂર્ણ જ્ઞાનવાળાના મોંમાંથી નીકળે, અક્ષરો એના એ જ હોય પરંતુ અર્થમાં ફરક પડે. જગો જગો પર કહીએ છીએ-

सव्वणईणं जा होज्ज वालुया गणणमागया सन्ती ।
तत्तो अणंतगुणिओ अत्थो एगस्स सुत्तस्स ।।

જગતમાં જેટલી નદીઓ એ સર્વ નદીઓની રેતના કણીયા ગણતરી કરીએ અને જગતમાં પૃથ્વી કરતાં પાણી વધારે છે. લાખ જોજનનો જંબુદ્વીપ તો લવણ બે લાખ. જંબુદ્વીપ જેવા ઉત્તરોત્તર બમણા માપવાળા દ્વીપો. કેઈ જંબુદ્વીપો લવણમાં સમાઈ જાય. છેવટે બેવડો દ્વીપ નથી પણ સમુદ્ર બેવડો છે. સ્વયંભૂરમણ સમુદ્ર છેલ્લામાં છેલ્લો. એક ભાગ આખો તીર્ચ્છાલોક, બે ભાગ સ્વયંભૂરમણ સમુદ્ર. તીર્ચ્છાલોકના ત્રણ ભાગ કરીએ ત્યારે બધા દ્વીપ સમુદ્ર મળી એક ભાગ, એકલા સ્વયંભૂરમણ સમુદ્રને બે ભાગ મળે. આટલો ભાગ દરિયાએ રોકેલા હોવાથી તમામ દરિયાના પાણીના બિન્દુઓ જેટલા, સર્વ નદીના

રેતીના કણીયા અને સર્વ દરિયાઓના પાણીઓના બિન્દુઓ જેટલા, તે રેતીના કણીયા અને પાણીના બિન્દુની સંખ્યા ગણતરીમાં આવે તેના કરતાં અનંતગુણો અર્થ સર્વજ્ઞે કહેલા એક સૂત્રનો છે.

**પોતાની માને ડાકણ કોણ કહે ?**

પોતાની માને ડાકણ કહેનાર કોઈ ન હોય. તમે જિનેશ્વરના ભગત તેમને આધીન તેથી તેમનો મહીમા ગાવ તેમાં નવાઈ નથી. 'મારા લુલીયે છોકરે ગઢ જીતીયો રે લોલ.' મીંયાભાઈની જાનમાં એક લંગડો પુત્ર ઘોડા પર બેસી પરણવા જાય છે. ત્યારે પુત્રઘેલી મા બીબી ગાણું ગાતા ગાતા ' મેરા કાણીયા બાપુને ગઢ જીતીયો રે લોલ.' એટલે સામેથી વેવાણ પણ ગાય છે. પરણનાર છોકરી આંખે ખોડવાળી હતી. તેથી 'જીત્યા જીત્યા અલ્લા કી ટાંગ, મેરી બીબી ચલે જબ દેખીએ રે લોલ.' એમ છોકરાઘેલી છોકરીઘેલી માતાઓ વહાલથી ગાય છે. માતા રાગથી લુલીયા છોકરાને ગઢ જીતનાર કહે તેમ તમે દેવ તરીકે માન્યા. રાગથી તેમના વચનનું ગૌરવ વધારે તે વાત અમારા મગજમાં ઉતરે નહિં. સર્વ બિન્દુ સર્વ રેતીના કણીયા કરતાં અનંતગુણો અર્થ એક સૂત્રનો, તે વાત અમારા મગજમાં ઉતરે નહિં. જે માણસમાં જેટલી અક્કલ હોય તેટલી અક્કલથી વિચારીને જ બોલે. કલાર્કને આમ કરવામાં કોઈ જાતની હરકત નથી. કેટલું વિચાર્યું કે પોતાની અક્કલ હોય તેટલું. તે જ વાત વકીલને પૂછીએ તો તેનો તે જ શબ્દ કહે, છતાં વકીલે શબ્દ કહ્યો તે વાક્ય આખા કાયદાને બધી બુદ્ધિથી આવરી કહ્યું. તે જ જગો પર બેરીસ્ટરે કહ્યું કે કોઈ જાતની હરકત નથી. તે વાક્ય તેનો અર્થ ? આખા દેશમાં આની અડચણ આવે તેમ નથી. બેરીસ્ટરને આખો દેશ, વકીલને ડીસ્ટ્રીક્ટ, કલાર્કને પોતાની કોર્ટ ખ્યાલ રાખી અર્થ કહેવાનો હોય.

**ઝેરના કીડાને સાકર જીવન ન બને.**

તાવના ચિન્હ તે જ ક્રોધના ચિન્હ. ભેળાભેળી ઉપદેશની લાઈનથી વિચારીએ છીએ. તાવ કાઢવા માટે પૈસા ખરચી દવા લે છે,

પણ આત્માના તાવને કાઢવાની ગરજ રાખી નથી. ક્રોધ આત્માનો તાવ. આંખો લાલ, નસકોરાં ફુલે, શરીર ગરમ થાય, મગજ ભમે, તો ક્રોધના ક્યા જુદા ચિન્હો? ક્રોધમાં પણ તાવ જેવા ચિન્હો થાય છે. એવો તાવ નથી કે સાંભળવાથી ચડે. યાદ કરવાથી ચડે. ક્રોધરૂપી તાવ યાદ કરીએ તો ફેર ક્રોધ ચડે. ક્રોધ સ્મરણનો તાવ. સ્મૃતિથી ચડવાવાળો એટલું જ નહિં, પણ ક્રોધના બીજ આત્મામાં પેસે. ચામ-હાડનો તાવ, ક્રોધ-હાડમાંસનો નહિં, પણ આત્માનો તાવ. આપણી પરિણતિ બગડી. આ ભવમાં ક્રોધી, માની, માયી, લોભી હોઈએ તેમાં આવતા ભવને શો સંબંધ? ક્રોધાદિક શરીરમાં અસર કરનારી ચીજ નથી. ક્રોધાદિકથી આવતો ભવ બગડે. શરીરના રોગો શરીરને અસર કરનાર છે. ક્રોધાદિક આત્માને જબરજસ્ત અસર કરનાર હોવાથી ક્રોધાદિકવાળી હલકી ગતિમાં જ જાય. ઝેરમાં કીડો ઉછર્યો તેને સાકરમાં મરવાનું થાય, પણ સાકર તેનું જીવન ન બને. ક્રોધાદિકે ટેવાઈ ગયેલો તેને ક્રોધાદિકની મંદતાવાળું સ્થાન હોય તો તેને ઝેર જેવું થાય. ઝેરી કીડાનું જીવન ઝેરમાં, અમૃતમાં સાકરમાં ઝેરી કીડાનું સ્થાન-જીવન ન હોય. તેમ ક્રોધાદિકથી વાસીત થયેલો આત્મા જ્યાં ક્રોધાદિક વધારે હોય ત્યાં જ જીવી શકે. ક્રોધાદિકને કાબુમાં મેલવા પડતા હોય ત્યાં તેનું જીવન ન હોય. મૂળ હકીકતમાં આવો. લાલ આંખો, નસકોરાં ફૂલ્યાં, કેડ તૂટવા માંડી, ગળું સૂકાવા લાગ્યું એટલે ક્રોધ, તો જાનવરમાં ક્રોધ નહીં ને? તેને આંખ ક્યાં લાલ થવાની છે?

આપણે ક્રોધ શબ્દ મનુષ્યના લક્ષણને ઉદ્દેશીને વાપર્યો. જે જ્ઞાની મનુષ્ય હોય, જાનવરની પ્રકૃતિ સમજી શકતો હોય તેને ક્રોધ થાય ત્યારે તેને ક્યા ચિન્હો થાય? જે જીવ અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની છે તે ક્રોધ શબ્દ વાપરે, તે કેટલું ધ્યાન રાખે? મનુષ્યની ક્રોધની પરિણતિ લેવા સાથે ગાય, ભેંસ, ઉંટ, હાથી વિગેરે ક્રોધ ચડે ત્યારે શા શા ચિન્હો હોય? તે બધું બંનેને લાગુ પડે, તે ધ્યાનમાં રાખી ક્રોધ શબ્દ બોલે. અવધિ, મનઃપર્યવજ્ઞાનીએ મનુષ્યનું, જાનવરનું ક્રોધ વખતનું સ્વરૂપ

ધ્યાનમાં રાખી આનું નામ ક્રોધ કહેવાય. હવે જ્ઞાની તેથી વધ્યા. જેઓ વિકલેન્દ્રિય જીવોની પરિણતિ સમજે છે. કીડીઓ, માખીઓ ક્રોધવાળી જાતો છે. વીંછીઓ કરડે છે એવી ક્રોધની પરિણતિ મનઃપર્યવજ્ઞાનીને જાણવી મુશ્કેલ. વિશેષજ્ઞાની હોય તે ક્રોધનો અર્થ ક્યાં લગાડે. વિકલેન્દ્રી, પંચેન્દ્રી જાનવર મનુષ્યોની પરિણતિ એકઠી કરી ક્રોધસ્વરૂપ જાણી પછી ક્રોધ શબ્દ વાપરે. એકેન્દ્રિયો પણ ક્રોધાદિક વગરના નથી જેટલા સંસારી જીવો તે સર્વ સકષાયી છે. એકેન્દ્રિય જીવમાં ક્રોધની પરિણતિ કેવી એકેન્દ્રિયનાં જીવોને જાણનાર હોય તે કેટલા? અનંતા એકેન્દ્રિય જીવોની કષાય પરિણતિ જાણે. વિકલેન્દ્રી, પંચેન્દ્રિય અસંખ્યાતા જીવોની પરિણતિ જાણે, ગર્ભજ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રી મનુષ્યની પરિણતિ જાણે, એટલે સમજીને ક્રોધ શબ્દ બોલે તેનો અર્થ કેટલો? અનંતી જીવોની પરિણતિઓ જાણીને ક્રોધ, માન, માયા, લોભ વગેરે શબ્દો વાપરે છે. સર્વ જીવોની પરિણતિ જાણી ક્રોધાદિક શબ્દ વાપરે. શબ્દ તેનો તે જ છે પરંતુ કેટલો તારવીને શબ્દ વાપર્યો છે, સર્વ જીવોની પરિણતિ જાણીને ક્રોધ શબ્દ વાપર્યો છે. આ વિચારીશું ત્યારે માનવું પડશે કે, સર્વજ્ઞ ભગવાનના એક સૂત્રનો અનંતો અર્થ થયો. અનંતા જીવોની અનંતી પરિણતિ જાણીને ક્રોધ શબ્દ વાપર્યો છે, તેથી અનંતા અર્થો સર્વજ્ઞો જાણે છે. સર્વે નદીના રેતીના કણીયા અસંખ્યાતા છે. પાણીના બિન્દુ અસંખ્યાતા જ છે. સર્વજ્ઞના વચનો અનંતા અર્થ વગરના ન હોય. સર્વજ્ઞ ભગવાનના એક વચનનો અર્થ અનંતગુણો કહેવાય છે, તે માતાએ છોકરા માટે ગાયું હતું તેમ રાગથી નથી. સર્વ જીવોની પરિણતિ જાણી એકે એક પદાર્થ જણાવેલ છે. અનંતો અર્થ શાસ્ત્રકારો કહે છે શી રીતે? જિનેશ્વર ભગવાનના સૂત્રનો અર્થ અનંતો છે તે રીતિ સમજવામાં આવશે. ભગવતી સરખું સૂત્ર મહાવીર મહારાજે ગૌતમસ્વામીને આપ્યું તેમાં અનંતો અર્થ કહીએ છીએ. શબ્દના અનંતા જ અર્થ કહી શકીએ તેમ નથી. જે જ્ઞાનથી જાણીને શબ્દ વાપર્યો છે તે જ્ઞાન અનંતુ હોવાથી અનંતો અર્થ કહીએ છીએ.

મહાવીરસ્વામી તેવા જ્ઞાનવાળા હોવા જોઈએ. નહીંતર અનંતો અર્થ તેમના વાક્યોનો મનાય નહિ.

ભગવાન સુધર્માસ્વામી જંબુસ્વામીને સૂત્ર આપતાં પહેલાં મહાવીર ભગવાનનું સ્વરૂપ જણાવ્યું 'समणं भगवं महावीरे' શ્રમણ ભગવાન મહાવીર મહારાજા દેવતાઓએ સાર્થક નામ સ્થાપ્યું છે. કુળ-વર્ધન નામ પાડયું. આગળ કુળ વધારે તે હીસાબે નામ પાડયું. ભવિષ્યની અપેક્ષાએ કુલવર્ધન નામ પડાય. મહાવીર મહારાજાનું વર્ધમાન નામ પાડ્યું. તે ભવિષ્યમાં વધે તેમ ધારી નહિં, પણ ગુણો જાહેર થયા તેથી નામ પાડ્યું. રાજકુળ ધન ધાન્ય રાજ્યાદિક રિદ્ધિ વધી પછી વર્ધમાન નામ પાડયું. શ્રમણ ભગવાન મહાવીર ગુણો આવી ગયા પછી નામ થાપ્યું છે. શ્રમણપણાના ભગવાન પણાના મહાવીરપણાના ત્રણે પ્રકારના ગુણો આવી ગયા ત્યારે દેવતાઓએ નામ જાહેર કર્યું.

**ભવ્યોમાં ઉત્તમોત્તમ કોણ ?**

શ્રમણ ભગવાન મહાવીરના આત્માને તે સ્થિતિ તેમની કેમ, આપણી કેમ નહીં ? ઘઉં, બાજરી, મગ, મઠ, અડદ બધા બીજ, પરંતુ જે વાવે તે જ ઉગે. વાવે ઘઉંનું બી ઉગે બાજરી એમ બીજાનું બનવાનું નથી. તેવી રીતે દરેક જીવમાં ભવ્યત્વ જુદુ જુદુ દાખલ થયેલું છે. ઘઉંની, બાજરીની, જુવાર, મકાઈ, મગ, મઠની યોગ્યતા બીજી. બધા ભવ્યો છે તે ભવ્યો છે તેમાં ના નહિ, પરંતુ જેમ બીજમાં ઘઉનું બીજ ઉત્તમ ગણાય, તેમ ભવ્ય માત્રમાં તીર્થંકરનો જીવ જગત ઉદ્ધારવા માટે તૈયાર થાય ત્યારે તે જીવમાં ઉત્તમતા કંઈક જુદી જ ચીજ છે. ઘઉંના પુદ્ગલો તે જ અનંતી વખતે બીજા પદાર્થોપણે પરિણમ્યા છે. પરંતુ ઘઉંપણે પરિણમ્યા તે વખતે તેની તાકાત જુદી છે. વીસ સ્થાનકની આરાધના કરે તે ભવ્યત્વ જુદુ જ ઝળકે છે. નમુત્થુણં બોલતાં पुरिसुत्तमाणं આદિ પદો કહીશું. જે પદો કહેવા માગીએ છીએ તેનો વિચાર સરખો કર્યો નથી. ઉપવાસનો ખ્યાલ નથી, ઉપવાસનું પચ્ચક્ખાણ કેવું છે તે ખ્યાલ નથી, તેવો બાળક મા સાથે મારે ઉપવાસ કરવો છે, ને ખીસ્સામાંથી ચણા

મોંમાં નાખતો જાય છે. આપણે પણ નમુત્થુણંના અર્થો પર ખ્યાલ ન કરીએ તો આપણે પણ ચણા ખાતા છોકરા જેવા ઉપવાસવાળા છીએ. નમુત્થુણંના પદો મહત્તાસ્વરૂપ ન વિચારીએ ને દેરૂ, ગભારો બોલીને ગજાવો છો. ખરેખર વસ્તુતાએ એ મગજમાં રહેવું જોઈએ કે એક એક પદ કેમ દાખલ કર્યું છેને કેમ રાખ્યું છે? ભવ્યો અનંતા છે. અભવ્યો કરતાં ભવ્યો અનંતા છે. છતાં ભવ્યોમાં ઉત્તમોત્તમ કોણ? કેવળ તીર્થંકર મહારાજા. ૩૪ અતિશયો ત્રિલોકનાથ તીર્થંકરને જ હોય છે. અતિશય એટલે શું? કુદરતથી ચડીને આગળ વધીને બનેલો બનાવ. કુદરતે તમામના શરીરમાં લોહી, માંસ લાલ હોય. કુદરતે તેમાં ગાયના દુધ જેવું ધોળુ માંસ ને ધોળુ લોહી તીર્થંકરના રાખ્યા. અતિશય શબ્દ તેથી જ વાપરીએ છીએ કે જે ચીજ બીજાને ન બને તેવી તીર્થંકરને બને છે, માટે અતિશય એ જ પુન્યશાળી જીવને પુન્યના પ્રભાવે જ બનનારી ચીજ.

**ધગધગતો અંગારો પાણીમાં પડે તો શું સળગાવે?**

ચંડકોશીયા સરખા કાળાનાગને પ્રતિબોધ પામવાનો વખત આવ્યો. ચંડકોશીયો ભગવાનના લોહીથી માર્ગ પામ્યો. ચંડકોશીયા સરખો કાળો નાગ. વધારેમાં વધારે ઝેરીલાની ઉપમા દઈએ તો કાળો નાગ કહીએ, પણ આ તો દષ્ટિના ઝેરવાળો કાળોનાગ ધર્મ પામ્યો. ખોયેલો ધર્મ પાછો પામ્યો તે લોહીને દેખીને ધર્મ પામ્યો. અહીં પણ તત્વ ન વિચારે તો વસ્તુ સ્થિતિ મગજમાં ન આવે. ચંડકોશીક દૃષ્ટિવિષસર્પ લોહી દેખી પ્રતિબોધ પામ્યો. દૂધ સરખું ધોળું લોહી દેખી ત્રણ વખત દૃષ્ટિ જ્વાળા ફેંકી પણ મહાવીરની શાંતિ, સૌમ્યતા પ્રભાવની અંદર એ જ્વાળા ઓલવાઈ ગઈ અંગારો ધગધગતો હોય પણ પાણીમાં નાખે તો શું સળગાવે? બલ્કે પોતાની બુઝવી નાંખે. ચંડકોશિકની આંખમાંથી નીકળેલી ઝેરી જ્વાળા ભગવાનના શાંતિરૂપી જળમાં ઓલવાઈ જાય છે. ભગવાનના પગે ડંખ માર્યો. અંદરથી લોહી નીકળ્યું. દૂધ જેવું ધોળું લોહી નીકળ્યું. ચંડકોશીયાને થયું કે આ શું?

લોહીનું ધોળાપણું એ ચંડકોશીયાને ચક્કર ખવડાવનાર થયું. બધો ક્રોધ આવેશ ત્યાં ગળી ગયો. ડંખ મારતાં દૂધ નીકળે, દેખવા માનવામાં ન આવે તેવું હોવાથી ચંડકોશીયા સરખા ઝેરીદૃષ્ટિ વિષવાળું ધમધમ કરનાર એવા જાનવરને પણ આશ્ચર્ય થયું. તે આશ્ચર્યે બધા ક્રોધને શમાવી દીધો. નિયમ છે કે તેલ ઠંડુ કાનમાં ન નંખાય, તપીને ઠંડુ થયું તો તે કાનમાં ગુણ કરે, તે વખતે ચંડકોશીયો તપ્યો, હવે થયો શાંત. જે અસર ગરમીથી શેક્યા પછી જે શરદીની અસર થાય, ઠંડા પવનથી જે શરદી થાય તે શેક વગરના સ્થાનમાં તેટલી અસર ન થાય. મહાવીર મહારાજાને દૃષ્ટિની જ્વાળા ફેંકી ડંખ્યો ત્યારે ભગવાન ન બોલ્યા,ચમક્યો ત્યારે વચન કાઢ્યું 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોશીયા!' આ વાક્ય અત્યારે આપણે બોલીએ છીએ. આપણા વાક્યનો અર્થ કેટલો? ભગવાને કહ્યું હતું તેટલો. એના પહેલાનો ભવ માસખમણની તપસ્યા, દેડકીની વિરાધના, શિષ્યને યાદ કરાવવું, સાંભળવું, ક્રોધ થવો, થાંભલો વાગવો વિગેરે હકીકતવાળી વાત મહાવીર ભગવાનના કથનમાં છે. એ વાક્ય જ્યાં આવ્યું ત્યાં મને ચંડકોશિક કેમ કહે છે? જાતિ સ્મરણ થયું. એક જ વાક્ય દૃષ્ટિવિષ સર્પને કેમ કેવું પરિણમ્યું?
મહાપુરૂષની હાજરી જે ચંડકોશિક સહન કરી ન શક્યો. બીલ ઉપર જે ઝેરીલો જીવ મહાવીર મહારાજને ડંખવા માટે પ્રયત્ન કરનારો જીવ એવી સ્થિતિમાં આવ્યો, કે મારી નજરથી કોઈ જીવ ન મરવો જોઈએ. માર્ગ પામ્યા છતાં જેમનું ઝેરીલાપણું, અવળચંડાપણું ન જાય તેની દશા શી? કઈ ધારણામાં છે. સ્વાભાવિક મારી દૃષ્ટિમાંથી નીકળેલી જ્વાળા, હું તો ન નાખું, મારી આંખ એવી કે તે જ પડ્યું કે બળ્યો કે મુવો. સૂર્યના કિરણો પડવા માત્રથી આઈગ્લાસના કાચમાંથી સૂર્યતેજ પસાર થયું કે રૂ બળવા માંડે. ચંડકોશીયાની આંખમાંથી તેજ પસાર થાયકે પદાર્થ બળવા માંડે. આવું ઝેરીલાપણું છે. શું કરૂં મારી આંખ અને જાત એવી. વેવલો નહીં, બીજાને અપકાર કરનારી આંખનો ઉપયોગ ન હોવો જોઈએ એમ ધારી આ દૃષ્ટિનો ઝેરીલો સર્પ પોતાના મોંને દરમાં જ રાખે છે. બાહર

મોઢું કાઢું જ નહિં.

બીજાને નુકશાન થાય તે માર્ગ મારે કામનો નથી. જે જીવો ભાવથી લોકોના પ્રાણ હણવા તૈયાર રહે તેની દશા કેવી? પારકે માથે દોષનો ટપલો દેવો, કોઈને તપસ્યાનું પારણું હોય, હું તો બેઠો હતો તેને પાપ, નિમિત્તને માથે ટોપલો મેલી બચી જવાતું નથી. આપણે ચોખાચટ બનવા માગીએ છીએ. કારણ વગર કાર્ય બનતું નથી. કારણસર કે વગર કારણે કરેલું પાપ જૈનશાસનમાં ભોગવવું પડે છે. ચંડકોશીયાને કારણો મળ્યા, કેટલાક એવા અંધભક્તો હોય કે ભક્તિનું પરિણામ શું આવે તે જુવે જ નહિં, તેમ અહિં આહીરણો-ભરવાડણો બિચારી અજ્ઞાન-મૂર્ખી જાત, પરિણામ વિચાર્યા વગર નાગબાપજી કહી ઘીનાં છાંટણાં નાખ્યા. સર્પની ઘીથી કરી પૂજા ભક્તિ પણ અજ્ઞાનીની ભક્તિમાં શું પરિણામ હોય? માર્ગ ન સમજે આંધળી ભક્તિવાળાની શી સ્થિતિ થાય? ઘીનો સ્વભાવ એટલે કીડીને નોતરૂં. ડાઘમાત્રથી કીડીને નોતરૂં મળે તો ખુદ ઘીનું વિલેપન તેમાં શું થાય? કીડીનો જથ્થો આવ્યો ને ચૂંટી-ફોલી ખાવા લાગ્યો. હવે વિચારો. જે ચંડકોશીયો પશુપંખીની હાજરીને સહન કરતો ન હતો, તે અત્યારે કીડીઓના ચટકા સહન કરે છે. આઠમે દેવલોકે તે ગયો પણ સહનની સ્થિતિ વિચારી? કાળો નાગ આઠમે દેવલોક કેમ ગયો? તે મીનીટ બે મીનીટ નહીં, એક પખવાડીયા સુધી કીડીના ડંખો સહન કરે છે. જથ્થાબંધ કીડીઓ પખવાડીયા સુધી શરીર ચાલણી સરખું કરી ફોલે છે. તેકાળો નાગ સ્વેચ્છાએ સહન કરે છે, તે કઈ પરિણતિ? આ બધું ચંડકોશીયાનું વૃત્તાંત કોને આભારી છે. ભગવાનના લોહી માંસ દૂધ જેવા છે તેને આભારી છે. તેમ ૩૪ અતિશયોને ધારણ કરનારા છે એવા શ્રમણ ભગવાન મહાવીર તે લોકોત્તર ભગવાન હતા. ૩૪ અતિશય ધારણ કરનારા પણ તેમાં ભળ્યાનું શું વળ્યું? 'लोगनाहाणं' લોકનાથ કોને કહેવા? ક્યા ગુણો હોવા જોઈએ? તે વિગેરે અધિકાર અગ્રે-

# દેશના ૬૭
# તીર્થંકરના એક જ અતિશયની તાકાત

**ક્ષેત્રકાળ વિશેષ કારણ નથી.**

लोगनाहे० ગણધર મહારાજા શ્રી સુધર્માસ્વામીજી ભગવતીજીની વ્યાખ્યા કરતાં આગળ જણાવી ગયા કે આ ભગવતી સૂત્ર કોણે કોની પાસે પ્રકાશ્યું? મહાવીર ભગવંતે ગૌતમસ્વામીને સૂત્ર અર્પણ કર્યું. ક્ષેત્રકાળ દરેકમાં કારણ છે. કોઈપણ વસ્તુ ક્ષેત્રરૂપી આધાર વગર કે કાળની વર્તના સિવાય બનતી નથી, તે કારણ સાધારણ છે. પોતે ફળ ધારીને ફળ અનુકૂળ સ્વતંત્ર પ્રકૃતિ કરવાવાળા નથી. પાણી કાજળમાં અને કંકુમાં ભળે તેમ ક્ષેત્ર અને કાળ એ બે વસ્તુ એવી કારણ તરીકે કે સાતમી નરકે જવાવાળાને અને મોક્ષે જવાવાળાને પણ કારણ બને. ૧૮ કોડાકોડ સાગરોપમનો કાળ, ઉંચા દેવલોક તેમ મોક્ષ તેમ દીર્ઘસંસારીપણું તેના કારણ ન હતાં. મોક્ષ, નરક, સર્વાર્થસિદ્ધ સુધીના દેવલોકના કારણ, અનંતો સંસાર રખડાવનાર એવો કાળ ક્યો? ત્રીજા આરાના છેડાનો કાળ. તે પહેલા મોક્ષ, ઉંચા દેવલોકાદિ નરક માટે તે કાળ કારણ નથી. આ તો સામાન્ય કારણ. હવે કાળ ક્ષેત્ર સામાન્ય કારણ હોવાથી ભગવતી સૂત્રની ઉત્પત્તિને અંગે ક્ષેત્ર કાળ કારણ જણાવ્યા છતાં ક્ષેત્રકાળ વિશેષ કારણ નથી. વિધાતા તરીકે કારણ નથી. સહચારી તરીકે કારણ છે.

જો મોક્ષનું કોઈપણ વિશેષ કારણ હોય કર્મ તોડવાનું, મોક્ષ મેળવાનું કારણ હોય તો તેમાં ત્રિલોકનાથ તીર્થંકર દ્રવ્ય સહાયક બને તો

આત્મા કર્મથી બચી શકે, યાવત્ મોક્ષ મેળવી શકે. ભગવતીસૂત્ર કહેવું તેમાં મહાવીરનું વર્ણન કેમ વધારે કરવું પડે છે તે સમજાશે. સૂર્ય અજવાળું કરે તેને ઉદ્યોત કરનારો મનાય, પણ આંધળાને ન દેખાય તેથી સૂર્યોદય ઉદ્યોત કરનાર નથી તેમ ન કહેવાય. આલંબન તીર્થંકરનું ન પામે તો? સૂક્ષ્મ એકેન્દ્રિયપણામાં પણ આત્મા હતો ત્યાં આલંબનનો ઉપયોગ ન કરે તેથી આલંબનનું આલંબનપણું ચાલ્યું જાય ખરું! આત્મા ઉંધે રસ્તે જાય તો શું થાય? દેવલોકમાં રહેલો સમકિત દૃષ્ટિ આત્મા જાગૃત છતાં એના સાગરોપમનું જાગવું ધૂળ મળે છે. નવ પલ્યોપમમાં કરવાનું કામ તે ૩૩૦ કોડાકોડા પલ્યોપમમાં નથી થતું. નવ પલ્યોપમનું આંતરૂં કાપવું છે, તે જાગૃત આત્મા છતાં આંતરૂં કપાતું નથી. વાસ્તવિક આલંબન દેવતાથી લેવાતું નથી. ક્ષેત્રકાળ એ બે જીવને આલંબન માનવા જોઈએ. પણ ક્ષેત્રકાળ સાધારણ અને આપણા મેળવેલા મળતા નથી. આપણે આધીન ક્ષેત્રકાળ નથી, પણ આલંબન લેવા ધારીએ તો હાથની ચીજ છે. ક્ષેત્રકાળ સાધારણ કારણ. મુખ્ય વિધાતા ત્રિલોકનાથનું આલંબન આપણા હાથની ચીજ. ભગવતીસૂત્ર ગૌતમસ્વામીને આપવામાં આવે છે. તે આર્યક્ષેત્રમાં, મગધદેશમાં, રાજગૃહી નગરીને મગધદેશમાં પહેલા નંબરની કહીએ છીએ

ગૌતમસ્વામીને ભગવતી સૂત્રની પ્રાપ્તિ થઈ તેમાં ભગવાન અસાધારણ કારણ છે. આમ અસાધારણ કારણ કેમ બન્યા? આત્માથી નહિં. આત્માથી કારણ બનત તો નિગોદ મિથ્યાત્વ અવિરતીમાં મરીચિના ભવમાં ઉન્માર્ગ પોષનાર એ જ આત્મા હતો. નિયાણું કરનાર શય્યા પાલકને મારનાર એ જ આત્મા હતો. એ તરીકે મહાવીરનો સંબંધ નથી.

**સરખામણી કોની સાથે કરાય?**

આપણે એટલે તરનારાને ક્યા મહાવીર સાથે સંબંધ? તે માટે મહાવીરના વિશેષણો જણાવવાની સુધર્માસ્વામીને જરૂર પડી. માતા-

પિતાએ વર્ધમાન નામ કર્યું હતું તે પૌદ્‌ગલીક સાથે સંબંધવાળું હતું. આત્મા સાથે સીધો સંબંધ ન હતો. આત્મા સાથે જેનો સંબંધ તેને લીધે નામ સ્થાપન કર્યું. 'समणं भगवं महावीरे' પોતે જન્મથી ત્રણ જ્ઞાનવાળા, રતિ, અરતિ ભય ભેરવોમાં સરખી ધારણાવાળા, આવા ઉત્તમ આત્મા હોવાથી દેવતાઓએ એમનું નામ શ્રમણ ભગવાન મહાવીર પાડ્યું. મહાવીર ભગવાનના બીજા ગુણો જે દરેક તીર્થંકરને લાગુ કરીએ છીએ તેમાં પહેલો ગુણ શ્રમણ ભગવાન મહાવીરનો જણાવ્યો.

તીર્થંકરપણાના ગુણો જણાવવાના છે તે પહેલાં આ ગુણ જણાવે છે. તે નામ વિશેષથી જણાવી હવે ભાવ તીર્થંકરને અંગે વિશેષણો જણાવતા તીર્થંકરની પદવીઓ યાવત્ 'लोगुत्तमाणं' લોક શબ્દથી જગતમાં વહવઈયા, કેટલીક વખત મનુષ્ય માત્ર લઈએ છીએ. લોક જેવું બોલે છે ત્યાં વહવઈઆ, લોકની જાવડ-આવડ બંધ થઈ ત્યારે લોક શબ્દથી બધા લઈએ છીએ એમ શાસ્ત્રકારો લોક શબ્દથી જુદા જુદા અર્થ લે છે. जं किं चि માં लोए પદથી પાંચે અસ્તિકાય, ધર્માસ્તિકાયાદિમય લોક તેમાં ૧૪ રાજલોક. શરૂઆતવાળા દરેક અંતવાળા ન હોય. ક્ષાયિકસમ્યક્ત્વ પ્રધ્વંસાભાવની શરૂઆત છે, અંત નથી. લોકશબ્દથી ૧૪ રાજલોક લઈએ તો અડચણ શી? 'લોગસ્સ ઉજ્જોઅગરે' માંના લોક શબ્દથી શું લેવું? શબ્દ ગોખ્યો, અર્થ ન સમજ્યા. ૧૪ રાજલોકનો ઉદ્યોત કરનાર કહીએ તો અનંતગુણ અલોક તે નીકળી જાય. કેવળજ્ઞાન વડે કરીને દેખી શકાય તે લોક એટલે લોકાલોક લેવાય, કોઈ વખત ૧૪ રાજલોક પણ લેવાય. બોલનાર ૧૦૦ હશે પણ લોગુત્તમાણંમાં લોક શબ્દથી ક્યો અર્થ લેવો? હંમેશાં એક જાતિમાં તુલના કરાય, સરખામણી પોતાની જાતમાં જ હોય. ઘોડામાં ઉત્તમ ઘોડો તે ભેંસપાડામાં નહિ પણ ઘોડાની જાતમાં

ઉત્તમપણું. કુતરીની અપેક્ષાએ ગાય ઉત્તમ ન ગણાય હાથીને ઉત્તમ કહેવો હોય તો હાથીની જાતિમાં ઉત્તમ કહેવો પડે. ઘોડાની જાતમાં ઉત્તમ હોય તો ઘોડાની કિંમત. બીજી જાતની અપેક્ષાએ ઉત્તમત્તા નથી. તીર્થંકરને લોગુત્તમે કહીએ છીએ તે શામાં? લોક શબ્દથી ભવ્ય સમુદાય.

**ભવ્યોના પ્રકાર. જાતિભવ્ય કોણ?**

મોક્ષ પામવા લાયક જેઓ છે, તે જાતિભવ્ય અને ભવ્યો એમ બે પ્રકારના છે. કેટલાક મોક્ષ પામવાવાળાને કેટલાક જાતિભવ્યો. બીજ માત્ર અંકુરોને લાયક ગણાય. કોઈ પણ બીજ અંકુર માટે નાલાયક કહી શકાય નહિં, પણ દરેક બીજ અંકુરા થવાના નથી. ખવાતા રંધાતા ભુંજાતા બાકી રહ્યા તેના જ અંકુરા થવાના. એ જે ખવાઈ, ચવાઈ, રંધાઈ ગયા તેમાં અંકુરાની લાયકાત ન હતી? હતી પણ અંકુર થવાનું સાધન ન મળ્યું તેથી અંકુરાને લાયક છતાં તેમને તેમ અંકુરા વગર રહ્યા, તેમ ઘણા જીવો જાતિભવ્ય એવા છે. સિદ્ધ કરતાં પણ અનંતગુણ, જેઓ મોક્ષને લાયક છે છતાં તેમને સાધન નથી, સામગ્રી વગર કેટલાય ભવ્યો ટળવળી રહ્યા છે. તેથી જિનભદ્ર ગણી ક્ષમા-શ્રમણજીને કહેવું પડ્યું? अत्थि तसाइपरिणामो એવા નિગોદમાં અનંતાનંત ભવ્ય જીવો છે જેમને હજુ ત્રસપણું મળ્યું જ નથી, તેવા લાયક છતા શું કરે? વાવવાના સંજોગ ન મળે તેથી અંકુર ન થાય. નિગોદમાં એવા જીવો છે કે જેઓ હજુ તેમાંથી એક વખત પણ બહાર નીકળ્યા નથી. તેમ અનંતકાળે નીકળવાના પણ નથી. અભવ્યના ભાઈ જેવા જાતિભવ્ય જીવોની અપેક્ષાએ અહીં ઉત્તમપણું નથી. અભવ્ય જીવોની અપેક્ષાએ લોકોત્તમ કહેવાના નથી. તેમ જાતિભવ્યોની અપેક્ષાએ ઉત્તમપણું કહેવાના નથી. ત્યારે લોકોત્તમ કોની અપેક્ષાએ? જે આ ભવ્યસમુદાય નિગોદમાંથી ભવિતવ્યતાના જોગે આગળ વધ્યો

યાવત્ મનુષ્યપણું પામ્યો. આ બધા ભવ્યોને અહીં લોક તરીકે લેવા. તે ભવ્યરૂપ લોકોની અંદર ઉત્તમ. દરેક ભવ્ય અનંતજ્ઞાન-દર્શન, વીતરાગપણું સત્તાએ ધારણ કરનાર છે. અનંતવીર્ય-સુખ સત્તાએ ધારણ કરનાર છે. મહાનુભાવ! અભવ્ય પણ સત્તાએ કેવળજ્ઞાનાદિક ધારણ કરનાર છે કે નહિં? નહીંતર અભવ્યને કેવળજ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીયકર્મ કેમ મનાય? અભવ્યને પણ સત્તાથી કેવળજ્ઞાનાદિક ગુણો છે, તે હોવાથી તેના આવરણરૂપ કર્મો માનીએ છીએ. સત્તામાં ગુણો ઉત્તમ હોય તો અનાદિની ઉત્તમતા માની લેવી તો અભવ્યને પણ કેવળજ્ઞાનાદિક છે. ફરક સત્તામાં નથી પણ ફરક પ્રગટ થવામાં છે. બીજા સત્તાએ કેવળજ્ઞાની દર્શની હોય પણ બધું સત્તામાં, પરંતુ આવિર્ભાવમાં સમ્યક્ત્વ પ્રગટ થયું. મોક્ષમાર્ગ હાથમાં આવ્યો. તેમ માર્ગે વધવાનું થયું. આ બધું પ્રગટ થયું છે જેમને તેથી લોકમાં એટલે સર્વ ભવ્યજીવોમાં ઉત્તમ એવા ભગવાન તીર્થંકર તે જ રૂપે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા લોકની અંદર ઉત્તમ. એક તો આત્માના ગુણો જેને પ્રગટ થયા છે, ભવ્ય જીવોમાં દરેકમાં કેવળજ્ઞાનાદિક ઉત્પન્ન થવાની સત્તા છે, પણ જે તીર્થંકર મહારાજાએ કેવળાદિક ગુણો પ્રગટ કર્યા તેટલાથી માત્ર લોકોત્તમપણું ન આવે. જેટલા વીતરાગ કેવળી છે તે બધાએ આત્માના ગુણો પ્રગટ કરેલા જ હોય. જો કે ભવ્યો કેવળજ્ઞાન-દર્શન વીતરાગતા મેળવી શકે છે,પણ તીર્થંકરમાં જે ઉત્તમતા આવી છે તેવી બીજા ભવ્યમાં ન હોય.

**તીર્થંકરનો એક અતિશય પણ કેટલો આત્માને લાભ કરનાર થાય.**

૩૪ અતિશયમાં એક જ અતિશય કેટલો ફાયદો કરનાર કેવા જીવને થયો. ચંડકોશીયા જેવો કાળો નાગ આંખમાં ઝેર જોશે ત્યારે અંગારા ઝરશે. એકલો મોંઢે ઝેરવાળો દાઢમાં ઝેરવાળો નહીં, પણ દૃષ્ટિમાં -આંખમાં ઝેરવાળો તેવો કાળો નાગ ચંડકૌશિક પ્રતિબોધ પામ્યો, તે માત્ર

એક જ અતિશયથી. દૂધ જેવું લોહી નીકળ્યું તે દેખ્યું ત્યાં કાળા નાગને આશ્ચર્ય થયું કે આ શું ? અપૂર્વ બનાવ ન હોત તો કાળા નાગને આશ્ચર્ય ન થાત. અપૂર્વ હોવાથી આશ્ચર્ય થયું કે આ બને કેમ ? એ જ અમે કહીએ છીએ કે આ લોહીનું ધોળાપણું ન જ બને, પણ જગતમાં એ નથી બનતું, તે જ તીર્થંકરને અંગે બને તેથી જ અતિશય. કાળા નાગનો ઝેરી સર્પનો ભવ સુધાર્યો. કાનબહેરા ન હતા. ચાહે જે કહો તે સમજવું, સાંભળવું નહી તેમ ન હતું. સાંભળતાં સાથે 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોશીયા' તે વાત મગજમાં લીધી. કાન મગજ બહેરા ન હતા. તમે ચાહે જે બોલો' મારે મગજમાં લેવું જ નથી' તેવો તે ચંડકૌશીયો ન હતો.

રાજાની, દીવાનની, ઘરાકની દાનત ન બગડે તો વેપારી ટકે. આસમાની સુલતાની વખતે રાજાપણું, દીવાનપણું બજાવવું ઠીક નહિં. સુકાળ હોય કે દુષ્કાળ હોય તો પણ ચામડું મળ્યા વગર રહે નહિં. ગમે તે કાળે ચામડાની ચાડી ખેંચ તંગી નહિં. આપણે તો મોચીપણું ઠીક છે. મેલ કરવત અંતે મોચીડો ને મોચીડો. કરવત મેલાવવા છતાં મોચીડા થવાનો વખત આવ્યો. તેમ ભગવાનનો અતિશય ચંડકોશીયાને દેખવામાં આવ્યો ને સાંભળવામાં લક્ષ ન આપે તો શું થાય ? હું આનું સાંભળું ? ભલે અતિશય દેખ્યો પણ કાનથી સાંભળવું. સાંભળીને સાર ગ્રહણ કરવો છે તેવાને અતિશય જરૂર લાભદાયી નીવડે છે. સર્પના મગજનો ક્રોધી સ્વભાવ હોય પણ મગજ ઠંડું શાથી પડ્યું ? એ દૂધ જેવું લોહી દેખ્યું તેમાં એક અતિશય આંખમાં ઝેરીલા કાળાનાગને તારવા સમર્થ થાય તો ભવ્યલોકમાં ૩૪ અતિશયને ધારણ કરનાર હોવાથી લોકોત્તમ તેવા મહાવીર મહારાજા હતા.

**નાથ ક્યારે બની શકાય ?**

તેમાં ભવ્ય જીવનું શું વળ્યું ? તે માટે 'लोगनाहे' એકલા ઉત્તમ હતા તેમ નહીં. ઉત્તમમાં જાનવરોમાં ગાય, જંગલીમાં સિંહ ઉત્તમ તેમાં

કોઈને કાંઈ લેવા કે દેવા? તે બીજા જાનવરનું ભલું કરી દેતા નથી. વનનો રાજા તેથી ભલું ન કરી દે. તેમ તીર્થંકર ૩૪ અતિશયવાળા તેથી ઉત્તમપણું પણ તેથી ભવ્યોનું વળ્યું શું? ભવ્ય જીવોના નાથ-નાયક. નાથ કોને કહેવો? ગોરો પણ પ્રજાપતિ બને છે. ગધેડાનો માલિક પણ નાથ કહેવાય, ખરેખર નાથ કહેવાય કોને? 'योग क्षेमं करोति इति नाथः' આ લક્ષણ ન હોય તો નાથ ન કહેવાય. મોટી કીડી, મોટી માંખો રાજા નાથ કહેવાય? કહેવડાવવા ઉપર તત્વ નહીં. દુનિયા કહે તે ઉપર વસ્તુ તત્વ ન રહે. વર્તન ઉપર તત્વ રહે છે. નાથ કહેવડાવી બહાર આવવું દરેકને ગમે. લાયક બનીને બહાર આવવું જોઈએ. શીયાળીઓ રંગારાની કુંડીમાં બેઠો હતો એટલે બધાને કાબૂમાં લે, તેમાં નવાઈ નથી. બુદ્ધિ વગરના જાનવરોને કોને અનુસરવું તે વિવેક ન હોય. વગર બુધ્ધિવાળા અનુસરે તેથી નાથપણું ન આવી જાય. યોગ-ક્ષેમ કરે તે નાથ. યોગ-ક્ષેમ શી ચીજ? યોગ પ્રાણાયામ કરે, નાડી સાધે તે યોગ અંહીં નથી લેવાના. योजनं = योगाः अप्राप्त प्रापणम् જે મોક્ષનો માર્ગ ન મળ્યો હોય તે મેળવી દેવાય તે યોગ. મળેલા માર્ગને અંગે પામેલા મોક્ષમાર્ગનું રક્ષણ કરવામાં આવે તે ક્ષેમ કહેવાય. આમ યોગ-ક્ષેમ કરનાર હોય તે નાથ, તે તીર્થંકર સમગ્ર ભવ્ય જીવોના નાથ. સમગ્રને મોક્ષનો રસ્તો બતાવનાર શી રીતે એ સમજાવશે, તેથી નાથપણું સાબીત કરશે તે અધિકાર અગ્રે-

# દેશના ૬૮
# યોગ-ક્ષેમ હોવાથી લોકનાથ

**लोगनाहे लोगपदीवे.**

ગણધર મહારાજા શ્રી સુધર્માસ્વામીજી જંબુસ્વામીને જણાવી ગયા કે હે જંબુ ! આ ભગવતી સૂત્ર તે કાળે તે સમયે ચોથા આરાને છેડ 'જે કાળના બે વિભાગ ન થઈ શકે તેવો કાળનો બારીક વિભાગ તે સમય' તે સમયમાં રાજગૃહી નામની નગરી શ્રેણીક રાજા, ચેલણા રાણી હતી. આ કહીને આ સૂત્રની ઉત્પત્તિનો કાળ ને ક્ષેત્ર જણાવ્યા. તે જણાવ્યા. છતાં કાળક્ષેત્ર વિધાતા કારણ નથી. સાધરણ કારણ છે. પાણી કંકુ ને મેશ બંનેમાં ભળે છે. પાણી એક એવી ચીજ કે ઉત્તમમાં ને અધમમાં પણ ભળે તેમ એ પરિણામે. ચોથા આરાના છેલ્લા ભાગરૂપી કાળ સમય કારણ હતા. તેમ તે જ કાળ કેવળજ્ઞાન મોક્ષનું કારણ પણ બનતો હતો, તેમ નરકે પણ જવાનું કારણ તે કાળ હતો. નીચામાં નીચી નરક પાંચમાં છઠ્ઠામાં નથી. સાતમી નરકનું કારણ ત્રીજા આરાનો છેડો ને ચોથો આરો. તેમ દેવલોકમાં ત્રીજા ચોથા યાવત્ સર્વાર્થસિદ્ધે જવાનું ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધી જ બને. અચ્યુત ૧૨ મે દેવલોકે જવાનું પણ કારણ ઉત્સૂત્ર ભાષણ માર્ગલોપકપણું ત્રીજા આરામાં બનતું ન હતું. ત્રીજા આરાના છેડા પછી બનતું હતું. આમ જણાવેલો કાળ, જણાવેલું ક્ષેત્ર સાધારણ કારણ હતું. અસાધરણ મુખ્ય કારણ ક્યું ? ભગવાન મહાવીર મહારાજા મુખ્ય કારણ. મહાવીર ન

હતે તો ભગવતી સૂત્ર ઉત્પન્ન થાત જ નહિં. ન વાંચના દેવાત કે ન લેવાત. મહાવીર મહારાજા અને ગૌતમસ્વામી જીવદ્રવ્યના પ્રતાપે જ ભગવતી સૂત્ર ઉત્પન્ન થયું. મહાવીરનો જીવ ક્યારે ન હતો. જીવ અનાદિથી છે. મહાવીર મહારાજનો જીવ ગૌતમસ્વામીજીને જીવ અનાદિનો એ દ્રવ્યરૂપી કારણ અનાદિનું હતું. છતાં અનાદિથી ઉત્પત્તિ કેમ ન થઈ? ગૌતમસ્વામીના જીવરૂપી દ્રવ્યનો અનાદિકાળથી સદ્‌ભાવ હતો. પરંતુ એકલા જીવરૂપી દ્રવ્યથી ભગવતીજીની ઉત્પત્તિ થઈ નથી. એ દ્રવ્ય ગુણવાળું થયું ત્યારે તેનાથી ઉત્પત્તિ થઈ. વિશિષ્ટ ગુણવાળું જીવદ્રવ્ય થયું ત્યારે ભગવતી સૂત્રની વાંચના આપવા લેવાનું બન્યું. જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશી ચેતનામય છે. બધા જીવો ચેતનામય ને અસંખ્યાત પ્રદેશી છે. કોઈપણ જીવ સંખ્યાત કે અનંતપ્રદેશી નથી. બધા જીવો એક સરખા અસંખ્યાત પ્રદેશી છે. બધા મતવાળાઓ જીવને અખંડ દંડાકારવાળો માને છે. જીવને પ્રદેશવાળો માન્યા સિવાય છુટકો નથી. શરીરમાં જીવ વ્યાપેલો છે. કણીયે કણીયે વ્યાપ્યો તે એક જ કણીયે જીવ નથી રહ્યો. શરીરના કણીયા તેટલા આત્માના પ્રદેશ માનવા પડે, નહિંતર આખા શરીરમાં જીવ વ્યાપક માનવા માટે આત્માને દરેક આકાશ પ્રદેશે વ્યાપેલો માનવો પડશે. નિગોદનો સિદ્ધનો આત્મા અસંખ્યાત પ્રદેશી તે ચેતનામય વિશિષ્ટતા કઈ? સિદ્ધના જીવ પ્રદેશો કર્મથી લપટાએલા રગદોળાયેલા નથી. સંસારીના જીવ પ્રદેશો કર્મથી રગદોળાએલા છે. જ્યારે મહાવીર મહારજનો આત્મા કર્મકીચડમાંથી નીકળવા માંડ્યો- કર્મકીચડમાંથી નીકળ્યો તે વખતે તીર્થંકર નામકર્મ ઉદયમાં આવ્યું.

**૧૩ મે ગુણસ્થાનકે જ્ઞાન સરખું છતાં તીર્થંકરો શાથી ઉત્તમ?**

કેવળી મહારાજને ઘાતીકર્મનો કણીયો લાગેલો ન હોય ચાર ઘાતીકર્મનો સર્વથા નાશ થયેલો હોય, તેમ સામાન્ય કેવળીને પણ ચારે

ઘાતીનો નાશ થયેલો હોય. ચાર અઘાતી કર્મો બાકી જરૂર હોય. તીર્થંકર કેવળ પામ્યા હોય તો તેમને આ ચાર અઘાતી કર્મ તો લાગેલાં જ હોય. વેદની, આયુષ્યનામ અને ગોત્ર ચારે અઘાતી તીર્થંકરને તેમજ બીજા કેવળીને લાગેલા છે. તો મહાવીર મહારાજથી જ ભગવતી ઉત્પન્ન થયું તેનું કારણ? કેવળ પામ્યા એટલું જ નહીં પણ તીર્થંકર નામકર્મના ઉદયવાળા શાસનની આદિ કરનારા તીર્થ કરનારા યાવત્ લોકોત્તમ. જગતમાં જે ભવ્ય જીવો છે,જે મોક્ષ પામવા લાયક છે. મોક્ષમાર્ગે ચડ્યા છે યાવત્ ક્ષીણમોહ સયોગી કેવળી બધામાં ઉત્તમ. શાને લીધે ? ૩૪ અતિશયોને લીધે, મગજ સ્થિર કરી મગજમાં ઉતારજો. કેવળજ્ઞાન સર્વ કેવળીનું, તેવું જ તીર્થંકરનું. ફરક કેવળજ્ઞાનમાં નથી. ફરક અતિશયમાં. તીર્થંકરનું જ એવું પુન્ય કે પોતાના ત્રણ વચન 'उपन्नेइ वा 'નું એ વચન ગણધરોને બાર અંગનો ક્ષયોપશમ કરી દે. સકળ શાસ્ત્ર રચવાનો ઉત્કૃષ્ટ ક્ષયોપશમ તીર્થંકરના ત્રિપદીના વચનથી જ થાય . બીજા કેવળીઓ પારકાના આત્માના ધણી નહિં. તીર્થંકર પારકા આત્માના ધણી થઈ શકે. દેશના આપે તેમાં ભગવાન જેવો ક્ષયોપશમ કોઈ કાળે ન થાય. તીર્થંકરના વચનથી ગણધરોને સકળ ક્ષયોપશમ થાય, સકળશ્રુત સકળશાસ્ત્ર રચવાનો ક્ષયોપશમ થાય. આ પુન્ય પ્રકૃતિ માત્ર તીર્થંકરોને જ હોય.

એવી રીતે બીજુ પણ તીર્થંકર મહારાજના મુખમાંથી જે વચન નીકળવાનુંહોય, જેનું સમાધાન થાય તેવી જ શંકા ભવ્યોને થાય. શંકા કઈ થવી તે બીજા કેવળીના હાથમાં નહિ. એ બીજા કેવળીઓમાં નિયમ નહીં કે એમના વચનથી સમાધાન થાય. તીર્થંકરનું પુન્ય કેટલું જબરજસ્ત કે ગણધરોને તેવો ક્ષયોપશમ થાય. શ્રોતાને શંકાનો છેદ થાય.

એક ભીલને ત્રણ સ્ત્રીઓ હતી. સ્વામીનાથ ! મને ભૂખ લાગી

છે. બીજીએ તરસ લાગી છે, ત્રીજીએ સ્વામીનાથ ! મને ગાયન સાંભળવાની ઈચ્છા છે. ભીલે ત્રણે સ્ત્રીઓને સાથે ઉત્તરો દીધા કે 'सरो नत्थि ' ત્રણે સ્ત્રીનું સમાધાન. ભૂખ લાગી તે સ્ત્રી કહે છે કે માંસ આપો, પણ ભીલ કહે છે બાણ નથી. પાણી માગતી હતી તેને માટે સર એટલે સરોવર નથી. ગાવાની વાત કરી હતી તેને સ્વર ચાલતો નથી. એક જ વાક્યથી ત્રણેને ભીલ ઉત્તર આપી દે છે. જેમ ભીલના 'सरो नत्थि ' એક જ શબ્દથી ત્રણે સ્ત્રીઓનું સમાધાન થયું. તીર્થંકરનું એકવચન એવું નીકળે કે બધા શ્રોતાના સમાધાન થઈ જાય. આ જ્ઞાનાવરણી આદિના ક્ષયનું કારણ નથી પણ તીર્થંકર નામકર્મનું આ કારણ છે. આવા જન્મથી ચાર અતિશય, ઘાતિકર્મનો ક્ષય કરે ત્યારે અગીઆર, દેવતાના કરેલા ૧૯ આવા કુલ ૩૪ અતિશયોવાળા હોવાથી લોકોત્તર. તમામ ભવ્ય જીવોમાં, બધા ગુણવાળા જીવોમાં તીર્થંકર નામકર્મને લીધે જેઓ ઉત્તમ હતા, તેવા મહાવીર મહારાજાએ આ ભગવતીસૂત્રની વાંચના આપેલી છે. પોતે તીર્થંકર નામકર્મના ઉદયવાળા, ભોગવવાવાળા. શેઠ પોતે દૂધ-પૂરી ઉડાવે તેમાં બીજાને કંઈ નહિ. બીજાને પેટ પૂરવા દાણા પુરતો નથી કે જેથી તેની દરકાર કોઈ રાખે. તીર્થંકરને ૩૪ અતિશય થાય તેથી અમને શું ? તીર્થંકર મહારાજાએ ભવ્ય જીવરૂપી લોક એ લોકને અપ્રાપ્તને પ્રાપ્ત કરાવનાર. જ્ઞાનાદિક પ્રાપ્તનું રક્ષણ કરનાર તેથી સર્વ જીવોના નાથ. સર્વ જીવોના નાથ કહેવડાવવાનો હક્ક તીર્થંકર મહારાજનો. ડીગ્રી પોતાની મેળે પણ ચડાવાય છે. કલ્પના કરી દેવાય પણ છે. ડીગ્રી દેવાય કે જાતે લગાડી દેવાય પરંતુ તેમ અહિં નથી. અહિં તો ગુણને અંગે લોકનાથપણું આવે છે. ડીગ્રીને અંગે આવતું નથી. સૂર્યને પ્રકાશપણાની ડીગ્રી કોઈએ દીધી નથી. તેમ મેળવેલી નથી. ત્યારે આખું જગત તેને પ્રકાશક કહે છે, પ્રકાશ કરનાર હોવાથી. તેમ લોકનાથપણાની ઉપાધિ-પદવી નથી. સૂર્યનું પ્રકાશકપણું હોવાથી

પ્રકાશકપણે આખી દુનિયા કબૂલ કરે છે. નાથપણાના ગુણને લીધે તેમને લોકનાથ કહેવામાં આવે છે. જીવોને સમ્યગ્દર્શનાદિ આત્માના ગુણો બહારથી લાવવાના નથી, પરંતુ એક વખત નિમિત્તિયાને હાથ દેખાડ્યો. લાખ ક્રોડ રૂપીયા મળવાના છે. ક્રોડને લાખ ઉદ્યમ વગર મળવાના નથી.ઘરમાં નિધાન છે. ક્રોડ દાટેલા છે પણ ક્યાં છે તે ખબર નથી. ઘરમાં કે મકાનમાં કે વાડામાં દાટેલું ધન આપણા કબજામાં આપણી માલિકીનું છતાં પ્રગટ ન કરીએ ત્યાં સુધી તે ધનના ભોક્તા ન થઈ શકીએ. આપણા આત્મામાં ક્ષાયિકદર્શન કેવળજ્ઞાન, વીતરાગતા રહેલી છે, બહાર નથી પણ આત્મામાં રહેલા ત્રણે રત્નો જ્ઞાનાવરણી આદિના મેલમાં, ધૂળમાં અદશ્ય થયેલાં છે.

જામેલું પાણી, જામેલું-થીજેલું ઘીમાં નીચે રહેલી વસ્તુ બહાર દેખાવમાં આવતી નથી, તો જ્ઞાનાવરણી કર્મમાં પડેલો, જે જ્ઞાનની આડા આવ્યા હોય તે જ્ઞાન પ્રકાશમાં શી રીતે આવે ? જે ઘી જામેલું ન હોતું નીતર્યું પ્રવાહી હતું ત્યારે નીચે પડેલું રત્ન દેખાતું હતું. જામી ગયા પછી નીચે દેખાતી વસ્તુ બંધ થઈ. કેવળીના આત્મામાં જે પ્રદેશમાં કેવળીના અવગાહિત આકાશપ્રદેશો છે તે અનંતાનંત જ્ઞાનાવરણીથી ભરેલા છે. એવી લોકોમાં કોઈ જગો નથી કે જ્યાં અનંતાનંત જ્ઞાનાવરણી ભરેલા ન હોય. સિદ્ધનો આત્મા સિદ્ધિમાં રહેલો છે તો પણ તેમના એકએક પ્રદેશે અનંતાનંત જ્ઞાનાવરણી, દર્શનાવરણી રહ્યા છે. જામેલું(બરફ) ને વગર જામેલું પાણી મગજ માંલેશો એટલે સમાધાન થશે. દરેક કેવળીના એક એક આત્મપ્રદેશ રહેલા છે ત્યાં જ્ઞાનાવરણી-દર્શનાવરણી છે તે કબુલ પણ કેવળી આત્મા સાથે બંધાયેલા નથી. આપણા આત્માના પ્રદેશ સાથે જ્ઞાનાવરણી આદિ બંધાયેલા છે. પાણી, ઘી, જામેલું ન હોય તો અંદરથી ચીજ દેખાય. જામી ગયા પછી અંદરની ચીજ ન દેખાય. તેમ કર્મપ્રદેશો આત્મા સાથે બંધાયેલા હોય તો ન

દેખાવા દે. ન બંધાયેલા હોય તો દેખાવા દે. એના એ કર્મો બંધાયેલા હોય તો આત્માના ગુણને રોકે. દરેક જીવોને સમ્યગ્દર્શનાદિ ગુણો સત્તાએ રહેલા જ છે. પાણી જામી ગયું તેની નીચે રહેલી ચીજ બહારથી લાવવાની નથી. તે માટે બરફને ઓગાળી દેવું જોઈએ. ઘીની નીચે રહેલી ચીજ ઘી ઓગળે નહીં ત્યાં સુધી દેખાય નહીં. અંદર ચીજ છે, ઓગળે ત્યારે જ દેખાય. અહીં પણ સમ્યગ્દર્શનાદિ ત્રણે છે તે ઉપર કર્મના પડલો વળગેલા છે તે ખસે તો જ્ઞાનાદિક મેળવી શકાય. પાણી પોતાની મેળે નથી પીગળવાનું, ગરમી જોઈશે. તેમ જ્ઞાનના પડલો છૂટા કરવા માટે, તોડી નાખવા માટે સાધન તીર્થંકર ભગવાન.

**મેળવવા કરતાં ટકાવવાની મુશ્કેલી**

સમ્યગ્દર્શન નથી મળ્યું. સમ્યગ્જ્ઞાન-ચારિત્ર નથી મળ્યા તે મેળવી આપે. જે ગુણો પ્રાપ્ત થયેલા નથી તેને પ્રાપ્ત કરાવી આપે. હોય એનું જશો નહિ. નવો લખેશ્રી ન થાય તેની ફીકર નહિં, પણ લાખ કોઈના જશો નહિં. લાખની મૂડીવાળો ભિખારી થાય તેની આપત્તિ તેનું કાળજું જ જાણે. જન્મના ભિખારીને તેટલી ફીકર ન હોય. તેમ સમ્યગ્દર્શનાદિ મેળવી આપ્યાં છતાં ત્રણેના ટકાવના સાધનો થાય તો મેળવી આપ્યાની કીંમત. મળેલાનું પાલન-રક્ષણ કરાવે. મેળવવું તેટલું મુશ્કેલ નથી, ટકાવવું બહુ મુશ્કેલ છે. મેળવવામાં ભવિતવ્યતા કામ કરે છે. ટકાવવામાં ઉદ્યમ કામ કરે છે. ટકાવવા માટે ઉદ્યમ જોઈએ. અકામનિર્જરાથી યથાપ્રવૃત્તિકરણ સુધી ભવિતવ્યતા લાવી, પછી જેની આંખ ઉઘડે તે આગળ વધે. આંખ ન ઉઘડે તો રોકાઈ જાય. અગર પાછો પડે. જે જીવ ઉદ્યમ વગરનો રહે, તેમ જીવ ત્યાંને ત્યાં પડી રહે. પામવું મુશ્કેલ નથી તેથી શાસ્ત્રકાર કહે છે કે યથાપ્રવૃત્તકરણ અનંતી વખત કર્યા, કેઈ કાળ સુધી ત્યાં આવીને પડી રહ્યો. વીર્ય ઉલ્લાસ થયો ત્યારે આગળ વધ્યો. આગળ વધવું તે આત્માના ઉદ્યમનું કામ. ત્યાં

અકામનિર્જરા કામ નથી કરતી. જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માને અનાદિકાળથી મળ્યા ન હતા. ન મળ્યા તેનો શો પૂરાવો ? જો મળેલા હોત તો આપણી સ્થિતિ બીજી જ હતે. જે ભણીને ભૂલી ગયો છે પણ પ્રસંગ આવે ત્યારે ભણેલાં અને વગર ભણેલો તેનો તફાવત માલમ પડ્યા વગર ન રહે. તેમ એકપણ વખત સમ્યગ્દર્શન મળી ગયું હતે તો તેની સ્થિતિ જુદી જ હતે.

**યોગ અને ક્ષેમ કરનાર નાથ કહેવાય**

નહિં પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વાદિક પ્રાપ્ત કરાવનાર અને પ્રાપ્તિ થયા પછી રક્ષણ કરનાર હોવાથી યોગ અને ક્ષેમ કરે તેનું નામ નાથ કહેવાય. માલિક થવાનું, સત્તા લેવાનું, પ્રમુખનાયકપણું થવાનું બધાને ગમે છે, પણ આ બે વસ્તુ કરી શકીએ ત્યારે હિત પ્રાપ્ત કરાવીએ, હિત પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરીએ ત્યારે જ નાયક-નાથ, પ્રમુખ કહો તેને લાયક આપણે ત્યારે બનીએ 'લોકનાહે' ભવ્ય જીવોને સમ્યક્ત્વાદિકની પ્રાપ્તિ કરાવનારને તેના રક્ષણ કરનારા એવા તે ભવ્ય જીવોના નાથ હતા.

**સત્તાથી નહિ પણ સમજાવટથી ધર્મમાં ગુના રોકાય છે.**

કાંતો સમશેરે કાંતો શાણપણે કામ થાય. સમશેરદ્વારાએ આમ કરવું પડશે. આમ નહિં કરો તો સજા થશે. સજાદ્વારાએ પ્રાપ્ત કરાવાય. તેવી રીતે શાણા લોકો શાણપણદ્વારાએ કહે છે. એકનો શિક્ષાથી ગુનો રોકવો, ધર્મમાં સમજાવટથી ગુનો રોકવો. જૈનશાસન સમજાવટથી ગુના રોકવા પ્રયત્ન કરે છે. સત્તાથી તો મારાથી બને ત્યાં સુધી, ગુનેગારનું ચાલે ત્યાં સુધી ગુનો સાબીત થવા ન દે. કોર્ટના ગુનામાં જુઠું ને જુગતું લાવો જુઠું જુગતું કોર્ટ મંગાવે છે. સજાદ્વારાએ ગુના રોકવા માગનારાઓ જુગતું જુંઠું લાવો કહે છે. ગુનાની ભયંકરતાદ્વારાએ સમજણદ્વારાએ ગુના રોકવામાં આવે તેમાં જુઠ્ઠા-

જુગતાને સ્થાન નથી. કોઈએ ખોટા દસ્તાવેજ કરી, ચોરી કરનારા ચોરીનો ગુનો કેમ જાહેર કરતા નથી? શાણપણાથી ગુના રોકાયા નથી પણ સજાના ડરથી ગુના રોકાયા છે. જૈન શાસન શાણપણાથી ગુના રોકે છે. દુનિયામાં દંડ લેવાવાળો જાતે કોઈ નીકળે છે? ધરમમાં ડગલે પગલે દંડ લેવા નીકળે છે. દંડ લીધા છતાં દંડ આપનાર મહારાજ ઉપર નાખુશ થયાં? આલોયણ-પ્રાયશ્ચિત, ઉપવાસ, આંબેલ દંડ ગુરૂએ આપ્યાં છતાં ખુશ થયો. એક કારણ, ગુનાનો ડર છે. ધર્મમાર્ગમાં સજાનો ડર નથી સત્તામાં સજાનો ડર છે, ગુનાનો ડર નથી. દુનિયામાં સજાથી ગુના રોકાય છે તેથી તે જ ગુનેગાર પાછા આવે છે. ઘણે ભાગે તે જ ગુનેગાર પાછા આવે છે. જ્યારે અહિં સજાના ડરથી ગુના રોકવાના નથી, ધર્મમાં શાસનમાં ગુના રોકાય છે તે ગુનાના ડરથી ગુના રોકાય છે. સજાના ડરથી નહિં, તેથી સજા લેવાય છે. સજા દેનારને સન્માનીએ છીએ, એ ગુનાનો ડર હોવાથી. ગુના હોવાથી જાતે દંડ માગી લીધો. લોકના નાથ થાય છે તે સત્તાના ડરે નહીં પણ સમજાવટ કરી સન્માર્ગે સ્થાપનારા. હવે'લોકપદીવે' કેમ કહેવા પડ્યા. ભગવાનને દીવા સમાન કહેવાનું કારણ તે અગ્રે -

# દેશના ૬૯
# લોકનાથ લોકપ્રદીપ વિશેષણની સાર્થકતા

ગણધર ભગવાન ભગવતી સૂત્રની રચના કરતા આગળ તીર્થંકર ભગવાન પુરૂષોમાં ગંધહસ્તી સમાન. આમ ભગવાનના અતિશયો-ગુણો જણાવ્યા છતાં અમુક જાતમાં અમુક ઉત્તમ હોય, જેમ રત્નોમાં ચિંતામણિ તેમ અહીં લોકોમાં ઉત્તમ હોય તો કામ લાગે, તે માટે 'लोगुत्तमाणं' જેટલા જગતમાં -લોકોમાં ભવ્ય જીવો મોક્ષે જવા લાયક-મોક્ષ પામવા લાયક તેમાં પોતે ઉત્તમ. સર્વ ભવ્ય જીવોમાં જિનેશ્વરો ઉત્તમ. દરેક પોતાને સવાશેર ધારે તેમ દરેકના ભક્તો પોતાના પૂજ્યને સવાશેર જ ધારે પોતાના પૂજ્યને ઓછી પાયરીએ કોઈ ભક્ત ધારતો નથી. તેમ તમે તીર્થંકરના ભક્ત છો તેથી તેમને ઉંચી પાયરીએ જણાવો છો. એકલું ભક્તિથી નથી જણાવતાં પણ ૩૪ અતિશયોને લીધે. અનંતા ભવ્યો છે તેમાં ૩૪ અતિશયવાળા કોઈ નહિં.

**સુલસાને ધર્મલાભ**

માયાવી, વૈક્રિય લબ્ધિવાળો છત્ર ચામર પણ કરી દે. અંબડ પરિવ્રાજક ચંપા નગરીથી રાજગૃહી જતો હતો. મહાવીર ભગવાનને કહે છે કે હું રાજગૃહી જાઉં છું. અંબડે ભગવાન મહાવીરને કહેવાની જરૂર શી? પોતે સ્વતંત્ર છૂટો છે. ભગવાનને જણાવવાની જરૂર શી? સંઘનો વ્યવહાર એ કે દેશાંતર જવું હોય તો ગુરુઓને નિવેદન કરે. આજ કાલ મંગળાચરણ સાંભળી જાય છે. તે વખતે દેવતા તેમજ કેવળીઓ હતા તેથી વ્યવહાર ન હતો. આજકાલ તો દેશદેશાંતર સાથે સંબંધ છે.

ભગવાન મહાવીર મહારાજા એક જ ધ્યેયવાળા, કોઈપણ પ્રકારે જીવોને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થવા જોઈએ, વધવા જોઈએ. ઉંચી કોટિએ આવવા જોઈએ. અંબડનું સમ્યક્ત્વ આજ કારણથી દૃઢ થશે. ત્યાં સુલસાને ધર્મલાભ કહેજે '' હુકમ કબૂલ કર્યો. અંબડને રસ્તામાં વિચાર થયો કે આખી રાજગૃહીમાં સુલસાને ધર્મલાભ, નહીં શ્રેણિકને, નહીં અભયને, સુલસાને ધર્મલાક કે કહેવડાવ્યો ? અંબડ રાજગૃહી ગયો ત્યારે પહેલે દહાડે ઉત્તર દિશામાં સાવિત્રી જોડે બ્રહ્મા સાક્ષાત પધાર્યા છે તેમ વાત ગામમાં પ્રસરી. લોકોના ટોળા ઉલટ્યા પણ સુલસા આવેલી ન દેખી. બીજે દહાડે બીજી દિશામાં મહાદેવ પાર્વતી જોડે, સાપનો હાર ગળામાં, આજે મહાદેવજી પધાર્યા, ગામના લોકોના ટોળે ટોળા કુતૂહલ અને આશ્ચર્યથી આવ્યા, સુલસા ન આવી. ત્રીજે દહાડે વિષ્ણુ ગોકુળ મથુરા બળદેવ વિકુર્વ્યા. ગોપીઓ વિકુર્વી છતાં સુલસા ન આવી.

**ઘરનાથી ચેતવું મુશ્કેલ છે.**

હંમેશા દુનિયા બહારના પરથી ચેતી શકે છે પણ ઘરનાથી ચેતવું મુશ્કેલ પડે છે. જેવા ગોશાળાથી જમાલીથી ફસાયા છે તેવા બીજા ધર્મવાળાથી ન ફસાયા. સોનામાં ભળતું સોનું હોય તો ફસાઈ છેતરાઈ જાય, તાંબાથી ન ફસાય. ભળતો રંગ હોય ત્યાં ફસાઈ જાય. જિનેશ્વરનું વચન-શાસ્ત્ર કબૂલ અમે જિનેશ્વરના વચન પાછળ તન, મન,ધન અર્પણ કરનારા કહેનારા નીકળે તેમાં અજ્ઞાની ભદ્રીકો ફસાયા તેમાં નવાઈ શું ? જમાલી ગોશાળાના મતમાં જેઓ ફસાયા તે જિનેશ્વર કેવળી થઈ નીકળ્યા એટલે પેલા ફસાયા. સર્વકાળમાં જૈન થનારાને ફાંસામાં ફસાવાનું હોય તો જૈન નામ ધરાવનારથી તમે કહી દો કે ભગવાને કહ્યું તે ખરૂં. વસ્તુ આગળ પાછળ વિચારવાનો વખત ન લો. બ્રહ્માના, મહાદેવ વિષ્ણુના નામે સુલસા નથી ફસાઈ પણ ભગવાના નામે ફસાશે. અંબડે પૂર્વ દિશાએ વૈક્રિય લબ્ધિથી તીર્થકરનું સમોસરણ બનાવ્યું. ઇંદ્રો સેવા કરે છૅ. છત્ર ચામર ઢળાય છે.ચાર મુખે દેશના આપવી શરૂ કરી. ગામમાં વાત ચાલી કે આજે જિનેશ્વર પધાર્યા છે. આવું છતાં સુલસા

શ્રાવિકા ન આવી ત્યારે અંબડે એક માણસ મોકલ્યો. અરે સુલસા! જે જિનેશ્વરના દર્શનની અભિલાષા કરનારી તું ભગવાન સમોસર્યા છતાં દર્શન કરવા નથી ગઈ.

સુલસા વિચારે છે કે શાકમાં ઠગાય તો બે પૈસા ઠગાય, ઘી ગોળમાં ઠગાય તો છ-આઠ આના, લુગડામાં ૪ રૂપીયા, ઘરેણામાં ૧૦૦ રૂપીયા, હીરામાં ઠગાય તો હજારોની ઠગામણ, પણ તે કરતાં ધર્મમાં ઠગાય તો જે દેવાદિમાં ઠગાય તે ભવોભવ હારે. બાયડી લેતા ઠગાય તો એક ભવ હારે. ધર્મ લેતાં ઠગાય તો ભવોભવ હારી જાય. હીરાના વેપારમાં, બાયડીના વિવાહમાં જે સાવચેતી ન જોઈએ તે કરતાં કેઈ ગણી સાવચેતી ધર્મ લેતા રાખવી જોઈએ. જુઠા તીર્થંકર પણ કરશે તો ધર્મની ઉન્નતિ ને ? કોળણને ઘરમાં ઘાલી તો રહેશે તેટલા દિવસ તો કામ કરશે ને ? રાંધવું-સાંધવું તો કરશે ને ? પરિણામ શું આવે ? ખોટા તીર્થંકર થઈ ધર્મની બોલબાલા બોલાવે તે પરિણામમાં મીંડું. ખોટાની શી સાબિતી ? મહાવીર મહારાજા કઈ જગો પર વિચરે છે, ક્યે ગામ છે તેની રોજ અહીં ખબર આવે છે. મહાવીર સિવાય કોઈ તીર્થંકર નથી. સુલસાની તો આ સ્થિતિ છે. અંબડ સમોસરણ સંહરી ત્યાં આવ્યો. ખરેખર સુલસાને જે ધર્મલાભ કહેવડાવ્યો છે તે લાયક છે. ભગવાને ધર્મલાભ કહેવડાવ્યો છે તે વખતે તે દિશામાં સાત આઠ ડગલા જઈ નમુત્થુણં કહી સ્તુતિ કરી રહેલ છે. પછી અંબડ શ્રાવકને સન્માને છે. જે જન્મસિદ્ધ અતિશયો, કર્મક્ષયથી થયેલ અતિશયો, તે વૈક્રિય લબ્ધિવાળાને પણ કરવાની સત્તા નથી. ૩૪ અતિશયોને લીધે લોહીનું ધોળાપણું, પરસેવો દુર્ગંધ રહિતપણું, સુગંધ સહિતપણું આદિ અતિશયો એ માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને જ હોય છે. તે સિવાય કોઈને ૩૪ અતિશયો ન હોય. અંબડનો વેષ પરિવ્રાજકનો, શ્રદ્ધા ભગવાનના શાસનની. સમગ્ર ભવ્ય જીવોમાં ૩૪ અતિશયોને ધારણ કરનાર હોવાથી સર્વ ભવ્યોમાં ઉત્તમ એવા મહાવીર ભગવાને આ ભગવતી સૂત્ર પ્રકાશયું છે.

**એક કર્મ પ્રકૃતિ દરેક પ્રકારે શુભ**

આગલા ભવમાં પુણ્યોપાર્જન કરી ચક્રવર્તીઓ, વાસુદેવો, બીજા ભવમાં રિદ્ધિના માલિક થાય, તેમ તીર્થંકર નામકર્મ બાંધ્યું તેથી તીર્થંકર થયા તેમાં નવાઈ શી? ચક્રવર્તીના દાખલા દઈ તે નામકર્મનો ઉદય થવાથી તે રિદ્ધિ આદિ મળે તેમ આમને દેવતાની સેવા મળે, અંતે રમત તો કર્મના ઉદયથી થવાવાળી ચીજને, આટલું મોટું રૂપ કેમ આપો છો? સૂર્ય-ચંદ્ર, વાસુદેવ ચક્રવર્તી બધાને દેવ માની લો. તેમને પણ તે નામકર્મ જબરજસ્ત બાંધેલું છે. તીર્થંકર નામકર્મ પણ પુન્યના ઉદયથી તો ફરક ક્યો? કર્મની ૧૫૮ પ્રકૃતિઓમાં બંધે સત્તાએ, ઉદયે ફળે જો કોઈપણ શુભ પ્રકૃતિ હોય તો માત્ર એક તીર્થંકરનામકર્મની. તે સિવાય કોઈપણ બંધાદિક ચાર પ્રકારે શુભ નહિં. આહારક શરીર ફળમાં શુભ નથી, માત્ર એક કર્મપ્રકૃતિ જિનનામ કર્મની દરેક પ્રકારે શુભ, બાકીની ૧૫૭ બધીમાં કોઈ બંધે શુભ કોઈ સત્તાએ શુભ કોઈ ઉદયમાં શુભ. બધે શુભ હોય તો એક જ પ્રકૃતિ, કારણ એક જ. તીર્થંકર નામકર્મ આહારક શરીર ને તેના અંગોપાંગ ત્રણ પ્રકૃતિ ક્ષયોપશમ વગર બંધાતી નથી. બીજી બધી ૧૫૫ પ્રકૃતિઓ ઉદયના ઘરમાંથી બંધાવાવાળી છે. ક્ષયોક્ષપશમના ઘરમાંથી બંધાવવાની હોય તો આ ત્રણ પ્રકૃતિ, પરંતુ ક્ષયોપશમના ઘરમાંથી બીજી પ્રકૃતિઓ ઉભી થતી નથી. એવું છતાં આહારક શરીર સત્તામાં ભલે શુભ હોય પણ ઉદય થતી વખતે પ્રમત્તગુણઠાણે આવવું પડે. આહારક શરીર બનાવવાનું કર્મ અપ્રમત્ત ગુણઠાણે હોય. આહારક શરીર તૈયાર કરે ત્યારે પ્રમતે આવે. ભગવાન શાસન પ્રવર્તાવે ત્યારે ૧૩મેથી ૧૨ મે ગુણઠાણે આવવાની જરૂર નથી. આહારક નામકર્મનો ઉદય સાતમે ગુણઠાણે ન ભોગવાય. છઠ્ઠે આવી ભોગવવો પડે. જ્યારે તીર્થંકર નામકર્મ ૧૩મે ભોગવાય. ૧૩મે થી ૧૨ મે આવવું ન પડે, કહો ક્ષયોપશમથી બંધાય માટે શુભ. બંધ ક્યાં સુધી રહે? ક્ષપકશ્રેણી માંડે, અપૂર્વકરણે આવે ત્યાં સુધી તીર્થંકરનો બંધ ચાલુ. તીર્થંકર નામકર્મ બંધાય, નિર્મળ પરિણતિથી તેને ટકાવે. ઉદય વખતે ૧૩ માને આંચકો ન આવે. આમ તીર્થંકરનામકર્મ બંધાદિકે શુભ કર્મનો ઉદય છે. તેમ કહી ચક્રવર્તી આદિમાં તે કર્મનો ઉદય જોડી દેવાનો

નથી. માટે એ તીર્થંકરનામકર્મને ઉત્તમ કહીએ છીએ તેની ઉત્તમત્તા શાને અંગે ?

ભવ્ય જીવો જેઓ મોક્ષમાર્ગ પામવાને લાયક છે. છતાં ગંધકમાં સળગવાની તાકાત છે. ગંધક ઘસારામાં સળગે, ઘસારો લાગે ત્યારે સળગે. આ ભવ્ય જીવોમાં મોક્ષમાર્ગ પામવાની, વધવાની, મેળવવાની લાયકાત, પણ લાયકાતનો અમલ ક્યારે થાય ? તીર્થંકર ભગવાન મળે ત્યારે. તે ન મળે ત્યાં સુધી લાયકાતનું કામ થવાનો વખત નથી. અનાર્યક્ષેત્રમાં બાદરપણું પંચેન્દ્રીયપણું, મનુષ્યપણું શું નથી ? આ બધું છે છતાં તીર્થંકરનો યોગ નથી. ત્યારે તીર્થંકર મહારાજનું જે નામકર્મ, બંધ, સત્તા, ઉદય, ફળથી બધી પ્રકારે શુભ ગણ્યું તે મોક્ષના માર્ગને લીધે. મોક્ષમાર્ગે ચડેલો તીર્થંકરપણું પુષ્ટ કરે, ભોગવે તીર્થ પ્રવર્તાવે માટે પોતાનાં આત્માની અપેક્ષાએ મોક્ષમાર્ગની ટોચે ચડ્યા, તેમ ભવ્ય જીવોને મોક્ષ માર્ગ મેળવી આપે ને મેળવ્યો હોય તેનું રક્ષણ કરે.

સારું કામ હું કરૂં તો ગમે. બીજો તે જ કામ કરે તે ન ગમે. પ્રસંગ છે એટલે કહું છું. સોસાયટીનું દૃષ્ટાંત ધ્યાનમાં રાખવાનું છે. સં. ૧૯૮૯ મુંબઈમાં દીક્ષાનું નાટક થવાનું હતું. એ વખતે અમુક મેમ્બરો મારે બીજું કામ છે કહી બધા નાટક બંધ કરાવવાના કાર્યમાંથી ખસી ગયા, ત્યારે એસોસીએશન ઓફ ઈન્ડીયા દ્વારા માસ્તર રતનચંદ તલકચંદે ઉદ્યમ કરી, અરજી કરી વાંધો જણાવ્યો.નાટક બંધ કરાવ્યું. થયું હતે તો તેમને ફીકર નહોતી. દાનત કેવી હશે ? નહીંતર સારૂં કાર્ય ગમે તેના હાથે થાય તો કલ્યાણ, પોતે કરે તે વારંવાર પોતાને અનુકૂળતા ન આવે તો ખંભાતમાં સાધ્વીને ઓટલે બેસાડનાર જેને લીધે અસહકાર કરવાની જરૂર પડી. પારકે હાથે સારૂં ન પોષાય તેવું જિનેશ્વરને નથી.

**સત્તાધીશો નાથ કહેવાય કે !**

સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત ન થયા હોય તેને પ્રાપ્ત કરાવે, બીજા દ્વારા પ્રાપ્ત થયા હોય તેને દૃઢ કરે. એવી રીતે યોગને ક્ષેમ દરેક ભવ્યજીવો માટે કરવામાં તત્પર તેથી લોકનાથ. હવે નહીં પમાયેલાને

પમાડવું, પમાયેલાનું રક્ષણ કરવું, જેમ રાજ્યની સત્તાને લીધે નવા નવા વ્યાપારો રાજ્યમાં દાખલ કરે. પહેલાના વેપારોનું પોષણ કરે, તે પણ યોગને ક્ષેમ કરનાર ગણાય કે નહિ? તે નાથ ગણાય નહીં. સત્તાની રૂએ કરાતી આઝાદીને આબાદીની રક્ષાવૃદ્ધિ તે માત્ર સત્તાધીશોને પોષવા માટે. આઝાદ કહેવડાવનારાઓમાં આબાદ કહેવડાવનારાઓમાં આઝાદ આબાદ કોણ? બીજાઓને તો ગુલામી છે. એવો કોઈ જગતમાં નથી કે પોતાની જાત, કુટુંબ સગા સંબંધીનો હિસાબ ન ગણે. આઝાદી આબાદીની વાતો કરનારા પોતાની જાત, કુટુંબ ને સત્તા ઉપર ચડાવનારા છે, તેમ અહીં જિનેશ્વર મહારાજા સમ્યક્ત્વાદિકને પ્રાપ્ત કરાવી દે, રક્ષા કરી દે. અંતે તો પોતાના હાથમાં કાબુ રાખતા નથી.

**સૂર્યની ઉપમા ન આપતાં દીવાની કેમ આપી!**

લોકને વિષે દીવા સમાન. જગતમાં અંધારાનો નાશ કરે તે દીવાના હાથમાં સત્તા નથી. દીવા તો માત્ર અંધારાને દૂર કરી અજવાળું ઉપયોગમાં લેવડાવે છે. તેમ જગતના સર્વ જીવોને સમ્યક્ત્વાદિક ન મળ્યા હોય તો મેળવી આપે તે સત્તા કે પૂજા કરાવવા માટે નહિ. પણ દીવા માફક દીવાને પ્રકાશ કરવા સિવાય કંઈ સંબંધ નથી. સૂર્ય જેવી ચીજ પ્રકાશ કરનાર તેને છોડીને દીવાની ઉપમા કેમ આપી? લોકનો સૂર્ય કહેવો હતો ને? દીવાની ઊપમા કેમ આપી? દીવાનો અપૂર્વ ગુણ તમારા ખ્યાલમાં નથી. દીવાનો જે અપૂર્વ ગુણ તે હીરા-મોતી ચંદ્ર કે સૂર્યમાં નથી. ક્યો ગુણ? બીજાને પોતા જેવા કરે. મણી જોડે કાચ લગાડીએ તો મણી ન થાય. ચાંદથી બીજા ચંદ્ર થતા નથી. એકે પદાર્થમાં એ તાકાત નથી કે બીજાને પોતા રૂપે કરે. તે તાકાત હોય તો માત્ર દીવામાં. અન્યમતવાળાઓએ પરમેશ્વરપણું રજીસ્ટર કર્યું છે. ચાર વેદ ૧૮ પુરાણ જુઓ. એકેમાં જીવને પરમેશ્વર થવાનો રસ્તો છે? કોઈપણ શાસ્ત્રમાં જીવને પરમેશ્વર થવાનો રસ્તો હોય જૈન શાસનમાં જ એ રસ્તો છે. પરમેશ્વરને આરાધનારો ખુદ પરમેશ્વર થાય આ જ વાત ધ્યાનમાં લેશો ત્યારે 'भुवणपइवं ' કેમ કહ્યું, તે દીવા સમાન કહ્યા તે

એટલા માટે કે દીવાનો સ્વભાવ છે કે- બીજાને પોતા જેવો કરી શકે. તીર્થંકર મહારાજાઓ નવા નવા જીવોને તીર્થંકરનામગોત્ર બાંધવાના કારણ બને. તેમના આલંબનથી તીર્થંકર પણ થાય. ભવ્યલોકોમાં દીવા સમાન. ઠીકરૂં સળગાવવા જાવ તો ન સળગે. સળગવા લાયક ચીજ જોઈશે. તે લાયક તે જીવન જોઈશે તો તેવો થાય. લોકને વિષે પદાર્થનો પ્રકાશ કરવો, જીવાદિક તત્વો પ્રગટ કરવા, માટે દીવા સમાન.

**જૈન અને અન્યદર્શનમાં તફાવત શો ?**

જૈન દર્શનનો ભેદ ઈતરો સાથે ક્યો ? 'त' અને 'न' નો જ. બીજાઓ પરમેશ્વરને બનાવનાર માને છે. આપણે બતાવનાર માનીએ છીએ. પુન્યનો પાપનો રસ્તો બતાવનાર. તીર્થંકર ભગવાને જીવ અજીવ બંધ મોક્ષનું સ્વરૂપ બતાવ્યું. અન્યદર્શનવાળાઓ જગત પાણી-પહાડ-સંસાર બધી વસ્તુઓ પરમેશ્વરે બનાવી કહે છે, જૈન દર્શનવાળા તીર્થંકરોને ઉત્તમ માને છે, તે બતાવનાર હોવાથી ઉત્તમ માને છે. અન્ય દર્શનવાળા 'संसारमहीरूहस्य बीजाय' કહી સંસાર બનાવનાર પરમેશ્વર છે તેથી ઉત્તમ માને છે. માટે 'लोकप्रदीपः' આ ભવ્યજીવોરૂપી લોકને માર્ગદેખાડવા માટે સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ ઓળખાવવા માટે દીવા સમાન એવા મહાવીર સ્વામીએ ભગવતીજી ગૌતમસ્વામીને અર્પણ કર્યું. દીવો-દીવેટ-તેલ હોય વાયરો પ્રતિકૂળ  ન હોય ત્યારે દીવો, દીવો પોતાના જેવા બીજાને કરનાર, તેની સત્તા પરાધીન. સ્વાધીન પ્રકાશક ચીજ હોય તો સૂર્ય, તેમાં દીવેલ, દીવેટનું કામ નહીં. સ્વાધીન છે. 'लोगपज्जोयगरे' લોકને વિષે સૂર્ય સમાન અહીં પદ્યોતકર શબ્દ કેમ વાપર્યો તે અધિકાર અગ્રે -

# દેશના ૭૦
# લોકનાથ તરીકેની જવાબદારી

ગણધર મહારાજા સુધર્માસ્વામીજી જંબુસ્વામીને ભગવતીની વાંચના દેતાં આગળ જણાવી ગયા કે તેકાળે તે સમયે રાજગૃહી નગરી શ્રેણિકરાજા, ચેલણા રાણી હતી. તે વખતે ભગવતીસૂત્ર ગણધર મહારાજાઓએ તીર્થંકર મહારાજા પાસેથી મેળવેલું છે. આમ કહી ક્ષેત્રકાળ જણાવ્યા. ભગવતી સૂત્ર જ્યારે ઉત્પન્ન થયું ત્યારે સુષમ-દુષમનો છેલ્લો ભાગ અને દુષમ-સુષમ આરો હતો.હંમેશા ત્યારે ઉત્પન્ન થાય. કાળ અને ક્ષેત્ર કારણ જણાવ્યા. આર્યક્ષેત્રમાં ભગવતીસૂત્ર ઉત્પન્ન થાય છે. અનાર્યક્ષેત્રમાં ભગવતીસૂત્ર ઉત્પન્ન થતું નથી. આથી ભગવતી સૂત્ર ઉત્પન્ન થવાનો કાળક્ષેત્ર બંને વાના કારણ તરીકે જણાવ્યા. પરંતુ પાણી જેવા રંગમાં ભળે તેવું થાય. તેમાં ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધીનો કાળ ઉત્તમ. ઉત્તમ નિમિત્ત મળે તો ઉત્તમ કરે. અધમ નિમિત્ત મળે તો અધમ કાર્ય કરે. ઉંચી સ્થિતિવાળી નરક પણ તે જ કાળમાં થાય. તે જ ક્ષેત્રને તે જ કાળ ઉંચા દેવલોકનું કારણ થાય. યાવત્ મોક્ષનું કારણ પણ એ જ કાળ. એ ક્ષેત્રને કાળ કારણ ખરા પણ કારણ પાણી જેવાં. જેવા કાર્યો બને તેવા કાર્યોમાં મદદ કરે.

**ત્રણ તાકાતવાળો કાર્ય કરનાર બને.**

જેનામાં ત્રણ તાકાત હોય ત્યારે કાર્ય કરનાર બને. નિતિ કારોએ કહ્યું, કે 'कर्तुम्, अकर्तुम्, अन्यथा कर्तुम् ' કરવાની, રોકવાની ને ઉલ્ટું કરવાની તાકાત હોય તે જ કાર્ય કરનાર બની શકે. મેલવી હોય, ન

મેલવી હોય, બીજે મેલવી હોય તો આપણી તાકાત છે. આ ત્રણ શક્તિ ધરાવે છે તે કાર્ય કરવાને સમર્થ થાય. આ ક્ષેત્રકાળ કારણ ખરા પણ બન્ને આ ત્રણ તાકાતવાળા કારણ નથી. એ તાકાતવાળું કાર્ય કયું. જો કે આર્યક્ષેત્ર ને કાળ કારણ છે, પણ તે ત્રણ શક્તિવાળું કારણ નથી.તેવા કારણ કોણ? શ્રમણ ભગવાન મહાવીર મહારાજા એ જ તેના કારણભૂત છે. માત્ર તીર્થંકરોની જ તે તાકાત છે. તે માટે તીર્થંકર મહારાજ જે મૂળ કારણરૂપ કર્તા પ્રવર્તાવનાર, વ્યવસ્થા કરનાર કહો. તેમના વિશેષણો જણાવતા તીર્થની શરૂઆત સ્થાપના વ્યવસ્થા કરનારા એ જ એકલા કેમ? બધા જીવો એકસરખા છે. સૂક્ષ્મ નિગોદનો કે સિદ્ધ મહારાજનો જીવ હોય, બધા જીવ તરીકે સરખા હોવાથી આપણે જીવમાં સંસારીને મુક્ત એવા બે ભેદ લઈએ છીએ. જીવ તરીકે સૂક્ષ્મ નિગોદ ને સિદ્ધનો જીવ બંને સરખા છે, તો બીજા જીવોને મહાવીરના જીવ સરખા હોય તેમાં નવાઈ શી? જગતમાં બીજ તરીકે બધા સરખા ચાહે બાવળ, આંબો કે લીંમડાનું બીજ હોય પણ દરેક બીજમાં જુદા જુદા સ્વભાવ છે. ગોટલાનો સ્વભાવ લીંબોળીમાં નથી કે કેરડામાં નથી. આંબો ઉગાડવાનો સ્વભાવ ગોટલામાં જ, તેમ તીર્થંકર થનારા જીવોમાં તેવો સ્વભાવ હોય કે તેઓ જ તીર્થંકર થઈ શકે માટે પુરૂષોત્તમ કહ્યા. પુરૂષ એટલે જીવમાત્ર. જીવમાત્રમાં તથાભવ્યત્વપણું હોવાથી પુરૂષોત્તમ તેવા હતા તો સંસારમાં રખડયા કેમ? સમકિત પામ્યા પછી પણ સ્થાવરમાં જઈ આવ્યા.

ભગવાનના ૨૭ ભવમાં એકેન્દ્રિના ભવો ગણત્રીમાં લીધા નથી. સ્થાવરના સૂક્ષ્મ ભવો ૨૭ સ્થૂલભવોમાં ગણાય નહિં,પણ મહાવીર ભગવાનને મરીચિના ભવ પછી સ્થાવરના ભવ કરવા પડ્યા. આપણે નયસારના ભવને પાછળ છે તે રહેવા દઈએ. મરીચિના ભવથી મહાવીરનો ભવ.બે જાય એટલે ૨૫ ભવ રહે. દરેક ભવમાં વધારેમાં વધારે આયુષ્ય લઈએ. મનુષ્યપણામાં ત્રણ પલ્યોપમથી વધારે ન હોય.

એક વખત દેવતાના પચીશ ભવ લઈએ તો પણ કેટલા સાગરોપમ થાય ? ૩૩ સાગરોપમથી વધારે દેવ આયુ ન હોય આઠસો સાગરોપમ થાય અહીં કોડાકોડ પલ્યોપમનો કાળ જોઈએ. હવે જ્યારે એમનામાં તાકાત હતી તો શા માટે આટલું રખડ્યા ? એકજ કારણ, આત્મા સિંહ થયો ન હતો. કર્મ વિદારવા માટે સિંહ રૂપ થવો જોઈએ.

**જીવ અને કર્મમાં બળવાન કોણ ?**

'कत्थइ जीवो बलीयो, कत्थइ कम्माइं हुंति बलीआई'

કોઈ વખત જીવ બળવાન થાય છે. જીવ બળવાન નથાય તો ચારિત્ર પાળી શકે નહિં. કોઈ જગો પર કર્મ બળવાન હોય, કર્મ બળવાન હોય ત્યાં સુધી તીર્થંકરનો આત્મા લાયકાતવાળો હોય તો પણ રખડ્યા કરે. પંડિતને કે મૂર્ખાને સનેપાત થાય, સનેપાત વખતે બંને સરખા, બંને ચીથરા ચુંથે. સનેપાત વખતે પંડિત મૂર્ખપણાનો વિભાગ રહી શકતો નથી. કર્મના જોર વખતે તીર્થંકરનો આત્મા લાયકાતવાળો છતાં જોર બજાવી શકતો નથી. તે માટે 'पुरुषसिंह' જીવોને વિષે કર્મને તોડવા માટે ભગાડવા માટે સિંહ સમાન થયા ત્યારે જ તીર્થ પ્રવર્તાવી શકયા. આપણે કોના ચરણે માથું નમાવીએ છીએ, જે પુરૂષસિંહ છે કર્મનાશ કરવા પરિસહાદિ જીતવા માટે સિંહ સમાનતાને ધારણ કરનારા તેવાને માથું નમાવીએ છીએ. તમે મનુષ્યને વખાણતા વખાણતા સિંહના ઉત્તમપણામાં ગયા. દૃષ્ટાંત એકદેશીય હોય, સર્વદેશીય ન હોય. ચંદ્ર સરખા સૌમ્ય મુખવાળા છે, રોજ ઘટવા-વધવાપણું મુખમાં ન લેવાય. જે જે ધર્મથી ઉપમા આપવામાં આવી હોય તે જ ધર્મ ત્યાં લેવાય. કસ્તુરી જેવો મધમધે છે એટલે સુગંધ લેવાની પણ કસ્તુરીનો કાળો રંગ હોવાથી કમળ કાળુ છે તેમ નહીં. જે ધર્મથી ઉપમા લેવાય તે ધર્મ જ લેવાય. વસ્તુના બીજા સ્વભાવો ન લેવાય, હોય તેનાથી જુદા સ્વભાવ ન લેવાય. તેમાં રહેલો અસાધારણ ધર્મ તે ઉપમામાં કામ લાગે. આથી જાનવરને સારૂ માનનારા છીએ તેમ નહીં. સિંહમાં જે સ્વભાવ, શત્રુથી

ગભરાય નહિં શત્રુને પૂંઠ ન બતાવે. શત્રુ સામા થવાનો, નહિં ડરવાનો, તેમ કર્મરાજા સામુ યુદ્ધ શરૂ કર્યું.

**સમ્યક્ત્વ થાય એટલે કર્મને ખુલ્લી ચેલેંજ - પડકાર**

દરેક શુક્લપક્ષી અંત્યપુદ્‌ગલપરાવર્તવાળો જીવ કર્મરાજાને અલ્ટીમેટમ આપી દે છે કે આવી જાવ, હવે મારે તારે સામાસામી છે. સમકિત થાય એટલે ખુલ્લી ચેલેંજ. શિવાજીના લશ્કરીઓ હતા. શત્રુ રાજાનું લશ્કર આવે ત્યારે ખેડૂત બની જાય, એટલે હલ્લો કરે. શુક્લપક્ષી પણામાં શી સ્થિતિ હતી. દેરાઉપાશ્રયે સામાયિકમાં કર્મનો ક્ષય કરવો જોઈએ, કર્મક્ષય થાય પણ ખરો. દેરા-ઉપાશ્રયમાંથી નીકળ્યા એટલે પાછા ખેડૂત બની જાય. દેરામાં સામાયિકાદિમાં કર્મને અલ્ટીમેટમ-પડકાર દઈએ છીએ. બહાર નીકળ્યા એટલે હતા ત્યાંને ત્યાં જ , પણ સમ્યક્ત્વ થાય ત્યારે ખુલ્લી ચેલેંજ. શાસ્ત્રકાર એક વસ્તુ નક્કી કરે છે કે સમકિત દૃષ્ટિ વૈમાનિક દેવલોક સિવાય બીજી જગોએ ન જાય. સમકિતદૃષ્ટિ ઢોર હોય તો પણ વૈમાનિક સિવાય બીજી ગતિ ન બાંધે. સામાયિકાદિ કે દેરામાં આયુષ્ય બાંધશે તો વૈમાનિક દેવલોકનું. ૨૪ કલાક શુભ લેશ્યાવાળો જ હોય. કર્મરાજાને ચેલેંજ આપી હોય, તેવો ૨૪ કલાક શુભ લેશ્યાવાળો હોય ત્યારે નિયમ. જે લેશ્યામાં આયુષ્ય બાંધે તે જ લેશ્યાવાળી ગતિમાં ઉપજે. જે વખત સમ્યગ્‌દર્શન થયું તે વખતે તેને એક જ ધ્યેય, જિનેશ્વર મહારાજાએ કહેલું કર્મક્ષયનું જ ધ્યેય. તે તત્વ સિવાય બીજું ધ્યેય સમકિતિને ન હોય.

બધા ત્યાગી ન હોય. ૧૭ પાપસ્થાનકવાળા હોય પછી શુભ લેશ્યામાં કેમ હોય? ૧૭ પાપસ્થાનક છતાં શુભ લેશ્યા ગણી છે. રાજા દંડ કરે તે દંડ ભરવા માટે બીજાને આજીજી કરી, વ્યાજે લઈએ ને દોડીને ભરી આપીએ તો પણ મનમાં શું રહે? મનમાં જુલ્મની અસર રહે ને વર્તાવ દોડાદોડીનો થાય. તેમ સમકિતિને અસર જિનેશ્વરના તત્વની છે. ત્યારે સમ્યગ્‌દૃષ્ટિ જીવ કર્મરાજાને અલ્ટીમેટમ આપે છે, કે હવે તારૂં

કાટલું કાઢવું છે, તારો નાશ કરવાનો છે. તે નાશ કરનારની છત્રછાયામાં દાખલ થયા છીએ. ભગવાન મહાવીર મહારાજા પરિસહ ઉપસર્ગો હઠાવવા માટે સિંહસમાન. ક્રૂરતા વગર શત્રુનો નાશ થઈ શકે નહિં. ઘાતીકર્મ, મિથ્યાત્વ, અવિરતિનો નાશ ઘાતકપણા સિવાય ન થાય.

**ગંધહસ્તિ સમાન ભગવાન.**

કમળ પોતાની સુગંધથી દુર્ગંધનો નાશ કરે તેમાં કેટલો ક્રોધ છે? કમળમાં ક્રોધ ખરોને? કમળની ગંધ એવી ઉત્તમ છે કે દુર્ગંધનો નાશ થાય ને સુગંધ ચારેબાજુ પ્રસરે છે. આત્માનો સ્વભાવ સ્થિરતા, શાંતિ પ્રગટ થાય ત્યાં પરિસહ ઉપસર્ગ અવિરતિ આપોઆપ ભાગી જાય. કમળની ગંધથી દુર્ગંધ ભાગી જાય. કમળ જગતને શીરોધાર્ય રહે છે. તેમ તીર્થંકર ભગવાનના આત્મસ્વભાવથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ ભાગી જાય, ને જગતને શીરોધાર્ય રહે છે. દુર્ગંધ પુદ્‌ગલનો સ્વભાવ, બીજા પુદ્‌ગલના સ્વભાવે પલટી જાય. મિથ્યાત્વાદિ ચીજ પલટવાવાળી ચીજ નથી. મિથ્યાત્વ સમક્તિપણે, અજ્ઞાન જ્ઞાનપણે પરિણમે, અવિરતિ વિરતિ સ્વભાવપણે પરિણમે તેવા પરિણમવાવાળા નથી. તેમાં પણ જે મિથ્યાત્વી, અજ્ઞાનીઓ, અવિરતિઓ તે તે ધાડપાડુઓ. જ્ઞાન સમ્યક્‌ત્વ વિરતિ ધાડપાડુ નથી. એ શા ઉપરથી માનશું? ૧૧મા ગુણઠાણે પહોંચીએ. ૧૪ પગથીયાની નીસરણી. ૧૪ પગથીયાની નીસરણીમાં સમકિતના જોરે ૧૧મે પગથીયે પહોંચી જાય. વિરતિ સમ્યગ્‌જ્ઞાનના જોરે ૧૧ મે પહોંચી જાવ તો મિથ્યાત્વ, અજ્ઞાન અવિરતિ આવીને પકડે તો સમ્યક્‌ત્વાદિ કંઈ રક્ષણ ન કરે. ધાડપાડી નીચે ફેંકે માટે ધાડપાડુ કહીએ છીએ. ધાડપાડુઓથી બચવું, મિથ્યાત્વાદિ ત્રણ ધાડપાડનીરી ચીજ. સુગંધ ધાડ પાડનારી ચીજ નથી. સમકિતાદિ ધાડ પાડનારી ચીજ નથી. માટે કહ્યું ગંધહસ્તી લડવા જતો નથી, ધાડ પાડવા જતો નથી, હથીયાર લઈ ફરતો નથી, પણ તેની ગંધ એવી કે ચાહે જેવા મદોન્મત હાથી હોય તો પણ ભાગી જાય. કુવાદિ

મિથ્યાત્વી પાંખડીઓ માટે તે ગંધ હસ્તી સમાન, તેની ગંધ પ્રસરે ત્યાં સુધી થાંભલા તોડીને પણ ભાગી જાય. ત્રિલોકનાથ મહાવીર કેવા? ભવ્ય જીવોને અંગે ગંધહસ્તી સમાન.

**પોતા માટે બનાવેલ સમવસરણમાં ભગવાન કેમ બેસે ?**

આમ પુરૂષોમાં ઉત્તમતા કહી છતાં ભવ્ય જીવોમાં ઉત્તમતા તે પરદેશ-પરનાતની મળેલી શેઠાઈ તેની કીંમત નથી. જે શેઠાઈ સમૃદ્ધિને, ન ગામવાળા, ન નાતવાળા કે સગા ન દેખે તેવી શેઠાઈ શું કામની? ભવ્ય જીવો ભગવાનના વર્ગના નાતના હવે પોતાના વર્ગના ભવ્ય જીવોને અંગે કઈ સ્થિતિ? તે માટે 'लोगुत्तमे' ભવ્ય જીવરૂપી લોગ તેમાં ૩૪ અતિશયથી ઉત્તમત્તા ધારણ કરનાર હોય તો ત્રિલોકનાથ તીર્થંકર ઉત્તમ ગણાયા. હવે ૩૪ અતિશયો એમની સાહ્યબી કે જગતના ફાયદા માટે છે. કેટલીક વસ્તુ બીજાના ફાયદા માટે હોય છે. રાજા મુગુટ, કુંડળ પહેરી બેસે, ગાદી પર બેસે તે પોતાને ફાયદો, દેશમાં તેનો પડઘો પડે. આજ્ઞા ચાલે તે પ્રજાના ફાયદા માટે. આજ્ઞા ઐશ્વર્ય જગતના પાલન માટે, તેમ તીર્થંકરને ૩૪ અતિશયો મળ્યા તે તેમની મોટાઈ જણાવવા માટે કે બીજું કંઈ? ૩૪ અતિશયો તેમની મહત્તા માટે નથી. ભવ્ય જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ને પ્રાપ્ત થયેલા મોક્ષનું રક્ષણ તે માટે ૩૪ અતિશયો છે.

પોતાની મહત્તા માટે તે અતિશયો કામના નથી. હવે વીતરાગ થયા પછી પોતાની મહત્તા થાય એમ માનવામાં આવે ખરૂં? વીતરાગ થાય, કેવળ થાય તે વખત પછી તેમને હું મોટો, મારે આમ થાય તે સ્વપ્નમાં પણ ન હોય. એમની મહત્તા માટે અતિશયો ન હતા. સાધુ માટે મકાન બનાવે તેમાં સાધુ ન રહે, ને ભગવાન માટે દેવતાઓ સમોસરણ બનાવે તેમાં ભગવાન બેસી દેશના દે. એનો ખુલાસો સમજાશે. તીર્થંકર તે સમવસરણમાં કે બિરાજે છે? જેને માટે કરેલું હોય તેનો ઉપભોગ કરતાં કર્મ સરાગીને બંધાય. વીતરાગ કેવળી પરમાત્માને પાપનો બંધ

નથી. એકલો શાતાનો એક સમયનો બંધ છે. બીજો બંધ જ નથી. તે બંધનો સંભવ ન હોવાથી તીર્થંકરો સમવસરણમાં બેસી દેશના દે, પણ છદ્મસ્થ સાધુઓ પોતાના માટે કરેલાનો ઉપયોગ ન કરે. તીર્થંકર મહારાજા ૩૪ અતિશય ધારણ કરનારા તેથી સર્વ ભવ્યોમાં ઉત્તમ. એકલી અતિશયદ્વારાએ ઉત્તમતા નથી પણ ભવ્ય જીવોને સમ્યક્ત્વાદિરૂપી મોક્ષ માર્ગ પમાડવો ને પામેલા હોય તેનું પાલન કરવું. તેની જોખમદારી-જવાબદારી પોતાને શિર હોવાથી સંગમદેવતા વખતે આંખમાં ઝળઝળીયા આવ્યા. છ મહીના સુધી ઉપસર્ગો કર્યા ત્યારે કંઈ નહિ. ગયા પછી આંસુ આવ્યા કેમ ? મહાવીર ભગવાને એ વિચાર કર્યો કે જગતના ઉદ્ધાર માટે હું કેઈ ભવોથી મથું છું. એમાં પાશેરામાં પહેલી પૂણી આવી મળી, તેવી વખતે આ બિચારો મારે લીધે ડુબવાવાળો, એ વિચારથી આંખમાં આંસુ આવ્યા. તારવા માટે જવાબદારી, જોખમદારી ન હતે તો તેમને સંગમ દેવતા વખતે આંસુ આવવાની જરૂર ન હતી. ભવ્ય જીવોનો ઉદ્ધાર કરવો. સમ્યક્ત્વાદિક ન પામેલાને પમાડવા.

**એક ઘોડાને સમ્યક્ત્વ પમાડવા માટે ૬૦ યોજનનો વિહાર.**

મુનિસુવ્રતસ્વામી ૬૦ જોજન દૂર પેઠાણનગર પહોંચે છે. ભરૂચમાં યજ્ઞમાં ઘોડો હોમાય છે એ ઘોડાનો જીવ પ્રતિબોધ પામવાનો છે તે માલમ પડ્યું કે ૬૦ જોજન ચાલીને આવ્યા. એક ઘોડાના જીવને સમ્યક્ત્વ પમાડવું તે માટે ૬૦ જોજનની મુસાફરી જે જીવ સમ્યક્ત્વ પામી શકે તેવો હોય તેને સમ્યક્ત્વ પમાડવો.

**શ્રાવકની ભૂલ સુધારવા ગૌતમસ્વામીને મોકલે છે.**

મહાશતક નામનો શ્રાવક પૌષધ-સામાયિક વિગેરેમાં લીન છે. ઘરમાં જોડું સરખી પરિણતિનું હોય તેવો નિયમ નથી. પ્રકૃતિ મુશ્કેલ તો પરિણતિ ક્યાંથી મળે ? મહાશતકની પ્રવૃત્તિ ધર્મમય, સાત શોકયોને મારી નાખનાર તાજા જન્મેલા વાછરડાનું માંસ પ્રતિદિન ખાનાર તેની સ્ત્રી રેવતીની પરિણતિ નરક જવાને લાયક. રેવતીને પતિ ધર્મધ્યાન કરે

તે ખમાતું નથી. કેટલાક અધર્મી હોવા છતાં બીજાના ધર્મની અનુમોદના કરે, મદદ કરે, કેટલાક અધર્મીઓ અધર્મ કરાવે, ધર્મને રસ્તે પ્રવર્તે તે તેને ઝેર જેવા લાગે. નખ શીખા સુધી સળગી જાય. તેમ મહાશતકે કરાતો ધર્મ સારો પણ ગણતી નથી એટલું જ નહિં, એક વખતે પૌષધમાં ધર્મ જાગરિકા કરે છે, તે વખતે રેવતી મદોન્મત થઈ, મદિરાપાન કરી આવીને અરે મહાશતક! હું કહું તેમ કર. ધર્મ ઉંચો મૂક! ધર્મધ્યાનમાં બેઠેલાને ધર્મ છોડવા, અધર્મમાં પ્રવર્તવા કહે છે, ધમકાવી રહી છે. મહાશતકને અવધિજ્ઞાન છે જ્યાં વિચારો થયો કે આની દશા શી? ધર્મ કરતી તો નથી પણ ધર્મને ધક્કો મારનારી થાય છે. ઉપયોગ મૂકયો. સાતમે દિવસે વ્યાધિથી મરી નરકે જવાની છે તેમ જાણ્યું. દ્વેષ પણ રાગની પાછળ હોય છે. 'સગાસંબંધી જે દ્વેષ કે અડપલું કરે તેવો દ્વેષ અજાણ્યામાં નહીં આવે.' રેવતીની આ દશા જોઈ મહાશતક કહે છે કે કંઈક તો આત્માની ખબર લે. ૭મે દિવસે રોગથી મરી નરકમાં જઈશ. એટલે રેવતીએ દેખ્યું કે આજે મહાશતકે પોતાનું સ્વરૂપ છોડયું. રેવતી ભાગી ગઈ. મહાવીર ભગવાને મહાશતક શ્રાવકની જવાબદારી કેમ ગણી તે કહું છું. ગૌતમને મહાવીરસ્વામીએ કહ્યુંકે મહાશતક પાસે જાવ. પોષહમાં ધર્મજાગરિકામાં રહેલાએ દારૂડીયા અધમ ચાહે જેવા હોય તેની ઉપર આવેશ કરી આમ બોલાય નહિં. માટે બોલાયું તેનું નિંદન ગર્હન કરી આલોયણ લો. મહાવીર ભગવાન ગૌતમને ત્યાં મોકલે છે. મહાશતક પાસે જાય છે. આમ તમે તેને કહ્યું કે તે આવેશ કટુકવચનનું આલોચનાદિક કરી પાપમય આત્માને વોસરાવો. જૈન માર્ગ સમજનારે આ સમજવું. મુસલમાન હશે તેને કબરો, ધોરો યાદ આવતી હશે. તેને આ વસ્તુ સમજમાં ન આવે. ધર્મમાં વિઘ્ન કરનારી રેવતીને મારી કુટી હોત તો નિર્જરા થતે. તેમ કેટલાકને આ વાત પરિણમશે નહિં. જૈન શાસન કર્તા ઉપર આધાર રાખે છે. નિમિત્ત ઉપર આધાર રાખતા નથી. ગાળ દીધી હોય ન દીધી

હોય તો તમે જે કષાય કરો તેને અંગે કર્મબંધન તમને થાય. નિમિત્તને કર્મ વળગાડતા નથી. ચાહે જેવું નિમિત્ત બન્યું હોય કર્તાને તે કર્મ બંધાય. 'નમો અરિહંતાણં' બોલીએ છીએ તેમાં અરિહંતાણં ઉપર રાગ તે પણ કર્મબંધનું કારણ. જો કે દીવેલ ખાઈ એ દીવેલનો સ્વભાવ મળને કાઢી પોતે નીકળી જાય પણ રાગ કર્મબંધનું કારણ. દીવેલ ખાવાની શી જરૂર? મેલ કાઢી પોતે સ્વયં નીકળે છે. મૂળ તત્વ કેટલું? નમો અરિહંતાણંમાં બોલતાં જે અરિહંત ઉપર રાગ કિંચિત પણ રાગ કર્મબંધનું કારણ. માંદા સાધુ માટે આધાકર્મી કરશે અલ્પ પાપને બહુ નિર્જરા કહેશોને? મહાશતક શ્રાવક કેવળ પૌષધ-સામાયિક ધર્મધ્યાનમાં લીન હતો. પેલી રેવતી મર્યાદા છોડી બેફામ બોલતી હતી. તેમાં કટુક કહ્યું તે અવધિજ્ઞાનથી દેખ્યું તે સાચું. તે પણ કહ્યું જ શા માટે? તેને ધમકાવવા માટે. ધર્મભ્રષ્ટ કરનારને ધર્મહીન ન કહેવાય તે આલોયણ નિંદનપ્રતિક્રમણ લાયક. મહાશતકે આલોચનાદિક કર્યા. ભગવાન મહાવીરને ત્યાં બેઠા બેઠા આ પંચાતમાં પડવાનું શું કામ હતું? મહાશતકના ઘરની બાયડીની વાતમાં તેમને આ શી પંચાત? જવાબદારી છે. જે જે આત્માઓ તરી શકે તેવા હોય તેવાને તારવા માટે મારે તૈયાર રહેવું. 'લોકનાથ' ત્યારે જ, આ વસ્તુ સમજાશે ત્યારે મેઘકુમારની વાત યાદ આવશે. મેઘકુમાર ઘેર ગયા હતા તો શું લુંખુ ખાવાનું હતું. ૧૪ હજારમાંથી એક ઓછો. વગર પૂછયા વિચાર જણાવ્યો, અરે મેઘ? આવો વિચાર કર્યો. પહેલાના ભવો સંભળાવી મજબૂત કર્યો. શાથી? જવાબદારી જોખમદારી હોવાથી જે જે સમ્યક્ત્વાદિ પામ્યા હોય તેને દૃઢ કરવાના છે તેથી જ 'लोकनाहे' એ પદથી સ્તુતિ કરી. હવે આગળ બીજી સ્તુતિઓ કેવી કરશે તે અગ્રે -

# દેશના ૭૧
# હિન્દુ અને આર્ય શબ્દની વ્યુત્પતિ

लोगनाहे लोगप्पदीवे लोगपज्जोयगरे,

ગણધર મહારાજા સુધર્માસ્વામીજી શ્રી જંબુસ્વામીજીને ભગવતી સૂત્રની વાંચના દેતા જણાવી ગયા કે આપણે તે કાળને ઉત્તમ કહીએ છીએ. સહેજે ચોથો આરો કહીએ છીએ. જેવું મોક્ષનું તેમ નરકનું કારણ છે, માટે તેને ઉત્તમકાળ કેમ કહેવાય? મોક્ષ પણ ન હતો, નરક પણ ન હતી તેથી તે કાળ બંનેનું કારણ બને છે. હથીઆર જેવું બચાવનાર તેવું મારનાર છતાં હથીયારને મારનાર ગણીએ કે બચાવનાર. દુરૂપયોગમાં લેવાય તે હથીયાર મારનાર. આત્માનો દુરુપયોગ કરનારા નથી, તેવાને તે કાળ મોક્ષ દેનારો છે. ગોશાળાને રખડવાનું, જમાલિને રખડવાનું થયું તે મહાવીર મહારાજાને લીધે તો તીર્થંકરને તારક ગણવા કે ડુબાડનાર ગણવા? તીર્થંકરનો સદુપયોગ કરે તેને મોક્ષ થાય, પણ તેઓ તીર્થંકર મહારાજનો દુરૂપયોગ આશાતાના કરનાર ગુનેગાર બને. જેટલી ઉત્તમ કાળની સત્તા હોય તે સદુપયોગ કરનારને ફાયદો કરનારી થાય. તેમ ત્રીજના છેડાથી ચોથા આરાના છેડા સુધીનો કાળ દુરૂપયોગ કરનારને સાતમી નરક આપનારો છે.સદુપયોગ કરે તો તે કાળ મોક્ષ દેનારો છ. તેવા કાળમાં મહાવીર મહારાજા હતાં.

**જીતેલો દાવ હારી જાવ નહિ.**

કાળ ભરત એરવત, મહાવિદેહમાં એક સરખો હોય છે. આખા

ભરતને અંગે એક સરખો જ કાળ. ઐરવતને અંગે એક સરખો જ કાળ. ભરતક્ષેત્રમાં કેટલાક ભાગમાં પહેલો કેટલાકમાં છઠ્ઠો હોય તેમ નહીં. આખા ક્ષેત્રને અંગે કાળ એક સરખો જ હોય. આરોબધા ક્ષેત્રમાં એક સરખો જ હોય. અજીતનાથાદિ મહાવીર પર્યંતના તીર્થંકરો ચોથા આરામાં થયા. આખા ક્ષેત્રમાં એક સરખો કાળ હોય તેથી મોક્ષ લાયક ક્ષેત્ર કેટલું ? એક માણસે લોટરી કાઢી. ટીકીટો લીધી, ઈનામની વ્યવસ્થા કરી.યંત્ર તૈયાર કર્યું. તેમાંથી ટીકીટો નીકળે. અનંતી ટીકીટો નીકળે ત્યારે એક ઈનામની ટીકીટ કોરાણે કાઢે. તેવી અસંખ્યાતી ટીકીટો નીકળે ત્યારે તેમાંથી એક એમ અસંખ્યાતી કાઢે. તેમ પાછી ત્રીજા ગોળમાં નાંખે. પાછી અસંખ્યાતી નીકળે ત્યારે એક ઈનામની જુદી, તેમ ચોથા ગોળામાં નાખે. તેમાંથી હજારો નીકળે ત્યારે એક ઈનામની એમ નીકળતાં નીકળતાં જેના નામે ઈનામ ચડ્યું હોય તે વખતે 'આ દાવ રદ કર!' તેમ કહીયે તો માને ખરો ? એ રદ ન માને તો આપણે કેટલું જીતીને આવ્યા છીએ. આપણે બધા પહેલા કોણ હતા ? નિગોદમાં અનંતા જીવોનું એક બારીક અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું અદૃશ્ય સૂક્ષ્મ શરીર, તેમાં રહેવાવાળા હતા. તેમાંથી કોઈક ભવિતવ્યતાએ કરીને ગોળામાંથી ટીકીટ નીકળે તેમ જેને માટે ધારણા કરી ન હતી પ્રયત્ન કર્યો ન હતો. દેખી શકાય તેવા બાદરમાં જઉં તેવી કલ્પના નિગોદમાં ન હતી. આ રસ્તો લઈએ તો બાદરમાં જઈએ તેવો પ્રયત્ન, ધારણા કર્યા ન હતા. માત્ર ભવિતવ્યતાએ એવા રસ્તે મેલી દીધા જેથી સૂક્ષ્મનિગોદના ગોળામાંથી બાદર નિગોદના ગોળામાં આવ્યા. પછી 'મેલ મોચીડા કરવત અંતે મોચીડો ને મોચીડો'. શરીરમાં જ માત્ર ફરક. બાકી અનંતા જીવોએ સાથે શરીર બાંધવું, શ્વાસ લેવો, અનંતાને સાથે મરવું તેમાંથી ભવિતવ્યતાએ કાઢી પ્રત્યેક એટલે એક શરીરમાં એક જ જીવ હોય તેમાં મેલ્યા. તેમાંથી અસંખ્યાતમાં ગયા. ભવિતવ્યતાએ એવો પ્રયત્ન કરાવ્યો કે વિકલેન્દ્રિયમાં આવ્યા ત્યાંથી પંચેન્દ્રિપણામાં તેમાંથી સંજ્ઞીપણામાં તેમાંથી સંજ્ઞી મનુષ્યપણામાં. હવે આ દુર્લભ મનુષ્યભવ સફળ નહી

કરીએ તો જીતેલો દાવ ખોઈ નાખીશું. ગૌતમસ્વામીજીને એમ જ કહ્યું હતું કે - 'दुलहे खलु माणुसे भवे गायमा! समयं मा पमाए !' ' સમય માત્ર પણ હેગૌતમ ! પ્રમાદ ન કરીશ, આવું દુર્લભ મનુષ્યપણું ફેર નહીં મળે' ગૌતમ સરખાને જો દાવ ચૂકે તો મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. જો કે ચૂકે નહીં, કદી ચૂકી જાય તો તેમને પણ મનુષ્યભવ દુર્લભ. જ્યારે ગણધર મહારાજા ગૌતમસ્વામીને આ ભવ જાય તો મળવો મુશ્કેલ, તો આપણે ક્યા ભરોસે રહીએ છીએ ? ભવાંતરે એ વાત હાથમાં નથી.

**કેટલાક મનુષ્યો કરતાં જાનવરો સારાં કેમ ?**

શાસ્ત્રકાર દૃષ્ટાંત દે છે. એક મનુષ્ય કોટિધ્વજ છે. એક દેવાળીયો છે. કોટિધ્વજ આબરૂદાર ગણાય છે, પરંતુ કોટિધ્વજને રોજ લાખનું ખર્ચ છે ને પૈસાની આવક નથી. ઉલ્ટા પહેલાના લેણદારોના હૂકમનામા છે. દેવાળીયો જુનું લેણું વસુલ કરતો જાય છે ને લેણદારને આપ્યો જાય છે. દેવાળીયો રોજ લાખ વાળે છે. જૂના લેણા કબજામાં લે છે. અત્યારે દેવાળીયો છે પણ તે તરવાનો. તેમ આપણે મનુષ્ય કોટિધ્વજની સ્થિતિવાળા છીએ. આપણે ૩૬૦૦૦ દિવસનું આયુષ્ય લાવ્યા છીએ. એ રમતગમત, હાંસી, કુતૂહલ, આરંભપરિગ્રહ વિષય કષાયમાં નિરંતર ગુમાવીએ છીએ, આયુ ઓછું કરીએ છીએ. નવા પાપો બાંધીએ છીએ. જુના પાપો ભોગવીએ છીએ. તિર્યંચો પાપ ભોગવીને તોડે છે ને નવા પુન્યો બાંધે છે, પાપ ભોગવે છે તે વાત માનીએ છીએ, પણ નવા પુણ્ય બાંધે છે તે શા ઉપર માનવું ? ઘણા તિર્યંચો ભૂખ તરસ તાપ તડકો પરાધીનતા-ભય-રોગે વેઠી અકામનિર્જરાથી પુન્ય બાંધે છે. દેવતાનું થાળું પુરૂં થતું હોય તો, મત્સ્યો તિર્યંચને લીધે. મનુષ્યની સંખ્યા પરિમિત હોવાથી દેવતાનું થાળું પૂરવાની તાકાત નથી. એક સમયે ઉત્કૃષ્ટથી અસંખ્યાત દેવતા ઉપજી શકે છે. ગર્ભ જ મનુષ્ય અસંખ્યાત છે જ નહીં, પણ એક સમયે અસંખ્યાતા દેવતા ઉપજે છે. આઠમા દેવલોક સુધીનું થાળું ઘણું તો તિર્યંચો પૂરે છે. તિર્યંચો દેવલોકે ન જતા હોય તો દેવતાનું થાળું પૂરાય

નહિ. આપણે આટલા ઉંચા આવ્યા તે વગર ઈચ્છાએ આવી પડેલું દુ:ખ સહન કરવું તે રૂપ અકામનિર્જરાના પ્રતાપે ઉંચા આવ્યા છીએ. આપણને અકામનિર્જરા આટલે લાવનારી થાય તો તિર્યંચને અકામનિર્જરા દેવલોકે લઈ જાય. કહો મનુષ્યપણામાં આવ્યો અને કમાણી કરતા શીખ્યો તો મનુષ્યપણુંસફળ છે. કમાણી કરતાં ન શીખ્યો તો જાનવરપણું સારૂં છે, જ્યાં અકામનિર્જરાથી દેવલોકે જવાય છે.

**સારો માલ પણ વેચાય બજારે, જંગલમાં ન વેચાય.**

માલ સારો પણ એ વસ્તુ વેચાય બજારે. જંગલમાં માલ વેચવા બેસે તો, બજાર ઘરાક ન હોય તો તે માલ ગળે જ પડે. મનુષ્યપણું, ઉત્તમકાળ મળી ગયો,જીવ ઉંચી સ્થિતિએ આવ્યો, ત્રણે મળ્યાં છતાં અનાર્યક્ષેત્ર મળ્યું તો ? વાણીયાના કોઈક પાસે લેણા રૂપીઆ હતા તે વખતે ઘાડ પડે છે. તે વખતે લે તારા રૂપીયા, રોકડા ગણી દે છે. તેથી લેણું જાય તે વખતે ઉઘરાણી પતે પણ પૈસા જાય ને ધોકા ખવડાવે. અનાર્યક્ષેત્રમાં મનુષ્યપણું એળે જાય અને દુર્ગતિ મેળવાવે. જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ કરાવનાર યાવત્ પરાકાષ્ટાએ પહોંચાડે તેથી આર્યક્ષેત્ર.

**હિંદુ શબ્દની વ્યાકરણકારે કરેલી વ્યાખ્યા.**

હિંદુ શાને અંગે કહેવાઈએ છીએ તે કોઈને ખબર નથી. આર્ય શાથી કહેવાઈએ છીએ ?હિંદુ શાથી કહેવાય છે. કેટલાકો સિન્ધુની આ બાજુ રહેનારા તે હિન્દુ, આમ અર્થ કરાવનારને પૂછવું કે ચીનને સિન્ધુ આડી નથી આવી તો ચીનાઓ હિન્દુ કહેવાય ને ? હિંદુસ્તાન સિવાય પુનર્જન્મ માનનારા ભવ પરંપરા માનનારા નથી. ક્રિશ્ચિયનમાં, મુસલમાનમાં ન્યાયને દિવસે કબરમાંથી ઉભા કરશે. જૈનમાં મુસલમાન થયા હોય તેને કબર, ઘોર લાગે. ત્યાં ઘોરમાંથી અલ્લા બધા જીવોને ઉભા કરી ક્યામત-ન્યાયને દિવસે ન્યાય કરશે. સારા કામ કરનારને બેહસ્ત(દેવલોક) માં મોકલશે. ખરાબ કામ કરનારને દોઝખ (નરકમાં) મોકલશે. પછી ત્યાંથી ક્યારે નીકળશે ? તે પ્રશ્ન કરો તો

ચીડાય. કારણ ત્યાંથી પછી નીકળવાનું માનતા નથી. હિન્દુ દર્શન સિવાય બીજા દર્શનોમાં પછી જન્મ પુનર્જન્મ એમ જન્મની પરંપરા માનેલા નથી. હિન્દુમાં શૈવ, વૈષ્ણવ, જૈન હશે, કોઈપણ હિન્દુ મતવાળો આત્મા પુનર્જન્મ માનનારો છે. બૌદ્ધો નવા જન્મોને માનનારા છે. જૈન ભવચક્રને માનનારા એથી હિન્દુઓએ આત્મા હિન્દુ માન્યો. हिन्डते भवाद् भवान्तरं इति हिन्दु એક ભવથી બીજે ભવે, બીજે થી ત્રીજે એમ આત્મા હિંડવાવાળો ભટકવાવાળો માન્યો. તેમ માનનારા બધા હિન્દુ. હિન્દુ એટલે શું એ ખ્યાલ કોઈને ન હશે. આ જ કારણથી બીજા લોકોને મુસલમાનોને પોતાને ત્યાં હિન્દુ એટલે કાફર લખવું પડે છે. હિન્દુ શબ્દ તેમના શાસ્ત્રથી મતથી વિરુદ્ધ છે. પુનર્જન્મ માનવો પડે તેથી કાફરપણું કહેવું પડે.

**આર્યોની વ્યાખ્યા.**

તેવી રીતે આર્યપણું. કોઈને અનાર્ય કહીયે તો દુઃખ લાગે. પણ આર્ય થવાવાળાએ આર્યપણું સમજવાની જરૂર છે કે નહિ? આર્ય કોનું નામ? आरात् दुरात् અગમ્યગમન, અભક્ષ્યભક્ષણ, અપેયપાન, એવા છોડવા લાયક ધર્મો તે ધર્મોથી જેઓ દૂર રહ્યા છે તેવા અનાચારથી દૂર રહે, તેને અડે નહિં, તેવા મનુષ્યો તે આર્ય. આવશ્યક ચૂર્ણીકારે નક્કી કર્યું કે કુલકરોની રીતિ, મર્યાદા, ક્યાં પ્રવર્તે? ૨૫ $\frac{૧}{૨}$ આર્યદેશોમાં કુલકરોની નીતિ પ્રવર્તે. પન્નવણા સૂત્ર બૃહત્કલ્પ, જીતકલ્પ, ભાષ્યકાર ચોક્ખા શબ્દોમાં કહે છે કે જિન, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવની, ૨૫ $\frac{૧}{૨}$ દેશમાં જ ઉત્પત્તિ હોય. આ સિવાય આ ચાર ઉત્તમ પુરૂષની બીજે ઉત્પત્તિ ન હોય. ભરતમાં ૩૨ હજાર દેશ તેમાં ૨૫દેશ આર્ય. એક ટીકીટ મળવી કેટલી મુશ્કેલ? ૩૨ હજાર દેશોમાં મનુષ્યની ઉત્પત્તિ થાય તેમાં ૨૫ $\frac{૧}{૨}$ માં જ તમારી ટીકીટ આવે ત્યારે તમે આર્ય કહેવાવ. તે માટે કાળ ઉત્તમ લાયક મળ્યો છતાં ક્ષેત્ર અનાર્ય મળે તો ઉત્તમકાળનો લાભ ન મળતાં તે કાળ નરકનું કારણ બને. ૨૫ $\frac{૧}{૨}$ આર્ય દેશ બહાર જાય તેને ઉત્તમતાનું કારણ ન બને. ૨૫ $\frac{૧}{૨}$ માં જ ઉપજવાવાળાને

કાળનો લાભ મળી શકે. હંમેશાં પ્રરૂપણા બહુલતાની થાય. બગલાની આંખ કાળી ચાંચ લાલ હોય છતાં બગલાને ધોળો કહીયે છીએ, ઘણો ભાગ ધોળો તેથી ધોળો કહીએ છીએ. અનાર્યમાં ઉપજવાવાળાને ઘણે ભાગે નરકની જ સાધના થાય. ગધેડાને બાવળને બદલે ચંદનના વનમાં લઈ ગયા તેથી ગધેડાને શું પરિણામ આવવાનું. બાવળીયાના હલકા લાકડાં વહેવાના હતા તે જગો પર સીસા જેવા ભારી વજનદાર ચંદનનાં લાકડાં વહેવા પડે. તેમ અનાર્યક્ષેત્રમાં જન્મ થયેલો, આવ્યો ઉત્તમ મનુષ્યગતિમાં પણ બાવળના, ચંદનના વન જેવું છે. जहा खरो चन्दन भारवाहि ગધેડો બાવળને બદલે ચંદનના વનમાં ગયો પરંતુ ભારનો ભાગી થયો, પણ ચંદનની સુગંધ કે ઉત્તમતાને અંગે તેને લાગેવળગે નહિં, તેમ શાસનને અનુસરનાર ન હોય, ચારિત્રને અનુસરનારો ન હોય તેવો જ્ઞાની ચારિત્રહીન હોવાથી ભલે પટપટારો આડંબર કરનારો થાય પણ તે બીચારો સદ્ગતિ મેળવી શકે નહિં. જ્ઞાનવાળો હોય પણ ચારિત્ર ન હોય તો સદ્ગતિનો ભાગી ન થાય. તેમ અનાર્યક્ષેત્રમાં ઉપજેલા મનુષ્યપણામાં જેમ ભાર વહન કરવાનું જ રહે. અનાર્યક્ષેત્રમાં દેવાદિની જોગવાઈ ન મળે તેથી દુર્ગતિ સાધવાનું થાય. ત્યારે જ આર્યક્ષેત્રમાં જન્મ પામ્યાની મહત્તા રહેશે. તેમ ક્ષેત્ર રાજગૃહી નગરી કેમ પકડી? તેનું કારણ માલમ પડશે.

**ભવ્યને જ માત્ર પ્રતિબોધ કરનાર હોવાથી પક્ષપાતી કેમ નહિ ?**

આર્યક્ષેત્ર હોવાથી સમ્યગ્દર્શનાદિ મેળવી દેવામાં, મળેલા દૃઢ કરનાર, ફરજ સમજનાર એવો મહાપુરૂષ આર્યક્ષેત્રમાં હોય. બીજા ક્ષેત્રમાં તેવી ફરજવાળો મહાપુરૂષ મળી શકે નહિ, તે મહાપુરૂષ કોણ? 'लोगनाहे' ભવ્ય જીવોના નાથ. 'लोगनाहे' કેમ કહ્યું, પુરૂષ શબ્દથી જીવમાત્ર લીધા. જીવમાત્ર સમ્યક્ત્વાદિક પામવાને લાયક હોય તેમ બને નહિં. લોક શબ્દમાં ભવ્યજીવો જ લેવાના છે. તીર્થંકરો ભવ્યજીવો હોય તેના સમ્યક્ત્વાદિક સ્થિર કરી શકે છે. અભવ્યને સમ્યક્ત્વાદિક પમાડવાની તીર્થંકરની પણ તાકાત નથી. પ્રાપ્ત કરાવવું ને પ્રાપ્ત

કરેલાને સ્થિર કરવા તે ભવ્યજીવોને અંગે બને છે. તો પછી તીર્થંકરોને ભવ્ય ઉપર રાગને અભવ્ય ઉપર દ્વેષ થયોને ? એ દુઃખી તરફ દયા નહીને ? આ ભવ્યજીવ દુઃખી તરફ દયા તેનું કારણ ? ભવ્ય અભવ્ય બંને દરકાર ન કરે તો પક્ષપાતી ન ગણવા ? તીર્થંકરો સર્વ જીવો પ્રત્યે સરખા નથી, સર્વમાં સરખા હોત તો 'पुरुषनाहे' પદ કહેતે. એ તો ભવ્યને સંભાળે, અભવ્યને ન સંભાળે વાત ખરી, તેથી તીર્થંકરને પક્ષપાતી માન્યા તેમ નથી, તેમ અભવ્ય ઉપર દ્વેષ છે તેમ ન માનીશ. તો અભવ્યને રખડતા કેમ રાખ્યા ? સૂર્યનો ઉદય થાય તેમાં અંધને ન દેખાય તેમાં સૂર્યનો કે અંધનો વાંક ? સૂર્યને દેખતા ઉપર રાગને અંધ ઉપર દ્વેષ છે તેમ ન કહેવાય, સૂર્ય તો પ્રકાશ કરવાના સ્વભાવવાળો છે, જેની આંખ ખરાબ હોય તે પ્રકાશનો ઉપયોગ ન કરી શકે તેથી સૂર્યનો દોષ નથી. સૂર્યના કિરણોનો ઉપયોગ દેખતો જ કરી શકે છે. તેમ તીર્થંકરોને ભવ્ય પર રાગ અભવ્ય પર દ્વેષ નથી. અભવ્યો તીર્થંકરોના સાક્ષાત્ વચનો પણ ન માને. તે તો બીચારા ગોશાળા પેઠે ઉપદ્રવ કરે. ગોશાળાને જમાલીને ઉત્તર દેવાનો વખત હોય નહીં. ઉત્પાત કરતો આવ્યો પ્રશ્નોના ઉત્તર ન દે, ઉપદ્રવ કરવા જ તૈયાર રહે. તમારે એક જ વાત કરવી કે અમારા પ્રશ્નોના ઉત્તર દો તે સિવાય બીજી વાત ન પકડશો. તીર્થંકર મહારાજાઓએ કહેલા વચનો જિનેશ્વરો સૂત્રને અર્થથી કહે જેને પરિણમે તેની સમ્યક્ત્વાદિકની ઉત્પત્તિ, વૃદ્ધિ થાય તેથી તેમનો રાગદ્વેષ છે તેમ નથી. પણ એક વાત ચોક્કસ. સૂર્ય ચક્ષુવાળા માટે કામનો છે. વસ્તુ સ્વરૂપે કહી શકાય કે સૂર્ય ચક્ષુવાળા માટે કામનો તીર્થંકરનું વચન ભવ્યજીવ રૂપી લોકને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરાવે. રક્ષણ કરે માટે ભવ્ય જીવરૂપી લોકોના નાથ. નાથ ક્યા રૂપે ? અજવાળું કરી માર્ગ બતાવવા રૂપે નાથ. શાસ્ત્ર રૂપી દીવો પ્રગટાવનાર હોય તો ત્રિલોકનાથ તીર્થંકર દેવ, તેવા મહાવીર મહારાજા છે. હવે ભવ્ય જીવોને અંગે સૂર્ય સમાન શાથી તે અધિકાર અગ્રે.

# દેશના ૭૨
# તીર્થંકર નામકર્મનો ભોગવટો કઈ રીતે કરે ?

**लोगुत्तमे लोगनाहे लोगप्पदीवे लोगपज्जोयगरे,**

ગણધર મહારાજા શ્રી સુધર્માસ્વામીજી જંબુસ્વામીને ભગવતીસૂત્રની વાંચના દેતા હે જંબુ ! શ્રમણ ભગવાન મહાવીરસ્વામી એ કાળમાં થયા કે જે કાળમાં મોક્ષમાર્ગ સાધી શકાતો હતો. ૨૦ કોડાકોડી સાગરોપમ કાળમાં મોક્ષમાર્ગ સાધવાનો કાળ માત્ર ૨ કોડાકોડી સાગરોપમ. હવે તેમાં ૧૮ કોડાકોડી સાગરોપમનો કાળ મોક્ષને લાયક જ નહિં. મોક્ષની સાધનસામગ્રી તે વખતે મળે નહિં. કોઈ જીવ મોક્ષ પામતો હોય તો કોઈ અટકાવતું નથી. અવસર્પિણીમાં ૧ કોડાકોડ સાગરોપમનો જ કાળ તેમાં મોક્ષમાર્ગના સાધનો હોય. પ્રથમ સંઘયણ પાંચમા આરામાં ન હોય. મનની સ્થિરતા માટે, ધ્યાનની મજબૂતી માટેની સામગ્રી પાંચમા આરામાં ન મળે. બાહ્ય શરીરની સામગ્રી મળી શકતી હોય તો ધર્મપ્રવૃત્તિમય ૧ કોડાકોડ સાગરોપમમાં જ સામગ્રી મળી શકે. ભગવાન મહાવીર મહારાજા તેવા વખતમાં થયા જે વખત મોક્ષની બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારની સામગ્રી મળતી હતી. ઈષ્ટ વસ્તુ મળી શકે તે વખતે અનિષ્ટ પણ કરી દે. સદુપયોગ કરનારને આત્મકલ્યાણ કરનાર-સાધનારને તે મોક્ષફળ મેળવી આપે, તેમ દુરૂપયોગ કરનારને અનિષ્ટ-દુર્ગતિ પણ કરે. ખોરાક જીવન નભાવે, પણ એજ ખોરાક દુરુપયોગથી લઈએ તો જીવનનો નાશ પણ

થાય. અજીરણમાં ખોરાક લે તો ? જે ખોરાક સદુપયોગ કરવાથી જીવન નભાવે તેમ દુરૂપયોગથી જીવનનો નાશ પણ કરે છે. તેમ ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધીનો કાળ સદુપયોગ કરવાથી મોક્ષ, દુરૂપયોગ કરવાથી સાતમી નરકે પણ લઈ જાય. બાકીનો વખત મોક્ષ કેવળ કે સાતમી નરક માટે નથી. ભગવાન મહાવીર મહારાજા મોક્ષના લાયકના વખતમાં થયેલા હોવાથી પોતે મોક્ષ મેળવી શક્યા ને બીજાઓને મેળવાવી શક્યા. જન્માંતરોથી મોક્ષમાર્ગ મેળવાવી આપવા માટે જવાબદારી-જોખમદારી ઉપાડનારા થયા. એવા હોવાથી તેઓ તીર્થંકર થઈ શકે છે. તેટલા માટે જ આ બધા વિશેષણો જણાવ્યા યાવત્ 'લોકપ્રદીપ', ભવ્યજીવો જો કે મોક્ષ પામવાને લાયક જ છે. લાયકાત માત્રથી કાર્ય સિદ્ધિ થઈ જતી નથી. લાયકને કારણો સાધન સામગ્રી મળે તો જ કાર્યની સિદ્ધિ થાય. બીજમાં અંકુરાની લાયકાત છે. જે શેકાયું રંધાયું નથી સડેલું નથી તે બીજ અંકુર ઉત્પન્ન કરવા લાયક છે. પરંતુ કોઠારમાં તપેલીમાં પડેલું બીજ અંકુર ન કરી દે. વરસાદ, પૃથ્વી, હવા અનુકૂળ મળે તો જ બીજમાંથી અંકુર ઉત્પન્ન થાય. તેમ ભવ્ય આત્માને કાળ અને ક્ષેત્રાદિક સામગ્રીઓ મળે. ભવ્યમાં મોક્ષની લાયકાત છે તેથી જ ભવ્ય કહેવાય છે, થવાની છે સિદ્ધિ જેઓની તેનું નામ ભવ્ય. બીજનું દૃષ્ટાંત લીધું. લાયકાત માત્રથી કાર્ય સિદ્ધિ ન થાય. લાયકાત માત્રથી મોક્ષ ન મળી જાય.

**ભવ્યત્વ જીવમાં અનાદિનું સ્વભાવિક છે.**

લાયક જગો પર બીજ વાવે, લાયક સામગ્રી મળે તો જ અંકુર ઉત્પન્ન થાય. તેમ ભવ્ય જીવમાં ભવ્યત્વ નવું બનેલું નથી. બીજમાં અંકુરની લાયકાત સ્વાભાવિક છે. તેમ જીવમાં ભવ્યત્વ સ્વાભાવિક છે. તીર્થંકરો પણ જીવમાં નવું ભવ્યત્વ કરી શકતા નથી. ખેડૂતમાં બીજમાં અંકુર ઉત્પન્ન કરવાની તાકત, શક્તિ ઘાલવાની તાકાત નથી. સ્વયંસિદ્ધ છે. જીવમાં મોક્ષ મેળવવાની તાકાત સ્વયંસિદ્ધ છે. કોઈકની કરેલી નથી

તેથી ભવ્યત્વ જીવ સાથે અનાદિનું છે. અજીવને જીવ કોઈ કરી શકે નહીં. જીવપણું પારિમાણીક ભાવ હોવાથી તે તીર્થંકર પણ ફેરફાર કરી શકતા નથી. ભવ્યપણું તે પણ જીવનો અનાદિનો પારિમાણિક ભાવ છે. કોઈ પણ ભવ્યનો અભવ્ય, અભવ્યનો ભવ્ય ફેરફાર થતો નથી. બીજમાં અંકુર ઉત્પન્ન થવાથી તાકાત-શક્તિ ખેડૂત કરી શકતો નથી. પણ અંકુરાની તાકાત ફળરૂપે પરિણમવાની છે. તીર્થંકરો ભવ્યપણું ઉત્પન્ન કરતા નથી. તે અનાદિકાળનું પારિણામિક ભાવે જીવમાં રહેલું છે. તે ભવ્યપણાને તીર્થંકરો સફળ કરે છે. ક્યા દ્વારાએ ? ખેડૂત ખેતી કરવી, પાણી પાવું, રક્ષણ કરવું એ વિગેરે પ્રયત્નો કરી અંકુર ઉત્પન્ન થવાની મહેનત સફળ કરે છે. તેમ તીર્થંકરોનો ખેતીનો ધંધો છે. પહેલ વહેલા જમીનની માટી હળથી ઉખેડી ખેડ કરવી પડે. ખેડ કર્યા વગર બીજો ઉદ્યમ કરે તો કામ ન લાગે, કર્મ વળગી રહ્યા છે. કર્મના થરોને પ્રથમ ભેદો, કર્મના પોપડા ભેદવા માટે તેમનો પહેલો પ્રયત્ન. જ્યારે કર્મના પોપડા ભેદે-ઉખેડે ત્યારે ગુણરૂપી બીજ વવાય. જ્યારે અકામનિર્જરાએ ૬૯ કોડકોડની કર્મસ્થિતિ તોડી નાખે તેમાં જે સમ્યક્ત્વ બીજ વવાય તે ફળી ભૂત થાય. બીજા ભવ્ય જીવોને સાધન સામગ્રી તીર્થંકર મેળવી આપે. તીર્થંકરને કોણ સાધન સામગ્રી મેળવી આપે. જૈનો અનાદિનું જગત માનવાવાળા હોવાથી જૈનોને અડચણ નથી. મહાવીર ભગવાનને અનાદિકાળથી ધર્મ પ્રવૃત્તિ રહેલો હોવાથી મહાવીર ભગવાનને નયસારના ભવમાં જંગલમાં ભૂલા પડેલા મુનિથી મોક્ષ માર્ગ મળ્યો તે સ્વયંસંબુદ્ધ કેવી રીતે ? તીર્થંકરના ભવની અપેક્ષાએ. પહેલા સમ્યક્ત્વ પામ્યા તે નયસારના ભવમાં સાધુથી પ્રતિબોધ પામ્યા. તીર્થંકરના જીવો બધા જીવોમાં ઉત્તમ સિંહ સમાન, શ્રેષ્ઠ કમળ સમાન, ગંધહસ્તી સમાન, ભવ્ય જીવોમાં પણ તેમનું ઉત્તમપણું તે જણાવવા માટે કહ્યું કે 'લોગુત્તમે' ભવ્ય જીવોમાં ઉત્તમ. ૩૪ અતિશય ધારણ કરનાર હોય તો તીર્થંકરો જ છે. સામાન્ય કેટલાક આડંબર અંબડ જેવા વૈક્રિયલબ્ધિથી

કરી લે, પણ જે જન્મજન્ય કર્મક્ષયજન્ય અતિશયો તે બીજાથી થઈ શકે નહિં. કર્મક્ષયના ૧૧, જન્મના ચાર એમ ૧૫ અતિશયો કેવળ તીર્થંકરને જ હોય. વૈક્રિય લબ્ધિવાળા ૧૫ અતિશયો ન કરી શકે.

**વગર કંટાળ્યે ધર્મદેશના તે જ તીર્થંકરપણાનું ફળ.**

૩૪ અતિશયો સાહ્યબી માટે કે બીજાને માટે છે? ચક્રવર્તીને ૩૨ હજાર તાબેદાર. ૧૨ વર્ષ સુધી ચક્રવર્તીનો અભિષેક ચાલે તો ચક્રવર્તીની મહત્તા માટે જ. તેમ આ તીર્થંકરના અતિશયો ૩૪ તે માત્ર તીર્થંકરોની મહત્તા માટે કે બીજું કંઈ કારણ છે? ૩૪ અતિશયો તો ઘાસપુસ. અનાજ વાવીએ, ધાન્ય થાય, વચમાં ઘાસ પણ થાય, તેમ ૩૪ અતિશયો તો ઘાસ જેવા. જગતના ઉદ્ધારમાં જ્યાં ગુરુને સવાલ કર્યો કે વીસસ્થાનક આરાધ્યું, ભગવાનનું બહુમાન કર્યું. તીર્થંકર નામગોત્ર બાંધ્યું પણ ભોગવવાનું શી રીતે? ક્રોધ, મોહનીય કર્મ બાંધ્યું એટલે ક્રોધ થવાનો. દરેક કર્મ ભોગવાય છે. કઈ રીતિએ ભોગવાય, તેમ તીર્થંકર નામકર્મ ભોગવાય શી રીતે? એ તીર્થંકર નામકર્મ મુખ્યતાએ એક જ પ્રકારે ભોગવાય. અગ્લાનીએ ધર્મદેશના દેવાથી. પજુસણમાં ૨૦૦૦ મનુષ્ય પાસે પાંચ દિવસના કામમાં પાંચ કલાક કલ્પસૂત્ર વાંચવું પડે ત્યારે કેમ થાય છે! તો તીર્થંકર ભગવાનનો રોજ સાત કલાક દેશના. પહેલી પોરસીએ છેલ્લી પોરસીએ તીર્થંકર ભગવાનની દેશના. દિવસ વધે તો ૩ાા કલાક સુધી રોજ બે વાર દેશના દેવી.યોજનગામિની એક યોજન સુધી સંભળાય એવી દેશના દેવી. શાના લીધે? તીર્થંકર નામકર્મના ઉદયને લીધે. આમ રોજ છ-સાત કલાક યોજનગામિની વાણીથી દેશના દેવી તે તીર્થંકરનામકર્મનો ઉદય. આ દેશનાકાર્યને મુખ્ય કર્યું ત્યારે કેટલાક એક વાક્ય પકડતા હોય. તીર્થંકર નામકર્મથી ત્રણ ભુવનને પૂજ્ય થાય તે કેવળીને કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરનામકર્મનો ઉદય ગણ્યો. અગ્લાનીએ ધર્મદેશના તે જ તીર્થંકર નામકર્મનું ફળ.

**સમવસરણ કોણ ક્યાં કરે ?**

નવો ઉપજેલો દેવતા ઘણે ભાગે સમોસરણ કરે. જે ક્ષેત્રમાં એકે વખત સમોસરણ ન થયું હોય ત્યાં સમવસરણ થાય. પહેલા ને ચોથા પહોરમાં હંમેશા દેશના દે. અગ્લાનીએ અપ્રમત્તપણે જે ભવ્ય જીવોને યોજનગામિની વાણીએ દેશના દેવી તે તીર્થંકરપણાનું ફળ આમ ભોગવાય. ચોમાસામાં ઘણેભાગે સમોસરણ ન હોય પણ નિયમ નહીં. નિર્વાણ વખતે સમોસરણ છે. હોય પણ ખરૂં, દેશના તો હોય. તીર્થંકરનામકર્મ બાંધ્યું તેનું ફળ અગ્લાનીએ ધર્મદેશના. બાકી ત્રણ ભુવનને પૂજ્ય તે મુખ્યફળ નથી. અતિશયની અપેક્ષાએ તીર્થંકરનામકર્મ ન બંધાય. વીસસ્થાનકની તપસ્યા એ અપેક્ષાએ કરે કે મને આ અતિશયો થાય, તો તીર્થંકરપણું ન મળે, પરંતુ એ ધારે કે જગતના ઉદ્ધાર માટે તીર્થંકર થઉં તો તીર્થંકરપણું મળે પણ ખરૂં. જેને જગતના ઉદ્ધારની ધારણા ન હોય ને અતિશયો મળે તેને તીર્થંકરનામકર્મ ન બંધાય. તીર્થંકરની મહત્તા ધર્મદેશનામાં છે. બંધાય તો અતિશયો જરૂર મળે. અતિશયની ભાવનાથી તીર્થંકરનામકર્મ ન બંધાય. ૩૪ અતિશયોથી ભવ્ય જીવોમાં ઉત્તમ ગણાવ્યા. ઉત્તમ ખરા પણ તીર્થંકરનામકર્મની અપેક્ષાએ ૩૪ અતિશયો ફાસફુસ. ભલે ખેતીમાં ઘાસ ઉગ્યું પણ અનાજના હિસાબે ફાસફુસ. ઘાસ પાકે, અનાજ ન પાકે તો દુકાળ કહેવાય. ત્યારે ફળ કયું ? મોક્ષમાર્ગનું શાસન સ્થાપન એ ફળ.


**પ્રથમ દેશના નિષ્ફળ કેમ ગણી ?**

ભગવાન મહાવીરની પ્રથમ દેશના નિષ્ફળ કેમ ગણી? મહાવીરની પહેલી દેશનામાં ૩૪ અતિશય હતા. શાસન સ્થાપના રૂપી ફળ ન આવ્યું તેથી દેશના નિષ્ફળ ગણી. પ્રથમ દેશનામાં સમ્યક્ત્વ તો કેઈ દેવતા પામેલા. કહેવાનો સવાલ એ છે કે સમ્યક્ત્વાદિ ત્રણ મોક્ષમાર્ગ છે, તો સંખ્યાત જીવો સમકિત પામ્યા હતા. પ્રથમ દેશનામાં તો સમ્યક્ત્વને જ્ઞાન આવી ગયા તો દેશના નિષ્ફળ કેમ કહી? તેટલા જ

માટે. તીર્થંકર નામકર્મ એ સમ્યક્ત્વ જ્ઞાનને અંગે સફળ નથી. તે નામકર્મથી સર્વવિરતિ પામે ગણધર થાય, તીર્થ સ્થપાય તેને અંગે સફળ છે. કસ્તુરીનો વેપાર કરતાં સુગંધ આવી, શરદી ઉડી ગઈ પણ બે પૈસા કમાયા ન હોઈએ તો વેપાર ન ગણાય. સમ્યક્ત્વ-જ્ઞાન માટે દેશના નથી. મોક્ષમાર્ગ સ્થાપવા માટે. ગણધર થવા જ જોઈએ. તે ન થયા તેથી દેશના નિષ્ફળ ગણી, તેથી આખી સભાને અભાવિત ગણી. મૂળ વાતમાં આવો. નમુત્થુણં રાત દિવસ બોલીએ છીએ. શું શું તેમાં વિચારવાનું છે તે ન સમજીએ તો? નિત્યક્રિયામાં ઉપયોગી ચૈત્યવંદનના અર્થ ન સમજીએ તો બીજુ શું સમજશો. જવારનું રાડું બીજે નહોય. તેમ આ ૩૪ અતિશયો એ તીર્થંકર નામકર્મની અપેક્ષાએ ફાસફુસ પણ બીજા ભવ્ય જીવમાં તે ન હોય. તીર્થંકરના ૩૪ અતિશય હોય. 'લોગુત્તમે', કહ્યા છતાં 'લોકનાહે'પદ કહ્યું. ભવ્ય જીવોમાં સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરાવવા તેને સ્થિર કરવા ગુણોનું રક્ષણ કરવું તે તીર્થંકરનું કામ. દીવો થાય ને થાંભલો દેખાય તેમાં દિવાની સત્તા ચાલતી નથી. સાધન પુરૂ પાડનાર કોણ? દીવો એટલે દેખવા માટે અજવાળાનું સાધન પુરૂ પાડનાર, થાંભલો દેખાડનાર દીવો, તેમ તીર્થંકર ભગવાન સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરાવે, સ્થિર કરાવે તે સત્તાથી નહીં પણ માત્ર ઉદ્યોત કરીને, તેથી 'લોગપદીપે' બધા ભવ્ય જીવોને માર્ગ દેખાડવા માટે દીવા સમાન. દીવો આબાળગોપાળ પ્રસિદ્ધ છે. ક્ષયોપશમ ભાવ હોય ત્યાં દીવાની ઘટના સારી બેસી શકે. દીવેટ દીવેલ હોય ત્યાં સુધી ચાલે. હવા અનૂકૂળ રહે ત્યાં સુધી દીવો, દીવેટ, દીવેલ ગયા, હવા પ્રતિકુળ થઈ, પછી દીવો નહિં. તેમ ક્ષયોપશમ ભાવે થતું નથી, સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર તે આત્મસ્વરુપે નથી. દીવો સ્વરુપે નથી. દીવેટાદિના પ્રતાપે. તીર્થંકર દીપક સમાન. દ્રવ્યશ્રુતની અપેક્ષાએ કેવળજ્ઞાનથી જે વાણી પ્રકાશે શરીર આયુષ્ય ન હોય તો વાણી ન રહે. જ્યાં સુધી ભવમાં હોય ત્યાં સુધી ભવ્યજીવોને સમ્યક્ત્વાદિ પમાડી શકે. પરંતુ જ્યાં અઘાતીકર્મનો

નાશ કરી મોક્ષે જાય પછી કંઈ નહીં ને ? એકલા દીપકસમાન છે તેમ નથી.

'લોગપજ્જોઅગરે' લોકને વિશે સૂર્ય સમાન. સૂર્ય દિવેટ દીવેલ તેલ વાયરાના આધરે નથી. આપ સ્વરૂપ તેજ સૂર્યમાં સ્વાભાવિક તેજ છે, તેમ ત્રિલોકનાથ દેવમાં આખા જગતને લોકાલોકને પ્રકાશનાર આલોક પ્રકાશ માટે રહેલો છે. લોકને વિશે પ્રદ્યોતકર. જે સૂર્ય અજવાળું કરે તે ક્યાં ? માત્ર તીર્ચ્છાલોકમાં અધોલોકમાં સૂર્યનું અજવાળું નથી. તેમજ દેવલોકમાં સૂર્ય કરતાં સ્વતંત્ર વિમાનનું અજવાળું જબરજસ્ત છે. આપણને સૂર્ય મોટી ચીજ, વૈમાનિક વિમાનોના પ્રકાશ વિચારીએ તો સૂર્ય કંઈ વિસાતમાં નથી. સૂર્યના પ્રકાશની મર્યાદા કેટલી? સૂર્ય એ તીર્ચ્છાલોકમાં ખરેખર પ્રકાશક અઢીદ્વીપમાં, અઢીદ્વીપ બહાર મંદ પ્રકાશવાળાં સૂર્યો છે. અધો ઉર્ધ્વલોકમાં સૂર્યનો સંબંધ નથી. તેવું તીર્થંકરમાં નથી. તે માટે લોક-દીનકર ન કહેતાં 'લોકપજ્જોઅગરે' ભવ્ય જીવોના આત્મા જ્યાં જ્યાં હોય ત્યાં અંધારાનો નાશ કરી પ્રદ્યોત કરનાર તીર્થંકર ભગવાન છે. દેવલોકમાં ગયેલા આત્મા પણ કલ્યાણકના મહોત્સવથી તેમના ગુણાતિશયોથી સમ્યક્ત્વવાળા જીવોમાં તેમના ગુણોનું વર્ણન ચાલે છે. ભવ્યજીવોને અંગે પ્રદ્યોત કરનાર સ્વાભાવિક પોતે જ અજવાળામય રહે ને બીજાને અજવાળું કરે. આવા તીર્થંકર મહારાજા હોવાથી તેમને લોકપ્રદ્યોત કરનાર ગણીએ છીએ. અજવાળું કરનારનું ધ્યેય ક્યાં તે અધિકાર અગ્રે-



# દેશના ૭૩
# સાપ કરતાં પણ પાપો ભયંકર ક્યારે લાગે ?

**શાસ્ત્ર અને શસ્ત્રમાં માત્ર ‘ આ’ કારના ફરક છે.**

ભગવાન સુધર્માસ્વામી જંબુસ્વામીને ભગવતી સૂત્રની વાંચના આપતાં જણાવે છે, કે ગૌતમસ્વામીને ક્યા વખતમાં ભગવતીજી આપ્યું ? મોક્ષમાર્ગ પ્રવર્તતો હતો તેવા વખતમાં આપ્યું. જે વખતે મોક્ષ સાધવાનો કાળ ન હતો તે વખતે કદાચ ભગવતીસૂત્ર અર્પણ કર્યું હોત તો શું થાય ? વિષય કષાયની પરિણતિમાં શાસ્ત્ર સાધન બની જાય. આજકાલ કુંવરજીભાઈને લોભ લાગ્યો હોય તે વખતે જો સીધી વાત પરિણમે તો ત્યાગ પરિણતિ આવે, તો ઉત્તર સીધો આપે પણ શાસ્ત્ર અને શસ્ત્રમાં લાંબો ફેર નથી. માત્ર ‘આ’ કારનો ફેર છે. શાસ્ત્ર અને શસ્ત્ર આકાર ખસી ગયો તો શસ્ત્ર. અરે મહારાજ! હું તો બે-ચાર ખેતરની વાત કરૂં છું. આણંદ શ્રાવકને ૫૦૦ હળથી ખેડાય તેટલા ખેતરો હતા. તે વાત શાસ્ત્રમાં કહેલી છે. પરંતુ ફલાણો બાપને બાળી આવ્યો વાત સાચી. બાપ મરી ગયો હોય, મસાણે જઈ બાળી આવ્યો તો બાપને બાળવું તે સજ્જનનું કામ ખરૂં ને ? જીવ ગયો હોય ત્યારે બાળી આવ્યો, પણ જીવતા બાપને બાળવાનો ન હોય. મરી ગયેલા બાપનું મડદું ન રખડાવે, તેને બાળે તે સજ્જન. જીવતા બાપને બાળે તો દુર્જન ગણાય. જીવતા બાપની ભક્તિ કરે તે સજ્જન. આણંદશ્રાવક પાસે તેટલી જમીન હતી, તે ધર્મ પામ્યા પછી ભેળી કરી નથી. ૫૦૦ હળે ખેડાય તેટલી જમીનવાળો આણંદશ્રાવક બન્યો પછી એક પણ ખેતર વધારવું નહીં તેવો નિયમ છે. ૫૦૦ થી જમીન વધવા ન દેવી તેવો

નિયમ છે. તેને વધારવામાં અધર્મ છે તો મોક્ષમાર્ગે ચડેલા જીવને શાસ્ત્ર શાસ્ત્રરૂપે પરિણમે. માર્ગે ન ચડેલો હોય તો તે જ શાસ્ત્ર શસ્ત્રરૂપે પરિણમે.

**સમ્યકૃત્વ પામ્યા પછી ૧૮ પાપસ્થાનકો સાપ જેવા ભયંકર લાગે.**

શ્રાવક ધર્મની વાત ચાલતાં જ્યાં આપણી આંખ ઉઘડે ત્યાં પ્રથમ શું લાગવું જોઈએ. શ્રાવક ઉંઘમાંથી જાગે ત્યારે ૧૮ સાપ દેખે. તે ૧૮ સાપ દેખે ત્યારે શી દશા થાય ? તેવી રીતે સમ્યકૃત્વ પામે તે વખતે ૧૮ પાપસ્થાનકો સાપ જેવા ભયંકર લાગે. એક રૂંવાડામાં એ ન થાય કે એક સાપ ઘરમાં રહેતો ઠીક. ન કાઢી કે ન નીકળી શકે તે વાત જુદી, પણ સાપ રહે તો ઠીક, તેમ જાગેલાને ન હોય. સાપનું નાનું બચ્ચું રહે તે પણ ન ગમે. સમ્યકૃત્વ પામ્યા પછી ૧૮ પાપો સાપ જેવા લાગે. એક પણ પાપ રહ્યું ગમે નહિ.કોઈક મહાપુરૂષ પાસેથી જડીબુટ્ટી લઈ લઉં કે સાપ કરડે તો પણ ઝેર ન ચડે ને જીવ ન જાય. તેમ જિનેશ્વર શાસનમાં સમ્યકૃત્વરૂપી જડીબુટ્ટી પકડી. જે બુટ્ટીથી સાપ કરડે તો પણ ઝેર ચડે નહિ. બટકું ભરે તેની વેદના થાય પણ ઝેર ચડીને મરવાની સ્થિતિ ન આવે. તેમ જિનેશ્વરના શાસનમાંથી બુટ્ટી પકડી, પાપસ્થાનકોને ખરાબ ગણવા. પાપસ્થાનક કરીએ તેનું ઝેર તેટલું નથી, જેટલું પાપ સ્થાનકને છોડવા લાયક ગણીએ નહિ. જિનેશ્વર ભગવાનને માનતા હોઈએ તો ૧૮ પાપસ્થાનકોનું ઝેર આપણને ન ચડે. તેની જડીબુટ્ટી આપનાર હોય તો ત્રિલોકનાથ તીર્થંકર છે. બાકીનાઓ પોતે જિનેશ્વરના શાસન સિવાયના ૧૮ પાપસ્થાનકોના ઝેરથી બેભાન થયેલા છે. તે બીજાને શી રીતે બુટ્ટી આપે ? ૧૮ પાપસ્થાનકથી બચવાની બુટ્ટી આપનારા જિનેશ્વરો તે બુટ્ટી આપણે લીધી. સમકિત તેનું નામ કે જે ૧૮ પાપસ્થાનક વોસરવા લાયક ગણે.

**પ્રથમ સાધુપણાની દેશના આપવી.**

સાધુઓએ દેશનામાં સાધુપણાની દેશના પ્રથમ દેવી. પહેલી ગૃહસ્થપણાની દેશના દે. તો સાધુને પ્રાયશ્ચિત આવે. કેટલાક સાધુપણાની અરૂચિવાળા કુર્તક કરે ને બડબડાટ કરે. હે શ્રાવકપણા

સિવાય સાધુપણું ક્યાં છે? આમ જે બહેકી જતા હતા તેમને અહીં ખુલાસો સમજાશે. સાધુપણું એટલે શું? ૧૮ પાપોને વોસરાવવા. ૧૮ પાપ સર્વથા ન વોસરાવાય તો મોટા પાપો વોસરાવો. ૧૮ પાપોને સર્વથા વોસરાવવાની જે દેશના તે સાધુપણાની દેશના. હવે વિચારો! ૧૮ને સર્વથા વોસરાવવાનું ન કહેવામાં આવે ને આટલું કરીએ એ બસ. પણ સર્વ ન કરી શકે તો. જો ૧૮ પાપસ્થાનક છોડવાની તાકાતવાળો હોય તો બધા છોડે. તેટલી તાકાતવાળો ન હોય તો પછી આટલા છોડ એમ કહે. ભાગતા ચોરની લંગોટી, ભાગતા ચોર પાસેથી જે મળે તે ખરૂં. શાસ્ત્રકારે તે જ દૃષ્ટાંત દીધું છે.

**શેઠના છ ગુનેગાર પુત્રોને શિક્ષા.**

એક શેઠને છ પુત્રો હતા. રાજાએ પડહ વગડાવ્યો. કાલે સ્ત્રીઓને નગરઆધીન કરવાનું છે. માટે કોઈપણ આદમીએ શહેરમાં ન રહેવું. જેમ પડદાનો રિવાજ હતો તેમ આવા પણ રિવાજ હતા. કેટલાક દિવસો એવા હતા કે એકલી સ્ત્રીઓ જ ગામમાં ફરે. અંદર ચોકીદાર પણ ન રહે. રાજાએ ઢંઢેરો પીટાવ્યો. પ્રધાનની બધી સ્ત્રીઓ ગામમાં ફરે છે. શેઠ નીકળી ગયો. શેઠના છોકરા હિસાબ કરવા રહ્યા તેટલામાં ટાઈમ થઈ ગયો. ગામના દરવાજા બંધ થયા. હવે શું થાય? ઘરના ભોંયરામાં ભરાઈ ગયા, છતાં પણ ' સારામાં પડોશી કામ લાગે છે, નરસામાં પણ પડોશીઓ કામ લાગે છે,' તેમ ભલું ભુંડું કરનાર પણ પડોશી હોય છે. નાતના પડોશીઓ ભેળા થયા. શેઠના છએ છોકરામાંથી એકે બહાર નથી. પડોશીઓએ રાજાને ખબર પહોંચાડ્યા. રાજાએ બીજે દહાડે જ્યારે બાઈઓ પોતપોતાને ઠેકાણે ચાલી ગઈ એટલે ભોંયરામાંથી છએને બહાર કાઢ્યા. આજ્ઞાખંડન એટલે દેહાંતદંડ, તેમ પ્રાચીન રાજાઓનો નિયમ હતો. તેને ફાંસી દેવાનો હુકમ થઈ ગયો, હવે બોલાય નહીં. શેઠને માલમ પડી, હવે શું કરવું? રાજાઆજ્ઞાખંડન થઈ છે હવે શું કરવું? શેઠ પ્રધાન, નગરશેઠને મળ્યા. આજ્ઞાખંડનની બુદ્ધિથી આજ્ઞા ખંડી નથી. સર્વસ્વ આપીને પણ છોકરાને

બચાવવા તૈયાર થયો. દંડ લઈને છોડીએ તેનો અર્થ એ કે આજ્ઞાની કિંમત પૈસામાં થઈ જાય. આજ્ઞાખંડન વખતે ધનનો ઢગલો કામ ન લાગે. દંડથી નથી પતાવવું પણ પાંચને તો છોડો. છેવટે ચાર-ત્રણ બેને છોડવાનું કહ્યું. જ્યારે રાજા એકેને પણ નથી છોડતો, મારો વંશ જાય છે. મહાજન એકઠું થઈ રાજા પાસે ગયું. જેમ આજ્ઞાને અંગે દંડ લઈએ તો લાલચું ઠરીએ, તો છએ છોકરાને મારીને ધન આપણે લઈએ તો દુનિયામાં એમ નહિં કહેવાય કે ધન લેવાને માટે છએને માર્યા. આજ્ઞાખંડન માટે મારૂં તેમાં અપયશ નહીં થાય ? શેઠીયાનો એક છોકરો છોડ્યો. પાંચ માર્યા ગયા તેમાં શેઠને એકની પણ અનુમતિ હતી ? ઉપાય ન હતો તેથી પાંચને ન છોડાવી શક્યો.તેમ જિનેશ્વરનો ધ્વજ લઈ ફરનારા છએ કાયનું પાલન કરવા માટે બીડું જડપ્યું છે. પૃથ્વીકાયને કાચાપાણીને અડે તો દંડ અપાય છે. આ સામ્રાજ્યમાં છએ કાયની રક્ષણની ફરજ. કોઈપણ કાયની વિરાધના સાધુ કે શ્રાવક કરે તો પણ દંડ. વિરાધના કરવાનું ફરમાન ન થાય. હવે મૂળ વિષયમાં આવીએ.

**શ્રાવકપણાની પ્રવૃત્તિ અને પરિણતિ**

છએ કાયના રક્ષણનો મૂળ મુદ્દો છએ કાયની રક્ષણની આજ્ઞા જયણા મારાથી નહિં પળાય, ત્યારે સાધુ કહે કે મહાનુભાવ ! તો પછી ત્રસકાયની વિરાધનાનો ત્યાગ કર. છએ કાયની વિરાધનાને ન છોડી શકે ત્યારે ત્રસકાયની વિરાધના છોડાવે છે. સ્થાવરની ન છોડે તો ત્રસની તો છોડાવે. સમ્યક્ત્વ થાય ત્યારે ૧૮ પાપસ્થાનક છોડવા લાયક છે તે બુદ્ધિ તો થવી જ જોઈએ. ગામાન્તર જઈએ ત્યારે માઈલના પત્થર હોય તેમ આ મોક્ષે જવા માટે ખીંટા છે. ચાર ખીંટા ક્યા ? પહેલો ખીંટો (માઈલ સૂચક પત્થરો) ૧૮ પાપસ્થાનકને સર્વથા વોસરાવવા લાયક ગણો. જ્યારે એ ખીંટો આવે ત્યારે સમજજો કે અમે મોક્ષની સડકે ચઢ્યા. આ પરિણતિ ત્રિવિધ ત્રિવિધ યોગે ન થાય તો મોક્ષ માર્ગની સડકે નથી ચઢ્યા. શીહોર ગામ જવાનો રસ્તો એ પાટીયા આગળ આવ્યા ત્યારે સડક પર ચઢ્યા. ૧૮ પાપસ્થાનકને ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવા લાયક ગણે.હવે ૧૮ પાપસ્થાનક વોસરાવવા લાયક છે તે નિશ્ચય

થયો ત્યાં દુનિયાદારીના આરંભ સમારંભ નડ્યા. વાડામાં ગાય અને વાછરડું હોય તે વખતે લાય-આગ લાગે. ગાયો બંધાયેલી હોવાથી નીકળવાની મુશ્કેલી છે, સમ્યક્ત્વવાળો ૧૮ પાપસ્થાનક ખરાબ જાણી છોડવા તૈયાર થાય, પણ શરીર મા-બાપ બાયડી, ધન વિગેરેની મમતા નડે છે. હવે શું કરવું ? બીજો ખીંટો મોક્ષ માર્ગે જતાં મારા નિર્વાહ પૂરતા, મારા જરૂરી કાર્યો સિવાય મારે બીનજરૂરી પાપ કરવું નહીં, આનું નામ શ્રાવકપણું. જીવનનિર્વાહ કુટુંબનિર્વાહને અંગે કરવું પડે તે સિવાય મારે પાપ ન કરવું. મારો નિર્વાહ પણ વધારે વિરાધના થાય તેવું શ્રાવકાનુચિત પાપ ન કરવું. મારા નિર્વાહ પૂરતાં પાપો કરવા પડે તેમાં એવા પાપો તો ન જ કરૂં જેમાં ભયંકર પાપ એવા ૧૫ કર્માદાનના વેપારનો ત્યાગ કરૂં તેનું નામ શ્રાવકપણું. ઉંડું તત્વ આજ પછી ૧૨ વ્રતો લો કે ઓછાવતા લો આ દશા આવી કે મારા નિભાવ સિવાયના પાપો બધા ત્યાગ તે બીજા ખીંટો.

**પાપના પોટલા બંધાવનાર કુટુંબનો ત્યાગ**

ત્રીજે ખીંટે જાય ત્યાં એ વિચાર આવે કે મારા અને કુટુંબના નિભાવને વહાલો ગણું ને છકાયના જીવોની કિંમત નથી તેમ નહિં. તે છકાયના જીવો કરતા મારા નિભાવને કિમંતી ન ગણું. મારો સંસાર નિર્વાહ ચાલે કે ન ચાલે નિભાવ થાય કે ન થાય, પણ મારે એક પણ જીવ ન મારવો, એક પણ પાપ ન કરવું, પાપ ન કરવા માટે કુટુંબ દુનિયા ત્યાગ કરવો. એ કુટુંબીઓ મને પાપમાં જોડે ક્યારે? હું સંસારમાં રહું તો મને પાપમાં જોડે. પાપનાં પોટલાં બંધાવનાર કુટુંબ તેનો ત્યાગ કરે. ૧૮ પાપસ્થાનક ન જ કરવા. નિર્વાહની વાત દૂર રહી પણ જીવનની પણ દરકાર નહીં, પાપસ્થાનકથી ડરવું તેનું નામ સાધુપણું. ૧૮ પાપસ્થાનકોનો પ્રસંગ ન આવે માટે કોઈપણ વળગાડ ન જોઈએ. શરીર છૂટવું હોય તો ભલે છૂટી જાય પણ ૧૮ પાપસ્થાનક કરવાનો પ્રસંગ ન આવે તેવું જ મારે કરવું.

**ધર્મસ્વરૂપ કહેતા ઝાડ અને ભમરા સુધી કેમ ગયા ?**

'धम्मो मंगलमुक्किट्ठं०' આ ગાથા કહી પછી એકદમ ક્યાં

ઉપડયા जहा दुम्मस्स पुप्फेसु० બીજું કાંઈ નહિં, શી શરૂઆત કરી? ઝાડમાંથી ભમરાઓ ફુલના રસ લે છે તેમ સાધુઓએ ગોચરી લેવી. નહીં સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ, સંજમ, અહિંસા કેમ કરવા તે કંઈ નહીં ને સીધા શય્યંભવસૂરીજી ગોચરીમાં કેમ પેઠા? હવે આમ કહ્યું તેમાં ઉતરશે તેને માલમ પડશે કે ૧૮ પાપસ્થાનકોના પાપ વોસરાવે, તે પોતા માટે પાપસ્થાન કરવાનો વખત આવે તો પણ તે પાપો શરીરની પરવા વગર તે પાપસ્થાનકો છોડી દે. માત્ર જીવનનિર્વાહમાં આ નિયમ કે પાપસ્થાનકના પ્રસંગથી મારે જીવનનિર્વાહ કરવાનો નથી. જેમ ભમરો કરે છે તેમ મારે કરવાનું. જગતના ભમરા માટે બગીચા ઝાડો વવાયા નથી. ભમરા માટે વરસાદ વસ્યો નથી. ભમરા માટે કંઈપણ થયું નથી. દુનિયાએ પોતાના સ્વાર્થ માટે ઝાડો, બગીચાઓ કર્યા, ફુલો થયા છે. ભમરા કેમ પકડ્યા?ભીખારી ન પકડ્યા. ભીખારીઓ ટુકડો ટુકડો લઈ નિભાવ કરે છે, તેમ સાધુ અજ્ઞાત કુળની ગોચરી લે છે, હજુ ભીખારીને દેવાનો રસોઈ કરનારનો ઉદ્દેષ હોય છે. 'स्वपरार्थंतु ते यत्नम्' સદ્ગૃહસ્થઓ રસોઈ કરે તે માત્ર પોતાના પેટ ભરવા માટે નહિં પણ પોતાને ત્યાં આવનાર અભ્યાગતો તે માટે ધારીને જ રસોઈ કરે છે. ભિક્ષુકપણું તો લગીર પણ કલ્પનાવાળું થાય છે, પણ ભમરા માટે કોઈ કલ્પના કરતું નથી. ભિક્ષુકનું દૃષ્ટાંત ન લેતા ભમરાનું દૃષ્ટાંત દીધું. બગીચો બનાવતા ઝાડ વાવતા, વરસાદ પડતાં ભમરાની કલ્પના નથી. અને ભમરો પોતાનું પોષણ તેમાંથી કરે છે. તેમ સાધુને અંગે જીવન પાપસ્થાનકમાં ભળે તેવું નિભાવવું નથી. ભમરો જેમ ફુલમાંથી રસ પીએ. ચોરને માટે કોઈએ રિદ્ધિ પેદા નથી કરી, છતાં ચોર ચોરી જાય તો વાંધો નહીં ને? ચોર માટે કોઈએ ધન પેદા નથી કર્યું અને ચોર લઈ જાય તો વાંધો નહિંને? ચોર લઈ જાય ત્યારે ધણીને ધ્રાસ્કો કેવો પડે છે? ભમરો રસ લે છે રસ લેતી વખતે ફુલને કીલામણા પણ ન થાય. સાધુ ગોચરી લે તો પણ ગૃહસ્થને કીલામણા ન હોય. ત્યારે સર્વવિરતિવાળા માટે શય્યંભવસૂરિને તે ભમરાની વાત કેમ લખવી પડી તે વાત ખ્યાલમાં આવશે. પાપનું સેવન ન થાય તેવું જીવન, રહેવું હોય

તો રહે, પાપવાળું જીવન પણ ત્યાગ કરે છે.

**વ્યવહારમાર્ગ ન લોપાય તેની કેવળીઓ તકેદારી રાખે.**

મહાવીર ભગવાને શું ૫૦૦ સાધુને માર્યા? શું બન્યું છે? મહાવીર ભગવાન સાથે સાધુઓ વિહાર કરતાં કરતાં તરસ્યા થયાં છે. એવામાં એક તળાવ આવ્યું. તળાવમાં કોઈક ઔષધિ યોગે પાણી બધું અચિત્ત થયું છે, કેવળી ભગવાને અચિત્ત પાણી થઈ ગયેલું જાણ્યું છે છતાં સાધુઓને તે પાણી લેવાની આજ્ઞા ન કરી. સાધુઓ અણસણ કરી કાળ કરી ગયા. પણ તે પાણી અચિત્ત હોવા છતાં પીવાની આજ્ઞા ન આપી. શિષ્યે અહીં પ્રશ્ન કર્યો કે તીર્થંકરો કેવળીઓ વર્તે કેવી રીતે? વ્યવહાર લોપવો ન જોઈએ. તીર્થંકરો તે તળાવના પાણીની છૂટ આપે તો આખું શાસન તળાવ ને નદીનો કાંઠો ન છોડે. ૫૦૦ સાધુને કાળ કરવા દીધા પાપનો પ્રસંગ થાય, તેવું સાધુપણાના જીવનમાં ન જોઈએ. તલના ગાડા જાય છે તે પણ ગમે તે કારણથી અચિત્ત થયા છે તે કેવળી ભગવંત જાણે છે. સાધુને અણસણ કરાવ્યા પણ તે ખાવાની આજ્ઞા ન આપી. આખા શાસનનું ધ્યેય હોવાથી પાપનો પ્રસંગ ન આવે તે તરફ લક્ષ્ય આપ્યું. કેવળી સરખા આટલા મજબુત રહે છે, અરે જીવન પાપસ્થાનકથી દૂર રહી જીવાય તો જીવવું નહિં તો વોસરે, આ ત્રીજો ખીંટો વ્યવહાર ન બગડે તે માટે ૫૦૦ સાધુને કાળ કરવા દીધાં તે શાસ્ત્રકારે કહ્યું છે. અહીં સંબંધ કેટલા પૂરતો? આરાધકોનું જીવન કિંમતી હતું તે કિંમતી જીવન ભગવાને જવા દીધું. જેના પરિણામ સુંદર છે તે આરાધક છે. આરાધક ન હોય તેની કિંમત નથી, ૫૦૦ આરાધકોની જીંદગી જવા દીધી પણ ચીલો-વ્યવહાર ન બગાડ્યો. આ બધું જોર વ્યવહાર પ્રવૃત્તિને માટે દીધું છે.

**શ્રાવક અને સાધુપણાના ખીંટ !**

દેશવિરતિને સર્વવિરતિ તે વ્રતના પ્રતિબંધકકર્મો પહેલા જાય છે. પરિણતિના કર્મપ્રતિબંધકો જવાને વાર છે. શુભ પરિણતિના પ્રતિબંધકકર્મ ન ગયા હોય, તો પણ પાપની અનુમોદનાથી જે કર્મ તે કરવા કરાવવાથી તેટલું પાપ નથી. અનુમોદનાનું કર્મ એ તો પ્રશંસા

કરી, વખાણી, અનુમોદન કરી બાંધ્યું. એકેન્દ્રિ હિંસાનું કર્મ ખંધક મુનિને શી દશા લાવ્યા? છતાં દેશવિરતિ વખતે કરવું, કરાવવું તો છોડો. અનુમોદનાં બંધ ન કરી શકો તો કરવું, કરાવવું તો બંધ કરો. શ્રાવકપણું શામાં? કરવું, કરાવવું બંધ કરવામાં, સામાયિકમાં ' ન કરેમિ ન કારવેમિ' અનુમોદન બંધ નથી કરતાં, તો પણ શાસ્ત્રકાર કરવું કરાવવું બંધ કરાવે તેને વ્રત-શ્રાવકપણું કહે છે. પરિણતિ ન સુધરે તો પણ પ્રવૃત્તિ તો સુધારો. બગડેલી પ્રવૃત્તિ તો રોકી દો.

ઘેર જયણા કરતા કીડી મંકોડો ઉંદરડી મરી ગઈ તો સાધુ પાસે દોડતા આવે સાહેબજી! ભૂલ થઈ ગઈ આલોયણ આપો. અજાણ્યા પ્રમાદથી મરેલી કીડી મંકોડીની આલોયણા લેનાર તે જ માણસ જો સગાસંબંધીમાં કોઈએ ખૂન કર્યું હોય તો કોથળી ભરી ખૂન કરનારને છોડવવા તૈયાર થાય છે. અજાણથી મરેલા જીવનું પ્રાયશ્ચિત લેનાર તે જ જાણી જોઈને ખૂન કરાવનારને બચાવવા જાય તો? મારે કરવું કરાવવું નહીં. અનુમોદના એકલી છૂટી રહેલી છે તેને છૂટી રાખ્યા વગર છૂટકો નથી. આવી પ્રવૃત્તિ છોડવા લાયક છે. ભલે પરિણતિ ન છૂટે. આ સિદ્ધાંત શ્રાવકપણામાં ન હતે તો શ્રાવકપણું પાળવું મુશ્કેલ પડે. ૨૨ ભગવાનની શ્રાવકની વાત અદ્ધર રાખીને પહેલા છેલ્લાં તીર્થંકરના સાધુઓને સવાર સાંજ પડિક્કમણું કરવું જોઈએ. ઋજુ જડ પહેલાના, છેલ્લા તીર્થંકરના વક્ર જડ સાધુઓ છે, તો સાંજ સવાર પ્રતિક્રમણ કરી આચાર સુધારવાનો છે. પ્રવૃત્તિ સુધારવા માટે શાસનની મુખ્ય નેમ. પડિક્કમણા કરાવીને પણ મહાવ્રતના આચારો સાચવવા અને ચલાવવા.

## વીતરાગપણાનો ચોથો ખીંટો

ચોથો ખીંટો એ કે મારૂં જીવન જાય કોઈપણ પ્રસંગમાં મારે વિરોધ વિચાર, કષાય, હાંસી, ખુશી નાખુશ થવાનું નહીં, ભય લગાડવો નહીં, અફસોસ કદી ન આવે કદી ખુશ નાખુશ ન થઉં, આત્મા પણ ન દોરાય. આવી સ્થિતિનું જે સ્થાન તે ચોથો ખીંટો. તે

વીતરાગપણાનો ખીંટો. માટે જ આપણે ચોકડી શબ્દ રાખ્યો. પહેલી અનંતાનુંબંધી કષાયની ચોકડી જાય ત્યારે જીવનનિર્વાહના પાપના ત્યાગને ત્યાગ કરવા લાયક ગણે, પછી જીવનનિર્વાહ સિવાયના પાપનો ત્યાગ કરે, પછી નિર્વાહના સાધન પણ બંધ કરે. પછી કષાય નોકષાય પણ ત્યાગ કરે. ચોથે ખીંટે પહોંચે ત્યારે મોક્ષના સીમાડે પહોંચે. આ સ્થિતિ આવે ત્યારે આપણો આત્મા માર્ગે કેટલો વધ્યો છે તે ખ્યાલમાં આવે.

શાસ્ત્રોમાં કહેલા વાક્યો 'આ' કાર કાઢી નાખે તો શસ્ત્ર થાય. શાસ્ત્રોના એ જ વાક્યો શસ્ત્રપણે પરિણમે. મોક્ષમાર્ગની સડક આરંભપરિગ્રહમાં જોડે નહિં. શાસ્ત્ર કઈ વખત કામનું? શાસન મોક્ષમાર્ગ ચાલે ત્યારે શાસ્ત્ર કામનું, માટે પ્રદીપ-પ્રદ્યોતપણું. તીર્થંકરો દ્રવ્ય ઉદ્યોતને ભાવઉદ્યોત કરનારા. તેમના કલ્યાણક વખતે ત્રણે લોકમાં અજવાળું. મોક્ષ કલ્યાણકમાં અજવાળું ને અંધારૂં બે. બીજા કલ્યાણકમાં એકલું અજવાળું. મોક્ષ વખતે ક્ષણવાર અજવાળુ પછી શાસનમાં અંધારૂં. જિનેશ્વરનો મોક્ષ આખા જગતમાં અંધારૂં કરનારા ગણીએ છીએ. દેવતાઓ હર્ષ પણ (ભક્તિ) કરે ને એકબાજુ શોક પણ કરે છે. શોક નિર્વાણ ધર્મથી કરે છે. શાસ્ત્રના પુરાવા પણ જેને ગમતા નથી. સુબોધિકા ત્રિષષ્ઠીમાં ભક્તિને શોક બંને કહે છે. મોક્ષકલ્યાણક થયા પછી જોડેને જોડે અંધારૂં થાય તેને અંગે શોક કહેલો છે, એ વાત ઠાણાંગજી વિગેરેના પાઠોથી સાબીત કરવામાં આવી છે. પણ સૂત્રને અનુસરનારાઓએ આનંદ-ઉત્સવ કરવાનો ન હોય. શાસન પ્રવૃત્તિ દ્વારા ભવ્ય પ્રદ્યોત કરનારા છે તેથી લોકપ્રદ્યોત કરનારા કહેવામાં આવ્યા. હવે પ્રદ્યોત કરનારા થઈને ફાયદો શો કરે? નિર્ભય બોધ સન્માર્ગ તેમના પ્રદ્યોત-ઉદ્યોતકરપણાનું ફળ ભવ્યો આ ત્રણ રૂપે મેળવે છે.તે કેવા જરૂરી તે અગ્રે-

# દેશના ૭૪
# લોગપજ્જોઅગરાણં પદની સાર્થક વ્યાખ્યા

**વિદ્યાસિદ્ધિ ક્યારે થાય ?**

ટીકાકાર મહારાજા શ્રી અભયદેવસૂરિજી શ્રી ભગવતીસૂત્રની વ્યાખ્યા કરતાં જણાવે છે કે મોક્ષ થતો નથી તે કાળમાં પણ મોક્ષની સાધના કરવી જરૂરી છે. દ્રવ્ય અને ભાવથી જ્યારે સાધના કરવામાં આવશે ત્યારે જ મોક્ષ થશે. મોક્ષ જે વખતે સિદ્ધ થતો હતો, મોક્ષની સાધના અત્યારે છે પણ મહાવીર મહારાજે ભગવતીસૂત્ર આપ્યું ત્યારે સાધના અને સિદ્ધિ બંનેના ટાઈમ હતા.અત્યારે તો સાધનાનો જ ટાઈમ છે. તેથી જણાવવું પડ્યું કે કાળ ને તે સમયે, જે ટાઈમે મોક્ષ સધાય ને સિદ્ધ કરી શકાય તેવે ટાઈમે ગૌતમસ્વામીને ભગવતીસૂત્ર અર્પણ કર્યું. વિદ્યા, મંત્ર, સિદ્ધિ આવી મળે છે. મંત્ર-વિદ્યા સિદ્ધિ આપનાર હોય તો મળે, પણ વિદ્યા, મંત્ર, સિદ્ધિ આપનાર સમર્થ હોય તો વિદ્યાદિક ફાયદો કરે. આપનાર અપવિત્ર હોય તો શું થાય? એકે ફળીભૂત ન થાય. મિથ્યાદૃષ્ટિઓનો સંસર્ગ વર્જવાનું કહીએ છીએ. સંસર્ગ-પરિચય પણ કરવો નહિં. દુર્જનની સાથે સોબત, બેઠક-ઉઠક એ આખી સાનને(બુદ્ધિ) બગાડ્યા વગર ન રહે. વિદ્યાદિક આપનાર પુરૂષ ઉત્તમ હોવો જોઈએ. એ વિદ્યાદિકમાં સિદ્ધિ ત્યારે જ થાય કે જો આપનાર પુરૂષ ઉત્તમ હોય. આ કર્મ જીતવાની વિદ્યા-મંત્ર કે સિદ્ધિ ગણો તે આપનારો કોણ? જો તે આપનારા અયોગ્ય હોય તો વિદ્યામાં ભલીવાર નહીં. તે

માટે ગૌતમસ્વામીએ જણાવ્યું કે આ વિદ્યા મંત્ર-સિદ્ધિ ત્રિલોકનાથે અર્પણ કરી છે, તે માટે મહાવીર મહારાજાના ગુણો અહીં જણાવે છે. ભગવતીસૂત્રરૂપી વિદ્યા-મંત્ર-સિદ્ધિ એવી જબરજસ્ત છે કે વર્ણવી ગયા એવા મહાપુરુષે મને આ ભગવતીસૂત્ર અર્પણ કર્યું છે.

જેઓ શાસનની આદિ કરનાર ગર્ભથી ત્રણ જ્ઞાનવાળા, પુરૂષમાં ગંધહસ્તી સમાન આદિ વિશેષણો જણાવી ભવ્ય જીવ રૂપી લોક 'લોગપજ્જોઅગરે' ત્યાં લોક શબ્દથી પંચઅસ્તિ કાયમય લોક લેવાથી અલોકનો વ્યવચ્છેદ થઈ જાય. સૂર્યવિકાસી, કમળ કહેવાથી સૂર્યને બીજા કમળો પર રોષ નથી, સૂર્યવિકાસી કમળ ઉપર રાગ નથી, જેથી તેને વિકસ્વર કરે છે, પણ કમળબંધુ સૂર્યને કહીએ છીએ. પદ્મિની-પદ્મિનીપ્રાણનાથ નથી કહેતા. કમળને પદ્મિની ઉપર રોષ નથી પણ પદ્મની સૂર્યથી વિકસ્વર ન થાય તેમ ત્રિલોકનાથ પાંચે અસ્તિકાય પ્રગટ કરે, પણ તેના પ્રકાશને ઝીલે કોણ? સૂર્યવિકાસી કમળ જ સૂર્યના પ્રકાશને ઝીલે. ભવ્યજીવો જ તીર્થંકરનું જ્ઞાન ઝીલે. માટે લોક એટલે ભવ્યનો સમુદાય. આપણને બધાને સૂર્ય અજવાળું કરે છે છતાં જનબંધુ-લોકબંધુ સૂર્યને નથી કહેતા- પદ્મબંધુ-કમળબંધુ કહીએ છીએ.

**ચૈત્યવંદન કરતાં નમુત્થુણંના અર્થ પર કેટલું લક્ષ્ય અપાય છે ?**

જે કમળમાં અસાધારણ વિકસ્વરપણું તે આપણામાં હજુ કેમ નથી આવતું ? અહીં લોક શબ્દથી ગણધર મહારાજા. નમુત્થુણં બધા બોલીએ છીએ. કોઈ દહાડો આ પદોનો શો અર્થ થાય છે તે વિચાર સરખો કર્યો છે ? સાથીયા કરતા જાવ ને પદો પણ સાથે બોલતા જાવ તો પરિણામ શી રીતે ચડીયાતા થાય ? તમારે ઘેર લ્હાણું દેવા આવે, ઘરના ઓટલે મૂકી જાય તો ? ઘર બંધ હોય તો, બીજો ત્રીજો આંટો ખાઈ રીતસર હાથોહાથ આપો. રીઢું ખાતું ભગવાનને ત્યાં. ભાઈભાંડું,મામા-માસા વેવાઈમાં ન ચાલે. અહીં બધું ચાલે. 'લોક શબ્દથી અહીં ગણધર લેવાય' એ ધારણા બે ટકાને પણ નહીં હોય. સૂર્ય

બધા માટે સરખો ઉદય પામે છે. આપણા માટે અજવાળું કરવા પૂરતું જ કામ કરે. પરંતુ પ્રફુલ્લિત-વિકસ્વર કરવાનું કામ કમળનું જ કરે. આપણા બારી બારણા ખુલી કેમ નથી જતા. સૂર્ય આપણને વિકસ્વર કેમ નથી કરતો ? આપણે કમળ માફક તે જ ઝીલી શકાત નથી.તેમ અહીં તીર્થંકર મહારાજા ગણધર મહારાજને એકાંતમાં કંઈ ત્રણ પદો આપતા નથી. આખા સમોસરણણાં બધી પર્ષદા વચ્ચે જ ત્રણ પદો આપે છે. માત્ર ત્રણ જ પદોથી બારે અંગ રચવા લાયકનો ક્ષયોપશમ, ૧૪ પૂર્વ રચના લાયકનો મતિશ્રુત મેળવવાનો ઉત્કૃષ્ટ ક્ષયોપશમ ગણધર મહારાજને જ થાય.સૂર્યનું તેજ જે કમળને અસર કરે તે અસર મનુષ્ય, જાનવર પંખીને ન હોય, તે અસર કમળમાં જ હોય. જેમ સૂર્ય જગતને ઉપકારી છતાં જે અસર કમળને તે અસર આપણને નહીં. તેમ ત્રિપદીના ત્રણ જ વચનો સમોસરણમાં ઘણો મોટો સમુદાય છે; પણ ત્રણ વચનની અસર ગણધરના આત્માઓને જ થાય છે. ત્રિપદી પામતાની સાથે ઉત્કૃષ્ટ મતિશ્રુતજ્ઞાન, ૧૪ પૂર્વ, ૧૨ અંગ રચવાની તાકાત તેમને થાય છે. અહીં મુખ્યતાએ લોક એટલે ગણધર મહારાજાને વિકસ્વર-પ્રફુલ્લિત કરવાવાળા, એવા મહાવીર મહારાજા. જો કે ભવ્ય જીવોને પણ પ્રમાણમાં અસર થાય છે. સૂર્યના ઉદય વખતે પાંદડાં પહોળા થાય એટલી અસર તો થાય. તેમ ભવ્યમાત્રને ફાયદો-અસર કરનાર છે.

**દિગંબરોની વિચિત્ર માન્યતા**

દિગંબરો એમ માને છે કે જેથી હસવું આવે. તીર્થંકર મહારાજ જે કહે તે સભામાંથી કોઈ સમજે નહીં ત્યારે ગણધર સમજે. તે ગણધર સમજી સભાને કહે, આમ દિગંબરો માને છે. ભગવાનના વચનને કોઈપણ સભામાં બેઠેલા સમજે જ નહિં. તેથી શું માન્યું કે કેમ ન સમજે ? તો કહે કે ભગવાનની વાણી અક્ષર વગરની હોય. અક્ષરાત્મક એ વાણી ન હોય. હારમોનીયમથી જેમ સ્વર પૂરાય, તે સ્વરમાં કેવો શબ્દ ? તેમાં જેમ શબ્દ નહીં તેમ તીર્થંકર જે દેશના દે, કહે ત્યારે દેશના,

માને ત્યારે અક્ષર નહીં, તેનું નામ દેશના શી રીતે કહેવાય કે જેમાં અક્ષર ન હોય ? તેમનું જે અક્ષર વગરનું કથન માત્ર ગણધરો જ સમજે. પછી ગણધર કહે કે તીર્થંકર મહારાજ એમ કહે છે. તેમ જૈન શાસનમાં સાક્ષાત્ ઉપદેશ ઉડાવી સંદેહવાહક ગણધરો સંદેશો જગતને આપે. અહી જૈનશાસનની એ માન્યતા નથી. બીજા મતોમાં પરમેશ્વરનાં દૂતો માન્યા છે.

આપણે ગણધર મહારાજને માટે 'પ્રદ્યોતકર' લઈએ ત્યારે 'પઈવે' એ બે શા માટે ? પ્રદ્યોતકર થઈ ગયા પછી દીવો એ પદની શી જરૂર? 'લોકપઈવે' સમસ્ત ભવ્યજીવો માટે તે તેમના ક્ષયોપશમ પ્રમાણે સમ્યગ્જ્ઞાન - દર્શન-ચારિત્ર સમજે. ભવ્ય જીવો માટે દીપક સમાન પણ ગણધર મહારાજની અપેક્ષાએ સૂર્ય સમાન. જેથી ગણધર ભગવંતો ઉત્કૃષ્ટ મતિ-શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરી શકે. માટે આ વિશેષણ જુદું મેલ્યું 'लोगपज्जोअगरे' એક વસ્તુ એકને ઉપકાર કરે તે બીજાને નુકશાન થાય. નાટકથી રાજાને ફાયદા કરવા જાય, પ્રજાને નાહકમાં નુકશાન થાય. પ્રજાને ફાયદો કરવા જાય તો રાજાને ઘેર ખાદ્ય. દુનિયામાં એકને લાભ થાય ત્યારે બીજાને નુકશાન. અહીં ગણધર મહારાજને ત્રિલોકનાથ પ્રદ્યોત કરનાર હોવાથી ગણધર મહારાજને ઉત્કૃષ્ટ મતિશ્રુતજ્ઞાન આદિ ફાયદો કરનાર. તો કોઈકને નુકશાન થાય કે ? વરસાદ વરસે તેમાં રાજ-પ્રજાને નુકશાન નથી.બંનેને ફાયદો છે. જેમ વરસાદ જેવા પદાર્થો એવા કે એકેને નુકશાન કર્યા વગર બીજાને ફાયદો કરી શકે. તેમ ગણધર મહારાજને ઉત્કૃષ્ટ મતિશ્રુતજ્ઞાન આપનાર થાય છે પણ કોઈને નુકશાન કરનાર થતા નથી. ભયને ભગાડી દેનાર. ભય કેમ ? કેવી રીતે ભગાડે છે. તે રસ્તા ક્યા તે અગ્રે-

# દેશના ૭૫
# લોકપદ્યોતકરની વિશેષ વ્યાખ્યા

'लोगप्पदीवे लोगपज्जोयगरे अभयदए'

**સૂત્ર સ્વત: પ્રમાણભૂત કેમ ?**

સૂત્ર કોનું નામ ? અતીન્દ્રિય પદાર્થો દેખનાર પુરુષે કહેલું સૂત્ર તે સ્વતઃ પ્રમાણભૂત, તેમાં બીજાની સાક્ષીની જરૂર નથી. સૂત્રકાર, ભાષ્યકાર, પૂર્વધર અતીન્દ્રિય જ્ઞાની હોવાથી તેમાં સાક્ષીની જરૂર ન ગણાય. હેમચંદ્ર મહારાજ, હરિભદ્રસૂરિ સરખાને પણ શાસ્ત્રના પુરાવા દેવા પડે છે. સૂત્રમાં આમ કહેલું છે માટે આમ કહીએ છીએ. ટીકાકાર સરખાને સૂત્રકારના પુરાવા આપવા પડે છે. આપણે તેમને માનવા તૈયાર છીએ. પણ પોતે તે વચનોથી માનવા માગતા નથી. તેઓ કહે છે કે હું આમ કહું છું. ચૂર્ણીકાર ભાષ્યકાર કે ટીકાકાર તેઓ સૂત્રોના આધાર આપીને ચાલે છે. ૧૦-૧૪ પૂર્વધરો અતીન્દ્રિય જ્ઞાનવાળા તે વગર સાક્ષીએ કહી શકે. આ ભગવતી સૂત્ર જે ગૌતમસ્વામીને અર્પણ કરવામાં આવે છે તે કહેનારા સ્વયં કહે છે કે બીજાના પુરાવાથી કહે છે? બીજાના પુરાવાથી કહેતા નથી. હવે ભગવતીસૂત્ર મહાવીર મહારાજા આત્માગમથી સ્વયં પ્રમાણથી કહે છે તે કેવી રીતે મનાય? જ્યારે તે અતીન્દ્રિયાર્થદર્શની હોય, તે જણાવવા માટે મહાવીર મહારાજાનું સ્વરૂપ જણાવ્યું કે ભગવાન આવા આવા ગુણવાળા હતા, તેથી પદાર્થો માનવા પડે છે. સજ્જડ અજવાળામાં લઈ ગયા, પછી

સૂર્યના તેજમાં લઈ ગયા. કસ્તર છે કે જીવડું તે નિર્ણય કરવામાટે સૂર્યના અજવાળામાં લઈ ગયા પછી વિશેષ નિર્ણય કરવા માટે ક્યાંય આગળ જવાનું નથી. સ્પષ્ટ અજવાળામાં જોવા લાયક વસ્તુને જોયા પછી આગળ વધવાનું સ્થાન રહેતું નથી. તેમ ભગવતીસૂત્ર અર્પણ કરનારા મહાવીર મહારાજા તીર્થંકર કેવળજ્ઞાની હોવાથી તેમના વચન નિર્ણય માટે આગળ જવાનું રહેતું નથી. સ્વયં નિર્ણયવાળું છે. આટલું પ્રમાણિક પણું હોવાથી આવી ઉંચી અવસ્થાવાળા છે.

**ગણધર ભગવંતોને ઉત્કૃષ્ટ મતિ-શ્રુત હોય.**

અરિહંતાદિક 'પુરૂષસિંહ લોગપજ્જોઅગરે' સુધી કહ્યું. જેને અંગે શાસન પ્રવર્ત્યું છે. દરેક મત કોના આધારે ચાલે ? શાસ્ત્રો-સૂત્રના આધારે દર્શનો ચાલે, શાસ્ત્ર-સૂત્ર વગર કોઈપણ દર્શન ન ચાલી શકે. તે સૂત્રો કે શાસ્ત્રો બનાવે કોણ? જેની ઉત્પત્તિ શાસન ટકાવે. શાસનસૂત્રોને ટકાવનાર છે. ગણધરોએ શાસ્ત્રો રચ્યાં ત્યારથી જ તીર્થ શરૂ થયું. પાંચમાં આરાના છેડે દશવૈકાલિક સરખા સૂત્રનો વિચ્છેદ થશે ત્યારે શાસનનો પણ વિચ્છેદ થશે, એવો આધાર સૂત્રોનો. જિનેશ્વરે કહેલા ગણધરોએ ગુંથેલા એવા સૂત્રોના આધારે શાસનની ઉત્પત્તિ પ્રવૃત્તિ ટકાવ એવા સૂત્રોની રચના કોણ કરે? કેવળ ગણધરો જ. ગણધરો સિવાય તેટલો બીજામાં ક્ષયોપશમ ન હોય. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ મતિ જ્ઞાનાવરણી શ્રુત જ્ઞાનાવરણી કર્મનો ક્ષયોપશમ હોય. ઉત્કૃષ્ટ મતિશ્રુતજ્ઞાન ગણધરોને જ હોય. ગણધર પછી અને પહેલાં ઉત્કૃષ્ટ મતિશ્રુત નથી હોતું. તીર્થકરના વચન સાંભળી ત્રિપદી ન મળી હોય ત્યાં સુધી ઉત્કૃષ્ટ મતિશ્રુતજ્ઞાન ન હોય. ઉત્કૃષ્ટ મતિશ્રુત જ્ઞાન ક્યારે થાય? જ્યારે તીર્થંકરો પાસેથી ગણધરો ત્રિપદી સાંભળે ત્યારે. એક વખત ઇંદ્રજાળીયો માયાનું મંદિર એમ અભિમાનથી કહેનાર ઈંદ્રભૂતિ તીર્થંકરો પાસેથી ત્રિપદી સાંભળે ત્યારે બાર અંગોની ગૂંથણી કરે છે. જિનેશ્વરના મુખથી ત્રિપદી પામે તેને અંગે 'લોગપઈવે' કહી સમસ્ત જીવોમાં

પ્રદીપ-દીવા સમાન.

**ગણધરો સિવાય બીજા ભવ્યો માટે દિવા સમાન શાથી ?**

ગણધર મહારાજ ઉપકારી ખરા પણ દીવા સમાન નહીં. બીજા જીવો તીર્થંકરોને આલંબને તીર્થંકરનામકર્મ મેળવી લે, પણ ગણધરો તીર્થંકરનું આલંબન લે, પૂરા ભક્તિવાળા રહે પણ તીર્થંકર નામકર્મ ન બાંધે. બીજા જીવો મેળવી લે. દીવો દીવેટને દીવારૂપ કરે, પણ હીરામોતી દીવે ધરીએ તો હીરામોતી દીવા રૂપે ન થાય. હીરામોતી પોતે કીંમતી છતાં દીવારૂપ તો ન જ થાય. દીવેટ, કાકડો, લાકડું, છાણું, ઘાસએ દીવારૂપ થાય. ગણધર સિવાયના જીવો માટે તીર્થંકર મહારાજ દીપક સમાન. જેને તીર્થંકર થવું હોય તેને આલંબનથી તીર્થંકર થવાય. ગણધર મહારાજા માટે પ્રદ્યોતકર, દીવા કરતા સૂર્ય હલકો નથી.હંમેશાં ચડીયાતો સર્વ વાતે સ્થાને, તેજે, સ્થિતિએ , બધામાં ચડીયાતો છે, પરંતુ સૂર્યની સ્થિતિ એ નથી. પોતા જેવા બીજાને કરી શકે. એ કરવાની સ્થિતિ સૂર્યમાં નથી. દીપકમાં એ શક્તિ છે. કે પોતાના જેવા બીજાને કરે. એક દીવાથી હજારો દીવા થઈ શકે. આ બે વિશેષણો તે કારણથી જુદા જુદા કહ્યાં. 'लोगप्पदीवे लोगपज्जोयगरे' એમ કહ્યું ? આ બેમાં ફરક ક્યો ? તે વિચાર કર્યો જ નહીં. લોઢું પથરો સળગાવતા નથી. આરાધના વગરના તીર્થંકરપણું ન મેળવે, પણ તીર્થંકર ભગવાન તો દીવેટ દીવેલ. બંનેનો સંજોગ પામે તો દીવારૂપે થાય. જે આરાધક ખપી જીવ આવે, તો તે દરેક તીર્થંકર પદવી મેળવી શકે છે. તીર્થંકરના દૃઢ આલંબનમાં રહે તો પણ ગણધર મહારાજનો જીવ તીર્થંકર પદવી ન મેળવે. ગણધરો એટલી બધી આરાધના કરે. ગૌતમસ્વામીને મહાવીર પ્રત્યે જે રાગ કે ૧૪૦૦૦ માં એકેને તેવો રાગ નથી, છતાં તેમને તીર્થંકરપણું નહીં, ને શ્રેણિક, સુલસા, રેવતીને તીર્થંકરપણું મેળવવાનું. આ બધા તીર્થંકર થવાના તો ગૌતમ સરખા જમણી ભૂજા જેવા તેવા તીર્થંકર કેમ નહીં?

તીર્થંકર પદ કોણ બાંધી શકે? જેને ત્રણભવ બાકી હોય તે જ તે નામકર્મ બાંધી શકે. તીર્થંકર નામકર્મનું પુણ્ય નિકાચિત કરનારો ત્રણ ભવવાળો તો હોવો જ જોઈએ. ૨૪ તીર્થંકર તેના ૧૪૫૨ ગણધરો તે બધા તે જ ભવે મોક્ષે જનારા હોય. કોઈને પણ બીજો ભવ કરવાનો હોય નહીં. ત્રણ ભવ ક્યાંથી લાવવા? એ જ વાત લક્ષમાં લેશો ત્યારે 'तइयभवो सक्कइत्ताणम्' મોક્ષ પામવાનો ત્રીજો ભવ બાકી રહે તો જ તીર્થંકર નામકર્મ નિકાચિત થઈ શકે. ગણધરો તે જ ભવે મોક્ષે જનારા હોય તેથી તેમને તીર્થંકર થવાનું રહેતું નથી. ગણધર સિવાયના જે બધા ભવ્ય જીવો તેમના માટે તીર્થંકર ભગવાન દીવા સમાન છે. હવે તો દીવેલ-દીવેટ લાવવા પૂરતી જ વાર છે. જેમ દીવો તૈયાર હોય પછી જેને જેને દીવો કરવો હોય, તેણે તેણે તેટલી સામગ્રી તૈયાર કરવી જોઈએ. તીર્થંકરનું આલંબન મળ્યા પછી તીર્થંકર થવામાં વાર નથી. એટલા જ માટે ગણધર સિવાયના બધા ભવ્યો માટે તીર્થંકર મહારાજા દીવા સમાન છે.

ગણધરો માટે તીર્થંકર મહારાજ સૂર્યસમાન. આખા જગત માટે સૂર્ય સમાન કેમ નહિં? સૂર્ય આખા જગતને પ્રકાશ કરે છે. આખા જગતને તે રૂપે ઉપકારી છે, પરંતુ સંબંધ કમળ સાથે જ છે, સૂર્યના ઉદય સાથે જ બધા જ કમળપત્રો-પાંદડા છૂટા પડી વિકસ્વર થાય. સૂર્ય ને કમળ બંનેનો આવો પરસ્પર સ્વભાવ છે. જાહેર રીતે સૂર્ય ઊગે છે, એક સરખી રીતે સૂર્ય ઉગે છે, એક સરખી રીતે પ્રકાશ કરે છે. કમળમાં કોઈ એવી લાયકાત છે કે જેથી સૂર્ય ઉગતા સાથે કમળો નવપલ્લવ ને વિકસ્વર થાય છે. તે તો કમળ જ વિકસ્વર થાય, નવપલ્લવ પ્રફુલ્લિત થાય, તેમ તીર્થંકરના વચનો આખા જગતના અંધકારનો નાશ કરે, ઉદ્યોત કરે, અજ્ઞાનમાં અંધ થયેલાના અજ્ઞાનનો નાશ કરે છે. આખા જગતને દેશના ઉપકાર કરનારી છે, ભગવાનની વાણી આખા જગતને

ઉપકાર કરે છે. ચાહે આર્ય કે અનાર્ય માણસ કે દેવતા કે ઢોર હોય, બધાને તેમના વચનો ભાષાપણે પરિણમે છે. આવી પ્રભાવવાળી વાણી છતાં જેમ સૂર્ય અંધારાનો નાશ કરનાર, છતાં વિકસ્વરપણું માત્ર કમળમાં જ, તેમ ત્રિલોકનાથની વાણી બીજા બધાને અજવાળું કરનારી, ઉપકારી કરનારી પણ સર્વોત્કૃષ્ટ મતિ-શ્રુત મેળવી આપવું તે તો ગણધર મહારાજમાં જ બને. માટે 'लोगपज्जोअगरे' ગણધર મહારાજરૂપી લોક-

૧૧ ગણધર, રીખવદેવજીના ૮૪ ગણધરોમાં બધમાં સરખું જ્ઞાન તેમાં અધિક ન્યૂનતા નહીં. કમળ ગમે ત્યાં ઉગે પણ સૂર્યના ઉદયે બધા કમળો વિકસ્વર થાય છે. જેમ જુદે જુદે સ્થાને રહેલા કમળો સૂર્યનાં પ્રકાશે એક સરખા જ વિકસ્વર થાય, તેમાં તીવ્રતા મંદતા નહિં, તેમ તીર્થંકરના વચનોથી બધા ગણધરોને એક સરખા મતિ-શ્રુત થાય, ૫૫ વર્ષની ઉમંરવાળા ગૌતમસ્વામીજી જેવા અંગની રચના કરે, તેવી જ રીતે ૧૬ વર્ષના પ્રભાસ નામના ગણધર તે પણ તેટલી જ મતિ-શ્રુતવાળા તે પણ ૧૨ અંગ ૧૪ પૂર્વ રચે છે.ગૌતમસ્વામી પ્રભાસ ગણધર બંને સરખા જ સૂત્રોની રચના કરે. તીર્થંકરની ત્રિપદી મળે ત્યારે ગણધર ૮૪ હોય કે ૧૧૬-૧૧૮ હોય, તે તમામ એક સરખા ક્ષયોપશમ પામે. દરેક કમળો સૂર્યોદયે વિકસ્વર થઈ જાય. ઉત્કૃષ્ટ મતિ-શ્રુત જ્ઞાનવાળા ગણધરો હોય. લોક એટલે ગણધરો. જેમ કમળવનમાં સૂર્ય પ્રકાશક વિકાશક, તેમ તીર્થંકર ભગવાનો ગણધરલોકમાં પ્રકાશક વિકાશક છે. તેમણે પ્રગટ કરેલું ભગવતી સર્વ પ્રકારે માનનીય, પૂજનિક છે. ઉત્કૃષ્ટ જ્ઞાનવાળા થાય, ભવ્યજીવોને દીપક સમાન થાય. તેમાં આલંબન બને પણ બધું શાના આધારે ? કમળ ઉગ્યું હોય મોટું થયું હોય તો જ વિકસ્વર થાય. કમળનું બીજ વિકસ્વર ન થાય, કમળનો દાંડો વિકસ્વર ન થાય, કમળનું દીટું વિકસ્વર ન થાય, કમળ બન્યું હોય તો જ વિકસ્વર થાય, તેમ અહીં જે ભવ્યજીવો તેનો દીપક તરીકે કે સૂર્ય તરીકે લાભ લે તે ગણધરો અને

ભવ્ય જીવો કઈ સ્થિતના હોય ?

**મનની ચંચળતા કેટલી ?**

ધાર્મિક વસ્તુ પરિણામની ચીજ છે. ચંચળમાં ચંચળ હાથીના કાન, પીપળનું પાન, વીજળીનો ચમકારો તેને ચંચ્લ કહીએ છીએ. તે બધા તેટલા ચંચળ નથી. હાથીનો કાન પાંચ-દસ ડગલા ચાલ્યા નથી જતાં, પરંતુ ચંચળમાં ચંચળ હોય તો વધારે વાંદરો કહીએ છીએ. સ્થિર ન રહે. બેઠો બેઠો પણ સખણો ન રહે છતાંએ શાસ્ત્રકાર કહે છે કે વાંદરો તેટલો ચંચળ નથી. વાંદરો તેના ગામની ચારેબાજુ કુદે. ગામ-જીલ્લો-દેશ છોડીને વાંદરો ન જાય. ગુજરાતના વાંદરા અહીં સૌરાષ્ટ્રમાં કોઈ નથી આવતા, પોતાના જીલ્લા પૂરતો ચંચળ પણ તેના કરતાં ચંચળ મન તેને તમે કબજામાં ન લો ત્યાં સુધી તમે ધર્મ ન કરી શકો. ચંચળ મનનો જીલ્લો, બગીચો, દેશ ક્યો ? તે તો ચકડોળ જેમ ફર્યા જ કરે, જગતમાં ફરવાવાળું તેટલા માટે આ મન જબરો વાંદરો છે. જે વિશ્વમાં ૧૪ રાજલોકમાં, અવિશ્રાન્ત ભ્રમણ કરે છે. ક્ષણમાં સાતમી નારકીનો, ક્ષણમાં દેવલોકનો ને ક્ષણમાં સ્વયંભૂરમણનો વિચાર, ક્ષણમાં મેરૂનો વિચાર, ત્રણે જગતમાં ભમવાવાળો તે મન માંકડાને જો વશ કરી શકે તો જ તીર્થંકર મહારાજનો દીપક-સૂર્ય તરીકે જીવ ઉપયોગ કરી શકે. મન માંકડું કાબુમાં ન આવે, ઠેકાણે ન બેસે ત્યાં સુધી દીપક તરીકે આત્માને ઉપકારી બનાવી શકાય નહિં. તેમ સૂર્યદ્વારાએ જે ઉપકાર તે રૂપે આત્માને ઉપકાર આપણને ન થઈ શકે.

**સાત પ્રકારના ભય**

એક વાત ધ્યાનમાં રાખવી. મન માંકડું દેખ્યાના ઝેરવાળું, માંકડાની આંખો બાંધી હોય તો ? આંખ ખૂલી હોય ને આરીસો આપો તો પોતાની સામા પોતે લડે, આંખનું ઝેર છે. માંકડાને ખરી ચંચળતા કરાવનાર કોણ ? રાત પડે ત્યારે વાંદરો બેસી જાય. આંખનો વિષય

બંધ થયો તો, મનરૂપી માંકડું ચંચળતા શાની કરે છે ? સાત ચીજોની, સૂર્યના સાત ઘોડા કહેવાય છે. મન સાત ઘોડે સવારી કરે છે. સાત ઘોડા ખસી જાય તો મન પાંગળું છે. સાત ભયના ઘોડે મનમાંકડું સ્વારી કરે છે. સાત ઘોડા બંધ થાય તો મનમાંકડું સ્થિર થઈ જાય છે. ક્યા સાત ભય. દુનિયામાં પરજાતિનો ભય પછી, પ્રથમ સ્વજાતિનો ભય,. સ્વજાતિથી જે ભયની ઉત્પત્તિ તે ઇહલોકભય, પોતાની જાતથી એટલે મનુષ્યને મનુષ્યજાતિથી ભય, તિર્યંચને તિર્યંચજાતિથી ભય, નારકીને નરક જાતિથી ભય, દેવતાને દેવતા જાતિથી ભય સ્વજાતિથી જે કોઈ ભય તે ઈહલોક ભય. જન્મથી તે ભય હોય. નાનું બચ્ચુ વાઘ પાસે જાય નહીં, પહેલા ઈહલોક ભયની ઉત્પત્તિ. પરલોક ભયની ઉત્પત્તિ વાર્તા સંસ્કાર કે બહેકાવટદ્વારાએ છે. બીજો પરલોકભય. પરલોક એટલે બીજા ભવને પરલોક કહીએ છીએ તે નહીં, મોત પછીનો ભય નહિં, પણ અહિં મનુષ્યને વિજાતીય દેવતા, જાનવરથી ભય તે પરલોક ભય. જાનવરને મનુષ્ય કે દેવતાથી ભય તે પણ પરલોક ભય. પ્રથમ પોતાની જાતના ભયને ફેંકવો જોઈએ. ન ફેંકે તો મન કબજામાં ન આવે. પોતાની જાતદ્વારા લાગતો ડર ફેંકી દે. શી રીતે ફેંકાય ? ભયને પગ આવે ને ભય ચાલી જાય તેમ નહીં બને. આપણે ફેંકીશું ત્યારે જ તે જવાવાળી ચીજ છે.

**મારા કરેલા કર્મ મારે ભોગવવા જ જોઈએ.**

કોઈ પણ પોતાના બાંધ્યા સિવાય કર્મ ભોગવતો નથી. બાંધેલા કર્મ ભોગવ્યા સિવાય છૂટકો નથી. અશાતાવેદની અંતરાય કઠોરકર્મ નહીં બાંધ્યા હોય તો મને કંઈ થવાનું નથી. મારા કર્મના ઉદય વગર મને કોઈ કંઈક કરવાનું નથી. મારા કર્મ હશે તો દુઃખ થયા વગર નહીં રહે. શાહુકારને જમે માંડવું પડે તો આંકશીયા ઉંચા આવે. મેં કર્મ બાંધેલા છે તે કર્મની થાપણ પડેલી છે માટે મારે દેવું પડે છે. શાહુકારને લેણદારનું દેતા વિચાર ન આવે, દેવું આપતાં શાહુકાર મોજ માને.

પોલીસ આવે તો શાહુકાર શું માને ? મેં ગુનો કર્યો નથી, ગુનો કર્યો હોય તો નીતિ ખાતર પકડવો જ જોઈએ. મેં કર્મો બાંધેલા છે તેનો ઉદય આવે તો મારે ભોગવવા જ જોઈએ. આવી જેના મગજમાં ધારણા હોય તેને સ્વપ્ને પણ ઈહલોક ભય ન થાય કર્મના ઉદયના સિદ્ધાંત સમજનારા આલોકભયને ગણે નહિં, પરલોક ભય કે પરજાતિનો ભય કોઈ વખત આવે તેને ટાળવો પડે તેમાં અડચણ ન આવે.

**આદાનભયની અસર.**

શારીરિક જીવન તે આ ભયોને દૂર કરી શક્યા, પણ શરીરની દરકાર વગરના આલોકના ને પરલોકના ભયથી બચી શકે છે, પણ મમતાભાવ કેવી ચીજ ? સૂતા હોઈએ, સ્વપ્નમાં દેખ્યું કે આપણને તલવારનો ઘા વાગ્યો, દેખ્યું, જાગ્યા તો ખોટી વાત છે તેમ જાણ્યું, તેમાં હાથ ફેરવવા બેસીએ કે ઘા વાગ્યો છે કે નહિં ? પરંતુ બેંકમાથી ૨૫૦૦૦ લાવી તીજોરીમાં મૂકયા છે, ચોર સ્વપ્નમાં તીજોરી ખોલી ૨૫૦૦૦ લઈ ગયો, કુંચી કેડે છે, તપાસ્યા કોઈ લઈ નથી ગયું, છતાં મમત્વ ભાવથી તે ગણે છે, ને તે લાગણી અસર મનમાં રહી જાય છે. મમત્વભાવનો ભય ઠેકાણે પડે તો ભય નથી. તેથી ઈહલોક પરલોક ભય કહ્યા પછી આદાનભય-લઈ જવાનો ભય. અહીંથી ચોર આવશે આ ભય હૃદયમાં વાસ કરે છે ત્યાં સુધી ધર્મમાં સ્થિરતા ક્યાંથી હોય ?

**કેળવેલા માંકડાં છતાં તે જાનવર**

રાજા હતો, રાજાને ત્યાં દીવી ધરનારો નોકર રાખેલો. મનુષ્ય જવાબદારીવાળો હોય, કોઈક વખત કામ હોય ત્યારે વારંવાર રજા માગે છે, અવારનવાર રજા માગ્યા કરે છે, રાજા આ નોકરથી કંટાળેલો. તેવામાં મદારી બે માંકડાં લઈને આવ્યો.ચોવીસે કલાક દીવી લઈને ઉભા રહે તેવા છે. વાંદરા દીવી ધરી ઉભા રહ્યા. આ ઠીક છે આને બીજી હાજત જ નહીં, કૌટુંબિક ઘરની હાજત કોઈ નથી. માંકડા વેચાતા લઈ લીધા;

દીવીધર તરીકે રાખ્યા. દેખો પ્રધાનજી! હવે કુછ ઝંઝેટ નહીં. નોકરો વારંવાર રજા પાળતા હતા,કભીભી ઝંઝેટ નહીં હોતી હે. પ્રધાને દેખ્યું કે રાજાજી આગળ પાછળની વાત વિચાર્યા વગર કહે છે. સા'બ જાનવર હે. રાજાનું સમાધાન આપ્યું. કેટલાક દિવસ બાદ એક બાગવાન આંબાનો ટોપલો લાવ્યો એટલે રાજાની ઉપર દીવી ફેંકી, માંકડા આંબા ખાવા દોડી ગયા. સા'બ જાનવર હે મનુષ્યે જુલ્મ કર્યો હોય તેનો વિચાર કરવાનો. જાનવર હગી જાય તો શો વિચાર! જોડેનો પાડોશી બહાર હગી જાય તો દોઢ કલાક લડીએ, એ લડવાને લાયક નથી. તેમ જુલમ કર્યો પણ પોકારવું કોની પાસે ? જુલમ જાનવરમાં પોકરવાનો ન હોય. માંકડા ૨૪ કલાક દીવી લઈને રહેતા હતા. રજા ખલેલ પાડતા ન હતા. આંબા ન મળ્યા ત્યાં સુધી. આંબાના પ્રસંગે માંકડા દીવીધર નહીં.

**મળ્યું તે મહેનતથી કે નસીબથી ?**

આપણે ધર્મમાં લીન, પૌષધાદિકમાં લીન પણ પૈસાની પંચાત ઉભી ન થાય ત્યાં સુધી. એટલા માટે ત્રીજા ભય તરીકે ચીજ લઈ જવાનો ભય. ચીજનું રક્ષણ ન થાય, ચીજનો નાશ હરણ થાય તે ખમાય નહીં. ઘા ખમાય પણ એ ન ખમાય, તેને અંગે સમજુ એ વિચાર કરે, મળ્યું તે મારી મહેનતે મળ્યું કે મારા નસીબે મળ્યું ? મહેનત આખી દુનિયા કરે છે, નસીબે મળ્યું હશે તો નસીબ છે તો તે ટકવાનું છે. કુવાનું પાણી હાથ ઓછું થાય પણ કાલે ભરાઈ જાય છે. તેમ લક્ષ્મીદારની લક્ષ્મી કોઈ લઈ જાય તો પાછી ભરાઈ જાય. નસીબ વગરનો સેર વગરનો કુવો ઉંડો ખોદો તો પણ પાણી આવવાનું નથી. સેરવાળા કુવામાં ખાલી થાય તો પણ પાણી ભરાઈ જવાનું છે. નસીબદારી છે તો ગયેલું પાછું આવશે, આવા વિચારવાળાને આદાનભય અસર ન કરે. જેવા આ ત્રણ ભય એમ અકસ્માત મરણ-રોગ અપયશભય કેવી પરિણતિ ઉભી કરે તે કેવી રીતે ટાળી શકાય તે અગ્રે.

# દેશના ૭૬
# 'અભયદયાણં' પદનું વિવેચન

શ્રી ભગવતીજીની ઉત્પત્તિ અર્થની અપેક્ષાએ તીર્થંકરથીને સૂત્રની અપેક્ષાએ ભગવતીજીની ઉત્પત્તિ ગણધર મહારાજથી સૂત્ર રચાયેલા છે. જેમાં પદ વાક્ય છે તે સૂત્ર. તે સૂત્રો ગણધરમહારાજાએ રચેલાં છે. ૧૨ અંગ ૧૪ પૂર્વ તેની ઉત્પત્તિ ત્રિપદીથી. તીર્થંકરના મુખથી નીકળેલી ત્રિપદીથી ગણધર મહારાજાઓને મતિશ્રુતનો વિશિષ્ટ ક્ષયોપશમ થયો. ઉત્પન્ન થાય નાશ પામે, સ્થિર રહે. આ ત્રણ પદો સર્વત્ર વ્યાપક હોવાથી તેને અર્થ ગણીયે. હવે એક સવાલ રહેશે. તેઓ અનંતજ્ઞાની છતાં એકલો અર્થ કહે તે કરતાં સૂત્ર પોતે ગુંથી નાખે તો અડચણ શી? 'अत्थं भासइ अरहा, सुत्तं गंथति गणहरा निउणं' અરિહંતો અર્થ કહે. ગણધરો નિપુણ સૂત્રને ગુંથે. આમ કરતાં અરિહંતો જ સૂત્ર ગુંથી દેતો, વાત ખરી! સવાલ ત્યાં છે. અરહિંતોએ 'उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा' એ ત્રણ પદો કહ્યા. અંતરમૂર્હૂતમાં દ્વાદશાંગી રચી. તીર્થંકરોએ સૂત્રને રચ્યાંહોત તો ગણધરોને ભણાવવા પડત. ૧૪ પૂર્વના સૂત્રો ગણધરને ક્યારે આપત? અંતરમૂર્હૂતમાં ગણધર પદનું સ્થાપન તીર્થસ્થાપન બનત જ નહીં. અર્થ તીર્થંકરો કહે તેથી શાસનમાં આખો વર્ગ જુદો નીકળ્યો. નયનિક્ષેપાદિ વિશેષ અર્થ ભણાવવાને અંગે આચાર્યનો વર્ગ. ઉપાધ્યયાજીનો વર્ગ સૂત્ર અને સામાન્ય અર્થભણાવનારો વર્ગ. ગણધર મહારાજનો જે ક્ષયોપશમ ત્રણ પદને

લીધે તે ત્રણ પદનો મહિમા જાહેર છે. તે તીર્થંકર મહારાજ સૂત્ર રચતે તો તે ત્રણ પદનો મહિમા રહેત નહીં. ચોથી વાત પોતાને ગણધર દ્વારા શાસન પ્રવર્તાવવાનું છે.

**ચાર જ્ઞાન વરૂની જોડે બાંધેલા બોકડા જેવા.**

તે ગણધરો ઉત્કૃષ્ટ મતિશ્રુતજ્ઞાન મેળવનારા. ઘર કરતાં ગામ જુદી વસ્તુ. ગામ કરતાં દેશ જુદી વસ્તુ. મતિજ્ઞાનનો વિષય અલોકમાં શી રીતે જવાનો ? અનભિલાપ્ય પદાર્થમાં શ્રુતજ્ઞાન શી રીતે જવાનું ? એ જ કારણથી મતિશ્રુત-અવધિ-મનઃપર્યવ જ્ઞાનને ક્ષયોપશમિકમાં ગણી છીએ. સંપૂર્ણ પદાર્થ જણાવાવાળું મતિજ્ઞાન ન હોય, તેમ શ્રુત અવધિ મનઃપર્યવ પણ ન હોય. સર્વકાળ સર્વભાવ સર્વ પર્યાય સહીત વસ્તુ જણાવનાર હોય તો માત્ર કેવળજ્ઞાન. કોઈપણ પ્રદેશ-સમય-ગુણ કોઈપણ પર્યાય જાણ બહાર ન રહે તે ક્ષાયિક કેવળજ્ઞાન. આ વિષયની અપેક્ષાએ વિચાર્યું. મતિ ચાહે જેટલું શ્રુત ચાહે જેટલું ઉત્કૃષ્ટ થાય તો પણ તે દાઝેલાં છે વગર દાઝેલું કેવળજ્ઞાન છે. આથી મતિ-શ્રુતિ-અવધિ મનઃપર્યવ જ્ઞાનોને હલકા પાડવા નથી માગતો. સ્વરૂપાપેક્ષયા આ ચાર જ્ઞાનો દાઝેલા જ્ઞાનો. દાઝેલી રોટલીનો ભાગ મોંમાં આવે ત્યારે કેવો સ્વાદ આવે ? તેમ મતિ-શ્રુતાદિ ચાર દાઝેલાં જ્ઞાનો જ્યાં સુધી તે હોય, જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ચારે જ્ઞાનના આવરણો બંધાતા રહે. બંધાયેલું હોય ને નવું બંધાયા કરે. એ ચાર જ્ઞાન મોહનીવાળાને થાય છે. એ ચારે જ્ઞાન તો સરાગીને થાય. ત્યારે માનવું પડે કે મોહના ઉદયમાં રહેલાં હોય. મોહના ઉદયવાળો જ્ઞાનાવરણી બાંધ્યા વગરનો ન હોય..

બાળક હતા ત્યારે તે વખતે ચાર એકે ચાર. ચાર દુ આઠ ચાર તરી નવ, દસ, અગીયાર ને બાર. અત્યારે ૪x૩= ૧૨ એકદમ બોલીએ છીએ. હવે રટન થઈ ગયું છે. હવે આપણે સામાન્ય આંકમાં વિચાર ન કરવો પડે. મતિ આદિ ચાર જ્ઞાનો ક્ષાયિકભાવે ન હોય. ક્ષયોપશ-

મિકભાવે જ હોય. કેવળજ્ઞાન વખતે તેના આવરણો સત્તા કે બંધમાં ન હોય. મતિ આદિ ચાહે જેવા ઉત્કૃષ્ટા થયા હોય છતાં સત્તાને ઉદયમાં તે ચારેના આવરણો હોય. સર્વ વિષયો જાણવાની તાકાત મતિ આદિ ચારની નથી. બકરાને પાંજરામાં રાખ્યું છે. એક રાજાએ એકને બકરો સોંપ્યો, તોલ કરી સોંપ્યો. એક મહીના પછી વધ્યા ઘટ્યા વગર પાછો બકરો લાવજે. પહેલાના રાજાના હુકમો એટલે બરાબર ન પળાય તો મારી જ નાંખે. બરોબર ચારો આપ્યો, ખોરાક આપ્યો, જોડે પાંજરામાં વરૂ ઘાલ્યો, વરૂ આગળથી પડદો લઈ લે કે વરૂ ઘુંઘવાટો કરે. એક જ વખતનો ઘુઘવાટ આખો દિવસ ખાધેલું બાળી નાખે. ચાર જ્ઞાન વરૂની જોડે બાંધેલો બોકડો. જ્ઞાનાવરણીના ઉદય બંધ સત્તા વગરના મતિ આદિ ચાર ન હોય માટે ચાર જ્ઞાનો ક્ષાયોપશમિક ભાવના. એક જ જ્ઞાન એવું કે આવરણો સત્તામાં બંધમાં ઉદય કે ઉદીરણામાં ન હોય તેવું જ્ઞાન કેવળજ્ઞાન. આ વરૂ જોડે બકરા છે. આ જ્ઞાનાવરણીની જોડે જ રહેનારા મતિજ્ઞાન.મતિજ્ઞાનાવરણીને છોડીને ન રહે. કેવળજ્ઞાન સિવાય આવરણ વગરનું એકે જ્ઞાન નથી.

**પહેલો પદાર્થ કે પહેલો શબ્દ**

તીર્થંકર મહારાજા ત્રણ પદ કહે એટલા માત્રમાં ગણધરોને ક્ષયોપશમ સર્વ પ્રકારનો. ૧૪ પૂર્વ ૧૨ અંગ રચવાનો ક્ષયોપશમ થાય. તે ક્ષયોપશમનું કારણ ભગવંતના મુખની ત્રિપદી. આમાં પ્રભાવ કોનો ગણવો ? વરસાદ થયો, આંબો પાક્યો, કેરી પાકી તેમાં પ્રભાવ કોનો ? વરસાદ ન વરસ્યો હતે તો આંબો સુકાઈ જાત. વરસાદ આવ્યો છતાં લીંબડો હતે તો કેરી ન પાકતે. ગણધર મહારાજ આંબાની જગો પર, તીર્થંકર મહારાજા વરસાદની જગો પર. જેમ કેરીમાં આંબો વરસાદ બંનેનો પ્રભાવ. તેમ સૂત્ર રચવામાં તીર્થંકર મહારાજા તેમ ગણધર મહારાજા બંનેનો પ્રભાવ. સૂત્ર રચના ત્રણ પદથી કરી ત્યારે નક્કી થયું. આથી સૂત્રો ગણધરોને, અર્થ તીર્થંકરોને કરવાના હોય છે. હવે તે સૂત્ર

ને અર્થ બંનેમાં ઉત્પત્તિનું મૂળ કોણ? સૂત્ર પછી જ અર્થ. વાચ્યવાચકની અપેક્ષાએ સૂત્ર પછી જ અર્થ. પણ લગીર ઉંડા ઉતરો. પદાર્થની અપેક્ષાએ પહેલો પદાર્થ કે પહેલો શબ્દ હોય? ઘટ શબ્દ બોલીએ ત્યારે ઘડો ઓળખાય.પણ ઘડો પદાર્થ લઈએ ત્યારે ઘટ શબ્દ કે ઘટ પદાર્થ? વ્યવહારે ઘટ હતો તો જ ઘટનો વ્યવહાર. ઘટ પદાર્થ ન હતે તો ઘટ શબ્દ બોલતે જ નહિં અહીં ત્રણે જગતના પદાર્થો ગણધર મહારાજા સમજ્યા ત્યારે સૂત્રથી જણાવ્યા. પણ પદાર્થ તરીકે વિચારીએ ત્યારે તો સૂત્ર કરતાં પણ પદાર્થ તરીકે વિચારીએ ત્યારે તો સૂત્ર કરતાં પણ પદાર્થ પહેલો લેવો પડે. મેં ડાભડી શબ્દ કોને ઉદ્દેશનીને કહ્યો? જેમ શ્રોતાને શબ્દદ્વારા અર્થની (પદાર્થની) પ્રતિતી કરવાની હોય, તેમ કર્તાને અર્થદ્વારાએ જ શબ્દ કહેવાના હોય. છોકરો જન્મ્યો પછી ફઈએ નામ પાડ્યું. પછી તે શબ્દથી જગત વ્યવહાર કરે. પહેલો પદાર્થ પછી તેના નામ હોય. નામ સાંભળ્યા પછી જ અર્થ કરે. તીર્થંકરો ગણધરોને પદાર્થો આબેહુબ સમજાવે. દરેક પદાર્થમાં ઉત્પત્તિ નાશ ધ્રૌવ્ય છે, તેમ પદાર્થો સમજાવ્યા. આ સૂત્રોને આધારે તેનો અર્થ કરીએ પણ તેવા પ્રભાવશાળી ગણધરરૂપી ભવ્યલોક જે કમળ જેવા તેને તીર્થંકરના વચનો સૂર્યસમાન વિકસ્વર કરનાર.. સર્વ ભવ્ય માટે તીર્થંકરો દીપક સમાન. પરંતુ ગણધરો માટે એટલે પ્રદ્યોતકર સૂર્ય સમાન.

**૯૮ ભાઈઓની દીક્ષા પહેલાં અને પછીનો પ્રસંગ**

સાતે પ્રકારના ભયોને ટાળનાર ભગવાન ઋષભદેવજીએ મનુષ્ય ને મનુષ્યથી થતો ભય ટાળ્યો કે નહિ? આખો રાજકારભાર રાજવ્યવસ્થા શા માટે કરવી પડી? જુગલીયાને માંહોંમાંહે ક્લેશ કંકાસ ટાળવા માટે રાજવ્યવસ્થા કરવી પડી. સાધુપણું લીધા પછી, તીર્થંકર થયા પછી ,ઈહલોક ભય ઘણા ટાળ્યા. ભરત મહારાજા છ ખંડ જીતી આવી રાજધાનીમાં પ્રવેશ કરે છે ત્યારે ચક્રરત્ન વિનીતા નગરીમાં પ્રવેશ નથી કરતું. છએ ખંડમાં ચક્રરત્ન ચાલ્યું તે વિનીતામાં ન પેઠું.માણસોએ

ખબર આપ્યા કે ચક્રરત્ન અંદર નથી આવતું. બધું જીતાય ત્યારે ચક્રરત્ન અંદર આવે માટે,જીતવામાં કંઈ બાકી છે. છ ખંડને જીત્યા પણ જેને તમારા ગણો છો તે જ તમારે તાબે નથી. તમારા ભાઈઓને કેવા ગણો છો? ભાઈઓ નાના છે, ઉપરીનો સવાલ નથી, તાબેદાર નથી તો સરખા છે તો જીત મેળવી ન ગણાય. હવે ચક્રરત્ન વિનીતામાં પેસતું નથી. ભરતની કમ તાકાતનો નમુનો છે, તેમ કહી ચક્રરત્ન ઉભું રહ્યું. મારે શું કરવું? તમે ભાઈઓ છો તમને આજ્ઞા મનાવવાનું ન હોય પણ ચક્રરત્નના હીસાબે આજ્ઞા મનાવવા માટે કહેવું પડે છે. પિતાજીએ તમને રાજ્ય આપ્યા છે તે મારે જોઈતા નથી, પણ આજ્ઞા માનવી જોઈએ. અમારે ગામ સરખાનો લોભ નથી તો પારકાની તાબેદારી શા માટે? જેને લાલચ કે ભય નથી તેને તાબેદારી શા માટે? અમે હવે લાલચમાં એક ગામ વધારવા માગતા નથી. ભયમાં ઈન્દ્ર આવે તો ડરતા નથી. ભરતજી મર્યાદા છોડી બોલવું પડ્યું કે તો યુદ્ધ માટે તૈયાર થાય. આપણે ૯૮ છીએ, કચડી નાંખશું પણ ભગવાન હાજર જીવતા છે, કહેશે કે ઢોર જેવા નાના વાછરડાને ચકદ્યો. એકલાને એ ઓલંભો માથે ન આવે. અમે લડવા તૈયાર છીએ પણ ભગવાન ઠપકો ન દે તે માટે ભગવાન પાસે જઈને પાછા આવીએ છીએ. ૯૮ થઈને મારી પાડીએ પછી ફીટકાર મળે તો શું થાય.? ભગવાન પાસે ગયા, અમારે આજ્ઞામાં નથી રહેવું, ૯૮ મળી બોરકુટો કરશું ' पादाहतं यदुत्थाय मूर्धानमधिरोहति' ધુળ જેવી ચીજ પગ નીચે કચરીએ તો આંખ કે માથા પર ચડી બેસે, તો ક્ષત્રિયપુત્ર એમની એમ આણા માની લઈએ? વિનયધર્મ પાસે તો મોટોભાઈ (ભરત) પિતા જેવા ગણાય. મારી (રૂષભદેવની)ભક્તિ આજ્ઞામાં શરમ ન હતી, તો મોટોભાઈ મારા સ્થાને છે, શુન્ય સંસારમાં એક મુરબ્બી માનવો જોઈએ' પણ રૂષભદેવજી ભગવાન યુદ્ધ કરાવવામાં સામેલ કે વિનય કરાવવામાં

એકેમાં ધ્યાન આપતા નથી, મને દીક્ષા લીધા જેટલા વર્ષો થયા ૬૧૦૦૦ (એકસઠ હજાર) વર્ષ સુધી રાજ્ય કર્યું, તેમાં તૃષ્ણા છૂટી કે નહિં? શેલડી ક્યાં સુધી ચુસવી? અંતે દાંત પડી જશે. આ સંસારમાં ચંચળ રિદ્ધિ તમને છોડી જશે. તમે જીવન છોડીને જશો પછી તમારૂં શું થશે? દુનિયામાં બળતું ખોયડું તો કૃષ્ણાર્પણ કરી દો. આ જમની જ્વાળામાં ઝળકી રહેલું વિયોગની અગ્નિમાં બળી રહેલું રાજ્ય તે માટે લડશો તેથી શું? મોટાભાઈની સામે થયા હાર્યા તો કે જીત્યા તો પણ 'દુનિયા માર ખાનાર તરફ મહેર નજર રાખનારી છે' આ રાજ્ય અહીં જ મળ્યું છે કે પહેલા મળ્યું હતું? સાગરોપમના સાગરોપમો સુધી મળ્યું હતું. તે તૃષ્ણા તરસ ન છૂટી તે હવે ૫૦૦૦ વર્ષમાં તે તરસ શી રીતે છૂટશે? રાજ્ય છોડીને નીકળનારને આજ્ઞા કે લડવાનો વિચાર કરવાનો નથી. ૯૮ ભાઈઓને અંગારદાહકનું દૃષ્ટાંત સાંભળીને વૈરાગ્ય થયો. ભરતમહારાજાને આખું વાદળ ઈહલોક ભયનું હતું. રૂષભદેવજીએ ઈહલોકનો ભય ટાળ્યો હતો.

**ભરતરાજાની ભાવના**

રાજાપણામાં, ભરતમહારાજાને થયું કે કોઈ દિવસે બે ઘોડે મનુષ્યે મુસાફરી ન કરાય, બે નાવડીયે દરીયો ન તરાય, એક પગ આ નાવડીમાં બીજો બીજીમાં તેમ મુસાફરી થતી નથી. આ જીવ મોક્ષની મુસાફરી કરવા માંગે તો, બે દૃષ્ટિવાળો મનુષ્ય મોક્ષ ન સાધી શકે. આત્મા ને સંસારની આળ પંપાળ બે વસ્તુ ન સાધી શકાય. આળજાળને આત્મ કલ્યાણ બે વસ્તુ ન જાળવી શકાય. આળજાળ વગરના કોણ? સાધુ મહાત્મા થવું કંઈક આત્મામાં પરિણતિ જાગે ત્યારે જ ત્યાગ કરવા તૈયાર થાય. ભૂખથી કે દુઃખથી જેનું નસીબ ચઢીયાતું હોય તો જ તે ભૂખથી કે દુઃખથી ત્યાગ માર્ગે વળે. ભૂખે દુઃખે ચોરી કરનાર થાય તો? પેટનો બળ્યો ગામ બાળવાનું નહીં કરતાં ભરતે વિચાર્યું કે હવે શું કરવું?

**સાધુ પેદા કરવાની સંસ્થા-ફેકટરી.**

ભરતમહારાજાએ સાધુ બનાવવાની ફેકટરી ખોલી, જૈન સાધર્મિકવાત્સલ્ય કહીએ છીએ. સાધર્મિક વાત્સલ્ય શાથી? એ સાધર્મિક વાત્સલ્ય સંસ્થાના નિયમો સાંભળો તો તમે કબુલ્ કરશો કે આ સાધુ પેદા કરવાની ફેકટરી છે. તે સંસ્થાના નિયમો સાંભળો. આ સંસ્થામાં દાખલ થનારે (૧) યાવત જીવન બ્રહ્મચર્ય પાળવાનું, (૨) જેઓ સર્વથા બ્રહ્મચર્ય ન લઈ શકે તેઓને છોકરો છોકરી હોય તો તે છોકરાઓને સાધુ-સાધ્વીને હવાલે કરવા. સ્વદાર સંતોષી રહે તો પોતાના ફરજનને સાધુને હવાલે કરે. (૩) ત્યાં સોંપેલા બચ્ચાઓ જો સાધુપણું લેવા તેયાર થાય તો ઠીક. નહીંતર તે છોકરાઓને આ કાયદામાં રહેવું પડે તે પણ યાવત્ જીવ બ્રહ્મચર્ય પાળે. ન પાળે તો તેમના છોકરા છોકરીઓને સાધુ-સાધ્વીઓને સોંપવાના. રીખવદેવજી ભગવાન વખતે બધા સાધર્મિક હતા. બધાને ભરતને ઘેર રહેવાનું હોય, આ તરીકેના સાધર્મિક, ભરતમહારાજા શ્રાવકને મહાશ્રાવક વચ્ચે ફરક પાડે છે. તેમ અહીં શ્રાવકને સાધર્મિક તરીકેનો ભરતમહારાજા ફરક પાડી નાખે છે. એટલા મનુષ્યો અંદર દાખલ થયા કે ચક્રવર્તીના રસોયા થાકી ગયા. કોણ સાધર્મિક અને કોણ બીજા? તેથી ચાંદ આપવાં. ચાંદવાળા જ નિશાનીવાળા-બીલ્લાવાળા સંસ્થામાં જમવા દાખલ થાય. કાકણી રત્નથી ત્રણ રેખા કરી. જ્ઞાન દર્શન ચારિત્ર ઉપલક્ષણ ત્રણરેખા કરી. આમ ચક્રવર્તી સરખા જે સંસ્થાને ઉંચે લાવનારા રૂષભદેવજી જેના ટેકારૂપ સ્થાનરૂપ તે ખાતાને વધતાં કેટલી વાર? ભરતમહારાજાને એ થયું કે સાધુ સંસ્થા હવે મજબૂત થઈ ગઈ.

**ભગવંતને ભરતે પૂછેલા પ્રશ્નનો ઉત્તર**


ભરત મહારાજાએ કોઈ વખત ભગવાનને પૂછયું કે હવે આ શાસન તો અવસર્પિણીના છેડા સુધી આમ જાહોજલાલીથી ચાલેશેને?

ભરત! નવમાં તીર્થંકર સુધી બરાબર શાસન અવિચ્છિન્નપણે ચલાશે. ભરતે તો અવસર્પિણીનો છેડો ધાર્યો હતો, સંસ્થા ઉભી કરી હતી તેમજ આટલી પગભર કરી. હવે તેનો નાશ શી રીતે થાય? રીખવદેવજી કહે છે કે અનાજને બહારનું જાનવર કોઈ વખત ખાય પણ અંદરના કીડા એવા હોય કે એના જેવા ધાન જેવો કીડો ચોખામાં ઈયળ, ઈયળ ક્યાં ભણવા ગઈ હતી કે ધોળીને લાંબી ચોખા જેવી થઉં, તેમ જોવા કે માનવા ગઈ ન હતી. ચણામાં થનારો જીવ, ચણા જેવો ગટી થાય. 'ઘરના શત્રુ જન્મે તે ઘર જેવા જ જન્મે' જેવું ઘર હોય તેવા જ જન્મે. આ પ્રભાવશાળી શાસનનો નાશ કોઈ બીજાથી નથી. બીજાની તાકાત નથી કે શાસનનો નાશ કરી શકે. બીજા દેવ-ગુરૂ ધર્મ આ ધર્મ કરતા ચડીયાતા નથી કે જે આને દબાવી દે, પણ ધાનમાં ધાન જેવો જ જીવડો પાકે છે. તેમ શાસનમાં શાસનનો ફોલી નાખનારા બહારના નહીં થાય. શાસનના નામે નીકળેલા શાસનથી વધેલા તે જ શાશન ફોલી ખાનાર થશે. ભગવાન રીખવદેવજી કહે છે કે આ શાસન બીજા કોઈના ધક્કાથી ચાલે તેમ નથી. શાસનના અંદરના એવા પાકશે કે જે સત્યાનાશ વાળશે, જે પાત્ર તરીકે ફેકટરી પોસાય છે. એ જ ફેકટરીના મનુષ્યો અત્યારે તો ધ્યેયવાળા છે. સાધુ સંસ્થા તરફ માન પોષણવાળા છે. પણ એ જ સંસ્થાના મનુષ્યો શંકા કરનારા થશે ત્યારે શાસનનું સત્યાનાશ કરવાવાળા થશે.

**ભય ટાળનાર અભય આપનાર તેમના સિવાય કોઈ નહિં.**

આ શાસનમાં થયેલા બાવાજી જેવા નીકળશે, બાવાજી કોઈ શિષ્યને રામાયણ વંચાવતા હશે 'रामोऽब्रवीत्' બાવાજી અર્થ કરનારા, રામો સો તો સાલા હુવા રામ 'ब्रवी' સો હોઈ સાલી સીતા, 'त्' ક્યા હૈ સાલા માલુમ પડતા નહીં, અબ તો પોતી બાંધ દો, ફીર બાત. ચાલવા માંડ્યા, અરે ! બેઠ જાવ, અર્થ આ ગયા, ખોડીયા હનુમાન ટાંગ તુટ

ગઈ હે તેથી 'त्' ની નીચે ખોડીયારનું ચિન્હ છે. ચેલાઓ મૂર્ખા, હા સાબ! ખુબ અર્થ લગાયા,. બાવાજી કહે અરે ગુરૂ ગંડીયા ક્યા જાણે? જ્યારે આ સંસ્થામાં આ શાસનમાં ગુરૂ ગંડીયા ક્યા જાને? એવા મનુષ્યો થશે ત્યારે શાસનનો વિચ્છેદ થશે. ધાગાપંથીયો ઉદરંભરી-બ્રાહ્મણો પોતાની કિંમત કરાવનારા થશે ત્યારે તેઓ આ સુંદર ત્યાગ પ્રધાન ચાલતા શાસનને નાશ કરશે. એટલું સંસ્થાનુંપ્રબળપણું થયું હતું કે સેનાધિપતિનેબોલાવવો પડ્યો. એકે એકને મારી નાખ. ઝેરના વેલા એકે ન જોઈએ. ચક્રવર્તી ઓર્ડર કરનાર, સેનાધિપતિ ઓર્ડર બજાવનાર હવે છ ખંડમાં છૂટવાનું સ્થાન ક્યું? ન કોઈ શરણે રાખનાર કે પક્ષ લેનાર કે તેનાવતીનો બોલનાર હવે શું કરવું? બધાએ વિચાર્યું કે આપણો હવે કોઈ આધાર નથી, પરંતુ બધાને વિચાર સુઝ્યો કે એક સ્થાન છે. ચક્રવર્તી જેના ચરણ પડે છે તેવા રીખવદેવજી પાસે જઈએ તો બચાવશે, બાકી ઈંદ્ર પણ બચાવે તેમ નથી. રીખવદેવજી પાસે બધા પહોંચ્યા. ઠેર જાવ આ તો ચક્રવર્તીનો બાપ છે, તીર્થંકર છે, વિષના વેલા છે છતાં નવ તીર્થંકરના શાસન સુધી તો કલ્યાણનું કારણ એ બનશેને? નવ સુધી અમૃત રહે તે અપેક્ષાએ મારવા નહીં. 'मा हण' છોડાવે છે ત્યારથી માહણ, તે ઉપરથી બ્રાહ્મણ પ્રસિદ્ધ થયા. આ કાકણી રત્નથી લાંછીતોને સેનાપતિ ચક્રવર્તીથી થયેલો ભય રીખવદેવજી સિવાય કોઈ ટાળી શકે તેમ ન હતા. આમ ભયો ટાળનાર. તે સાતે ભયોને જીવ માત્રને અંગે તીર્થંકરો આત્માની સુધારણા કરીને સાતે ભયો કેવી રીતે ટાળે તે અગ્રે.



# દેશના ૭૭
# ગમારને ચિંતામણીરત્નની કિંમત ન હોય

अभयदये चक्खुदए............

ગણધર મહારાજા ભગવતીસૂત્રની વાચના આપતાં જણાવે છે કે વસ્તુની કિંમત વખત ઉપર વધારે હોય. વિવાહ વખતે ઢોલ વાગે તેની કિંમત, અફસોસ વખતે ઢોલ વાગે તો ? પ્રસંગ જુદો છે. દરેક વસ્તુ થાય છે તે તેના વખતે કિંમતી થઈ શકે છે. શ્રમણભગવાન મહાવીર મહારાજે જે ભગવતીસૂત્ર અર્પણ કર્યું તે ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધીનો વખત મોક્ષ સાધી શકાય તેવો વખત છે. તે વખતે આ ભગવતીસૂત્ર અર્પણ કરવામાં આવ્યું. પાંચમાં આરામાં મોક્ષ થતો નથી. મોક્ષ તેમજ ઉંચો દેવલોક પણ નથી તે વખતે ભગવતીસૂત્રની સમજાવટ શા કામની ? બધી વાત કબૂલ, પણ કર્મનો ક્ષય એક સાથે થતો નથી. એ અંશે અંશે ક્ષય થાય છે. કર્મ આપણી ઉપર આક્રમણ કરી શકે નહિં. એક આક્રમણની દશા, એક અનાક્રમણની દશા, આપણા ઉપર અત્યારે કર્મ આક્રમણ ન કરી શકે તેવો વખત છે. સીત્તેર ન તૂટે પણ કંઈ અધિક ૬૯ તોડવાવાળા ઘણા મળશે. મોક્ષનું સાટું નક્કી કરે.

**મોક્ષની બે પ્રકારની હુંડી. ખડાઉતાર અને મુદતની.**

આ પાંચમાં આરામાં તત્કાળ મોક્ષ ન મેળવી દે, પરંતુ ચોથા આરામાં તત્કાળ કર્મનો નાશ ક્ષપકશ્રેણી તરત મોક્ષ. જો કે બધા ખડા ઉતારની હુંડીવાળા ન હતા. ચોથા આરામાં ખડાઉતારની હુંડી હતી.

૧૪૦૦૦ સાધુમાંથી ૭૦૦ મોક્ષ લઈ શક્યા. બાકીના મુદતની હુંડીવાળા હતા. ગૌતમસ્વામી સરખા ગણધરો જરૂર ખડાઉતાર હુંડી ઉતારવાળા પણ ભગવતીસૂત્રના આલંબને તે જ ભવમાં મોક્ષ મેળવવો હોય તો પણ મેળવી શકાય. તે ભવમાં ન મેળવી શકાય તો મુદતની હુંડી. ભગવતીસૂત્ર પાંચમાં આરામાં કરી દે છે.ચોથા પાંચમાં આરાને અંગે ભગવતીસૂત્રમાં ફરક નથી. હુંડી ભરી ન આપે એવો પાંચમા આરાનો કાળ નથી. પરંતુ ખરી કીંમત ખડાઉતારની હુંડીમાં હોય છે. તેથી મુદતની હુંડીવાળો શાહુકારીમાંથી ગયેલો ન ગણાય. તેમ ભગવતીસૂત્ર ચોથા આરાના છેડાવખતે તત્કાળની ને મુદતની હુંડી બંને લખાતી હતી. અત્યારે મુદતની જ હુંડી લખાય છે.

**લોગપઈવાણં માં લોક શબ્દથી કોને લેવા ?**

ભગવતી સૂત્ર કોઈને તે જ ભવમાં કોઈને ભવાંતરમાં મોક્ષ નક્કી કરેલો છે તે જ સૂત્ર હું તને સંભળાવું છું. મહાવીર મહારાજે અર્થથી, સૂત્રથી ગૌતમસ્વામીએ ગુંથ્યું. તેને લીધે મહત્વ કોનું ? અર્થથી કહેનારનું કે સૂત્રથી ગુંથનારનું ? બંનેનું મહત્વ હુંડી લખનાર ને ટપાલની સગવડ હોય તો જ કાર્ય થાય. ગામડું હોય ને ટપાલ હોય. હુંડી લખનારા હોય ને ટપાલ પણ હોય ત્યારે કામ લાગે. અર્થથી સૂત્રથી કહેનાર બનાવનાર બંને એક સરખા ઉપકારી છે. છતાં કીંમત વ્યવહારની કે લખનારની આબરૂ કોની? લખનારની. વ્યવહારદ્વારા હુંડી ઉપયોગી છતાં આબરૂ લખનારની. જિનેશ્વરના આધારે જ ગણધર મહારાજા સૂત્ર ગુંથે છે, તેથી સૂત્રની મહત્તા. ઉત્પત્તિ મહાવીર મહારાજાને અંગે આટલા માટે હું કેવા ભગવાન પાસેથી મેળવું છું તે જણાવ્યું . શાસનની આદિ સ્થાપના વ્યવસ્થા કરનારા, તમામના નાથ, હિત કરનારા, પુંડરીકકમળ સમાન ગંધહસ્તી સમાન આ બધું જણાવી ગણધરોનો વર્ગ ભવ્યજીવોનો વર્ગ તેમાં પણ ઉત્તમ ૩૪ અતિશયવાળા ભવ્ય જીવોને સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ મોક્ષ માર્ગ પમાડે વધારે ટકાવે રક્ષણ કરે. આમ ત્રણે કરનારા છતાં દીવો બધાને પ્રકાશ-અજવાળું કરે

પણ અજવાળાનો ઉપયોગ કોને ? આંધળાની આંખ શરીર પર અજવાળું પડે તેથી આંધળાને તે અજવાળાનો ઉપયોગ હોતો નથી. જે જે માર્ગ પામી શકે, પામવાની લાયકાત છે તે બધા જીવોને માર્ગ પામવા માટે દીવા સમાન. અહીં જે જીવો માર્ગાનુસારી, શુક્લપક્ષી, સમકિતિ, દેશવિરતિ થઈ શકે તે બધા જીવો માટે દીપક સમાન.તત્કાળ ધર્મને મેળવવાની લાયકાતવાળા લોક શબ્દથી લેવાય. આંખની ખામીવાળો અજવાળાનો ઉપયોગ કરી શકતો નથી. દીપક સ્વરૂપે દીપક છે. દીવો છે પરંતુ આંધળાને દીવો ને વગર દીવો બંને સરખા છે. આંખ ન હોય., આંખનો ઉપયોગ કરનાર ન હોય તેવાને ઉનાળાની બપોર, પૂનમની, અમાવાસ્યાની રાત્રિ બધા સરખા છે. જેઓ કાયાથી લાયક ન હોય. ચઉરિન્દ્રિય જીવો દેખવાને લાયક ન હોય. ગતિ-જાતિથી લાયક ન હોય તે માફક સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પરિણામથી લાયક ન હોય.

**ગમારને ચિંતામણીની કિંમત હોતી નથી.**

ગમારને ચિંતામણીની કિંમત શી? ધર્મરત્ન પ્રકરણગ્રંથ સાંભળ્યોહશે. તેમાં ચિંતામણી રત્નનું દૃષ્ટાંત છે. એક ઝવેરીનો શેઠનો છોકરો તેને ચિન્તામણી રત્નનું લક્ષણ ધ્યાનમાં આવ્યું છે, તેથી બીજો વેપાર ન કરતાં ચિંતામણિ માટે અનેક દેશ, દરિયા પહાડ, ખાણમાં કંટાળ્યા વગર આંટા મારે છે. એ ચક્કર મારતાં મારતાં જ્યાં જ્યાં હીરાની ખાણો સાંભળે ત્યાં તપાસ કરે પણ ધાર્યું ચિંતામણિરત્ન મળતું નથી. કીંમતી ખાણે પોતે ગયો ત્યાં ચારે બાજુ ફર્યો. સાંજ પડી. ગામમાં આવવા પાછો ફરે છે ત્યાં એક રબારીની બકરીના ગળે ચમકતો પત્થર કુકા તરીકે શોભા માટે બાંધેલો છે. શું ધારીને ? કુકો ધારી ચળકતો પત્થર ધારીને બાંધ્યું છે. શેઠપુત્રે એ બકરી દેખી માગણી કરી કે આ બકરી આપીશ ? ગળે બાંધ્યું છે તે આપીશ ? નહિં આપું. શેઠનો છોકરો વિચાર કરે છે કે આપતો નથી. પણ ચિંતામણીરત્ન નિરુપયોગી રહે તે કરતાં કોઈને પણ ઉપયોગી થાય તો સારું.ભલે નથી આપતો તું તો નસીબદાર થા. આ ચિંતામણિ છે, પેલાએ કહ્યું ચિંતામણિ એટલે શું ?

આ દેવતાઈ ચીજ, આને તો પાટલા પર મૂકી, પખાળ કરી ચંદને પૂજીએ. ત્રણ દિવસ પૂજા કરી અઠ્ઠમ કરીએ તો ચોથે દહાડે દેવતા બોલે, માગ માગ! તારે જોઈએ તે આપું. આપણે માગીએ તે આપે. ગામ છેટું છે. ગમાર હાથમાં ચિંતામણી રાખી કહે છે. હે ચિંતામણિ ! ગામ છેટું છે, માટે તું કથા કહે. નહીંતર હું કહું તો તું હુંકારો દે. ચિંતામણિ ન કથા કહે, ન હુંકારો દે. રબારીનું મગજ ફર્યું. વાણીયો જબરો લુચ્ચો. હું ઘેસ રોટલા વગર બે કલાક ન રહી શકું, તેના બદલે ત્રણ દિવસ ભૂખ્યો રાખે. કેસર, સુખડ લાવવું, મારી ઘરવખરી નાશ પામે તે વળી હું ભૂખ્યો મરી જાઉં, તેવા બે રસ્તા કર્યા. પણ વાણીયાએ કહ્યું સાચું, તું આવ્યો ત્યારથી આ ચિંતા વળગી કે અઠ્ઠમ કેમ થશે, કેસર, સુખડ, ફુલ, કેમ લવાશે, પૈસા તો છે જ નહિં. આ ચિંતા જાગી ચિંતામણિનો અર્થ કર્યો. મૂર્ખાઈ કરે તે ક્યાં સુધી કરે છે. ચિંતા એ જ મણી. હાથમાં આવ્યો ત્યારથી ચિંતા કરાવનાર થયો માટે તારૂં મોં જ મને ન દેખાડ, એમ કરી બીજી વખત આ ચિંતા કરાવનાર ન દેખાય તેટલે દૂર ફેંકી દીધો હતો. ચિંતામણી પણ રબારીના હાથમાં આવેલ ચિંતામણી રબારીનું દરિદ્ર ફીટનાર ન થાય, તેમ જેઓ મોક્ષમાર્ગને લાયક ન હોય, સમ્યક્ત્વ પામવા લાયક ન હોય તેવાને આ ધર્મ જે કર્મી બચાવનાર યાવત્ મોક્ષ મેળવી આપનાર એવો ધર્મ તેને ચિંતા કરનારો મણિ લાગે. ચિંતા મનોવાંછિત પૂરનાર મણિ તેને ન લાગે. નિર્ભાગીને ચિંતા કરનાર મણિ થયો. આ જિનેશ્વરનું શાસન જિનેશ્વરનો ધર્મ જેઓનું અંત્યપુદ્ગલ પરાવર્તમાં રહેવાનું થયું તેવાને ચિંતા પૂરનાર શાસન છે. પણ 'હુંકારા વગરનો ચિંતામણિ કામનો નહિ.' તેમ પૌદ્ગલિક પદાર્થો જસ, કીર્તિ, બાયડી છોકરા આપે તો ધર્મ, એ ન આપે તો ધર્મ નહીં. આપણે પણ રબારીના ભાઈ છીએ. પૌદ્ગલિક પદાર્થોની આશા કરીએ તે ન મળે તો ધર્મ કામનો નહીં. આવી સ્થિતિવાળાને જિનેશ્વરો કામના નથી. અજવાળું આંખવાળાને ડગલે પગલે કામનું છે જેઓ મોક્ષ પામવાને

લાયક, ઉત્તમ માર્ગનું ફળ મેળવવાને લાયક તેવાની અપેક્ષાએ શ્રમણ ભગવાન મહાવીર મહારાજા લોકપ્રદીપ સમાન. લોક શબ્દનો અર્થ ક્યો તે હજુ સુધી ખ્યાલમાં લીધો નથી. જેઓ માર્ગમાં વધે, વધી શકેછે, વધવાના આલંબન થઈ શકે છે તેવા જીવો રૂપી લોક તેને વિષે દીવા સમાન. તેમ ગણધર મહારાજા કમળ જેવા, સૂર્ય જેવા કમળમાં જે ગુણ સૂર્ય કરે છે તે ગુણ બીજામાં થઈ શકતો નથી. તેમ તીર્થંકર તરફથી ગણધર મહાત્માઓને થતો જે ગુણ બીજાને થતો નથી. ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા આ ત્રણ શબ્દ ગણધર મહારાજને મળે છે. બીજાઓ બધા આ શબ્દો સાંભળે છે. ગણધરો દીક્ષા લે ત્યારે જ્યાં ગણધર મહારાજા દીક્ષિત થાય એટલે પ્રદિક્ષણા દે भंते ! किं तत्तं ? उपन्नेइ वा એકવચન કહ્યું, એક નિષદ્યા થઈ. ફેર પ્રદક્ષિણા ફેર किं तत्तं विगमेइ वा પાછા નમસ્કાર પ્રદક્ષિણા દે તેમજ પ્રશ્ન કરે धुवेइ वा આમ ત્રણપદો દેવાય છે. માટે ત્રિપદી અથવા 'निषद्यात्रय' કહેવાય છે. હવે જરૂર વિચાર થાય કે આ ત્રણ પદમાં આટલું તત્વ શું છે.

જૈન માત્ર આ ત્રણ પદો જાણે છે. ઉત્પન્ન થાય, નાશ પામે, સ્થિર રહે. આ ત્રણ વસ્તુઓ બને છે તે દુનિયા જાણે છે. કુંભારને ત્યાં માટીનો ઘડો બનાવ્યો, માટીપણાનો નાશ થયો, ઘડો બન્યો ઘડાનું ટકવું એ ત્રણ આખા જગતમાં ડગલે-પગલે બને છે. એમાં ભગવાને નવું શું કહ્યું? ૨x૨=૪ એમાં કાંઈ નવું નથી. તેમ આખા જગતમાં ઉત્પત્તિ, નાશ,ટકાવ જગતમાં નજરે દેખાઈ રહ્યા છે. અનુભવાઈ રહ્યા છે, તેમાં ભગવાને નવું શું કહ્યું? ૧૪ પૂર્વ રચી દે, ૧૨ અંગ રચી દે તેવું શું જ્ઞાન થઈ જાય? (૧) એક એવી ચીજ છે જેની ગણત્રી કરવી ન પડે. પણ સંખ્યાતા અસંખ્યાતા અનંતા એ એક જ. સંખ્યાતી વખત એક, અસંખ્યાતી વખત એક, અનંતી વખત એક એના નામ શા? તે જ સંખ્યાત, અસંખ્યાતા, અનંતા નામ છે. ૧૦ એટલે શું, ૧૦ એક એક તેનું નામ દસ.એકની વસ્તુ જાહેર છતાં સંખ્યાતાદિક સમજણમાં આવવા

મુશ્કેલ પડે છે. તેમ 'उपन्नेइ वा' વગેરે શબ્દો સમજવા મુશ્કેલ છે.

**ત્રિપદીમાં ઉત્પત્તિ નાશ ટકવું તે ક્રમ કેમ જણાવ્યો.**

ઉત્પત્તિ, ટકાવને -નાશ ઉત્પન્ન થાય. ૧૦૦-૫૦ વર્ષ ટકે પછી નાશ. જગતની અપેક્ષાએ ઉત્પત્તિ, ટકાવને નાશ છે. આ ચીજ હતી તે જગોપર ભગવાને ઉત્પત્તિ, નાશ અને ટકાવ એમ કહ્યું. બીજા નંબરને ત્રીજા નંબરે કાઢયું. જગતની રીતિ-જગતનો વ્યવહાર ખસેડી ઉત્પત્તિ, નાશ, ને ટકાવ. ગણધર મહારાજ વિચાર કરે કે આ ક્રમ કેમ કહ્યો ? ઊંડા ઉતરો. ઉત્પન્ન થવું તે પછી ટકાવ નાશ લઈએ તેમાં ભગવાન આમ કહે છે. આ બેમાં ફરક શો પડે છે ? મનુષ્ય મનુષ્ય તરીકે ઉત્પન્ન થાય, પહેલાનું દેવતાપણું નારકીપણું નાશ થાય ત્યારે ઉત્પન્ન થાય. પહેલાની અવસ્થા નાશ થયા વગર ઉત્પત્તિ ન થાય. ઉત્પત્તિની જોડે રહેલા નાશને ભગવાને લીધો. પહેલા ભવનો નાશ થયા પછી બીજા ભવની ઉત્પત્તિ થાય છે. તો 'विगमेइ वा उपन्नेइ वा धुवेइ वा' કહેવું હતું. ત્રણ પદને પામવાવાળા ગણધરો આ બધું વિચારે છે. ત્રણ પદો એના એ જ, તેમાં ભાંજગડ કરીએ છીએ. દુધનું દહીં પરિણમે, દુધ નાશ પામે દહીંપણે પરિણવાનું થાય તે જ દહીંપણે ઉત્પન્ન થાય છે. દહીંપણે ઉત્પત્તિ તે જ દુધપણે નાશ. મનુષ્યપણાનો છેલ્લો સમય તે જ બીજા ભવમાં પહેલો સમય. આ બધા શરીરના પુદ્ગલો કઈ વખત છોડે ? પરભવના પહેલા સમયે છોડે, આ ભવનો સમય હોય ત્યાં સુધી ભોગવટો હોય. પરભવના આયુષ્યના પહેલા સમયે આ ભવના શરીરાદિ સંયોગો છોડે. આ વસ્તુ વિચારે ત્યારે તમામ પરમાણુથી માંડી સ્કંધો સુધી, પૃથ્વીકાયથી માંડી ત્રસકાય, નારકીથી માંડી દેવતાને સિદ્ધ સિવાયના તમામના ઉત્પાદ વ્યયાદિક વિચારે, પછી શું બાકી રહે ? વ્યાપકપણે લે. દરેક પદાર્થોમાં પહેલાના પર્યાયોના નાશ. દરેક પદાર્થોમાં નાશને અંગે નવા પર્યાયોની ઉત્પત્તિ અને દ્રવ્યનો ટકાવ. આંગળી વાંકી કરી, સીધાપણાનો નાશ આંગળીપણું કાયમ છે. મનુષ્યે

કાળ કર્યો. દેવતા થયો. મનુષ્યપણું નાશ પામ્યું. દેવતાપણું ઉત્પન્ન થયું. જીવપણું જારી છે.

દરેક પદાર્થોને અંગે પર્યાયોની ઉત્પત્તિ, નાશ, દ્રવ્યથી સ્થિરતા આ ત્રણ ગોઠવે છે. તે વખતે શું બાકી રહે ? છોકરાને નિશાળમાં એક અખતરો શીખવીએ પછી એ ઘેર જાય તો પણ તે અખતરામાં જ લીન. ગણધરમહારાજાને આ સિદ્ધાંત મળ્યો તે દરેક દ્રવ્યમાં વ્યાપક કરે. ક્યો જીવ કે દ્રવ્ય ત્રણપદની બહાર રહે ? કઈ ગતિ, જાતિ, પુદ્ગલ, સ્કંધ, પરમાણુ બહાર રહે ? ક્ષયોપશમ તેવો જબરો થાય, ત્રિલોકવ્યાપકપણે તે ત્રિપદી વ્યાપક બની જાય પછી શું બાકી રહે ? અક્કલવાળાને કહેલો અખતરો તે આખો દિવસ તેની પાછળ લાગે, ઠોઠને કંઈ ન થાય. ગણધર સિવાયના મધ્યમ કે ઠોઠ લાઈનમાં હોય.ચાલાકને એક અખતરો કહ્યો તે વખતે રાત-દિવસ તે અખતરામાં ચાલ્યા કરે. અસંખ્યાત દ્વીપ, સમુદ્ર, પહાડો, નદીઓ બધાને તે ત્રિપદી લગાડે. ૧૪ પૂર્વ ૧૨ અંગો રચી શકે કે નહિ ? ગણધર મહારાજા જેવા કમળ માફક યોગ્યતા ધારણ કરનારા તેવા માટે ત્રિલોકનાથ ભગવાન સૂર્ય સમાન. નાશ પહેલા ઉત્પત્તિ લાવ્યા તેથી उपन्नेइ वा विगमेइ वा બંને જોડે રહેલા છે.

આમ ત્રિલોકનાથ તીર્થંકરો ગણધરમહારાજા જેવા ઉત્તમ જીવો માટે સૂર્ય સમાન, પરંતુ આખા જગતના જીવો માટે 'अभयदए ' ઈહ પરલોક આદાન ભય ટાળવાવાળા આવતા ભયને રોકવો, આવેલા ભયને નાશ કરવા બે કેવી રીતે કહ્યા ? જે વખત મનુષ્યનો ભય ન આવ્યો હોય, તે વખતે મારા કર્મોદય સિવાય, મારા બાંધેલા સિવાય કોઈ મને હેરાન કરનાર નથી, આમ નિર્ભયતા. ભય આવી ગયો ત્યારે મારા બાંધેલા જ આવેલા છે. આ બે પાટી ભણાવી, તેમ પરલોક આદાન ભયને અંગે સમજી લેવું. પરંતુ ચોથો ભય એવો છે કે નિર્માલ્યપણાને લીધે ભય,કેટલાક ભયના કારણો આવે ત્યારે ભય

પામે. કેટલાક કંઈ ભય ન હોયતે ભય પામે. અંધારી રાતમાં ચાલતા હો તો શું થાય છે? ભયના કારણો સિવાય આત્માની નિર્માલ્યતા હોય ત્યારે પોતાની કલ્પના ભયને ખડા કરે છે. ભયનું કારણ નહિં છતાં ઓરડામાં બેઠા છીએ, જાનવર દેખ્યું નથી છતાં પોતાની નિર્માલ્યતાથી થતો ભય મનથી કલ્પના કરી ઉભા કરાતા ભયો તે અકસ્માત ભય, હૃદયની આત્માની નિર્બલતાથી થતા ભયો તેનું નામ અકસ્માત ભય, તે તીર્થંકરોના ઉપદેશને લેવાવાળાને હોય નહિં. પરદેશ વેપાર કરવા જવું પડે તેમાં મૂર્ખાને-મુડી વગરનાને ભય હોય. બાકી કાબેલ છે મિલ્કત છે તેવા મનુષ્યને પરદેશ જવાનો ભય હોય નહિં. જિનેશ્વરના વચનને માનનારા-વળગેલા છે તેવાને અકસ્માત ભય અસર કરતો નથી. કંઈપણ વસ્તુ ઉદય વગર બનતી નથી. હું ધારૂં તે પણ ઉદય વગર કરી શકતો નથી. ઉદયની સાંકળે આખું જગત બંધાયેલું છે. ઉદયના આંકડામાં બધા રહેલા છે. અજીવ પણ કર્મ ઉદયના આંકડામાં છે. જીવને કબુલ પણ અજીવને કર્મ ક્યાં છે? કર્મ નથી તો ઉદય શાનો? એ કર્મનાં આંકડામાં કેવી રીતે? અહીં અજીવ ક્યાં લીધા? ભય ઉત્પન્ન કરનારા સ્થૂલ અજીવ જે ગ્રહણ લાયક વર્ગણા જે બાહ્ય પદાર્થો પરિણમ્યા છે. તે ઉદયવાળા જીવે ગ્રહણ કરેલા છે. અગ્નિ, હવા, ઝાડ તે બધા ઉદયમાં સપડાયેલા છે. ઉદય પ્રમાણે થાય છે તેમાં ભય શો? હું ઉદયના અંકોડામાં રહેલો હોવાથી મને શું થવાનું છે? જે જિનવચનની શ્રદ્ધાવાળા ન હોય ને હૃદયમાં નિર્બળતા-નિર્માલ્યતા હોય તેને અકસ્માત ભય હોય, માટે અકસ્માત ભય નાશ કરનાર જિનેશ્વર ભગવાન છે. જેમ આ લોકભય પરલોકભય આદાન-અકસ્માત ભય આ ચાર ભય જેમ, તેમ મરણ, અપયશ આજીવિકાનો ભય પણ જિનેશ્વરના ઉપદેશથી ટળે છે, તેથી જિનેશ્વરને અભય વિશેષણ દેવાય છે. હવે બાકી ભયો કેવી રીતે ટળે તે અગ્રે.

# દેશના ૭૮
# જગતને મરણનો મહાભય
# ત્યારે સમકિતિને જન્મનો

'अभयदयाणम्' ગણધર મહારાજા જંબુસ્વામીજીને ભગવતીની વાંચના આપતા જણાવી ગયા કે જે મોક્ષ પામવાનો વખત કેવળજ્ઞાન સર્વથા ઘાતીકર્મ દુર કરી શકાય તેવા વખતમાં, જે ક્ષેત્રમાં શાસનની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય ચાલુ રહે, શાસનને આધારે જીવો આત્મકલ્યાણને સાધી શકે તેવા વખતમાં અને ક્ષેત્રમાં ભગવતી સૂત્રનું નિર્માણ થયેલું છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજ કહેનારા સર્વ લબ્ધિના નિધાન એવા ગૌતમસ્વામીજી ઝીલનારા હતા. ૧૧ ગણધરો તીર્થંકરોના ઉપદેશને પામીને ૧૨ અંગ ૧૪ પૂર્વના રચનારા હોય. સુધર્માસ્વામી પણ ૧૧ ગણધરમાંના એક છે તો તેઓ ભગવતીજી ઝીલનારા કેમ નહિં ? જેમ ગૌતમસ્વામીજીનું ગણધરપણું છે, તેવું જ સુધર્માસ્વામીનું ગણધરપણું છે, તો હવે સુધર્માસ્વામીજી ગૌતમના નામે કેમ હવાલો આપે છે? મેં ઝીલ્યું છે તેમ કેમ જંબુસ્વામીને કહેતા નથી. ગૌતમસ્વામીએ ઝીલ્યું તેમ કહે છે? જો કે શાસનની પ્રવૃત્તિ સુધર્માસ્વામીજીની છે, તેથી આગળ નક્કી કરી ગયા છીએ ને કલ્પસૂત્રમાં સાંભળીએ છીએ કે જે વર્તમાન કાળમાં આચાર્યાદિક આર્ય સુધર્માસ્વામીની પરંપરાના છે. બાકીના ગણધરોએ સુધર્માસ્વામીને પોતાના શિષ્યો ભળાવી દીધા, તેથી પરંપરા વગરના છે, તેથી શાસનની પરંપરા સુધર્માસ્વામીને આભારી છે.

**ગમે તેટલા ગણધર સ્થપાય પરંતુ તીર્થ તરીકે પ્રથમ ગણધર.**

તીર્થંકરમહારાજા ૮૪ ગણધરો થાપે, ચાહે ૧૧૬ થાપે ચાહે ૧૧ થાપે છતાં તીર્થ કોણ ? માત્ર પહેલા ગણધર તે જ તીર્થ. તીર્થ તરીકે જાહેર પ્રથમ ગણધર થાય. બીજા ગણધરો ગણધર તરીકે ભલે હોય તીર્થ તરીકે માત્ર પહેલા ગણધર. પ્રશ્ન થશે. ભગવતીજીમાં સંસાર સમુદ્રથી તરવાનું સ્થાન તીર્થ કહીએ તે નામ કોને લાગુ થાય ? તીર્થંકર કહેવાય, પણ તીર્થ નામ કોને લાગુ કરવું ? અરિહંત ભગવાન તીર્થ કરવાવાળા જરૂર પણ તે તીર્થ નહીં તીર્થંકર તે તીર્થ કરે. જો ભગવાનને તીર્થ કહેવાય તો તીર્થંકર એટલે શું ? તીર્થંકરને તીર્થંકર કરનાર એવો અર્થ થઈ જાય. તીર્થ સંજ્ઞા તીર્થ એવું નામ તીર્થંકરને નહીં. અરિહંત તીર્થને કરનારા ચોક્કસ, પણ તીર્થ આખા સંઘને તરવાનું સાધન. તીર્થનો બીજો અર્થ પ્રથમ ગણધર અથવા ચતુર્વિધ સંઘ. પહેલા નંબરે તીર્થ પદવી પહેલા ગણધરને મળી, પહેલા ગણધર ગૌતમસ્વામી છે માટે મહાવીરના શાસનને અંગે તીર્થપદવી મળી છે, તેવા ફક્ત ૧૧ ગણધરમાં ગૌતમસ્વામી છે. સુધર્માસ્વામી તે પોતે ગણધર છતાં હવાલો ગૌતમસ્વામીજીનો દેવો પડ્યો. ગૌતમ તીર્થરૂપ હતા માટે હવાલો આપ્યો. જિનેશ્વરો તીર્થને નમસ્કાર કરે છે તે એક મુદ્દાએ. આ તીર્થંકરની ઉંચી પદવી મળી તે કોના પ્રભાવે મળી? પ્રથમ ગણધર શાસન દ્વાદશાંગી ચતુર્વિધસંઘ રૂપ તીર્થના પ્રભાવે. આ પદવી મળી તેને નિકાચિત કરતી વખતે મદદ કરનાર કોણ હતું ? તત્પૂર્વક શાસન, પ્રથમ ગણધર દ્વાદશાંગી શ્રુત એ પૂર્વક જ અર્હંતપણું માટે જ નમસ્કાર કરે છે, પોતે એને આરાધ્ય ગણે. મોટાએ જેને પૂજ્યા હોય તેને જગત પૂજનારૂં છે. રાજા દશેરાના દિવસે ખીજડાને પૂજે, તેમ બધા જ પૂજે. 'पूजितपूजकलोकः ' તીર્થંકર મહારાજ જો એ શાસન-ગણધર તીર્થનો આદર કરે તો તે જગતમાં આદર કરવા લાયક થાય. મૂળવાતમાં આવો.

તીર્થ તરીકેનો ચાંદ ૧૧ ગણધરો દ્વાદશાંગી ગુંથનાર ૧૪ પૂર્વ રચનારા છતાં પ્રથમ ગણધરને તીર્થની પદવી મળે છે. એ કારણથી ભગવતીજી ઝીલ્યું તેમ સુધર્માસ્વામીજી જણાવે છે. શાસ્ત્રની વાતમાં આવીએ.

**ચુકાદો આપનાર ન્યાયાધીશ કેવા ગુણવાળા હોય ?**

આવા ભગવતીજીમાં ઉત્તર લેનાર તરીકે ગૌતમસ્વામીજીનું જ નામ છે. ગૌતમસ્વામીની જે ભગવતીસૂત્રની વાંચના એ જ વાચના સુધર્માસ્વામીએ જંબુસ્વામીને આપી, માટે કહ્યું કે સુધર્માસ્વામીજીએ જંબુસ્વામીને કહ્યું કે હે જંબુ! ગૌતમસ્વામીએ ઝીલ્યું તેમ કહું છું આ વાચના ગૌતમસ્વામીજીના નામવાળી છે. ગૌતમસ્વામીએ લીધેલી વાચના તે વાચના સુધર્માસ્વામીએ જંબુસ્વામીને આપી. હવે ગૌતમસ્વામી ઝીલનારા, મહાવીર આપનારા કઈ સ્થિતિમાં હતા? સામાન્ય રીતે વીતરાગ અને સર્વજ્ઞ એમનું વચન પ્રમાણ ગણાય. લવાદ કેવો નિમાય? સમજદાર હોય, રોષી ન હોય રાગી માયાવી ન હોય, માયાવી રિશ્વતખોર ન હોય સમજદાર હોય, તેવો હોય તો જ ન્યાયીની આશા રખાય. અહીં પુન્ય પાપ જેવી ચીજનો ચુકાદો લેવો બંધ નિર્જરા, આશ્રવ સંવર, ભયકારણ મોક્ષ કારણ જેવી ચીજનો ચુકાદો લેવો તે કોણ આપી શકે. જીવ કે અજીવ તરફ રાગ-રોષ હોય નહીં તેમ સર્વ પદાર્થોનું પુરેપુરૂં જાણપણું હોય તે જ ચુકાદો આપી શકે. હવે વીતરાગ શબ્દ બોલવો હોય તો બોલજો ન બોલવો હોય તો ન બોલશો. આખા જગતના ચેતન કે અચેતન પદાર્થોમાં જેને રાગ રોષ ન હોય, પછી ભલે વીતરાગ શબ્દ ન બોલો. એવી રીતે એક પણ પદાર્થ તેની જાણ બહાર ન હોય. પદાર્થ ન જાણનારા એવો વિચિત્ર ચુકાદો આપે કે જેનો અમલ કરવો મુશ્કેલ પડે.

**પાદશાહનો હુકમપત્ર બીરબલને અમલમાં આવી શકતો નથી.**

મીયાને પાદશાહે હુકમ આપ્યો કે બીરબલના ચુલામાં ઝાડે

જાવ. મીયાં ગયા, બાંડીયા જાત, મેરા કમ હો ગયા. બીરબલકા નાક કટ્ટા, બીરબલના હાથમાં ચીઠ્ઠી આપી. માથે ચડાવી, દસ ચુલે હૈ આપકો કિસ ચુલેમે જાના હે ? વો કહીયે. પરિચયવાળો છે બીરબલ અહિં જમે છે તે જાણે છે. આ રસોડું ખાલી કરો નોકરને કહ્યું. તે ઓરડો ખાલી કર્યો, ઝાડે બેઠો હવે બીરબલ કહે છે દેખીયે એક વાત, ઝાડે જાનેકા હુકમ હે, પૈસાબકા હુકમ નહી હૈ, પાદશાહ અક્કલબાજ હે, મુસલમાની મઝહબ મેં જીતના જંગલ નાપાકપણા નહી હે તેટલા પેસાબકા નાપકપણા હે, ઝાડે ફરવા જાય તો ગુદા સાફ ન કરે પણ પેસાબકા સ્થાન ઢેફાથી સાફ કરે. પેસાબકા હુકમ ન દીયા, એકપણ પેસાબકા બુંદ પડેગા તો કાટ ડાલુંગા. સમજદારી વગરનો હુકમ કાગળપર રહે છે અમલમાં નથી આવતા. પુન્ય પાપના ચુકાદા દેશે પણ સમજદાર ન હોય તો શી સ્થિતિ થાય ? જો કોઈ પણ ચુકાદા દેનાર હોય તે વાતની પરિપૂર્ણ માહિતીવાળા હોવા જોઈએ. રોષ રાગવાળ હોય તો કદીપણ ચુકાદા નિષ્પક્ષ બરાબર નહીં દે. જેમ જગતના કોઈપણ પદાર્થના જડ ચેતન સ્વ કે પર પદાર્થ હોય તેમાં રાગ રોષ ન હોય, સર્વ પદાર્થની બરાબર જાણ હોય તે જ  બરાબર નિરૂપણ કરી શકે. સર્વને જાણનારા હોય, રાગ રોષ રહિત હોય ત્રીજું પગથીયું લે છે. જગતને તારવું એ મારી ફરજ છે, એ ફરજથી બંધાયેલ હોય 'नमो तित्थस्स' એ શબ્દ શા માટે કહ્યો ? તીર્થંકરોની ફરજ કર્તવ્ય-ધ્યેય માંહે આંતરનારા ન થાય, તરે એ જ ધ્યેય એ ધ્યેય રાખવાવાળા. બીજા કોઈ પણ જીવના એક વખત કરેલા વધ બંધન હેરાનગતિ-પરિતાપ-મારવું ખોટા આળ મુકવા પારકું ધન લુંટી લેવું પડાવી લેવું ચોરી કરવી થાપણ અનામત ઓળવવી. આ વિગેરે એક વખત કર્યા હોય તો જઘન્યથી ઓછામાં ઓછું દસગણું ઉદયમાં આવે છે, અર્થાત્ ભોગવવું પડે છે, વળી જો તીવ્ર-તીવ્રતર તીવ્રતમ રોષ દ્વેષ કે ક્રોધાદિકકષાય પૂર્વક જણાવેલા પાપો

કરવામાં આવે તો સોહજાર-લાખ-ક્રોડાક્રોડ ગણું ઉદયમાં આવે છે અને તેના વિપાકો આ જીવને નરકાદિ દુર્ગતિમાં ભોગવવા પડે છે. તે જ તીર્થંકરો કહે. તેની લાઈનમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજા હતા. આગળ વધેલા કોલેજીયનોને માલમ હોય કે કેમ એલ.એલ.બી. L.L.B. થવાય છે? તીર્થંકર શબ્દ કહી દીધો પણ તીર્થકરપણામાં કઈ સ્થિતિ જોઈએ? શાસન સ્થાપનારા, વ્યવસ્થા કરનારા, આદિ કરનારા વિગરે વિશેષણવાળા, નિર્ભય કરનારા, આઝાદી કરનારા આપણો આત્મા આઝાદ ક્યારે થાય? નિર્ભયપણું હોય ત્યારે જ આઝાદી ગણાય. સમૃદ્ધપણું હોય ત્યારે આબાદ ગણાય. પોતાના આત્માને ખપ્પરમાં હોમાયેલો હોય ત્યાં સુધી માનેલી આઝાદી ખરેખર આઝાદી નથી, પણ ગુલામી છે. આઝાદી ક્યાં છે, ભયનું ખપ્પર તોડનાર હોય તો કેવળ ત્રિલોકનાથ તીર્થંકર છે, ઈહલોકનો ભય જીવોને જેની ઉપર ભય આવે છે તે ભય દેનારને આવી રીતે સમજાવે છે.

वहमारण अब्भक्खाण - दाणपरधणविलोवणाइणं ।
सव्वजहन्नो उदओ, दसगुणिओ एक्कसि कयाणं ।।
तिव्वयरे उ पओसे, सयगुणिओ सयसहस्स कोडि गुणो ।
कोडाकोडि गुणो वा, हुज्ज विवागो बहुतरो वा ।। (उपदेशमाला)।।

**છાશમાં માખણ જાય ને રાંડ ફુવડ ગણાય.**

એક વખતનું કોઈ વખત નુકશાન કરે તો ઓછામાં ઓછું દશ વખત તને નુકશાન થવાનું. ૧૦૦-૧૦૦ ગણું થાય તે વાત જુદી પણ ઓછામાં ઓછું દસગણું તો થવાનું જ. તેમ ભય પામવાવાળાને જણાવ્યું કે તેં કરેલું તે જ તારે ભોગવવાનું છે, એવું ન કરીશ કે 'છાશમાં માખણ જાય ને રાંડ ફુવડ ગણાય' તું હેરાન થાય ભોગવે ને ભોગવેલું એળે જાય. એ જ વેદના પાછી આવી પૂર્વ ભવના વેર હોય તેથી તને નુકશાન કર્યું. તું પણ સામાં વેરમાં આવ્યો, આવતા ભવ

માટે વેર ઉભું કર્યું, અહી સહન કર્યું તે એળે ગયું, રોગ થયો વેદના સહન થાય આર્તધ્યાન કરે. વેદના સહન કરી પણ આર્તધ્યાનથી નવું કર્મ પેદા કર્યું ભોગવ્યું તે એળે ગયું. ભોગવેલું એળે ન જાય તેને માટે એક જ રસ્તો. મારા બાંધેલા મારે ભોગવવાના જ, એ તો નિમિત્ત માત્ર છે, પેટમાં દુખે તે નિમિત્ત તે કર્મ અશાતાના ભોગવવાના. આંખ, દાઢ, મોમાં દુખે તે બધાએ દ્વારા કર્મો ભોગવવાના. તેમ બહારના પદાર્થો બધા માત્ર નિમિત્તો છે, એ વાત જણાવવા માટે,

सव्वो पुव्वकयाणं कम्माणं पावए फल विवागं ।

अवराहेसु गुणेसु य णिमित्तमित्तं परो होइ ।।

સર્વ જીવો કોઈ સુખ પામે કોઈ દુઃખ પામે. બધા સુખી કે દુઃખી નથી હોતા પણ જગતના સર્વ જીવો સુખ પામે અથવા દુઃખ પામે તે પૂર્વે પોતે કરેલા કર્મ, તેનો જ આ શુભ કે અશુભ વિપાક છે. શુભ કર્મનો અશુભ વિપાક ન હોય. અશુભનો શુભ વિપાક હોય જ નહીં. એણે સુખ કે દુઃખ દીધું. સિંહને બાણ વાગે મનુષ્યનો હાથ વાગતો નથી. ગુનેગાર પથરો કે બાણ કે મનુષ્ય કે તેનો હાથ? વાગ્યો પથરો કે બાણ? મનુષ્ય છેટો છે હાથ અડક્યો નથી, છેટો છે છતાં છેટે રહેલો મનુષ્ય ગુનેગાર. ખુદ અડેલો પત્થર કે બાણ ગુનેગાર નથી. તારા હિસાબે ગુનેગાર પત્થર હોવો જોઈએ. બાણ ગુનેગાર હોવું જોઈએ. વાત ખરી, પરંતુ મારનારના જોરે પત્થર કે બાણ આવ્યું ને વાગ્યું. જેમ એ છેટો રહેલો પરંતુ ખરેખર પત્થર વગાડનાર ગુનેગાર ગણાયો. પત્થર બાણ મારનાર ન ગણાયા તેમ ચાહે તને નુકશાન ચાહે તો ફાયદો થાય, દુઃખ-સુખ થાય તેમાં આ બધા જીવો પત્થર-બાણ પેઠે માત્ર નિમિત્ત છે. તારા અશાતાનો ઉદય ન હોય તો તને મારવાની બુદ્ધિ કોઈને ન થાય. તારા કર્મોથી જ એ પ્રેરાયો છે. ખરૂં કારણ હોય તો માત્ર પોતાનો પાપનો ઉદય.

આ લોકનો ભય એટલો મનુષ્યને કાળજું નહીં કંપાવે અકસ્માત વિગરે ભય તેટલું કાળજું નહિ કંપાવે, જેટલું આજીવિકાનો ભય કાળજું કંપાવશે. આના આધારે જીવશું. મનુષ્ય સિવાયના બધા જીવો આયુષ્યો ભોગવે છે. કબુતરો, ચકલાઓ ક્યાં ખેતરો વાવે છે ? જ્યાં સુધી એનું જીવન ટકવાનું છે ત્યાં સુધી જીવનના સાધનો મળવાના છે. જીવન પુરૂં થાય પછી ચાહે જેટલા સાધનો મળે તો પણ જીવતા નથી. જ્યાં જીવવાને લાયક આયુષ્ય છે ત્યાં સુધી જીવવાના સાધન મળવાના છે. ખોરાકની અસર આયુષ્ય પર ખરી કે નહિ ? વધારે ખોરાક ખાવાથી આયુષ્ય ઘટે ને મરી જાય, અજીરણ થાય.

**આયુષ્ય બે પ્રકાર ?**

ખોરાકનો અભાવ પણ આ આયુષ્યને ખતમ કરનાર પરંતુ ઊંડા ઉતરો, આયુષ્ય બે પ્રકારનું હોય.એક નિરૂપક્રમ-એક સોપક્રમ આયુ. જે આયુષ્ય ઉપઘાતના કારણો મળવાથી જલ્દી ભોગવાઈ જાય. કર્મ ભોગવવાની અપેક્ષાએ આયુ તૂટતુ નથી. કાળ પુરો થયા પહેલા મરણ થાય તે અકાળ મરણ. તે ઉપક્રમવાળું એટલે સોપક્રમ. જેમાં અકાળમરણ નહીં તે નિરૂપક્રમ આયુષ્ય. આ જગો પર આયુષ્ય એવું થાય કેમ ? ઘડીયાળ હોય તેને ૨૪ કલાકની ચાવી હોય. ૨૪ કલાક ચાલે. અઠવાડિયાની કુંચી હોય તેને અઠવાડિયા ચાલે તેવી કહેવાય. ઠેસી ખસી ગઈ, કમાન છટકી ગઈ. સરર કરતા તરત ચાવી ઉતરી ગઈ. ક્રમસર ચોવીશ કલાક કે આઠ દિવસ ચલાવવાની હતી. ઉતારવાની હતી. તે એકદમ ઉતરી ગઈ. તેમ આયુના પુદ્ગલો ક્રમે ક્રમે ભોગવવાના હતા, તે એકદમ એક સામટા ભોગવી લીધા તે અકાળ મરણ કહો, ઉપક્રમ કહો. આયુષ્ય લાંબુ બાંધેલું જલ્દી ભોગવાઈ ગયું. આયુષ્ય જબરુ હોય તો ચાહે તેવા ઉપક્રમ લાગે તો પણ મૃત્યુ ન પામે. ઠેસ વાગે તે મરી જાયને, કુવામાં ડૂબેલો બચી જાય છે. આયુષ્ય સિવાય

બીજું એક પણ કારણ આગળ કહી શકીએ તેમ નથી. ઉપક્રમવાળું આયુષ્ય અત્યારે ન થાય. બાંધતી વખતે ઢીલું બાંધેલું હોય તો સોપક્રમ હોય. બાંધતી વખતે ઢીલું બાંધ્યું તેથી જ ભય. મજબુત કે ઢીલું-નિરૂપક્રમ કે સોપક્રમ આયુષ્ય જેવી રીતે બાંધ્યું તેવી જ રીતે ભોગવવાનું થવાનું. સુખ મેળવવાની ઈચ્છા દુઃખ ત્યાગની ઈચ્છા તે બધી કર્મ બંધાવનારી છે. આ સિદ્ધાંત ખ્યાલમાં આવે ત્યારે તેને આજીવિકાનો વિચાર ન થાય. મરણ ભય કોઈપણ ગતિ, જાતિ મરણના ભય વગરની નથી. કીડી મંકોડી મોતની ભીતિ લાગે તો ભાગાભાગી કરવા લાગે.

**દરેકને મરણ ભય હોય ત્યારે સમકિતીને જન્મનો ભય હોય.**

મોતનો ભય ચારે ગતિમાં, પાંચે જાતિમાં એક સરખો વ્યાપીને રહેલો છે, છતાં મોતનોભય સમ્યગ્દૃષ્ટિને ન હોય. સમ્યગ્દૃષ્ટિને ભય હોય પણ તેને જન્મનો ભય હોય. સમ્યગ્દૃષ્ટિ સંસારમાં જનમવું તે ભયંકર ગણે. અન્યમતોમાં મોત વિધાતાએ લખેલી ચીજ છે. ઈશ્વરો પરમેશ્વરો તેમના અવતારો માન્યા પણ એકે માટી કે રાખોડામાં ન ભળ્યા હોય, પંચત્વ ન પામ્યા હોય તેવા ઈશ્વર કે પરમેશ્વર કોઈમાં છે?

'जातस्य हि ध्रुवं मृत्युः' જે વસ્તુ જગતમાં નિયમિત થવાની છે જેનાથી બચવાનો ઉપાય નથી, તેવી વસ્તુને આગળ કરી અધીરા બનવું નિરર્થક છે. તેથી સમ્યગ્દૃષ્ટિને ભય હોય તો માત્ર જનમનો, સર્વથા નિર્ભય સર્વવિરતિ સાધુ છે. આયુષ્ય પુરૂં થાય પછી ઉત્તમ સ્થાન મળવાનું છે. એવા વિરતિ આરાધના કરનારા સમાધિ મરણ પામનારા દુર્ગતિમાં નહિ જવાના. સર્ટીફીકેટ પ્રમાણપત્રવાળાને તો દરિદ્રની છોકરીને શેઠને ઘેર વળાવું થાય તે વખતે તેને અફસોસ ન હોય. તેમ અહીં જેઓએ આરાધના પુન્યના કામો કર્યા છે તેવા સાધુને સદ્ગતિએ જવાનું હોય, આનંદ-ઓચ્છવ રૂપ હોય. તેમ મહાત્મા પોતાને અંગે માને.ભક્તોને કે અનુસરનારાને ઓચ્છવ નહીં.

કેટલાક એમ માને છે કે ભક્તોને અફસોસ થાય તો મિથ્યાત્વ. ભક્તોને આનંદ થવો જોઈએ. મહાવીર મહારાજાએ કાળ કર્યો. ગૌતમાદિકની શી દશા થઈ? વૈક્રિય શરીરવાળા ઈંદ્રાદિકને પણ ભગવંતના નિર્વાણને અંગે શોક થાય. ભક્તિ શોક સહિત. ભક્તિને હર્ષમાં મેલી દે, શોકને ઉડાડી દે તેવા મધ્યસ્થ્ય ભાવનાના વિષય થાય તે માટે શું કહેવું? તીર્થંકરના નિર્વાણને અંગે લોકમાં અંધારૂં હોય. રાજ્ય છત્રભંગ થવાના હોય; જગતમાં ઉત્પાત થવાનો હોય, તેમ જગતમાં તીર્થંકરનું નિર્વાણ થાય તે ઉત્પાત ગણાય. ભક્તિ અને શોક બંને થાય છે. એમના હિસાબે ગૌતમસ્વામી, ઈન્દ્રોને કેવા માનવા? મહાત્માના વિયોગને અંગે શોક માનનારા મિથ્યાત્વી નથી. મહાત્મા પુરૂષ પોતાના મરણને અંગે પોતે અફસોસ ન કરે, તે મરણના ભયમાં ન હોય. જીવવાની આશા, મરણના ભય બંનેથી મહાત્મા મુક્ત હોય, એવું ન જાણે તેવાને શાસ્ત્ર સીધું ન પરિણમે. સીધા વાક્યો, મહાત્માના વિચારના વાક્યો ભક્તોને લગાડે. તેવા મહાત્મા મસ્ત આનંદ તેમ બોલતાં કેમ શરમાય નહિં?

ચાલું વિષયમાં આવો, જીવ માત્ર, જાતિ માત્ર, ગતિમાત્રને ભય કરનારી ચીજ છતાં જિનેશ્વર ભગવાન તે ભયને ટાળી શકે છે. આયુષ્ય હોય ત્યાં સુધી કોઈ મરવાનું નથી. ખતમ થયા પછી કોઈ જીવાડનાર નથી. જેઓએ સૃષ્ટિ કરવાવાળા માન્યા તેઓ પણ માટી રાખ ભેગા થાય છે. તેવાને પણ તે દશા છે. આપણે તેવા માન્યા નથી. આખી દ્વારિકા કરનારા ક્યાં ગયા? ચક્રવર્તી વાસુદેવ જેવા પણ માટી કે રાખમાં મળી જાય છે. માટે મરણનો ભય જ ન રાખ. એક જ વાત ધ્યાનમાં રાખ કે આરાધક થઈને મરવું, આરાધકપણે મરવું. રાજીનામું દઈ નીકળવું, પણ શેઠ રજા આપે તેમાં શોભા નથી. તેમ નીકળાય તો બસ. જ્યાં શેઠ નીકળવાનું કહે, નોકર રહેવાનું કહે તેમાં શોભા કઈ?

હું કોઈપણ પ્રકારે બચું હે વૈદરાજ! હે દાકતર ! સારો કરો એ જ રજા. 'વોસિરે કહી દો' કાલે આવતું હોય તો મરણ આજ આવે તેનું નામ રાજીનામું. યાવત્ જીવન માટે અણસણ સંલેખના કરી તૈયાર થાવ. તમારે તો રહેવું હતું પણ રાખ્યા નહિં. સંઘર્યા નહિં. દાકતર વૈદની આજીજી કરવી છે. દવાના બાટલા ફોડવા છે. એનો અર્થ શો ? ધક્કો મારીને કાઢયા. આ જીવનમાં ધક્કો મારીને કાઢે તેવી સ્થિતિનો વખત આવે તે સમજુને ન શોભે. સમજુને રાજીનામું શોભે. શેરડીનો સાંઠો ગળ્યો, રસે ભરેલો પણ ઠેઠ સુધી મીઠો નહિં. શેરડીનો સાંઠો ઠેઠ સુધી મીઠો નથી, તેમ આ જીવનનો ઠેઠ સુધી છેડો લેવો છે ? આમ મરણનું આરાધન, જીવિતની આશા ન રખાય. આમ મરણનો ભય ન રાખવો. મરણનો ભય ટળાવનાર હોય તો ત્રિલોકનાથ તીર્થંકર.

**અપકીર્તિનો ભય**

તેમ મોટામાં મોટો ભય ક્યો ? અપકીર્તિ. એ એવો સજ્જડ ભય જે ભય પાસે 'ઈહલોકાદિ' ભય તેટલી અસર કરનારા નથી. પણ શાસ્ત્રકાર કહે છે કે કીર્તિ ખેંચી આવવાની નથી. દોરડું બાંધી ગાય, ભેંસ, બકરીને ખેંચી લવાય. ત્યારે કીર્તિ એ પણ એક શુભ કર્મ છે. અપકીર્તિ અશુભ કર્મ છે. જેવું જસકીર્તિનું કર્મ બાંધ્યું હશે તેવી શુભ કે અશુભ કીર્તિ થશે.

જે કામ શેઠ કરે તેમાં બિચારા શેઠને ખત્તા ખાવાના. ધાર્મિક કામ ઘણા કરે. ઓચ્છવાદિક કરે પણ છેવટે ખાસડા ખાય. એક કામ એવું કરું કે જેમાં મને જસ આવે. નાત જમાડી તેમાં બહારની ચીજ લાવી જમાડવી પડે છે. શેઠીયાઓને બોલાવીને પૂછ્યું કે આપણી નાતમાં ઘર મનુષ્ય કેટલા ? સારામાં સારૂં જમણ કરો, કેટલો ખર્ચ થાય ? (૫૦૦) પાંચસો રૂપીયા હદ થઈ ગયા. શેઠે ૫૦૦)રૂપીયા આપ્યા. તમારી મેળે મનુષ્યો, રસોઈયાને બોલવવા, મને પૂછશો નહિં.

મારા અપયશનો ઉદય છે જેથી જસ મળતો નથી. શેઠીયાના હાથમાં તમામ કામ સોંપ્યું. નાત જમવાને આગલે દિવસે વિચાર આવ્યો. હાથનું બાળ્યું ને પરનું સમાર્યું. પરના સમાર્યામાં તેટલો રસ ન હોય કે જેટલો હાથે બળતા રસ રહે. લાવ જોઈ આવું. શીયાળાનો દિવસ, રાતના નવ વાગે શેઠને ઘેર ગયો, તૈયાર માલ બતાવશો? શેઠીયાથી ના ન કહેવાય, લાડુ કઠણ થઈ ગયા હતા, ઘીની કચાશ છે શીયાળો હોવાથી. ઘરધણી કહે છે કે ઘી નાંખવું જોઈએ, ઘી ન નાખે તો વગોવાય તો શેઠીયાઓ કહે નાખો. ઉનું કરી ઘી નાખતાં એકકુંડી દીવા માટે દીવેલની રાખેલી. તેમાં દીવેલ રાતના નંખાઈ ગયું. નાતમાં દીવેલના લાડુ પીરસાયા, અપકીર્તિનો ઉદય હતો તેથી જસના ફાંફાં મારવા છતાં સારૂ કરવા જાય તો પણ અપયશ મળે, તો અવળું કરે ને અપકીર્તિનો ઉદય હોય તેનું શું થાય? કીર્તિ એ પણ નામકર્મ. અપકીર્તિ એ પણ નામ કર્મ માનીએ છીએ. જો કીર્તિની ઈચ્છા કરી તો અપકીર્તિ બાંધશો. દીવો કરશો તો અજવાળું થશે. તમો અજવાળું કરવા માંગો તો અજવાળું ન થાય. તેમ ધર્મ શાસનના આત્મકલ્યાણના કાર્યો કરશો તો આપો-આપ જસકીર્તિ થશે. આ નામકર્મની સ્થિતિ તેની અભિલાષા ઉલ્ટે રસ્તે લઈ જનારી છે. આમ સાતે ભયો દુર કરનાર ત્રિલોકનાથ, તીર્થંકરે ભયો ટાળ્યા પણ પોતાને હાથે થતી આપત્તિઓ આંખ વગર દુર ન કરી શકે તેથી 'ચખ્ખુદએ' ની વ્યાખ્યા અગ્રે-

# દેશના ૭૯
# રેતીના થાંભલા ઉપર જીવનની મહેલાત.

चक्खुदये मग्गदए सरणदए

ગણધર મહારાજા ભગવતીસૂત્રની વાચના આપતા આગળ જણાવી ગયા કે જીવને ક્ષપકશ્રેણી કેવળજ્ઞાન મોક્ષ વિગેરે થતા હતા, તે જ કાળમાં આ ભગવતીસૂત્ર રચવામાં આવ્યું. કાળ ભરત ઐરવતની અપેક્ષાએ લઈએ, મહાવિદેહની વિજયમાં લઈએ તો ૩૨ હજાર દેશમાં કર્મભૂમિમાં કાળનો ફરક નથી. કાળ કર્મભૂમિમાં સામાન્ય છે. મોક્ષ આર્યક્ષેત્રમાં જ પ્રવર્તે, આર્ય ક્ષેત્રમાં દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી છેલ્લા પૂર્વધર થયા તેથી મહાવીર પ્રભુ ના શાસનમાં ત્યાં સુધી પૂર્વનું જ્ઞાન પ્રવર્ત્યું. ૨૫$\frac{૧}{૨}$ આર્ય ક્ષેત્રમાં જ શાસનની પ્રવૃત્તિ ગણી, તે પ્રવૃત્તિ આર્યક્ષેત્રમાં હોવાથી મોક્ષની મુખ્યતાએ પ્રાપ્તિ આર્યક્ષેત્રમાં. તેથી મોક્ષના કાળ અને ક્ષેત્રમાં આ ભગવતીની ઉત્પત્તિ હતી તે જણાવ્યા છતાં ઉત્પન્ન કરનાર કોણ? એનું એ જ ચક્ર વાસુદેવના હાથમાં પ્રતિવાસુદેવે ફેંકેલું ચક્ર કંઈ પણ વાસુદેવને કરતું નથી. એ જ ચક્ર વાસુદેવ હાથમાં લઈ પ્રતિવાસુદેવ સામે ફેંકે ત્યારે પ્રતિવાસુદેવનો કાળ કરનારૂં થાય, પ્રતિવાસુદેવ તેટલો પુન્યશાળી નહિ. વાસુદેવ તેથી પુન્યશાળી જેથી પ્રતિવાસુદેવને મારનારૂં થાય. તેમ ભગવતીસૂત્ર અર્પણ કરનાર કોણ? જો અર્પણ કરનાર પુન્યશાળી હોય તો બીજાને મોક્ષ દેનાર થાય. ભગવતીસૂત્ર મોક્ષ પમાડે; સદ્‌ગતિ આપે, આત્મકલ્યાણ

કરનાર પણ એ જ ભગવતી કુપાત્રને આપવામાં આવ્યું હોય તો તેની અશાતાના દુરૂપયોગ કરે.આરંભ વિષય કશાયમાં જોડે તો દુર્ગતિ કરનાર થાય. સુપાત્રને આપેલું સદ્‌ગતિ આપનાર, કુપાત્રને આપે તો દુર્ગતિનું કારણ બને. હવે ભગવતી કોણે કોને આપ્યું ? હે જંબુ ! આ ભગવતી સૂત્ર એવા મહાપુરૂષે આપ્યું છે કે જે મહાપુરુષ જન્માંતરથી જગતના ઉદ્ધાર માટે કટીબદ્ધ હતા. नैकस्मिन् , न द्वयो: किन्तु भावितभावो भवेष्वनेकेषु અનેક ભવથી જગતના ઉદ્ધાર માટેની ભાવનાથી વાસિત થયા હતા. એક ભવમાં બે ભવમાં નહિં પણ અનેક ભવોમાં. ત્રણ ભવો તો ઓછામાં ઓછા ભાવિત ભાવવાળા હોય. એક કોડાકોડ સુધીથી તીર્થંકર નામકર્મ બાંધતા આવે, પણ નિકાચિત કરવામાં આવે પછી ત્રણ ભવથી વધારે ભવ ન કરવાના હોય. અનેક ભવોથી જગતના ઉદ્ધારના લક્ષવાળા છે.

**સર્વ તીર્થંકરો સમાન છતાં મૂળનાયક અને પરિવારભૂત એવો વિભાગ કેમ ?**

ભગવાન જિનેશ્વર મહારાજની પૂજા માટે શંકા કરી કે ૨૪ તીર્થંકરો એક સરખા છે. ૨૪માં કંઈપણ ફરક નથી. ચાહે ૧૨મા કે ૨૨મા હોય તેમા તીર્થંકરમાં ફરક નથી. મૂળનાયકને નાયક શું ? નાયકને નોકર શો ? ૨૪ તીર્થંકર સરખા તેમાં નાયક આ મૂળનાયક, આ મૂળનાયક નહીં આ વળી શું ? આમ શંકાકારે કહ્યું. એક તીર્થંકરમાં ન્યૂનતા અધિકતા નથી. આપણે અરિહંતો ચોવીસે તીર્થંકરો સરખા હોવા જોઈએ.જે મનુષ્ય દેરાસરમાં પેસે તેની પ્રથમ દૃષ્ટિ ક્યાં જાય ? પ્રથમ દૃષ્ટિ વચમાં બેઠેલા હોય ત્યાં જ જાય. હવે પહેલી દૃષ્ટિ જાય, પહેલી દૃષ્ટિ વખતે જે ભાવોલ્લાસ થાય તે બીજી વખત ન થાય માટે એમને મૂળનાયક કહીએ છીએ. એટલુંજ નહિં પણ તેમના માટે વ્યવસ્થા રાખી, પોતા પાસે જેટલી સારી પૂજા સામગ્રી હોય તેટલી મૂળનાયકને

ચડાવવી તેનું કારણ? તેમાંથી વધે તો બીજા ભગવાનને ચડાવવી તેનું કારણ? પહેલ વહેલા પ્રવેશ કરનારને ભાવોલ્લાસનું કારણ. પહેલ વહેલા આવનારને મૂળનાયકજી પ્રમોદનું કારણ બને માટે ત્યાં પ્રથમ પુષ્પાદિક પૂજાનો સામાન ચડાવવાનો છે. બીજા આત્માઓને ભાવોલ્લાસ થાય, અરિહંતની તો ભક્તિ હતી. અરિહંતની ભક્તિમાં ડાબે જમણે પડખે ચડાવો ભોંયરામાં ચડાવો પણ ભવ્યજીવોને ઉપકારનું કારણ મૂળનાયકજી. મૂળનાયકપણાની કલ્પના મૂળનાયકને ચડાવવાનો વિધિ શા માટે? ભવ્યોના કલ્યાણ માટે. પોતાનું કલ્યાણ ચાહે તે ભગવાનને ચડાવે ત્યાં છે, પણ ભવ્યોના કલ્યાણ માટે મૂળયનાયકજીને ચડાવવામાં આવે છે. અરિહંત મહારાજની પૂજા કરી પરંતુ એ અરિહંતની ભક્તિમાં દૃષ્ટિ કંઈ? ભવ્યજીવોના ઉદ્ધારની. આમ ભવ ભવાંતરોથી દરેક ધર્મક્રિયામાં આત્માના કલ્યાણ સાથે જગતના કલ્યાણની દૃષ્ટિ ચાલુ રહે. માસખમણના પચ્ચક્ખાણ કર્યા, ઘેર બેસી માસખમણના પચ્ચક્ખાણ લેવા. વાજતે ગાજતે કેમ પચ્ચક્ખાણ લેવા જાવ છો? તેમ ન જાવ તો માસખમણ નહી? માસખમણ તો છે જ. ભોંયરામાં પચ્ચક્ખાણ કરી મહિના સુધી ઉપવાસ કરો તો તે એકલું આત્મકલ્યાણ કરનાર છે. વાજતે ગાજતે ઉપાશ્રયે જઈ પચ્ચક્ખાણ લીધું તો શાસન પ્રભાવના. અહો હો, લોકોનું કલ્યાણ પોતાના કલ્યાણ સાથે જગતને કલ્યાણના રસ્તે જોડે તો ઉદ્ધારની દૃષ્ટિ હોય તો તીર્થંકર થવાય. એક પણ જીવ ધર્મથી ન ખસે. ધર્મમાં જોડાય જોડાય ને જોડાય તે બુદ્ધિ હોય. માસખમણનો મહિમા મનમાં રહે તો તેમ ચિંતવનારનું કલ્યાણ. જેમ માસખમણનો મહિમા તેમ કેવળ જિનેશ્વરના ગુણનો મહિમા. ધર્મ પામવાનો, શાસનનો મહિમા ઓતપ્રોત થયો હોય તે અનેક જન્મ સુધી ધર્મમાં જોડનાર થાય ત્યારે તીર્થંકર થઈ શકે. દેવતાના ભવમાં જાય ત્યાં પણ નંદીશ્વરાદિકમાં કરે. ચોમાસી, ઓળી, પર્યુષણ

આવ્યા યાદ કરી નંદીશ્વરાદિકમાં યાત્રાર્થે જાય. આમ જન્માન્તરથી જગત્ ઉદ્ધાર માટે કટીબદ્ધ થયા તેવા મહાવીર મહારાજે ગણધર મહારાજને ભગવતી સૂત્ર અર્પણ કર્યું.

**ગણધર નામકર્મ કોણ નિકાચિત કરે ?**

જેમ જિનનામનું કર્મ છે તે તીર્થંકર નામકર્મને અંગે, જોડે ગણધર નામકર્મ પણ ઉપલક્ષણથી સમજવું. જેમ તીર્થંકર નામકર્મ નિકાચિત થાય તેમ ગણધર નામકર્મ બંધાય તે નિકાચિત થાય. ગણધર નામકર્મ તેઓ બાંધે કે મારા કુંટુંબમાં મારા સંસર્ગમાં આવ્યો તે લાભ કેમ ન મેળવે ? ચંદનના ઝાડ નીચે બેઠો, ગુલાબના છોડ નીચે બેઠો, સુગંધ અને શીતળતા ન આપે પછી તે ચંદન કે ગુલાબનું ઝાડ શાનુ ? ઉત્તમ ઝાડ શાનું ? ઝાડ સરખું, નીચે બેસનારને સગુંધથી વાસીત કરી દે તો મારા સરખા ધર્મ સમજનારના સંસર્ગમાં આવનારને વાસીત ન કરું તો હું ધર્મ પામ્યો શા કામનો ? જેઓ કુંટુંબમાં સંસર્ગમાં આવનારને ધર્મમાં જોડે તેઓ ગણધર નામકર્મ બાંધે. જેને આમ કુંટુંબના ઉદ્ધારની દષ્ટિથી ગણધર નામકર્મ બાંધ્યું છે તેવા ગૌતમસ્વામી ભગવતીસૂત્ર ઝીલનાર છે.

**પાપ અને ભયની કૃત્રિમ અસર**

શ્રમણ ભગવાન તે વખતે કઈ સ્થિતિમાં હતા ? જગતમાં કેટલાક આંખના દાંતના દાક્તર હોય છે. જુદા જુદા રોગના નિષ્ણાત હોય છે, તેમ જિનેશ્વરો કઈ સ્થિતિએ હતા ? તીર્થ સ્થાપનાર વ્યવસ્થા કરનાર તરીકે જગતના જીવોમાં ઉત્તમ તેમ જગતના જીવોના હૃદયને હચમચાવી મેલે તેવા ભયો ચાહે જેવો આનંદ હોય, કાળની ઉપર હર્ષની તેટલી અસર નથી,જેટલી શોકની અસર કાળની ઉપર થાય. તે બંને કરતાં ભય વખતે વધારે અસર થાય છે. સ્વર, ચહેરા ને કાળ ત્રણે પર શોકની જબરી અસર થાય છે. ફોનોગ્રાફ માફક ભય લાગે છે. પાપ

ભવોભવ માટે ભયંકર છે, ભવોભવ દુઃખ દેનાર છે, પાપ અનેક ભવો વધારનાર છે, આમ બોલીએ છીએ પણ પણ ફોનોગ્રાફ માફક બોલાય છે. દાખલો મલે ત્યાં કોઈને બોલવાનો વખત નથી. જેમ શાસ્ત્રનો દાખલો તેમ દુનિયામાં દાખલો એક મળે પછી બોલવાનો વખત ન આવે. પાપની વાત કરનાર ગળાથી બોલે છે, અંતઃકરણથી નહિ. ભવોભવ હેરાન કરનાર પાપ છે તે ગળામાંથી બોલાય છે. ફોનોગ્રાફની ચુડી માફક બોલાય છે. આપણે સુતા હોઈએ સ્વપ્નમાં ઘોર પાપનું કારણ થયું. એક તીર્થંકરની મૂર્તિ ખંડિત થઈ અગર સાધુને મારી નાખ્યા. આપણે મને ખરાબ સ્વપ્નું આવ્યું એમ કૃત્રિમ સ્વર બગાડી બગાડી બોલીએ, પણ સુતા હોઈએ અને સાપ પગે વળગ્યો, પગ અફાળ્યો, જાગ્યા; તે વખતે પાંચ મિનિટ સુધી સ્વર ભાંગી ગયો. તે પાંચ મિનીટ સુધી ઠેકાણે નથી આવતો, ધડધડ છાતી ધ્રુજે છે. સ્વપ્નમાં સાપે કેટલી અસરી કરી? એ પાપને અંગે કૃત્રિમ શબ્દ ભેદાય. જે સાપની વાત દેખી તેને અંગે શબ્દ ભેદાઈ જાય, સ્વર ભેદાઈ જાય, કાળજું ધડધડ થાય, પણ હજુ નાભિમાં પાપનો તેવો અસરકારક ભય નથી પેઠો, જેવો સાપનો ભય પેઠો છે. તેમાં જ્ઞાનીને પૂછવાની જરૂર નથી. તમારા હાથે તે પરીક્ષા-નિશ્ચય કરી શકાશે. હજુ આત્મા કઈ સ્થિતિમાં છે તે પોતે જ નિશ્ચય કરી શકશે. આત્માને સંપત્તિની તેમજ દુઃખોની અસર નથી તેવી અસર ભયની છે. તેવી ભયની અસર ભયંકર હોવાથી તીર્થંકરને અંગે વિશેષણ કહેવું પડ્યું કે 'અભયદએ' તીર્થંકરના વચનો શ્રવણ કરનાર, માનનાર, લીન રહેનાર ભયની અસરથી મુક્ત હોય. તેને ભયની અસર ન હોય.

**શ્રીમતીની નવકારમાં શ્રદ્ધા.**

શ્રીમતીના નવકારથી ફુલની માળા થઈ. ફણીધર ફીટી ફુલની માળા થઈ. ઉંડાણમાં ઉતરો! પોતાનું ઘર પોતાના ઘરમાં રહેલી

માટલી, તે માટલીમાં ધણીના કહેવાથી માળા લેવા જવું, ત્રણેમાં શંકાનું સ્થાન નથી. જ્યાં અંધારૂં દેખ્યું હું મરૂં તેની ફીકર નથી પણ ઈષ્ટ સ્મરણ વગર મરવું તે મને ન પાલવે. પોતાના ઓરડામાં માટલીમાં હાથ ઘાલતા નવકાર ગણે છે. ઘરમાંથી માળા લાવવી એવા કામમાં ઈષ્ટ સ્મરણ સિવાય ન પ્રવર્તે તે દશા કઈ? આ વિચાર આવ્યો કે કોઈ પણ કાર્યની વખતે કોઈપણ ભયને સ્થાન ન આપતા ઈષ્ટ સ્મરણને સ્થાન આપવું જોઈએ. સામાયિક પડિકમણું કરવામાં ઘરનું કામ છોડી કરવા પડે, તપસ્યામા શરીરનો પરિશ્રમ કરવો પડે પણ નકામો વખત નવકારમાં આપી શકતા નથી. તેમાં નવકાર ગણો તો શો બાધ આવે છે? નકામા વખતમાં તો નવકાર ગણો! જે તમે આટલા ધર્મિષ્ઠ થયા છો છતાં સમય સફળ બનાવી શકતા નથી, તે શ્રીમતી બ્રાહ્મણીએ તેવી ટેવ પાડી જેને તમો નકામો વખત ગણો, ભયનો વખત ગણો તે બધો વખત નવકારમાં ગાળે છે. તે નવકાર મંત્રમાં કેટલી લીન થયેલી હશે? ઘરનું કામ તેમાં પણ નવકાર ગણી પ્રવર્તે છે. આપણે મંગળાચરણમાં નવકાર, એમણે આત્માને નવકારથી વાસીત કરી દીધો હતો. શ્રીમતીનો નવકાર મંગળ તરીકે એકલો નહિં, પણ આત્માની વાસના તરીકે હતો. આખો દિવસ નવકારથી વાસીત ન હોય તેને તેવા વખતે નવકાર યાદ ન આવે. અભ્યાસ ટેવ વગર તે નવકાર, સહેજના કામમાં યાદ ન આવે. તે નવકાર આવ્યો શા મુદ્દાએ? નવકાર સ્મરણ વગરનું મરવું તે ખોટું છે. 'મરણનો ભય નથી પણ ઈષ્ટ સ્મરણ વગર મરાય તે ખોટું છે' ઈષ્ટ સ્મરણ વગર મરવાનો ભય છે. મરણભયનો ડર નથી. ઈતરજાતમાં જન્મેલી બ્રાહ્મણી જૈનધર્મના પ્રતાપે અંકુશ મેલે તો તેથી અભયદયે કહ્યું. તેમના વચનનું આલંબન કરે તો જિનેશ્વરો ભયને ભગાડી દેનાર, પોતાની પ્રવૃત્તિમાં ભય ભાગી જાય તે કામ ન લાગે. પોતે ભય વગરના છે. આંખ વગરનો અંધ હોય તેને બિચારાપણું આખા જગતનું છે.

ઈહલોકાદિ ભયમાં સંબંધીનું બિચારપણું ટાળવા માટે અભયદાન થયું.

**ભૂખરી રેતીના થાંભલા પર જીવનની મહેલાત**

જગતનું બચારાપણું ટાળવા માટે ચક્ષુ જોઈએ. જેમ જગતમાં ચક્ષુરહિત જગતનો બિચારો, તેમ જેને જ્ઞાન ન હોય તે બચારાને આ ભવ પરભવનો વિચાર ન કર્યો હોય તે શાસનને અંગે વિચારણીય. ગણધર મહારાજે ૧૨ અંગ ૧૪ દે આખા પૂર્વ ગુંથતા એક જ પ્રથમ ઢંઢેરો સંભળાવ્યો. કેદમાં કાણાં પાડતાં શીખવ્યું, કેદ કઈ, ને કાણાં પાડવાના ક્યા ? દરેક જન્મ મરણની ભીંત વચ્ચે જીવ કેદી છે. આગળના ભવનો વિચાર ક્યારે આવ્યો ? ૫-૧૦ દિવસ બદલ મુંબઈ જવું હોય તો ત્યાં ક્યાં ઉતરવું તેની લાગવગનો વિચાર કરવો પડે છે. આવતા ભવની કંઈ વિચારણા તરીકે ત્યાં જઈશું તો ક્યાં ઉતરશું તે વિચાર કર્યો. ગ્રામાંતરે જતાં ગોઠવણ કરવાની જરૂર રહે છે. ને ભવાંતર માટે વિચાર સૂઝતો નથી. કારણ જન્મ મરણની ભીંત વચ્ચે ગોંધાઈ ગયા છીએ. આ ચાલુ જીવન પૂરતો વિચાર આવે છે, આગલા જીવનના વિચારો આવતા નથી.ચાર થાંભલા પર આખા જીવનનો મહેલ ચણ્યો છે. કંચન, કામિની, કુટુંબ ને કાયા આ ચાર સિવાય પાંચમો થાંભલો નથી. આખા જીવનનો મહેલ ચાર થાંભલા ઉપર ઉભો કર્યો છે, પણ આ આ ચાર થાંભલા માટીના પણ નથી જે કદાચ બે-પાંચ વરસ તો ટકે, પણ નદીની ભૂખરી રેત હોય છે તે રેતનો થાંભલો કેટલો વખત ટકે ? શરદીની હવા લાગે કે ખરવા લાગે, તેવા આ ચારે થાંભલા છે. એના રાત દિવસ વિચારો કરીએ છીએ. સૂતા, બેસતાં, ખાતા આ ચાર થાંભલાનો વિચાર કરીએ છીએ પણ આત્માનો વિચાર ક્યારે કર્યો ?

**જન્મ મરણની કેદમાં કાણાં પાડો.**

પરદેશ જવા માટે સેંકડો વિચાર કરીએ છીએ પણ અહીંથી સર્વથા છોડીને જવું છે, પરદેશ જવામાં અહીં સંબંધ તો રહેવાનો છે,

પણ પરલોકમાં સર્વથા છોડી જવાનું છે તેનો વિચાર આવતો નથી. તે માટે ગણધર મહારાજાએ સૂત્ર ગુંથતા કહ્યું કે તમે જન્મમરણની કેદમાં કાણાં પાડો, મારો આત્મા બીજેથી આવી અહીં ઉપજ્યો છે ને અહીંથી બીજે ઉપજવાનો છે. ' अत्थि मे आया ऊववाइए' બે બાજુ કાણું પાડો. જન્મની પહેલાં ને મરણ પછીનું કાણું પાડો એ જ પ્રથમ હુકમ ઢંઢેરો. ચાહે પૂર્વ કે પશ્ચિમ, ઉત્તર કે દક્ષિણ દિશામાં, ઉર્ધ્વ કે અધો ચાહે તે દિશામાં જવાનું છે. અહીંનો હંમેશનો વતની રહેવાનો નથી. જેને શ્રુત રૂપી ચક્ષુ હોય તે જ આ કાણા પાડી શકે. આ ભવ મીઠાને પરભવ કોણે દીઠા તેવાને આ ન હોય. કેટલાક દેશ અર્થ-કામની વાતને પુષ્ટી આપે તો પણ ધર્મ જરૂરી.


**ત્રણ વર્ગની માન્યતા કોની ?**

त्रिवर्गसंसाधनमंतरेण पशोरिवायुर्विफलं नरस्य ।

तत्रापि धर्म प्रवरं वदन्ति, न तं विना भवतोऽर्थकामौ ।।

અર્થ કામ ધર્મ વગર થતા નથી માટે ધર્મને શ્રેષ્ઠ કહે છે. આ શ્લોક જૈન ધર્મનો નથી. માત્ર જેઓ ધર્મને સર્વથા ન માનનારા તેમની અપેક્ષાએ આ શ્લોક અનુવાદરૂપે અહીં કહેવાયો છે. આપણે તો મોક્ષ સાથે ચાર વર્ગ વ્યવહારથી માનીએ છીએ. પણ ત્રણ વર્ગ માનનારા તેમજ મોક્ષ ન માનનારાની આ વક્તવ્યતા છે. જૈનધર્મની આ વક્તવ્યતા નથી. 'चतुरवर्गेऽग्रणी मोक्षः' ત્રણ વર્ગ જૈનના નથી. શાસ્ત્રકારે કોના મુખમાંથી એ શ્લોક કહ્યો ? ભરત બાહુબલીના અધિકારમાં ભરતે દૂત મોકલ્યો, તેના ઉત્તરમાં બાહુબલી કહે કે મોટાભાઈ શું સમજે છે કે એનું કામ કુંટુંબ બચાવવાનું કે ભક્ષણ કરવાનું ? આ ઉપદેશમાં મહારાજે કહ્યું પણ મહારાજે બાહુબલીજીના મુખમાંનું વચન અનુવાદરૂપે કહ્યું છે. મહારાજે કહ્યું પણ બાહુબલીજીના મોંઢાનું કહ્યું તેમ સોમપ્રભ આચાર્ય મહારાજ પોતાના મોંઢાનું નથી

કહેતા પણ તેથી 'विफलं वदंति ' કહે છે પણ 'वदामि' નથી કહેતા. 'वदन्ति' કહી ત્રીજે ઘેર મોકલ્યું. 'तत्रापि' ધર્મ વગર અર્થકામ નથી મળતા માટે ધર્મ શ્રેષ્ઠ ગણ્યો છે. શ્રેષ્ઠતા કોની આવી? અર્થકામની ઉંચામાં ઉંચી શ્રેષ્ઠતા થઈ કે ધર્મની? ધર્મ આંબો, અર્થ કામ કેરી. આ દશા જૈનાચાર્યની ન હોય. આંબા તરીકે પણ તું ધર્મમાં આવ, તેમ કહી ધર્મમાં લાવવા માટે આ શ્લોક કહેલ છે. ધર્મ, દેવ, ગુરૂ, દેશ, કોમ, જીવને માટે હોય તો જ ધર્મ. આ ચક્ષુની ખામીને લીધે બોલાય છે. નિર્મળ ચક્ષુવાળાને આવું અવળું દેખવાનું બને જ નહીં. જિનેશ્વરના મહારાજના આગમરૂપી ચક્ષુ મળેલા હોય પછી તેને અવળું દેખવાનું ન હોય. તે ન મળેલા હોય પછી પાંચે ઈન્દ્રિયોવાળા છતાં અંધ છે, જેને આગમરૂપી ચક્ષુ નથી મળ્યા. અમે કહીએ છીએ, તે જ ખરૂં એવી સ્થિતિ ન હોય. એ શ્રુતઆંખ દેનાર કોણ? શ્રુતજ્ઞાન. આગમરૂપી શ્રુત ઉપદેશરૂપી આંખ હોય તો જિનેશ્વર મહારાજના આગમશ્રુતરૂપી ચક્ષુ દેનાર. હવે ચક્ષુ મળી ગયા પણ પહાડની નદીમાં ઉતરી ગયાં ત્યાં આંખો છે, દેખીએ છીએ, માર્ગ ન મેળવી શકે તો મળેલા ચક્ષુ એ પણ ભયને પેદા કરે. માર્ગ મળે તેને ચક્ષુ આનંદ આપે. તેટલા માટે '**मग्गदए**'. હવે માર્ગ શી ચીજ? માર્ગ તીર્થંકર જ દેનાર કેવી રીતે તે અગ્રે-



# દેશના ૮૦
# જૈન શાસનનું ટુંકું જ્ઞાન. સાવદ્ય સર્વથા ત્યાગ અને સંવરની ઉપાદેયતા.

ગણધર મહારાજા આગળ જણાવી ગયા કે હે જંબુ! આ ભગવતી સૂત્ર શ્રમણ ભગવાન મહાવીર મહારાજે ગૌતમસ્વામીજીને અર્પણ કર્યું. ચોથા આરાના છેડે સૂત્ર આપ્યું. તે કાળ જણાવવાની જરૂર શું ? ભગવતી સૂત્રમાં ગુણ હોય તો ક્ષેત્રકાળ જણાવવાની જરૂર શી ? અવસર્પિણી ઉત્સર્પિણી કાળ ૨૦ કોડાકોડી સાગરોપમમાં,મોક્ષે જવાનો કાળ માત્ર બે કોડા કોડી સાગરોપમથી પણ ઓછો. ભગવતી સૂત્ર ક્યા કાળમાં આપ્યું તો કહે જે વખતે કેવળ મોક્ષ ક્ષપકશ્રેણી હતી તે વખતે ભગવાને ગૌતમસ્વામીને ભગવતીસૂત્ર અર્પણ કર્યું. તે કાળે બધા ક્ષેત્રમાં મોક્ષ ન હતો. હવે ભગવતીસૂત્ર આપનાર કેવી પાયરી વાળા હતા ?

**નકલીધર્મ ઉત્પન્ન થવામાં કારણભૂત અસલીધર્મ છે એ શંકાનું સમાધાન**

શંકા કરી કે જગતમાં ધર્મના નામે ઠગાઈ ચાલે છે તે ઠગાઈ કરનારા તીર્થંકર મહારાજા અસલી હોય તો નકલી ચીજ થાય. ભગવાને અસલીધર્મ ઉત્પન્ન કર્યો તેથી બીજાને નકલીધર્મ ઉત્પન્ન કરવાની જરૂર પડી. સારો ધર્મ ન ચલાવ્યો હોત તો કોઈને ખોટો ધર્મ ચલાવવો ન પડત. પિત્તળની કિંમત ઘટી તે શાથી? સોનું થયું તો પિત્તળની કિંમત ઘટી. અહીં ભગવાન જિનેશ્વરોએ ધર્મ ન જણાવ્યો હતે તો ખોટો ધર્મ

ઉભો થાત જ નહીં. કુધર્મનું પ્રથમ કારણ તીર્થંકર. તેમણે સુધર્મ ઉત્પન્ન કર્યો તેથી જ ખરાબ ધર્મો ઉત્પન્ન થઈ ગયા. એમાં ના નહીં પરંતુ એક વાત ધ્યાનમાં રાખવી, ચોરનું કુટુંબ ભૂખે મરે તેથી ચોકીદાર ઉભા રાખવા નહીં, તે ન બની શકે. ચોકી કરનાર દૂષિત નથી. જગતના કલ્યાણ માટે ધર્મ ઉત્પન્ન કરનારા તીર્થંકર મહારાજા તેથી બીજા મિથ્યાત્વ પ્રવર્તાવે તેથી તેમના ધર્મને કોઈ પ્રકારે દૂષિત થવાનું નથી. મરીચિને કપિલે કહ્યું, કે તમારામાં સર્વથા ધર્મ નથી? એ પ્રશ્ને નવો ધર્મ ઉત્પન્ન કર્યો, ધર્મ પ્રવર્તાવ્યો હતો તેને લીધે ને? આમ ધર્મ શબ્દનો દુરૂપયોગ કરનારા નીકળે છતાં સદ્ધર્મ ઉત્પન્ન કરનાર અંશે પણ દૂષિત નથી. ' कविला! इत्थं पि इहयं पि' 'કપિલ! જેમ જિનેશ્વરે પ્રરૂપેલા માર્ગમાં ધર્મ છે, તેમ મારા માર્ગમાં પણ ધર્મ છે.' આટલા માત્ર શબ્દોથી કોડાકોડ સાગરોપમનો મરીચિનો સંસાર વધ્યો, તેથી રૂષભદેવ ભગવાન તેમાં દૂષિત નથી. તેમાં મરીચિ શું બોલ્યા કે આટલો બધો સંસાર વધી ગયો. અક્કલવાળો તારી મા તે મારી મા, સમજુની મા પણ તેટલા શબ્દમાં શું થાય? બાપની વહુ. માથું કાપ્યા જેવું લાગે. દેખાતો સારો શબ્દ માથું કાપનાર લાગે છે, જે શાસ્ત્રકારો ભાવ તરફ દૃષ્ટિ રાખનારા ૧૮ પાપસ્થાનકની નિવૃત્તિને ધર્મ જણાવનાર તેણે નાવું-ધોવું તેમાં પણ ધર્મ છે. તેમાં પણ ધર્મ માનવ્યો. અહીં ધર્મ છે નાવું, કાચું પાણી પીવું, ક્ષૌરમુંડન કરાવવું તેમાં ધર્મ છે. હિંસાદિકની નિવૃત્તિમાં ધર્મ છે તેને બદલે આશ્રવમાં ધર્મ સ્થાપન કરે, તેમાં અનંતો સંસાર વધે તેમાં નવાઈ શી? આશ્રવને સંવરરૂપ, બંધને નિર્જરારુપ ગણવામાં આવે તો તેનો અર્થ શો? મલયગિરિજીની વ્યાખ્યામાં इत्थं पि इहयं पि અપિ શબ્દ દ્યોતક અવ્યય છે. તેનો અર્થ અનિયમિત રાખે છે. એટલે જિનેશ્વરના ધર્મમાં સંપૂર્ણ ધર્મ. મારા (મરીચિએ કલ્પેલા) મતમાં કંઈક ધર્મ છે. અહીં શાસ્ત્રકાર કહે છે કે 'કંઈ પણ' આશ્રવમાં ધર્મ કેમ

કહેવાય? કુધર્મની ઉત્પત્તિ જગતમાં જો કારણને લીધે થઈ હોય તો સુધર્મના કારણને લીધે થઈ છે. ઋષભદેવજીને જુગલીયાપણામાં ભવાંતરથી ત્રણ જ્ઞાન હતા. કેવળજ્ઞાની ન હતા. ભવાંતર જ્ઞાનને લીધે કેવળજ્ઞાનને લીધે સાચો ધર્મ પ્રવર્તાવ્યો, એટલે ખોટા ધર્મ ઉભા થયા. ૧૪ રાજલોકમાં અમારી પડહ વગડાવનાર એવા તીર્થંકરને હિતબુદ્ધિથી યથાર્થધર્મ કહેનારને કોઈ જાતની અડચણ કે દૂષણ નથી. જિનેશ્વરે ધર્મ નિરૂપણ કર્યો તે એકાંત જગતના ઉદ્ધાર માટે. કુધર્મ ઉત્પન્ન કરવા માટે ધર્મ પ્રવર્તાવ્યો જ નથી. ઘરેણું ઘાલતા ન આવડે ને કાન તૂટે તેમાં સોનીનો વાંક ન ગણાય. કલ્યાણ માટે કરેલો ધર્મ કુધર્મ ઉત્પન્ન કરે નહીં. રાજ્યની વ્યવસ્થા રીખવદેવજીએ પ્રથમ કરી પછી રાજ કરી કોઈ નરકે જાય તેમાં રીખવદેવજી કારણ ને? ઉપકારની દૃષ્ટિથી સીધો રસ્તો કરે તેને અંગે અવળી દૃષ્ટિવાળા અવળો રસ્તો લે તે આત્માને ડુબાડી દે. હરિભદ્રસૂરિએ શંકા ઉભી કરી કહ્યું છે કે જિનેશ્વરની દેશના-ધર્મોપદેશ તે જ કુધર્માદિનું કારણ છે. સુધર્મ ન કહ્યો હતે તો કુધર્મ થવાનો ન હતો. સજ્જનના ઉપકારના કાર્યનો દુર્જન દુરૂપયોગ કરે તેમાં સજ્જન કોઈ પણ પ્રકારે દૂષિત થતો નથી. સન્માર્ગની પ્રવૃત્તિ કલ્યાણ માટે કરવામાં આવી હોય, તેમાંથી કોઈ અવળી દૃષ્ટિવાળો પોતાના ભક્તોને ડુબાડે તેમાં સન્માર્ગ કહેનારને કોઈ રીતે બાધા નથી. સંગમે એટલા ઉપસર્ગો કર્યા તે ઈંદ્રની પ્રશંસાથી થયા. ઈંદ્ર ચૂપચાપ બેઠા હતે તો આટલા ઉપસર્ગ ન થતે. સંગમનું આવવું ને ઉપસર્ગો કરવા તે આ ઉપસર્ગોનું કારણ મારી પ્રશંસા છે. તો સંગમનું કર્મ ઈંદ્રને લાગી જાય? ઈન્દ્ર મહારાજે ભગવાનના રાગથી સ્તુતિ કરી તે સંગમને ઉંધી પરિણમી ને ઉપસર્ગ કર્યા. દેરાસરમાં આરતી ઉતારતી વખતે ઘંટ વગાડીએ, તેથી કુતરા રોવા લાગે, તેથી આરતી ઉતારનારને કોઈ જાતનું પાપ નથી. ભગવાનની ભક્તિ યોગ્ય રીતે કરે ને તેમાં કોઈનું નસીબ અવળું હોય ને અવળે રસ્તે જાય તેમાં કોઈ શું કરે? શુધ્ધ ધર્મને જાહેર કરનાર તેથી

બીજા અવળે રસ્તે જાય તેથી સુધર્મ કહેનારને કર્મબંધ નથી. સ્થાનકવાસી કે ધર્મના વિરોધીઓ રથયાત્રાના વરઘોડા ભગવાનના ઓચ્છવો ઉપધાન-ઉજમણા દેખી ક્લેશ પામે તેથી ભક્તિ કરનારને ધર્મ કરનારને કર્મ ન બંધાય. ભક્તિની દૃષ્ટિ ગઈ ત્યાં લાભ ખોયો. અહીં જિનેશ્વરોએ જગતના ઉદ્ધાર માટે ધર્મનું નિરૂપણ કર્યું, તેથી બીજા અવળે માર્ગે જાય ને આત્માને ડૂબાડે તેમાં તીર્થંકર કારણ નથી.

**વિવેક ચક્ષુ**

શાસનની સ્થાપના, વ્યવસ્થા કરનારા આદિથી चक्खूदए સુધી કહી ગયા. ચક્ષુ દેનારા એટલે ચર્મચક્ષુ નહીં, તે તો જાનવર પશુ પક્ષીને ચઉરેન્દ્રિયને પણ તે ચામડાની ચક્ષુ હોય. આ કઈ ચક્ષુ દેનારા? શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુને દેનાર. વિવેક ઢોરને પણ છે. વિવેક વગરનું કોઈ નથી. કીડીઓ ઘી ને તેલમાં ચડે છે, દીવેલે નથી ચઢતી. કેમ? તેને એટલો વિવેક છે. ઈન્દ્રિની અપેક્ષાએ કર્યું, આ મારે કામનું છે તે જાણે છે. જાનવર પાસે પાણી ને પીસાબ બંને કુંડા મેલ્યા હોય તો પાણી જ પીશે. જાનવરને ઈન્દ્રિયોના વિષયોનો વિવેક છે. પરંતુ ભગવાન જિનેશ્વર મહારાજ પાસેથી જે વિવેક મળે છે તે શાસ્ત્રદ્વારાએ મળે છે. પાપબંધનોથી ખસવું, નિર્જરાના કારણોમાં પ્રવર્તવું, આજ વિવેક ભગવાન તરફથી શાસ્ત્રદ્વારાએ મળેલો કહો.

आश्रवः सर्वथा हेयो, उपादेयश्च संवरः ।

इतीयमार्हतीमुष्टीरन्यदस्याः प्रपञ्चनम् ।।

શ્રીમંત હોય ૧૦-૨૦ લાખ, આખા ઘરની મિલ્કત મુઠીમાં છે. જેમ શેઠીયાનાં જીવનરૂપ દાગીનો તેમ જિનેશ્વરનું જ્ઞાન મુઠી જેટલું છે. કઈ મુઠ્ઠી? આ બે વાક્ય ' आश्रवः । सर्वथाहेयः' કર્મ આવવાના જે જે કારણ તે સર્વથા છોડવા લાયક છે, અને કર્મ રોકવાના જે કારણ તે લેવા લાયક છે. બે વાક્ય જ અરિહંત મહારાજના શાસનનું મુષ્ઠીજ્ઞાન-

ટૂંકુ જ્ઞાન આનું નામ મુષ્ઠીજ્ઞાન, ત્યારે તેનું નામ વિવેક, ઇન્દ્રિયોની અપેક્ષાએ સારા રૂપાદિ દેખી ખુશ થવું, નઠારાથી નાખુશ થવું તે વિવેક તો જાનવરમાં અને કીડીમાં પણ છે. પરંતુ જિનેશ્વર ભગવાન તરફથી વિવેક મળતો હોય તો, આશ્રવ-કર્મબંધના કારણો તે સર્વથા છાંડવા લાયક, ને સંવર આદરવા લાયક છે. આ મુષ્ઠીજ્ઞાન, જિનેશ્વરના શાસનમાં જ મળવાનું તેટલા માટે-

एक हिं चक्षूरमलं सहजो -

विवेकस्तद्वद्भिरेव सह संवसतिर्द्वितीयम् ।

एतद्वयं भूवि न यस्य स तत्त्वतोऽन्धस्तस्याप-

मार्गचलने खलु कोऽपराधः ? ।।१।।

પહેલામાં પહેલી ચોખ્ખામાં ચોકખી ચક્ષુ માયા, પ્રપંચ, ક્રોધ, અભિમાન, બડાઈ, ઈર્ષ્યા વગર તે સાહજીક વિવેક, સ્વાભાવિક વિવેક એ જ એક ચક્ષુ. બીજી આંખ વિવેકીઓની સાથે રહેવું, વિવેકી બનવું ન હોય તો વિવેકીવાળા સાથે રહેવું. આ બે વાના જેને ન હોય, વિવેકવાળાના સંસર્ગમાં નથી. તેવો ખરાબ માર્ગે જાય તેમાં નવાઈ શી? આંધળો ખાડામાં પડે તો આશ્ચર્ય ન થાય, તેમ જે પોતે વિવેકવાળો ન હોય, તેમ વિવેકવાળાનો સંસર્ગ ન હોય તેવો માર્ગ ચૂકે તેમાં નવાઈ શી? જિનેશ્વરના શાસનનું આલંબન મળ્યું નથી, તેમ તેની નિશ્રાએ રહેવાળા નથી, તેવાઓ અવળામાર્ગે જાય તેમાં નવાઈ નથી. વિવેકરૂપી ચક્ષુ આપનારા કોણ? આ ચામડાની ચક્ષુમાં આત્માની પરીક્ષા કરવાની તાકાત નથી. સોના-રૂપા, હીરા-મોતીની પરીક્ષા ચામડાની ચક્ષુથી થાય છે. પણ આત્માનીપરીક્ષા કરનાર માત્ર વિવેક રૂપી ચક્ષુ તે ક્યાંથી મળે? ૧૮ કોડાકોડી સાગરોપમ સુધી કોઈ વિવેકવાળા અને વિવેક દેનારા હતા જ નહિં ‘ આશ્રવ છાંડવા લાયક, સંવર આદરવા લાયક’ આ વાત કહેનાર કોઈ મળ્યા જ નહીં. આત્માને

વિવેકવાળો કોણે કર્યો ? તીર્થંકર મહારાજાએ તેથી ચક્ષુને દેવાવાળા કહ્યા કુંવામાં એક માણસ ઉતરી ગયો ઘેનમાં હતો, ઉંઘ ઉડી; ચક્ષુએ દેખ્યું કે કુવામાં આવી પડ્યો, જ્યાં નીકળવાનો માર્ગ નથી ખાડામાં ખીણમાં ઉતર્યા પછી ચક્ષુ ખુલી. જે ચક્ષુ મળ્યા છતાં ઈષ્ટની સિદ્ધિના રસ્તા ન હોય, અનિષ્ટથી હઠવાના રસ્તા ન હોય તો તે કાર્ય કરનાર થઈ શકતા નથી.ચક્ષુથી ફાયદો ક્યાં ઉઠાવાય ? સાધન સામગ્રી મળે ત્યાં ચક્ષુ ફાયદો કરે. મનુષ્ય, તિર્યંચને અવધિજ્ઞાન નિયમિત નહીં, નારકીને મલીન અવધિ જરૂર હોય. કોઈ પણ નારકી અવધિ કે વિભંગ વગરનો ન હોય, પણ નારકીનું અવધિ કાળજુ કાપી નાખનાર છે, તેને મારવા માટે પરમાધામી દેવતા છેટેથી આવતો હોય, ૨-૩ ગાઉ છેટે હોય, ત્યાંથી હે મને મારવા આવ્યો, છેટેથી ત્રાસ થાય, કહો કે જે આપત્તિમાંથી બચી શકીએ તેવું ન હોય તે આપત્તિ જે દેખવામાં આવે તે ખરેખર મારવા પહેલા મરવાનો વખત, આથી બચવાનો રસ્તો નથી. કુવામાં ઉતાર્યા પછી આંખ ખુલી. દહેશતમાં કામ પડે તો મરી જાય. ભગવાન જિનેશ્વર મહારાજ જગતને વિવેકની આંખો આપે છે. આશ્રવકર્મ આવવાના કારણો સર્વથા છાંડવા લાયક, કર્મ રોકવાના કારણો સંવર તે સર્વથા આદરવા લાયક, પણ આશ્રવ છોડવાનો, સંવર આદરવાનો રસ્તો જ ન હોય તો આશ્રવ છોડી શકાતો નથી. સંવર આદરી શકાતો નથી, ત્યાં શું થાય ? આજકાલના સાધુઓ બચારા પોથા પંડીત થયા હોય તો પણ વ્યાખ્યાન વાંચે, ભગવંતને દીક્ષા સાથે ચોથું જ્ઞાન, પહેલા ભવથી આવેલું શ્રુત અવધિ છે, છતાં ઉપદેશ કેમ નથી આપતા ? ઉપદેશ દઈને વિવેક બતાવ્યાં છતાં વિવેકને અમલમાં લેવાનો હજુ વખત થયો નથી. વિવેકરૂપી આંખો આપી.ચારિત્રાદિક માર્ગ દેવાયો છતાં આ જીવ જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી ડરપોક છે. કર્મનો હલ્લો, તેને જીતવો બહુ મુશ્કેલ છે. કર્મની આગળ આ જીવ કાયર છે., કર્મના ઉદયો આ જીવને કાયર બનાવનાર છે. મોક્ષ માટે ઉદ્યમ કરનાર સાધુ-

સાધ્વીની અવસ્થામાં આવેલાને પણ કાયર ગણે છે. પાંચ મહાવ્રત આપ્યા. જોડે પાંચ મહાવ્રતની પાંચ પાંચ ભાવના આપી. બ્રહ્મચર્યની નવ વાડોમાં રહે. કર્મનો હલ્લો તારી ઉપર હંમેશા આવવાનો. તારી તાકાત નથી કે વગર આલંબને ખુલ્લા મેદાનમાં કર્મ સામે જઈ શકે.

**ક્ષાયોપશમિક ભાવનો ભરોસો કેટલો ?**

તું ક્ષાયોપશમિક ભાવમાં છે માટે તારે બચાવના સાધન રાખી કીલ્લામાં રહી લડવાનું છે, ભાવના રૂપી હથીયાર, નવવાડો રૂપી કીલ્લામાં રહેવાનું. સવારના પહોરમાં પડિક્કમણામાં ઉપવાસના ભાવ થાય. દેરે ગયા, વ્યાખ્યાન સાંભળ્યું. પછી ઘેર આવ્યા, ચાલ ત્યારે બીજી તિથિએ ઉપવાસ કરશું કહી ભાણે બેસી જાય છે. ખાવામાં તૈયાર થનાર ને ઉપવાસ કરવામાં તૈયાર થનાર આ જીવ થઈ જાય તો ? ક્ષયોપશમ ભાવ. ક્ષયોપશમિક ગુણ એટલે ? તળાવ પર લીલ ફુગ જામે છે, લગીર પવન આવે એટલે ફાટ પડે, આ ફાટમાં ભરોસો કેટલો ? આમનો પવન આવ્યો તો ખલાસ. સરોવરમાં લીલ ફુગમાં વાયરાથી પડેલી ફાટ તેવી જ રીતે આત્મામાં કર્મે આપેલું છીદ્ર, તેનું નામ જ ક્ષયોપશમ. જે વખતે ક્ષયોપશમ થયો તે વખતે કાર્ય કરી લીધું તો થાય, નહીંતર ન થાય. આત્માનો ક્ષયોપશમ ભાવ એવી ચીજ કે જિનેશ્વર ભગવાને આશ્રવ છોડવા લાયક ને સંવર આદરવા લાયક તે રૂપ આંખ આપી. તે આદરવાના રસ્તા પણ અર્પણ કર્યા છે. પરંતુ આ શાસન ટીલું કરો પછી ચાહે તેમ પ્રવર્તો તો તમારો મોક્ષ છે, તેવું નથી. પુરૂં કાર્ય ન થાય, ક્ષાયિક ભાવ ન થાય ત્યાં સુધી જાગતા રહો તો તમારૂં કામ થાય. જાગવાને અંગે ફળ માનનાર છે.

'सरणदए' આ શાસન જાગતાનું કામ થાય તેમ માનનાર છે. અહીં જાગતા શી રીતે રહેવું ? સજ્જડ બાંધેલા કર્મો જોર કરે તે વખતે શું કરવું ? તે માટે જિનેશ્વર મહારાજા એકલી વિવેક ચક્ષુ. માર્ગ

બતાવીને બેસી રહેતા નથી, પણ 'સરણદયે' કર્મના ઉપદ્રવ વખતે આધાર-ટેકો દેનાર છે. ગોર પરણાવી દે, પછી ચાહે તે ભૂખેં મરે તેની ગોરને પંચાત નહીં. વર મરો, કન્યા મરો ગોરનું તરભાણું ભરો. તે વાત ખોટી છે. વર વરો, કન્યા વરો 'મરો' નહીં. વર મરે તો ગોરનું તરભાણું કોણ ભરે? વરની ફાવટના લગ્ન થાય કે કન્યાની ફાવટના લગ્ન થાવ. વર ફાવ્યો, કન્યાને સારૂં ઘર ન મળતું હોય તેવામાં સારો મુરતીયો મળી ગયો તો વહુ ફાવી ગઈ. તે ગોરે જોવાનું નથી, માત્ર તરભાણું ભરી દો. જગતમાં ગોર લગ્ન કરાવનાર, ચાહે તેના ફાવટના લગ્ન થાય, માત્ર લગ્ન થઈ ગયા એટલે બસ, તેમ અહીં નથી. વિવેકની દેશના આપી સાધુપણું આપી દઈ, ખસી જતા નથી. ગોર પેઠે ખસી જવાવાળા નથી. જ્યાં સુધી કર્મનો સર્વથા નાશ થાય નહીં ત્યાં સુધી બધી જગોપર તેની ચોકી કરે છે. સમકિત ચારિત્ર આપી બેસી ન રહે પણ ઠેઠ કર્મક્ષય સુધી ચોકી રાખે છે. શાસન પ્રવર્તાવવાની જરૂર શી? જે જે આવે તેને દીક્ષા આપી મેલી દેવા હતા, પણ પડિલેહણા, ગચ્છવાસ, ઈચ્છામિ, ઈચ્છા મિચ્છાકારાદિ દસ પ્રકારની સમાચારી શી ચીજ, તે 'सरणदए' પુરેપુરા કર્મનો નાશ ન કરે ત્યાં સુધી શરણ. ક્ષાયિકભાવ સુધી શાસન એ જ શરણ. કેવળજ્ઞાન ન આવે ત્યાં સુધી ગચ્છાચારની મર્યાદાએ શાસનની મર્યાદા પ્રમાણે વર્તવું પડે. શરણ આગળ જ્યાં કર્મનો ધક્કો લાગે ત્યાં જિનેશ્વરનું આલંબન. પડતા વૃદ્ધને લાકડી એ ટેકો છે, તેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત થયેલાને કર્મનો ધક્કો લાગે તે વખતે શાસન એ જ શરણ. માટે 'सरणदए' હવે શરણાને દેનાર છતાં જેનુંપરિણામ સુંદર તે વસ્તુ સુંદર, પરિણામ ખરાબ તે વસ્તુ સારી હોય તો પણ ખરાબ. ફટાણા સાંભળી કન્યા લઈ આવ્યો, લઈ આવ્યો તે ફાવ્યો. વરઘોડો મોટો ચડાવ્યો હોય,યાચકોને વાંધો ન આવ્યો હોય, અકસ્માત કન્યા મરી ગઈ ને પાછા આવ્યા, તેને આ વાત કાઢતાં કાળજુ

ભરાઈ જાય. બધું ખરું પણ જો સરવાળામાં મીડું, તો જમે ઉધાર થાય તેમાં તત્વ નહીં. જિનેશ્વર મહારાજ વિવેકરૂપી ચક્ષુ ચારિત્ર રૂપી માર્ગ, વાડો, ભાવનાઓ, શરણો આપે, પણ વચમાં લટક્યા એને શું ? તે જ ભવમાં મોક્ષ ન મેળવી શક્યા તે તો કર્મની કેદમાં પાછા સપડાયાને તેનું શું થાય ?

જે સામનો કરનાર શત્રુ હોય તેને શરણે જવું પડે, તેની શી દશા થાય? સામનો નહીં કરવાની તેવી દશા ન થાય. ખુદ તીર્થંકરના વખતમાં મોક્ષ માર્ગે ચડેલા બધા મોક્ષ મેળવે તેવો નિયમ ન હતો. સામનો કરી ઠેઠ સુધી પહોંચ્યા તે ફાવ્યા. જેઓ તે ભવમાં મોક્ષ ન મેળવે તે કર્મનો સામનો કરવાવાળા ને કર્મને શરણે જવાવાળા પણ થયા. પણ એક વાત ધ્યાનમાં રાખવાની.

**શત્રુ તરફ ધિક્કારનું હથીયાર કદી બુઠ્ઠું થવાનું નથી.**

૧૯૧૮-૧૯૧૯ જર્મનીને જે વખતે કરાર કરવા પડ્યા, મિત્રો મેલીને ચાલ્યા ગયા, મુડીવાદીઓ રાજ્ય પલટાવવા તૈયાર થઈ ગયા.તેવા ઘણી વખત જુલમ કરનારા હોય છે. મુડીવાદીઓએ જુલમ કર્યો, શરણે જવું પડ્યું, ચાન્સેલરે જાહેર કર્યું કે દેશદેશાંતરમાં રહેલી મારી જર્મન પ્રજા ધ્યાનમાં રાખે કે જર્મનનું લોહી ઠંડું થયેલું નથી, જર્મની હથીયારો કટાયા નથી, વ્યવસ્થા ખોરવાઈ નથી, જર્મની પ્રજા જે શરણે થાય છે તે માત્ર મિત્રો રાણાંગણમાં છોડી ગયા તેથી. મિત્રો સ્ટીમરો બધાને કબજામાં લે છે, પણ મારાં એક હથીયારનો કબ્જો આખી દુનીયા ભેગી થાય તો પણ તે હથીયારનો કબ્જો કોઈ દિવસે પણ લઈ શકાશે નહિ. મારી પ્રજામાં જે બધા શત્રુ તરફ ધિક્કારની નજરે જુવે છે તે બંધ થવાની નથી. મિત્રરાજ્યો જે હથીયારને બુઠ્ઠું ન કરી શકે તે હથીયાર એક જ. મારી પ્રજાને શત્રુ તરફ ધિક્કારની લાગણી જ્વલંત રહેવાની, ૨૦ વર્ષમાં દુનિયા શી રીતે ઉથલાવી? ગુપ્ત હથીયાર રાખનારા શરણે જાય તો પણ રીબાતા નથી. તેમ જિનેશ્વર મહારાજા

ગુપ્ત હથીયાર આપે છે કે જેથી મોહનીની તાકાત નથી કે હંમેશ માટે જીવને દબાવી રાખે. પરભવમાં ધર્મ પ્રાપ્ત થવાની લાયકાત સુલભબોધિની પ્રાપ્તિ 'तहवि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं' ભવોભવ તમારી ચરણ કમળની સેવા મને મળજો. એ હથીયાર એવું સજ્જડ કે નિગોદમાં ગયા પણ બુઠું થતું નથી. ભવિષ્યમાં પ્રાપ્ત થવાની 'બોધિ' તે નિગોદમાં પણ બુઠી ન થાય. સમ્યક્ત્વ પામેલો અર્ધપુદ્ગલમાં તો મોક્ષે જવાનો જ. આ અક્ષય બીજને રોપનાર તીર્થંકર ભગવાન. ભવાંતરમાં ધર્મની પ્રાપ્તિ, માર્ગની ચારિત્રની પ્રાપ્તિ થઈ જાય તેવું બીજ આપનાર તીર્થંકર મહારાજ, પછી ગોર પેઠે છુટી પડનાર નથી. ઠેઠ મોક્ષ સુધી ધર્મ પ્રાપ્તિનું બીજ એવું અર્પણ કરે કે તે લાયકાતના બીજને નાશ કરવાની કોઈની તાકાત નથી. બોધિ ને દેનાર તીર્થંકર ભગવાન છે. આ બધું દેનાર છતાં, બી ખેતરમાં વવાય, અંકુરો, છોડવો, અનાજ થાય. કોઠારમાં લવાય, દળાય, રોટલી કરાય, બધું થાય, પરંતુ ખરે વખતે જઠરા ન ચાલે તો ? તેમ વિવેક આપ્યો, માર્ગ આપ્યો, શરણ આપ્યું છતાં સામા શત્રુને મારવાનું હથીયાર ક્યાં છે ? એ કર્મ શત્રુને હણવા હથીયારથી સજ્જ કરનાર વિગેરે વિશેષણો કેવી રીતે કહેશે તે અગ્રે-

# દેશના ૮૧
# હિતબુદ્ધિવક્તાને એકાંતે ધર્મ જ છે.

ગણધર મહારાજા ભગવતી સૂત્રની વાચના આપતાં આગળ જણાવી ગયા કે હે જંબુ ! ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધીનો મોક્ષને લાયકનો વખત છતાં લાયક ક્ષેત્ર ન હોય તો મોક્ષાદિક મળવા મુશ્કેલ પડે. ભરત, ઐરવત ક્ષેત્રમાં ૩૨ હજાર દેશો છે. ૧ વિજયમાં ૩૨ હજાર દેશો છે. એક એક કર્મભૂમિમાં. એક એક વિજયમાં બત્રીશ હજાર દેશ હોવા છતાં બધે મોક્ષ કેવળ પામવાની લાયકાત હોતી નથી. મહાવિદેહમાં પણ આર્ય-અનાર્ય દેશોના વિભાગો છે. ૩૨૦૦૦ દેશોમાં દરેકમાં મોક્ષ મેળવવાની યોગ્યતા હોતી નથી, આ વસ્તુ હોવાથી જણાવ્યું કે તે ક્ષેત્રે તે કાળે રાજગૃહીમાં ગૌતમસ્વામીજીને ભગવતી સૂત્ર અર્પણ કર્યું. શા માટે અર્પણ કરે છે ? વ્યાસજી કથા વાંચે તો અખ્યાણ લે, માસ્તર ભણાવે તો પગાર લે, મહાવીર મહારાજને ભગવતી અર્પણ કરી લેવાનું શું ? આચાર્યાદિ ઉપદેશ આપે તેમાં લેવાનું શું ? તેમને તો ક્ષાયિક જ્ઞાનાદિક બાકી છે તો તે લેવાના છે, તેમને સાધવાનું બાકી છે. સાધવાનું બધું આચાર્યાદિકને સધાઈ ગયું નથી.

न भवति धर्म:श्रोतु:, सर्वस्यैकान्ततो हितश्रवणात् ।

ब्रुवतोऽनुग्रहबुध्या वक्तुस्त्वेकान्ततो भवति ।। तत्वार्थ ।।

સ્વાધ્યાય દ્વારા સાધે તેમ ઉપદેશ દ્વારા પણ પોતાનું હિત સાધે છે. તેથી સભામાં બેઠેલા સર્વ હિતની જ વાત ભલે સાંભળે, ધર્મોપદેશક-ધર્મનું વચન ધર્મનું વિધાન સંભળાવે. સર્વ શ્રોતાને

એકાંતથી હિત થાય તેવો નિયમ નથી. ભલે હિતની વાત સાંભળે. સંવર નિર્જરા મોક્ષના કારણોની વાત સાંભળે તો પણ તેને ધર્મ જ થાય તેવો નિયમ નથી. હિતની વાત સાંભળે તો ધર્મ ન કેમ થાય? ન થાય કેમ કહો છો? શ્રોતાને સાંભળતી વખત ધર્મ થાય છે તેમ કેમ નથી કહેતા? વ્યાખ્યાન ધર્મકથા સાંભળવા બેસે તે વખતે તો જરૂર તેને ધર્મ થવો જોઈએ.

**સાંભળનારને ધર્મ થાય અને ન પણ થાય?**

કેટલીક વખત કેટલાક જીવો એવા હોય છે કે ધર્મનું વાક્ય તેને શૂળરૂપ થાય છે. આરંભ છોડવા જેવા છે, તેમ સાંભળી આ નાગાપૂગા બાવા થયાને બીજાને નાગાપૂગા થવા કહે છે. ભલે હિત સાંભળે છતાં સર્વ શ્રોતાને એકાંત ધર્મ જ થાય તેમ નહીં. તો વક્તાને પણ તેમ જ થાય ને? તીર્થંકર મહારાજ જેટલાને પ્રતિબોધિ મોક્ષ પમાડે તે કરતાં અનંતગુણા અભવ્ય જીવો પ્રતિબોધ પમાડે ને મોક્ષ મોકલે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ પણ પ્રતિબોધ પમાડી મોક્ષ પમાડે તે કરતા અભવ્ય અનંત ગુણા જીવોને પ્રતિબોધ પમાડી મોક્ષ પમાડે છે. ભવ્ય જીવને ધર્મ કરવાનો સંજોગ મળ્યો એટલે મોક્ષ પામી જાય. મોક્ષ ગયા પછી કોઈને પ્રતિબોધ કરવાનો નથી, ને અભવ્ય તો અનંતાકાળ સુધી સંસારમાં અહીં ને અહીં રહેવાના છે. આમ અનંતા જીવોને પ્રતિબોધ પમાડી મોક્ષ પમાડનાર છે. તે શાસ્ત્રકારો કહે છે તેથી જ સમ્યક્ત્વના ભેદમાં દીપક, રોચકને કારક ભેદો જણાવ્યા તેમાં અભવ્યને દીપક સમ્યકત્વ ગણાવ્યું. દીવો એક અક્ષર ન વાંચે પણ તેના તેજમાં સેંકડો વાંચે ને દેખે. પોતે મિથ્યાત્વી છતાં મોક્ષને નહીં માનવા છતાં, બીજા કેટલાક આસ્તિક મતવાળા મોક્ષ માને ને સમકિત ન પામ્યા હોય, પણ અભવ્ય તો મોક્ષ માને જ નહીં. નવમા મોક્ષતત્વની શ્રદ્ધા તેને કદાપિ થાય જ નહિં જૈનશાસન, મોક્ષ ન માને તો મોક્ષની દેશના શી રીતે દેશે? દેખાડવાના ને ચાવવાના દાંત જુદા હતા. મોક્ષને માનતો ન હોય, મોક્ષ માને તો અભવ્ય નહીં.

**દીપક સમ્યક્ત્વવાળો અભવ્ય માર્ગ વિરૂદ્ધ દેશના ન આપે**

માર્ગની વિરૂદ્ધ એક અક્ષર બોલે તો સંઘ ગમે તેવા સમર્થને ઉખેડી ફેંકી દે, ન જુવે રાજકુંવર; જ્ઞાન કે પરિવાર, જમાલી જેણે ૫૦૦ રાજકુંવર સાથે દીક્ષા લીધી. શિષ્યો છે તેની છાયા કેટલી? એટલું જ નહીં પણ ભગવાન મહાવીર મહારાજા પોતાની સ્ત્રીને દીક્ષમાં જોડે નથી લેતા. જમાલીની સ્ત્રીએ હજાર કુંવરીઓ સાથે દીક્ષા લીધી છે. તેની છાયા જગતમાં કેટલી હોવી જોઈએ. આવા જમાલીને શાસને ઘઉંના કાંકરા માફક ફેંકી દીધો. શાસનને તેની છાયા ન નડી. બારીક દૃષ્ટિ ન રાખીએ તો એમ જ લાગે કે જમાલી સાચું બોલે છે.

**બેવડી તિથીમાં એકને ધક્કો કેમ ?**

અણસમજુ કહે છે કે ઉદયવાળી તિથિ કેમ છોડાય ? પણ આખી તિથી પુનમ કે અમાવાસ્યા ઉડી જાય તે જોવાતું નથી. ઉદયવાળી કેમ રાખી છે તે જોતા નથી. અન્યમતોમાં તિથી પાળવામાં જુદા જુદા વિધાનો છે. જન્માષ્ટમી માનવી હોય તો મધ્યરાત્રીએ આઠમ હોવી જોઈએ. સાતમને દહાડે ટીપણાવાળા ગણિત અને વિધિ જુદો માને છે. સાતમને રાતે આઠમ આવી જાય તો જન્માષ્ટમી લખે છે. છઠને બીજે દહાડે જન્માષ્ટમી માનશે, બારસના સૂર્યોદય નજીક રહે તે અગીયારશને અગીયારશ માનશે; રાધનછઠ પાછલા પહોરની માનશે, કારણ શું ? અન્યમતવાળાને તિથીની આરાધના જુદી રીતે છે. આપણે પર્વ તિથી ચંદ્રની અપેક્ષાએ છતાં નિયમો કરવાના સૂર્યની અપેક્ષાએ. પોરસી સાઢપોરસી કરીએ તો સૂરે ઉગ્ગે ઉગ્ગએ સૂરે, ચંદ્રને આધારે તિથી માન્યા છતાં વ્રત નિયમો દેસાવગાશિક પૌષધ-આંબેલ, વિગેરેમાં સૂર્ય ઉદયવાળી તિથી લઈએ છીએ. સૂર્યોદય વગર નહિ, સૂર્યોદય વખતે જે તિથી હોય તે સામાન્ય નિયમ, ક્ષયવૃદ્ધિ વગરના પ્રસંગમાં. ચઉદશે ક્ષય હોય ત્યારે શું કરો છો ? બેવડી તિથી હોય ત્યારે એક ઉદયને ધક્કો કેમ મારો છો ? ક્ષય વૃદ્ધિનો પ્રસંગ ન હોય તે વખતે ઉદયનું કરેલું વિધાન લોકોને ભરમાવવા માટે. હે ઉદય ! તેમ કહી ભડકાવે છે. તેમ

જમાલીને અંગે દેખીતો સાચો મત જમાલીનો જ લાગે. જમાલી કહેતો હતો કે થાય ત્યારે થયું કહેવાય, મહાવીર મહારાજા શરૂ થયું ત્યારથી થયું કહેવાય. ઉદયના પૂંછડા પકડનારા સામાન્ય પૂંછડા પકડનારને જમાલી સાચો લાગે. આગળ પાછળ વિચાર નથી કરવો.

**આરાધક ક્યારથી ગણાય?**

એક મનુષ્યને વ્રત વિરાધના થઈ, ઉપવાસ એકાસણાને દૂષણ લાગ્યું ને આલોયણા લેવા નીકળ્યો, તે ઘર બહાર નીકળ્યો ને વચમાં મરી ગયો તે આરાધક કે વિરાધક? ભગવાનના મતે આરાધક, જમાલીના મતે આરાધક નહિ. ત્યાં ગુરુ પાસે જાય આલોયણ લે ને તે તપ પૂર્ણ કરે પછી જ આરાધક. ચાલતાં ચાલતાં વચમાં વાચા બંધ થઈ તો વિરાધક ને? જમાલીના મતની વાત થાય છે. આરાધક ક્યારે? જમાલીના મતે આરાધક થયો. હવે ભગવાનના મતે આરાધક ક્યા મુદ્દાએ થાય? આલોયણ લેવા માટે ઉઠ્યો ને મરે તો પણ આરાધક. પગથીયું ઉતરતા વાણી બંધ થાય તો પણ આરાધક. અર્ધી આલોયણ કરી મર્યો તો પણ આરાધક. ભગવાનના મતે આલોયણની પરિણતિ થઈ ત્યારથી આરાધક. આ દૃષ્ટિએ વિચારીએ ત્યારે માલમ પડશે કે રાત દહાડાનો આંતરો કેમ? તે ત્યાં માલમ પડશે.

જમાલીના મતની અપેક્ષાએ મહાવીરના સાધુઓને બીજાઓએ ચોરટા કહ્યા. ઢુંઢીયા તપાના ભેદો ન જાણે, તેઓ કહે છે કે જૈનો મોંએ કપડું બાંધે છે, તે તો જમાલીનો મત ભગવાનનો મત પણ છે, તમે અદત્તાદાન લેનારા. તમે ગૃહસ્થને ઘેર વહોરવા ગયા, ગૃહસ્થે પિંડ વહોરવતાં, પાતરામાં પડતા પહેલા સમડી પંખી ઝડપી લઈ ગયું તો કોનું ગયું? ગૃહસ્થે દાન દઈ દીધું કાંતો પંખી લઈ જાય તેનું પ્રાયશ્ચિત કબુલ કરો, કાંતો વગર દીધુ ખાઈ ગયા. વચમાં લઈ જાય તે સાધુનું ગયું. દેવા માંડ્યું એટલે દીધું. સાધુએ ગ્રહણ કરવા માંડ્યું એટલે ગ્રહણ કર્યું. પાતરામાં ન પડે ત્યાં સુધી ગૃહસ્થ ની માલિકીનું એમ નહિ. જૈન શાસનના હિસાબે સાધુનું ગયું. ગૃહસ્થના હાથથી છુટયું તે વખતે લીધું

નથી. લીધું તે વખતે તમે દીધું નથી, તો વગર આપ્યું લીધું તેથી તમને અદત્તાદાન લાગે ને ? એટલે સાધુ ચોરટા કહેવાય પણ જમાલીના મતે. મહાવીરના મતે' આલોયણની પરિણતિ માત્રથી આરાધક પણું' દેવા માંડયું એટલે દીધું. મહાવીરના મત વગર એક પગલું ન ચલાય. જમાલીના મતે સમજે તેને પણ તે વખતે આજના જેવા દાંડો પકડનાર ન હતા. દેખાતો સારો લાગતો મત જૈન શાસન સાંખી શક્યો નહિ. આખા સમુદાયને તણખલા માફક ફેંકી દીધો. આંધળીયા ખાતું ન હતું 'શાસન વિરૂદ્ધ એક અક્ષર બોલે તે જૈન શાસનમાં ખપે નહિં.'

**ગઈ ગુજરીને વર્તમાન સાથે ન જોડવી**

રાજાએ ઓર્ડર કાઢયો. એક વખત એવા સાધુ થયા હતા કે ત્યાંની વાત ત્યાં. એવો મત નીકળ્યો હતો કે તે વખતની વાત ત્યાં બીજી વખત લાગતું વળગતું નથી. તે વખતની વાત તે વખતે, ગઈ ગુજરી ને વર્તમાન સાથે ન જોડવી, આવો મત નીકળ્યો. ગઈ ને વર્તમાન ગુજરીને એકઠી ન કરવી. શ્રાવક રાજાને માલુમ પડ્યું કે આવો મત કાઢ્યો છે. એકદમ લશ્કરીઓને ઓર્ડર કર્યો કે હાથી છુટા કરો. સાધુને પકડીને ઉપર કડાઈ મેલી, હાથી લવાયા ને સાધુઓ ઉપર ચલાવાનો ઓર્ડર કર્યો. સાધુઓ કહે છે કે અમે સાંભળ્યું છે કે તમો બારવ્રતધારી શ્રાવક છોને ? પણ ગઈ ગુજરી જે માને તે શ્રાવક થયો. સાધુ થયા તે વાત ગુજરી ગઈ. અત્યારે હું મારૂં છું તેમાં શ્રાવક સાધુને મારે છે તેમ કહેવાય નહીં. ગઈ ગુજારી દેવી. શ્રાવક થયો હતો તે વાત ગઈ. તમે સાધુ થયા હતા તે વાત ગુજારી દો. માર્ગે આવવાનો શ્રાવક રાજાએ આવો રસ્તો કર્યો ત્યારે ઠેકાણે આવ્યા. શ્રુતકેવળીયોની વખતે માર્ગે લાવવા માટે આવા રસ્તા કરવા પડ્યા. જૈન શાસન એવી અખંડીત પ્રભાવવાળી ત્રિકાલબાધિત ચીજ છે કે જેથી શાસનમાં ગોટાળો નભે નહિ, તણખલા માફક ફેંકી દે. અભવ્ય અંશે પણ મોક્ષ માનનાર ન હોય પણ જૈનશાસનની રીતિએ મોક્ષમાર્ગનું નિરૂપણ કરવું પડે. જૈન શાસનની પદ્ધતિ પ્રમાણે અભવ્ય પણ ફેરફાર કરી બોલી શકે નહિ ત્યારે જ સાચો

માર્ગ અભવ્ય મિથ્યાદૃષ્ટિને સાચો માર્ગ બોલવો પડે છે, તો જ ભવ્યજીવોને સાચો માર્ગ મળી શકે છે. જે સાચા માર્ગે ચાલે તે મોક્ષ મેળવે, તેથી અભવ્યથી મોક્ષે અનંતા ગયા. માર્ગનું કારણ આમ અભવ્યો બને. ભવ્ય કરતાં અભવ્યોના પ્રતિબોધેલા અનંતા મોક્ષે જાય. એને પોતાની તરવાની બુદ્ધિ નથી, તો તારવાની બુદ્ધિ ક્યાં છે? તો લાભ શી રીતે? જીવો તરે તે બુદ્ધિ નથી તો લાભ ક્યાંથી મળે?

**તીર્થંકરો સ્વભાવથી ઉપકાર કરનારા છે**

'બ્રુવતોऽનુગ્રહબુધ્યા' ઉપદેશક તેને એકાંત ધર્મ થાય, પણ અનુગ્રહ બુદ્ધિથી, જગતને તારવાની બુદ્ધિથી ઉપદેશ દેનારો હોય ત્યાં એકાંત લાભ-ધર્મ થાય. માટે સાધુ પણ ધર્મના લાલચુ હોવાથી ધર્મોપદેશ દે. ઉપાધ્યાય આચાર્ય મહારાજ ધર્મના લાલચુ એટલે ધર્મોપદેશ દે. ત્રિલોકનાથ ભગવાન ક્ષાયિક દર્શન જ્ઞાન યથાખ્યાત ચારિત્ર પામેલા છે, પામવાનું કશું બાકી નથી. આચાર્યાદિકને હજુ પામવાનું બાકી છે તો લાલચથી ધર્મોપદેશ આપે; તીર્થંકરને અંશ પણ જ્ઞાનાદિકમાં વધારો થતો નથી. તીર્થંકર ઉપદેશ આપે તેમાં જ્ઞાનાદિકનો લેશ પણ વધારો થતો નથી, કારણ પોતે દરેક વાતે પૂરા છે. ક્ષાયિક જ્ઞાનાદિક છે, હવે અધુરૂં હતું ક્યાં કે પુરૂં કરે? અધુરૂં જ નથી. કોઈપણ પ્રકારે તેમને હવે ધર્મ થવાનો નથી. આચાર્યાદિક ઉપદેશ કરે તેમાં તેને ધર્મ છે, સાધુ ધર્મોપદેશ આપે તેમાં સાધુને ઉપાધ્યાયને આચાર્યને ધર્મ થાય, પરંતુ તીર્થંકર મહારાજ ઉપદેશ આપે તેમાં તેમને ધર્મ અંશે પણ ન થાય, તો તીર્થંકર તેટલી ઉપદેશ કરવાની કડાકુટ કરે શું કરવા? ધર્મોપદેશથી દર્શન જ્ઞાન ચારિત્રનો ફાયદો નથી થતો, ધર્મોપદેશ કરે શું કરવા? સૂર્ય અજવાળું કરે છે તે તમારા પાસેથી શું લે છે' ગાય દૂધ દે છે પણ તમારા પાસેથી ખોરાક લે છે. સૂર્ય શું લે છે? આખી જીંદગી ઉપકાર કરે છે તેમાં સૂર્ય શું લે છે? વગર બદલાનો ઉપકાર કરનાર સૂર્ય ચંદ્ર છે, ઉપકારની દૃષ્ટિએ ઉપકારના બદલા રૂપે અજવાળું કરતો નથી પણ પોતાના સ્વભાવથી કરે છે. જેમ સૂર્ય નથી આપણી પાસેથી મેળવવા માટે કે

પોતાનામાં વધારો થવા માટે અજવાળું કરતો પણ સ્વભાવથી અજવાળું કરી ઉપકાર કરે છે, તેમ તીર્થંકર ભગવંતો જગતને ધર્મોપદેશ દ્વારા ઉપકાર કરે છે, તે પોતાનામાં ધર્મ વધારવા માટે નહિ કે બીજા પાસેથી લેવા માટે નહિં, પણ જગતના જીવોનો ઉદ્ધાર કરવાનો તીર્થંકરનો સ્વભાવ હોવાથી દેશના દે છે. ' तत् स्वाभाव्यात् ' જેમ સૂર્ય પોતાના સ્વભાવથી આખા જગતને પ્રકાશિત કરે છે. સૂર્ય સ્વભાવથી જગતમાં પ્રકાશ કરે છે તેમ ત્રિલોકનાથ તીર્થંકરો દેશના આપે છે તે સ્વભાવથી. હવે એક વાત ખટકશે, જો સ્વભાવ હોય તો એમને એમ જામી રહેવા જોઈએ. તીર્થંકરનો સ્વભાવ આત્મીય સ્વભાવ નથી પણ કર્મ સાથે જોડાયેલા આત્માનો સ્વભાવ છે. તીર્થંકરનામકર્મ આત્મા સાથે જોડાયેલું છે ત્યાં સુધી તે સ્વભાવ છે. તે કર્મ ચાલી જશે ત્યારે તે સ્વભાવ ચાલી જશે. કર્મક્ષય કરે તે સહચરિત છે, ફળ તરીકે નથી. તે તો બાંધ્યું જ તેટલા માટે જેથી તીર્થંકરો દેશના આપે છે, આ ભગવતી આપ્યું તે ભગવાને પોતાનામાં વધારો કરવા માટે નહીં ફળ માટે નહીં, પણ તીર્થંકરપણાના સ્વભાવને અંગે ભગવતીસૂત્ર ગૌતમસ્વામીને અર્પણ કર્યું.

**દેવો સાંભળીને માત્ર ચાલી જતા નથી યાદ કરે છે.**

બોહિદયે મોક્ષ મેળવી શકે તેવા જીવોને ધર્મમાં કેવી રીતે તૈયાર કરવા? આ ભવનું ચારિત્ર-જ્ઞાન-દર્શન ચાલ્યું જાય, તો પણ એટલી જડ રોપી દે જેથી બીજા ભવમાં સમ્યક્ત્વ જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણે મેળવી શકે. ગણધર મહારાજે કેટલું બીજ નાખ્યું? ગૌતમસ્વામીજી અષ્ટાપદજી દર્શન કરવા ગયા. વજસ્વામીનો જીવ તિર્યક્ જૂંભક દેવતા હતા. તેમને પુંડરિક કંડરિક અધ્યયન સંભળાવ્યુ, તેમણે પાંચસે વખત જકડી ગોખી તૈયાર કર્યું. દેવતા સાંભળી ચાલતા થતા નથી. ૫૦૦ વખત યાદ કરે છે. હવે ત્યાંથી ચાલ્યા. અહીં સુનંદાની કુખમાં આવ્યા. જન્મ પામ્યાં. જ્યાં સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એકે વસ્તુ નથી તેવી વખત બાઈઓના સ્વભાવ પ્રમાણે બોલતા વિવેક ન હોય. સુનંદાની

સુવાવડ છે. છોકરો જન્મ્યો. પાડોશણ આવેલી, અરર! બાપે દીક્ષા લઈ લીધી, નહીંતર કેવો પુત્ર જન્મોત્સવ થતે? ઓચ્છવ ન થવાના નામે દીક્ષાને ધિક્કારી, પણ તિર્યક્ જૃંભક દેવનો જીવ જેમાં ગણધર મહારાજે બીજ નાંખેલું છે, તે જીવને દીક્ષા શબ્દ કાને આવ્યો. તિરસ્કારરૂપનો દીક્ષા શબ્દ કાને પડ્યો. એ દીક્ષા શબ્દ વજ્રસ્વામીને બાળપણમાં કાળજે ચોંટી ગયો. મારે દીક્ષા લેવાની છે. તત્કાળનું જન્મેલું છોકરૂં દીક્ષા લેવા માગે, માને કંટાળો આપવો તે ઉપાય શોધ્યો. છ મહીના સુધી રોતો જ રહ્યો. માતાએ કંટાળી ધનગિરિને વહોરાવ્યો ત્યારે રોતો બંધ રહ્યો. આ બીજ કેવું? સમ્યગ્દર્શનાદિ ચાલી ગયા હોય તો પણ એવા સંસ્કાર મળે કે બીજે ભવે ત્રણ રત્નો ઉભા જ રહે. તેથી बोहिदये ભવાંતરમાં જૈન દર્શન સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રને આપનારા તેના બીજને રોપનારા હોય તો ત્રિલોકનાથ તીર્થંકર છે. આ ભવ, આવતા ભવમાં બોધિ ચક્ષુ સરણ માર્ગની પ્રાપ્તિ થાય. બધું કરે પણ શેરીમાં જબરો-વણજારો કુતરો બધાનો બચાવ કરે. કલકત્તા સરખા શહેરમાં ભોમીયો જોઈએ. જંગલમાં જે રસ્તે કુતરો આવ્યો તે જ રસ્તે પાછો લઈ જાય. ચોરોને ભગાડે છે. તેમાં આત્માનું કંઈ હિત નહિં. દુનિયાદારીનો માર્ગ બતાવે. બધા શરણાદિક લૌકિક નહિં પણ આત્મીય. તેથી 'धम्मदये' કહ્યું. ધર્મ દેનારા પણ ધર્મ ચીજ શી? ધર્મનું સ્વરૂપ મોતી હીરો સોનું શબ્દ બધા જાણે છે પણ પારખનારા ઘણા ઓછા છે. દુનિયા આખી હીરા-મોતી જાણે છે. પણ ઓળખનાર ઓછા. ધર્મ શબ્દ આર્ય માત્ર જાણે છે પણ ધર્મ પારખાવાળા જવલ્લે જ હોય છે. માટે ધર્મની કસોટી કઈ? કસોટી બતાવી તે દેનારા તીર્થંકરો જ હોય તે સિવાય કોઈ ધર્મ દઈ શકતું નથી હવે તે ધર્મ કેવો તે અગ્રે-

# દેશના ૮૨
# સમ્યક્ત્વ અને ત્રણ જ્ઞાન ભવાંતરમાંથી સાથે લાવનાર કોણ હોય ?

धम्मदए धम्मदेसए धम्मनायए धम्मसारहीए,

**કર્મભૂમિ-આર્યદેશની વ્યાખ્યા.**

ગણધર મહારાજા જંબુસ્વામીને વાચના દેતા આગળ જણાવી ગયા કે ભગવતી સૂત્ર ગૌતમસ્વામીને તેવા કાળને ક્ષેત્રમાં અર્પણ કર્યું છે જે કેવળજ્ઞાન મોક્ષ અને ક્ષપકશ્રેણીને લાયક હતા, હવે લાયક વખતમાં કહેવાય કર્મભૂમિ. કર્મભૂમિની વ્યાખ્યા બે પ્રકારે ગણાય છે. અસિ મસિ કૃષિ ત્રણ ક્રિયાઓ પ્રવર્તે તેવું ક્ષેત્ર તે કર્મભૂમિ. આ લૌકિક કર્મભૂમિની વ્યાખ્યા કરી. લોકોત્તર વ્યાખ્યા કરતાં કર્મભૂમિ કોને ગણવી? સમ્યક્ત્વાદિક મોક્ષ માર્ગની ક્રિયારૂપ કર્મ, મોક્ષ સાધવા માટેની ક્રિયા જે સ્થાને પ્રવર્તે તે કર્મભૂમિ કહેવાય. આમ આખા ભરત, ઐરાવત, મહાવિદેહ ને કર્મભૂમિ તરીકે ગણવામાં આવ્યું છતાં આખા ભરતાદિકમાં (૩૨૦૦૦) બત્રીસે હજાર દેશમાં મોક્ષ સાધવાની ક્રિયા પ્રવર્તતી નથી. ક્યાં પ્રવર્તે ? આર્યક્ષેત્રમાં જ મોક્ષમાર્ગની ક્રિયા પ્રવર્તે. એટલું જ નહિં પણ આર્યક્ષેત્ર-જેમાં શાસન પ્રવર્તે, શાસનની સ્થાપના વૃદ્ધિ થાય તે આર્યક્ષેત્ર. પન્નવણાકારે બૃહત્કલ્પ, જીતકલ્પ ભાષ્યકારે શી વ્યાખ્યા કરી ? જે દેશોમાં તીર્થંકરના- શલાકાપુરૂષોના જન્મો થયા, થાય છે ને થશે તેવા ક્ષેત્રો, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવના જન્મ થાય તે ક્ષેત્રો આર્ય. સમ્યગ્દર્શનનો વધારો ન હોય, હાનિ હોય. છઠ્ઠા આરામાં તે ઉત્સર્પિણીના પહેલા આરામાં જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રવૃત્તિ આર્ય

દેશોમાં પણ રહેવાની નથી, તેથી અકર્મભૂમિ કે અનાર્ય દેશ ન કહેવાય. જિનેશ્વરના જન્મની ચક્રવર્તી, વાસુદેવ, બળદેવના જન્મોની લાયકાત તેની અપેક્ષાએ આર્યભૂમિ રાખી. તેવા દેશોને આર્યદેશો કહેવાય. શાસનની સ્થાપના પ્રવૃત્તિ-વૃદ્ધિ ને ટકાવને લાયકનાં આર્યદેશો, તેમાં મુખ્ય દેશ જે મગધદેશ તેમાં મુખ્ય નગરી જે રાજગૃહી તે નગરીમાં ભગવતીસૂત્ર અર્પણ કર્યું. જ્યાં જિનેશ્વરાદિ જન્મતા નથી તે આર્યક્ષેત્ર ન કહેવાય. આમ કહી મોક્ષને લાયક ક્ષેત્ર-કાળ જણાવ્યા.

**ભવાંતરથી સમ્યક્ત્વજ્ઞાન સાથે લાવનાર ક્યા જીવો ?**

તે કાળના બધા જીવો કાર્ય સાધી શકનારા હોતા નથી. હથીયાર જીતનું કારણ પણ બધા જીત ન મેળવી જાય. સદુપયોગ કરે તે જ જીત મેળવે. દુરૂપયોગ કરે તે નુકશાન પણ મેળવે. માટે જેવો મોક્ષ જવાનો કાળ તેવો સાતમી નારકે જવાનો પણ તે જ કાળ, તે જ ક્ષેત્ર. જે વસ્તુ સદુપયોગમાં લેવાય તે ઈષ્ટ સિદ્ધિ થાય, તે દુરૂપયોગમાં લેવાય તો આપત્તિ પણ થાય. મોક્ષ નરકનો આધાર કોના ઉપર ? ક્ષેત્ર કાળ જો કે કારણ મોક્ષના છે પણ તે સાધારણ કારણ. વિશેષ કારણ કયું ? તીર્થંકર મહારાજ તીર્થ પ્રવર્તાવે તે મોક્ષનું મુખ્ય કારણ. બીજા જીવો કેમ શાસન ન પ્રવર્તાવે ? બીજા પણ સંજ્ઞી પંચેન્દ્રિ પર્યાપ્તા છે. તીર્થંકરો જ કેમ શાસન થાપે ? એક જ કારણ, ભવાંતરમાંથી જ્ઞાન દર્શન લઈને આવવાવાળા જીવો ક્યા ? તીર્થંકરને અંગે તે નિયમ. પહેલા ભવમાં જે સમ્યક્ત્વ થયું તે જ સમ્યક્ત્વ અને જ્ઞાન બંને અહીં લાવે. જેના પહેલા ભવનું દર્શન જ્ઞાન મોતે મર્યું ન હતું. પહેલા ભવમાં કાળ કરી અહીં આવ્યા છે પણ શરીરના મોતે પણ જેનું સમ્યગ્દર્શન અને જ્ઞાન મર્યું નહિ, તેવા તે તીર્થંકર હોય તે તીર્થ પ્રવર્તાવી શકે. બીજાને પોતાને ધર્મની પ્રાપ્તિ થવી મુશ્કેલ હોય. જે સમ્યકત્વ જ્ઞાનને મારી નાખી અહીં જન્મ્યો હોય તે અહીં સમ્યગ્દર્શન કે જ્ઞાનવાળો ક્યાંથી હોય ? આ વાતમાં કહેનાર કહી શકશે. તમે સમકિતના ત્રણ ભેદો જણાવ્યા હતા.

એક દીપક રોચક ને કારક સમ્યક્ત્વ.

**દીપક સમ્યકત્વ શાસન પ્રવર્ત્યા પછી હોય.**

દીવો આખી ચોપડીમાંથી, લાઈબ્રેરીમાંથી એક અક્ષર ઉકેલતો કે વાંચતો નથી. આખી લાયબ્રેરી ઉકેલવી હોય તો દીવો બીજાને કારણ બને, તેમ પોતે મિથ્યાત્વી હોય, જિનેશ્વરના વચનને, માર્ગને માનતો ન હોય, જીવાદિક નવે તત્વને માનતો ન હોય, તેવો હોય છતાં બીજાને જિનેશ્વરના માર્ગની વચનની, નવતત્વની રૂચીવાળા કરે, તેવા જીવને દીપક સમ્યકત્વ હોય. ભગવાન જિનેશ્વર મહારાજા સમકિતી હોય. 'દીપક સમ્યકત્વ શાસન પ્રવર્ત્યા પછી હોય. જૈનશાસન એટલું મજબુત , રક્ષિત, શ્રદ્ધાવાળું છે જેથી કોઈ જૈનશાસનના એક પદાર્થને અવળો કહે, ઓળવે તેને જૈન શાસન સહન કરી શકે નહીં.

**સ્થૂલદષ્ટિથી જમાલીનો મત ઠીક લાગે.**

જમાલી કેટલું માત્ર વાંકુ બોલનારો, તેનું વાંકું આપણે તો સીધું ગણીએ, મહાવીરનું વચન વાંકું ગણીએ. થાય ત્યારે થયું તે સારૂં આપણને લાગે. તેમાં ઘોંચો જ નહિં. ' થાય ત્યારે થયું ' કહેવું તે દેખીતી રીતે, સ્થૂલદષ્ટિએ જમાલીનું વચન ઠીક લાગશે. વ્રત લેવાનો, સંસાર છોડવાનો વિચાર કર્યો. મહાવ્રત લેવા જાય છે. વચમાં કાળ કરી ગયો તો, જમાલીની અપેક્ષાએ વિરાધક. ભગવાનની અપેક્ષાએ આરાધક. જ્યાંથી ઉઠે ત્યારથી આરાધક, ગુરૂ કરેમિ ભંતે ઉચ્ચરાવે, પોતે હાથ જોડે, તેવામાં મરી જાય, તો પણ જમાલીના મતે વિરાધક. 'કરેમિ ' કહે ત્યાં સુધી વિરાધક, 'વોસિરામિ' કહે પછી જ આરાધક તે ગણે. મહાવીરના મતે જ્યાંથી ભાવ થયા, ડગલું ઉપડે ત્યાંથી આરાધક. જમાલીનો મત માનવામાં આવે તો આરાધક પણું જ ડોળાઈ જાય. આલોયણ-દોષ લાગ્યો. વિરાધકપણું ક્યારે મટે? ગુરૂ મહારાજ પાસેથી આલોયણ લઈ પૂરી કરે ત્યારે જ આરાધક. તપ આપ્યું, પુરૂં ન થાય ત્યાં સુધી વિરાધક. આ બે વસ્તુ મગજમાં લેશો તો સમજાશે કે

જમાલી મતમાં કેટલું નખ્ખોદ નીકળી જાય. સિદ્ધના પંદર ભેદોમાં અન્યલિંગે સિદ્ધ માનવાનો વખત જ નહિં રહે. ગૃહસ્થપણું ચારિત્ર લેવાના ભાવ તો જમાલીના મતે કામ ન લાગે. ભાવલિંગે આવે ક્યાંથી? ભાવલિંગ વગર મોક્ષ થઈ જાય ક્યો ગોટાળો થાય છે તે ધ્યાનમાં ન લે ત્યાં સુધી વસ્તુ માલમ ન પડે. સ્થૂલદૃષ્ટિથી જમાલીનો મત ઠીક લાગે પરંતુ આટલા ફરકમાં શાસને જમાલીને સંઘ બહાર ફેંકી દીધો. જમાલી કેટલો જબરો હતો. ભગવાને દીક્ષા લીધી ત્યારે જોડે કોઈ નહીં, એકલા જ. જમાલીએ ૫૦૦ રાજકુંવરો સાથે દીક્ષા લીધી. ભગવાનની સાથે પોતાની સ્ત્રીએ દીક્ષા ન લીધી. જમાલીની સ્ત્રીએ (મહાવીર ભગવાનની પુત્રી) પણ હજાર કુંવરીઓ સાથે દીક્ષા લીધી છે. તે જમાલીનો પ્રભાવ કેટલો હશે? તેવા પ્રભાવવાળાને પણ શાસને ન ગણ્યા. આટલા ફરકમાં જમાલીને શાસન બહાર ફેંકી દીધો, નિન્હવ તરીકે જાહેર કર્યો. શુદ્ધ માર્ગે રહેવાવાળું હોવાથી, શુદ્ધ પ્રરૂપણામાં મજબૂત રહેવાવાળું હોવાથી મિથ્યાત્વી કે અભવી સાધુ બન્યા હોય તો પણ પ્રરૂપણા તો શાસનની જ કરવી જ પડે. અભવ્યને મિથ્યાદૃષ્ટિને દેશના શાસનાનુસારી દેવી પડે. શાસનની બાહર રહેલા ચાહે તેમ બોલે. શ્રોતાને પ્રતિતિ થાય તે માટે દીપક સમ્યક્ત્વ કહ્યું. દીપક સમ્યક્ત્વ શાસન પ્રવર્ત્યા પછી હોય. તે પહેલા દીપક સમ્યકત્વનો વખત ન હોય. તણખલા પેઠે મને કાઢી મેલશે તે ભયે પ્રરૂપણા શાસનની જ કરવી પડે.

**જાગતો દીવો જ અજવાળું કરી શકે.**

મૂળ વાતમાં આવો, દીપક સમ્યકત્વ માન્યું તેથી તીર્થ પ્રવર્તાવ્યા પહેલાં તો ન હોય. તીર્થ પ્રવર્ત્યા પછી દીપક સમ્યકત્વ હોય. કહો હવે જગતમાં શાસન જો કોઈપણ પ્રવર્તાવે જેનું સમકિત જ્ઞાન મોતે મર્યું ન હોય. પહેલા ભવે સમ્યક્ત્વ જ્ઞાન થયા તેના મોતે સમ્યકત્વ જ્ઞાન ગયા ન હોય તેવો જીવ જ તીર્થંકર થઈ શકે. માટે ત્રણ જ્ઞાન 'અપ્રતિપાતિ'

હોય છે. એવા જ જીવો જ તીર્થ પ્રવર્તાવી શકે. યુગલીયાપણામાં અપ્રતિપાતિ સમકિત કે જ્ઞાનવાળો ન હોય. પહેલવહેલા મોતથી સમ્યકત્વને જ્ઞાનને બચાવનાર હોય તો માત્ર જિનેશ્વર મહારાજ જ હોય. જાગતો દીવો જ અજવાળું કરી શકે. તેમ સમ્યક્ત્વ જ્ઞાન પૂર્વભવથી જાગતા હોય તેવા જ જીવો તીર્થ પ્રવર્તાવી શકે. તેવા જીવો અવસર્પિણીમાં ચોવીસ જ, તેમાં મહાવીર મહારાજા પણ છે, તેમણે આ વર્તમાન તીર્થ પ્રવર્તાવ્યું છે. ઉછીની મૂડી પણ જેની પાસેથી ચાલી ન ગઈ હોય. દેવતા નારકીના ભવમાં અવધિજ્ઞાન થાય તે ચોક્કસ પરંતુ તે ઉછીનું લીધેલું. પંખીમાં જે ઉડવાની તાકાત તે ઉછીની. પંખીનો ભવ હોય ત્યાં સુધી ઉડવાની તાકાત. ઉડવાની તાકાત તે ભવ દ્વારા. પંખીમાં જન્મે એટલે ઉડવાની તાકાત, તેમ દેવતા નારકીને મળેલું અવધિજ્ઞાન ભવ ને લીધે મળ્યું છે. ભવ પૂરતું ઉછીનું મળેલું જ્ઞાન તે જેનું મરે નહિં. તીર્થંકર ભગવાનને ભવને લીધે થયેલ 'અવધિજ્ઞાન' મોતે મરવાનું નહિં. દેવ કે નારકીના ભવમાં ઉછીના તરીકે લીધેલું તે જ્ઞાન પણ જેનું ન મરે, તેવા ત્રણ અપ્રતિપાતી જ્ઞાનવાળા, અપ્રતિપાતી સમ્યક્ત્વવાળા જ તીર્થંકર બની શકે તેવા મહાવીર મહારાજા હતા.

**કેવા ચક્ષુ અને શરણ આપનારા ?**

તેમનું સ્વરૂપ જણાવતાં જગતના જીવોને કર્મના ઉદયથી ચામડાની આંખ મળે છે. કહો ચામડાની આંખ તો તે પહેલા બાંધેલા કર્મોને અંગે મળી શકે છે. પરંતુ ખરી આંખ જિનેશ્વર મહારાજ દે છે. પુન્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા,ભવ ને મોક્ષના કારણની વિવેકની આંખ જિનેશ્વર જ દે છે તેથી 'चक्खुदए ' કહ્યું. તે દીધા છતાં ભર જંગલમાં ચક્ષુ શું કામ કરે ? માર્ગ મળ્યા વગર મળેલી ચક્ષુ ઇષ્ટ સિદ્ધ કરનાર નથી. માટે માર્ગ દેનાર. માર્ગ સીધો મળી ગયો, ચક્ષુ પણ મળી પણ વળાવીયો રક્ષણ કરનાર ન હોય તો ચક્ષુથી દેખવા છતાં માર્ગમાં ઉભાં છતાં લુંટારા મિલકત લુંટી જાય. તે માટે 'सरणदए' જોડે

વળાવીયા પૂરા પાડે છે. તીર્થંકરે તીર્થ સ્થાપી ચતુર્વિધ સંઘ સ્થાપ્યો તે શાથી? સમ્યગ્દર્શનાદિરૂપી માર્ગમાં કોઈ લુંટી ન જાય તે માટે ચતુર્વિધ સંઘ સ્થાપ્યો. શરણ કોણે આપ્યું? ખરાબ વિચારથી કોણે બચાવ્યા?

**આંકડો હોય તો મીંડાની કિંમત.**

કર્મનો ઉપદ્રવ નુકશાન ન કરે તેમ શરણ દે છે. આંકડો હોય ત્યારે મીંડાની કિંમત. મીંડાની કિંમત આંકડાને અંગે દસગણી વધતી જાય છે. તેમ ચક્ષુ-માર્ગ-શરણની કિંમત કોની પાછળ? આઝાદી, આબાદીની પાછળ તેની કિંમત છે. જેને બચાવવાનું નથી, પ્રવર્તાવવાનું નથી. જોવાનું નથી, તેને શું? તેથી 'धम्मदए' ખુદ ધર્મને આપે છે. ધર્મરુપી આબાદી-સમૃધ્ધિ રિદ્ધિ આપે છે. ધર્મ એવી ચીજ કે જગતમાત્રને વહાલી છે. ધર્મની ચાહના દરેકને છે. કોઈપણ આર્ય ધર્મની ચાહના વગરનો નથી.

**વહાલી ચીજના જુઠ્ઠા શબ્દો પણ વહાલા લાગે.**

જગતમાં એ નિયમ કે વહાલી ચીજના જુઠા શબ્દો પણ વહાલા લાગે, અળખામણી ચીજના અળખામણા શબ્દો અળખામણા લાગે. બ્રાહ્મણ કહે કે ઘણું જીવો, કોટી વર્ષ જીવો, જુગજુગ જીવો. બ્રાહ્મણો આવે આશીર્વાદ આપે છે, ત્યારે જુઠુ કહે છે છતાં આંખમાં લાલાશ આવે છે? કેમ નહિં? ખુશ થઈએ છીએ. દીર્ઘજીવીત વસ્તુ વહાલી છે. બનો ન બનો તે નસીબની વાત છે. કોઈએ શ્રાપ આપ્યો તેના કહ્યા પ્રમાણે થવાનું નથી, છતાં આંખ લાલ કેમ થાય છે? જે વસ્તુ આપણને વહાલી છે તેના જુઠા શબ્દો પણ વહાલા લાગે છે. અનિષ્ટ વસ્તુના જુઠા શબ્દો અનિષ્ટ લાગે છે. આપણને કોઈ ધર્મિષ્ઠ કહે તો આંખ લાલ થાય છે? ધર્મ વહાલો છે. કોઈ પાપી કહે તેના કહેવાથી પાપી થવાના નથી, છતાં સાંભળવાથી દુ:ખ થાય છે. કહેનાર તો જુઠુ કહે છે, યદ્વાતદ્વા બોલી અંગારા મોંમાંથી કાઢે જબાનથી વાતો કરનારા નથી, આપણે તેવા પાપી થવાના નથી, છતાં વહાલું ન લાગે. જુઠુ છે, જાણીએ છીએ,

અધર્મી કહે પાપી કહે તેથી પાપી અધર્મી થવાના નથી. અળખામણી ચીજનો જુઠો શબ્દ અળખામણો જ લાગે. ધર્મ આત્માએ સારો ગણ્યો છે તેથી ધર્મી કોઈ કહે તો ખુશ થાય છે, તેથી જગત ધર્મને સારો ગણે છે. પણ શબ્દથી, ધર્મપદાર્થ સારો ન લાગે.

**સંપ ટકાવવાના ત્રણ કારણો.**

સંપ સારો કે કુસંપ? તો એ સો ટકા સંપ જ સારો લાગે પણ તેના કારણો કેટલાને ખબર છે અને તેનો અમલ કેટલા કરે છે? ત્રણ વસ્તુ હોય ત્યાં સંપ રહી શકે. ૧. પોતે કોઈના ગુનેગાર બનવું નહિં. ૨. ગુનાની માફી આપવી. ૩. ઉપકારના પ્રસંગે ઉપકાર કર્યા વગર ન રહેવું. આ ત્રણ ચીજવાળો સંપ ટકાવી શકે. ઘરમાં બાઈઓ, ભાઈઓ, નાત-જાતમાં સંપ ટકાવવો હોય તો આ ત્રણ વસ્તુ અમલમાં મેલવી જોઈએ. સંપ પદાર્થની પ્રીતિ, શબ્દની પ્રીતિ છે પણ પદાર્થની પ્રીતિ નથી. એવી રીતે ધર્મ શબ્દ જગતભરમાં દરેકને વહાલો છે પણ ધર્મ પદાર્થ તેટલો વહાલો કરવો આકરો પડે છે. ધર્મ પદાર્થ દાન, શીલ, તપ ને ભાવ તે અમલ કરવાની વાત આવે ત્યાં મુશ્કેલી છે. ધર્મ ચીજ તો ઓળખો. હવે ધર્મ ચીજ શેના દ્વારા એ ઓળખવી?

લાકડું, લોઢું આદિ પાંચ ઈન્દ્રિયના વિષયની પરીક્ષા કરવી હોય તો સેકંડની વાર, પણ ધર્મને માટે કોઈ કાંટો, થર્મામીટર જેવું યંત્ર તપાસવાનું નીકળ્યું નથી. સોના માટે કસોટી છે, સાચા અને કૃત્રિમ કલચર મોતીની પરીક્ષા માટે યંત્ર છે. પણ ધર્મ કે અધર્મ તપાસવાનું થર્મામીટર કે યંત્ર નીકળ્યું નથી. ધર્મની પરીક્ષાનું કોઈ સાધન નથી. માટે ધર્મની પરીક્ષા શી રીતે? પરીક્ષા પહેલા સ્વરૂપ જાણવું જોઈએ. અહીં નથી માપાવાનો કાંટો, નથી સ્વરૂપ જાણતા તો પરીક્ષા શી રીતે કરવી? દારૂડીયાની દુકાને દારૂ લેવા ગયો, ગ્રાહક કહે નમુનો આપ. કલાલ દાંત કાઢવા લાગ્યો, ઘરાક ચીડાયો. વેપારી વાનગી નથી આપતો ને દાંત કાઢે છે. લેનાર વધારે ચીડાયો. શાની વાનગી માગે છે? પડદામાં

રહે તેની વાનગી હોય. ઢગલામાં વાનગી ન હોય. ખુલ્લી ચીજની વાનગી ન હોય. તારે તો દુકાનમાં દારૂ છે ને ? રસ્તા વચ્ચે છે, દારૂડીયો કોઈ ૫૦ ડગલા પર, ૭૫ ઉપર કોઈ ૧૦૦ ડગલા ઉપર દારૂ પીને પડેલો છે. તારે ક્યો દારૂ જોઈએ છે ? તેમ અહીં શાસ્ત્રકાર કહે છે કે ધર્મની પરીક્ષા માટે વાનગી માગે છે તે અજાણપણું છે. અરે ધર્મ શબ્દ શું કહે છે કે 'ધારે તે ધર્મ' તને ' દુર્ગતિ પડતો ધારી રાખે. સદ્ગતિમાં મેલી દે તે ધર્મ.' દુર્ગતિ પડતાને ધારે સદ્ગતિમાં સ્થાપન કરે તે ધર્મ. આ ક્રિયા દુર્ગતિથી બચાવશે કે નહિ ? સદ્ગતિમાં મેલનાર હોય તે ધર્મ. આ લક્ષણમાં મતભેદ કોઈથી થઈ શકે તેમ નથી. પરન્તુ મતભેદ ક્યાં છે ? દુર્ગતિ આપનારી ચીજને રોકો તો દુર્ગતિ રોકાઈ. ૧૮ પાપસ્થાનક એ જ દુર્ગતિ આપનારી ચીજ તેમાં કોઈથી ના નહિં પડાય. તેનું જ નામ ધર્મ; ૧૮ પાપસ્થાનક રોકવા તેનું નામ ધર્મ. દરેક ધર્મવાળાને દુર્ગતિ રોકવી હોય તો, ૧૮ પાપસ્થાનકો રોકવા જ પડે, તેનો ત્યાગ કરે તેનું નામ ધર્મ તે વખતે મુશ્કેલી. કેવળ તીર્થંકર મહારાજ જ ધર્મ રજુ કરી શકે, પ્રવર્તિ પ્રવર્તાવી શકે. તે ત્યાગ ત્રિવિધ ત્રિવિધ કરવો જ જોઈએ. આ માન્યતા કાળજામાં ઉતારનાર હોય, અમલમાં મેલનાર હોય તો માત્ર તીર્થંકર ભગવાન જ. માટે धम्मदए . ૧૮ પાપસ્થાનક ત્યાગ અને ચારિત્રરૂપી ધર્મ તેને દેનારા. ધર્મથી સમ્યગ્દર્શન જ્ઞાન લેવાય પણ અહીં તે ત્રણ લઈએ તો चक्खुदये માં શું લેશો ? मग्गदये માં શું લેશો ? ત્યાં સમ્યગ્દર્શન જ્ઞાન લઈ લીધા માટે અહીં ધર્મ શબ્દથી ચારિત્ર લેવાનું છે. હવે ધર્મ શી રીતે દે છે. કોઠાર, કોથળો, ધર્મનો ભર્યો નથી, ત્યારે દેશના દ્વારાએ માટે પદ કહ્યું કે धम्मदेसए ધર્મના દેશક. હવે ધર્મની દેશના કોને કહેવી, ધર્મદેશકો કેવા હોવા જોઈએ તે અગ્રે-

# દેશના ૮૩
# મૈત્ર્યાદિ ચાર ભાવના સહિત અનુષ્ઠાન તે ધર્મ

धम्मवर चाउरंत चक्कवट्टी अप्पडिहयवरनाण दंसणधरे वियट्टछउमे ।

ગણધર મહારાજા સુધર્માસ્વામી જંબુસ્વામીને ભગવતીસૂત્રની વાચના આપતાં આગળ જણાવી ગયા કે ભગવતીસૂત્ર ગૌતમસ્વામીને તેવા કાળને ક્ષેત્રમાં અર્પણ કર્યું કે જે કાળ મોક્ષ અને કેવળજ્ઞાન માટે લાયક હતો. સમ્યગ્જ્ઞાન દર્શન-સમ્યક્ત્વ જેનું મરણ સાથે નાશ ન પામે તે જ તીર્થંકર થઈ શકે. તેની જડ કેવી હોવી જોઈએ? ચાર મનુષ્યો વનમાં જતા હતા. બધાએ આંબો દેખ્યો. ફળ ખાવા માટે જરૂરી, પાંદડા તોરણ માટે, લાકડા મકાન માટે જરૂરી પણ મૂળીયા બીન જરૂરી છે. એમ ચોથો કહે છે તો કહેનારા ડાહ્યો કે ગાંડો? કેરી ખાવા કામ લાગે, પાંદડા તોરણ માટે, લાકડા મકાન માટે કામ લાગે પણ મૂળીયા શું કામ લાગે? જો કે મૂળીયા મકાન તરીકે, તોરણ કે ખાવા તરીકે કામ નથી લાગતા પણ બધાની જડ કોણ? એ જ મૂળીયા. ફળ, પાંદડા લાકાડનું ખરેખર કારણ મૂળીયા છે. મનુષ્યપણું પાંચે ઈન્દ્રિયોની સંપૂર્ણતા, આયુ વિગેરે કોણે આપ્યા? ધર્મ જરૂરી ગણાય, બધાની જડ ધર્મ.

**સર્વાધિક કિંમતી ધર્મ**

પૈસાની ત્રણ પાઈ આવે ત્યારે પૈસો કિંમતી, સોળ આના રૂપીયાના તો રૂપીયો કિંમતી. તો એક ધર્મ ચીજથી કેટલું મળે છે? યશ કીર્તિ, આરોગ્યતા, સગાવહાલાં, ભોગ સામગ્રી બધું ધર્મથી મળ્યું તો તે ધર્મની કિંમત કેટલી? પૈસા કરતાં ચાર ગણી કિંમત આનાની, તેમ ધર્મથી જે ચીજ મેળવાવાળી છે તે બધી ચીજનો ગુણાકાર કર.આયુ,

પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, નિરોગીત્વ આદિ આપનાર ધર્મ જ. સામાયિક, પૂજા કરીને આવીને બેઠો. કર્યા વગર આવીને બેઠો તેમાં વધારે ઓછું શું ? એક લાખ કમાઈને અને બીજો એક ખોઈને બન્ને બેઠા છે, તેના શરીર બન્નેના સરખા છે. કમાયાની જવાબદારી, ખોયાની જવાબદારી કોના ઉપર! ચોપડો જવાબ દે. કમાયા ખોવાયામાં શરીરમાં વધારો ઘટાડો દેખતા નથી. તેમ ધર્મ ચીજ ઈંટ પથરો નથી કે બતાવાય.

**ફળ દ્વારા ધર્મ જાણી શકાય.**

ધર્મ છદ્મસ્થ કે સામાન્ય આત્માથી ન દેખાય તેવી બારીક ચીજ, નહીંતર આગલે ભવે લઈ જવાનું ન રહે. સ્થૂલ ચીજ હતે તો આવતે ભવે પહોંચત જ નહીં. માટે આગલા ભવે પહોંચનારી બારીક ચીજ એના આત્મામાં પરિણમી નથી. આખા મનુષ્યભવના પાંચે ઈન્દ્રિયોના સુખના કારણભૂત ધર્મ, પણ ધર્મ કોને કહેવો ? કેટલાક અધર્મને જ ધર્મ ગણે, નદીના કાંઠે મુનિમહારાજ બેઠા છે. મચ્છીમાર આવ્યો. કોણ છે ? હું મચ્છીમાર છું ધર્મ કર. હું ધર્મ કરૂં જ છું. માછલ મારવાનો ધર્મ મારા બાપદાદથી ચાલ્યો આવે છે તે કુળધર્મ એટલે કુળનો રિવાજ કરૂં છું. ન સમજે ત્યારે આડાઅવળા વિચારોને પ્રવૃત્તિને ધર્મ કહી દે છે. દુનિયા પરિણામે ડાહી છે. જાપાને રસીયા સામે લડાઈ જાહેર કરી. આ જાપાન મગતરા જેવું. આ રશીયા વિષધર જેવો. કોરીયામાંથી ખસી ગયો તે જાપાનને ફસાવવા. અંતે સંધી કરવી પડી ત્યારે એશીયાઈ પાણી છે, તે કહેવાને મગતરા જેવા કહેવા તૈયાર છે. દુનિયા પરિણામે કોણ ફાવ્યું તે જોવાવાળી છે, તેમ ધર્મ પરિણામ આવે તો ધર્મ ક્યો ગણવો ? દુર્ગતિથી બચવું તે બીજું સદ્‌ગતિનું સાધન મેળવવું. તો ધર્મ થયો ધર્મ કરે, કહે બોલે, આ બે પરિણામમાં ધર્મ છે. દુર્ગતિથી બચવાનું થાય, સદ્‌ગતિ મેળવવાનું થાય તેનું નામ ધર્મ. આ ફળ દ્વારાએ સ્વરૂપદ્વારાએ આ વ્યાખ્યા નથી. આ દુર્ગતિથી બચ્યો ત્યારે સદ્‌ગતિનું સાધન મેળવ્યું. જેમ ઈન્દ્રિયથી ધર્મ ગમ્ય-જાણી શકાતો નથી, તેમ દુર્ગતિથી બચ્યો કે

નહિ, સદ્ગતિ મળી કે નહિં તે પણ ઈન્દ્રિયથી જાણી શકાય તેમ નથી. આ ધર્મનું જે પરિણામ કહ્યું તે આ બે પરિણામ આપણી નજર બહાર છે તો શી રીતે જાણવા ? ધર્મને ફળદ્વારા અને સારી સ્થિતિમાં, પાંચ ઈન્દ્રિય સંપૂર્ણ, લાંબુ આયુષ્ય, ધર્મ કે પુણ્ય ન કરેલું હોય તો ન મળે. આ નિરોગતા પંચેન્દ્રિયત્વ મનુષ્યત્વ લાંબુ આયુ આદિ મળ્યા છે, એ ફળદ્વારા આપણે ધર્મ જાણી શકીએ છીએ, જમીનમાં મૂળીયા નથી દેખાતા પણ લીલા લાકડાં, ફળ, ફુલ પાદડાં દ્વારા ઉંડાણમાં મૂળીયા છે, તેમ જાણી શકાય છે. આમાં આંબાના, આમાં લીંબડાના મૂળીયાં છે. તેવી જ રીતે અહીં પહેલા ભવે પુણ્ય બાંધેલું છે, તો ગયા ભવમાં કરેલ પુણ્યનો આ મળેલા સુખ દ્વારા નિર્ણય કરી શકાય છે. અત્યારે પુણ્ય બંધાય છે કે પાપ બંધાય છે તેનો નિર્ણય શાથી? દુર્ગતિ તરફ ઢળી રહેલાને રોકી રાખે અને સદ્ગતિમાં ધારણ કરે તે ધર્મ. આમ ફળથી ધર્મનું નિરૂપણ કર્યું. પહેલા ભવના ધર્મના ફળ ભોગવતો હોય તો નિર્ણય કરાય. આ ભવના ધર્મનો નિર્ણય શી રીતે કરવો ?

वचनादविरुद्धमनुष्ठानं यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं, तर्ममिति कीर्त्यते ।।

આ લક્ષણ ધર્મના સ્વરૂપનું છે. 'અનુષ્ઠાન ધર્મ' જે અનુષ્ઠાન કરવું તેનું નામ ધર્મ અને જે અનુષ્ઠાનને ધર્મ કહીએ છીએ તે એકલું અનુષ્ઠાન તે ધર્મ નહીં. તો મસ્તકે ફુલ ચડે છે શરીરને લાગી શોભામાં ફુલ વધારો કરે છે, તો ચડાવનાર કરતાં ફુલને વધારે લાભ થવો જોઈએ. એકલી પ્રવૃત્તિ-અનુષ્ઠાનને ધર્મ નથી કહેતાં પણ પરિણતિવાળું અનુષ્ઠાન આત્માના વિચારો પરિણતિની સુંદરતા દરેક કબૂલ કરે છે. સુંદર પરિણામ સુંદર વિચાર હોય તો જ ધર્મ થાય, પણ સુંદર કોને કહેવા ? ત્યારે કહ્યું ૧ મૈત્રી, ૨ પ્રમોદ, ૩ કારૂણ્ય ને ૪ માધ્યસ્થ્ય આ ચાર ભાવનાઓ છે. સામાન્યથી નવકાર ગણનારા છીએ. આજે ધર્મનું મૂળ તેના વિચાર મગજમાં લીધા. નમસ્કારમંત્રનું સ્મરણ જરૂરી કર્તવ્ય , પરંતુ તેની સાથે આ ચાર વિચારો ન હોય તો તે એકલું સ્મરણ પોતાનુ

કાર્ય પુરૂં કરી શકે નહિ. નમસ્કારનું સ્મરણ એ પણ યથાસ્થિત ફળ ક્યારે આપે? ધર્મ તેને ક્યારે કહેવાય? આ ચાર વિચારો-ભાવનાઓ જોડે હોય તો જ ધર્મ કહેવાય. ક્યા ચાર વિચારો? મૈત્રી, પ્રમોદ, કારૂણ્યને માધ્યસ્થ્ય. મૈત્રીમાં ટુંકા સ્વરૂપે એટલું જ લો કે આખા જગતમાં કોઈનું નુકશાન કરનાર હું ન થઉં, સર્વને હિતની પ્રાપ્તિ કરાવનાર થઉં, હું અહિત કરનાર ન થઉં, આ ભાવના ન જાગે તો ધર્મની ક્રિયા ધર્મરૂપ નથી. જગતના જીવ માત્રને અંગે હિત પ્રાપ્તિની ભાવના, આ કલ્પના આવે તે મૈત્રીભાવના. બધા જીવોને સરખા ગણ્યા એટલે ઘઉંને કાંકરા માટી સરખા ગણ્યા તે ફરક પાડવા માટે જે જે ભગવાનના માર્ગને પામેલા તેની સેવા કરનારો થાઉં. સર્વ સાવદ્ય ત્યાગી, તપસ્વી આદિ ગુણવાનને અંગે સેવા કરનાર થઉં. જેનો હું સેવક બની શકતો નથી તેને અંગે કરૂણાભાવના. દ્રવ્યદુઃખ ટાળવા તે દ્રવ્યકરૂણા, અપ્રાપ્તને પ્રભુ માર્ગની પ્રાપ્તિ કરાવવી તે ભાવ કરૂણા.

**અવલચંડી વહુ**

કુટુંબમાં એક છોકરાની અવલચંડી વહુને લડાઈ વગર ન ચાલે. લગ્ન આવ્યા ત્યારે તારે પીયર જવું હોય તો હમણા જઈ આવ પછી લગ્ન વખતે નહિ જવાય. હમણા પંદર દહાડા તો ન જ જવું. જ્યાં લગ્નનું માંડવા મુહુર્ત આવ્યું તો કહે છે કે મારે પીયર જવું છે, ના હમણા જવું ઠીક નથી. મારા વગર લગ્ન કંઈ અટકવાના છે? એમ કરીને ગઈ. જવા માટે ગાડું બળદ નહીં આપીયે. બળદ જ લઈ જઉં, સસરાને દયા આવી અવળચંડી છે, નદીમાં બળદની દોરીનો હાથ ઢીલો કરજે, હવે સજ્જડ પૂછડું પકડજે, નહીંતર તણાઈ જઈશ, આમ શીખામણ સસરાએ આપેલી. આ છોડ્યું. અવળચંડી વહુ તેમ કેટલાક જીવો એવા હોય કે શાસ્ત્ર બતાવો, તેના પાઠ બતાવો તો તેના પર પગ મુકું.

**બે પ્રકારના શાસ્ત્ર, માર્ગ અને પરંપરા**

શાસ્ત્ર બે પ્રકારના. માર્ગને પરંપરા. પ્રમાણિક ગ્રંથોનો પાઠ લાવો, તેના નામે આગમોપર પગ મેલનારા. કોઈપણ પ્રમાણિક

ગ્રંથમાં આમ મુહપત્તિ વાળવી તે શાસ્ત્રમાંથી વાત લાવો. આ પરંપરા છે. એવી તો કેટલીએ વાતો છે કે જેના શાસ્ત્રોમાં પાઠ નથી. એવી પરંપરા અથવા સંવિગ્ન પરંપરા અને શાસ્ત્ર, સંવિગ્ન પાસે મોક્ષની ઈચ્છા, પલંગ ગાદીની પરંપરા ન ચાલે, ગુરૂ ચેલા ગાદી પર બેસે તેનો ચેલો કહે કે મારી પરંપરા છે, તે ન ચાલે. શાસ્ત્ર લોપે, પરંપરા લોપે, જીત આચાર એટલે શાસ્ત્રમાં કહ્યો ન હોય તે જીતવ્યવહાર તેનું નામ જીત, નહીંતર સૂત્રમાં આવી જાય, આગમ ને પરંપરા તે નહીં કબૂલ, મારે માનવું જ નહિ તેવા માટે અવલચંડીનું દૃષ્ટાંત. માર્ગ ન પામનારા બે પ્રકારના હોય, તેને બતાવો તો બહેંકે તેવા માટે બે ભાવના. કારૂણ્ય, માર્ગે લાવી શકે તેવાને માટે માર્ગે લાવું પણ માર્ગે ન જ આવે તેવા હોય તે માટે માધ્યસ્થ. એક વખત કેવળી ઉપદેશ દેનાર હોય તો અનંતા કાળના રખડઉં હતા, અનાદિકાળના સંસારના ભમતા ભૂત હતાં, અત્યારે કેવળજ્ઞાન પામ્યા છે, અત્યાર સુધી ભટકતો ભૂત કેમ રહ્યો ? કર્મરાજાએ વિવર આપ્યું ન હતું તેને પણ કર્મ વિવર ન આપે તો માર્ગમાં શી રીતે આવે ? મારૂં શું થશે ને પાપ કરે એવા લોભમાં, સંજોગોમાં, દબાણમાં, આવી ગયા હોય તે દબાણથી પાપ કરે તે શંકાવાળા માર્ગે, ભયંકરમાં ભયંકર પાપ કાર્યો કરે અને શંકા ન હોય કે મારૂં શું થશે ? તેમાં માધ્યસ્થ્ય ભાવના. દેવતાની જિનેશ્વરની પંચમહાવ્રતધારકની નિંદા કરનારા તેવા છતાં પણ માધ્યસ્થ્ય ભાવના. એવાની દશા એકે હું, ભૂત આવે હું, હુંકારો કરે તેવા બિચારા હું હું સિવાય બીજું ન હોય. તેવા આત્માને વખાણવા તૈયાર થયા હોય તેવા તરફ લક્ષ્ય જ ન દેવું તે માધ્યસ્થ્ય અથવા ઉપેક્ષા ભાવના. આમ સકલ જીવોની હિતની, પ્રમોદની, નિર્ગુણને અંગે કરૂણા. નિર્ગુણ જે ગુણ ન પામી શકે તેવા માટે માધ્યસ્થ્ય ભાવના.

मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ सत्वागुणाधिक क्लिश्यमानाविनेयेषु । **(तत्वार्थ)**

**પ્રાણી માત્ર તરફ મૈત્રી, અધિક ગુણ તરફ પ્રમોદ, દીનદુ:ખી પ્રત્યેકારૂણ્ય, ઘોર પાપી તરફ માધ્યસ્થ ભાવના રાખવી.**

આ ચાર ભાવના સાથે ધર્મપ્રવૃત્તિ હોય તો તે પ્રવૃત્તિનું નામ ધર્મ. મૈત્રી આદિ ચાર ભાવનાઓ સહિત એવી જ પ્રવૃત્તિ અનુષ્ઠાન હોય તેનું નામ ધર્મ.

**સર્વજ્ઞ વચન અવિરૂદ્ધ પ્રવૃત્તિ તે ધર્મ.**

પાતંજલ યોગને અનુસરનારા એવાઓ ચારે ભાવના માને તો તેને ધર્મ કહેવો કે નહિં ? ચારે ભાવના સહિત પ્રવૃત્તિ તે ધર્મ પણ તે સર્વજ્ઞ ભગવાનના વચનને અનુસરીને જે મૈત્ર્યાદિભાવ સહિત પ્રવૃત્તિ તેનું નામ ધર્મ. સામાયિક પૌષધના વર્તન દેખીયે, બે મીનીટ સામાયિક ચાલી ન ચાલી એટલે દુનિયાના વિચારો, એવું ન થાય તે માટે કહે છે કે - ' यथो दितं' કહ્યા પ્રમાણે અનુષ્ઠાન પ્રવર્તવું જોઈએ. સર્વજ્ઞ વચનના અવિરૂદ્ધ વચન તેના અનુસારે જે પ્રવૃત્તિ તે પ્રવૃત્તિનું નામ ધર્મ. હવે ધર્મનું સ્વરૂપ જણાવ્યા છતાં સાધન વગર સાધ્યની સિદ્ધિ ન થાય. 'नकारणं भवेत कार्य' કોઈપણ કારણ સિવાય કાર્ય ન થાય. કારણથી જ કાર્ય થાય. તેમજ માટી કારણ છે કે નહિં, તાંતણા કારણ છે કે નહિં ? માટીથી કપડું બનશે ? તાંતણાથી ઘડો બનશે ? કારણ બીજાનું હોય તે કામ ન લાગે. માટી ઘડાનું કારણ, સુતર લુગડાનું કારણ, બીજાનું નહીં. તેમ આજે સર્વજ્ઞ ભગવાનના વચનને અનુસરીને સર્વજ્ઞના વચને મૈત્ર્યાદિભાવના સહિત જે પ્રવૃત્તિ તે ધર્મ. ધર્મરૂપી કાર્ય બનાવવા માટે બે પ્રકારના કારણ, બાહ્ય ને અભ્યંતર. વાઉકાયની જયણા માટે મુહપત્તિ. કોઈપણ મતમાં વાયુકાયની જયણા માટે સાધન બતાવ્યું નથી. પૂજવા માટે સાધુને અંગે રજોહરણ. બાહ્ય ધર્મના કારણો ગૃહસ્થને અંગે ચંદરવા, પૂંજણિયો, ગયણા. આ બધા ધર્મના બાહ્ય કારણો, મુહપત્તિ, ઓઘો, બાહ્ય કારણો. અભ્યંતર કારણ, શાસ્ત્રને પરંપરા બેની પ્રતિતિ તે અભ્યંતર કારણ. આવું ધર્મ સ્વરૂપ જણાવનાર આવા ધર્મની દેશના દેવાવાળા જિનેશ્વર ભગવંત જ છે. તે હવે રક્ષણ કેવી રીતે કરશે તે અગ્રે -

## દેશના ૮૪
## 'ક્રિયા એ કર્મ પરિણામે બંધ' તે કયા સ્થાન પર લેવું ?

जिणे जाणए तिण्णे तारए, बुद्धे बोहए मुत्ते मोयए सव्वन्नू ।

સુધર્માસ્વામી ભગવતીસૂત્રની વાચના દેતાં આગળ જણાવી ગયા કે હે જંબુ ! ગૌતમસ્વામીને ભગવતીસૂત્ર સમર્પણ કર્યું, તે વખતે કેવળજ્ઞાન પ્રાપ્ત થતું હતું. આ માટે 'तेणम् कालेणं ' પદો મેલ્યા હતા. ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધીનો વખત કેવળજ્ઞાન મોક્ષ અને ક્ષપકક્ષેણીના કારણભૂત છે. ઉત્સર્પિણી કે અવસર્પિણીનો નવ કોડાકોડ જેટલો ટાઈમ તેમાં કેવળ મોક્ષ, થતાં નથી. ક્ષપકશ્રેણી માંડી શકાતી નથી. આથી કાળની યોગ્યતા જણાવી. તે સાથે આખા ભરતમાં, સર્વદેશોમાં મોક્ષપ્રાપ્તિની યોગ્યતા હોતી નથી. આર્યદેશોમાં મોક્ષ પ્રાપ્તિ, શાસનની પ્રવૃત્તિ, ઉત્પત્તિ, ટકાવ, વધવાનું હોય. તે સિવાય બાકીના હજારો દેશો. ભરતક્ષેત્રમાં ૩૨૦૦૦ દેશ તેમાં માત્ર ૨૫$\frac{૧}{૨}$ આર્ય. તેની અંદર જ મોક્ષ ને કેવળ મેળવવાનું અસાધરણ કારણ કોણ ? અસાધારણ કારણ ત્રિલોકનાથ ભગવાન. કેમ કે શાસનની પ્રવૃત્તિ સ્થાપના ઉપર જ આધાર રાખે છે. તીર્થંકરપણું મહાવીર મહારાજાનું કેવું હતું ? તે જણાવતા, આ જગતમાં વિવેક ચક્ષુને દેનાર, મોક્ષ માર્ગ દેનાર, એકલો માર્ગ કહી દે તેમ નહીં પણ શરણ દે. ભયના કારણોમાં ભય ટાળી શરણ દેનાર, એટલું જ નહીં પરંતુ પાંચમાં આરાની અપેક્ષાએ વિચારીએ તો મોક્ષ મેળવી શકીએ નહિ તો

સમ્યગ્દર્શનાદિનો માર્ગ લીધો તે શા કામનો ?

**લાગ લગાટ ચારિત્રની આરાધના કેટલા ભવ સુધી ?**

મોક્ષ મળવાનો નથી ને મોક્ષનો માર્ગ લીધોને ભવાંતરમાં બોધિની પ્રાપ્તિ માટે એક ભવે સાધ્યની સિદ્ધિ ન થાય તો પણ પ્રવૃત્તિ તો થાય. જે કારણથી તીર્થના આંતરાઓમાં સર્વકાળે મોક્ષ હતો તેવો નિયમ ન હતો. મોક્ષ ન થાય તેવા વખતમાં સમ્યગ્દર્શનાદિ રુપ મોક્ષમાર્ગની આરાધના કરાય તે સફળ કે નિષ્ફળ જાય ? પાંચમો આરો તેમ તીર્થંકરના વચલા કાળમાં મોક્ષ પમાતો ન હતો પણ મોક્ષ માર્ગની પ્રવૃત્તિ તો તે વખતે પણ રહેલી હતી. જન્માંતરમાં ધર્મની પ્રાપ્તિ કરાવવાનું કામ અત્યારની પ્રવૃત્તિ કરાવે, બીજા ભવે મોક્ષના સાધનો મેળવી આપે ' अट्ठभवाउ चरिते' ચારિત્રની આરાધના આઠ ભવ સુધી. વચલા દેવભવની ગણતરી ન લેવી. લાગલગાટ આઠ ભવ ચારિત્રની આરાધના ન ચાલે. આઠમા ભવે ચારિત્ર લઈ મોક્ષે જાય. આ બધું બોધિબીજથી બીજા ભવમાં ધર્મની પ્રાપ્તિ થાય તે માટે મોક્ષમાર્ગની આરાધનામાં સફળતા રહે, બીજા ભવે 'બોધિ' ધર્મની પ્રાપ્તિ તે માટે 'बोहिदये' તીર્થંકરો એવો રસ્તો બતાવે છે કે જેથી બીજા ભવમાં પણ બોધિ પ્રાપ્ત કરી શકીએ. જિનેશ્વર મહારાજ પાસે ચૈત્યવંદન સરખી નાની ક્રિયા તેમાં 'भवे भवे तुम्ह चलणाणं' ભવો ભવ તમારા ચરણ કમળની સેવા મળજો તે શા માટે ? બોધિ દેવા વાળા જિનેશ્વર છે માટે જિનેશ્વર ભગવાન જ બોધિ દે છે એટલું જ નહિ પરંતુ ધર્મની પ્રાપ્તિ તેનું નામ બોધિ ધર્મ ચીજ શી ? ધર્મની ઈચ્છા દરેકને છે, દરેક આર્યો ધર્મની ઈચ્છાવાળા છે.

**ધર્મ શબ્દ પકડાયો છે પણ પદાર્થ નથી પકડાયો**

આર્ય શબ્દ 'आरात्' એવા અવ્યયનો એક ભાગ તેનો અર્થ દૂર

રહેલું, અગમ્ય ગમન, અભક્ષ ભક્ષણ, અપેય પાન, અયોગ્ય હલકા આચારો-રિવાજોથી દૂર રહે તે આર્ય. આર્ય શબ્દ એ આપણને છોડવા લાયક અયોગ્ય, દુર્ગતિ આપનારા કારણોથી દુર રાખે છે. તેમજ આર્યમાત્ર ધર્મના અર્થી હોઈ આર્યને અધર્મી કહીએ તો ક્રોધ ચઢે છે, તેનું મૂળ વિચારીએ તો ધર્મના અર્થી છે, નહીંતર અધર્મી શબ્દથી નારાજ ન થતે. કોઈ પણ આર્ય અધર્મી શબ્દથી રાજી થતો નથી. ધર્મની ઈચ્છા ધર્મને સારો ગણે છે, અધર્મને ખરાબ ગણે છે. ધર્મી શબ્દથી દરેક આર્ય રાજી થાય છે. દરેક આર્યોને ધર્મની ઈચ્છા છે, પરંતુ ધર્મ શબ્દ પકડાયો છે, ધર્મ પદાર્થ પકડાયો નથી, કારણ કે ધર્મ પદાર્થનું જ્ઞાન ઘણા ઓછાને હોય છે. હીરા શબ્દને, મોતી શબ્દને બધા જાણે છે, પણ પરીક્ષા કરનારા ઘણા ઓછા હોય છે તેમ ધર્મ પદાર્થ જાણ્યો હોતો નથી પણ ધર્મ શબ્દ માત્ર જાણેલો હોય છે.

**ધર્મ ની શેના દ્વારા પરીક્ષા કરી શકાય ?**

દુનિયાની વસ્તુ શબ્દથી, ચાખવાથી, સુંઘવાથી ઓળખાય પણ ધર્મ શેના દ્વારા ઓળખાય? ધર્મ, સ્પર્શ, રસ, ગંધ, શબ્દ દ્વારાએ ઓળખાતો નથી. ધર્મની પરીક્ષાનું સાધન કયું ? આબરુ ચીજ માને છે કે નહિ? અડકવાથી, સુગંધથી, જીભથી કે શાથી આબરુ પારખે છે? શાહુકારી ચીજ જુદી છે. પાંચે ઈન્દ્રિયોથી સીધી ન પરખાય તો પણ માનવા તૈયાર થઈએ છીએ. ધર્મ પાંચ ઈન્દ્રિયોથી ન જણાય તેટલા માત્રથી છે નહીં તેમ કહી શકાય નહીં . હવે ધર્મની પરીક્ષા, જાણપણું કરવાવાળાએ શું કરવું ? ત્રણ વસ્તુ ધ્યાનમાં લેવી. હેતુ-સ્વરૂપ ફળ જેના હેતુ, સ્વરૂપ, ફળ સુંદર હોય તેનું નામ ધર્મ. ધર્મની વ્યાખ્યા હરિભદ્રસૂરિજીએ કરી કે હેતુમાં કલ્યાણ રૂપ હોય, સ્વરૂપમાં, ફળમાં કલ્યાણ રૂપ આદિમાં, મધ્યમાં અંત્યમાં કલ્યાણ રૂપ હોય તે ધર્મ આવા ધર્મથી થાય શું ? ખાવા, પીવા, ઓઢવા કામ લાગે ? શા કામમાં આવે

? તે ધર્મ જે કામમાં આવે તે કામમાં બીજી દુનિયાની એકેક ચીજ કામમાં આવવાની નથી. દુનિયામાં જે ધન-કુંટુબ-શરીર મેળવે છે તે બધું મેલવા માટે. કંચન-કામિની-કુટુંબ કે કાયા, મનુષ્યો આ ચાર વસ્તુ મેળવવા લાયક ગણે છે. પરંતુ શાસ્ત્રકાર કહે છે કે ચાર ચીજો ભવાંતરમાં સાથે રહેવાની ખરી કે નહિ? મેળવવાનો ખરો પણ રેહવાની ખરી કે નહિં? આ ચાર ચીજો મેળવાય છે તે મેલવા માટે, તેની નિકાસનો પ્રતિબંધ અનાજ ઘીના દેશાન્તરમાં લઈ જવાનો પ્રતિબંધ હોય તેમ આ જગતમાં આ ચાર ચીજની નિકાસનો પ્રતિબંધ. બીજા ભવે જાય ત્યાં આ ચાર ચીજનો નિકાશ નથી. તારે ભવાંતરમાં જવું છે તે ચોક્કસ. દેશ બહાર જવું તે ચોક્કસ. જે વસ્તુ ભેળી કરે તેની નિકાસના પ્રતિબંધવાળી હોય તો શું થાય? હવે જ્યારે જવું છે તો કઈ ચીજ ભેગી કરવી? જે ચીજ લઈ જઈ શકાય તેવી જ ભેગી કરવી. નિકાસ થાય તેવી ચીજ હોય તો માત્ર ધર્મ. એક ધર્મ બીજુ અધર્મ બે જ ચીજની નિકાસ થાય. ધર્મની નિકાસ એ કામ કરે કે આ ભવ પછી થતી દુર્ગતિ, નરકે જવાનું થાય તો તેને બંધ કરે. નરક અને તિર્યંચની ગતિને બંધ કરે. તે બંધ કરે તો ત્રિશંકુ જેવું થાય તો પેલા પાડવાનો પછી ચઢાવવાનો ઉદ્યમ કરે તે ત્રિશંકુ વચમાં રખડયા તેવી દશા ન થાય, તે માટે કહે છે કે તે જીવોને શુભ સ્થાનમાં દેવલોકાદિમાં સ્થાપન કરે, દુર્ગતિ રોકનાર, સદ્ગતિ મેળવી આપનાર, સાધન તે ધર્મ. શૈવ વૈષ્ણવને તો આ વાત કબુલ કરવી જ પડશે. ફળદ્વારાએ ધર્મને અંગે વિવાદ નથી. દરેક મતવાળાઓએ એ કબૂલ કરે છે કે દુર્ગતિ રોકનાર ને સદ્ગતિ આપનાર ધર્મ.

**નકલો કીંમતી ચીજની હોય.**

ધર્મના સ્વરૂપને અંગે વિચારીએ ત્યારે બધા મતભેદો છે. દરેક ધર્મવાળા ધર્મ માને છે, ધર્મનું ફળ એક સરખું માને છે, છતાં પણ

ધર્મના સ્વરૂપમાં ભેદોનો પાર નથી. ધર્મના ફાંટાઓ - ભેદો ઘણા થયા છે, પરંતુ સીધી અને અવળી દૃષ્ટિએ વિચારો તો અહો ? આટલા બધા ધર્મના ભેદો ? ક્યાં કડાકુડ કરવી ? એ અવળી દૃષ્ટિવાળાને લાગે. સીધી દૃષ્ટિવાળાને ધર્મના ભેદો સાંભળ્યા ત્યારે નકલો તેની જ હોય કે જે કિંમતી ચીજ હોય. કિંમતી વસ્તુની નકલો વધારે હોય. જગતમાં બનાવટી ધૂળ માટી કોઈ કરતા નથી, બનાવટી સોના, મોતી, હીરા થવા લાગ્યા, પણ બનાવટી લોઢું ઉભું ન થયું. કિંમતી વસ્તુની પાછળ બનાવટ છે. સીધી દૃષ્ટિથી વિચારનારને જેમ વધારે ભેદો દેખે તેમ વધારે મજબુત થાય. કિંમતી છે એટલે વધારે નકલો થાય તે નક્કી થયું.

**ધર્મની પરીક્ષામાં ઠગાયો તેણે ભવોભવ બગાડ્યા**

શાક લાવતા ઠગાયો, દિવસ બગાડ્યો, લુગડું લાવતા ઠગાયો તો રૂતુ બગડી, કન્યામાં ઠગાયો તો જનમ બગાડયો, ધર્મમાં ઠગાયો તો ભવોભવ બગાડયા. ભોજન, મોસમ, જન્મ બગાડે પણ જન્મો જન્મ બગાડે છે, માટે જ હરિભદ્રસૂરિ કહે છે કે -

सूक्ष्मबुध्या सदा ज्ञेयो धर्मोधर्मार्थिभिर्नरैः ।
अन्यथा धर्मबुध्यैव तद्विघातः प्रसज्यते ।।

ધર્મ બારીક બુદ્ધિથી સમજો, અમારે તો ધર્મના પરિણામ થાય તો બસ. 'ક્રિયાએ કર્મ પરિણામે બંધ.' પરિણામ સુંદર તો ધર્મ થવાનો છે, ધર્મની બુદ્ધિ રહેશે તો ધર્મ થવાનો. શાસ્ત્રકાર કહે છે કે મહાનુભાવ! એકલો શબ્દ પકડી રાખે, સ્થાન ધ્યાનમાં ન લે, ક્રિયાએ કર્મ પરિણામે બંધ તે કઈ જગો પર, ઉત્તમ ક્રિયા ને ઉત્તમ પરિણામ, બેનો સંજોગ થયો, આકસ્મિક એકનો પલ્ટો થાય તો બંધ શા આધારે ? તો પરિણામ પર આધાર આકસ્મિક સંયોગના પલ્ટા વખતે ઉપયોગમાં લેવાનું વાક્ય છે, નહીંતર ધર્મના નામે મુસલમાનો ગાય મારે તો ધર્મ કહેવાયને ? તમારે પરિણામે ધર્મ માનવો છે ને ? ધાગાપંથીઓ

યજ્ઞમાં, મુસલમાનો ઈદમાં બોકડા મારે છે, તો ધર્મના પરિણામ છે ને ? મૂર્તિ ન માનનાર મૂર્તિ તોડી નાખે તેમાં મારા ધર્મનું કામ કર્યું તેના પરિણામ ધર્મના છે. તેમ પરિણામે ધર્મ માનવા જઈએ, તો ગોશાળાએ ભગવાન પર તેજોલેશ્યા મૂકી તે પણ ધર્મી કહેવાય. તમે ધર્મની ઈચ્છાવાળા હો, અર્થી હો તો બારીક બુદ્ધિથી ધર્મ જોવો જાણવો પડશે, નહીંતર તમારી બુદ્ધિ તો ધર્મની રહેશે, ને ધર્મનું સત્યાનાશ કાઢશો. ધર્મની બુદ્ધિ હોય તો ધર્મનું સત્યાનાશ કેમ થાય ?

**વૈયાવચ્ચનું ફળ નાશ પામતું નથી**

એક આચાર્ય મહારાજ ધર્મની વ્યાખ્યા કરતા વૈયાવચ્ચના અધિકારમાં જણાવી ગયા કે મહાવીર મહારાજ ફરમાવે છે કે -

‘ जो मं परियाणइ सो गिलाणं पडियरइ । जो गिलाणं पडियरइ सो ममं परियाणइ’

જેઓ માંદા સાધુની માવજત કરનાર છે, તેઓ જ મને માનનારા, સેવનારા, પૂજનારા છે. મને માનનારા પૂજનારા માંદા સાધુની વૈયાવચ્ચ કરનારા હોય જ. ‘सव्वंकिर पडिवाइ वेयावच्चं अपडिवाइ’ ધર્મના સર્વ કાર્યો પ્રતિપાતિ છે, ખસી જવાવાળા છે, આવ્યા કે ખસી જાય, ફળ નાશ પામી જાય, તપસ્યા ખસી જવાનું સાધન ક્રોધ, જ્ઞાનમાં અભિમાન. દાન કથન કીર્તિ ખસી જાય. આ બધાના ફળ ખસી જવાવાળા છે. પરંતુ વૈયાવચ્ચ કરેલાનું ફળ ખસે જ નહિં. વૈયાવચ્ચ અપ્રતિપાતિ. તેનાથી પડાતું નથી. વૈયાવચ્ચ કરતી વખતે જે શુભ કર્મ ઉપાર્જન કર્યું તે કદાચ પછી અશુભ કર્મમાં પ્રવર્તે તો પણ તે ઉપાર્જન કરેલ શુભ કર્મ ન ખસે. બાહુબલીની તાકાત ચક્રવર્તી કરતાં કેમ વધી હતી? ચક્રવર્તી અજેય જેવાને પણ બાહુબલીજી ધ્રુજાવે છે શાથી? વૈયાવચ્ચથી મેળવેલો લાભ ખસતો જ નથી. જ્ઞાન-તપ-દાન-ભક્તિથી મેળવેલો લાભ ખસી જાય પણ વૈયાવચ્ચનો લાભ ન ખસે. આમ

વૈયાવચ્ચ સ્વરૂપ જણાવ્યું.

**અજ્ઞાની શ્રાવકનો વિચિત્ર અભિગ્રહ**

गृहीत्वा ग्लानभैषज्य - प्रदानाभिग्रहं यथा ।
तदप्राप्तौ तदन्तेऽस्य, शोकं समुपगच्छतः ।।
गृहीतोऽभिग्रहः श्रेष्ठो, ग्लानो जातो न च क्वचित् ।
अहो मेऽधन्यता कष्टं, न सिद्धमभिवाञ्छितम् ।।

ત્યારે એક શ્રાવકને ઉલ્લાસ થયોને નિયમ લીધો કે મારે બિમાર સાધુની માવજત કરવી. હંમેશા દરેક ઉપાશ્રયે ફરે, સાધુ-સાધ્વીને સુખ-શાતા ઔષધાદિક જરૂરિયાત પૂછે, એમ કરતાં કરતાં બધે ઉપાશ્રયે ફરી આવ્યો. કોઈ માંદુ નથી. ઘેર આવી લમણે હાથ દઈ બેઠો. અરર! આચાર્ય મહારાજે આવો લાભ જણાવ્યો, મેં નિયમ લીધો, કોઈ સાધુ માંદો ન પડ્યો, માંદા પડવાનો વિચાર કરે છે તે દૃષ્ટિ કઈ? પોતાને વૈયાવચ્ચ મળે પણ સાધુ માંદો પડે તો રાજી થાય. ધર્મની બુદ્ધિએ ધર્મનો નાશ કર્યો. બારીક બુદ્ધિથી ન વિચારે તો ધર્મની બુદ્ધિથી પ્રવૃત્તિ કરશો તો પણ ઉલ્ટો ધર્મનો નાશ થશે.

ગોશાળા, જમાલીના ભગત ધારે શું? અમે ધર્મ કરીએ છીએ. કરે શાસનનો ઉપદ્રવ, શાસન બહારના જીવો શાસનને છેદનારાને ? તેને અનુસરનારા માને કે અમે ધર્મ કરીએ છીએ. પરંતુ ધર્મ નાશ કરી રહ્યા છે, બારીક બુદ્ધિથી ધર્મ જાણવાનું સાધન ક્યું? પહેલા ધર્મનું સાધન કયું? પરિણતિનો પલ્ટો. અનાદિકાળથી તારા આત્માની પ્રકૃતિ કઈ? મેં પીયા, મેરા બેલને પીયા અબ કુવા ધસ પડો, એટલે કુવામાંથી મે તથા મારા બળદે પાણી પી લીધું, હવે કુવો ધસીને પુરાય જાય તો ફીકર નથી. માત્ર પોતાની ફીકર છે, મારૂં થાય આ બુદ્ધિને પલટાવે, મારૂં જ થાય તે બુદ્ધિ પલટાવે.

**મળેલી ચીજનો ઉપકારમાં ઉપયોગ નહી કરીશ તો પસ્તાશે**

જગતના તમામ જીવો, ચાહે નારકી, ચાહે મનુષ્ય તમામ

જીવોનું કલ્યાણ થાય, સકલ જગતનું કલ્યાણ થાવ આ મૈત્રી ભાવના. હવે એ ક્યારે થાય? 'वेरं मज्झं न केणइ ' વેર ખસે તો સર્વનું કલ્યાણ એવી બુદ્ધિ થાય. કોઈનું ભુંડું ન કરૂં, સર્વનું ભલું કરૂં, આ બુદ્ધિ આવ્યા છતાં માર્ગ ન સમજે. માર્ગ અનુસરશે કે મેળવશે નહિ ત્યાં સુધી મોક્ષ ન મળે. જેઓ મોક્ષમાર્ગ પામેલા હોય તેમાં પ્રવર્તવાવાળા છે, વધવાવાળા છે, તે દરેકને પૂજ્ય ગણી તેની સેવાની ચાહના કર. આમ જ્યારે થયું. પહેલા શું હતું? કુટુંબી તરીકે સેવા કરવાની ભાવના હતી. સ્વાર્થમાં સેવા હતી તેને પણ પલ્ટાવી ગુણની સેવાભાવના ઉભી કરે. ગુણોને ટકાવી વૃદ્ધિની ભાવના કર. જો કોઈ પણ મળેલી ચીજ ઉપકાર માટે કામ ન લાગી તો ગયા પછી પસ્તાવાનો પાર નહિ આવે. લુગડું લાવ્યા, પહેરાયું નહિ ને બળી ગયું. તેમ તને મળેલી શક્તિ એ જેટલી શક્તિ મળી તેમાં વધારો કરવો જોઈએ, તો ક્યારે મળશે? બીજા ઓછાવાળાને દેવાથી વધારો મળશે. દાણો જમીનમાં નાંખે ત્યારે જ લણે છે. તું પણ તારી શક્તિ પ્રમાણે તારાથી નીચા દરજ્જાવાળાને ગુણનું દાન કરીશ તો તને અધિક ગુણ મળશે. તે જ કારૂણ્ય ભાવના. નીચાને ઓછા દરજ્જાવાળાને ચઢતા દરજ્જામાં લાવવા માટે પોતા પાસેના સાધન આપવા, તેથી કેટલાકો ઉંચી સ્થિતિએ આવી જાય, કેટલાકો તેને લીધે હલકી સ્થિતિમાં આવી જાય, અવળચંડાને માર્ગની, શાસ્ત્રની સાચી વાત કરો તો દ્વેષે ભરાય, તેવાની બેદરકારી-ઉપેક્ષા કરવી તેવાને ગણવો જ નહીં. આ ચાર પ્રકારના વિચારો ભાવનાઓ આખા જગતનું ભલું થાઓ. ગુણી માત્રની સેવા, હલકા દરજ્જાવાળાને ઉંચે ચઢાવવાની બુદ્ધિ, ઉલ્ટા જાય તેવા માટે ઉપેક્ષા, આ ચાર પરિણામ રાખી આગળ ચાલે તો જ ધર્મ થાય. જે વીતરાગ સર્વજ્ઞ ભગવાને શાસ્ત્રો નિરૂપણ કર્યા તે પ્રમાણે વર્તવું, તે પ્રમાણે આગળ વધવું, આ ચાર ભાવના અનુષ્ઠાન જોડે રાખી હોય ત્યારે ધર્મ થયો કહેવાય. આ ધર્મનું સ્વરૂપ.

**ન્યાયાસને કોણ બેસી શકે ?**

હવે આવી રીતનો ધર્મ કોણ કહે છે? ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન. કોર્ટમાં ન્યાય દેવા લાયક કોને ગણે ? વાદી કે પ્રતિવાદી એકે પક્ષમાં રાગ કે રોષે ભરાયો ન હોય. વાદી કે પ્રતિવાદી એકે તરફ રાગ રોષે ભરાયો હોય તો તેના તરફથી ન્યાયની આશા ન રખાય. જેને જગતમાં જીવ કે અજીવ તરફ રાગ કે દ્વેષ ન હોય, પોતાના શરીર તરફ પણ જેને રાગ કે રોષ નથી, મમત્વભાવ નથી, કોઈ પણ પદાર્થનું જેમને અજ્ઞાન નથી, વળી સર્વ પદાર્થ પરથી રાગ રોષ ગયો છે, તેવા વીતરાગ-સર્વજ્ઞ જ ધર્મ કહેવાને લાયક છે. નાનું બચ્ચું તેને કોની ઉપર રાગ રોષ છે? પરંતુ મૂર્ખ-અજ્ઞાન જે બાબતનો ચૂકાદો આપે તેમાં ભરોસો રાખી શકાય નહિ. તે પૂરો તેમાં ઉતરેલો હોય જાણકાર હોય, તો જ ન્યાયની આશા રખાય.

આ જગતમાં સર્વ પદાર્થોનું જેને જ્ઞાન હોય તેના તરફથી ધર્મના સાચા સ્વરૂપની આશા રાખી શકાય. એટલા માટે ધર્મને કહેનારા, ઉપદેશ દેનારા કોને ગણ્યા? ત્રિલોકનાથ તીર્થંકરને. ધર્મનો ઉપદેશ કરનારા બધા સાધુ, ઉપાધ્યાય, આચાર્યો ધર્મને કહેનારા છે, શ્રાવકો પણ કેટલાક ધર્મ કહેનારા હોય છે તેની ના નથી, પણ તે ધર્મ કહે છે તે બધા શ્રાવકો, સાધુ, ઉપાધ્યાયો, આચાર્યો ધર્મની વાત કરે તે પોતાના ઘરની નહિં, પણ ઉછીની લીધેલી, ત્રિલોકનાથે પોતાના કેવળજ્ઞાનથી સાક્ષાત દેખેલી. માટે ધર્મની દેશના દેનારા. ધર્મના સારથી એવા ત્રિલોકનાથ, ધર્મ આપી તું જાણે ને તારું કામ જાણે, 'વર જાણે ને વહુ જાણે' તેમ નથી. સારથી-જોડે રહી ઠેઠ સુધી સાથે રહે. હવે સારથીપણું અમુક ગામ પૂરતું નહિં પણ જ્યાં સુધી ભવ છે ત્યાં સુધી. ધર્મના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ , ચારે છેડે પ્રવર્તે, દેવતાદિક ચારે ગતિનો અંત આણે, એવું ધર્મચક્ર તે વડે કરી ધર્મ પ્રવર્તાવવાળા હોય તો તીર્થંકર ભગવાન. આમ ધર્મ દેનારા, કહેનારા ધર્મના સારથી-ધર્મચક્રવર્તી

જણાવ્યા છતાં તેનો આત્મા કેવો? ફોનોગ્રાફમાંથી એવા વૈરાગ્યનું ગાયન નીકળે પણ તેનું શું? રેકર્ડ ચુડીને કેટલો વૈરાગ્ય. બીજાને વૈરાગ્ય થાય, પરંતુ તેમ અહીં નથી. અપ્રતિહત કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી, કોઈપણ પ્રકારે સ્ખલના નહીં પામતું, જે જ્ઞાનથી કોઈ ચઢીયાતું જ્ઞાન નથી, શ્રેષ્ઠ કેવળજ્ઞાન દર્શનને ધારણ કરવાવાળા હતા, તેથી જ ધર્મ દેનાર યાવત્ ધર્મ ચક્રવર્તી બન્યા. તેવા જ્ઞાનવાળા શાથી થયા? દરેક કેવળજ્ઞાનવાળા છે પણ તીર્થંકરો તેવા જ્ઞાનવાળા શાથી થયા? દરેકમાં કેવળજ્ઞાન ન માનીએ તો કેવળ જ્ઞાનાવરણી રોકે શું? સ્વરૂપે બધા જીવો જ્ઞાનમાં સરખા પણ તેઓએ આવરણો -ઘાતીકર્મનો સર્વથા નાશ કર્યો છે. તું આવરણથી હજુ ઘેરાયેલો છે. આમ શુદ્ધ કેવળજ્ઞાન ધારણ કરનારા ઘણા તેથી મારૂં શું? લોઢાની પેટીમાં સેંકડો વર્ષ સુધી સોનાના દાગીના રહે તેથી પેટીની કિંમત વધે નહિ. સોનાની અસર લોઢાને થતી નથી. સોનામાં સંપૂર્ણ પાણી, તેજ, કસ, છતાં હજારમો હિસ્સો બીજાને ન આપે. જિનેશ્વર ભગવાન પાસેથી અમને કશું મળતું નથી. તે જિનેશ્વરો રાગ-દ્વેષ મોહને જીતે છે, તેમ બીજા ભવ્ય જીવો પાસે જીતાવે છે. પોતે સંસાર સમુદ્ર તર્યા, બીજાને તારે છે. પોતે તત્વ સમજ્યા બીજાને સમજાવે છે, પોતે કર્મરહિત થયા બીજાને કર્મરહિત કરે છે, આ વાત ભવસ્થ અવસ્થાની વાત છે. તીર્થંકરપણામાં ભવની અવસ્થામાં આ બધા ગુણોવાળા. ચાહે જેવો રાજા ચક્રવર્તી, જનતાને કાબુમાં લે પણ ચિતામાં તો ગરીબ ને ચક્રવર્તી બંને સરખા. હવે તીર્થંકરની સિદ્ધ દશા જણાવે છે. 'सव्वन्नू ' થી પદો તે સિદ્ધપણા માટે છે. તીર્થંકરપણાની અવસ્થા લેવાની બેવડાઈ જાય છે. કાળ કરી જાય, મોક્ષે જાય ત્યાં પણ'सव्वन्नू सव्वदरिसी' ति ' સર્વ વસ્તુસમુદાયને વિશેષપણે જાણનાર હોવાથી સર્વજ્ઞ, સામાન્યપણે જાણે તેથી સર્વદર્શી, પરંતુ બીજા મતવાળા જેમ માને છે કે પછી જ્ઞાન કે અજ્ઞાન નથી તેમ નહીં. સર્વ અબાધારહિત, સ્વાભાવિક કે પ્રાયોગિક ચલન હેતુનો

અભવા હોવાથી અચલ, રોગના આધારભૂત શરીર-મનનો અભાવ હોવાથી રોગરહિત ' अनंतम्' અનંત અર્થ વિષય જ્ઞાન સ્વરૂપ હોવાથી અનંત 'अक्षयम्' સાદિ અપર્યવસિત સ્થિતિવાળું સિદ્ધિગતિ સ્થાન હોવાથી અથવા પૂર્ણીમાના ચંદ્ર માફક પરિપૂર્ણ, બીજાને પીડા કરનાર ન હોવાથી, એવું સિદ્ધિગતિ નામનું સ્થાનક પામવાની ઈચ્છાવાળા તે ઉપચારથી સમજવું, કારણ કે કેવળી ભગવંતો અભિલાષાથી મુક્ત હોય છે. ' मोक्षे भवे च सर्वत्र, निःस्पृहो मुनिसत्तमः.' મોક્ષે કે ભવે બંને વિષે મુનિસત્તમ નિસ્પૃહ હોય છે. એવા ભગવંતે આ ભગવતી સૂત્ર અર્પણ કરેલું છે.

## -: આર્ષ પ્રશસ્તિ :-

શ્રી સિદ્ધગિરિ પાલીતાણા મોતીસુખીયાની ધર્મશાળા વ્યાખ્યાન મંડપમાં સં. ૧૯૯૮ ના સાલના ચાતુર્માસ દરમ્યાન અમદાવાદના શ્રાદ્ધવર્ય ભોગીલાલ મગનલાલ સુતરીયાની આગ્રહભરી વિનંતીથી ભગવતી સૂત્ર ચતુર્વિધ સંઘની હાજરીમાં દરરોજ વંચાતુ.જેની પ્રવચન શ્રેણી સં. ૧૯૯૯ કાર્તિક શુક્લા ચતુર્દશી ગુરૂવાર તા. ૧૯-૧૧-૪૨ વિરામ પામી. જેનો યથાશક્ય શ્રવણ સમયે ઉતારો કરેલ અને તેને લિપીબદ્ધ કરી પુસ્તકારૂઢ કરેલ છે. વ્યાખ્યાનનો વિષય વ્યાખ્યાકારે અનોખી શૈલીથી છણેલો છે. વાચકવૃન્દ વાંચી સમજી ઉપદેશકનો આશય ફલિતાર્થ કરે એ જ અભ્યર્થના.

સં. ૨૦૧૭
શ્રાવણ સુદી ૧ શનિવાર
શીવ- મુંબઈ

આ. હેમસાગરસૂરિ.

આગમોદ્ધારક ગુજરાતી સાહિત્ય ગ્રંથ માલા નં-૨

પૂ. આગમોદ્ધારક આનંદસાગરસૂરિ મ.સા.

100 સૂરિપદ શતાબ્દિ વર્ષ સં. ૧૯૭૪ સં. ૨૦૭૪